## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૨૦ | ૧ | આપણું ઘર સંભાળો : આપણાં ઘરના કોણ ?... | ૧ |
| ૨. | ૨૦ | ૩-૪ | પુરુષાર્થ અને જ્ઞાનીની દૃષ્ટિ, ભવિતવ્યતા, (લે.૨) | ૩-૭ |
| ૪. | ૨૦ | ૫-૬ | પૂર્વ ભારતનાં જૈન તીર્થોના વિકાસની જરૂર, (લે.૨) | ૮-૧૨ |
| ૬. | ૨૦ | ૭/૮ | આજના ભારે કાળમાં દિલ હળવું કેમ રહે ? | ૧૩ |
| ૭. | ૨૦ | ૯,૧૧ | 'નમો મહાવીરાય' અને 'વીર ! વીર !', (લે.૨) | ૧૫-૧૭ |
| ૯. | ૨૦ | ૧૨ | જીવનથી કંટાળશો નહિ, મરણથી ડરશો નહિ. | ૧૮ |
| ૧૦. | ૨૦ | ૧૪ | પ્રભુપૂજા એક અલૌકિક સાધના : નવાંગી પૂજા | ૨૦ |
| ૧૧. | ૨૦ | ૧૫ | મન નિર્મળ અને જાગતુ રાખવા એકસૂત્ર | ૨૩ |
| ૧૨. | ૨૦ | ૧૬ | બાધા(નિયમ) એ બંધન કે મુક્તિ ? | ૨૫ |
| ૧૩. | ૨૦ | ૧૭ | સીતાએ રામનો ખેદ કેવી રીતે ટાળ્યો ? | ૨૮ |
| ૧૪. | ૨૦ | ૧૮ | કોનાથી લાભ ? પાર્શ્વનાથ પ્રભુથી ? કે મહાવીર... | ૩૦ |
| ૧૫. | ૨૦ | ૧૯,૨૧ | આસ્તિક્તાનું માપ : તમારે..., (લે.૨) | ૩૨-૩૬ |
| ૧૭. | ૨૦ | ૨૦ | શેખમુજીબની ભાવના અને લેવાનો ઘડો | ૩૭ |
| ૧૮. | ૨૦ | ૨૨ | અરિહંતનો એક ઉપકાર : અહંકારનો નાશ | ૩૯ |
| ૧૯. | ૨૦ | ૨૩ | જેને સુખમાં અશાન્તિ એને દુઃખમાં શાન્તિ | ૪૧ |
| ૨૦. | ૨૦ | ૨૪ | અનન્ય આશરો અરિહંત અને પરમેષ્ઠિનો | ૪૪ |
| ૨૧. | ૨૦ | ૨૫-૨૬ | ભોગસાધના અને યોગસાધના, (લે.૨) | ૪૬-૫૦ |
| ૨૩. | ૨૦ | ૨૭ | ધ્યાન-વિકાસનાં ક્રમિક સોપાન | ૫૦ |
| ૨૪. | ૨૦ | ૨૮-૨૯ | જીવનમાં દુઃખ શાનું ? અને કર્તવ્ય શું ?, (લે.૨) | ૫૨-૫૬ |
| ૨૬. | ૨૦ | ૩૦-૩૨ | બાહ્યતપનો અનંતગુણ મહિમા... (લે.૨) (લે.૩) | ૫૭-૬૪ |
| ૨૯. | ૨૦ | ૩૩-૩૪ | અરિહંતનું શરણ એટલે ?..., (લે.૨) | ૬૪-૬૮ |
| ૩૧. | ૨૦ | ૩૬ | નવાબ જાગ્યો; જીવ ક્યારે જાગશે ? | ૬૯ |
| ૩૨. | ૨૦ | ૩૭-૩૯ | ભરત ચક્રવર્તીની ભાવનાઓ, (લે.૨), (લે.૩) | ૭૧-૭૭ |
| ૩૫. | ૨૦ | ૪૦ | પરચિંતાના પ્રત્યાઘાત | ૭૮ |
| ૩૬. | ૨૦ | ૪૧ | પ્રભુનું શરણું સ્વીકારવા ઉપયોગી ૨ તત્ત્વ | ૮૦ |
| ૩૭. | ૨૦ | ૪૩ | બાહુબલજીનું પુણ્યાનુબંધી પુણ્ય | ૮૨ |
| ૩૮. | ૨૦ | ૪૫-૪૭ | શાસન શેમાં ?, (લે.૨), (લે.૩) | ૮૪-૯૦ |
| ૪૧. | ૨૦ | ૪૮ | જીવનમાં ધર્મની મુખ્યતા | ૯૧ |
| ૪૨. | ૨૧ | ૨ | સાચી આસ્તિકતા અને ધર્મના ગાઢ સંસ્કારના ઉપાય | ૯૩ |
| ૪૩. | ૨૧ | ૩ | ધર્મના ગાઢ સંસ્કારનું મહત્ત્વ | ૯૫ |
| ૪૪. | ૨૧ | ૪ | જીવની રાક સ્થિતિ પર વિચાર | ૯૭ |
| ૪૫. | ૨૧ | ૫ | દેવ વીતરાગ મળ્યાની વિશેષતા | ૯૯ |
| ૪૬. | ૨૧ | ૬ | મોક્ષનો એક માર્ગ-ઉદાસીનભાવ કેમ આવે ? | ૧૦૧ |
| ૪૭. | ૨૧ | ૭ | નુકશાનની કડી ધર્મ સાથે જોડાય ? | ૧૦૩ |





| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૪૮. | ૨૧ | ૯ | ઘાતી કર્મ સાધનાથી તૂટે, આઘાતી ભોગથી | ૧૦૬ |
| ૪૯. | ૨૧ | ૧૦ | કાળસત્તાની ભેટ નૂતનવર્ષની પ્રાપ્તિ એમાં કઈ તક ? | ૧૦૮ |
| ૫૦. | ૨૧ | ૧૧ | કાળલબ્ધિ અને ભાવલબ્ધિ | ૧૧૧ |
| ૫૧. | ૨૧ | ૧૨ | જોધરાજ પલ્લીવાલનું મહાવીરજી તીર્થ (ચુકાદો) | ૧૧૩ |
| ૫૨. | ૨૧ | ૧૩ | તમે દિલથી આસ્તિક છો ? ષટ્સ્થાન સાથે... | ૧૨૦ |
| ૫૩. | ૨૧ | ૧૪-૧૫ | સારું કરેલું નકામું નહિ જાય; (લે.૨) | ૧૨૨-૧૨૭ |
| ૫૫. | ૨૧ | ૧૭ | આસુરી અને દૈવી વૃત્તિઓ : અહીં કયો... | ૧૨૮ |
| ૫૬. | ૨૧ | ૧૮ | પદ્માવતીદેવીએ પ્રતિમા કેમ આપી ? | ૧૩૦ |
| ૫૭. | ૨૧ | ૧૯ | ગૌતમસ્વામીએ 'તત્ત્વ'નો પ્રશ્ન કેમ પૂછ્યો ? | ૧૩૨ |
| ૫૮. | ૨૧ | ૨૦ | સીતાજીએ હીરાની ખાણથી દુઃખને દુઃખ ન ગણ્યા | ૧૩૪ |
| ૫૯. | ૨૧ | ૨૧ | મૃત્યુ પછી સર્વલોપનું રહસ્ય | ૧૩૬ |
| ૬૦. | ૨૧ | ૨૨ | શ્રી સિદ્ધગિરિનો અનંત મહિમા | ૧૩૯ |
| ૬૧. | ૨૧ | ૨૩ | સમવસરણમાં બેસનારા પ્રભુ પાલખી... | ૧૪૧ |
| ૬૨. | ૨૧ | ૨૪ | કાજળની કોટડીમાંથી ઊજળા થઈને કેમ નીકળાય ? | ૧૪૩ |
| ૬૩. | ૨૧ | ૨૫ | કામ-વાસના રોકવાનું એક સાધન | ૧૪૬ |
| ૬૪. | ૨૧ | ૨૬ | દેહના પૂજારી ? કે આત્માના ? | ૧૪૮ |
| ૬૫. | ૨૧ | ૨૭ | ઠેઠ અંતિમ સમય સુધી આદરવા યોગ્ય બાબતો | ૧૫૦ |
| ૬૬. | ૨૧ | ૨૮ | આમાં તારી પરિણતિ સુધરે ? કે બગડે ? | ૧૫૨ |
| ૬૭. | ૨૧ | ૨૯ | ધર્મ અને ધન, બેમાંથી શું જતું કરાય ? | ૧૫૪ |
| ૬૮. | ૨૧ | ૩૦ | વાળા કૂંચીનો જુલ્મ મૂર્તિમાં ભગવાન દેખાય છે ? | ૧૫૬ |
| ૬૯. | ૨૧ | ૩૧ | લગ્નની વેળા વીતી ગઈ | ૧૫૮ |
| ૭૦. | ૨૧ | ૩૨ | શ્રી સિદ્ધગિરિનો અનંત મહિમા કેમ ?... | ૧૬૧ |
| ૭૧. | ૨૧ | ૩૬ | એકલું ધ્યાન પસંદ પડવામાં શી ખરાબી ? | ૧૬૪ |
| ૭૨. | ૨૧ | ૩૭ | શુભ ધ્યાનના ત્રણ ઉપાય : પ્રભુએ શું કર્યું ? | ૧૬૬ |
| ૭૩. | ૨૧ | ૩૮ | શુભ ધ્યાન જોઈએ ? આર્તધ્યાનનાં કારણ કાઢ્યા ? | ૧૬૯ |
| ૭૪. | ૨૧ | ૩૯ | વેદનામાં અશુભ ધ્યાન કેમ ઊઠે છે ?... | ૧૭૧ |
| ૭૫. | ૨૧ | ૪૦ | રોગાદિ વેદનામાં ઉપચાર કરવાનું કારણ ? | ૧૭૩ |
| ૭૬. | ૨૧ | ૪૩ | સ્થૂલભદ્રજી વેશ્યા સામે કેવી રીતે ટક્યા ? | ૧૭૬ |
| ૭૭. | ૨૧ | ૪૪ | બાહુબળજીએ કષ્ટ કેમ સહ્યાં ? | ૧૭૯ |
| ૭૮. | ૨૧ | ૪૫ | નવકાર-અક્ષરધ્યાનનો એક પ્રયોગ | ૧૮૧ |
| ૭૯. | ૨૧ | ૪૬ | પ્રાણાયામ સાથે નવકાર-અક્ષરનું ધ્યાન | ૧૮૩ |
| ૮૦. | ૨૧ | ૪૭/૪૮ | નવકારનું ફળ શું માનવા-માગવાનું | ૧૮૫ |
| ૮૧ | ૨૨ | ૧ | આજના દરદ અને દવા | ૧૮૭ |
| ૮૨. | ૨૨ | ૨ | ધર્મના બે ઉદ્દેશ : ધર્મની બેવડી અસર | ૧૮૯ |
| ૮૩. | ૨૨ | ૩-૪ | સ્વાત્મ-દૃષ્ટિની પ્રધાનતા (લે.૧), (લે.૨) | ૧૯૧-૧૯૫ |




E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૮૫. | ૨૨ | ૫ | પ્રભુ-દર્શને કરવાની પ્રાર્થના : પ્રભુને | ૧૯૫ |
| ૮૬. | ૨૨ | ૬-૭ | અભયદાન અને મોક્ષમાર્ગ (લે.૧), (લે.૨) | ૧૯૮-૨૦૨ |
| ૮૮. | ૨૨ | ૮-૯ | ઝેરરૂપ શરીરદૃષ્ટિ અને અમૃતરૂપ..., (લે.૨) | ૨૦૨-૨૦૬ |
| ૯૦. | ૨૨ | ૧૦ | મૂર્તિપૂજામાં મહાન રહસ્ય | ૨૦૬ |
| ૯૧. | ૨૨ | ૧૧ | શરીર સાવ નખાઈ ગયે આશ્વાસન | ૨૦૯ |
| ૯૨. | ૨૨ | ૧૨ | આસ્તિકને જ દુઃખ નિવારવાનો ઉપાય | ૨૧૨ |
| ૯૩. | ૨૨ | ૧૩ | કિંમતી બુદ્ધિશક્તિનો સદુપયોગ | ૨૧૫ |
| ૯૪. | ૨૨ | ૧૪-૧૬ | ૨૫૦૦ મા વીરનિર્વાણવર્ષની...(લે.૨), (લે.૩) | ૨૧૭-૨૨૪ |
| ૯૭. | ૨૨ | ૧૭-૧૮ | ધર્મના નામે સામ્યવાદની... (લે.૧), (લે.૨) | ૨૨૪-૨૨૮ |
| ૯૯. | ૨૨ | ૨૦-૨૧ | રતિ-અરતિની ખતરનાકતા (લે.૧), (લે.૨) | ૨૨૮-૨૩૩ |
| ૧૦૧. | ૨૨ | ૨૨ | ચક્રવર્તી મુનિમાંથી ત્યાગની પ્રેરણા | ૨૩૩ |
| ૧૦૨. | ૨૨ | ૨૩ | સાધુ અને સાધ્વી - શ્રાવિકાઓની મર્યાદા | ૨૩૬ |
| ૧૦૩. | ૨૨ | ૨૪-૨૫ | બખાળા કાઢવાને બદલે... (લે.૧), (લે.૨) | ૨૩૯-૨૪૪ |
| ૧૦૫. | ૨૨ | ૨૬ | યુગની સાથે ચાલવાનું ? કે શાસનની સાથે ? | ૨૪૫ |
| ૧૦૬. | ૨૨ | ૨૭-૨૮ | આપણે ધર્મથી સનાથ,... (લે.૧), (લે.૨) | ૨૪૭-૨૫૨ |
| ૧૦૮. | ૨૨ | ૨૯ | સ્થૂલભદ્રજી ચૌદપૂર્વ કેમ જલદી ભણી શક્યા | ૨૫૨ |
| ૧૦૯. | ૨૨ | ૩૦ | જીવનમાં 'નમો અરિહંતાણં' ઓતપ્રોત... | ૨૫૪ |
| ૧૧૦. | ૨૨ | ૩૧ | તીર્થયાત્રાની તારવણી | ૨૫૭ |
| ૧૧૧. | ૨૨ | ૩૨ | પ્રભુના આશરે ઠામોઠામ સુખ | ૨૫૯ |
| ૧૧૨. | ૨૨ | ૩૩ | પરમાત્માનો અનુગ્રહ કેમ પ્રાપ્ત થાય ? | ૨૬૨ |
| ૧૧૩. | ૨૨ | ૩૬ | જિંદગી જીવવા જેવી લાગે છે ?... | ૨૬૪ |
| ૧૧૪. | ૨૨ | ૩૭ | ૨૫૦૦ વીરનિર્વાણ વર્ષ-રાષ્ટ્રીય ઉજવણીના અનિષ્ટ | ૨૬૬ |
| ૧૧૫. | ૨૨ | ૩૯ | આર્ય સંસ્કૃતિના કચ્ચરઘાણની ઘોંશને પિછાણો | ૨૬૯ |
| ૧૧૬. | ૨૨ | ૪૦-૪૨ | જીવન જીવવાનો... (લે.૧), (લે.૨), (લે.૩) | ૨૭૧-૨૭૮ |
| ૧૧૯. | ૨૨ | ૪૩ | ભગવાન આપણા દયાપાત્ર કે દયાવર્ષી ? | ૨૭૮ |
| ૧૨૦. | ૨૨ | ૪૪-૪૫ | જન્મ ઊંચો એવું જીવન... (લે.૧), (લે.૨) | ૨૮૧-૨૮૫ |
| ૧૨૨. | ૨૨ | ૪૬ | રોદણાંનો મહારોગ | ૨૮૫ |
| ૧૨૩. | ૨૨ | ૪૭ | જીવનમાં કયા મનોરથ ? | ૨૮૭ |
| ૧૨૪. | ૨૩ | ૨ | મહામંત્ર નવકાર કેમ ફળતો નથી ? | ૨૯૦ |
| ૧૨૫. | ૨૩ | ૩ | 'રુક્મી રાજાનું પતન અને ઉત્થાન' | ૨૯૨ |
| ૧૨૬. | ૨૩ | ૪ | ભગવાન મહાવીરનો નિર્વાણ મહોત્સવ | ૨૯૪ |
| ૧૨૭. | ૨૩ | ૫ | વિવિધક્ષેત્રે પચાવતાં ન આવડે તો... | ૨૯૮ |
| ૧૨૮. | ૨૩ | ૬ | દેવીઓએ તામલિ તાપસને કેમ પસંદ કર્યો ? | ૩૦૦ |
| ૧૨૯. | ૨૩ | ૭ | ભવિષ્ય કેવું ? તરવાનું કે ડૂબવાનું ? | ૩૦૩ |
| ૧૩૦. | ૨૩ | ૮-૯ | વાસના-વિકારો રોકવા... (લે.૧), (લે.૨) | ૩૦૫-૩૧૦ |
| ૧૩૨. | ૨૩ | ૧૦ | ભગવાનને કરવાની પ્રાર્થના | ૩૧૦ |




E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

## (૧) આપણું ઘર સંભાળો : આપણાં ઘરના કોણ ? દિવ્યદર્શનનું નૂતન વર્ષ

(લેખાંક-૧)

'શાંતસુધારસ શાસ્ત્ર'માં ૧૨ ભાવના પૈકી પાંચમી અન્યત્વ ભાવના ભાવવા લખ્યું કે 'विनय ! निभालय निजभवनम्' હે આત્મન્ **તું તારું પોતાનું ઘર સંભાળ;**

આ માર્કાનું વચન છે. પોતાનું ઘર ખરેખરું આત્મ-ઘર છે. બાકી દુન્યવી મોટી મહેલાતો શું કે રત્નોનાં વિમાન પણ શું, એ કાંઈ પોતાનું ઘર નહિ. કારણ, જે ઘરમાંથી હકાલપટ્ટી થાય એ ઘર પોતાનું શાનું ? શરીર અને મકાન વિમાન વગેરે લઈ બેસનાર કયા જીવને એમાંથી નથી નીકળી જવું પડ્યું ? આપણા જીવે એવાં શરીર-રહેઠાણ વગેરે આજસુધીમાં કેટલા લઈ બેસીને અંતે મૂક્યા ? મૂક્યા તે રાજીખુશીથી નહિ, પરંતુ કમને મૂકવા પડ્યા, કહો એમાંથી જીવની હકાલપટ્ટી થઈ. તો એ શી રીતે આપણું ઘર કહેવાય ?

આપણું ઘર આપણો આત્મા જ છે. સવાલ થાય કે પોતે પોતાનું જ ઘર કેવી રીતે ? જવાબ એ, કે જેમ માણસ બહાર બધે ફરી આવે, પણ ઘરમાં આવીને ઠરે છે, ઘરમાં શાંતિ વળે છે, એમ આત્માને બહારનાની આશા મૂકી પોતાનામાં ઠરવાથી શાંતિ મળે છે; માટે પોતે પોતાનું ઘર કહેવાય; પોતે પોતાનામાં રહ્યો ગણાય.

મહાપુરુષો પર જીવલેણ ઉપસર્ગ આવ્યા, ખંધકમુનિની જીવતાં ચામડી ઊતરી, ગજસુકુમાળના માથે સગડી મૂકાઈ, મહાવીર પ્રભુના મસ્તકે સંગમદેવે ૫૦૦૦ મણનું કાળચક્ર પછાડ્યું, ત્યાં એમણે એ બાહ્ય શરીર પરની પીડાને ન ગણકારતાં અંદરમાં ઊતરીને પોતાના સનાતન અખંડ નિર્વિકાર આત્મસ્વરૂપનો વિચાર કર્યો, 'આ કામચલાઉ બાહ્ય શરીર પરની આપત્તિમાં મારા આત્મામાંથી શું લૂંટાય છે ? કશું નહિ, એના અસંખ્ય પ્રદેશમાંથી એક પણ પ્રદેશ ખેરવાતો નથી, તેમ એના સુંદર જ્ઞાનાદિમય અરૂપી સ્વરૂપને લેશમાત્ર બાધ નથી પહોંચતો પછી બાહ્યની ચિંતા શી ? એમ અંદરમાં આત્મસ્વરૂપમાં ઠર્યા. એટલે કહેવાય કે એ અંદરવાળો અને એનું સ્વરૂપ એ પોતાનું ઘર છે, જેમાં ચિરકાળ શાશ્વતકાળ ઠરીને રહી શકાય અને અખૂટ શાન્તિ મળે. બાહ્ય શરીરાદિમાં ઠરવામાં આ કશું ન મળે; એમાંથી એક દિ' ડિસમિસ થવું પડે માટે એ પોતાનું ઘર નહિ.



આમ, જ્યાંથી કદી હકાલપટ્ટી ન થાય, એ પોતાનો આત્મા અને શુદ્ધ આત્મસ્વરૂપ જ પોતાનું ઘર છે, તો ખરી સંભાળ એની લેવા જેવી છે. માટે કહ્યું **'જીવ ! તું તારું પોતાનું ઘર સંભાળ.'**

'પોતાનું ઘર સંભાળ' એટલે જેમ બાહ્યમાં માણસ એ જુએ છે કે 'ઘર ચોકખું રહેવા લાયક સાફ છે ને ? ક્યાં ક્યાં રિપેરિંગ માગે છે ? ઘરમાં આવક કેટલી ? સામાન કેટલો ? ક્યાં ખરચા કેટલા ? પારકું આપણા ઘરમાં શું પડ્યું છે ? પોતાના ઘરના કોણ કોણ, ને બહારના કોણ ?...' જેમ બાહ્ય ઘર સંભાળવામાં આ બધું જુએ છે, એમ આપણું આત્મઘર સંભાળવામાં આ જોવાનું છે, કે (૧) આપણું આત્મઘર રહેવા લાયક સાફ કચરા વિનાનું છે ને ? એમાં કામ-ક્રોધ-લોભાદિ કષાયો, આહાર-રસ-વિષય-પરિગ્રહાદિ સંજ્ઞાઓ, શલ્ય-ગારવ-કુલેશ્યા વગેરે કચરા નથી ને ? એમ (૨) આત્મઘર કયા કયા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ભંગાર છે ? કયું કયું એમાં રિપેરિંગ માગે છે ? (૩) આત્મ-ઘરમાં (i) પુણ્યાનુબંધી પુણ્યની તેમજ (ii) ક્ષમાદિના સુસંસ્કારોની અને (iii) કર્મનિર્જરાની આવક કેટલી છે ? વળી (૪) સિદ્ધ થયેલ જિનભક્તિ-દયા-વ્રતનિયમ અને અહિંસા-સત્ય-ક્ષમા-મૈત્રી-કરુણા વગેરેનો સામાન કેટલો છે ? એમ, (૫) પૂર્વ પુણ્ય સંચયમાંથી ક્યાં કેટલો ખરચ થઈ રહ્યો છે ? તથા (૬) અહીં મળેલ અતિકિંમતી મનોયોગ-વચનયોગ-કાયયોગ શક્તિમાંથી ક્યાં, કેટલો, ને કેવો વપરાશ ચાલી રહેલ છે ? એવી રીતે (૭) આત્મઘરમાં પોતાનું શું શું છે ? અને પારકું શું શું પડેલું છે ? અર્થાત્ દેવ-ગુરુ-સંઘરાગ, જ્ઞાનદર્શન, સંવેગ વૈરાગ્ય, ત્યાગ-તપ, વ્રતનિયમ ક્ષમાદિ શું શું પોતાનું પડેલું છે ? અને કર્મજથા, ધન આદિ ઉપાધિ તથા વ્યવહારથી સગાઈ સંબંધો આદિ, પર પદાર્થ કેટલા પડ્યા છે ? આ સાત મુદ્દા પૈકી દરેક પર ઘણું વિચારી શકાય.

બસ, આ રીતે આત્મઘરની તપાસ લેવાની છે; અને લઈને પછી એમાંથી કચરા સાફ કરતા ચાલવાનું; ભંગાર સુધારી અખંડતા કરવાની; પુણ્યાઈ-સુસંસ્કાર-કર્મક્ષયની આવક વધારતા રહેવાનું; વ્રત-નિયમ-અહિંસાદિ તથા જ્ઞાન-દર્શનાદિનો સામાન સિદ્ધ કરતા રહેવાનું, પાપકર્મના જથ્થા તથા વ્યાવહારિક સંબંધ એ પર છે, પારકી ચીજ છે, એનો ખ્યાલ રાખી દિલમાંથી બને તેટલા એ વોસિરાવવાના, અને દેવ-ગુરુ આદિની મમતા વધારતા જવાનું; કિંમતી મનોયોગ-વચનયોગ-કાયયોગની શક્તિઓનો આડે માર્ગે યાને મોહ-રાગાદિના પોષણમાં અપવ્યય ન થાય પરંતુ દેવ-ગુરુ-સંઘ-તીર્થ-શાસ્ત્ર તથા દાનાદિ અહિંસાદિ વગેરે ધર્મમાં સદુપયોગ થાય એમ કરતા રહેવાનું. વળી કષાયો-સંજ્ઞાઓ, ગારવ-શલ્યો અને કુલેશ્યાઓના નવા કચરા ઘાલવા



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

નહિ. સાથે એ પણ જોવાનું કે ‘આપણા આત્મઘરના માણસ કોણ ?’ અને પછી એમને જ આપણા પોતાના માનતા રહેવાનું, એમનાથી જ મહા આશ્વાસન લેવાનું.

“દિવ્ય-દર્શન”-“અગ્રલેખામૃત” વર્ષ-૨૦,અંક-૩,તા.૧૮-૯-૧૯૭૧

## ૨ પુરુષાર્થ અને જ્ઞાનીની દૃષ્ટિ, ભવિતવ્યતા

(લેખાંક-૧)

અજ્ઞાન માણસો ભુલાવામાં પડી માને છે કે ‘ધર્મનો પુરુષાર્થ તો જ્ઞાનીએ દીઠો હોય તો જ બને, ભાવીભાવમાં લખાયેલો હોય તો જ બને.’ અને આમ માનીને કાં તો ધર્મપુરુષાર્થને ઠેબે ચડાવે છે, અગર સત્ત્વહીન વીર્ય-પરાક્રમરહિત માંદલો મુડદાલ પુરુષાર્થ કરે છે.

ખૂબી પાછી એ છે કે આવા માણસો સાંસારિક બાબતોમાં પુરુષાર્થમાં કચાશ રાખતા નથી, અને જ્ઞાનીની દૃષ્ટિમાં એનો પુરુષાર્થ છે કે કેમ તેનો વિચાર કર્યા વિના જ હોંશે હોંશે પુરુષાર્થ કરે છે. ફક્ત ધર્મપુરુષાર્થ ગુણપુરુષાર્થ કરવાની વાત આવે ત્યારે કહે છે ‘જ્ઞાનીની દૃષ્ટિમાં જોવાયેલો હોય તો અમારાથી ધર્મ યા ગુણનો પુરુષાર્થ બને નહિ ? જ્ઞાનીએ નહિ જોયો હોય એટલે જ એ બનતો નથી. નહિતર અમને એ કરવાનું મન કેમ ન થાય ? સાંસારિક બાબતોમાં જ્ઞાનીએ અમારો પુરુષાર્થ જોયો છે હશે તેથી જ અમને એ કરવાનું મન થાય છે ને કરીએ છીએ ને ? જ્ઞાનીની દૃષ્ટિમાં મીનમેખ ફરક પડે નહિ.

આમ ધર્મની બાબતમાં જ્ઞાનીની દૃષ્ટિને જ મહત્ત્વ આપી ધર્મપુરુષાર્થ તો ચૂકે જ છે, પણ વધારામાં એ ન થવાની અફસોસી પણ રાખતા નથી.

અહીં ભૂલ આ થાય છે કે કેમ જાણે કાર્ય અને કારણના બે વિભાગમાં ‘જ્ઞાનીની દૃષ્ટિ યા ભવિતવ્યતા એ કારણ છે અને પુરુષાર્થ એનું કાર્ય છે,’ એમ માને છે. આ માનવું ભૂલભર્યું એટલા માટે છે કે કાર્ય-કારણ માટે નિયમ એવો છે કે જેના પર આધાર રાખવો પડે એ ‘કારણ’ કહેવાય અને જેને આધાર રાખવો પડે એ ‘કાર્ય’ કહેવાય દા.ત. દર્પણને પ્રતિબિંબ લેવા માટે વસ્તુ પર આધાર રાખવો પડે છે. દા.ત. મોં રૂપાળું તો પ્રતિબિંબ રૂપાળું; મોં કદ્રૂપું તો પ્રતિબિંબ કદ્રૂપું. **જેવી વસ્તુ, તેવું પ્રતિબિંબ.** પરંતુ એમ નહિ કે જેવું પ્રતિબિંબ, તે પ્રમાણે વસ્તુ ઉત્પન્ન થાય યા સામે આવે. વસ્તુ બને કે સામે આવે તે તો પોતાનાં કારણોએ; જ્યારે પ્રતિબિંબ બને તે ઉત્પન્ન થયેલી કે સામે આવેલી વસ્તુના



આધારે એટલે પ્રતિબિંબને વસ્તુ પર આધાર રાખવો પડ્યો; માટે ‘જેને આધાર રાખવો પડે એ કાર્ય એ નિયમ મુજબ પ્રતિબિંબ એ વસ્તુનું કાર્ય થયું, અને ‘જેના પર આધાર રાખવો પડે એ કારણ,’ એ નિયમાનુસાર વસ્તુ પ્રતિબિંબનું કારણ બની. પ્રતિબિંબના આધારે વસ્તુ બનતી નથી, પણ વસ્તુના આધારે પ્રતિબિંબ બને છે.

બસ, આ જ રીતે જોવાય તો ચોકખું સમજાય એવું છે કે જ્ઞાની જેવો આપણો પુરુષાર્થ બનવાનો હોય તેવું જ્ઞાની જુએ છે, પરંતુ એમ નહિ કે જ્ઞાની જુએ છે માટે તેવો પુરુષાર્થ બને છે. જ્ઞાનીનું જ્ઞાન એ દર્પણ છે. એમાં પુરુષાર્થનું પ્રતિબિંબ પડે છે. પુરુષાર્થના આધારે તેવું જ્ઞાન થાય છે.

જ્ઞાનીનું જ્ઞાન વસ્તુ પર આધારિત છે. જેવી વસ્તુ તેવું જ્ઞાન બને; પણ એમ નહિ કે જેવું જ્ઞાન તેવી વસ્તુ બને. નહિતર તો જુલ્મ એ થાય કે જગતમાં ખરાબ વસ્તુઓ બનવામાં જ્ઞાનીના જ્ઞાનને જ્ઞાનીની દૃષ્ટિને કારણભૂત યાને જવાબદાર કહેવાનું થાય ! દા.ત. “બિલાડીએ ઉંદરો કેમ માર્યા, તો કે જ્ઞાનીએ એવું જોયું માટે. યાહ્યાખાને કેમ નરસંહાર ચલાવ્યો ? તો કે જ્ઞાનીની એવી દૃષ્ટિ હતી માટે !” એનો અર્થ તો એવો થયો કે “બિલાડી કે યાહ્યાખાન દોષિત નહિ, દુષ્ટ, જુલ્મગાર નહિ, કિન્તુ જ્ઞાનીની દૃષ્ટિ જ દોષિત, દુષ્ટ અને જુલ્મગાર ! કે જેણે નિર્દોષ ઉંદરો યા નિર્દોષ નબળા માણસોનો સંહાર કરાવ્યો !”

શું આ માનવું ઉચિત છે ? ના, જરાય નહિ, નહિતર તો ‘આખા વિશ્વમાં દુષ્ટમાં દુષ્ટ વસ્તુ કઈ ? તો કે જ્ઞાની, જ્ઞાનીનું જ્ઞાન, જ્ઞાનીની દૃષ્ટિ, કેમ કે એના આધારે જ વિશ્વમાં બધા જુલ્મ, અનાચાર અને દુષ્ટ કાર્યો બને છે’ એવો અર્થ થાય. પરંતુ આ માનવું તદ્દન ખોટું છે,

‘શું જગતમાં બનનારી કે બનવાની દુષ્ટતાઓ-જુલ્મો-અનાચારો જ્ઞાનીની દૃષ્ટિ બહાર છે ? શું એ જ્ઞાનીએ જોયા પ્રમાણે નથી બનતા ? ના, એ જ્ઞાનીની દૃષ્ટિ બહાર નથી, જ્ઞાનીએ જોયા પ્રમાણે બને છે. છતાં કહેવું પડે કે જ્ઞાનીની એવી દૃષ્ટિના કારણે નહિ કિન્તુ એ દુષ્ટતાઓ તો પોતાનાં જુદાં જ કારણોએ બને છે. માત્ર, જ્ઞાનીનું જ્ઞાન એટલું બધું વિસ્તૃત છે, ત્રિકાળને અવગાહનારું છે, તેથી એ ભવિષ્યમાં પણ જેવું બનવાનું તેવું અગાઉથી જોઈ શકે છે એટલું જ; બાકી બનનારી હકીકતો તો પોતાના જુદાં કારણોના જ આધારે બને છે, કિન્તુ નહિ કે જ્ઞાનીએ એવું જોયું છે માટે.

છોકરો અકરાંતિયાની જેમ ખાતો હોય તો અનુભવી મા અગાઉથી કહે કે ‘તું માંદો પડવાનો છે.’ પછી એ માંદો પડે ત્યાં એમ જો છોકરો કહે કે “જો, આ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

તેં માંદો પડવાનું જોયું કહ્યું તેથી હું માંદો પડ્યો. તેં સાજો રહેવાનું જોયું હોત તો હું સાજો ન રહેત ?'' આવું કહેનાર અને માતાને દોષિત-દુષ્ટ ઠરાવનાર છોકરો કેટલી અક્કલવાળો ? એમ બિલાડી અને યાહ્યાખાનને બદલે જ્ઞાનીની દૃષ્ટિને જુલ્મમાં કારણભૂત કહેનાર અને દોષિત દુષ્ટ ઠરાવનાર કેટલી અક્કલવાળો ?

બસ, એ રીતે સત્ કે અસત્ પુરુષાર્થમાં જ્ઞાનીની દૃષ્ટિને ભવિતવ્યતાને કારણભૂત માનનાર કેટલી અક્કલવાળો ? 'જ્ઞાનીએ અમારામાં ધર્મનો પુરુષાર્થ દેખ્યો હોય તો ન બને ? એમણે દુન્યવી પુરુષાર્થ દેખ્યો છે માટે બને છે' એમ કહેવું એ આ કહેવા જેવું વાહિયાત છે કે જ્ઞાનીએ જગતના જુલ્મી જીવોમાં દયા દેખી હોય તો ન બને ? પણ જ્ઞાનીએ એમનામાં જીવસંહાર દેખ્યો છે; માટે એમ બને છે. દોષ જુલ્મી જીવોનો નહિ, પણ જ્ઞાનીની દૃષ્ટિનો છે.' ખરી વાત આ છે કે ક્રોધ-લોભાદિ અને અજ્ઞાનના કારણે જુલ્મીઓ દુષ્ટતા કરે છે, માટે જ્ઞાની એવું જુએ છે. તેમ ક્ષમા-નિર્લોભતાદિ હિસાબે સજ્જનો ત્યાગ-પરોપકારાદિના પુરુષાર્થ કરે છે, માટે જ્ઞાની એવું જુએ છે. તાત્પર્ય સત્-અસત્ પુરુષાર્થમાં ક્ષમાદિ-ક્રોધાદિ કારણ છે, જ્ઞાનીની દૃષ્ટિ નહિ.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૦,અંક-૪,તા.૨૫-૯-૧૯૭૧

## ૩ (લેખાંક-૨)

જ્ઞાનીની દૃષ્ટિ મુજબ પુરુષાર્થ બનવાની વાત પર ગયા લેખમાં એ જોયું કે જેમ દર્પણ-પ્રતિબિંબ એ કાંઈ વસ્તુ બનવામાં કારણ નથી, કિંતુ વસ્તુ પોતે એવી સ્વકારણે બનેલી છે માટે પ્રતિબિંબ એવું પડે છે. તાત્પર્ય વસ્તુ પ્રતિબિંબમાં કારણ છે, એમ જ્ઞાનીની દૃષ્ટિ પુરુષાર્થ બનવામાં કારણ નથી, ઊલટું પુરુષાર્થ એવા પ્રકારની જ્ઞાનીની દૃષ્ટિમાં વિષય તરીકે કારણ છે.

તો પછી સવાલ એ થાય કે પુરુષાર્થમાં કોણ કારણ ? એને કોણ ઉત્પન્ન કરે ? જવાબ આ કે જીવોના કષાય અથવા ક્ષમાદિગુણ, સાથે વીર્યાન્તરાયકર્મનો ક્ષયોપશમ એને ઉત્પન્ન કરે છે; એ ક્ષયોપશમ થવા માટે વસ્તુનો બોધ, વસ્તુની ગરજ, એ શરીરબળ-મનોબળ વગેરે કારણભૂત છે. માણસને પૈસા શી ચીજ એ ખબર છે ને એની જો ગરજ છે, લોભ છે, તો પૈસા લાવવાનો પુરુષાર્થ કરે છે. એ જ રીતે જીવને જો ધર્મ એ શી ચીજ એની ખબર હોય, ઉપરાંત એની લાલસા જાગે, ગરજ જાગે, તો શરીરબળ આદિની અનુકૂળતા મુજબ ધર્મનો પુરુષાર્થ કરવાનો.



ભ્રષ્ટ મરીચિને લાગ્યું કે ''જો હું કપિલ રાજપુત્રને કહું કે 'અહીં પણ ધર્મ છે,' તો આ મારો શિષ્ય થાય,''-આ ખબર પડી કહેવાય. વળી એમ બોલીને ય શિષ્ય બનાવવાની એને ગરજ જાગી, લોભ લાગ્યો, એટલે જ એવું વચન યાને ઉત્સૂત્ર-ભાષણ કરવાનો પુરુષાર્થ કર્યો; પરંતુ એમ નહિ કે ઋષભદેવ ભગવાન વગેરે જ્ઞાનીઓએ જ્ઞાનથી જોયું હતું માટે એવો પુરુષાર્થ કર્યો.

દા.ત. અનુભવી માતા સમજતી હોય કે 'છોકરો જો રમકડાં ઉપર બહુ રાગ કરે છે, તો એ રમકડું આઘુપાછું થતાં છોકરો રીસ કરશે,' અને પછી એમ બને, તો ત્યાં છોકરાની રીસમાં માતાનો અનુભવ કારણભૂત ન કહેવાય, કિન્તુ રીસમાં કારણભૂત તો છોકરાનો અતિરાગ-લોભ-મમતા જ કહેવાય. માતા તો અનુભવી એટલે પહેલેથી જોયું કે 'આના બહુ રાગમાં આગળ રીસ આવીને ઊભી રહેશે' એટલું જ પણ એ કોઈ રીસ કરાવનારી ન કહેવાય. એમ જ્ઞાનીની દૃષ્ટિને ઉત્સૂત્ર-ભાષણ કરાવનારી ન કહેવાય. જ્ઞાની તો અનુભવી પ્રત્યક્ષદ્રષ્ટા એટલે પહેલેથી જાણી શકે છે કે આ મરીચિ પુરુષાર્થ અવળો ઉત્સૂત્રભાષણનો કરવાનો છે, તેથી સંસાર વધારવાનો છે એટલું જ. બાકી જેમ છોકરાની રીસની પાછળ રાગ કારણ, એમ આ મરીચિના ઉત્સૂત્ર ભાષણ પાછળ શિષ્યનો લોભ-ગરજ કારણ કહેવાય.

જ્ઞાનીની દૃષ્ટિને કારણ કહેવામાં તો પૂર્વે કહ્યું છે તેમ જો એ જ આવા અવળા પુરુષાર્થ, નરસંહાર સુધીના પુરુષાર્થ કરાવતી હોય, તો તો એ દૃષ્ટિ અત્યંત ક્રૂર સાબિત થાય. ખૂબ ખાઈ માંદો પડનારા છોકરાને મા કહે ખરી કે 'જો આ મેં તને પહેલેથી કહ્યું હતું કે બહુ ખાય છે તે માંદો પડીશ,' પરંતુ તેથી કાંઈ માતાનો અનુભવ મંદવાડમાં કારણભૂત ન કહેવાય; નહિતર એ અનુભવ ક્રૂર સાબિત થાય.

પ્ર.- જો આમ છે તો પછી જ્ઞાનીની દૃષ્ટિ યા ભવિતવ્યતા કારણ શામાં ?

ઉ.- ભવિતવ્યતા વિચિત્ર યાને ચોક્કસ પ્રકારના સંયોગ પરિસ્થિતિ ઊભી થવામાં કારણ છે. દા.ત. મરીચિને કપિલ રાજકુમારનો ભેટો થયો એમાં ભવિતવ્યતા કારણ. અલબત્ત મરીચિનું શિષ્ય મળવાનું પુણ્ય કારણભૂત કહેવાય, પરંતુ તે પુણ્યનું કાર્ય તો માત્ર શિષ્ય મેળવી આપવાનું; પછી તે ગમે તે વ્યક્તિ હો; પરંતુ કપિલ જ મળી આવ્યો એમાં તો ભવિતવ્યતા જ કારણ.

દા.ત. સમરાદિત્ય કે પાર્શ્વપ્રભુને પૂર્વના ભવે ભવે ઉપદ્રવ આવ્યા તે પ્રભુના પોતાના અશુભ કર્મના લીધે. પણ એ કર્મ ઉપર એવી છાપ નહોતી લાગી કે આ અમુક જ વ્યક્તિથી ઉપદ્રવ આપવાના. ઉપદ્રવ આપવો એટલું જ કામ અશુભકર્મનું.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

બાકી અગ્નિશર્મા અને કમઠના જ એમને સંયોગ બની આવ્યા એ ભવિતવ્યતાને લીધે. ચોક્કસ અમુક જ પ્રકારના સંયોગ-પરિસ્થિતિ સર્જવામાં કારણ ભવિતવ્યતા.

માટે તો એક આત્મા મોક્ષમાં જાય, એટલે એક આત્મા નિગોદ-અવ્યવહાર રાશિમાંથી બહાર નીકળે. પરંતુ ત્યાં અમુક જ આત્મા બહાર નીકળે છે એમાં ભવિતવ્યતા કારણ. ભવિતવ્યતા જ એવી કે અમુક જ જીવ બહાર નીકળે.

કરંડિયામાં ભૂખ્યો સાપ પૂરાયેલો હોય, અને ત્યાં ઉંદર ફરતો આવી ગયો. કરંડિયામાં ફળ વગેરે ખાવાનું સમજી કરંડિયો કોતરી એ કાણું પાડીને અંદર પેઠો. પરંતુ એજ જગાએ સાપનું ખુલ્લુ મોઢું હતું, તેથી ઉંદર સીધો એના મોંમાં જઈ પડ્યો, અને સાપથી ગળાઈ ગયો, ત્યાં ઉંદરને એ ઉપદ્રવનું કારણભૂત અશાતા કર્મ ખરું, તેમ સાપને ભક્ષ્ય મળવાનું કારણભૂત પુણ્ય કર્મ ખરું, પરંતુ એ શુભ-અશુભ કર્મ પર એવી છાપ નહિ કે આ રીતે જ એ સુખ-દુઃખ આપે; માત્ર સુખ-દુઃખ આપવાં એટલું જ એનું કામ; બાકી આવી ચોક્કસ પ્રકારની વિચિત્ર ઘટના બની એમાં કારણભૂત તો ભવિતવ્યતા જ. ત્યાં ય ઉંદરનો પુરુષાર્થ થયો તેમાં કારણ તરીકે તો એનો લોભ; પરંતુ આવા વિચિત્ર અમુક જ સ્થાને પુરુષાર્થ થવામાં કારણભૂત તો ભવિતવ્યતા.

પ્રાંતે, પુરુષાર્થ અને ભવિતવ્યતા, યા જ્ઞાનીની દૃષ્ટિનો આ વિવેક બરાબર સમજી લઈ (૧) અસત્ પુરુષાર્થમાં ખરેખર કારણભૂત જે પોતાના અસત્ રાગ-મમતા ગરજ છે, એ ઓછા કરવા જેવા છે, ને સત્ પુરુષાર્થનાં કારણભૂત દેવ-ગુરુ-ધર્મસ્થાન-શાસ્ત્ર વગેરે પર સત્ પ્રશસ્ત રાગ-મમતા-ગરજ વધારવા જેવા છે. તેમજ (૨) ધારણા બહાર વિચિત્ર કે અમુક જ પ્રકારની ઘટના-સંયોગ-પરિસ્થિતિ બની આવે ત્યાં ભવિતવ્યતાને કારણભૂત સમજી, ચિત્તને સ્વસ્થ સમાધિમાં રાખવા જેવું છે; અસમાધિ વિહ્વળતા-વ્યાકૂળતા-આર્તધ્યાન-સંકલ્પવિકલ્પો ન કરતાં મન વાળી લેવા જેવું છે કે 'ભવિતવ્યતા જ એવી કે આમ બન્યું. ભવિતવ્યતાને મોટા જ્ઞાની કેવળજ્ઞાની પણ ફેરવી શકતા નથી. પછી મારે શા સારુ એવી નિર્ધારિત ભવિતવ્યતાના ખેલ પર વલોપાત કરવા ? એના બદલે એટલો સમય લાવ ગણતરીબદ્ધ નવકારગણું.'





# (૪) પૂર્વ ભારતનાં જૈન તીર્થોના વિકાસની જરૂર

ઉક્ત શીર્ષકના 'જૈન' પત્રના તા. ૧૮-૯-'૭૧ ના ૩૫મા અંકના અગ્રલેખમાં તા. ૨૨-૫-'૭૧ના અંકના પૂર્વના તીર્થઉદ્ધારના જે અહેવાલનું અવતરણ લીધું છે, એના અનુસંધાનમાં અહીં કેટલીક વિગત પૂ. પંન્યાસજી મહારાજની સાથે વિહારમાં રહેલ ભાઈશ્રી નરોતમદાસ દોશી તરફથી રજૂ કરવામાં આવે છે. જે એ ઉદ્ધાર અને વિકાસના કાર્યની દિશામાં માર્ગદર્શક બનશે.

**વિગત રજૂ કરનાર - શ્રી નરોત્તમદાસ દોશી**

શ્રી રાજગિર તીર્થના ઉદ્ધાર અને વિકાસ અંગે ત્યાં અને પાવાપુરીમાં પૂ. પંન્યાસજી શ્રી ભાનુવિજયજી મહારાજે ટ્રસ્ટીઓને માર્ગદર્શન આપ્યા પછી મેનેજર શ્રી ભોલુબાબુએ પૂ. પંન્યાસજી મહારાજને રાજગિરમાં ચોમાસુ કરવા, આ કામ પાર પડે એ હેતુથી, ખૂબ જ આગ્રહ કર્યો. પંન્યાસજી મહારાજે કહ્યું કે ''શ્રી કાનપુર સંઘને ચોમાસાની સંમતિ અપાઈ ગઈ છે એટલે ચોમાસામાં ફેરફાર કરવો મુશ્કેલ છે. છતાં જો તમારા ટ્રસ્ટીઓ કામ કરવાનું નક્કી કરીને લાવતા હોય તો કાનપુર સંઘને સમજાવવાથી શાસનનું આ મહાન કામ સમજી શ્રી કાનપુર સંઘ પણ આશા છે કે આમાં સંમતિ આપશે. તેમ થતાં, જો કે હવે ટાઈમ ભરાઈ ગયો હોઈ અમારો હાલ કાનપુર તરફ વિહાર તો કરવો પડે છે છતાં તમે કલકત્તા જઈ અઠવાડિયામાં નક્કી કરીને લાવો, તો હું વિહાર વચ્ચેથી પાછો ફરી રાજગિર ચોમાસુ રહીશ.''

એ પછી જાણવા મળ્યું છે તે મુજબ રાજગિર ટ્રસ્ટના મુખ્ય સંચાલક બાબુશ્રી વિજયસિંહજી નાહરના ગળે આ વાત ઉતરી નહિ, કે બીજા સમજી ગયેલા ટ્રસ્ટીઓ એમના ગળે ઉતારી શક્યા નહિ, ગમે તે હો પણ કામ ત્યાં જ અટકી ગયું. બાકી પંન્યાસજી મહારાજે તો ત્યાં સુધી કહેલું કે ''તીર્થના ઉદ્ધારનું કાર્ય થાય એ માટે બાબુઓ અને ગુજરાતીઓની ભલે સંયુક્ત કમિટિ બનાવાય, પરંતુ હાલ જે બાબુઓના વહીવટની તીર્થ-પેઢી ચાલે છે, એનાથી કોઈ બીજી જુદી પેઢી કરવાની વાત નહિ. ઉદ્ધારનો બધો આય વ્યયનો હિસાબ ચાલુ પેઢીના જ ચોપડે લખાય. માત્ર ઉદ્ધાર-વિકાસની વ્યવસ્થા આ સંયુક્ત કમિટિ નક્કી કરે તે મુજબ થાય. ઉદ્ધારનું કામ ઉપાડો તો આ તીર્થો એટલા મહાન છે કે પૈસાનો તમારે તોટો નહિ રહે.''

વળી પંન્યાસજી મહારાજે એ પણ કહેલું કે "કામ કરનાર મુખ્ય શિલ્પી મિસ્ત્રી એવા બતાવું કે જે પાષાણ વગેરે માલની ખરીદીમાં, તથા મહેનતાણામાં પ્રામાણિક હોય; તેથી જે મિસ્ત્રીઓ હજારો-લાખોના ગુપ્ત કમીશન ખાઈ જઈ માલના દોઢા ડબલ દામ ખરચાવતાં હોય છે યા પોતાના કારીગરો બેસાડીને ઠબુક ઠબુક કામ ચલાવી મહિનાઓ અને વર્ષોની એમની મજૂરીના આંકડા પર પણ ઘેર બેઠા ફિક્સ કમીશન ખાતા હોય છે એનાથી આ જુદા, ખૂબ ઓછા ભાવે સુંદર માલ અપાવનારા, અને આ શિલ્પી જાતે ય કામ કરવા બેસી સાથેના બીજા કારીગરો પાસેથી પણ પ્રામાણિક કામ લેનારા, તેમ બહુ ઝડપથી સુંદર કામ ઊભું કરી આપનારા."

પૂ. પંન્યાસજી મહારાજે એ પણ કહ્યું કે "મંદિર દેવળીઓ વગેરે જે ઊભા થાય તે પણ કોરી દિવાલો અને શિખર-ઘુમટીઓનાં નહિ, કિન્તુ એના પર ગૌરવવંતા જૈન ઇતિહાસના મહાપુરુષોનાં જીવન-કવન સુંદર કળાત્મક રંગીન ચિત્રકામમાં અંકિત થઈ એ દિવાલો-ઘુમટો રોનકદાર હોય; અને એ હજારો લાખો જૈન જૈનેતર દૃષ્ટાઓના દિલમાં ભાવોલ્લાસ જગાવવા સાથે ભૂતકાળનું આર્યદેશનું ગૌરવ એમની નજર સામે હુબહુ તરવરતું કરી દે."

પૂ. પંન્યાસજી મહારાજે તો સંઘ-શાસનના વ્યાપક હિતની આવી કેટલીય વાતો સમજાવેલી, પરંતુ જાણવા મળે છે કે 'ગુજરાતીઓ ભલે પૈસા આપી જાય, પરંતુ એમને કશા વહીવટ વ્યવસ્થા કે આયોજનમાં લેવા નહિ,' આવા વલણ ઉપર પ્રસ્તુત ઉદ્ધારની ઉપડેલી વાત હાલ સ્થગીત થઈ ગયા જેવી છે. ત્યારે એકલા બાબુ લોકોથી આ કામ બને એવું નથી, એ શિખરજી પાવાપુરી વગેરે મહાન તીર્થોની ચાલી રહેલી વ્યવસ્થા અને જાહેર સરવૈયા વિનાના વહીવટ પરથી દેખાય છે. શિખરજી જેવામાં હજારો લાખો રૂપિયાની આવક હશે, એક ભોમિયાજીના ભંડારમાંથી કહે છે દર વર્ષે લાખ રૂપિયા નીકળતા હશે. પરંતુ સંઘને ખબર નથી કે આ પૈસાનો શો વહીવટ થાય છે. પૈસાના પ્રમાણમાં ત્યાં કશી ઝાક ઝમાળતા કે જ્વલંત પ્રભુભક્તિ યાત્રિકોને જોવા ક્યાં મળે છે ?

આમ છતાં તીર્થંકર ભગવંતોએ સ્પર્શેલી પાવનભૂમિઓ અને કલ્યાણક ભૂમિઓના આ પૂર્વદેશના તીર્થ ભૂલવા જેવા નથી. દર વર્ષે લાખો યાત્રિકો-પ્રવાસીઓ ત્યાં આવે છે. એકેક યાત્રિક સેંકડો રૂપિયાનો ખરચ કરીને આવતા હોય છે પરંતુ વાચા વિનાના વર્તમાન સ્થાપત્યો કે ભૂમિઓ કે ભૂમિઓ સ્પર્શીને 'અમે યાત્રા કરી આવ્યા, જોઈ આવ્યા,' માત્ર એટલા સંતોષ સિવાય જીવનમાં ઘર કરી જાય એવા કયા ભાવોલ્લાસ અને ધર્મપ્રેરણા-'ધર્મ નિર્ધાર લઈ આવે છે ? કમમાં



કમ તીર્થંકર ભગવંતો અને મહાપુરુષોનું કયું અનન્ય ગૌરવ મગજમાં ભરીને આવે છે કે જેથી જીવનમાં ઊંચી કર્તવ્યદૃષ્ટિ ઘર કરી લે ?

ખરી વાત એ છે કે ગુજરાત રાજસ્થાનના સંઘોએ આ તરફ દૃષ્ટિ નાખવા જેવી છે. પોતાનું જ મંદિર સંભાળીને ન બેસી રહેતાં દેવદ્રવ્યની મૂડીમાંથી તેમજ પોતાને ત્યાં મંદિરમાં યા સ્વપ્નાદિમાં કે કોઈ પ્રતિષ્ઠા-ઉપધાન વગેરેમાં મોટી આવક થતી હોય. એમાંથી આ પૂર્વભારતનાં તીર્થોનો ઉદ્ધાર અને વિકાસ સાધવા જેવા છે. સમસ્ત જૈન સંઘનાં આ તીર્થો છે, અને સમસ્ત ભારતના તથા પરદેશી લોકો અહીં દર્શનાર્થે આવે છે. ભારતના સંઘોની પ્રતિનિધિ ગણાતી શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીએ પણ આ તરફનો ઉદ્ધાર-વિકાસ લક્ષમાં લેવા જેવો છે. અલબત્ત એ મહા આનંદનો વિષય છે કે શિખરજી તીર્થની રક્ષા માટે પેઢીની વતી સંઘરત્ન શેઠ શ્રી રમણલાલ દલસુખભાઈ અને શ્રી ભાણાભાઈ પોતાના પણ હજારો રૂપિયા ખર્ચીને પ્રયત્ન કરી રહ્યા છે; છતાં સવાલ આ છે કે રાજગિર વૈભારગિરિ વગેરે અંગે પૂર્વે જણાવ્યા પ્રમાણે ઉદ્ધાર-વિકાસ કાર્યનો બેલી કોણ ? પૂ પંન્યાસજી મહારાજ તો માને છે કે પશ્ચિમ ભારતના સંઘોએ આ પૂર્વભાગના તીર્થના ઉદ્ધાર-વિકાસ કરી આપી, ભલે બાબુઓના વહીવટમાં સોંપી દેવાય, પણ એ કરવાની ખાસ જરૂર છે. જેથી દર વર્ષે હજારો જૈનો બોધિ અને લાખો જૈનેતરો બોધિ-બીજ પામવાનો અપૂર્વ લાભ થાય.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૦,અંક-૬,તા.૯-૧૦-૧૯૭૧

## (૫) (લેખાંક-૨)

'विनय ! निभालय निजभवनम्'-'હે આત્મન્ ! તું તારું ઘર સંભાળ,'- એ પંક્તિ લઈને ગયા લેખમાં એ વિચાર્યું કે આપણું ઘર આત્મા, ને એમાં શું શું સંભાળવાનું. એમાં છેલ્લી વાત એ આવી કે આપણાં ઘરના કોણ ?

જ્યારે આત્મા એ આપણું ઘર છે, તો એ ઘરના સગા છે, દેવાધિદેવ વીતરાગ સર્વજ્ઞ અરિહંત પરમાત્મા, નિર્ગ્રન્થ ત્યાગી સાધુ મહારાજ, અને શુદ્ધ ધર્મસ્નેહવાળા સાધર્મિક. એમના પર મમત્વ વધારતા રહેવાનું છે, અને એમના થકી આપણે ભારે હુંફ લેવાની, આશ્વાસન લેવાનું છે.

'પરમાત્મા તો મોક્ષમાં જઈ બેઠા, તેમ એ વીતરાગ હોઈ કશું કરતા નથી, તો એમની હુંફ શી રહે ?' એમ સમજવાનું નથી; કેમ કે વીતરાગ પરમાત્મા એ વિશ્વનો એક એવો અચિંત્ય પ્રભાવશાળી પદાર્થ છે કે ચિત્તમાં એમનું આલંબન



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

લેનારને અચિંત્ય સિદ્ધિઓ પ્રાપ્ત થતી આવે છે. અનંતા આત્માઓએ એ રીતે ઠેઠ મોક્ષ સુધીની સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આવશ્યક આ છે કે એમનું આલંબન એમના પર આ વિશ્વાસ આ શ્રદ્ધા મૂકીને લેવાય કે,-

'પ્રભુ ! તું પાપીઓનો ઉદ્ધારક છે. મહાપાપ કરેલાએ પણ જો તારાં ચરણ પકડ્યા, દિલમાં તારું જ શરણ સ્વીકાર્યું, તો એમનાં જીવન મહાન સંતનાં બની મહાપવિત્ર બની ગયા. જો આવો તારો પ્રભાવ છે કે તું દિલમાં આવ્યાથી મહાપાપ પણ નાશ પામી મહા પવિત્રતા આવે, અને તારા અનુપમ ગાંભીર્ય, ઔદાર્ય, સમતાભાવ, સહિષ્ણુતા, વીતરાગતા વગેરે ગુણોની પ્રેરણા મળે, તો પછી પ્રભુ ! મારે તું જ શરણ, તું જ ત્રાણ અને પ્રાણ, તું જ એક વિશ્રામ હો, તારા જેવો સ્નેહી ક્યાં મળે ? તારી અમારા પર કેટલી અપરંપાર કરુણા ! અમારે તારામાં કેટલું મજેનું ઠરવાનું ! તારા પ્રભાવે હવે તો મારાં ભવદુઃખ ટળ્યાં.'

આ શ્રદ્ધાથી પરમાત્માનું આલંબન લેવાય, તો પછી સંપત્તિ-સન્માનમાં અંતરમાં પ્રભુનું એવું ચિત્ર દેખીને પ્રેરણા લેવાય કે 'પ્રભુને અપાર સંપત્તિ મળેલી અને દિક્કુમારી તથા સુરાસુરેન્દ્રોના જન્માભિષેક, દીક્ષાના મહોત્સવ, તેમજ સમવસરણ નવકમળ-અષ્ટપ્રાતિહાર્ય વગેરે સન્માન મળેલા, પરંતુ પ્રભુને એમાં લેશ પણ આસક્તિ અભિમાન કે મહત્ત્વ નહિ લાગેલું. તો પછી મને મળતા બાહ્ય સંપત્તિ સન્માન તો એમની આગળ કુછ નહિ, તો મારે શા એનાં મહત્ત્વ લેખવા ? શા એના પર રાગ આસક્તિભાવ ધરવા ? કે શા અભિમાન કરવા ? ના, મારે એ કશું કરવાની જરૂર નથી.'

એમ, આપત્તિ-અગવડ-કષ્ટમાં પ્રભુનું એવું ચિત્ર દેખી પ્રેરણા લેવાય કે પ્રભુની ઉપર મોટા દેવતાઈ કે ચંડકોશિક ગોવાળિયા જેવાના ઉપસર્ગ-ઉપદ્રવની ભયંકર આપત્તિ આવી. અનાર્યો અનાડીઓ તરફથી અપમાન-તિરસ્કારાદિ આપત્તિ આવી, ચારિત્રસાધના વખતે ભારેમાં ભારે અગવડ-પ્રતિકૂળતાઓ આવી, તેમજ એમણે ઘોર તપસ્યા પરિસહો વગેરેનાં કષ્ટ ઉપાડ્યા, છતાં પ્રભુએ ક્યાંય એ જુલ્મીઓ પર દ્વેષ ન કરતાં હૈયે અપરંપાર કરુણા વહેતી રાખી. એ જુલ્મો અગવડોની પ્રત્યે ઉત્સવરંગ વધામણાં કરી મહાસમતા-સમાધિ ધરી, તેમજ કષ્ટોમાં દિવાળી માની અપૂર્વ પ્રસન્નતા ઝળકતી રાખી, તો પછી મારે એ બધાની અપેક્ષાએ શી એવી આપત્તિ-અગવડો આવે છે ? કુછ નહિ. તો મારે શા સારુ દ્વેષથી બળવું ? દીનતા કરવી ? હોળી જ હોળી માનવી ? ને મનમાં દુઃખી દુઃખી બન્યા રહેવું ? પ્રભુની તપસ્યા સામે સામાન્ય જેવી તપસ્યાની તકે શા માટે ગુમાવવી ? તદ્ભવ



મુક્તિ નિશ્ચિત છતાં પ્રભુને ઘોર ત્યાગતપની અને પરિસહ-સહનની જરૂર, તો મારે સામાન્ય સદ્ગતિ નક્કી કરવા માટે પણ ત્યાગતપની જરૂર નહિ ? આવો ઊંચો માનવભવ ખાઉં-ખાઉંમાં જ પૂરો કરવાનો ? રસનાની ઉજાણી જ ઉજવ્યા કરવાની ? પરિસહથી આઘા જ ભાગી જીવનભર કાયર બન્યા રહેવાનું ? ના, મારે એ દ્વેષ વગેરે કશું ન ખપે. મારે તો કરુણા-પ્રસન્નતા સમતા, અને ત્યાગ-તપ-પરીસહવધામણાં ખપે.'

આમ, હૃદયમાં વીતરાગ અરિહંત પરમાત્માનું આલંબન ધર્યાથી એવી અપૂર્વ ધરપત-તૃપ્તિ-પ્રસન્નતા સમતા અને બળ-ઓજસ આવે છે કે જેની આગળ મોટા રાજ્ય કે ક્રોડો-અબજોની સંપત્તિના કૃત્રિમ આનંદ કાંઈ વિસાતમાં નથી લાગતા; તેમ આપત્તિઓ કર્મગુમડાના નસ્તર (છેદન) જેવી આનંદપ્રદ લાગે છે, જે પ્રભુને દિલમાં ધર્યાથી આ બની આવતું હોય, એ પ્રભુ આપણા કેવા અનન્ય વિશ્રાંતિસ્થાન ? એમનામાં આપણને કેવું મજેનું ઠરવા મળે ? આટલા બધા અનુપમ આનંદ-ઓજસ-સમાધિનો આપણા પર ઉપકાર કરવાની પ્રભુની કેવી મહાકરુણા ! આવા પ્રભુ જેવા પરમ સ્નેહી બીજા કોણ મળે ? આપણા ઘરના સગા પ્રભુ જ છે.

એમ, ત્યાગી અને જિનાજ્ઞાધારી ગુરુ તથા સાધર્મિક પણ આપણા ઘરના સગા છે. એમનાથી પણ આપણને ઉપરોક્ત પ્રેરણા મળે છે, બળ ઓજસ પ્રસન્નતા મળે છે.

'હે આત્મન્ ! તારું ઘર સંભાળ' એ સૂત્રને મનમાં વારંવાર મમરાવવાનું, અને એમાં (૧) આપણું ઘર એટલે આપણો આત્મા, (૨) ઘરની ચીજ એટલે અનેકાનેક સદ્ગુણો-સાધનાઓ વગેરે તથા, (૩) ઘરના સગા તરીકે વીતરાગ પરમાત્મા, ત્યાગી ગુરુ અને સાધર્મિક,... એ બધાને દિલમાં દૃઢ કરતા રહેવાનું.

આના લાભ આ, કે (૧) આપણા આત્માને જ આપણું સાચું ઘર માન્યા પછી બહારના કહેવાતા ઘર-બંગલાની એવી મમતા નહિ રહે કે જેની પાછળ અનેક પ્રકારના ચિત્તસંતાપ-સંકલેશ થયા કરે છે, તેમજ આપણું કિંમતી પુણ્યધન એમાં હોમાય છે. એવી મમતા નહિ રહેવાથી આ ખરાબીઓ બહુ ઓછી થઈ જાય છે. (૨) આત્મઘરની ચીજ સદ્ગુણ-સાધનાદિને માન્યાથી મુખ્ય પ્રયત્ન એની કમાઈ-વૃદ્ધિ-રક્ષાનો રહેશે. એમ આત્મસંપત્તિ વધતી જશે. (૩) ઘરના સગા તરીકે દેવાધિદેવ, ગુરુ અને સાધર્મિકને મનમાં દૃઢ કર્યાથી નક્કર હુંફ આશ્વાસન મળ્યા કરશે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

## ⑥ આજના ભારે કાળમાં દિલ હળવું કેમ રહે ?

વર્તમાન કાળ ભારે આવી લાગ્યો છે એ સૌને અનુભવ છે. જાલિમ મોંઘવારી, સરકારી સડેલું તંત્ર, જરૂરી ચીજ વસ્તુની અછત, સંતાનોની સ્વચ્છંદતા-ઉદ્ધતાઈ, સ્નેહીઓની સ્વાર્થાંધતા, તકલેદી ખોરાક, વાતવાતમાં ગેસ-શરદી-એસીડીટી વગેરે રોગ, ભારે કરવેરા, વેપારમાં સરકારી લફરાં,... વગેરે વગેરે કેટલીય વિટંબણાઓથી આજે માણસનાં મન ભારે રહે છે; માણસને વર્તમાન કાળ ભારે લાગે છે.

ત્યારે શું કાળ હળવો થવાનો ? આ જિંદગીમાં એ શક્ય નથી લાગતું. આદર્શની ગમે તેટલી વાતો થાય, હકીકતમાં દિનપ્રતિદિન કાળ વધુ ભારે થતો જ દેખાય છે. તો પછી શું જિંદગી આવી જ પસાર કરવાની ?

ના, ભારે કાળમાં પણ જો આપણું મન હળવું બની જાય તો આપણા માટે કાળ હળવો રહેવાનો, જિંદગી સુખાળી જવાની. સવાલ એટલો, કે આજના કપરા સંયોગ-પરિસ્થિતિમાં મન શી રીતે હળવું બને ?

એનો એક સચોટ ઉપાય આ છે કે જીવનમાં એક અનેરા પ્રકારનો આનંદ આનંદ ઊભો કરવો. એથી મન અને કાળ બંને ય હળવા બની જશે. આ અનેરો આનંદ કયો માનવાનો ?

આ અનેરો આનંદ આપણે વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, એમનું અનંતકલ્યાણકર ત્રિકાળાબાધ્ય શાસન, એમના પવિત્ર શાસ્ત્રોની ટંકશાળી વાણી, સિદ્ધગિરિ સમ્મેતશિખર વગેરે મહાન તીર્થો, ચતુર્વિધ સંઘ અને દયા-દાનાદિ, અહિંસા-સંયમાદિ, સમ્યગ્દર્શનાદિ તથા સદ્ અનુષ્ઠાનાદિ ધર્મ પામ્યાનો માનવાનો છે.

આ આનંદ પણ દિવસમાં એકાદ વાર માણ્યો એમ નહિ, પરંતુ દિવસમાં વારંવાર માણવાનો છે. હાલતાં ને ચાલતાં તેમ પ્રસંગ-પ્રસંગમાં મનને એમ થયા કરે કે ‘અહો ! કેવાં મારાં અહોભાગ્ય કે મને આ બધી ઉત્તમ પ્રાપ્તિ થઈ છે ! આ કેટકેટલી અતિ દુર્લભ અને મહાફલદાયી તારક વસ્તુઓ ! શું આ મારા જેવા રાંકને મળી ? આજની દુનિયાના ૩૦૦ ક્રોડમાંથી ૨૯૯ ક્રોડ માનવોને નહિ, અસંખ્ય દેવતાઓને નહિ, ખુદ મહાવીર ભગવાન વિચરવાના કાળમાં ય ક્રોડો માનવોને નહિ, અને મને આજે આ બધી ઉત્તમ સંપત્તિ મળી છે ? વાહ ! મારાં ભાગ્યની અવધિ નથી;...’ એવું વિચારી વિચારીને હૈયે વારંવાર આનંદ આનંદ



માણવાનો છે; મન ભારે થાય ત્યાં તો ઝટ આ આનંદ અનુભવવાનો, પ્રબળરૂપે, જગાવવાનો.

પ્ર.- શું એથી દુન્યવી દુઃખ ઓછાં થાય ?

ઉ.- દુઃખ ઓછાં-વધુનો સવાલ નથી, પણ મનને એ લાગવા ન લાગવાની વસ્તુ મહત્ત્વની છે. ત્યારે, આ એક સામાન્ય નિયમ છે કે જ્યારે કોઈ પ્રબળ આનંદનો અનુભવ થાય છે ત્યારે બીજા દુઃખનો અનુભવ મોળો પડી જાય છે. દા.ત. (૧) વિધવા બનેલ બાઈને પતિ મર્યાનું ભારે દુઃખ હોય, પરંતુ એના મનમાં જો એ આનંદ ઉભરાયો કે ‘હવે પોતે લાખો રૂપિયાની સ્વતંત્ર માલિક બની તો એ વખતે મનને પેલું દુઃખ નહિવત્ થઈ જાય છે. (૨) એમ, જુવાનજોધ વિનયી છોકરો મર્યાનું દુઃખ આવ્યું, પણ એ વખતે જો બીજા છોકરાને કરોડપતિ પિતાની વારસદાર કન્યા મળી ને એનો જો આનંદ ઊભરાયો, તો પેલું દુઃખ એ વખતે ભૂલાઈ જાય છે. (૩) એમ, આજના જાલિમ દુઃખો વચ્ચે પણ જો નવી સ્ત્રી ખૂબ વિનય-સેવાકારી મળ્યાનો આનંદ યા (૪) પહેલા ખોળાના સુંદર ગુલાબગોટા જેવો પુત્ર મળ્યાનો આનંદ; અથવા (૫) સારો ધંધો કે લાખોનું રોકાણ કરનાર ભાગીદાર મળ્યાનો જો આનંદ ઊભરાયો, તો એ વખતે બીજા દુઃખ વિસરાઈ જઈ મન હળવું બની જાય છે ! જીવન સુખદ આના પર જ છે.

બસ, આ રીતે આપણને જો અરિહંત પરમાત્મા, સદ્ગુરુઓ, શાસન, સંઘ તીર્થ, જિનવાણી અને દયાદાનાદિ તથા શ્રેષ્ઠ ક્રિયાદિ ઉત્કૃષ્ટ ધર્મ મળ્યાનો હૈયે જો વારંવાર આનંદ ઊભરાવતાં આવડે, તો આજના જાલિમ દુઃખો એની આગળ ફિક્કા પડી જઈ, વિસરાઈ જઈ, મન પરથી એનો ભાર ઓછો થઈ જવાનો, ઊતરી જવાનો, મન હળવું બની જીવન સુખશાંતિભર્યું બનવાનું.

વિલાયતમાં એક બાઈને એક માનસશાસ્ત્રી મળ્યો, પૂછે છે “તમે શી રીતે ખૂબ આનંદમાં રહો છો ?” પેલી બાઈ કહે, “જુઓ, હું દિવસમાં વારંવાર ઈશ્વરનો આભાર માનું છું. મને ગમતું જરા જરા બની આવે ત્યાં હું મનોમન પ્રભુને કહું છું,-‘પ્રભુ ! તારો આભાર માનું છું કે તારી દયાથી તારા પ્રભાવે આ મારે ગમતું બની આવ્યું,’ આ ઈશ્વરની દયાનો વારંવાર આભાર માનવાનો હવે એ પ્રભાવ પડે છે કે હવે મારી કલ્પનામાં ન હોય એવા સમયે ને એવી ગેબી રીતે મારું ધાર્યું બની આવે છે. પ્રભુનો અજબ ઉપકાર વરસતો હોય ત્યાં મારે દુઃખ શું ? આનંદ આનંદ માણું છું અને પ્રભુનો આભાર માન્યા કરું છું.’

સુખી આનંદી બનવાની આ જબરદસ્ત ચાવી છે, કે દેવ-ગુરુ-ધર્મ વગેરે મળ્યાનો વારંવાર ભારે આનંદ માનવો, એથી મન સદા હળવું બન્યું રહે છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

આપત્તિના દુઃખને પણ આ આનંદ નહિવત્ કરી દે છે. વિશેષમાં, ઘણાં ઘણાં આર્તધ્યાનથી બચી જવાય છે, અને એ પરમાત્મા આદિની ઉપાસના જીવનમાં મુખ્ય બને છે. તેમજ એ પણ એક મહાન લાભ છે કે દાનાદિ ધર્મસાધનાઓ અને દેવદર્શનાદિ ધર્મક્રિયાઓ વખતે ઉપરોક્ત મુજબ 'અહો ! મને ને આ સાધના મળી ? આવી અનુપમ ક્રિયા-સાધના વિશ્વમાં ક્યાં મળે ?...' એમ આનંદ આનંદ માનવાથી એ રસભરી ભાવસાધના-ભાવક્રિયા બને છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૦,અંક-૯,તા.૬-૧૧-૧૯૭૧

## ⑦ 'નમો મહાવીરાય' અને 'વીર ! વીર !' એટલે ?

(લેખાંક-૧)

ચંદનબાળાને ઈર્ષ્યાળુ મૂળા શેઠાણીએ, એનું માથું મુંડાવી, પગમાં બેડી ઘાલીને ભોંયરામાં પૂરી. પછી પોતે પિયેર વગેરેમાં ચાલી ગઈ. અહીં આશ્રય દાતા ધનાશેઠને ચંદનાને શોધતાં ત્રણ દિવસ લાગ્યા. અંતે ચંદનાનો પત્તો લાગતાં એને ભોંયરામાંથી કાઢવા ગયા. ત્યારે સવાલ આ છે કે ત્યાં ત્રણ દિવસ ભૂખી ને તરસી બેઠી ચંદનબાળાએ શું કર્યું ? જવાબ, પ્રભુના ગુણ ગાતી 'નમો મહાવીરાય' 'મહાવીર ! મારા વહાલા વીર !'ની આનંદથી રટણા કરતી રહી.

તો એ રટણાને અંતે ચંદનબાળાને મળ્યું શું ?

(૧) પોતાનાં આંગણે પ્રભુ શ્રી મહાવીરદેવનાં પાવનપગલાં; (૨) પ્રભુરૂપી પરમપાત્રમાં પ્રભુના લગભગ ૬ માસના સળંગ ઉપવાસનાં પારણે સ્વહસ્તે દાન; (૩) ત્યાં જ ૧૨ાા ક્રોડ સોનૈયાની દિવ્ય વૃષ્ટિ; (૪) 'ચંદના પ્રભુની પ્રથમ શિષ્યા થશે' એવી ઈન્દ્રની જાહેરાત... આવા લાભથી તો 'નમો મહાવીરાય'...ની રટણા એને હવે કેવી વિશેષ સતેજ અને વધુ સતત થઈ હશે ? તો એ પછીના લાભમાં,... (૫) પ્રભુએ સર્વજ્ઞ તીર્થંકર બની સંઘ સ્થાપતાં, સાધ્વી સંઘમાં ચંદનબાળાની પ્રથમ મુખ્ય શિષ્યા તરીકે દીક્ષા; (૬) તે પર પ્રભુના ૩૬૦૦૦ સાધ્વી પરિવારમાં વડેરાપણું; ત્યારે (૭) પ્રભુના શિષ્યોની પ્રતિબોધિત તો લાખો સાધ્વીઓ, એમાં ય વડેરાપણાનું પૂછવું જ શું ? (૮) વળી જગત પર અથાગ ધર્મદાન, (૯) અંતે કેવળજ્ઞાની થયેલ શિષ્યા મૃગાવતી સાધ્વીને ખમાવતાં પોતાને ય કેવળજ્ઞાન; અને (૧૦) આયુષ્ય પૂર્ણ થયે તે જ ભવે મોક્ષ !

હેં ? 'નમો મહાવીરાય' 'મહાવીર ! મહાવીર !'ની રટણાનાં આવાં ઊંચાં



અને આટલા બધાં ફળ ? હા, આટલાં જ નહિ, પણ એથી ય વધુ. જુઓ,

મગધસમ્રાટ શ્રેણિક મહારાજા, સુલસા શ્રાવિકા, રેવતી શ્રાવિકા, વગેરે વગેરે પણ 'નમો મહાવીરાય,' 'વીર ! વીર !' 'મહાવીર ! મહાવીર !' રટતા હતા, એમને ફળમાં સૌથી ઉત્કૃષ્ટ પુણ્ય તીર્થંકર-નામકર્મનું પુણ્ય અને તીર્થંકરને યોગ્ય બીજા યશનામકર્મ આદિ અનેકાનેક પુણ્યો ઉપાર્જિત થયા.

તો 'આટલી રટણાનાં આવાં ફળ ?' એમ ચમત્કાર લાગે છે ? ચમત્કાર નથી, 'નમો મહાવીરાય' આદિનો અર્થ સમજવાની જરૂર છે.

'નમો મહાવીરાય' એટલે શું ? 'હું મહાવીર પ્રભુને નમસ્કાર કરું છું' એ ? ના, એ તો સંસ્કૃત ભાષામાંથી ગુજરાતી ભાષામાં માત્ર અનુવાદ થયો, અર્થ નહિ 'અર્થ' એટલે પદાર્થ જેમ કે 'ગૃહ' એટલે 'ઘર' એમ નહિ કિન્તુ બારી-બારણાં-દિવાલોવાળું મકાન, એ પદાર્થ તો અહીં પણ ચાહ્ય સંસ્કૃતમાં બોલો, ગુજરાતીમાં બોલો, કે ઈંગ્લીશમાં 'I bow to (His Almighty) Mahavir' બોલો, પણ એનો પદાર્થ શો ? પ્રભુ જાણે સામે સમવસરણ પર બિરાજમાન છે, અને એમના ચરણે આપણું મસ્તક નમી રહ્યું છે, એ પદાર્થ ? ના, 'નમો મહાવીરાય'નો એટલો જ પદાર્થ નહિ. એમ 'વીર ! વીર ! મહાવીર ! મહાવીર !'નો અર્થ-પદાર્થ માત્ર 'મહાવીરદેવને સંબોધીને યાદ કરવા' એટલો જ નહિ; કેમ કે આવું તો ઘણાએ કર્યું ને આપણને પણ આવડે છે, છતાં ક્યાં છે એ ઊંચા ફળો ?

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૦,અંક-૧૧,તા.૨૦-૧૧-૧૯૭૧

## ⑧ (લેખાંક-૨)

ચંદનબાળા ત્રણ દિવસ ભોંયરામાં પૂરાઈ 'નમો મહાવીરાય' રટતી હતી, એના અંતેના મહાફળ જોતાં, એનો અર્થ-પદાર્થ શો ? એની વિચારણા ચાલે છે. ગયા લેખમાં જોયું તેમ માત્ર મહાવીરદેવનાં ચરણે મસ્તક ઝુકાવવું એટલો જ અર્થ નહિ, કિન્તુ દુષ્ટતા કરનાર મૂળા પર ઉપકારીની દૃષ્ટિ, અને મૂંડન વગેરે આપત્તિમાં સંપત્તિરૂપતાનો જ ખ્યાલ, તેમ કર્મતત્ત્વ પર શ્રદ્ધા, એ પણ એનો અર્થ. 'નમો મહાવીરાય' એટલે 'આ દૃષ્ટિ-ખ્યાલ-શ્રદ્ધા રાખનારી હું મારા રાગના એકમાત્ર પાત્ર મહાવીરને નમું છું.' હવે આગળ જોઈએ,-

પ્ર.- શું આ કવિકલ્પના નથી ? ચંદનબાળાને શું આવા ખ્યાલ હશે ?

ઉ.- જરૂર, જો એ એટલું જ માનતી હોત કે 'જેવાં મારાં કર્મ,' તો એમાં



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

દીનતા હોત, ને એથી ધનાશેઠ કાઢવા આવે ત્યાં ધનાશેઠના ભેગી એ ય રોવા માંડત. એવા રોતડવેડામાં એ ઈન્દ્રમુખે પ્રશંસા, ૧૨॥ ક્રોડ સોનૈયાનો ત્યાગ, પ્રભુની પ્રથમ શિષ્યાનું પદ, વગેરે શે પામી શકે ? માટે કહો, એણે જરૂર સાત્ત્વિકતા અને નિર્મળ સાધના દૃષ્ટિથી આપત્તિમાં બધું અનુકૂળ જોયેલું.

ત્યારે 'નમો મહાવીરાય'માં એ પણ પદાર્થ હતો કે એણે પિતાનો, પિતાના રાજ્યનો, અને માતાનો નાશ યાદ કરવાનું કે એના પર રોવાનું કર્યું નહોતું. એ કરવામાં તો ગર્ભિત રીતે એ બધા પર રાગ રહે, અને તેથી ઈષ્ટદેવ મહાવીર પ્રભુ પર પૂર્ણ રાગ ન જામી શકે. પરંતુ અહીં રાગ તો એવો પૂર્ણ હતો કે પ્રભુ એના આંગણે પધારી વહોર્યા વિના એકવાર પાછા વળ્યા ત્યારે એને ધ્રુસકે રોવું આવ્યું. ધ્રુસકે નહિ પણ ખાલી રોવું હોત તો તો પ્રભુ પાછા પધારતાં એ હસતી થઈ જાત, અને તેથી પ્રભુ વહોરત નહિ; કેમ કે પ્રભુને નિયમ હતો કે 'રોતી વહોરાવે તો લેવું.'

પ્ર.- એ તો હર્ષના આંસુ આવ્યા હોય ને ?

ઉ.- (૧) આંસુ આવે એ રોતી ન ગણાય; અને કદાચ ગણીએ તો ય શું હર્ષ અત્યારે વધુ ? કે પ્રભુ પહેલપહેલા પધાર્યા ત્યારે વધુ હોય ? જે મધ્યાહ્ન પછીના સમયે સામાન્ય સાધુની આશા ન હોય, ત્યાં પોતે જેને ઈષ્ટદેવ તરીકે રટી રહી છે, એ ભગવાનનું જ આગમન થઈને ઊભું રહે, ત્યાં હર્ષ ઓછો ઊછળે ? માટે એ કશું નહિ, પણ કહો એનું રોવું એવા અતિશય આવેગવાળું હશે કે જેના, પ્રભુ પાછા પધાર્યા તે વખતે, ધ્રુસકા ચાલુ હોય; અત્યંત ગાઢ રોતા બાળકને લાલચ આપી એકદમ રોતો બંધ કરો તો એ ધ્રુસકા લે છે તેમ, આ ધ્રુસકા એ રુદન, તેથી પ્રભુએ વહોર્યું.

ત્યારે પિતા, રાજ્ય વગેરે નષ્ટ થતાં ન રોનારી, એ ભોંયરામાં પૂરાયે શું રુએ ? ત્યાં તો હસતી જ હતી, અને તે પણ આપત્તિઓને સંપત્તિ માનીને. 'નમો મહાવીરાય'માં આ હતું. ઉપરાંત પ્રભુ પર એટલી બધી મમતા અને રાગ હતા કે જ્યાં પ્રભુને દાન કરવા પર ૧૨॥ ક્રોડ સોનૈયાની દિવ્ય વૃષ્ટિ થઈ અને તે રાજા લેવા આવતાં ઈન્દ્રે આવી મના કરીને કહ્યું કે આ તો ચંદનાના છે, ત્યાં ઈન્દ્રનો સિક્કો લાગવા છતાં ચંદનાએ એ બધું અઢળક ધન ધનાશેઠને અર્પણ કરી દીધું. 'મહાવીર મારા,'માં મમત્વનો એ આવેગ હોય ત્યારે ૧૨॥ ક્રોડ સોનૈયા તુચ્છ લાગી 'એ મારા નહિ' એવો ભાવ આવે. 'નમો મહાવીરાય' એટલે 'મારા આટલા બધા મમત્વના પાત્ર મહાવીર પ્રભુને હું નમું છું;' નમસ્કારમાં પ્રભુ પ્રત્યે આ અતિશય મમત્વ સમાયેલું હતું. એના એવાં ઊંચા ફળ આવે એમાં નવાઈ નહિ.





## ⑨ જીવનથી કંટાળશો નહિ, મરણથી ડરશો નહિ

ટૂંકી બુદ્ધિના જીવો એવા દુઃખો એવી આપત્તિઓ આવે એટલે જીવનથી કંટાળી જાય છે, ને વિચારે છે કે 'આના કરતાં મરી ગયા સારા.' ત્યારે પાપભીરુ જીવો પણ પાપાચરણ વિશેષ થઈ જાય તો અજ્ઞાનતાના કારણે જીવનથી કંટાળી ચિંતવે છે કે 'આના કરતાં મરવું સારું.'

પાછી ખૂબી એ છે કે આવા જીવનથી કંટાળનારા જીવો સાંભળે કે પૂર્વ બંગાળમાં પાકીસ્તાનીઓએ યા પશ્ચિમ બંગાળમાં નકસલાઈટોએ આવી આવી રીતે માણસોને મારી નાખ્યા તો ત્યાં ગભરાય છે કે'હાય ! આવા મોત કેટલા ભયંકર !' મતલબ, એ મોતથી ડરે છે, ત્યારે જીવનના લોભવાળા પણ ડરપોક જીવો આવા મોત સાંભળી 'પોતાની જાતને એવું મોત આવે તો શું થાય ?' એમ ફફડાટ ગભરામણ અનુભવે છે.

જીવનનો કંટાળો અને મોતનો ડર, બંને લાગણીઓ અપ્રશસ્ત છે, ખરાબ છે, એ હટાવવા શું કરવું, એ જોઈએ.

(૧) આપત્તિઓ, દુઃખો અને અપમાનોના લીધે જીવનથી કંટાળનારાએ વિચારવું જોઈએ કે 'કંટાળ્યા પ્રમાણે કદાચ અહીં જીવન તરત પૂરું થયું, તો પણ આગળ જીવન કેવું મળશે એની શી ખબર ? શું ત્યાં દુઃખ-આપત્તિ-અપમાન નહિ આવે ? અરે ! અહીં કરતાં ભયંકર ન જ આવે એની શી ખાતરી ?

આ વિચાર વિવેક હોય તો મનને એમ થાય, કે 'પરલોક કરતાં અહીં સારું છે. પરલોકમાં નરક કે તિર્યંચ ગતિમાં પટકાઈ પડ્યા તો દુઃખ-ત્રાસ-અપમાનનો પાર નહિ રહે. ત્યારે આવા સુંદર મનુષ્યભવથી કંટાળી આર્તધ્યાન કરનારાને ફરીથી મનુષ્યભવ કે દેવભવ મળવો તો ક્યાં રેઢો પડ્યો છે કે મળે ? મળે નરક-તિર્યંચનો; અને એની અપેક્ષાએ અહીંનાં દુઃખ કોઈ એવા મોટા નથી તો શા સારુ જીવનથી કંટાળવું ?'

(૨) બીજો એ પણ વિચાર આવે કે 'દુઃખ-આપત્તિ તો (i) એટલાં પૂર્વનાં પાપ ઓછાં કરી આપે છે, અને (ii) એને પરિસહ તરીકે શાંતિથી વધાવી લેવામાં સંવરસાધના છે, અને (iii) એ કષ્ટ સ્વેચ્છાથી સહી લેવામાં નિર્જરાસાધના થાય છે. એથી નવાં કર્મબંધની અટકાયત, તથા જૂના કર્મોના ક્ષયનો લાભ મળે છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

પછી જીવનથી કંટાળું શા માટે ? બીજા જીવનમાં કોને ખબર કષ્ટ વખતે આ શુભ ભાવો આવે કે કેમ ? માટે કષ્ટ-આપત્તિ તો અહીં આવે એ સારા.'

(૩) તેમ એ પણ વિચાર આવે કે 'ભલે દુઃખ આપત્તિ લાખ આવી, તો પણ મારે દેવાધિદેવ અરિહંત પ્રભુનું સ્મરણ-દર્શન-વંદન-પૂજન-ગુણગાન-આજ્ઞાપાલન, નવકાર સ્મરણ તથા સંયોગાનુસાર જીવદયા આદિ સાધવાનું સલામત છે, જે અહીંથી પછીના જીવનમાં મળે કે કેમ એની શી ખબર ? તો આ આવા અનુપમ લાભપ્રદ જીવનથી કંટાળું શા સારું ?' મહાપક્ષાઘાત જેવા દરદ કે સાવ નિર્બળ મગજમાં પણ કમમાં કમ સમવસરણસ્થ કે કોઈ મંદિરસ્થ અરિહંતનું ધ્યાન રહી શકે, તેમજ પાપોના ત્યાગની પ્રતિજ્ઞા થઈ શકે; અને આ લાભ પણ અદ્ભુત છે. પરંતુ એ જીવનનો જો અંત આણ્યો તો પછી ક્યાં મળે ?

(૪) ત્યારે એક મહત્ત્વનો વિચાર એ છે કે 'દુઃખ-આપત્તિ પૂર્વના દુષ્કૃત્યનું અને ભગવાનને ઓછા ભજ્યાનું સૂચવે છે. તો અહીં એ પાપોનાં પ્રાયશ્ચિત્તરૂપે તેમજ ભગવદ્ભક્તિની પૂર્તિરૂપે યથાશક્તિ ધર્મ સાધવા માટે આ જીવન તો મહાન તકરૂપ છે. એનાથી કંટાળવાનું હોય ? કે ઊલટું જીવન ચાલે ત્યાં સુધી વિચાર-વાણી-વર્તાવથી ધર્મ સાધ્યે જવાનો હોય ?'

આ તો દુઃખ-આપત્તિથી કંટાળનારની વાત થઈ. હવે જે જીવનમાં એવાં કોક પાપાચરણ થઈ જવાથી જીવન પર કંટાળે છે એણે પણ સમજવું જોઈએ કે 'જો પાપ ખરેખર ડંખે છે, તો મરી જવા માત્રથી પાપ નહિ અટકે; કેમ કે પાપ કરાવનારા કુસંસ્કાર ઊભા રહી પછીનાં જીવનમાં પાપ કરાવતા રહેશે એટલે ખરું કર્તવ્ય તો આ છે કે અહીં જીવન છે ત્યાં સુધી ભલે દુઃખ-આપત્તિમાં પણ વિચારથી વાણીથી અને શક્ય તન-ધનથી એક યા બીજા પ્રકારની ધર્મસાધના કરતા રહેવું, વધારતા રહેવું, તેમજ પાપનાં પ્રાયશ્ચિત્ત કરતા રહેવું.'

**ધ્યાનમાં રહે કે માનવ-જીવન પાપોના નાશ અને સુકૃતોની સાધના માટે એકમાત્ર શ્રેષ્ઠ જીવન છે.** જીવન દ્વારા આ કાર્ય સારી રીતે બજાવ્યા વિના એમજ મરી જવાથી જીવનનું મૃત્યુ થશે, પણ પાપોનું મૃત્યુ નહિ થાય; અને **પાપોને માર્યા વિના મરનારના પરલોકે બેહાલ છે;** જ્યારે, પાપોને મારીને મરનાર ન્યાલ થઈ જાય છે. માટે તો મહાપુરુષો જ્યાં સુધી દેહે કામ આપ્યું ત્યાં સુધી જીવતા રહી પાપક્ષય અને સુકૃતસાધનાઓ કર્યે ગયા. પણ એમણે વહેલાથી એકદમ અંતિમ અનશન ન કરી લીધું. નહિતર એ કરવું જો ડહાપણભર્યું હોત તો તો એ જંગેબહાદુર હતા. ચારિત્ર લઈને સીધું અંતિમ અનશન ઝુકાવી શકતે. પરંતુ એમાં તો જીવન



ચાલુ રાખીને જે વિવિધ સાધનાઓ દ્વારા પાપક્ષય અને સુકૃત કમાઈ કરી શકાય, એને પછી અવકાશ જ ક્યાં રહેત ?

સારાંશ જીવન હયાત છે ત્યાં સુધી જ પાપપશ્ચાત્તાપ-પ્રાયશ્ચિત્ત અને બહુવિધ સુકૃત-સાધનાઓને અવકાશ છે, એમ આ જીવનને બહુ કિંમતી સમજી એના પર ન કંટાળતાં, પાપાચરણની વૃત્તિ સામે ઝગડતા રહેવાનું, અને સાધનાઓ કર્યે જવાની.

મરણનો ડર કાઢી નાખવા એ વિચારવું કે 'મૃત્યુ એક વાર તો અવશ્યભાવી છે, પછી ડર શા માટે ? ડરથી કંઈ મૃત્યુ અટકે નહિ, (૨) મૃત્યુથી ડરવાને બદલે ચિત્તની અસમાધિથી ડરતા રહેવું 'રખેને અસમાધિ-આકૂળવ્યાકૂળતા થાય તો ? એથી તો ગતિ બગડી જાય.' તેથી 'મૃત્યુ ગમે ત્યારે ભલે આવો, મારી સમાધિ કાયમ રહો,' આ ભાવ કેળવવો. મૃત્યુથી બગડતું નથી, સમાધિમાં મૃત્યુ થાય તો ઉચ્ચ સદ્ગતિ અને શુભ પરંપરા મળે છે. તો એ લાવનાર મૃત્યુ ભલે આવો,' એમ કરી મૃત્યુ સામે નીડરતા રાખવી. (૩) મૃત્યુના ડરથી વારંવાર દુર્ધ્યાન થાય છે; અને જ્યારે ખરેખર મૃત્યુ આવે ત્યારે એ ડરના લીધે ચિત્તકલેશમાં હોય છે, ને એ વખતે અતિજરૂરી સમાધિ-ઉપશમ-ઉદાસીનભાવ ગુમાવે છે. માટે મૃત્યુ તરફ બેપરવાઈ કેળવવી, પણ ડરવું નહિ.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૦,અંક-૧૪,તા.૧૮-૧૨-૧૯૭૧

## (૧૦) પ્રભુપૂજા એક અલૌકિક સાધના : નવાંગી પૂજામાં લખલૂટ લાભ

વીતરાગ સર્વજ્ઞ શ્રી જિનેશ્વર ભગવાનની પોતાનાં દ્રવ્યનો ભોગ આપીને કરાતી પૂજા એ અલૌકિક સાધના છે, કેમ કે (૧) એથી વીતરાગ પ્રભુ પ્રત્યે મમતા વધવાથી વીતરાગની નિકટ થવાય છે. વીતરાગની નિકટ થતાં આપણો મોક્ષ નજીક થાય છે. વળી

(૨) એટલો સમય (i) સાંસારિક જીવઘાતક સમારંભ, (ii) ઇન્દ્રિયવિષય-વિલાસ, અને (iii) આહારાદિસંજ્ઞાથી બચી, પૂજામાં પ્રભુ સામે હોઈ પ્રભુમાં દિલને ઠારવાનું અને પવિત્ર ભાવનામાં વિહરવાનું થાય છે. તેમજ

(૩) સાધુ એ સુપાત્ર, પણ વીતરાગ પ્રભુ એ પરમપાત્ર હોઈ એમનાં ચરણે આપણાં દ્રવ્યનો શ્રેષ્ઠ વિનિયોગ થાય છે; તેથી પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતા કાંઈક અદા



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

થવા સાથે લક્ષ્મી અક્ષયલક્ષ્મી બને છે. શાસ્ત્ર કહે છે, 'પાણીનું નાનું બિંદુ અક્ષય થઈ શકે ? હા, સમુદ્રમાં ભેળવી દો તો એ અક્ષય બની જાય. એમ શ્રી જિનેશ્વરદેવનાં ચરણે અર્પેલી થોડી પણ લક્ષ્મી અક્ષય બને છે.'

જલ-ચંદન-કેશર-પુષ્પ-આંગી-આદિ અષ્ટપ્રકારી, સત્તરપ્રકારી, એકવીસ પ્રકારી... વગેરે પૂજામાં પ્રભુને નવ અંગે કરાતી તિલકપૂજામાં અદ્ભુત રહસ્ય રહેલાં છે. દરેક અંગની પૂજા વખતે જો તેનું તેનું રહસ્ય હૃદયમાં ભાવવામાં આવે તો સો રૂપિયાના જૂના ચિત્રનું પચાસમાં લિલામ થવાને બદલે રૂા. ૧૦૦૦-૫૦૦૦-૧૦૦૦૦ ઊપજવા જેવો લાભ થાય છે. એ દરેક અંગની પૂજાના હેતુ આ છે.

(૧) પહેલી પ્રભુના ચરણઅંગૂઠે પૂજા એટલા માટે કે એ વિનયની ઉત્તેજક છે, અને વિનય સર્વ ધર્મનું મૂળ છે. મૂળ પર જ ઝાડ ઊગે, ફળ આવે પાક નીપજે. યુગલિકોએ રાજા ઋષભદેવને દેવોથી શણગારાયેલા જોઈ રાજ્યાભિષેક માટે એ શોભા ન બગડે માટે માથે કે અંગે ન કરતાં વિનયથી ચરણ-અંગૂઠે અભિષેક કર્યો. અંગૂઠે તિલક કરતાં ભાવવાનું કે પ્રભુ ! આપના પસાયે મને ઠેઠ વીતરાગતા સુધી પહોંચાડનાર વિનય પ્રાપ્ત થાઓ.' પછી

(૨) પ્રભુના જાનુએ (ઢીંચણે) પૂજા એટલા માટે કે પ્રભુએ ચારિત્રધર્મની સાધના ખડા ખડા અપ્રમત્ત ભાવે રહીને કરી. અને એ તીર્થંકર બન્યા. માટે 'મને પણ આ પૂજાથી એવું બળ મળો,' એમ ભાવવાનું. ત્યારબાદ,

(૩) પ્રભુના કાંડા પર તિલક એટલા માટે કે ભવચક્રની ધરી અહંત્વ, અહંત્વ પર ભવચક્ર ચાલે છે. એ અહંત્વ ખભા ઉપર પ્રગટ થાય છે. પ્રભુએ ખભા પરથી અહંત્વ જ કાઢી નાખ્યું, ક્ષુદ્ર દુર્બળ માણસના પણ અપમાન તિરસ્કાર, પ્રભુએ પોતે અનંતબળી છતાં સહર્ષ વેઠી લીધા તો એ ભગવાન બન્યા. માટે 'મને પણ આ ખભે તિલકથી એવું અહંત્વ-અભિમાન નષ્ટ થાઓ, ને એવું નિરભિમાન મળો,' એમ ભાવવાનું.

(૫) પછી પ્રભુના મસ્તક પર તિલક એટલા માટે કે શરીરે મસ્તકની જેમ વિશ્વનાં મથાળે લોકાન્તે સિદ્ધશિલા મોક્ષ-સ્થાન છે; ત્યાં જઈ પ્રભુએ શાશ્વતવાસ કર્યો. તો 'મસ્તકે પૂજાથી મને પણ એ લોકાન્તે શાશ્વતવાસ મળો' એવી ભાવના કરવાની.

(૬) પ્રભુનાં લલાટ પર તિલક એટલા માટે કે, 'પ્રભુ ત્રિભુવનના તિલક કહેવાય છે, તો મારા પણ તિલક બનો. જગતની શોભા પ્રભુથી છે, એમ મારી



પણ શોભા ધન-માલ-હોશિયારીથી નહિ, પણ પ્રભુથી હો, પ્રભુની ઊંચી ભક્તિ અને આજ્ઞાના પાલનથી હો' એમ લલાટપૂજામાં ભાવવાનું.

(૭) પ્રભુના કંઠે તિલક એટલા માટે કે 'પ્રભુએ કેવળજ્ઞાન પામી કૃતકૃત્ય થયા પછી શાંતિ રાખી આરામ ન કર્યો. કિન્તુ દેશોદેશ વિચરીને રોજ ૬-૬ કલાક કંઠમાંથી વિશ્વ-તત્ત્વ અને મોક્ષમાર્ગની અમૃતવાણી વરસાવતા રહી અનંત ઉપકાર કર્યો. તો જ જગતને ચેતના આવી, પ્રકાશ મળ્યો. એવા કંઠને કોટિશઃ ધન્યવાદ. મને એ વાણી પૂર્ણ મળો. મને પણ એવા હિતોપદેશનો પરોપકાર પ્રાપ્ત થાઓ અને પાપોપદેશ મારા જીવનમાંથી ટળો;' એમ ભાવના કરવાની. પછી,

(૮) પ્રભુનાં હૃદય પર તિલક એટલા માટે કે એ હૃદયમાંથી ઉચ્ચ વૈરાગ્ય, ઉચ્ચક્ષમા-નિસ્પૃહતા... વગેરે ઉપશમભાવ યાને પ્રશાંત સુધારસનાં પૂર વહ્યાં, તેથી રાગ-દ્વેષ-કષાયોના દાવાનળ બુઝાઈ ગયા. તો 'મને પણ પ્રભુ ! આ ઉપશમ ભાવનો જ ખપ હો, ગરજ-પ્રયત્ન હો,' એમ ભાવવું. બાદ,

(૯) પ્રભુનાં નાભિસ્થાને તિલક એટલા માટે કે નાભિ શરીરના મધ્ય ભાગે છે, ને પ્રભુએ આત્માના મધ્યગત આઠ હંમેશના નિર્મળ રુચકપ્રદેશની જેમ, જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી રત્નત્રયીથી આત્માના સર્વ પ્રદેશને નિર્મળ કર્યા, કર્મરજ ખંખેરી નાખી. તેમ 'મારે પણ મારા મધ્યગત સહજ ઉજ્જવળ આઠ આત્મપ્રદેશની જેમ સર્વ આત્મપ્રદેશ રત્નત્રયીથી નિર્મળ-ઉજ્જવળ થાઓ.' એમ ભાવવાનું.

એમ નહિ ગભરાવું કે 'આટલી ભાવના સાથે નવાંગી તિલક કરીએ તો એમાં એકેક તિલક કરતાં કેટલો બધો સમય જાય ?' ના, પહેલાં આ ભાવનાઓ ડાયરીમાં યા કાર્ડ પર નોંધી લઈ એને વારંવાર વાંચી રટી લેવી. પછી પુનઃ પુનઃ યાદ કરવી. એમ મનમાં એ રીઢ થઈ જતાં, પછી તો કેમ ? તો કે સ્વીચ દાબતાં લાઈટ થાય એમ પ્રભુના તે તે અંગે આપણી આંગળીનો સ્પર્શ થતાં દિલમાં એ એ ભાવનાનો પ્રકાશ ઝગમગી ઊઠશે; એમાં કશીવાર નહિ, કશો પ્રયત્ન નહિ.

ભાવના ભવનાશિની. આવી અમૂલ્ય ભાવનાની અને એ સાથેની પૂજાની અહીં મળેલી અમૂલ્ય તક શા માટે ગુમાવવી ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

## (૧૧) મન નિર્મળ અને જાગતું રાખવા એક સૂત્ર

'મન સાધ્યું એણે સઘળું રે સાધ્યું, એહ વાત નહિ ખોટી,'-એમ આનંદઘનજી મહારાજે ગાયું. '**मन एव मनुष्याणां कारणं बन्ध-मोक्षयोः**' એમ ઈતર શાસ્ત્રો પણ કહે છે. 'મન લઈ જાવે મોક્ષમાં રે, મનહી ય નરક મોઝાર' એમ પંડિત રૂપવિજયજી મ. કહે છે. 'ઉપયોગે ધર્મ, પરિણામે બંધ.' અર્થાત્ (૧) સાધનામાં મનનો ઉપયોગ હોય તો ધર્મ; નહિતર ધર્મ નહિ; અને (૨) મનના જેવા શુભ કે અશુભ પરિણામ, તેવો શુભ કે અશુભ કર્મબંધ;-એમ જૈનધર્મ કહે છે.

સારાંશ, મન જો મલિન, તો કશું સારું સાધ્યું નહિ. છતી સાધના અશુભ કર્મબંધનું કારણ બની. આમ મેલું મન નરકાદિ દુર્ગતિમાં લઈ જનારું, ધર્મસાધના છતાં ધર્મથી વંચિત રાખનારું, અને અશુભ કર્મના થોક બંધાવનારું બને છે.

ત્યારે, મન જો નિર્મળ હોય, તો બધું સારું સિદ્ધ થાય. મન કર્મક્ષય યાવત્ મોક્ષનું કારણ બને છે, મુક્તિ ન મળે ત્યાં સુધી માટે પણ પુણ્યાનુબંધીના થોકની સગવડ કરે છે, આંતર ધર્મ ઊભો કરે છે.

માટે, મન નિર્મળ અને જાગતું રાખવાની અત્યંત આવશ્યકતા છે; નહિતર (૧) ધાર્મિક સાધનાઓ જેવી કે જિનભક્તિ સાધુસેવા- ધર્માનુષ્ઠાનો તથા દાન-પરોપકારાદિ મલિન મનના લીધે નિષ્ફળ જાય છે; તેમજ (૨) દુન્યવી પ્રવૃત્તિ અને પ્રસંગોમાં મેલા મનથી ભારે કર્મબંધનોથી બંધાવાનું થાય છે; (૩) પુણ્ય વેચી સુખ-સગવડની સાથે મલિન મન દ્વારા ભરચક પાપકર્મ ખરીદ કરવાનું બને છે; વળી (૪) મેલા મનથી પાપના અનુબંધો-કુસંસ્કારો અને એથી દુર્ગતિના ભવોની પરંપરા ખડી થાય છે; (૫) અતિ દુર્લભ અને મહાકિંમતી માનવભવ અને જિનશાસનની પ્રાપ્તિ એળે જાય છે.

અહીં સારો ભવ, સારું કૂળ, જૈનધર્મ, વગેરે મળી ગયા, તે શું પૂર્વ ધર્મસાધના નહિ કરી હોય ? કરી હશે; તો પછી અહીં રાગ-દ્વેષ પ્રમાદ-મદ-ભોગતૃષ્ણા ધનાકર્ષણ વગેરે કેમ નડી રહ્યા છે ? કહો, પૂર્વે બાહ્યથી સાધના તો કરી, પરંતુ બીજી બાજુ મન મલિન રાખ્યું, તેથી પાપાનુબંધ-પાપસંસ્કાર ઊભા થયા, વધ્યા. એ જ આ રાગાદિ દોષો જનમાવે છે; અને અહીં પણ જો મનનો સુધારો નહિ થાય તો સમજી રાખવાનું કે આગળ ભવપરંપરા અને બુદ્ધિપરંપરા બગડવાની માટે મનને નિર્મળ કરવાની ખાસ જરૂર છે.



મનની નિર્મળતા એટલે મળનો અભાવ. મળ કયા ? રાગ દ્વેષ, કામ-ક્રોધાદિ કષાયો, આહારસંજ્ઞા, રૂપરસાદિ, વિષયોનાં આકર્ષણ-આસક્તિ, ભોગતૃષ્ણા, ધનપિપાસા, મોહમૂઢતા, ઈર્ષ્યા, અસૂયા, પરદોષદૃષ્ટિ, સંસારરસ પૌદ્‌ગલિક આશંસા. અમૈત્રી-વેરઝેર સ્વોત્કર્ષ-પરાપકર્ષ, નિર્દયતા-નિષ્ઠુરતા, રસ-ઋદ્ધિ-શાતાની સુખશીલતા, અવિરતિ, આળસ-પ્રમાદ, મિથ્યાત્વ, હિંસા-જૂઠ આદિના વિચાર, આર્ત-રૌદ્રધ્યાન, પાપભાવનાઓ, દેહ-દ્રવ્ય-કુટુંબમાં સર્વસ્વ બુદ્ધિ... વગેરે વગેરે મનના મેલ છે, મળ છે. એની સામે વૈરાગ્ય ઉપશમ, બ્રહ્મચર્યવૃત્તિ, ક્ષમા, સમતાદિ ભાવો, દાન-શીલ-તપની સંજ્ઞા, વિષયઘૃણા, ભોગમાં વ્યાકૂળતા, ધન-અર્થમાં અનર્થદર્શન, જ્ઞાનદૃષ્ટિ, તત્ત્વાનુસારિતા, મૈત્રી-કરુણા-પ્રમોદભાવ, પરદોષ-ઉપેક્ષા, મોક્ષરસ, સ્વાપકર્ષ-પરોત્કર્ષ, કષ્ટસહનવૃત્તિ, નિર્મમ-નિરહંકાર વૃત્તિ, સમ્યગ્દર્શન, વિરતિ, અહિંસા-સત્યાદિના વિચાર, ધર્મધ્યાન, શુભભાવનાઓ, જિન-જૈનસિદ્ધાન્ત-જૈનસંઘમાં સર્વસ્વ બુદ્ધિ;... વગેરે મનની નિર્મળતા છે. મનના મળથી બચી નિર્મળતા કેમ રાખવી એના અનેક ઉપાય છે. એમાં અહીં એક ઉપાયભૂત સૂત્રનો વિચાર પ્રસ્તુત છે.

મનને નિર્મળ રાખવા વારંવાર વિચારવાનું એક સૂત્ર આ,- **'મારા આત્મલાભમાં શું ઊતરે !'**

આ સૂત્ર ધર્મસાધના વખતે શું, કે સાંસારિક જીવનમાં શું, બધે યાદ કરવાનું, અને પ્રસંગોચિત ઉપરોક્ત મળ-મેલ-દોષોથી બચી એના પ્રતિપક્ષી નિર્મળ ભાવો સદ્‌ગુણોનો ખપ કરવાનો.

દા.ત. દેવદર્શન કરવા જઈએ ત્યારે મનમાં 'અહો ? વીતરાગ દેવાધિદેવ પ્રભુનાં દર્શન કરી પાવન થાઉં, મનને નિર્મળ સ્વચ્છ કરું.' આ ભાવના સાથે જવાનું. હવે વચમાં કાંક જોવાનું આવ્યું કે કોઈ વાતો કરાવનાર મળ્યા, ત્યાં તરત આ સૂત્ર લગાડવાનું 'અહીં મારા આત્મલાભમાં શું ઊતરે ?' એથી દેખાશે કે 'આમાં તો પેલી દર્શન-ભાવના ભૂલાશે. માટે આ જોવાનું કે વાતો કરવાનું પડતું મૂકી ચાલ સીધો મંદિરે.' એમ દર્શન કરતી વખતે બીજા ત્રીજા વિચાર આવવા જાય તો એ આ સૂત્રથી અટકશે; એમ, દર્શનની આડે કોઈ આવ્યો ત્યાં ઉકળાટ ગુસ્સો થવા જાય, પણ 'મારા આત્મલાભમાં શું ઊતરે ?' એમ ઝટ આ સૂત્ર યાદ કરવાથી દેખાશે કે 'આમાં તો દર્શનમાં કમાવાને બદલે ગુમાવવાનું ને આત્મામાં મેલ વધારવાનું થાય, માટે મૂક પડતો આ ઉકળાટ, ગુસ્સો સામાના પ્રભુ-દર્શન-પૂજનની અનુમોદના કર. એ પણ આત્મલાભમાં છે.'

એમ પૂજા-દાન-તપ વગેરેમાં માનપાન-નામના વગેરેની આશંસા થવા જાય,



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

ત્યાં ઝટ આ સૂત્રનું સ્મરણ કરતાં મનને થશે કે 'અરે ! આ આશંસા તો મારા નુકસાનમાં ઊતરે ! માટે આત્મ-લાભ તરીકે કર્મક્ષય અને પુણ્યાનુબંધી પુણ્યની આકાંક્ષા તથા ઉપકારી દેવ-ગુરુની કૃતજ્ઞતા વગેરેના ભાવ રાખવા દે.' એમ ક્યાંક ગુસ્સો કે મદ ત્યાં 'મારા આત્મલાભમાં શું ?' આ સૂત્રથી ક્ષમા-નમ્રતા વગેરે અપનાવાય.

સાંસારિક જીવનમાં પણ દા.ત. કોઈ લડવા આવ્યો ત્યાં ઉપશમભાવ-પરકરુણા-ભવભય વગેરેને આત્મ-લાભમાં ઉતારાય. સારાં ખાનપાન-સમૃદ્ધિ વગેરે મળવા પર આસક્તિ-લંપટતા આદિ થવા જાય, ત્યાં આ સૂત્ર 'મારા આત્મ-લાભમાં શું ઊતરે' યાદ કરતાં જ એ દોષોને રોકી વૈરાગ્ય અનિત્ય ભાવના, આશ્રવ ભાવના, વૈરાગ્ય, સાચી આત્મસંપત્તિનો વિચાર વગેરે જાગશે. એમ દુઃખ આવતાં આ સૂત્ર યાદ કર્યે તત્ત્વદૃષ્ટિ કષ્ટસહનવૃત્તિ, વગેરે સદ્‌ગુણ ઊભા થશે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૦,અંક-૧૬,તા.૧-૧-૧૯૭૨

## (૧૨) બાધા(નિયમ) એ બંધન કે મુક્તિ ?

'अज्ञानं खलु कष्टं हिंसादिभ्योऽपि सर्वपापेभ्यः' અર્થાત્ હિંસાદિ સર્વ પાપો કરતાં અજ્ઞાન ખરેખર વધારે દુઃખદ છે, કારણ કે એ મતિમોહ-મિથ્યાદર્શનાદિ અજ્ઞાનદશા હિંસાદિ સર્વ પાપોને ટકાવી રાખનાર છે. સમ્યગ્જ્ઞાનદશા આવે તો તો 'હિંસાદિ પાપો કરવા જેવા નહિ,' એવું સમજાઈ જાય, પછી એને છોડવાનું શક્ય બની જાય. પણ મૂળમાં જો અજ્ઞાનદશાથી એ અકર્તવ્ય તરીકે સમજાય જ નહિ, તો પછી છોડવાની વાતે ય શી ?

અજ્ઞાનદશા તો ઊલટું સમજાવે છે કે 'ગૃહસ્થાશ્રમ તો કર્તવ્ય છે, એ છોડવો એમાં કાયરતા છે.' આવું સમજે પછી એમાં હિંસાદિને પાપરૂપ સમજવાનું ક્યાં રહ્યું ? એમ 'જીવો જીવસ્ય જીવનમ્' એનો અજ્ઞાનદશાથી એવો અર્થ કરે કે 'એક જીવ બીજા જીવને માટે ભક્ષ્ય છે,' ત્યાં પણ જીવ-હિંસા કર્તવ્ય માની, એ શે છૂટે ? અજ્ઞાનતા સમજાવે છે કે 'કુદતરનો ક્રમ છે કે મોટો જીવ નાના પર નભે. જીવન લઈને બેઠા એટલે આરંભસમારંભ-ધનસંગ્રહ વગેરે તો કરાય જ. એમાં પાપ શાનું ? સરકાર ટેક્ષોથી લૂંટવા બેઠી એટલે શું લૂંટાવું ? એમ કાંઈ સાચા ન થવાય. એ તો જૂઠાની માને જૂઠો પરણે જેવું કરીએ તો જ જીવી શકાય;'-આવું આવું અજ્ઞાન-મિથ્યાજ્ઞાન પ્રવર્તતું હોય ત્યાં હિંસા-અસત્યાદિ પાપની અફસોસી જ



નહિ, પછી એ છૂટે જ શાના ? એના તો એવા ઘેરા સંસ્કાર જામે કે જે ભવોના ભવો ચાલી પાપમય જ જીવન બનાવે.

આવી એક અજ્ઞાનદશા મનાવે છે કે હિંસાદિ વિના તો જીવી જ ન શકાય. હિંસાદિ ન કરવાની બાધા-નિયમ-પ્રતિજ્ઞા કરીએ તો તો બંધનમાં આવી પડીએ, અને એથી અવસરે અવસરે 'હિંસાદિ' કરવાની છૂટ ન રહેવાથી કામ જ અટકી પડે, ને સુખ-સગવડ ગુમાવવાનું થાય. છૂટા હોઈએ તો તો પ્રસંગે એ કરી શકાય; ને એથી સુખ-સગવડ થાય. બાધા તો બંધન છે, ને એથી મન ભારે રહે છે, બાધા ન હોય તો મન ફોરું રહે.'... અજ્ઞાનદશા આવું આવું મનાવે છે.

ત્યારે સવાલ થાય છે કે 'બાધા-નિયમ-અભિગ્રહ યાને વિરતિ એ બંધન છે કે મુક્તિ ? બાધા કરી વ્રત લીધું, વિરતિમાં આવ્યા, એ બંધાયા કે છૂટ્યા ? બાધા નથી, વિરતિ નથી, અવિરતિ છે, તો એમાં છૂટા સ્વતંત્ર છીએ ? કે બંધાયેલા છીએ ?'

આમાં શું માનીએ છીએ એના પર આપણે અજ્ઞાન-મૂઢ-ભ્રાન્ત છીએ કે સજ્ઞાન-સમજદાર-બુદ્ધિશાળી ? એનું માપ નીકળે છે. અજ્ઞાન મૂઢ દશા મનાવે છે કે 'બાધા અર્થાત્ વિરતિ એટલે બંધન; અવિરતિ (બાધા જ નહિ) એ સ્વતંત્રતા મુક્તિ' પરંતુ જો ખરેખર આવું હોય તો તો મોક્ષને મહાબંધન કહેવું પડે, કેમ કે એમાં હિંસાદિ કરવાની કશી છૂટ જ નહિ. 'ઉપવાસ કરી બેઠા એટલે કશું ખવાય જ નહિ એવા બંધનમાં આવ્યા;'-એવું માનવા જતાં મોક્ષને તો મહાબંધન રૂપ માનવો પડે કેમ કે એમાં તો ક્યારે ય કશું ખાવાનું નહિ, પીવાનું નહિ; કશી હરવા ફરવા વગેરેની લહેર જ નહિ; એટલે તો મહાબંધન-મહાજકડામણમાં આવ્યા, એવું માનવાનું થાય. પણ આ માનવું એ અજ્ઞાનદશા છે.

તો શું મોક્ષ એ ખરેખર બંધન છે ? કે મુક્તિ છે ? અજ્ઞાનદશા ન હોય, સમજદારિતા હોય, તો તો સમજાય કે મોક્ષ એ બંધનરૂપ નથી, પરંતુ મુક્તિ છે, સ્વતંત્રતા છે; કેમ કે ત્યાં જીવને શરીર-ઈન્દ્રિયોનું જ કશું બંધન નથી એટલે એવી બંધનની ખાતર હિંસાદિ, ક્રોધાદિ, કે સારાં રૂપ-રસ આદિ કશાની ગુલામી જ કરવી પડતી નથી. સંસારમાં શરીરધારી અવસ્થામાં એ શરીરને ચલાવનાર સંભાળનાર જે આત્મા હતો એને એ બંધનરૂપ શરીર અને ઈન્દ્રિયોની તુષ્ટિપુષ્ટિ ખાતર હિંસા-આરંભ-સમારંભ, જૂઠ-અનીતિ, ધનસંગ્રહ વગેરે પાપો કરવા પડતા, ક્રોધ-અભિમાન-સ્વમાન વગેરે કષાયો કરવા પડતા; સારાં રૂપ-રસ-સ્પર્શ વગેરેનાં આકર્ષણ રહેતાં, અને એ આકર્ષણના લીધે દોડધામ-વેઠ-ગુલામી કરવી પડતી, હવે મોક્ષમાં શરીર



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

જ નહિ, ને ઇન્દ્રિયો જ નહિ, પછી શું કામ એ પાપો કષાયો કે વિષયગુલામી કરવાની હોય ?

પાપો, કષાયો અને રૂપ-રસાદિ વિષયો તો જીવને મનમાન્યા નચાવે છે. મદારી માકડાને મનમાન્યો નચાવે, 'ઊઠ, બેસ, દોડ, લાંબો પડ...' વગેરે પોતાના હુકમનું વાંદરા પાસે પાલન કરાવે, તો શું ત્યાં વાંદરો સ્વતંત્ર છે કે બંધનમાં છે ? શેઠ ખરીદેલા ગુલામને મનમાન્યો નચાવે ત્યાં એ ગુલામ સ્વતંત્ર છે કે બંધનમાં ! બંને ય બંધનમાં છે એમ જ કહેવું પડે. એવી રીતે જીવને 'અવિરતિ' યાને હિંસાદિપાપો અને રૂપરસાદિની છૂટ મનમાન્યો નચાવે છે; કેટલાં પાપ કરાય, કેટલા વિષય મેળવાય-ભોગવાય કેવી રીતે મેળવાય એનું કશું માપ જ નહિ. ગુલામને ગુલામીનું માપ શું ? માટે એ માપ વિનાના પાપો-કષાયો-વિષયોની છૂટ અવિરતિ, એ ગુલામી છે, બંધન છે.

ત્યારે, બાધા-નિયમ-વિરતિવાળાએ માપ કરીને એટલી એટલી છૂટ-ગુલામી સેવવાનું ફગાવી દીધું, માટે એ બંધન નહિ પણ મુક્તિ છે. દા.ત. પરિગ્રહની બાધા કરી કે, 'એક લાખ રૂપિયાથી વધુ નહિ રાખવા,' એને પછી લાખથી વધુ ગમે તેટલા સામે આવે, પરંતુ એની મમતાની ગુલામી એ નહિ કરે; એટલી મુક્તિ થઈ. તેથી કદાચ જો મળી ગયા તો હોંશથી ધર્મ-પરોપકાર ખાતે તરત ખરચી નાખશે. ત્યારે, આ નિયમ નહિ એવો અવિરતિવાળો તો એ લક્ષ્મીના એવા બંધન-ગુલામીમાં પડ્યો કે એને 'હાય બાપ ! આ કેમ ખરચાય ?' એમ થશે. એમ દા.ત. મિઠાઈ ત્યાગના નિયમવાળાને સામે ગમે તેટલી મિઠાઈ આવી પણ એ વિહ્વળ-તલપાપડ નહિ થાય, મિઠાઈ પ્રત્યે ગુલામી માનસ નહિ ભોગવે; એ એટલી એની મુક્તિ છે, સ્વતંત્રતા છે. મોક્ષમાં વળી શરીર-ઇન્દ્રિયો જ નહિ એટલે કશી ખણજ નહિ. કશું પાપો-વિષયોની ગુલામીમાં નાચવાનું નહિ માટે એ મુક્તિ સાચી છે, સાચી સ્વતંત્રતા છે.

બસ હિંસાદિ પાપો અને રૂપરસાદિ વિષય રાંકડા જીવને મન માન્યો નચાવે છે. એની છૂટ અવિરતિ એ જીવની ગુલામી અવસ્થા છે, બંધનદશા છે. આ ન સમજાય એ અજ્ઞાનતા-મૂઢતા-બુદ્ધિહીનતા છે. ત્યારે સજ્ઞાન બુદ્ધિમાન દશા એ, કે અ-વિરતિમાં પાપો-વિષયોની છૂટમાં બંધન સમજે, અને એના ત્યાગની બાધામાં નિયમમાં એટલી મુક્તિ સમજે, સ્વતંત્રતા સમજે, એટલું મન ફોરું સમજે. મૂળમાં શરીર-ઇન્દ્રિયો એ જ બંધન; તેથી એની ખાતર કરવું પડે એ બધું ય બંધન; અને એ કરવા પર નિયમથી કાપ મૂકાય એ સ્વતંત્રતા, માટે પાપની વિષયોની છૂટ એ બંધન, અને બાધા એ મુક્તિ.





## (૧૩) સીતાએ રામનો ખેદ કેવી રીતે ટાળ્યો ? એમાંથી ત્રણ મહાન બોધપાઠ

સીતાજીને રામચંદ્રજીએ વનમાં ત્યજાવ્યા પછી એમને મૂકીને પાછા આવેલા સેનાપતિ દ્વારા રામને સીતાજીનો સંદેશો સાંભળવા મળ્યો કે, ''તમે મને લોકના મારે માટે હલકું બોલવાથી છોડી તો ભલે છોડી, તેથી કાંઈ તમને મારા કરતાં સવાયી પત્ની નહિ મળે એમ નહિ, તેમજ તમારો મોક્ષ અટકી જશે એવું પણ નથી. કિન્તુ હવે ક્યારેક કદાચ લોકો તમારા જૈનધર્મ માટે હલકું બોલે, તો એ પરથી તમે જૈનધર્મ છોડશો નહિ. નહિતર એથી સવાયો શું એની હરોળનો ધર્મ નહિ મળે, અને એવા વીતરાગ જિનના ધર્મ વીના તમારો મોક્ષ અચૂક અટકી જશે.''

રામે આ સંદેશો સાંભળી પોતે સીતાનો ત્યાગ કરાવ્યા પર અત્યંત ખેદ અનુભવ્યો, અને તાબડતોબ સીતાને પાછી લાવવા દોડ્યા. પરંતુ સીતાજીને તો પુણ્યયોગે રાજા વજ્રજંઘ ધર્મની બેન કરીને આશ્રય આપવા લઈ ગયેલ; તેથી સીતા મળ્યા નહિ, અને દિલમાં દીર્ઘ કાળનો ખેદ ઊભો રહી ગયો.

હવે સીતાના બે રત્નો લવણ-અંકુશે રામને લડાઈ આપી; એ બતાવવા કે 'સીતામાતાના રખેવાળ ઊભા છે, સીતાજીને હલકી ગણનાર કોણ છે ? આવી જાય સામે,' એમાં રામ જીતી શક્યા નહિ, પછી તો ઓળખ પડી, સીતા મળ્યાનો પારાવાર આનંદ થયો, સીતાજીએ અગ્નિનું દિવ્ય કર્યું, અગ્નિની ખાઈ પાણીનું સરોવર બની ગઈ; હવે રામચંદ્રજી સીતાને કહે છે, 'ક્ષમા કરજો, તમને મેં ભારે સંકટોમાં મૂક્યા એનો મને પારાવાર ખેદ થાય છે.'

ત્યાં સીતાજી એમના ખેદને દૂર કરવા જુઓ, શું કહે છે,- 'અરે ! તમારે ખેદ શાનો કરવાનો હોય ? જુઓ કોઈ તેવા મારા ભાગ્યે તો મને વનમાં મૂકી, પણ તમે હૃદયમાં હતા તો ત્યાં વનમાંથી મને આશ્રયદાતા મળી ગયો. વળી કોઈ તેવા ભાગ્યે તો મને અહીં અગ્નિમાં ઉતારી, પરંતુ તમે મારા હૃદયમાં રહેલા તે અગ્નિનું પાણી બની ગયું. તમારા સિવાય જો બીજાને મારા હૈયામાં ઘાલ્યો હોત તો આ બંને રક્ષણ બનવાના નહોતા; તેમજ દિલમાં રહ્યાથી બંને સંકટ પાર થયા. એમ મારે સંકટ પાર થયાનો યશ તમને છે, તો પછી તમારે ખેદ શાનો કરવાનો હોય ?'



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

સીતાજીનાં આ વચનથી રામનું દિલ હળવું થયું, આનંદ થયો. ત્યારે સીતાજીની આ વાત શી ખોટી છે ? એ સમજતા હતા કે 'જો મેં પતિ સિવાય બીજા કોઈને દિલમાં સ્થાપ્યો હોત, તો આ કશો બચાવ મળત નહિ, કે પ્રભાવ પડત નહિ. એ તો માત્ર પતિ રામ જ દિલમાં હતા તો આ બન્યું, માટે એમને જ યશ છે.' આ સમજ હોય પછી માત્ર રામનું સારું મનાવવા એ બન્યું બનાવ્યું કહે છે એવું નથી.

આ પરથી આપણે ઘણો સુંદર બોધપાઠ લેવા જેવો છે.

(૧) સીતાને રામે જંગલમાં મૂકાવી, ને પછી અગ્નિની ખાઈમાં ઉતારી, એ ભયંકર પ્રતિકૂલ કર્યું, છતાં સીતાએ એ રામે કર્યું ન જોયું, એ તો દૈવે-ભાગ્યે કર્યું, માન્યું, પણ એ માન્યું કે એમાંથી ઉગારવાનું રામે કર્યું, રામે હૈયામાં છતે એ બચાવ આપ્યાનું માન્યું, અને રામ પર ખેદ ન કર્યો એમ આપણને કોઈએ પ્રતિકૂળ અણગમતું કર્યા પર આપણે શું એ પ્રતિકૂળ તો આપણાં તેવા કોઈ ભાગ્યે કર્યાનું ન માની શકીએ ? અને એ વ્યક્તિએ તો આપણું એમાં કશુંક અનુકૂળ કર્યાનું પણ ન માની શકીએ ? શું વસ્તુને જોવાની એક જ દૃષ્ટિ છે કે 'સામાએ તો પ્રતિકૂળ જ કર્યું ?' ના,

**જોવાની આ પણ દૃષ્ટિ છે કે** (૧) સામાએ એ પ્રતિકૂળ કરવા દ્વારા મને એટલા અશુભ કર્મનો નિકાલ થવાની સગવડ કરી આપી; (૨) આવું કરીને સામાએ આપણને ક્ષમા, ધૈર્ય, સત્ત્વ કેળવવાની તક આપી; (૩) 'સુખે સોની, દુઃખે રામ' એ ન્યાયે સામાએ પ્રતિકૂળ કરી આપણને જાગતા કર્યા ને ભગવાન યાદ કરાવ્યા.

સુખમાં ને અનુકૂળ અનુકૂળમાં તો આપણે ઊંઘી જઈએ છીએ, ભગવાનને ભૂલી જઈએ છીએ, તે દુઃખ આવે ત્યારે ભગવાનને યાદ કરીએ છીએ. માટે દુઃખ અને દુઃખકર્તા તો આપણા માટે આશીર્વાદરૂપ બને છે. એટલે સીતાના પ્રસંગ પરથી આ એક બોધપાઠ મળે છે કે આપણે પ્રતિકૂળ કરનારને આપણું સારું કરનાર તરીકે દેખીએ, તેમ સામાને ઠપકો નહિ પણ આભાર આપીએ.

(૨) બીજો બોધપાઠ આ મળે છે કે જેમ સીતાને લાગ્યું કે 'રામ જ દિલમાં છતે સારું રક્ષણ મળ્યું તેથી રામનો ભારે ઉપકાર; એમ આપણને લાગવું જોઈએ કે 'અરિહંત ભગવાન આપણાં દિલમાં છતે આપણે ઘણો ઘણો બચાવ પામી રહ્યા છીએ, અકસ્માત રોગ વગેરેમાં ઝડપાઈ નથી જતા, અરિહંત પ્રભુ આપણા દિલમાં છતે આપણને શુભ ભાવ આવે છે અને શ્રેષ્ઠ કોટિના જૈન આચાર અનુષ્ઠાન સુકૃત સાધનાઓ આરાધવા મળે છે. એવા પ્રભુનો આપણા પર પરમ ઉપકાર છે. પ્રભુને



જતા કરીને આ લાભો પામવા એકલા આપણું શું ગજું ? પ્રભુ જ આ લાભો કરાવી શકે માટે એમના ઉપકારની અવધિ નથી; એકલે પંડે ગિરિરાજ પર ચડવા અસમર્થ દુબળો માણસ બીજાના હાથના ટેકે ચડી જાય તો ત્યાં ચડાવનાર પેલો ટેકો આપનાર જ ગણાય છે.

(૩) ત્રીજો બોધપાઠ એ મળે છે કે,-જેમ સીતાજીએ જીવનના કેટલાય પ્રસંગોમાં આમ એક યા બીજી રીતે વિચારીને પોતાના મનને સ્વચ્છ, સ્વસ્થ અને ફોરું રાખ્યું તથા અમૂલ્ય માનવજીવનને જ્ઞાનથી અજવાળી કેટલાય સદ્‌ગુણોનો અદ્‌ભુત અભ્યાસ કર્યે ગયા, તેમજ વૈરાગ્ય દૃઢ કર્યે ગયા, જેણે પક્વ થઈ જતાં સુખસાહ્યબી અને મહાસન્માન ભર્યું જીવન આવવાના અવસરે સંસારત્યાગ કરાવવા પૂર્વક ચારિત્ર દેખાડ્યું, એમ આપણે ય જીવનના વિવિધ પ્રસંગોમાં એક યા બીજી સુયોગ્ય રીતે વિચારી મનને સ્વચ્છ સ્વસ્થ અને ફોરું રાખી શકીએ, જીવનને જ્ઞાનથી અજવાળી શકીએ, સદ્‌ગુણોનો અભ્યાસ અને વૈરાગ્યની દૃઢતા કરવાનું કરી શકીએ.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૦,અંક-૧૮,તા.૧૫-૧-૧૯૭૨

## (૧૪) કોનાથી લાભ ? પાર્શ્વનાથ પ્રભુથી ? કે મહાવીર-સ્વામીથી ?

આજે કેટલુંક એવું દેખાય છે કે દર્શન યા પૂજા-ભક્તિ કરનાર એ શોધે છે કે અહીં પારસનાથ ભગવાન છે ? પછી એ પ્રભુ મળી જતાં એમનાં દર્શન-પૂજનમાં જે વિશેષ મન લગાડશે, પાર્શ્વપ્રભુની જે આંગી ખાસ રચશે, જે જાપ વિશેષ જપશે, એટલા ભાવ અને ભોગ આપવાનું બીજા ભગવાન પર નહિ, તે એમ માનીને કે 'બીજા ભગવાન પ્રભાવવંતા નહિ;' એવી સ્થિતિ કેટલાયમાં આજે દેખાય છે.

ત્યારે આ સવાલ થાય છે કે શું પાર્શ્વનાથ ભગવાનને ભજવામાં જ લાભ છે ? શું મહાવીર સ્વામીને કે બીજા ભગવાનને ભજવામાં નહિ ?

જો આ માન્યતા હોય તો એ એક ભ્રમણા છે. અરિહંત ભગવાન ગુણમાં અને પ્રભાવમાં બધા જ સરખા છે. માટે તો ગણધરદેવોએ વિશેષ નામ લીધા વિના સામાન્યથી અરિહંત ભગવાનની આ સ્તુતિ કરી કે 'અભયદયાણં



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

ચકખુદયાણં...ધમ્મદયાણં,...જાવયાણં...તારયાણં...બોહયાણં...મોયગાણં.' અર્થાત્ કોઈ પણ અરિહંત ભગવાન અભયદાતા છે, ચક્ષુદાતા છે, માર્ગદાતા ધર્મદાતા છે,... રાગ-દ્વેષ પર જય પમાડનાર છે, અજ્ઞાનાદિ-સંસારથી તારનાર છે, કૈવલ્ય-બોધ પમાડનાર છે, મોક્ષ કરાવનાર છે. ત્યારે, આટલી ઊંચી જેની તાકાત હોય, એ શું સદ્‌ગતિ ન પમાડી શકે ? શું એ ધર્મસાધનાને અનુકૂળ સામગ્રી ન પમાડી શકે ? જો આ કોઈ પણ અરિહંત ભગવાન પમાડવા સમર્થ છે, તો પછી પાર્શ્વનાથ ભગવાનનો પ્રભાવ માનવો અને બીજા પ્રભુનો નહિ, એવું માનવાનું અજ્ઞાન શા માટે ?

ખરી વાત એ છે કે સમસ્ત તીર્થંકર ભગવાન સમાન અનંત પ્રભાવશાલી છે. શ્રી પંચસૂત્ર શાસ્ત્ર કહે છે, કે 'अचिंतसत्ति जुत्ता हि ते भगवंतो वीयरागा सव्वण्णू... परमकल्लाण हेउ जीवाणं ।' તે વીતરાગ સર્વજ્ઞ ભગવંત અચિંત્ય પ્રભાવવાળા છે, જીવોને પરમ કલ્યાણનું કારણ છે. 'સંસારદાવા.' સ્તોત્રમાં કહ્યું છે 'संपूरिता भिनत लोक समीहितानि जिनराज पदानि' અર્થાત્ જિનેશ્વર ભગવાનોનાં ચરણોએ નમસ્કાર કરનાર લોકના વાંછિતને પૂરી દીધા છે. શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુ સ્વામી કહે છે,- 'अरिहंतनमुक्कारो... पढमं हवइ मंगलं' અરિહંત ભગવંતોને કરેલો નમસ્કાર... શ્રેષ્ઠ કોટિનું મંગળ યાને વિઘ્ન-અંતરાયોનો નાશ કરનારો છે. પૂર્વ મહર્ષિઓનાં આ બધાં પ્રમાણ કહી રહ્યા છે કે કોઈ પણ અરિહંત ભગવાન અનંત પ્રભાવવાળા છે.

આજે વિલાયત-અમેરિકા જેવામાં પણ કોઈ નામનિર્દેશ વિના ઈશ્વર સામાન્યનો અચિંત્ય પ્રભાવ માની, એ શ્રદ્ધા ઉપર પ્રાર્થના કરીને ઈષ્ટસિદ્ધિ મેળવે છે, મેળવ્યાના વર્તમાનમાં બનેલ અનેક દાખલાઓ પુસ્તકોમાં-સામયિકોમાં પ્રગટ થઈ ચૂક્યા છે.

એટલે, શ્રી 'પાર્શ્વનાથપ્રભુ વિશેષ પ્રભાવવંતા, અને શ્રી મહાવીર સ્વામી નહિ,' એ માનવું ભૂલભરેલું છે. ઊલટું મહાવીર સ્વામી પણ અનંત પ્રભાવવાળા તો છે જ ઉપરાંત આપણા નિકટના ઉપકારી પણ છે; કેમ કે એઓશ્રીએ સ્થાપેલું શાસન આપણને મળેલું છે, જેના આધારે આપણે આત્મહિત સાધી શકીએ છીએ. તેથી નિકટના ઉપકારી તરીકે તો એમની વિશેષ પૂજા ભક્તિ કરવી જોઈએ. નળ-દમયંતી શ્રી શાંતિનાથ પ્રભુનાં શાસનમાં થયેલા, તેથી નળથી વિયોગ પામેલી દમયંતીએ ગુફામાં સાત વરસ શ્રી શાંતિનાથ ભગવાનની આરાધનામાં કાઢ્યા.

જેનાં શાસનના આધારે આપણે ધર્મ પામ્યા, અને ધર્મની આરાધના કરી



શકીએ છીએ, એમની તો ખાસ પૂજા-ભક્તિ કરવી જ જોઈએ ને ? નહિતર ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતા શી અદા કરી કહેવાય ?

શાસ્ત્રો વિશેષમાં આ કહે છે કે સ્થાનિક દેરાસરમાં જે ભગવાન છે એ આપણને રોજ દર્શન પૂજન દ્વારા સમાધિ આપવામાં વિશેષ કારણ છે, માટે બૃહદ્ દેવવંદનમાં પહેલી સ્તુતિ કાયોત્સર્ગ એમનો કરવામાં આવે છે, એટલા માટે જ જિનેન્દ્ર ભગવાનના બિંબને 'ચૈત્ય' કહેવાય છે. 'ચૈત્ય' એટલે ચિત્તસમાધિને હિતકારી, આમ સ્થાનિક ભગવાનનો પહેલો કાઉસ્સગ્ગ પણ સૂચવે છે કે માત્ર શ્રી પાર્શ્વનાથ ભગવાન નહિ, પણ કોઈ પણ ભગવાન અચિંત્ય અનંત પ્રભાવશાળી છે. એમાં સ્થાનિક ભગવાન એ વિશેષ ઉપકારક હોઈ એમની પહેલી સ્તુતિ અને એમનું ચૈત્યવંદન-સ્તવન કરાય છે.

શ્રદ્ધા સુધારવાની જરૂર છે. દરેકે દરેક તીર્થંકર ભગવાનને અનંત પ્રભાવશાળી માની એમની અથાગ શ્રદ્ધા બનાવવાની જરૂર છે, પછી ચાહ્ય એ સુવિધિનાથ ભગવાન હો; કુંથુનાથ ભગવાન હો, કે કોઈ પણ તીર્થંકર ભગવાન હો. ત્યારે સમ્યગ્દર્શન પણ માત્ર તીર્થંકર ભગવાનની શ્રદ્ધામાં નહિ. કિન્તુ ભગવાનના અચિંત્ય પ્રભાવની શ્રદ્ધામાં છે; એ પણ બરાબર યાદ રહે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૦,અંક-૧૯,તા.૨૨-૧-૧૯૭૨

## (૧૫) આસ્તિકતાનું માપ : તમારે આનંદમંગલ છે ?

(લેખાંક-૧)

આપણને કોઈ 'નાસ્તિક' કહે, તો એ સાંભળવું ગમતું નથી. સામાએ જાણે એ ગાળ દીધી એવું લાગે છે. ત્યારે ખરેખર તપાસવા જેવું છે કે આપણામાં શું નાસ્તિકતા નથી ? આસ્તિકતા જ છે ?

'આસ્તિકતા'-'નાસ્તિકતા' એ માન્યતાની વસ્તુ છે. માત્ર પ્રવૃત્તિની નહિ દા.ત. 'જૈનપણું' 'અજૈનપણું' એ માન્યતાની વસ્તુ છે, જિનને દેવાધિદેવ માને એ જૈન, ન માને તે 'અજૈન.' જો ખાલી બાહ્ય પ્રવૃત્તિથી જૈનપણું હોય તો તો બ્રાહ્મણ પૂજારી જિનની પૂજાની પ્રવૃત્તિ ખૂબ કરે છે, તો એ જૈન ગણાવો જોઈએ. પરંતુ ના, એ જિનને તરણતારણ દેવાધિદેવ તરીકે નથી માનતો, તેથી જ એ જૈન નથી કહેવાતો, આ સૂચવે છે કે જૈનપણું-અજૈનપણું એ માન્યતાની વસ્તુ છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

બસ, આ રીતે આસ્તિકતા-નાસ્તિકતા એ માન્યતાની વસ્તુ છે. 'પરલોકગામી આત્માને માને તે આસ્તિક અને ન માને તે નાસ્તિક.' એટલે જેમ પેલા પૂજારીને અંદરખાને જિનની માન્યતા નથી તેથી બાહ્ય જિનપૂજાની પ્રવૃત્તિમાત્રથી એ જૈન નથી કહેવાતો. એમ અંદરમાં આત્માની માન્યતા ન હોય તો બાહ્ય ધાર્મિક યા આત્મશબ્દની પ્રવૃત્તિમાત્રથી આસ્તિકતા કહેવાય નહિ. આસ્તિકતા માટે અંતરમાં આત્માની માન્યતા જોઈએ. ત્યારે હવે એ વિચારીએ કે 'આત્માની માન્યતા'નો અર્થ શો ?

'આત્માની માન્યતા' એટલે હૈયાને સચોટ લાગ્યું હોય કે 'હું દેહથી તદ્દન નિરાળો આત્મા છું, અનેક જનમ કરતો આવ્યો છું, અને અહીંથી પણ મારે નવા જનમમાં યાને પરલોકમાં જવાનું છે; પૂર્વ જન્મોનાં સુકૃત-દુષ્કૃતથી હું અહીં સુખી-દુઃખી છું અને અહીંના સારા નરસા વિચાર-વાણીવર્તાવનાં ફળ મારે આગળ ભોગવવાનાં છે.'

આવું જો હૈયાને સચોટ લાગ્યું હોય તો પછી અહીં માનો કે દુઃખ આવ્યું અને કોઈ આશ્વાસન આપે કે 'ભાઈ ! આકૂળવ્યાકૂળ શું કામ થાઓ ? આ તો આપણાં જ પૂર્વભવનાં નરસાં કર્મનું ફળ છે. આપણી પૂર્વની ભૂલનું ફળ અહીં આપણે શાંતિથી વેઠી લેવું જોઈએ,'. આવાં આશ્વાસનની સામે જો આપણે તડુકી ઊઠીએ કે 'પૂર્વનાં કરમ-બરમ શાનાં ? આ ફલાણાએ આવું કર્યું એટલે મારે દુઃખ આવ્યું;' તો આમાં આપણને દેહથી ભિન્ન આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ હૈયે સચોટ ભાસવાનું ક્યાં રહ્યું ?

જો એમ કહીએ કે 'દુઃખની અકળામણમાં માણસથી એમ બોલી જવાય છે, બાકી હૈયે તો આત્માનો ખ્યાલ બેઠો છે,' તો અહીં એ તપાસવું પડે કે 'તો શું સુખ-સગવડ વખતે હૈયામાં એમ લાગ્યા કરે છે કે આ મારી કોઈ હોશિયારીનું ફળ નથી પરંતુ મારાં પૂર્વભવનાં શુભ કર્મનું ફળ છે, અને એ કર્મ પૂર્ણ ભોગવાઈ ગયે પૂરું થઈ જવાનું છે, માટે ગુમાન કરવાની કે આ સુખના ભરોસે બેસી રહેવાની જરૂર નથી,' આવું શું હૈયે ભાસ્યા કરે છે ?

તપાસમાં જો એમ દેખાય કે 'સુખના કાળમાં આવું કાંઈ ભાસતું નથી,' અને દુઃખ વખતે વ્યાકૂળતામાં જો એ આત્મા અને પૂર્વ કર્મ ભાસતા નથી, તો પછી આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ ભાસવાની વાત ક્યાં રહી ?

વસ્તુસ્થિતિ આ છે કે સુખના કાળે આત્મા અને કર્મ પર દૃષ્ટિ જ નથી, તેથી દુઃખના કાળે આત્મા અને કર્મ યાદ જ નથી આવતા. એમ જીવનભર એના



પર દૃષ્ટિ ન હોય એને મરણ વખતે એ દૃષ્ટિ ક્યાંથી જાગે ? આસ્તિકતા અહીં પરખાય છે કે આત્મા પર દૃષ્ટિ કેવી કે કેટલી જાગતી રહે છે ? 'હું આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ માનું છું' એવું બોલવા પહેલાં એ તપાસવા જેવું છે કે 'જીવન જીવતાં મારી દૃષ્ટિ આત્મા પર જાગતી રહે છે ખરી ?'

જીવન જીવતાં આત્મા પર જો દૃષ્ટિ જ ન હોય તો આત્માની માન્યતા હોવાનું શાને કહેવાય ? માન્યતા છે તો દૃષ્ટિ આત્મા પર રહેવી જોઈએ. એ જો રહે તો એકલી દેહ પર દૃષ્ટિ રાખી બેસી ન રહેવાય; માત્ર દેહદૃષ્ટિના જ તાંડવ ન ચલાવાય. અભક્ષ્ય-ભક્ષણ, અનાચાર-સેવન, દેહની જાલિમ સુખશીલતા, એકલી 'હાય પૈસા !'ની રટણા, નરદમ સ્વાર્થનો જ વિચાર, ભારે વિષયાંધતા... વગેરે માત્ર દેહદૃષ્ટિનાં તાંડવ છે, જો ત્યાં હૈયે કોઈ બળાપો પણ નથી કે 'હાય ! આમાં મારા આત્માનું શું થશે ?'

**આસ્તિકતા માટે આત્મા પર મુખ્ય દૃષ્ટિ જોઈએ.** એ જો નથી, તો કોઈ પૂછે કે કેમ આનંદમંગળ છે ને ? તો ત્યાં દૃષ્ટિ પૈસા-કુટુંબ-શરીર પર જાય છે, અને એ બધું ઠીક ચાલતું દેખાય તો જવાબમાં કહેવાય છે કે 'હા આનંદમંગળ છે. તમારે પણ આનંદમંગળ ચાલે છે ને ?' આનંદમંગળનો અર્થ તન-ધન-કુટુંબની અનુકૂળતા સમજે છે.

જો આત્મા પર મુખ્ય દૃષ્ટિ હોય તો એ જોવાય કે 'પૈસા-ટકાને,' કુટુંબને, કે કાયાને અનુકૂળતારૂપ આનંદમંગળ હોય એમાં મારું શું વળ્યું ? મારા આત્માને આનંદમંગળ જોઈએ; અને એ તો જ કહેવાય કે જો આત્મા પુણ્યમૂડી ખાવા છતાં નવી ભરચક પુણ્યમૂડી ઊભી કરનારાં સુકૃતોને, શુભવિચારોને, શુભવાણીને અને શુભવર્તાવને સારી રીતે કરતો રહેતો હોય; ઉત્તમ મનુષ્યભવ ભોગવતાં અધમ ભવમાં લઈ જાય એવી પ્રવૃત્તિ નહિ, પણ ઊંચા દેવ-મનુષ્યની સદ્ગતિ અપાવે એવી મન-વચન-કાયાની પ્રવૃત્તિ કરતો રહેતો હોય; તેમજ ભવના ફેરાને વધારનારી નહિ, પણ કાપનારી આત્મ-હિતની પ્રવૃત્તિ પર મુખ્ય લક્ષ રાખતો હોય. સારાંશ મુખ્યદૃષ્ટિ આ લોક પર નહિ, પણ પરલોક પર મુખ્યદૃષ્ટિનું જીવન જીવાતું હોય તો એની સદ્ધરતામાં આનંદમંગળ જુએ, બાકી સદ્ધર પરલોકદૃષ્ટિ ન રહેવામાં તો મહાદુઃખ દેખાય, ચિંતા-ગ્લાનિ-નિરાશા રહેતી હોય. 'તમારે આનંદમંગળ છે ?' એ સવાલ આવે ત્યાં સીધી આત્મા પર દૃષ્ટિ જઈ એની પરલોક સુધારવાની ઠીક પ્રવૃત્તિ હોવા પર આનંદમંગળ અને ન હોવા પર દુઃખમાં ડૂબેલાપણું લાગે તો આસ્તિકતાનો વિશ્વાસ રાખી શકાય કે 'હું આસ્તિક તો છું જ.'



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

## (૧૬) (લેખાંક-૨)

‘તમારે આનંદમંગળ છે ?’ એ સવાલ આવે ત્યાં દૃષ્ટિ, ‘આત્મહિત સારું સધાય છે, ?’ એના પર જવી જોઈએ. એ વાત ગયા લેખમાં વિચારી. હવે આને જુદા જુદા દૃષ્ટાંતથી જોઈએ.

માનો કે પૈસા સારા કમાયા, કોઈ એ જોઈને કહે છે ‘ભાઈ ! તમારે તો આનંદમંગળ થઈ ગયા, પૈસા સારા કમાયા ! ત્યાં કહેવાય કે ‘શાનો આનંદ ને મંગળ ? એટલી પુણ્યની મૂડી કતરાઈ ગઈ. પછી પૂછે,- ‘તો પછી તમારા દિલને આનંદમંગળ નથી ?’ તો કહીએ,- ‘છે, પૈસા પ્રભુની ભક્તિમાં જાય છે, અને હવે વધુ જશે, એથી ભોગપૂર્વકની પ્રભુભક્તિનો સારો લાભ મળ્યે જાય છે, એનો આનંદમંગળ છે. એમ, પ્રભુની વાણી અર્થાત્ સમ્યગ્જ્ઞાન પાઠશાળાના છોકરાઓ સારું મેળવે એમાં પૈસાનો ઉપયોગ થાય છે એનો આનંદમંગળ છે એવી રીતે સાધુ મહાત્માઓનાં સન્માન કરવામાં બીજાઓને એમનાં આકર્ષણ કરાવવા તથા એમની ધર્મવાણી સંભળાવવા પ્રભાવના વહેંચવામાં, જૈનશાસનની પ્રભાવના કરવામાં, સાધર્મિક બંધુઓને પહેરામણી કરવામાં તથા એમને યાત્રા-તપઉત્સાહ જિનભક્તિવિકાસ-જિનવાણીશ્રવણ-વાંચન વગેરે કરાવવામાં પૈસા વપરાય છે એનો આનંદમંગળ છે. એમ અનુકંપાદાન પરોપકાર અને શાસન પ્રત્યે અન્યોનાં આકર્ષણમાં ધનવ્યય થાય છે એનો આનંદમંગળ છે...’ આવી દૃષ્ટિ બની હોય અને અવસરે એવો ઉત્તર દેવાતો હોય તો મનાય કે આત્મદૃષ્ટિ જાગતી છે. આત્મા હોવાની જ માન્યતા યાને આસ્તિકતા ઊભી છે; બાકી પૈસાની કમાઈ કે સંગ્રહ પર જ દૃષ્ટિ જતી હોય, એમાં જ હુંફ લાગતી હોય આત્મહિત નજરમાં જ ન આવતું હોય, તો ત્યાં શી આસ્તિકતા ?

એમ, માનો કે બિમાર હતા, એમાંથી ઊઠ્યા, શરીર સારું થઈ ગયું ત્યાં સવાલ આવે કે ‘કેમ આનંદમંગળ છે ને ?’ એ વખતે જો કહેવાય કે શાનો આનંદમંગળ ?’ ‘કેમ ? શરીર સારું થઈ ગયું ને ?’ ‘થઈ તો ગયું, પરંતુ એથી જો હવે ત્યાગ, તપસ્યા, સાધુસેવા, સંઘસેવા, વગેરે સારા આરાધાય તો આનંદમંગળ ને ? બાકી બિમારીમાં તો દુનિયાના આરંભસમારંભ-દોડધામ વગેરેમાં મંદી આવી હતી, તે હવે બિમારી જતાં તેજી આવશે, એમાં શાનો આનંદમંગળ ? મહાપુરુષોએ બિમારીમાં પણ, અને પ્રભુ શ્રી મહાવીરદેવ જેવાએ તો વળી ઘોર ઉપસર્ગ-પરીસહોમાં પણ ગજબ સંયમ અને ધ્યાનની આરાધના કરેલી, ને એ સહવાનું મળ્યામાં મહા



આનંદમંગળ માનેલા, એ દશાનો અંશ પણ મારામાં ક્યાં છે ? છતાં શરીર સારું થયે સુખાકારિતામાં ય જો ધર્મસાધના થાય તો જ આનંદમંગળ.’ આ દૃષ્ટિ હોય તો એ આત્મદૃષ્ટિ છે, આસ્તિકતા છે.

એમ, સત્તા ઠકુરાઈ કે હોદ્દો-મોટાઈ સારા મળ્યા હોય અને સવાલ આવે કે ‘કેમ આનંદમંગળ છે ને ? ત્યાં જો મનમાં થાય અને અવસર દેખી બહાર કહેવાય કે ‘આ સત્તા-મોટાઈમાં શાના આનંદ ને મંગળ ? આમાં તો માન કષાય અને માનાકાંક્ષામાં મરવાનું થાય છે. દેવાધિદેવ અને ગુરુને કે માતાપિતા યા સારા ધર્માત્માઓને સન્માન મળે એ ભૂલી જાતનાં સન્માનમાં સંતોષ-વડાઈ માનવાનું થાય છે; એમાં શો આનંદમંગળ ? હા, મળેલ સત્તા-મોટાઈનો ઉપયોગ આશ્રિતો વગેરેને આત્મહિતમાં જોડવામાં થાય છે, ધર્મનાં કામ ને સંઘ સેવાનાં કામમાં એનો ઉપયોગ થાય છે, એટલો આનંદમંગળ છે.’ આ દૃષ્ટિ એ આસ્તિકતા.

એમ પૈસા ન હોય, પણ ગરીબી હોય, અથવા પૈસાની ખોટ આવી હોય, યા શરીર બિમાર રહેતું હોય, કે સત્તા-મોટાઈને બદલે પરાધીનતા હોય, યા બીજાઓ તરફથી વિટંબણા મળતી હોય કે પત્ની પુત્ર વગેરે માંદા પડી ગયા અગર ગુજરી ગયા,... આવી આવી પ્રતિકૂળતા હોય છતાં મનને એમ રહ્યા કરે કે ‘મને વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા મળ્યા છે, ત્યાગી સદ્ગુરુ મળ્યા છે, પ્રભુનું શાસન અને નવકારમંત્ર, શત્રુંજયાદિ તીર્થો શાસ્ત્રો તથા જીવાજીવાદિ તત્ત્વ અને વ્રત-નિયમ-જિનભક્તિ આદિ આરાધના મળી છે, મારે શી કમીના છે ? એથી મારે આનંદમંગળ છે,-આવી લાગણી પ્રવર્તતી રહે, હુંફ અને આશ્વાસન પ્રવર્તતા હોય, તો માની શકીએ કે આપણી આત્મદૃષ્ટિ જાગતી છે, આસ્તિક હોવાની સાચી માન્યતા છે. બાકી પેલી ગરીબી વગેરેનાં એકલાં રોદણાં ને દીનતા જ હોય તો એમાં આત્મદૃષ્ટિ ક્યાં ?

આમ આસ્તિકતા માપવા આ એક તપાસયંત્ર છે કે આપણને આનંદમંગળ શામાં લાગે છે ? જેવું આ જાત માટે, એવું એ પણ જોવાનું કે બીજાઓને સારા પૈસા મળ્યા, સારું શરીર-રૂપ-આરોગ્ય મળ્યું, સારી સત્તા મોટાઈ કે પરિવાર મળ્યા, એના પર ઈર્ષ્યા નથી થતી ને ? તેમ એવી દીનતા પણ નથી થતી ને કે ‘વાહ ! આ કેવા ભાગ્યશાળી ! ત્યારે મારે પાપના ઉદય છે; આમને આનંદમંગળ છે, મારે દુઃખનો પાર નથી;’...આવું જો થતું હોય તો ત્યાં ઊભા રહેવું પડે, વિચારવું પડે કે આમાં આત્મા પર દૃષ્ટિ ક્યાં રહી ?

આસ્તિકતા આ માગે છે કે **જાતના અને બીજાના આનંદમંગળ આત્મહિતની જ વૃત્તિ અને પ્રવૃત્તિમાં જુઓ.**



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

## ⑰ શેખ મુજીબની ભાવના અને લેવાનો ધડો

પૂર્વ બંગાળદેશના નેતા શેખ મુજીબે, પાકિસ્તાન તરફથી પોતાની ઉપર ૯ મહિના કેદમાં રંજાડ તથા બંગાળી પર ઘોર સંહાર વરસેલા છતાં, કેદમાંથી છૂટ્યા પછી જાહેર કર્યું કે ''પાકિસ્તાનીઓ તરફ અમારે નફરત નથી કરવી, અમારે શાંતિ રાખવી છે. એ લોકો શાંતિથી જીવે, અને અમને શાંતિથી જીવવા દે'' શેખ મુજીબે બંગાળી પ્રજાને પણ કહ્યું કે ''આપણે પાકિસ્તાનીઓ પર બદલો લેવાનો નથી, આપણે શાંતિ રાખવાની છે.''

શેખ મુજીબના આ ઉદ્‌ગાર પરથી સારો ધડો લેવા જેવો છે. પાકિસ્તાનીઓએ જુલ્મ અને હત્યાકાંડ કરવામાં બાકી રાખી નથી. જાણવા મુજબ ત્રીસ લાખ માનવો, શું સ્ત્રી કે પુરુષ, શું બાળ કે બુઢ્ઢા સૌને અતિ ક્રૂર રીતે રેંસી નાખ્યા છે; સ્ત્રીઓના શીલ ભાંગ્યા છે, ને એમના પર ક્રૂર રીબામણો કરી છે; શિક્ષિતોને નિર્દયતાથી મારી નાખ્યા છે, દેશની ક્રોડોની સંપત્તિઓ નષ્ટ કરી છે.- આ બધું બનવા છતાં શેખ મુજીબ જે વૈરનો બદલો ન લેવાની અને શાંતિ જાળવવાની ભાવના વ્યક્ત કરે છે, એનો એ અર્થ નથી કે બંગાળદેશ પાસે લડવાની સામગ્રી નથી માટે આ જાહેર કરવા સિવાય બીજું શું કરે ? ના, એવો અર્થ નથી, કેમ કે એવી પરિસ્થિતિ છતાં એમ કહે તો કોણ રોકે કે 'શું કરીએ ? આજે અમારી પાસે પાકિસ્તાનીઓને બતાવી આપવા માટે સામગ્રી નથી; નહિતર એ લોકોના ઘોર પિશાચી નરસંહાર આદિ અત્યાચારો જોતાં એ લોકોને તો ક્રૂર રીતે રેંસી નાખવા જોઈએ; ફાંસીએ લટકાવી દેવા જોઈએ, કે બોંબાર્ડમેન્ટથી ખત્મ કરી નાખવા જોઈએ.' પરંતુ આવું જાહેર નહી કરતાં વૈરનો બદલો નહિ લેવાનું જાહેર કરે છે એ પરથી ધડો લેવા જેવો છે.

અજ્ઞાન માણસો કે જે પૂર્વ બંગાળના નથી, તેમ જેમને એની સાથે કશી લેવા દેવા નથી, એ પૂર્વ બંગાળમાં બનેલ હત્યાકાંડ યાદ આવતાં મૂઢતાના કારણે એવું વિચારે છે કે 'આ કરનારાને તો ખત્મ કરી નાખવા જોઈએ; એવા પાપિષ્ઠ દેશને તો ભૂખે રીબાવી મારવો જોઈએ,' પરંતુ આવું વિચારવામાં ખુન્નસ વૃત્તિ છે, તંદુલિયા મચ્છ જેવું ભયંકર રૌદ્રધ્યાન છે, રાક્ષસી આસુરી વૃત્તિનું પોષણ છે. એમાં જાતને કે જગતને કશો લાભ નથી, ને નાહક કષાય કરી પોતાના હાથે પોતાનું મન બગાડવાનું થાય છે.



ખરેખર તો પોતાના જીવનમાં બીજાઓ તરફથી આવેલ આપત્તિ-દુઃખ-ત્રાસ કે જેની સાથે પોતાને લેવાદેવા કહેવાય, એના અંગે પણ હવે આ શાંતિ રાખવાની અને બદલો નહિ લેવાની વૃત્તિ કેળવવા જેવી છે. ભૂલવા જેવું નથી કે

ઉત્તમ માનવહૃદય મળ્યું છે એ અધમ વૈર, હિંસા, દ્વેષ, ખુન્નસ વગેરે ભાવોથી છલકાતું રાખવા માટે નહિ; પરંતુ ઉત્તમ ક્ષમા-ઉદારતા-સહિષ્ણુતા-સમતા-સમાધિના ભાવોથી છલકાતું-ઊભરાતું રાખવા માટે મળેલું છે.

આ જો વારંવાર યાદ કરાય તો દિલમાં વૈર દ્વેષ આદિના કચરા ન ભરાય. જીવને બીજા તરફથી બનેલા અનિષ્ટ પ્રસંગ યાદ કરવાની અને એના પર વિચારણા કરવાની કુટેવ હોય છે. પછી એથી દિલમાં વૈરની દ્વેષની અને શક્ય હોય તો બદલો લેવાની લાગણી ઊઠી આવે છે, એની આગ સળગે છે, ધમધમાટ થાય છે. પરંતુ એમ ધમધમવામાં લાભ શો ? એમાં સામાને તો કશું નુકસાન થતું નથી. ઊલટું પોતાને જ નુકસાન થાય છે.

પોતાને નુકસાન આ, કે દિલમાં વૈર-દ્વેષ-ખુન્નસની આગ સળગવાથી લોહી ગરમ-ગરમ થાય છે, અને એ શરીરના રાજા વીર્યને પાતળું પાડે છે, જેને પછી ખળ-મળમાં વહી જવા તક મળે છે. એમ વીર્યનાશમાં શક્તિ હણાય છે, ઇન્દ્રિયોનાં ઓજસ ઘવાય છે, રોગોને પ્રગટવા સરળતા થાય છે. શક્તિ-ઓજસ ઘવાતાં ઘવાતાં એક દિવસ હૃદય તદ્દન નબળું પડી જતાં સહેજ ઉપક્રમ આવતાં હૃદયાઘાત થઈ મૃત્યુ નીપજે છે.

દ્વેષ-વૈરની આગ સળગવામાં સત્ત્વ ઘવાતાં મન નિઃસત્ત્વ બનતું જાય છે. પછી નિઃસત્ત્વતાને લીધે ક્ષમા સમતા તપસ્યા તથા સંગીન વ્રતનિયમ કરવાનું જોમ રહેતું નથી; ઊંચા સુકૃત કરવાની હામ ભીડાતી નથી; ને એ નહિ એટલે જીવનમાં ક્રોધાદિ કષાયો દુષ્કૃત્યો, પાપાચરણ અને પરમાત્મ-વિસ્મરણ તથા જડનું જ ધ્યાન રહ્યા કરે, પાપવિકલ્પો આવ્યા કરે, એમાં નવાઈ નથી, એથી પરલોક ભારી બગડે છે.

બીજા તરફથી આવેલી જૂની અનિષ્ટ ઘટનાઓ યાદ કરવામાં એના સંસ્કાર મજબૂત થતા જાય છે, ને તેથી ભવિષ્ય માટે એવી યાદ સુલભ બને છે. પછી વારંવાર યાદ આવવા લાગે છે. જેના પર વૈર-દ્વેષની આગ પુનઃ પુનઃ સળગ્યા કરે છે. તો એવું યાદ કરીને શો ફાયદો ?

સારાંશ, વૈર-દ્વેષ-ખુન્નસની આગ સળગાવવામાં અને બદલો લેવાની વૃત્તિ પોષવામાં શરીર આત્મા મન અને હૃદય બગડે છે; નરક-તિર્યંચગતિનાં કર્મ બંધાય



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

છે, જન્મોનાં જન્મો ચાલે એવા વૈર-વિરોધના તથા ક્રોધ અભિમાન વગેરે કષાયોના કુસંસ્કાર દૃઢ બને છે તેથી પરલોકનાં જીવન પણ અંધકારમય સર્જાય છે.

આ જોતાં જૂનાં અનિષ્ટ ભૂલી જઈ યા યાદ કરવાનું પડતું મૂકી જીવનમાં પોતાનાં હિતકર્તવ્યો જ સંભાળવા જેવાં છે; વૈરને બદલે ઉદાર દિલે ક્ષમા આપવા જેવી છે, દ્વેષની આગને ઠેકાણે ઉપશમનો અમૃતરસ-ચંદનરસ વહેવડાવવા જેવો છે. કૌટુંબિક જીવનમાં એવી તો કેટલીય અનિષ્ટ ઘટનાઓ આવતી હોય, એની હવે યાદ કર્યા વિના ક્ષમા-ઉપશમ-પ્રેમવાત્સલ્ય; જીવંત રાખવા જેવા. એથી શક્તિ-ઓજસ-સત્ત્વ વધે; સુકૃતો સુલભ બને; પરમાત્મ-સ્મરણાદિ તથા આત્મચિંતનને અવકાશ રહે. પુણ્યાનુબંધી પુણ્ય સંગૃહીત થતું રહે, જીવન સુખશાંતિમય બને, અને પરલોક ઉજ્જવલ થાય.

‘‘દિવ્ય-દર્શન’’-‘‘અગ્રલેખામૃત’’ વર્ષ-૨૦,અંક-૨૨,તા.૧૨-૨-૧૯૭૨

## (૧૮) અરિહંતનો એક ઉપકાર : અહંકારનો નાશ

વીતરાગ સર્વજ્ઞ શ્રી અરિહંત પરમાત્મા અનંતપ્રભાવી છે. એમનો જગત પર ઉપકારોનો પાર નથી. એથી જ જગતનો દુઃખમાંથી અને પાપમાંથી ઉદ્ધાર છે. જગત પર જો અરિહંતદેવ ન થયા હોત, તો જગતની અને આપણી કેવી કરુણ દશા હોત ? અરે મૂળમાં એ વીતરાગ સર્વજ્ઞ ભગવાને સુખનો અને નિષ્પાપતાનો સાચો રાહ ન બતાવ્યો હોત તો બીજા કોની મજાલ હતી કે એ અલ્પ પણ સુખ અને અલ્પ પણ પાપત્યાગનો રાહ બતાવી શકે ? એ તો અરિહંત પરમાત્માએ મહાધર્મ બતાવ્યો, તો જ પછી બીજાઓ અલ્પ પણ ધર્મની વાત કરી શક્યા.

અહીં યુગલિક કાળમાં ધર્મનું મહા અંધારું મહા અજ્ઞાન હતું. ‘ધર્મ’ શબ્દની કોઈને ય ખબર નહોતી. ત્યારે ભગવાન શ્રી ઋષભદેવ આદિનાથે પહેલવહેલો સંપૂર્ણ શુદ્ધ ધર્મ બતાવ્યો, પછી જ અલ્પજ્ઞોએ ધર્મના નામે ફાંટાફૂટી કાઢ્યા.

સારાંશ, મૂળ ઉપકાર અરિહંત પરમાત્માનો છે, એમના અનંત ઉપકાર છે. એમાંનો એક ઉપકાર જીવોના અહંકારનો નાશ છે. તે આ રીતે,-

અરિહંત તીર્થંકર બનનાર આત્મા અનાદિની વિશિષ્ટ યોગ્યતા તથા પૂર્વભવની વીસ સ્થાનકની અને વિશ્વકરુણાની ઉત્કૃષ્ટ આરાધનાથી એવો તીર્થંકર નામકર્મ આદિ ઉત્કૃષ્ટ પુણ્યસમૂહ લઈને આવેલા હોય છે કે અહીં અહિંસા-સંયમ-તપની



ગજબની આરાધના કરી સમસ્ત રાગ-દ્વેષાદિ દોષોનો અંત કરતાં એ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા બને છે; ત્યાં એ ઉત્કૃષ્ટ પુણ્યાઈ ઉદયમાં આવે છે.

ત્યાં પછી પરમાત્માની સેવામાં ઓછામાં ઓછા એક કરોડ દેવતાઓ હંમેશાં સાથે રહે છે. પ્રભુ ચાલે ત્યારે એમનાં ચરણ માખણના પિંડ જેવાં કોમળ સુવર્ણકમળ પર ઝીલાય છે; બે બાજુ ચામર વિંઝાતા રહે છે, પ્રભુના મુખ પાછળ ભામંડળ ચકચકે છે, મસ્તક પર મોતીઓના સમૂહથી યુક્ત ત્રણ છત્ર અને ઉપર આકાશમાં રત્નનું સિંહાસન સાથે ચાલે છે. માર્ગમાં વૃક્ષો આવે તે નમી પડે છે, અને પંખેરા આકાશમાં પ્રભુને પ્રદક્ષિણા ફરે છે. જમીન પર સીધા કાંટા હોય તો તે ઊંધા થઈ જાય છે. આકાશમાં દેવદુંદુભિ બજતી રહે છે.

પ્રભુ બેસે ત્યારે તરત ઉપરથી સિંહાસન નીચે આવી ગોઠવાઈ જાય છે. જેના ઉપર પ્રભુ બિરાજે છે. નવા સ્થાનમાં પ્રભુને દેશના દેવા માટે દેવતાઓ ચાંદી-સોના-રત્નના ઉપર પર ત્રણ કિલ્લારૂપ સમવસરણ રચે છે; જેને સમવસરણ કહેવાય છે. ત્યાં ઉપરના રત્નના કિલ્લા પર મોટું અશોકવૃક્ષ હોય છે, એ સમવસરણની એક જોજનની ભૂમિને ઢાંકે છે. એની નીચે થડની ચારે બાજુ ચાર રત્નમય સિંહાસન હોય છે. એમાં પૂર્વ દિશાના સિંહાસન પર પ્રભુ બિરાજે છે, અને બાકી ત્રણ દિશાના સિંહાસન પર દેવતાઓ બરાબર પ્રભુના જેવા જીવંત જેવા બિંબ સ્થાપે છે.

અહીં ઈન્દ્રો દેવતાઓ દેવીઓ આવે છે, રાજા મહારાજાઓ, શેઠ શાહુકારો અને બીજા મનુષ્યો તથા શહેરી-જંગલી નાના-મોટા તિર્યંચ પ્રાણીઓ પણ આવે છે. ઉપરથી દેવતાઓ ચાલુ ઝરમર પુષ્પવૃષ્ટિ કરે છે. વાતાવરણ સુગંધિદાર મઘમઘાટ અને ઠંડુગાર હોય છે. પ્રભુ ત્યાં સર્વ ભાષામાં સમજાય એવી મધુર કંઠે દેશના આપે છે, ને એના સૂરમાં દેવતાઓ બંસરીથી દિવ્યધ્વનિ મિલાવે છે.

આ બધું જોતાં અભિમાનીના છક્કા છૂટી જાય છે. કોના અને કઈ વાતના અભિમાન અહીં ઊભા રહી શકે ? ઈન્દ્રો અને દેવતાઓને પ્રભુની સેવામાં જોઈ મોટા ચક્રવર્તી સમ્રાટના ય સત્તા સન્માનના મદ પણ ગળી જાય. ચાંદી-સોના-રત્નના ગઢ જોઈ ધનવાનોના ધનના મદ ઓગળી જાય. પ્રભુના પરિવારમાં ક્રોડ દેવતાઓ અને હજારો શિષ્યો વગેરે જોઈ માણસના પરિવારના અભિમાન હેઠા મૂકાઈ જાય. પ્રભુની સર્વજ્ઞતા અને પાંત્રીસ અતિશયવાળી મધુર સંગીતમય વાણીને જોઈ માણસના વિદ્વત્તા, વ્યાખ્યાન શક્તિ, સંગીત-કુશળતા કે વિવિધ ભાષાજ્ઞાન વગેરેના મદના ભાંગીને ભુક્કા થઈ જાય. બળવાનોના બળના, કળાવાનોના કળાના,



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

માયાજાળીઓના માયાજાળના કે જાદુગરોના જાદુના વગેરે વગેરેના અહંકાર અહીં ઓગળી જાય એમાં શી નવાઈ ?

પ્રભુનો આ જીવોના અહંકાર તોડવાનો કેવો અદ્‌ભુત ઉપકાર ! ત્યારે તો ઇન્દ્રભૂતિ વગેરે વિદ્વત્તાનાં અભિમાન છોડી પ્રભુનાં ચરણે બેસી ગયા ને ?

તો આપણને પણ જ્યારે જ્યારે કશી વાતનું અભિમાન ઊઠે, મદ-અહંકાર-ગુમાન આવી જાય, ત્યારે ત્યારે અરિહંત પ્રભુની આ સમૃદ્ધિ નજર સામે લાવવા જેવી છે. એટલો બધો ઠાઠ છતાં પ્રભુને અભિમાન લેશમાત્ર નહિ, ત્યારે આપણે અભિમાન કરીએ ?

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૦,અંક-૨૩,તા.૧૯-૨-૧૯૭૨

## (૧૯) જેને સુખમાં અશાન્તિ એને દુઃખમાં શાન્તિ

'જીવનમાં સુખ વધારે છે કે દુઃખ ?' આ પ્રશ્ન આવે ત્યાં ઝટ નજર જાય છે પૈસાટકા-પરિવાર-પ્રતિષ્ઠા-ખાનપાન-માનસન્માન અને આરોગ્ય પર. જો એ બધું સારું મનગમતું મળ્યું છે, તો ઉત્તર દઈ દેવાય છે કે અમારા જીવનમાં સુખ વધારે છે.' પરંતુ આ ભ્રમ છે.

**સુખ અને દુઃખ એ અનુભવની વસ્તુ છે, પણ બાહ્ય સંયોગોની નહિ.**

પૈસા સારા મળવા છતાં જો નજર કોઈ અધિક પૈસાવાળા અને માનવંતા પુરુષ ઉપર ગઈ તો દિલને એમ થાય છે કે 'આપણે આવા ભાગ્યશાળી નહિ.' આ શું થયું ? દિલને દુઃખ લાગ્યું. અથવા કોઈ પૈસા જવાનો ભય લાગ્યો તો ય દુઃખનો અનુભવ થાય છે. શું સારા પૈસા મળેલા જતા રહ્યા છે ? ના, તો જો પૈસાનો સંયોગ જ સુખ હોત, તો સંયોગ તો ઊભા છે, પછી દુઃખ કેમ લાગ્યું ? કહો, સુખ-દુઃખ એ સંયોગની નહિ પણ અનુભવની ચીજ છે. એમ,

પૈસા મનમાન્યા પાસે છતાં શરીર બગડી ગયું, કેન્સર લકવો થયો, યા પત્ની કે પુત્ર ગુજરી ગયો, તો દિલ દુખાય છે. એ બતાવે છે કે સુખ પૈસાની ચીજ નહિ, અનુભવની ચીજ છે, એમ દુઃખ રોગની કે પત્નીમરણ-પુત્રમરણની ચીજ નહિ, પણ અનુભવની ચીજ છે. માટે તો એ રોગ વગેરે આવવા છતાં જો બીજો કોઈ મનગમતો અચિંત્ય લાભ દા.ત. કોઈ કોઈ લાખોના વારસાવાળી નવી પત્ની અગર વારસો યા પ્રધાનપણું વગેરે મળી જાય તો મન પ્રફુલ્લિત થઈ જાય છે.



દુઃખના અનુભવને બદલે સુખનો અનુભવ લાગે છે, ત્યાં પત્નીમરણ-પુત્રમરણનો બાહ્ય સંયોગ એ દુઃખ ક્યાં રહ્યું ?

આમ જો સુખ-દુઃખ એ બહારની ચીજ નહિ પણ અનુભવની ચીજ હોવાનું સમજાય, તો દેખાશે કે બહારનું મનગમતું હયાત છતાં જો મનમાં કોઈ સંતાપ, ઉદ્વેગ અશાન્તિ કે ભય-વહેમ-અવિશ્વાસ ઊઠ્યા, તો એ દુઃખનો જ અનુભવ છે દુઃખ જ છે. એવી રીતે અણગમતી બહારની ચીજ હયાત છતાં જો મનમાં કોઈ શાન્તિ સ્વસ્થતા સ્ફૂર્તિ-પ્રફુલ્લિતતાનો અનુભવ થયો તો એ સુખનો અનુભવ છે, એટલું સુખ છે.

હવે આ ધોરણ પર 'જીવનમાં સુખ વધારે છે કે દુઃખ ?' આ પ્રશ્ન છે. એનો શો જવાબ છે ? ત્યારે નિખાલસ દિલનો તો આ જ જવાબ મળશે કે 'જીવનમાં દુઃખ જ વધારે છે. સુખના અનુભવ તો ગણતરીના; બાકી દુઃખના અનુભવ અગણિત. એક દિવસનાં પણ અશાન્તિ-ઉદ્વેગ-ચિંતા-સંતાપ-વહેમ અવિશ્વાસ-ભયના અનુભવ કેટલા ? ગણાય નહિ એટલા. તો શું આવું જીવન ચલાવવામાં શોભા છે ? નિરાંત છે ?

જીવન કેટલું બેહુંદુ ચાલી રહ્યું છે ? જરાક અણગમતું થયું કે 'સંતાપ. અરે ! હજી થયું ય નથી, પણ થવાનું લાગ્યું તો ય સંતાપ. એ ય નથી, પણ પૂર્વે થઈ ગયેલું યાદ આવ્યું ત્યાં પણ સંતાપ. દા.ત. 'તે દિવસે પૈસા પડી ગયેલા, અમુકે અપમાન કરેલું...' આવું મનમાં આવતાં ય દુભામણ થાય છે. આવા આવા તો કઈ અણગમતામાં, કઈ પ્રતિકૂળમાં, કઈ માનેલા દુઃખમાં સંતાપ-દુભામણ-અશાન્તિ દિવસરાત ચાલ્યા જ કરે છે.

ત્યારે સવાલ છે કે દુઃખમાં શાન્તિ કેવી રીતે રહે ? જેથી જીવન બેહુંદુ-કઢંગુ-અશોભિતું ન બને.

આનો જવાબ સીધો છે. જેને બાહ્ય સારા ગણાતા સંયોગરૂપ સુખમાં અશાન્તિ લાગે એને બાહ્ય પ્રતિકૂળ સંયોગના દુઃખમાં શાન્તિ રહી શકે.

**દુઃખમાં શાન્તિની ચાવી આ, કે સુખમાં અશાન્તિ અનુભવો.**

ઉપરના જ દાખલામાં જુઓ કે પૈસા સારા મળ્યામાં અશાન્તિ છે, તો બીજા વધુ પૈસા-માનસન્માનવાળાને જોઈ કે પૈસા પર કોઈ ભય જોઈ દુઃખ નહિ લાગે. એમ પત્ની-પુત્ર હોવા પર શાન્તિ-નિરાંત નથી માની તો એના મરણ પર અશાન્તિ નહિ થાય. એવા બીજા બાહ્ય મનગમતા સંયોગના સુખમાં અશાન્તિનો અનુભવ કરતાં આવડે, તો પછી એના વિયોગના દુઃખમાં અશાન્તિ નહિ થાય, રોદણાં નહિ રોવાય.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

આજે મોંઘવારીનાં કે અછતનાં રોદણાં કેમ છે ? દુઃખ અશાન્તિ કેમ થાય છે ? કહો મોંઘવારીમાં અને વસ્તુની છતમાં ખૂબ શાન્તિનો અનુભવ કર્યો હતો માટે જો ત્યાં અશાન્તિ અનુભવી હોત તો આજે શાન્તિ રહેત. વાત આ છે કે સુખમાં અશાન્તિ અનુભવવી. તો દુઃખમાં શાન્તિ રહેશે.

ત્યારે સવાલ છે, - સુખમાં અશાન્તિ કેમ લાગે ?

**સુખમાં અશાન્તી લગાડવા આ વિચારવું,-**

(૧) પૈસા-પત્ની-પુત્ર વગેરે ભલેને સારું મળ્યું છતાં અરે ! આ એ બધા કરતાં કઈગુણું કિંમતી આ મારું જીવન વહી ચાલ્યું છે ! જીવનની મોંઘેરી ક્ષણો વહી ચાલી તે જગતભરની સમૃદ્ધિ આપ્યે પાછી નથી વળતી. એમ કરતાં આખું ય જીવન એક દિ' પૂરું થઈ જશે, ને આ સારા માનેલા પૈસા-પત્ની-પુત્ર બધા જ ખોવાઈ જશે. તો કેમ હું ઊંઘમાં ઊંઘું છું ? પૈસાદિમાં શું સુખ માની શાન્તિ-નિરાંત અનુભવી રહ્યો છું ?

(૨) પૈસાટકા વગેરે સારું મળવા છતાં, અરે ! જીવન પાપારંભો અને વિષયવિલાસો તથા અશુભ ધ્યાનમાં જઈ રહ્યું છે. એથી કર્મો અને નરસા સંસ્કારોનો ભાર વધી રહ્યો છે. આમ છતે આ પૈસા આદિથી શી શાન્તિ ?

(૩) જે કોઈ પણ બાહ્ય સંયોગને સુખરૂપ માની બેઠો છું, એ તીવ્ર ચીકણો રાગ અને મદ આદિ કરાવી ચિકણાં પાપકર્મ બંધાવી રહ્યા છે, તેમજ એ પૈસાટકા આદિ ષટ્કાય જીવસંહાર અને બીજા અસત્ય વગેરે દુષ્કૃત્યો કરાવવા દ્વારા લખલૂટ પાપકર્મ બંધાવી રહ્યા છે, તો એ પૈસાટકા આદિમાં સુખ શું ? શાન્તિ શાની ?

(૪) પૈસાટકા વગેરે સુખ એટલી પૂર્વ પુણ્યની મૂડી સાફ કરે છે, ત્યારે ગરીબી આદિ દુઃખ એટલો પૂર્વનો પાપકચરો ઓછો કરે છે. તો મૂડી સાફ થતી આવે એ દિવાળી કે હોળી ? કચરો ઓછો થતો આવે એ હોળી કે દિવાળી ? માટે પુણ્યની મૂડી કાતરનાર આ પૈસાદિમાં શી નિરાંત વાળી બેસું ? વળી,

(૫) પૈસા-પત્ની-પુત્ર વગેરે જે કાંઈ સારું મળ્યું માની બેસું છું એથી તો, જે ખરેખર સારા મહાકિંમતી દેવ-ગુરુ-ધર્મ મળ્યા છે, એમનું એટલું મહત્ત્વ નથી લાગતું, ગાઢ મમત્વ નથી થતું, તો પછી ધિક્કાર છે આ પૈસાટકાની પ્રાપ્તિને ! આવા આવા વિચારથી સુખમાં અશાન્તિ અનુભવી શકાય.





## (૨૦) અનન્ય આશરો અરિહંત અને પરમેષ્ઠીનો

જૈન ધર્મમાં વીતરાગ સર્વજ્ઞ શ્રી અરિહંત ભગવાન અને અરિહંત-સિદ્ધ-આચાર્ય ઉપાધ્યાય અને સાધુ એ પંચ-પરમેષ્ઠી ભગવંતને (૧) સૌથી ઊંચું તથા (૨) વ્યાપક રૂપે સ્થાન અપાયેલું છે.

**(૧) સૌથી ઊંચું સ્થાન અરિહંતને એ રીતે,** કે પ્રાથમિક એક સારા ભાવથી માંડી ઠેઠ વીતરાગપણાના ઉત્કૃષ્ટભાવની ઉત્પત્તિ સુધી થવામાં એના મુખ્ય કારણ તરીકે અરિહંતના અચિંત્ય પ્રભાવને માનવામાં આવ્યો છે. 'ઉપમિતિ ભવ પ્રપંચા' શાસ્ત્ર કહે છે કે જીવને પહેલપહેલાં શાસનની સુંદરતા પ્રત્યે આકર્ષણ થાય એમાં પણ અરિહંત પરમાત્માની કરુણા એ મુખ્ય કારણ છે, એવું જીવના આગળ ઉત્થાનમાં પણ મુખ્યપણે કારણભૂત અરિહંતનો પ્રભાવ છે; અને ત્યાં કાળ-સ્વભાવ-કર્મ-પુરુષાર્થ એ બધા સહકારી કારણ છે.

શ્રી 'નમુત્થુણં' શક્રસ્તવ-સૂત્રમાં અરિહંતને જીવના અભયદાતા ચક્ષુદાતા, માર્ગદાતા, ધર્મદાતા વગેરે કહ્યા છે. એમ અરિહંત રાગદ્વેષ પર જય પમાડનારા, બોધ પમાડનારા તથા લોકને કલ્યાણની પ્રાપ્તિ કરાવી રક્ષણ કરવા દ્વારા નાથ બનનારા તરીકે ગાવામાં આવ્યા છે.

શ્રી પંચસૂત્ર શાસ્ત્ર કહે છે કે સુકૃતની અનુમોદના સાથે એ સુકૃતની પ્રાપ્તિ અર્થે અરિહંતદેવની આગળ પ્રાર્થના કરવાની છે. કેમ કે અરિહંત અચિંત્ય શક્તિ-પ્રભાવવાળા હોઈ, એ પ્રભાવના યોગે એ સુકૃતોની પ્રાપ્તિ થાય છે. શક્તિ 'અચિંત્ય' એટલા માટે, કે એ શક્તિ યાને પ્રભાવ કેટલો છે અને કેવી રીતે કામ કરે છે, એ આપણે ચિંતવી શકતા નથી. છતાં અનન્ય અને ઉત્કૃષ્ટ કામ કરે છે, એ હકીકત છે, કેમ કે અરિહંતને ધ્યાનમાં લેવાથી ઠેઠ મોક્ષ સુધીનાં કાર્ય સિદ્ધ થાય છે.

ત્યારે પરમેષ્ઠીને ઊંચું સ્થાન એ રીતે અપાયું છે કે ચૌદ પૂર્વધર મહર્ષિ જેવા મહા જ્ઞાની કે ઊંચા જિનકલ્પી જેવા આરાધક મહામુનિ, પણ અંતકાળે પરમેષ્ઠીમંત્રને યાદ કરે છે. પરમેષ્ઠીનું સ્મરણ-નમસ્કાર કરે છે, પરમેષ્ઠિ-નમસ્કાર તિર્યંચ પશુ-પંખી જેવાને પણ સારી સદ્ગતિ પમાડે છે.

**(૨) અરિહંત અને પરમેષ્ઠિનું વ્યાપક સ્થાન એ રીતે,** કે પરમેષ્ઠિ-નમસ્કારમંત્ર સૂતાં-ઊઠતાં-બેસતાં ચાલતાં કે કોઈ પણ કામ કરતાં પહેલાં યાદ કરવાનું પ્રસિદ્ધ જ છે. એમ સાધુની દિનચર્યામાં સવારે જાગ્યા તો નવકાર-સ્મરણ કરી ઈરિયાવહિય-



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

ક્રિયા કરો એમાં પ્રથમ પરમેષ્ઠી ચોવીસ પ્રભુની સ્તવનાનો કાયોત્સર્ગ કરો, પછી કુસુમિણ૦ કાઉસ્સગ્ગ કરો એમાં ય ચારવાર એ ચતુર્વિંશતિ સ્તવ યાદ કરો, પછી 'જગચિંતામણિ,' ચૈત્યવંદન કરો. એમાંય નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ અરિહંતને તથા સિદ્ધ અને સાધુને વંદના કરો. દિવસની કેટલીય ક્રિયામાં અને પ્રતિક્રમણમાં પણ પરમેષ્ઠીને નમસ્કાર કરો. રાત્રે સૂતી વખતે સંથારા પોરિસીની ક્રિયામાં પણ ચઉક્કસાય૦ વગેરે સૂત્રોથી ચૈત્યવંદન કરી એ જ કરો. મંદિરે જાઓ ત્યાં પણ ચૈત્યવંદન કરો કે પચ્ચક્ખાણ પારો ત્યાં, અને આહાર કર્યા પછીના ચૈત્યવંદનમાં પણ એ જ. બે વાર આવશ્યક ક્રિયામાં પણ દેવવંદન કરો. એમાંય પ્રારંભે અને અંતે 'નમુત્થુણં' થી અરિહંત-સ્તુતિ-વંદના કરવાની. વળી પ્રતિક્રમણમાં જ્ઞાનાચાર-દર્શનાચાર-ચારિત્રાચારના અતિચારના સંશોધન માટેના કાયોત્સર્ગમાં પણ અરિહંત-સ્તવનું ધ્યાન કરો. તેમ સ્થાનિક અને સર્વલોકની અરિહંત-પ્રતિમાના ભક્તોથી થતી વંદન-પૂજન-સત્કાર-સન્માનના અનુમોદનના લાભાર્થે પણ કાયોત્સર્ગમાં ધ્યાન પરમેષ્ઠિમંત્રનું કરો. વિસ્તારથી અતિચારશુદ્ધિ કરવા પૂર્વે ચતુર્વિંશતિસ્તવનું આવશ્યક કરો. દરેક ઈરિયાવહિય ક્રિયામાં સાધ્વાચારભંગની શુદ્ધિ માટે કાઉસ્સગમાં ૨૪ પ્રભુ અને બીજા અરિહંતોનું ધ્યાન કરો.

શ્રાવકની દિનચર્યામાં પણ પ્રતિક્રમણમાં એ રીતે જ અરિહંત અને પરમેષ્ઠિનું ધ્યાન વંદના આવે. તથા ત્રિકાલ અરિહંતની ભક્તિ તેમજ શક્તિ અનુસાર તીર્થયાત્રા સંઘયાત્રા જિનેન્દ્રભક્તિ મહોત્સવ, મંદિરનિર્માણ-જીર્ણોદ્ધાર, વગેરે કર્તવ્યો અરિહંતની ભક્તિના જ બતાવ્યા. એમ, વિઘ્ન-આપત્તિના નિવારણ તથા એવા સહાયતા અર્થે સમ્યગ્દષ્ટિ દેવની સ્મરણ-આરાધનાનો કાયોત્સર્ગ કરવાનો-એમાં પણ અરિહંતાદિ પરમેષ્ઠીનું જ ધ્યાન કરવાનું કહ્યું. શ્રાવક આજીવિકા માટે ધંધાર્થે જવા નીકળે ત્યારે પણ ધર્મપુરુષાર્થને પ્રધાન પુરુષાર્થ તરીકે સ્થાન આપવાની સમજથી પરમેષ્ઠીને નમસ્કાર કરીને નીકળે એમ કહ્યું.

એમ 'જયવીયરાય' સૂત્રમાં ઈષ્ટફળસિદ્ધિ વગેરે થવાનું ય અરિહંતના પ્રભાવે થવાનું કહ્યું. કોઈ સુકૃત સધાય એમાંય પ્રભાવ અરિહંતદેવનો માની અરિહંતની વિશેષ ભક્તિ ભક્તિમહોત્સવ કરવામાં આવે છે.

એમ વ્રતોચ્ચારણવિધિ તે, ભવ આલોચનાવિધિ તે, વિવિધ તપ-આરાધનાની વિધિ કરે, બધે જ અરિહંત વંદન-ધ્યાન, પરમેષ્ઠિ-સ્મરણ નમસ્કાર આવે.

આ પરથી અરિહંત પ્રભુ અને પંચપરમેષ્ઠીનું કેટલું બધું ઊંચું સ્થાન તથા વ્યાપક સ્થાન છે એ સમજાય એવું છે. માટે, આ ઉત્તમ માનવજીવનમાં એમની અચિંત્ય શક્તિ, એમની અનન્ય ઉપકારકતા અને એમની સર્વશ્રેષ્ઠતા પર અથાગ



શ્રદ્ધા કેળવી જીવનને એમના વારંવાર સ્મરણ-ધ્યાન-વંદના-ભક્તિ-પ્રાર્થના-ગુણગાન વગેરેથી ભરી દેવું જોઈએ; અને એમની આજ્ઞાનાં પાલનને જ તરણતારણ માની, એ માનેલું શક્ય એટલું સક્રિય કરવું જોઈએ. જીવનમાં અનન્ય આશરો અરિહંતદેવ અને પંચપરમેષ્ઠીનો કરી દેવો જોઈએ.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૦,અંક-૨૫,તા.૪-૩-૧૯૭૨

## (૨૧) ભોગસાધના અને યોગસાધના

### (લેખાંક-૧)

જગતના મોટા ભાગના જીવો ભોગ-સાધનામાં જ પડેલાં છે. બહુ ઓછા જીવો યોગ-સાધના તરફ વળેલા હોય છે. ભોગ સાધનામાં પડેલા જીવોને એક જ લેશ્યા, એક જ વલણ, એક જ તત્પરતા રહે છે કે ઇન્દ્રિયોના વિષયો કેમ મળે ને ભોગવાય ? પોતાને સારા લાગતા શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ, લક્ષ્મી-લાડી-વાડી-ગાડી-સત્તા-સન્માન-વાહવાહ વગેરે દુન્યવી પદાર્થોના ભોગવટા કેમ થાય એનાથી ઈન્દ્રિયો અને મનને કેમ આનંદિત કરાય, તૃપ્ત કરાય, મસ્તિ ઉડાવાય, આ જ લગની. પછી જીવો એ માટેના પ્રયત્નોમાં રાતદિવસ રક્ત રહે છે, રાચ્યા-માચ્યા રહે છે. એ મળી જતાં એના સંગ્રહ ટકાવવામાં અને એનો ઉપભોગ કરવામાં અતિશય આનંદ માને છે. જીવનના અંત સુધી આ લેશ્યા, આ લગન, આ પ્રયત્ન, અને આ મસ્તી ચાલ્યા કરે એમાં એમને કશો બાધ નથી દેખાતો.

**જીવનનો અંત થાય, પરંતુ આ લેશ્યા-લગન-આસક્તિનો અંત નથી !** એવી જીવની દુર્દશા છે. એનું પરિણામ નવો જન્મ પામતાં જ આ ચાલુ રહે છે. બાળક ગર્ભમાં આવ્યું ત્યારથી એને આ લગન ચાલુ છે; એટલે જ ગર્ભમાં આવતાં જ પહેલી તો ખાઉં-ખાઉંની લગન રહીને એ ગમે તેવા અશુચિ પદાર્થમાંથી પણ ખોરાક લેતો રહે છે, મસ્તી અનુભવતો રહે છે. એ ખોરાકમાંથી પાચન થઈ થઈ શરીર બનતું ને વધતું રહે છે; ને ઈન્દ્રિયોનું નિર્માણ થતાં એના વિષયોના ભોગવટામાં મસ્ત રહે છે, તે ઠેઠ મૃત્યુ સુધી ભોગસાધના !

અહીં વિચારવા જેવું છે કે શું આ રીતનું જીવન જીવવામાં (૧) ખરેખરું સુખ છે ? (૨) શાન્તિ છે ? (૩) શોભા છે ? (૪) ભવિષ્યમાં સલામતી છે ? ભાવી ઉજ્જવળ છે ?

(૧) જો વહેલા પરોઢિયે ઊઠીને શાંત શીતલ વાતાવરણમાં આ વિચાર



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

કરવામાં આવે તો દેખાશે કે આવા માત્ર ભોગસાધનાનાં જીવનમાં સુખ નથી; કેમ કે હજી ગઈકાલના જ કરેલા ભોગવટા આજે અત્યારે સુખ-આનંદનો અનુભવ નથી કરાવતા. ગઈકાલે જ ખાધેલ મેવા-મિઠાઈ ફળ અત્યારે જીભને રસમય નથી કરતા, મસ્ત નથી બનાવતા. ઊલટું 'નવી પ્રભાતે નવી ભૂખ'ના હિસાબે નવા રસની ને નવાં ભોજનની ખણજ ચાલુ થઈ જાય છે. એમ, ગઈકાલે જે સારાં રૂપ જોઈ ક્ષણભર આનંદ-આનંદ માનેલો, એ આનંદ આનંદ અત્યારે કાંઈ છે નહિ. એવું સુગંધ, સંગીત, સારા મુલાયમ સ્પર્શ વગેરેના સુખના કશા અનુભવ અત્યારે ઊભા નથી. તો પછી સુખ શું રહ્યું ?

પ્ર.- પણ લક્ષ્મી-લાડી-વાડી વગેરે જે ઊભા છે એનું તો સુખ ઊભું ખરું ને ?

ઉ.- ના, એમાં ય એ ઊભા છતાં કલ્પના બદલાતાં ઊલટું દુઃખનો અનુભવ થાય છે. દા.ત. સવારના પહોરમાં જ સ્ત્રીએ કે છોકરાએ કશો કકળાટ માંડ્યો તો એ દુઃખરૂપ લાગે છે. પૈસા પાસે છતાં વ્યાજ કપાયું, દરોડો આવ્યો, મોટી નોટો કેન્સલ થવાની જાહેરાત સાંભળી,... એવી એક યા બીજી આફત ઊભી થતાં દુઃખનો પાર નથી રહેતો. એવું સત્તા-સન્માન કીર્તિ વગેરેમાં બને છે.

એ બતાવે છે કે ભોગ-સાધનામાં સુખ નથી.

(૨) ત્યારે એમાં શાન્તિ પણ ક્યાં છે ? (i) એ જ શબ્દ-રૂપ-રસ વગેરેમાં ટકાવારીનો વિચાર આવતાં, (ii) ન્યૂનતા લાગતાં, (iii) એકાદ બહુ કિંમતી વસ્તુની ખોટ કે વસ્તુ પર આફત આવી પડતાં, કે (iv) કાયામાં કોઈ મોટો રોગ આદિ આવી પડતાં ઝટ અશાન્તિ ઊભી થાય છે. ત્યારે જગતના જીવનમાં દુબળા પુણ્યને લીધે કે નિઃસત્ત્વ દિલના લીધે આ બનવાની ક્યાં નવાઈ છે ? પછી અશાન્તિ વારે ને વારે ચાલે ને ?

(૩) ત્યારે આવા ભોગસાધનાના જીવનમાં શોભા શી ? ભલે મન માની લે કે, 'પૈસા અને સમૃદ્ધિના દેખાવથી કે કપડા વગેરેના ઠઠારાથી હું સારો દેખાયો,' પરંતુ ત્યાગ કરનારા મહાન આત્માઓ શાલિભદ્ર-ધનાજી મેઘકુમાર-સનત્કુમાર વગેરેની સામે જોતાં સંગ્રહ કરવામાં એંઠવાડ ભેગો કરનાર ભિખારી જેવી દશા છે. એમ ઊંચા ખાનપાન-રંગરાગના ભોગવટા કરવામાં પણ ચક્રવર્તીઓ અને શાલિભદ્ર જેવા ભોગીઓની સામે એઠું ચાટનારા ભિખારી જેવી દશા છે. ઉપમિતિ-ભવપ્રપંચા નામના શાસ્ત્રમાં આનું આબેહુબ વર્ણન છે. આ ધ્યાનમાં ન ઊતરે તો ય કોઈ મહારોગ વખતે, મહા આરોપ વખતે, યાવત્ અંતકાળે તો માનેલી બધી શોભા ગૂમ થતી દેખાય છે, અને પરલોકમાં બ્રહ્મદત્ત ચક્રવર્તી, મમ્મણ શેઠ, સાગરચંદ્ર વગેરેની જેમ નરકાદિમાં નાલેશીનો પાર નથી.



સારાંશ, ભોગસાધનાના જીવનમાં સુખ નથી, શાન્તિ નથી, શોભા નથી.

(૪) ત્યારે, ભોગસાધનાભર્યા જીવનનું પરલોકમાં ભવિષ્ય ઊજળું નહિ, પણ દુઃખ-દુર્દશાના અંધકાર ભર્યું છે, એ ધર્માત્માને શું સમજાવવું પડે ?

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૦,અંક-૨૬,તા.૧૧-૩-૧૯૭૨

## (૨૨) (લેખાંક-૨)

માનવજીવન ભોગસાધના માટે ? કે યોગસાધના માટે ? ગત લેખમાં એ જોયું કે ભોગસાધનાના જીવનમાં સુખ-શાન્તિ-શોભા નથી, તૃપ્તિ નથી, ધરપત નથી, નવી નવી ભૂખ, લાલસા લંપટતાની આગ સળગ્યા જ કરે છે માટે બહેતર છે કે જીવન યોગસાધનાનું બનાવવું કે જેથી સુખ-શાન્તિ-શોભા મળે, તૃપ્તિ-ધરપત આવે. માનવજીવનમાં જ આ યોગસાધના કરવી સરળ છે, માટે યાદ રહે કે માનવજીવન યોગ-સાધના માટે જ છે.

યોગસાધનાની વાત આવે એટલે કેટલાક એને બહુ મોટી ચીજ સમજે છે. જૈન શાસ્ત્રકારો કહે છે, 'યોગ' એટલે જીવને મોક્ષની સાથે જોડી આપે યોજી આપે એ. કોણ યોજી આપે ? આત્માના હિતમાં ઊતરે એ. આત્મહિતમાં શું ઊતરે ? ઈન્દ્રિયો અને મન પર જેટલો અંકુશ થાય, સંયમન થાય, તથા વીતરાગ પરમાત્મા એમનું ધર્મશાસન તથા એને વહન કરનાર મુનિઓની ભક્તિ-આરાધના જેટલી થાય, એ બધું આત્મહિતમાં ઊતરે, આત્માના લાભમાં જાય.

બસ, વિષયપ્રિય ઈન્દ્રિયો અને ઉચ્છ્રૃંખલ મનની તુષ્ટિપુષ્ટિ કરે એ બધું 'ભોગ' કહેવાય, અને આત્મહિતમાં ઊતરે એ બધું 'યોગ' કહેવાય.

હવે જુઓ દા.ત. રસ્તે જતાં સામેથી કોઈ યુવાન બાઈ આવી રહી છે, યા આગળ ઉદ્ભટ વેશવાળી બાઈ ચાલી રહી છે, એના પર જો આંખ લઈ જતા રહ્યા, તો એ ચક્ષુ-ઈન્દ્રિયની તુષ્ટિ કરાવે છે. માટે એને ભોગસાધના કહેવાય. એના બદલે જો આંખ પર અંકુશ મુકી નિર્ધાર એને ત્યાં ન જવા દો, તો એ આત્માના લાભમાં ઊતરે; એટલે એ એક યોગસાધના બને. આ હાથવેંતમાં છે ને ? પણ ભોગસાધનાના લંપટ જીવને આ અંકુશ પાલવતો નથી. મળવાનું-વળવાનું કશું નહિ, આત્મામાં પાપ ભરવાના, પરંતુ ઘેલછા ભારે. કવિ પ્રભુને પોતાની પૂર્વ દુર્દશા કહે છે,-

**'નરભવ દોહિલો રે, પામી મોહવશ પડિયો; પરસ્ત્રી દેખીને રે મુજ મન**



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

**તિહાં જઈ અડિયો. કાજ ન કો સર્યા રે, પાપે પિંડ મેં ભરિયો; શુધ બુધ નવિ રહી રે, તેણે નવિ આતમ તરિયો.'**

રૂપની જેમ રસમાં ય જુઓ. સામે ખાવાની દસ ચીજ આવી; એ દસે દસનો આનંદ ઉડાવો, તો એ ભોગસાધના થઈ; એના બદલે બે ચીજનો ત્યાગ કરો, તો એ યોગસાધના થઈ; કેમ કે ઇન્દ્રિયની તુષ્ટિપુષ્ટિ પર એટલો અંકુશ મૂકાયો, ને એ ત્યાગ આત્મલાભમાં ઊતરે છે.

એમ, દા.ત. બાજુના ઘરવાળો રેડિયો વગાડે છે, જો કાનને એના સુંદર ગીતમાં લઈ ગયા, તો એ ભોગસાધના થઈ. એના બદલે જો કોઈ ધર્મવાંચનમાં લાગ્યા, યા બીજા સાથે કોઈ ધર્મવિચારણા કે મહાપુરુષના જીવનની વિચારણામાં ઊતર્યા, અથવા છેવટે નવકારમહામંત્ર ગણવામાં મનને લગાવી દીધું, તો એમાં શ્રોત્ર ઈન્દ્રિય પર અંકુશ મૂકાયો આત્મલાભ શરૂ થયો, એટલે એને યોગસાધના કહેવાય.

એમ ઉચ્છ્રૃંખલ મન કોઈ ધનના કે વેપારના, યા સ્ત્રી-પુત્રાદિના મોહના, કે કાયાની તુષ્ટિપુષ્ટિ યા રોગાદિના વિચારમાં ચાલ્યું તો એ ભોગસાધના થઈ. એના બદલે મનને જો પરમાત્મા યા એમની વાણી, કે સંઘ-શાસ્ત્ર-તીર્થ વગેરેમાં મનને પરોવ્યું, તો એ યોગસાધના કરી કહેવાય.

અથવા ઉચ્છ્રૃંખલ મન કોઈ દુન્યવી ચીજના રાગમાં યા દ્વેષમાં તણાયું, કોઈના પર ગુસ્સા કે અભિમાનમાં યા માયામાં ચડ્યું, તો એ ભોગસાધના થઈ. પરંતુ જો ત્યાં રાગ-દ્વેષ ક્રોધ-માન-માયા વગેરેના ભયંકર નુકસાન વિચારો, મનને ત્યાગી ગજસુકુમાલ, શાલિભદ્ર વગેરે મહાપુરુષોનાં પગલે વૈરાગ્ય-ઉપશમ ક્ષમા-નમ્રતા આદિ ભાવમાં ઝીલતું કરો, તો એ યોગસાધના થઈ.

એવી રીતે દેહ-દ્રવ્ય-કુટુંબ-કીર્તિની સાધનામાં જીવ પડ્યો, એના વર્તાવ-વાણી-વિચાર કરવા લાગ્યો, તો એ ભોગસાધના થઈ. પરંતુ જો જિન-જિનમત-જિનસંઘની આરાધનામાં વાણી-વિચાર-વર્તાવ આદર્યા તો એ યોગસાધના થઈ દા.ત. નહાવા બેઠા, ત્યાં મનને વિચાર્યું કે કાયાને શી વિસ્તારથી નવરાવવી ? શી બહુ સાબુથી રગડવી ? અને બહુ પાણી શા ધબકારવા ? એના બદલે પ્રભુના અંગે વિસ્તારથી પ્રક્ષાલ વિલેપન કરું, એમ કરી પોતાનું શરીર-સ્નાન ટૂંકે પતાવ્યું અને પ્રભુ પૂજા વિસ્તારથી કરી, તો એ યોગસાધના થઈ એમ, બે પૈસા રંગરાગમાંથી કાપી દયા-દાન-ભક્તિમાં લગાવ્યા તો એ યોગસાધના છે.

આ તો એક બે દાખલા; પરંતુ જીવનમાં ઠામ ઠામ આ રીતે ભોગસાધના-યોગસાધનાનો વિવેક કરી શકાય; ઘણીય ભોગસાધનાની ઉપર અંકુશ-ઓછાશ મૂકી



યોગસાધનાને આદરી શકાય. એકેક દિવસમાં આવી ઢગલાબંધ યોગસાધનાને અવકાશ છે, ને ભોગસાધનાની ઓછાશ કરી શકાય છે, દા.ત. રસ્તે જતાં રાગ-દ્વેષથી બચવા ડાફોળિયાં ન મારો, તો એ યોગસાધના છે. વાતચીતમાં દુન્યવી વાતને ટૂંકે પતાવો જેથી બાહ્યભાવમાં બહુ ન તણાઈ જવાય, તો એ યોગસાધના થઈ. દુકાન પર પાપથી બચવા સત્ય-નીતિનો વિચાર રાખો, તો એ યોગસાધના થઈ.

માનવજીવન યોગસાધનાના લાભાર્થે મળ્યું છે, ભોગસાધનામાં વેડફી નાખવા માટે નહિ, પશુજીવન જેવું બનાવવા માટે નહિ. આ ખૂબ ધ્યાનમાં રાખી જીવનને યોગસાધનાથી ભરચક કરીએ.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૦,અંક-૨૭,તા.૧૮-૩-૧૯૭૨

## (૨૩) ધ્યાન-વિકાસનાં ક્રમિક સોપાન

આજના ધાંધલિયા અને ખચ આર્તધ્યાનભર્યા યુગમાં અર્થી ભવ્યાત્માઓ મનને એથી બચાવવા અને શુભ વિષયમાં સ્થિર કરવા ચાહે છે, પ્રયત્ન પણ કરે છે, છતાં બહુધા નાસીપાસ થઈ પૂછે છે, કે 'મન કેવી રીતે સ્થિર કરવું ?' એથી અહીં એ માટે ક્રમિક પગરણનો વિચાર કરવામાં આવે છે.

શાસ્ત્રકારો મનની સ્થિરતાને અર્થાત્ એક વિષય પર મનની એકાગ્રતાને ધ્યાન કહે છે. એ શુભ પણ હોય અને અશુભ પણ હોય. અશુભ ધ્યાન ઈષ્ટ-અનિષ્ટ જડ પદાર્થના સંયોગ-વિયોગની લગન કે રોગ-પીડાની વ્યાકૂળતા પર યા હિંસાદિના માનસ પર ચાલે છે. ત્યારે શુભ ધ્યાન જિન-વચન, કર્મ વિપાક, રાગાદિના અનર્થ કે વિશ્વનાં સ્વરૂપને અવલંબીને ચાલે છે. એકમાં મન શુભમાં સ્થિર એકાગ્ર બને છે; ત્યારે બીજામાં મન અશુભમાં સ્થિર એકાગ્ર બને છે.

આ ઉપરથી સ્થિર શુભ ધ્યાન માટે પહેલું પગથિયું આ નક્કી થાય છે કે મન પરથી ઉપરોક્ત અશુભ વિષયો યાને ઈષ્ટ-અનિષ્ટ જડ પદાર્થોનો ભાર (ટેન્શન) કમ કરી નાખો; એ ભાર મનને શુભમાં જપવા નહિ દે, સ્થિર નહિ થવા દે. એવા એ ભારને મન પરથી ઓછો કરી દેવા માટે સ્વાભાવિક છે કે દુન્યવી પદાર્થો અંગેના રાગ-દ્વેષ તથા એની વાતોચીતો તથા પ્રવૃત્તિ ઓછી કરી નાખવી પડે. નિવૃત્ત થયેલા બુઝર્ગો છેવટે આ વાતોચીતોથી ય બચતા નથી એટલે જીવનના કાંઠે ઊભા છતાં મનની અસ્થિરતા-ચંચળતાની ફરિયાદ કરે પણ વળે શું ? માટે પહેલા નંબરે, બાહ્યની પ્રવૃત્તિ ખૂબ ઓછી અને વાતોચીતો નહિવત્ કરી દેવી જોઈએ.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

બીજા પગથિયે, ચૈત્યવંદન યા પ્રતિક્રમણાદિ કરતાં સૂત્રના અક્ષર પર મન કેન્દ્રિત કરવું. એ માટે જાણે સામે લખેલ સૂત્રપદોને અક્ષરે અક્ષર વાંચીએ છીએ એમ કરવું. આનો પ્રાથમિક અભ્યાસ શ્રી નમસ્કાર સૂત્રથી થાય.

સૂત્રોમાં પહેલું નમસ્કાર મહામંત્ર સૂત્ર. એના અભ્યાસ માટે આંખ અર્ધ મીંચેલી રાખી મીંચેલા ભાગની બહાર કલ્પનાથી પાના પર નવકાર લખેલો કે છાપેલો જોવો; યા લીલા પાટિયા પર સફેદ અક્ષરમાં નવકાર લખેલો જોવો. પછી નવકાર ગણવા કે બોલવા વખતે એમાંથી એકેક પદ અક્ષરશઃ વાંચવું. પહેલ-પહેલું એ ન ફાવે તો ચોપડીનું પાનું ખોલી એમાંથી વાંચીને પછી આંખ મીંચી વાંચવાનો અભ્યાસ પાડવો. એમ અભ્યાસ પડતાં, પછી વિના ચોપડીએ અર્ધમીંચી આંખે જાણે સામે પાનું વાંચીએ છીએ એ રીતે બરાબર અક્ષર વાંચવા.

આમ અક્ષરો અને પદો મન સામે બરાબર નિશ્ચિત થઈ જાય, અર્ધમીંચેલી આંખે બરાબર આબેહુબ દેખાય, પછી એને હૃદયકમળ પર સિદ્ધચક્રયંત્રની જેમ ગોઠવવા. વચલી કર્ણિકા પર પહેલું પદ, અને આઠ પાખંડી પર બાકીના આઠ પદ. પછી એ પદ ક્રમસર વાંચીને જાપ કરવો. એકાગ્રતાથી પદોનું આ ધ્યાન બરાબર લાગે ત્યારે પદસ્થ ધ્યાન આવે.

એ પછી પિંડસ્થધ્યાનનો અભ્યાસ. પિંડ એટલે આકૃતિ, દેહ. દા.ત. પિંડરૂપે અરિહંત એટલે આઠ પ્રાતિહાર્યે શોભતા તીર્થંકર ભગવાન. તે પણ, 'અરિહંતાણં' બહુવચન હોવાથી એક નહિ, પણ અનંત. 'નમો અરિહંતાણં' બોલતાં નજર સામે એ અનંત ભગવાન આવે, અને એમને આપણે નમસ્કાર કરી રહ્યા છીએ એવું દેખાય. એમ બીજા પદમાં સામે જ સિદ્ધશિલા પર સ્ફટિક જેવા નિર્મળ અનંત સિદ્ધ ભગવાન જોઈ એમને નમસ્કાર. ત્રીજા પદમાં, સામે વ્યાખ્યાનપાટ પર બિરાજમાન અનંત આચાર્ય મહારાજ આચારનું પ્રવચન આપતા દેખી એમને નમન. ચોથા પદમાં, સામે અનંત બાજોઠ પર અનંત ઉપાધ્યાય હાથમાં પુસ્તક રાખી એમની સામે બેઠેલી પોતપોતાની સાધુમંડળીને ભણાવી રહેલા દેખાય; એમને નમન. પાંચમા પદ વખતે, અનંતા સાધુ મહારાજો કાઉસ્સગ્ગ-ધ્યાનમાં ઊભેલા દેખી એમને નમસ્કાર કરતા હોઈએ, એ અનંતના ચરણમાં આપણા અનંત મસ્તક નમતા હોય એવું દેખાય.

'એસો પંચ નમુક્કારો' બોલતી વખતે આ પાંચે અનંત પરમેષ્ઠી એક ઊભી યા આડી લાઈનમાં ક્રમશઃ ગોઠવાયેલા દેખવાના. અને એમને નમસ્કાર દેખવાનો. એ પછી બાકીના ત્રણ પદ બોલતાં, એ નમસ્કાર સમસ્ત રાગાદિ પાપોનો નાશક છે અને સર્વ મંગલોમાં શ્રેષ્ઠ અંતરાયઘાતક મંગલ છે એમ અનુમોદના કરવાની



'અહો કેવો અદ્‌ભુત નમસ્કાર !' એમ હર્ષ-આશ્ચર્ય-રોમાંચ-ગદ્‌ગદતા અનુભવવાના.

આવું દરેક નવકાર વખતે જોવાનું અનુભવવાનું. સ્વીચ દાબતાં ઝટ લાઈટ થાય, એમ તે તે પદ બોલતાં તરત એનો એનો પદાર્થ સામે દેખાય, એવો અભ્યાસ પાડવાનો.

આ બધું અંતરમાં જોવાનું. એને આંતરદર્શન કહેવાય. પછી એવો આંતરશ્રવણનો પ્રયોગ થઈ શકે. એમાં લલાટની અંદરના ભાગમાં કોઈ મુખ એકેક પદ બોલતું દેખાય, એના હોઠ ફફડતા દેખાય, અને એ બોલાતું એકેક પદ આપણે સાંભળીએ છીએ એવી કલ્પના કરવાની. હોઠ પર ધ્યાન રાખવાથી પદ બોલાતું ખ્યાલમાં આવશે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૦,અંક-૨૮,તા.૨૫-૩-૧૯૭૨

## (૨૪) જીવનમાં દુઃખ શાનું ? અને કર્તવ્ય શું ?

### (લેખાંક-૧)

'જીવનમાં ધર્મ નહિ થઈ શકવાનું દુઃખ છે ? યા ઓછો થવાનું દુઃખ છે ?' બાહ્ય દુઃખ-આપત્તિ-સંકટ આવતાં મન દુઃખ અનુભવે ત્યારે આ પ્રશ્ન વિચારવા જેવો છે. જો એ વિચારાય ને મનને ધર્મ ન આચરી શકાવાનું અથવા ઓછો આચરવાનું દુઃખ લાગે તો બાહ્ય આપત્તિનું દુઃખ મનને એટલું નહિ લાગે.

આજના ભૌતિક વાવાઝોડાવાળા યુગે ધર્મ ન થઈ શકવાનું દુઃખ ભૂલાવી દીધું છે; કેમ કે આજના યુગે પરલોકદૃષ્ટિ ભૂલાવી દઈને માત્ર આ લોકની રાક્ષસી વિરાટકાય ચિંતા-ઝંખના ઊભી કરી દીધી છે. વિજ્ઞાને એવી ભૌતિક સગવડો ઊભી કરી આપી છે, સમાજમાં એવી રીતરસમો ચાલુ થઈ ગઈ છે, અને પરસ્પરની વાતો એટલી બધી જડસંબંધી ચાલે છે, કે માણસનું ચિત્ત માત્ર જડમાં જ રમ્યા કરે, માત્ર આ લોકના સુખદુઃખ જોયા-વિચાર્યા કરે, આત્મા કે પરલોક ઉપર દૃષ્ટિ જ ન લઈ જાય.

દા.ત. રેડિયો સાંભળો કે છાપાના સમાચાર વાંચો, એમાં આત્મા કે પરલોકનો વિચાર આવવાને અવકાશ છે ? એમ ટ્રેન, બસ, ટપાલ, તાર, કૉલ વગેરેની કે હોટલ-સિનેમા-લાઈટ-પંખા-ગેસચૂલા આદિની સગવડ ભોગવતાં આત્માનો કે પરલોકનો વિચાર આવે ખરો ? એમ કેટલીય આજની ફેન્સી ચીજો, સગવડો મનોરંજનો વગેરે ભોગવતાં એ વિચારને જગા છે ? એમ નવરા પડ્યા કે દુઃખના



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

માર્યા કોઈની સાથે વાતમાં પડ્યા તો ત્યાં આત્મા કે પરલોકની વાત ચાલે ?

એમ, આજની લગ્નપદ્ધતિ, લગ્નોત્તર જીવનપદ્ધતિ, વેશપદ્ધતિ, મરણોત્તર ક્રિયાપદ્ધતિ, પરસ્પરના વિવિધ સંબંધ જાળવવાની પદ્ધતિ,... વગેરેમાં ક્યાંય આત્મા કે પરલોકના વિચારને સ્થાન ખરું ? અરે ! ધર્મક્ષેત્રમાં ય દા.ત. પર્યુષણામાં સ્વપ્ન-પારણાની બોલી, યા તખ્તી કે ઈમારત પર નામ ચડે એવાં દાન, અથવા પૂજા-ઉત્સવ વગેરે ય કરતાં સ્વાત્મા કે પરલોકનો વિચાર કેટલો ? સમાજની રીતરસમો જ એવી થઈ ગઈ છે કે એ વિચારને જગા જ ન રહે. દા.ત. પૂજા રાખી હોય તો બિચારો મે'માનોને લેવા-મૂકવા જવામાં એવો પડ્યો હોય કે એના જ વિચારમાં પેલો વિચાર ક્યાં કરવા બેસે ? ધર્મપ્રવૃત્તિમાં ય જો આ નહિ, તો દુન્યવી પ્રવૃત્તિ વખતે આની શી આશા ?

અફસોસી તો પાછી એ છે કે સ્વાત્મા કે પરલોકનો વિચાર ન હોવાનું દુઃખ પણ નથી. જો એ નહિ, તો પરલોક સુધારનાર ધર્મ ન થઈ શકવાનું કે ઓછો થવાનું દુઃખ શાનું લાગે ?

ત્યારે, માનવજનમની કિંમત જનમ-મરણના ફેરા ઓછા કરવા માટે છે. જડની અને આ લોકની જ ચિંતા તો જન્મ-મરણના ચક્રાવા વધારી દેનારી છે. શું એ કરીને આ માનવભવ સારો જીવ્યા ગણાય ? દુનિયાની સામે જોવા જેવું નથી કે બીજાઓ શી રીતે જીવન જીવે છે; કેમ કે મોટાભાગની દુનિયા આજે માત્ર આ લોકના વિચારમાં જ મૂઢ બનેલી છે. એની પૂંઠે ચાલવામાં તો તારણહાર ભગવાન જિનેશ્વરદેવ અને એમના શાસન સામે જોવાનું રહી જશે; છતે તારક શાસને, મારક લોકપ્રવાહમાં અંધ ગાડરની જેમ તણાઈ પોતાનું જ જીવન પોતાના જ હાથે શ્રાપરૂપ બનાવવાનું થશે.

એ તો સમજી જ રાખવું પડે કે 'જગતમાં રતન ઓછાં, ચંદન ઓછું, રતન અને ચંદનની રીત-રસમ ઓછામાં; એમ જિનભક્ત અને શાસનાનુસારી ઓછા. એમાં જ મારે નંબર રાખવો છે. મારે જડમગ્ન બહુ લોકોમાં નથી ભળવું, એમની સામે જોઈ એમની પૂઠે નથી તણાવું. આ માટે મારે ડગલે ને પગલે મારા આત્માનો ને પરલોકનો વિચાર રાખ્યા કરવો છે, ને એને સુધારનાર ધર્મને શક્ય એટલો વિચાર-વાણી-વર્તાવમાં ઉતારવો છે.' આ સમજ પાકી કરીને એનો અમલ કર્યે જવાનો.

આ જો બની આવે તો પછી ધર્મસાધના થાય તે માત્ર સ્વાત્માનું સુધારવા માટે, પોતાના રાગદ્વેષ કામ-ક્રોધ-લોભ મદ-મત્સર વગેરે સંસારવર્ધક દોષોમાં ખૂબ ઘટાડો કરવા માટે, અને પરલોક સુધારવા, પરલોકમાં સદ્ગતિ અને સારા સંસ્કારોનો



વારસો મળે એવા સુસંસ્કારો અહીં ઊભા કરવા માટે. ધર્મસાધનાઓ આ માટે કર્યે જવાની. આ માટે જ ધર્મવાણી અને ધર્મવિચારો થોકબંધ રાખવાના.

આ બની આવ્યાથી પછી સંયોગ-પરિસ્થિતિવશ ધર્મવચન બોલવાનું કે ધર્મપ્રવૃત્તિ કરવાનું જ્યાં નહિ બને ત્યાં એનું દુઃખ લાગશે. એવું દુઃખ પૈસાની કમી, આરોગ્યની ખામી કે પરિવાર સન્માન વગેરેની ઓછાશમાં નહિ લાગે. ધર્માત્માપણું જ આ કે મુખ્યતાએ ધર્મની ઓછાશનું દુઃખ લાગે; બીજા દુઃખ તો ગૌણ લાગે. કેમ કે એ સમજે છે કે બીજા સુખદુઃખ તો શુભાશુભ કર્મને આધીન છે; ને એ કાંઈ આત્માનું સુધારવાના નથી.

જીવનમાં ધર્મની ઓછાશનું દુઃખ પણ માત્ર 'અરેરે ! મારે ઠીક ધર્મ નથી થતો.' એવા રોદણાંરૂપ નહિ, કિન્તુ સાથે દુન્યવી સુખ-સગવડમાં બેચેનીરૂપ વૈરાગ્યરૂપ ઉદાસીનતારૂપ હોય. શ્રીમંત બાઈને એકનો એક લાયક દીકરો અકસ્માતમાં મરી ગયાથી પતિનું સુખ, બંગલો, મોટર, ઊંચા ખાનપાન-વેશ-દાગીના વગેરેમાં કેવી ગ્લાનિ-બેચેની લાગે ? ધર્માત્માને સંયોગવશ ધર્મની ઓછાશમાં દુન્યવી સુખ-સગવડ એવા ગ્લાનિકર લાગે; અને એ ધર્મ વધારવાની તક જોયા કરે, ધર્માત્માનું આ લક્ષણ.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૦,અંક-૨૯,તા.૧-૪-૧૯૭૨

## (૨૫) (લેખાંક-૨)

ગયા લેખમાં એ જોયું કે ધર્માત્માનું લક્ષણ આ, કે એને મુખ્યતયા આત્મા અને પરલોકની ચિંતા જાગતી રહે. તેથી જ જીવનમાં પૈસા ટકાની કમીનું નહિ, એવી ધર્મની ઓછાશનું દુઃખ લાગ્યા કરે, ને દુન્યવી સુખ-સગવડો પર ગ્લાનિ રહે. આપણી જાતને આપણે ધર્મી માનીએ છીએ તો તપાસવાનું કે 'આપણામાં આ લક્ષણ છે ? ધર્મની ઓછાશને લીધે મન દુઃખિત રહ્યા કરે છે ? દુન્યવી સુખ-સગવડ વખતે ખુશી-ખુશી ન બનતાં, જેમ અકસ્માતથી દીકરો ગુમાવેલ શ્રીમંત બાઈને ઊભેલાં સુખ અકારાં લાગે, એમ અકારાં લાગે છે ?'

જીવનમાં ધર્મ નથી તો આત્મા અને પરલોકને સરાસર બગાડનાર આ સુખ-સગવડને શું કરવાના ? 'એવી મનને બેચેની રહે છે' આ જોવાનું. જોઈને એ બેચેની ઊભી કરવાની સાથે ધર્મની તક ઝંખવાની, અને તક મળતાં ધર્મમાં લાગવાનું.

આ એક કર્તવ્યની સાથે બીજું કર્તવ્ય એ છે કે આ વિચાર જોઈએ કે 'મારે અમુક અમુક ધર્મની ઓછાશ કેમ છે ? દા.ત. શરીર નબળું રહી ત્યાગ અને



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

તપસ્યા કેમ નથી થતી ? એનું કારણ અશાતા-વેદનીયકર્મ વીર્યાંતરાયકર્મ વગેરે ઉદયમાં વર્તે છે એ છે ? કે હજી મને ખરેખર એ ત્યાગ-તપ અનંત કલ્યાણકર લાગ્યા નથી ? એની એવી ગરજ કે ભૂખ જાગી નથી એ છે ?

જો એ ધર્મ અનંત કલ્યાણકર નથી લાગ્યો, અને એની એવી ભૂખ-ગરજ નથી જાગી, તો શ્રી મહાવીરપ્રભુ, શાલિભદ્ર, વગેરે મહાપુરુષોનાં જીવન વિચારવા. મનને કહેવું કે 'શું એ મહાપુરુષોએ એ ભગીરથ ત્યાગ અને તપ આદર્યાં તે એમનામાં અક્કલ નહોતી ? ને રાગ ને ભોગમાં રાચનાર મારામાં જ અક્કલ છે ? કોઈ ઊંચા પર્વત સાથે અજાણ્યે અથડાવા જઈ રહેલ એરોપ્લેનમાં બેઠેલો માણસ વિમાનની સહેલની મજા માણે એ કેટલો દયાપાત્ર ? એવી આ વૈભવ અને ભોગની સહેલ છે. મૃત્યુના પહાડ સાથે અથડાવા એ ધસમસ જઈ રહી છે. એમાં શું રાચે ? શી મજા માણે ? એ તો મૂઢતા છે, બેવકૂફી છે. મહાપુરુષોએ આચર્યું એ જ અક્કલભર્યું છે. એથી જ એ અનંત કલ્યાણ સાધી ગયા.'

આમ ત્યાગ-તપ વગેરેને અનંત-કલ્યાણકર માની એની ભૂખ એની ગરજ ભારોભાર ઊભી કરવાની.

હવે એ કર્યા પછી પણ દેખાતું હોય કે સંયોગવશ યા અંતરાયવશ અમુક અમુક ધર્મ નથી સાધી શકતા, તો ત્યાં બીજાનો વાંક ન જોતા આપણા અશુભ કર્મનો વાંક જોવો. સુંદરીને ભરતે પટ્ટરાણી કરવાની ઈચ્છાથી દીક્ષા લેતા અટકાવી, તો સુંદરીએ એનો વાંક ન જોતાં પોતાના રૂપ-સૌંદર્યનો અને અંતરાયકર્મનો વાંક જોયો, ને એ સૌંદર્ય નષ્ટ કરવા તથા અંતરાયકર્મ તોડવા સાઠ હજાર વર્ષ આંબેલ કર્યા. એમ આપણે પણ કર્મનો વાંક જોઈ એ કર્મને તોડવાના શક્ય ઉપાયભૂત દયા-દાન, વ્રત-નિયમ, ત્યાગ-તપસ્યા ને જિનભક્તિ-સાધુસેવાદિમાં યથાશક્ય લાગી પડવું જોઈએ. તેમજ દેખીતા અંતરાય કરનારા બીજાનો જરાય વાંક ન જોતાં, એના પર સહેજ પણ દ્વેષ નહિ કરવાનો.

કર્મનો વાંક જોવા ઉપર પણ વિશેષ કર્તવ્ય આ છે કે એ કર્મ પૂર્વભવે શી રીતે ઊભા થયા એ જોવું. અર્થાત્ 'કેવાં કેવાં દુષ્કૃત મારા જીવે પૂર્વે આચરેલાં કે એથી આ અશુભ કર્મ ઊભા થયાં ?' એ વિચારવાનું. જો આ વિચારાય તો **વર્તમાનની ધર્મની ઓછાશનાં દુઃખ કરતાં આ પૂર્વભવના દુષ્કૃતનું દુઃખ બહુ લાગે.**

વિચારવા જેવું છે કે વર્તમાનમાં ધર્મ નથી થતો એ ખટકે છે, પણ એ ન થઈ શકવામાં મૂળ કારણભૂત આપણાં પૂર્વના દુષ્કૃત ખટકે છે ખરા ? એમ ધર્મ ન થવા દેવામાં અહીંનો કાયા સુદ્ધાં દુન્યવી પદાર્થો પર રહેતો રાગ કારણભૂત છે.



એ રાગ ખટકે ખરો ? પૂર્વનાં દુષ્કૃતો અને અહીંના રાગનું દુઃખ બહુ લાગે છે ?

'અરેરે !' મારાથી ત્યાગ નથી થતો, તપ નથી થતો, ઉંમર થઈ ચારિત્ર નથી લેવાતું...,' આવાં રોદણાં રોવા કરતાં તો આ રોવું જોઈએ કે 'અરેરે ! મેં પૂર્વભવે વિષયવિલાસનાં જૂઠ-અનીતિનાં, બીજાનાં સુખ ઝડપવાનાં... વગેરે કેવાં દુષ્કૃત કર્યાં કે એના કર્મે અહીં મારે ધર્મ મોંઘો થાય છે ? તેમ અરેરે ! અહીં પણ મારો કાયા-કંચન-કુટુંબ આદિ દુન્યવી પદાર્થ પર કેવો જાલિમ રાગ કે એથી મને ધર્મની હોંશ નથી થતી ?' આ હૃદયરુદન કરવાનું મહાન કર્તવ્ય છે. એ સાચેસાચ થાય, એના પર જીવનમાંથી દુષ્કૃત્યો અને કાયા-માયા પરના અંધ રાગ ઓછા કરતા ચાલવું જોઈએ.

ધર્મની ઓછાશ પર દુઃખ થતું હોય, ત્યારે આ પણ એક જબરદસ્ત કર્તવ્ય બની રહે છે કે જેવી રીતે માણસને બેચાર ઠેકાણે દુકાનો હોય, અને એમાંની એક દુકાને આવક ઓછી થાય; તો એ બીજી તરતી દુકાનોએ વિશેષ લક્ષ રાખી વિશેષ પુરુષાર્થથી ધંધો કરે છે, અને પેલી ઓછાશ પૂરી કરે છે, એવી રીતે આપણી પાસે દયા-દાન-શીલ તપ જિનભક્તિ, સાધુસેવા, જિનવાણીસ્વાધ્યાય, ત્યાગ, ઉદારતા, સહિષ્ણુતા, પરોપકાર, મૈત્રીભાવ વગેરેની ઘણી દુકાનો છે, ધર્મનાં ઘણાં અંગો છે. એમાં માનો કે કોઈ ખાતે એટલી આરાધના નથી થઈ શકતી એનું આપણને દુઃખ થાય છે, તો બીજા સુલભ ધર્મખાતાઓમાં પુરુષાર્થ વધારી દેવો જોઈએ. દા.ત. જાતે ચારિત્ર નથી લઈ શકાતું. તો ચારિત્રના ઈચ્છુક આત્માને સહાયક બની શકાય. જાતે જ્ઞાન નથી ભણી શકતા, તો બીજા ધાર્મિક સારુ ભણે એમાં તન-મન-ધનથી સારા પ્રેરક-સહાયક થઈએ. તપસ્યા નથી થઈ શકતી, તો તપસ્વીઓની ભક્તિ કરીએ; એમ આપણા જીવનમાં ત્યાગવૃત્તિ, દાન, ધર્મપ્રવૃત્તિ વધારીએ.

સારાંશ, ધર્મની ઓછાશ એ જ જીવનમાં ખરું દુઃખ લાગે. એ લાગીને કર્તવ્ય આ,-(૧) પૈસા ટકા વગેરેનું એવું દુઃખ ન લાગે. (૨) સુખ-સગવડમાં બેચેની રહે. (૩) ધર્મની ઓછાશમાં બીજાનો વાંક ન જોતાં કર્મનો વાંક દેખાય. બીજા પર દ્વેષ ન કરતાં કર્મ પર ધિક્કાર છૂટે. (૪) એ કર્મને ઊભાં કરનારાં પૂર્વ ભવનાં પોતાનાં દુષ્કૃત્યો પર નફરત છૂટી અહીં દુષ્કૃત્યોને ઓછા કરવા ઘટાડવા પર લક્ષ અને પુરુષાર્થ રહે. (૫) ધર્મની ઓછાશમાં અહીંના કાયાદિ દુન્યવી પદાર્થ પરનો રાગ પણ કારણભૂત માની, એ રાગને ઓછો કરતા જવાય. તથા (૬) એક ધર્મખાતે ઓછાશ છે તો એની પૂર્તિ કરવા બીજા ધર્મખાતાઓમાં લક્ષ અને મહેનત વધારાય.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

## ૨૬ બાહ્યતપનો અનંતગુણ મહિમા અને તેનું રહસ્ય

(લેખાંક-૧)

**'તે ભવ મુક્તિ જાણે જિનવર, ત્રણ ચઉ જ્ઞાને નિયમા;**
**તો પણ તપ-આચરણ નવિ મૂકે, અનંતગુણો તપમહિમા.**
**હો પ્રાણી ! તપપદને પૂજીજે.'**

જૈનશાસનનું હાર્દ તપ. એના ગુણ ગાતાં કવિએ આ બતાવ્યું કે શ્રી જિનેશ્વર ભગવંતો જનમથી મતિ-શ્રુત-અવધિ એ ત્રણ જ્ઞાનવાળા, અને ચારિત્ર લે ત્યારે ચોથા મન પર્યાયજ્ઞાનવાળા થઈને તે ભવના અંતે પોતાનો મોક્ષ નક્કી છે એવું જાણવા છતાં તપ આચરણ છોડી ખાનપાન-આરામ-સુખશીલતા વગેરેમાં નથી પડતા, કિન્તુ બાહ્ય-આભ્યન્તર બંને પ્રકારના તપની આરાધનામાં ઓતપ્રોત બની જાય છે. આમ ભગવાન જેવા પણ તપનો આશ્રય લે, તપમાં લાગી જાય, એ બતાવે છે કે તપનો મહિમા અનંતગુણ છે, તપનું અથાગ મહત્ત્વ છે.

આ મહિમા-મહત્ત્વ શું ? અને એ અનંતગુણ કેમ ? તથા એનું રહસ્ય શું ?

તપનો મહિમા એ છે, કે એ (૧) અશુભ કર્મોને તોડી નાખે છે, (૨) પુણ્યબળ-પુણ્યસમૃદ્ધિ વધારી દે છે, તેમજ (૩) આહારાદિ સંજ્ઞાઓના કુસંસ્કાર તોડી તેમજ દેહાધ્યાસનો નાશ કરી, અનાહારીપણું-સ્વસ્થતા અને નિર્મળજ્ઞાનદશા વગેરે આત્મગુણોમાં રમણતાને સુલભ કરે છે.

તપ બે પ્રકારે,-બાહ્ય અને આભ્યન્તર; ને એ દરેક ૬-૬ પ્રકારે. એમ તપના કુલ બાર પ્રકાર. એ દરેકને જોઈએ તો દેખાય કે જાલિમ આહારાદિ સંજ્ઞાઓ, દેહાધ્યાસ યાને શરીરમાં હું પણાનો ખ્યાલ તથા શરીરની આસક્તિ, ને ઇન્દ્રિયોની સ્વેચ્છાચારિતા વગેરે દોષોમાંથી એક યા બીજા દોષનો એ દરેક તપ પ્રતિપક્ષી છે, વિરોધી છે. એ આ રીતે,-

| બાહ્યતપઃ- | ૧. અનશન | ૨. ઊનોદરી | ૩. વૃત્તિસંક્ષેપ | ૪. રસત્યાગ | ૫. કાયકલેશ | ૬. સંલીનતા |
|---|---|---|---|---|---|---|
| કયા દોષને દાબે | આહાર સંજ્ઞા | ભોજનમાં અતૃપ્તિ | લભ્ય સર્વદ્રવ્યોના ભોગની લાલસા | લભ્ય સર્વ રસોના ભોગની લાલસા | સુખ-આરામીની લાલસા | મન-વચન-કાયા ઈન્દ્રિયોની યથેચ્છ પ્રવૃત્તિ |



| આભ્યંતર તપઃ- | ૧. પ્રાયશ્ચિત્ત | ૨. વિનય | ૩. વૈયાવચ્ચ | ૪. સ્વાધ્યાય |
|---|---|---|---|---|
| વિરુદ્ધ દોષઃ- | પાપ છૂપાવવાં | અહંત્વ, આશાતના | હરામ હાડકાં, સ્વાર્થાંધતા | પ્રમાદ, અસત્ વિકલ્પો, અશુભયોગ |

| ૫. ધ્યાન | ૬. કાયોત્સર્ગ |
|---|---|
| મનની ચંચળતા શૂન્યતા, આર્ત-રૌદ્ર ધ્યાન, કષાય | દેહાધ્યાસ, વાચાલતા, મન-વચન-કાયાની ચંચળતા, મનની અશુભ રમણતા... |

આ નોંધમાં નીચે દોષો સામાન્યથી બતાવ્યા છે. એમાં અવાન્તર અનેક દોષ સમજવાના. તે તે દોષોથી વિરુદ્ધ યાને પ્રતિપક્ષી તે તે તપ છે. તે તે તપમાં જોડાવાથી એ એ દોષ નાશ પામતા આવે. દા.ત. (૧) ખાઉં-ખાઉંની લત છે, તો અનશન યાને ઉપવાસ એકાશન, બિયાસણું યાવત્ 'અમુક ટંકથી વધુ ન ખાવું,' એમ દુવિહાર-તિવિહાર-ચોવિહાર કર્યો, ત્યાં એટલી એ ખાઉં-ખાઉંની લત યાને આહારસંજ્ઞા દબાવાની, (૨) ભૂખ છે છતાં ચાહીને ચાર કોળિયા લેવા ઓછા કર્યા એટલી ભોજનની અતૃપ્તિ દબાવી. (૩) ભોજનમાં આખા દિવસમાં ૧૫થી વધુ દ્રવ્ય યા એક ભાણે ૭ થી વધુ દ્રવ્ય ન લેવાં એમ વૃત્તિસંક્ષેપ-તપ કર્યો તો લભ્ય બધાં જ દ્રવ્ય વાપરવાની લાલસા પર કાપ પડ્યો,... એમ બધે.

તપથી (૧) આ બધા દોષો કપાય, એના કુસંસ્કાર નાશ પામતા આવે, એમ (૨) એ દોષોથી બંધાયેલ કર્મો પણ નષ્ટ થતા જાય, એ પણ સ્વાભાવિક છે. સાથે, (૩) તે તે તપમાં તેવા તેવા શુભ ભાવ રહેવાથી, 'જં જં સમયં જીવો...' અર્થાત્ 'જે જે સમયે જેવા શુભ-અશુભ ભાવ, તેવા શુભ-અશુભ કર્મનો બંધ.' એ સૂત્રના અનુસારે તપથી શુભ કર્મ યાને પુણ્યનો સંચય પુણ્યબળ વધતું જાય.

હવે એ જોઈએ કે તપનો આ મહિમા 'અનંતગુણ' કેમ કહ્યો ? એનો ખુલાસો આ છે, કે (૧) દોષો સેવી સેવીને અસંખ્ય જન્મોના એકત્રિત થયેલા અનંતા કર્મોના ભાર આત્મા પર ઊભા છે, એ આ તપ તોડી નાખે છે. તપમાં અનંત કર્મોને તોડવાનું સામર્થ્ય એ એનો અનંતગુણમહિમા થયો. વળી (૨) દોષો અનંતા છે, એકેક દોષ એના અનંત વિષયથી અનંત છે. દા.ત. નિર્મર્યાદ ખાવાની લત, ગમે તે દ્રવ્ય ગમે તે તે રસ વાપરવાની લાલસા, એના વિષય જગતમાં અનંત પડેલા છે. માટે એ વિષયનો દોષ અનંત કહેવાય. અનશન વૃત્તિસંક્ષેપ-રસત્યાગરૂપી તપથી એ અનંત પર કાપ પડે; માટે તપનો અનંતગુણ પ્રભાવ કહેવાય. એમ, (૩) આત્મા પર અનંત કાળના અભ્યાસથી દોષોના અનંતા કુસંસ્કાર પડેલા છે, એ તપથી નષ્ટ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

થતા આવે, તેથી પણ તપનો અનંતગુણ મહિમા સિદ્ધ થાય છે.

(૪) એમ, જો કે આત્મા પર કર્મ વધુમાં વધુ અસંખ્ય કાળના હોય, અનંત કાળના નહિ. કિન્તુ એ કર્મ સાથે રહેલ બીજશક્તિ યાને પાપાનુબંધ અનંત કાળ સુધી પાપકર્મની પરંપરા ચલાવી શકે છે. એવા પાપાનુબંધ અને કર્મોની પરંપરા અનંતા ભવની, પણ એને તોડનાર તપ માત્ર ગણતરીના ભવોનો એટલે કહેવાય કે એ તપે અનંતગુણું કામ કર્યું. માટે તપનો અનંતગુણ મહિમા.

તીર્થંકર-ભગવંતોએ આવા અનંતગુણ મહિમાવાળા તપને તીર્થંકર બનવા પૂર્વે આરાધ્યો, તે માત્ર આભ્યન્તર તપના પુરુષાર્થ નહિ, કિન્તુ ધરખમ પુરુષાર્થ બાહ્ય તપનો પણ કરીને; ખાધે-પીધે દિવાળી અને એશઆરામ સુખશીલતા આદરીને નહિ, કિન્તુ અનશન, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ કરીને, તથા અનેક પરિસહો અને ઉપસર્ગો સહવાના ઉગ્ર કાયકલેશ આદરીને તેમજ ધમધોખ તાપમાં માત્ર ખરે બપોરે વિહાર (ખુલ્લા પગે પ્રવાસ) અને બાકી સમય-લગભગ ખડે પગે રહેવાનું, તે રાતભર પણ, એવાં ઘોર કાયકષ્ટ આવકારીને, ત્યારે પ્રભુ પોતાની જાત માટે પણ આવા આવા બાહ્ય તપનો ય અનંતગુણ પ્રભાવ સમજ્યા હશે ને ?

તો આવા બાહ્ય તપનું શું રહસ્ય છે, તે હવે જોઈએ.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૦,અંક-૩૧,તા.૧૫-૪-૧૯૭૨

## (૨૭) (લેખાંક-૨)

ગયા લેખમાં તપનો અનંતગુણ મહિમા, અને તીર્થંકર ભગવાનની અતિ કઠોર બાહ્યતપની ભરચક સાધનાઓનો વિચાર કર્યો. હવે એ બાહ્યતપનાં અનંત ગુણમહિમાનું રહસ્ય વિચારીએ.

એમ નથી માનવાનું કે 'જીવે અનંતવાર ચારિત્ર લઈને બાહ્યતપ તો અનંતીવાર કર્યા, તો પછી હજી ય રખડતો કેમ રહ્યો ? માટે બાહ્યતપ નિરર્થક છે;' આવું માનવા જેવું નથી, કેમ કે એમ તો શું ચારિત્ર લઈને વિનય-વૈયાવચ્ચ-સ્વાધ્યાય-કાયોત્સર્ગ વગેરે આભ્યન્તર તપ પણ નહિ કર્યા હોય ? જરૂર કરેલા. પણ ખરી વાત એ છે કે બાહ્ય-આભ્યન્તર બંને ય પ્રકારના તપ કરવામાં ઉદ્દેશ મલિન હતો, ભાવ દુન્યવી આશંસાના હતા. કર્મની નિર્જરા, દોષોનો હ્રાસ, આત્મ-શુદ્ધિ અને મોક્ષપ્રાપ્તિનું લક્ષ જ નહોતું, એના ભાવ જ નહોતા. તો પછી એવા શુદ્ધ ઉદ્દેશ વિનાની ક્રિયા તે તે પ્રકારના ઉચ્ચ લાભ શી રીતે આપી શકે ? ભાવ શુદ્ધ હોય તો એ જ ક્રિયાઓ ઊંચે ચડાવી તારનારી બને છે, એ જ તપ મહાફળ દે છે.



એટલે શુભ ભાવ ન હોવાના વાંકે તપથી ફળ ન દેખાય, એથી કાંઈ તપનો મહિમા જરા ય ઓછો નથી ઠરતો. ભણવાનો ઉદ્દેશ જ ન હોય, રખડવાનું જ લક્ષ હોય એવો છોકરો બાપના દબાણથી પરાણે ભણવાની મહેનત કરતો દેખાય એથી એ સારું ભણતર થોડું જ પામી શકે ? કુલટા કે વિરોધી બનેલી સ્ત્રી પતિની ગમે તેટલી સેવા કરે તો પણ એના દિલમાં પતિ પ્રત્યે સારા ભાવ થોડા જ આવી શકે ? વફાદાર દેશસેવકને કેદ કરી દુશ્મન નેતા એની ગમે તેટલી સરભરા કરે, તેથી એ દેશસેવકના દિલમાં થોડો જ સદ્ભાવ પેદા કરી શકે ? બસ, એ જ રીતે દિલમાં માત્ર દુન્યવી આકાંક્ષા રાખીને, શું બાહ્ય કે શું આભ્યન્તર, ગમે તેટલો તપ કરે, ને સંયમ પાળે, એથી કાંઈ એના દિલમાં મોક્ષના આત્મકલ્યાણના ભાવ ન જાગી શકે.

છતાં તપ-સંયમનું મહત્ત્વ જરાય ઓછું નથી. જીવને દુરભવ્યતામાં સંસારસુખનો એટલો બધો આંધળો રસ, કે ચારિત્રધર્મને મોક્ષના શુભ ઉદ્દેશથી સાધવાની કોઈ વાત કરે તો ય મનને થતું કે-'મોક્ષ શો, ને વાત શી ? મોક્ષ અને મોક્ષ-સુખ જેવું કાંઈ છે જ નહિ. સુખ તો વિષયોમાં છે. આપણે તો એ જ જોઈએ.'- આમ જ્યાં મોક્ષથી વિરુદ્ધ જ ભાવ હોય ત્યાં અનંતવાર ચારિત્ર પાળે ને તપ કરે, તો પણ મોક્ષ ક્યાંથી થાય ? દુષ્ટ આશયના જોરદાર સંસ્કાર દિલ પર પ્રભુત્વ ધરાવે છે, મોક્ષના ભાવ જાગવા જ નથી દેતા.

બાકી, જો આશય શુદ્ધ છે, જન્મ-મરણનાં કારમા ત્રાસથી છૂટી મોક્ષ પામવાની લગન છે, તો બાહ્ય આભ્યન્તર બંને પ્રકારના તપનું ખાસ મહત્ત્વ છે. એમાં બાહ્ય તપનું મહત્ત્વ પૂર્વ લેખમાં વિચાર્યા મુજબ, તીર્થંકર ભગવાનની છ એ પ્રકારના બાહ્યતપની જોરદાર સાધનાથી સૂચિત થાય છે. હવે એ મહત્ત્વની પાછળ રહસ્ય શું એ વિચારીએ.

બાહ્યતપનું ખાસ મહત્ત્વ હોવા પાછળ રહસ્ય આ છે, કે એ અવિરતિને અટકાવે છે; ને તેથી અવિરતિથી લાગતા ભારી કર્મબંધને અટકાવે છે, તેમજ ઈન્દ્રિય-મનની આસક્તિ પર અંકુશ મૂકે છે.

કર્મબંધન લાગવાના મૂળ હેતુ ચાર,-મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ. ચોથા કર્મગ્રંથમાં કર્મબંધનાં આ ચાર હેતુના ઉત્તર ભેદ સત્તાવન(૫૭) બતાવ્યા. એમાં મિથ્યાત્વના ૫, અવિરતિના ૧૨, કષાયના ૨૫, અને મન-વચન-કાયયોગના ૧૫ ભેદ કહ્યા. આમાં અવિરતિના ૧૨ ભેદ આ રીતે, હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ અને રાત્રિભોજન, એ છની પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ-વિરામ-વિરતિ ન હોવી એ ૬; તેમજ પાંચે ઈન્દ્રિયો અને મન એમ છની પોતાના વિષયોની આસક્તિ હોવી



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

એ ૬. એમ કુલ ૧૨ પ્રકારની અવિરતિ છે. એથી ભારે કર્મબંધ થયા કરે છે.

હવે જો બાહ્યતપ નથી આચરવો તો આ ઈન્દ્રિયો અને મનની ૬ અવિરતિ ઊભી રહે છે. કેમ કે બાહ્યતપ ન કરવા દેનાર આ ઈન્દ્રિયો અને મનની વિષયાસક્તિ છે, ને આસક્તિના કારણે એ વિરતિમાં નથી આવતા.

દા.ત. બાહ્યતપમાં પહેલું અનશન, યાને સર્વથા કે અમુક ટંકના ખાનપાનનો ત્યાગ. આ કોણ નથી કરવા દેતું ? કહો, મનની આહારસંજ્ઞા. મનને એમ થાય છે કે 'ઉપવાસ કરું તો ખાવાનું રહી જાય.' 'એકાશન કરું તો સાંજનું ભોજન જાય !' બેસણું કરું તો છૂટા રહીને જે ચાહનાસ્તો કે મુખવાસાદિ ગમે ત્યારે ગમે તેટલી વાર લઈ શકાય, તે બંધ થઈ જાય !' અથવા 'દિવસના ૪-૫ જ ટંકની પ્રતિજ્ઞા રાખું તો તે ઉપરાંત કાંઈક ચાહ મુખવાસ જેવું લેવાનું આવે કે લેવાનું મન થાય, તો તે ક્યાંથી લઈ શકાય ?' આમ મનની ખાનપાનની લાલસા-આસક્તિ અનશનનો બાહ્યતપ નથી કરવા દેતી.

અનાદિની ખાઉં-ખાઉંની સંજ્ઞા-લાલસા-આસક્તિ જીવને કેવી સતાવે છે ? શરીરને એક ટંક યા બે કે ૩-૪ ટંકના ખાનપાનની જરૂર હોય અને એટલું મળી જાય છતાં ધરપત નથી. મનને ભય રહે છે કે 'નિયમન કર્યા પછી વધુ ટંક મળે એ લેવાનું રહી જાય તો ? માટે એકાશન, બિયાસણ કે ૩-૪ ટંકના ખાન-પાનની પ્રતિજ્ઞા ન કરવી.' એ આસક્તિ એ અવિરતિ છે. ત્યારે અનશનનો બાહ્યતપ એને અટકાવે છે.

એમ, બાહ્યતપનો બીજો પ્રકાર ઊનોદરિકા. એમાં પણ એવું છે કે જો એ ન હોય, તો મનની પૂરપેટ ખાવાની લાલસા પોષાય છે. ખાતાં ૨-૪ કોળિયા ઊણા રહેવામાં શરીરનું કંઈ બગડી નથી જતું; અંદરના જરૂરી વાયુને હરવા-ફરવાની જગા રહેવાથી પચન સારું થાય છે; તેમજ પેટમાં મર્યાદિત રહેલા પાચક રસોને એટલા ઊણામાં પહોંચી વળવા અવકાશ રહે છે. આમ ઊનોદરીમાં અનેક લાભ છે ! પરંતુ મનની લાલસા મારે છે, તેથી ઊનોદરી નથી કરવા દેતી. આ લાલસા-આસક્તિ એ અવિરતિ છે.

એમ, રસત્યાગ એ બાહ્યતપનો ત્રીજો પ્રકાર છે. એને જીભની આસક્તિ નથી કરવા દેતી. 'સવારથી દૂધ-દહીં ઘી તેલ-ગોળસાકર-તળેલું એ છ રસમાંથી કોઈ રસત્યાગ કરું, ને પછી એ રસની ચીજ ખાવા મળી જાય તો ? એ રસ ઊડાવવા રહી જાય !' આવી જીભની આસક્તિ રસત્યાગ નથી કરવા દેતી. એ અવિરતિ છે.

જીવની કેટલી બધી કંગાળ દશા !





## (૨૮) (લેખાંક-૩)

બાહ્ય તપને તીર્થંકર ભગવાન જેવાએ પણ ખૂબ આચર્યો. ઋષભદેવ ભગવાને દીક્ષા લઈને જ (૧) એક વર્ષ અને ઉપર લગભગ ૪૦ દિવસ એટલે કે લગભગ ૪૦૦ ઉપવાસ સળંગ કર્યા પછી ૯૯૯ વરસ સળંગ એકાશન. ઉપરાંત ઊનોદરી, તથા રોજીંદા અભિગ્રહ અને ગમે તે અણધાર્યા એક જ ઘેર નિર્દોષ ગોચરી એટલે દ્રવ્યોનો સંક્ષેપ અને રસત્યાગ આચર્યા. ઉપરાંત હજાર વરસ સુધી વગર નિદ્રાએ લગભગ કાયોત્સર્ગમાં ઊભા જ રહેવાનો કાયકલેશ તપ તેમજ એમાં ધ્યાન, મૌન અને કાયસ્થિરતાથી મન-વચન-કાયાની સંલીનતાનો બાહ્ય તપ કર્યે ગયા.

એમ શ્રી ઋષભદેવપ્રભુ અને શ્રી પાર્શ્વનાથ પ્રભુ પૂર્વભવમાં તથા શ્રી મહાવીરસ્વામી ૨૩ મા ભવમાં ચક્રવર્તી હતા. એ અને બીજા સનત્કુમાર જેવા ચક્રવર્તીઓએ તેમજ મહાઋદ્ધિસંપન્ન શાલિભદ્ર-ધનાજી-ધન્નો જેવાએ ચારિત્ર લઈ છએ પ્રકારના ભગીરથ બાહ્ય તપ આચર્યા. એથી એનું વિશિષ્ટ મહત્ત્વ દ્યોતિત થાય છે.

એની પાછળ રહસ્ય આ છે કે **બાહ્ય તપથી અવિરતિ અને આસક્તિ, તથા જીવની કંગાળિયતતા, નિઃસત્ત્વતા તેમજ અનાદિથી આહારાદિ સંજ્ઞાઓ કપાતી આવે છે.** જો બાહ્ય તપ ન હોય તો અવિરતિથી સતત સમયે સમયે ભારે કર્મબંધ લાગ્યા કરે છે. આસક્તિથી પરલોકમાં નરકાદિ દુર્ગતિઓમાં ભયંકર ત્રાસ, પારવિનાના કીડા-મકોડાને એકેન્દ્રિય જેવા અવતારની અસંખ્ય-અનંત કાળ સુધી પરંપરા, તથા એમાં આસક્તિની આંખ મીંચીને પરાધીનતા મળે છે; કેમ કે બાહ્ય તપના અભાવે અહીં આસક્તિના એટલા બધા ઘેરા ઊંડા કુસંસ્કારોનો જથ્થો ઊભો થાય છે. ત્યારે કંગાળિયતતા અને નિઃસત્ત્વતા પોષાવાથી છતે જિનશાસને, તથા છતી કાયાદિની સામગ્રીએ, અને છતે મહાપુરુષોના આલંબને, પરીસહ સહર્ષ સહવા, તેમજ કામ-ક્રોધાદિ કષાયોને દાબવા, વગેરેનું સામર્થ્ય નષ્ટ થઈ જાય છે.

ઉપરાંત, બાહ્ય તપની સરાસર ઉપેક્ષા કરવા જતાં આગળ વધીને મિથ્યાત્વ પણ આવી જાય છે. પછી ત્યાં સમ્યક્ત્વ અને દેશવિરતિ સર્વવિરતિ ચારિત્રભાવ તો શાના જ ઊભા રહે ?

પૂર્વ લેખમાં અનશન અને ઊનોદરિકા પર વિચાર્યું હવે બાહ્ય તપના ત્રીજા પ્રકારમાં 'દ્રવ્યસંક્ષેપ યાને વૃત્તિસંક્ષેપ' પર અને બાકીના ત્રણ પ્રકાર પર વિચારીએ.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

(૩) **'વૃત્તિસંક્ષેપ'** એટલે કે મનની વૃત્તિનો સંકોચ કરવો કે 'જીવનભર રોજ માટે મારે અમુક (૧૫,૨૦...) દ્રવ્યથી વધુ ન વાપરવા' યા 'આજના માટે એટલાથી વધારે મારે ન વાપરવાં.' જો આ નિયમ કરવામાં મન અચકાય છે, તો એનો અર્થ એ કે મનને લાલસા છે, કે 'કદાચ એથી વધુ દ્રવ્ય મળે તો વાપરવાં. નિયમ હોય તો વાપરવાનાં રહી જાય,' એવો ભય છે. કેવી દુર્દશા ! કેવીક અજ્ઞાનતા-મૂઢતા ! અનંત કાળમાં વાપરવામાં બાકી નથી રાખી, છતાં તૃપ્તિ નથી થઈ, તો અહીં લાલસા રાખી શી તૃપ્તિ થવાની હતી ? ઘેલછા કેવી કે આમ તો લલાટ ના પાડતું હોય કે વધુ નથી મળવાનાં, ને માનો ને કે કદાચ ૨-૪ દ્રવ્ય વધુ મળી જવાનાં ય હોય, છતાં માત્ર એટલા ૨-૪ ખાતર જગતમાં રહેલા હજારો લાખો દ્રવ્યની લાલસા-છૂટ-અવિરતિને નિયમના અભાવે ઊભી રાખે છે ! એથી સતત કુસંસ્કાર-પોષણ અને ૭ કે ૮ પ્રકારનાં અનંત કર્મ બંધાવાનું ચાલુ રહે છે.

**વૃત્તિસંક્ષેપના નિયમરૂપી તપથી અનંત કર્મ બંધાવા અટકે એ તપનો અનંતગુણ મહિમા.** ખાનપાનનાં દ્રવ્યની જેમ વસ્ત્રાદિ કે સ્વસ્ત્રીમાં ય અબ્રહ્મ વગેરે અંગે પણ આ વૃત્તિસંક્ષેપ લાગુ પડે. દા.ત. પેથડશા મંત્રીએ નિયમ કર્યો કે 'મારે હાથીની સવારી નહિ કરવી.' પછી મહાસન્માનનો પ્રસંગ આવ્યે રાજાનો ઘણો આગ્રહ છતાં પણ એ સવારી નહિ કરી.

(૪) એમ **'રસત્યાગ'** તપ અર્થાત્ ઘી-તેલ-દૂધ-દહીં-ગોળ-સાકર કે તળેલું વગેરેમાંથી ૧,૨,૩... કે એની બનેલી વસ્તુના ત્યાગ. આનો જો નિયમ નથી, તો જીભની લાલસા પોષાય છે.

(૫) એમ **'કાયકલેશ'** યાને જો રોગાદિ સહર્ષ સહવા નથી યા ધર્મનાં કષ્ટ ઉઠાવવા નથી, કે વડિલજનોની કે તપસ્વી બિમાર વગેરેની સેવા કરવી નથી, તો ત્યાં સુખશીલતા, હરામહાડકાપણું સ્વાર્થાધતા, કાયાની સુંવાળાશ વગેરે જાલિમ દોષો પોષાય છે. જે થોકબદ્ધ પાપબંધ અને દુઃખદ દેહરાગ તથા આત્માની ઉપેક્ષાના કુસંસ્કારો ઊભા કરે છે. એથી જ જીવ દુર્ગતિના પુષ્કળ ભવોમાં ભટકે છે. આની અનંત પીડાને 'કાયકલેશ' તપ અટકાવે છે; તેથી આ બાહ્ય તપનો પણ અનંતગુણ મહિમા.

(૬) એમ, **'સંલીનતા'** એટલે મન-વચન-કાયાને કે ઇન્દ્રિયોને બિનજરૂરી પ્રવૃત્તિમાંથી ગોપવવી, અટકાવવી, ને તે દ્વારા આત્માને એ મન-વચન-કાયાની સ્થિરતામાં લીન કરવો. મફતનું બોલવું-વિચારવું કે હાથ-પગ-મોઢું યા ઇન્દ્રિયોને હલાવવી ફેરવવી, એમાં યોગની ચંચળતા-રાગ-આસક્તિ ઘણી પોષાય છે. સંલીનતા



તપથી એ અટકે છે. એમાં પણ અનંતા કર્મના બંધ અને કુસંસ્કારનાં પોષણ અટકે; તેથી તપનો અનંતગુણ મહિમા કહેવાય.

બાહ્ય તપ એટલે 'ભાવ વિનાનો તપ' એવો અર્થ નહિ; શું બાહ્ય કે શું આભ્યન્તર, બંને પ્રકારના તપના બારેય ભેદ ભાવયુક્ત હોય તો જ એ સાચો તપ કહેવાય, ને એથી અનંતી સકામનિર્જરા યાને અનંતા કર્મોનો સુસંસ્કારી ક્ષય થાય. 'બાહ્ય તપ' એટલે બાહ્ય યાને પૌદ્ગલિક મન-વચન કાયા-ઇન્દ્રિયોની યથેચ્છ પ્રવૃત્તિની છૂટ પર નિયમન, અને આસક્તિ-રાગદશા પર કાપ. આનો અનંત ગુણમહિમા છે; એની પાછળ રહસ્ય આ, કે જો જીવનમાં ધરાર એ છએ પ્રકારના બાહ્ય તપ નથી, તો મન વચન-કાયા-ઇન્દ્રિયોની છૂટ-અવિરતિ અને આસક્તિ-લાલસાથી અનંતા કર્મ બંધાય છે, અને અનંત કાળ ચાલે એવા દોષોના કુસંસ્કારોનું પોષણ થાય છે. માટે, આ સર્વોત્તમ જિનશાસન સાથે મળેલા રત્નચિંતામણિસમા માનવભવમાં બાહ્ય તપનો ખૂબ પ્રયત્ન કરવા જેવો છે. એ કરવાની અતિમોંઘી તક મળેલી ગુમાવવા જેવી નથી, પરંતુ નાના-મોટા નિયમોથી તથા સંકોચવૃત્તિ અને સહનવૃત્તિથી સફળ કરી લેવા જેવી છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૦,અંક-૩૩,તા.૨૯-૪-૧૯૭૨

## ૨૯ અરિહંતનું શરણ એટલે ?

### (લેખાંક-૧)

શાસ્ત્ર કહે છે-'આ સંસાર દુઃખરૂપ છે, દુઃખજનક છે, દુઃખાનુબંધી છે. એવા સંસારથી મુક્તિ જોઈતી હોય તો શુદ્ધ ધર્મને પકડો. શુદ્ધ ધર્મ દિલમાં ઉતારવો હોય તો પાપકર્મ હટાવો. એ હટાવવા માટે તથાભવ્યત્વાદિને પકવો. એ પકવવા હોય તો ત્રિકાળ ચાર શરણાં સ્વીકારો; દુષ્કૃતગર્હા કરો, અને સુકૃતાનુમોદન કરો. ચિત્તસંકલેશ વખતે તો વળી એ વારંવાર કરો.'

આમ ભવ પાર કરવાની પ્રક્રિયામાં પહેલે પગથિયે અરિહંતાદિ ચારનાં શરણ સ્વીકાર વગેરે ત્રણ સાધન આદરવાનાં બતાવ્યાં. એમાં આ સવાલ ઊભો થાય છે કે 'અરિહંતાદિનાં શરણ સ્વીકારવા' એટલે શું કરવાનું ? માત્ર મોંઢેથી બોલીએ યા મનમાં વિચારીએ કે 'મારે અરિહંતનું શરણ, સિદ્ધનું શરણ, સાધુનું શરણ, સર્વજ્ઞભાષિત ધર્મનું શરણ' એટલું જ ? કે એની પાછળ માથા પર કશો ભાર આવે ? કશુંક દિલ બનાવવું પડે ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

આનો જવાબ સીધો છે કે માથા પર કશો ભાર લીધા વિના, કશુંક દિલ બનાવ્યા વિના ખાલી બોલવા-વિચારવાની કાંઈ જ કિંમત નથી. નહિતર એમ તો જીવે જ્યારે અનંતીવાર ચારિત્ર પણ લીધું અને તે ઠેઠ નવ ગ્રૈવેયક દેવલોકમાં લઈ જાય એવું પણ જ્યારે પાળ્યું, ત્યારે શું એ પાલનની વિધિમાં 'ચાર શરણાંનો સ્વીકાર કરું છું' એ વિધિ પણ નહિ બજાવી હોય ? જરૂર બજાવેલી; પરંતુ તે માત્ર ખાલી બોલવાની વિધિ; કિન્તુ તેવું દિલ બનાવવાની નહિ; માથા પર તેવો ભાર લેવાની નહિ. તેથી જ જીવે એવા કડક ચારિત્ર પાળ્યા છતાં હજી સંસારમાં એ રખડતો રહ્યો છે; જડ વિષયોની આંધળી આસક્તિ અને કષાયોના આવેશ એના હજી એવા જ ઊભા છે. નહિતર જો શરણ લેવામાં દિલ બદલાયું હોત તો આ રખડપટ્ટી અને આસક્તિ-આવેશ શાના ઊભા રહે ?

આ પરથી સમજાય એવું છે કે શરણું સ્વીકારવામાં એવું કાંક દિલ બનાવવું પડે છે, માથે એવો કોઈક ભાર લેવો પડે છે. દિલ આ બનાવવાનું કે અત્યારસુધી દિલને ઓથ બીજા ત્રીજાની લાગતી હતી, તે હવે અરિહંતાદિ ચારની લાગે. દા.ત.

(૧) કોઈ મહારોગીને તેવો કોઈ ધન્વંતરી જેવો વૈદ મળી જતાં એને શરણે જાય છે તે એવું દિલથી ઝંખીને કે 'મારે હવે આધાર હોય તો આ વૈદનો.'

(૨) એમ, જંગલમાં માલ-મિલકત સાથે જતા પ્રવાસીને તેવો કોઈ લૂટારાનો ભારે ભય લાગતાં જો ત્યાં ભાગ્યયોગે કોઈ ભારે રક્ષક મિલિટરી પોલિસ મળી જાય, તો એનું શરણું સ્વીકારે છે અર્થાત્ દિલથી હુંફ લે છે કે 'હાશ ! હવે મને આ ખરેખર રક્ષક મળ્યા, મારે આમનો જ આધાર છે.'

(૩) એમ, માણસ ભૂખે મરતો થઈ ગયો હોય, વળી માથે કુટુંબપોષણનો ભાર હોય, ને આજીવિકા કમાવાનો કોઈ ઉપાય મળતો ન હોય, એમાં જો કોઈ શેઠ એમ કહે 'મુંઝાશો નહિ, આવી જજો આપણી દુકાન પર; તમને મહિને આટલો પગાર આપીશું, યા આટલી દલાલીનો વેપાર આપશું,' તો પછી એ માણસ શેઠને શરણે જાય તે કેવા હોંશિલા દિલથી ? હવે એનું દિલ બોલે છે કે 'હાશ ! ચાલો હું ને મારું કુટુંબ હવે ભૂખે મરતા બચીશું. આ મારે હવે ખરેખરો આધાર મળી ગયો.'

(૪) અથવા, જેને જીવનમાં કોઈક મંત્ર, કોઈ મહા વિદ્યા, કે કોઈ સુવર્ણરસસિદ્ધિ જેવું સિદ્ધ કરવું હોય અને એનો શીખવનાર જાણકાર કિમિયાગર મળી જાય તો એ એનાં શરણે કેવો જાય ? કેવું શરણું સ્વીકારે ? કહો, દિલમાં



ભારે આદર-બહુમાન અને અથાગ શ્રદ્ધાથી એનું શરણું લે. દિલ બોલે કે 'હાશ ! હવે મારે આ સિદ્ધિ માટે આ ખરેખરો આધાર મળી ગયો.'

બસ, અરિહંતાદિ ચારનું શરણું આવી અથાગ શ્રદ્ધા-આદર-બહુમાનથી સ્વીકારવાનું છે. મનને લાગે કે 'હાશ ! હવે મારે ભવમાં ભટકવાનો ભય ગયો : મારો કર્મરોગ ગયો; મારું દારિદ્ર જઈને આત્મસંપત્તિઓ હવે આ આવી; હવે મારે મહા મોક્ષસિદ્ધિ હાથ થઈ સમજો.' અરિહંતાદિ ચારની પ્રત્યે દિલ એમ બોલે કે,

'પ્રભુ ! હું અજ્ઞાન છું, મૂઢ છું, રાગાદિ શત્રુઓથી ભારે ઘેરાયેલો છું; મને મારા હિતની કશી ગમ નથી; મારે દુઃખથી મૂકાવા અને સુખસંપત્તિ પામવા બીજો કોઈ ખરો આધાર નથી. મારે તો હવે તમે જ શરણ છો. ત્રાણ છો, એક આધાર છો. દુઃખનાશ તમારાથી, સુખપ્રાપ્તિ તમારાથી.' ચાર શરણમાં ચોથું શરણ ધર્મનું; એટલે કે સર્વજ્ઞે કહેલા ક્ષમાદિ દશ પ્રકારના ધર્મને જ શરણભૂત માને. દિલ માને કે 'દુઃખ ટળે તો આ ક્ષમાદિથી. સુખસંપત્તિ મળે તો ક્ષમાદિથી. ક્રોધાદિથી તો દુઃખ મળે, સુખ ટળે. ક્રોધ લોભ વગેરે ભલે હું પામરતાને લીધે કરતો હોઉં, પરંતુ એ મારું કશું લીલું વાળનાર નહિ, મારા સાચા આધાર નહિ. આધાર તો આ ક્ષમાદિ ધર્મ જ.'

તાત્પર્ય, આ જગતમાં હવે સાચા અને હિતકર આત્મીય જન તરીકે અરિહંતાદિ ચાર જ લાગે, એ જ આધારભૂત લાગે. એની સામે દુનિયાના ગમે તેવા સ્નેહી, ગમે તેવા ચમત્કારી દેવો યા કુગુરુઓ, પોતાની ગમે તેટલી મોટી ધન-સંપત્તિ-ઠકુરાઈ ગમે તેવા આજ્ઞાંકિત અને સેવાકારી પરિવાર, કે પોતાની ગમે તેવી હોશિયારી અને લોકપૂજ્યતા, એ બધા ય કશા જ આધારભૂત ન લાગે, પોતાના ન લાગે; બલ્કે તદ્દન પરાયા, પીડાકારી અને ભવમાં ભમાવનારા લાગે. અરિહંતાદિ જ શરણભૂત લાગે.

પછી તો પ્રભુદર્શન-પૂજન વગેરે જે કાંઈ સાધના થાય, કે દાનાદિ-અહિંસાદિ જે કાંઈ સુકૃત થાય, એ બધું જ જગતને મૂકી અરિહંતાદિ ચારને પોતાના કરવા, આત્મીય કરવા માટે થાય. 'મારા શરણભૂત-આધારભૂતને હું મારા કરું. એમનાં પર જ મારું અથાગ અનન્ય મમત્વ રહે.'



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

## (૩૦) (લેખાંક-૨)

ગયા લેખમાં એ જોયું કે આત્મા પરથી સંસાર-અવસ્થાનો ઉચ્છેદ કરવા માટે આત્મામાં શુદ્ધ ધર્મ ઓતપ્રોત થવો જોઈએ; અને એ માટે પહેલે પગથિયે અરિહંતાદિ ચારનું ત્રિકાળ શરણું લેવાનું; ને ચિત્તસંકલેશ થાય ત્યારે વારંવાર શરણું લેવાનું; એ શરણસ્વીકાર કેવો હોય. એના માટે 'ભયમાં રક્ષક' રોગમાં વૈદ, આજીવિકામાં શેઠ, અને મંત્રાદિમાં એના જાણકાર જેવા શરણભૂત લાગે.' એ દૃષ્ટાંત કહ્યાં.

આ દૃષ્ટાંતથી અરિહંતશરણ લેવા માટે આ કરવાનું કે જ્યાં જીવન જીવતાં કોઈ ભય ઊભા થાય છે, જીવનનિર્વાહની ચિંતા જાગે છે, રોગ પણ ટપકી પડે છે, અને જરૂરી કાર્યસિદ્ધિના ય પ્રશ્ન ઊઠે છે; આ બધા અવસરમાં ચિત્તમાં કશી મુંઝવણ ન કરતાં મનને એમ થાય કે 'મારે ભય શો ? ચિંતા શી ? સમસ્યા શી ? મારે અરિહંતનું શરણ છે. અરિહંત અચિંત્ય પ્રભાવવંતા છે, તેથી એમનાથી જ મારું સારું થશે. હું શું કામ વિહ્વળ થાઉં ?' એમ શરણસ્વીકારથી દિલનો ઉકળાટ શાંત કરવામાં આવે.

અથવા મનને થાય કે 'મને અરિહંતાદિ ચાર એવા મળ્યા છે કે જેમનાથી મારાં અનંત કલ્યાણ સિદ્ધ થવાના છે આવી સર્વશ્રેષ્ઠ વસ્તુ અરિહંતાદિ મને મળી ગયા, પછી મારે શી કમીના માનવાની હોય ? આ મળવા પર બહારની કમી એ કમી નથી. અરિહંતનાથ ! મારે તમે જ શરણ છો. તમારાથી હું મહાશ્રીમંત છું, મહારક્ષિત છું.' આમ મનને એક જબરદસ્ત ઓથ ઊભી કરવાની કે જેમાં દિલ નિશ્ચિન્ત બની જાય.

વળી, શરણ સ્વીકારમાં પેલા દૃષ્ટાંતોમાં ભયભીત, રોગી, ભૂખે મરતા, અને મંત્રાદિસિદ્ધિ ઝંખનાર,- એ ચારની ઉપાસના યાદ કરવાની. એ રક્ષકને, વૈદને, શેઠને કે મંત્રવિદ્‌ને કેવી રીતે આરાધે ? એમ અરિહંતાદિની યથાશક્તિ આરાધના ઉપાસના કરવાની. આ આરાધનામાં પહેલું તો એ કરવાનું કે એ ભય વગેરેમાં જેમ રક્ષક આદિનું શ્રેષ્ઠ મહત્ત્વ લાગે. એમ અરિહંતાદિનું શ્રેષ્ઠ મહત્ત્વ મન પર અંકિત થઈ જાય. 'કર્મની મહા પરાધીનતાવાળા આ સંસારમાં એની સામે મારું એકલાનું શું ઊપજે એવું છે ? એ તો મારે અરિહંતસિદ્ધ સાધુ અને ધર્મની ઓથ હોય તો જ, કર્મની સામે જીતી શકાય એવું છે. માટે એ અચિંત્ય-પ્રભાવી અરિહંતપ્રભુ વગેરે જ મારે આધાર છે;' એમ એમના પર દિલની જબરદસ્ત આસ્થા ઊભી કરવાની.



આ જે આસ્થા ઊભી કરી, મનમાં એ અરિહંતાદિ ચારનું જ જે શ્રેષ્ઠ મહત્ત્વ માની લીધું, એને દિલ પર એક ભાર ઊભો થવા બરાબર બનાવવાનું. એથી મનને એમ થાય કે 'હું આપત્તીમાં વળગું તો અરિહંતાદિને જ; ને સંપત્તિમાં પ્રભાવ માનું તો એમનો જ, મારું પોતાનું શું ગજું છે ? યા જગતની કઈ વસ્તુ મને ઓથ આપી શકે ? મારા અરિહંતપ્રભુ જ મારી આપત્તિ ટાળી શકે; સંપત્તિ મળી તો એમનાથી જ મળી, સંપત્તિમાં કમી રહી, તો મેં એમને ભજવામાં કમીના રાખેલી માટે. એટલે હવે મારું કર્તવ્ય અરિહંતને પૂરેપૂરા ભજવાનું. અરિહંતદેવ એ જ મારે શરણ છે.' 'અરિહંતા મે સરણં.'

એમ દુનિયાના સુખ-દુઃખ વખતે ચિત્ત વ્યાકૂળ થતું હોય ત્યાં 'સિદ્ધા મે સરણં' યાદ આવે. મનને એમ થાય કે 'હે સિદ્ધ ભગવાન ! આ સંસારના ચંચળ સુખ-દુઃખની આંધીમાં મારે તમે જ શરણ છો. એ આંધીથી પર એવું તમારું શુદ્ધ અનંત સુખમય સ્વરૂપ જ મારી નજર સામે રમ્યા કરો; જેથી એ મસ્તીની સામે આ આંધી મને કશી વિસાતની ન લાગે.'

એમ દુન્યવી વડાઈ અને આરંભ-પરિગ્રહ તથા વિષયરંગના મૂઢ જીવનમાં 'સાહૂ મે સરણં' 'ત્યાગી સાધુ ભગવંતો મારે શરણ હો,' એ શરણ સ્વીકારાય એથી મનને એમ રહ્યા કરે કે 'આ મોહમૂઢ જીવન એ તે શું જીવન છે ? એવા જીવન પર હું શાનો મદમસ્ત અને આસક્ત બનું છું ? એ તો બાળકના ધૂળના ઘર બનાવી રમત રમવા જેવી ચેષ્ટા છે, સનેપાતના ખેલ છે. જીવન તો ત્યાગી-વિરાગી સાધુ ભગવંતના જ્ઞાનમય નિષ્પાપ જીવનને કહી શકાય. મારા મનમાં એવા જીવનની જ મહેક રહો. જીવનનો આદર્શ એ જ રહો. 'સાહૂ મે સરણં.'

એમ, ક્રોધ-માન-માયા-લોભ રાગ-દ્વેષ-હર્ષ-ઉદ્વેગ વગેરે કષાયના ઉકળાટવાળા જીવનમાં 'કેવલિપન્નતો ધમ્મો મે સરણં' 'સર્વજ્ઞશ્રી જિનેશ્વરદેવોનો કહેલો ધર્મ જ મારે શરણ હો' એમ શરણું સ્વીકારાય. એથી મનને એમ રહ્યા કરે કે 'આ કષાય-ઉકળતાં જીવન એ તે શું જીવન છે ? જીવન તો ક્ષમાદિ દશ પ્રકારના ધર્મનાં જીવનને કહેવાય. સાચું સુખ એ ક્ષમા-મૃદુતા-ઉપશમ-તપ વગેરેથી છે. મારે એ ધર્મ જ શરણ છે.' એમ મનમાં એવા ધર્મની મહેક રહ્યા કરે.

આમ ચારનાં શરણ સ્વીકારમાં (૧) જગતની માયાને તુચ્છ અને નગુણી લેખી, (૨) એની મમતાને પડતી મૂકી, (૩) અરિહંતાદિ ચારને જ મહત્ત્વ અપાય, તેમજ (૪) એના પર જ મમત્વ સ્થપાય, એ ચારને જ પોતાના કરાય, અને (૫) એથી કલેજે 'હાશ !,' નિરાંત, શાંતિ, હોંશ અનુભવાય.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

## ૩૧ નવાબ જાગ્યો; જીવ ક્યારે જાગશે ?

એક નવાબને પુણ્યયોગે કારભારી દિવાન સારો મળેલો, તેથી રાજ્ય-વ્યવસ્થા સુંદર ચાલતી હતી. પણ નવાબ બહુ સુખશીલિયો બનેલો, તે આખો દિવસ બેગમો સાથે મહેલમાં પડ્યો રહેતો; ન રાજ્યસભામાં હાજરી આપે, કે ન કદી નગરચર્યાએ નીકળે. બસ, એકલા રંગરાગ અને સુખવિલાસની મોહમાયામાં જ મસ્ત. કોઈને કશી ફરિયાદ કે અરજ માટે એની મુલાકાત જ ન મળે.

આને કોણ સુધારે ? મોટો દિવાન પણ ક્યારેક કહે, તો એ કહી દેતો કે 'તમે સારું સંભાળો છો; મારી શી જરૂર છે ?' ત્યારે એમાં એક ગરીબ પણ માણસ બુદ્ધિના બળ ઉપર કેવુંક કામ કરી શક્યો, એ જુઓ,

એક ગરીબ આદમી. એક વાર નવાબના મહેલ પાસે જઈ દરવાનને કહે, 'નામદારને ખબર આપો કે તમારા સાઢુભાઈ મળવા આવ્યા છે.'

દરવાને જઈને કહ્યું એટલે નવાબ ચોંક્યો કે 'મારો વળી સાઢુભાઈ કોણ ?' એણે એને લઈ આવવા આજ્ઞા કરી એટલે દરવાન પેલા ગરીબને નવાબ પાસે મૂકી ગયો.

નવાબ પૂછે છે, 'મેં તમને ઓળખ્યા નહિ. તમે મારા સાઢુભાઈ શી રીતે ?'

પેલો આગંતુક કહે 'નામદાર ! ઓળખાણ તો પછી સમજાવું, પરંતુ પહેલાં હજુરની સેવામાં એટલું નિવેદન કરું કે મારે આપ નામદારનાં દર્શન કરવાની ઘણી હોંશ હતી, તે આવી ઓળખાણ આપ્યા સિવાય શે પૂરી થાય ? એટલે ઓળખાણને આગળ કરવી પડી. માત્ર હું જ નહિ, પરંતુ આપની આખી પ્રજા અને નોકરવર્ગ આપ નામદારનાં દર્શનને બહુ ઝંખે છે; તે દર્શન શે મળે ? અલબત્ત આપના પુણ્યપ્રતાપે પ્રજા બહુ સુખી છે, રક્ષા-સલામતી સારી છે, છતાં આપ સમક્ષ કોઈ ને કાંઈ અરજ પણ ગુજારવાની હોય તે શી રીતે ગુજારે ? પ્રજા અને નોકરવર્ગ પોતાને આપ શ્રીમાનના અથાગ ઉપકારના ભાર નીચે દબાયેલ માને છે, તેથી એમને એમ થાય છે કે 'અમે આ સુખ-સલામતી મળવા ભાગ્યશાળી છતાં કેવા કમનસીબ કે અમને અમારા મહાન ઉપકારી બાદશાહ નામદારનાં રાજ્યસભામાં કે નગરચર્યામાં દર્શન નથી મળતાં ?' આમ આપ શ્રીમાનનાં દર્શન વિના પ્રજા આખી ઝૂરતી હોય ત્યાં મારા જેવો ગરીબ ઝૂરે એમાં શી નવાઈ ?



આટલું બોલતાં બોલતાં એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં; રુદન સાથે 'ખુદા ક્યારે એ ધન્ય દિવસ ઉગાડશે...' વગેરે બોલે છે. એથી નવાબની આંખમાં પણ આંસુ આવી ગયાં; મનને ભારે પશ્ચાત્તાપ થયો કે 'અરે ! હું કેવો વિષયલંપટ ને સ્વાર્થાંધ કે મહેલમાં બેઠો માત્ર લહેર જ કરું છું, ને ભલી પ્રજાનાં દર્શન પણ નથી કરતો ! ધિક્કાર છે મારી વિષયલંપટતાને. ઉપકાર માનું છું આ સજ્જનનો કે એણે મને જગાડ્યો. બસ હવે હું હમણાં જ નગરસવારીએ નીકળું અને રાજ્યસભામાં જઈ બેસું. પછી આમ રોજ પ્રજાનાં દર્શન કરું, એનાં દુઃખ સાંભળું, ને એ મિટાવવા ઉપાય કરું.' પછી પેલા માણસને કહે, 'તમે સારું કર્યું મને જગાડ્યો હવે હું હમણાં જ બહાર નગરસવારીએ નીકળું છું. પણ તમે પેલો સાઢુભાઈનો સંબંધ કહેતા હતા એ કેવી રીતે ?

આવેલ આદમી કહે, 'દેખો નામદાર ! ખુદાની દીકરીઓ બે; એક શ્રીમંતાઈ અને બીજી ગરીબી. શ્રીમંતાઈ આપને પરણાવી અને ગરીબી મને પરણાવી. એટલે હું આપનો સાઢુભાઈ થાઉં ને ?' નવાબ આ સાંભળી ખુશ થઈ ગયો અને પેલાને ગરીબ જાણી, તેમજ એણે પોતાને જગાડ્યો એથી એને સારી રકમ અપાવી.

આ દૃષ્ટાંત છે. દૃષ્ટાંતની અમુક અંશે જ સમાનતા જોઈ આપણી જાતમાં આ વિચારવાનું છે કે 'આપણે નવાબજાદા વિષયલંપટતામાં, એકાન્ત સ્વાર્થરમતમાં, અને કાયા-માયાની જ લગનમાં ડૂબ્યા રહેનારા, તે આપણાં દર્શન દેવગુરુને મળે ખરા ? અરે ! આપણે એ મોહમાયામાંથી બહાર નીકળીને દેવગુરુનાં દર્શન કરીએ ખરા ? એમની આગળ આપણા દિલની ખરાબીઓ કહીએ છીએ ખરા ? આપણા પૈસા-પરિવાર કે આપણી કાયાનાં દુઃખ નહિ, પણ આપણા આત્માનાં દુઃખો નિવારવાનું દિલથી કહીએ છીએ ખરા ? ના, દર્શને જઈએ તો ય દિલમાંથી મોહમાયા બહાર મૂકીને જવાની વાત જ નહિ. પછી એ જ દિલમાં રમતી હોય એટલે દર્શને જતાં ય આપણા આત્માનાં દુઃખ કે ખરાબીઓ યાદ પણ નથી આવતી, ત્યાં એ કહેવાની વાતે શી ? પેલા નવાબની જેમ ખાનપાન-પૈસા-પરિવાર-બેગમ-વિષયો અને શરીર-સુખાકારિતા વગેરેમાં એવાં લંપટ બનેલ છીએ કે રાતદિવસ એમાં જ સર્વસ્વ માની એમાં જ ડૂબેલા આપણને આપણા આત્મા, આત્માની ખરાબીઓ અને આત્માનાં દુઃખ તરફ કોઈ ધ્યાન જ નથી, ચિંતા જ નથી.

ધ્યાન છે, ચિંતા છે, માત્ર કાયા અને માયાની, અને એનાં સુખદુઃખની એટલે દેવાધિદેવનાં દર્શને જઈએ તો પણ કાયા-માયાનાં દુઃખોનાં રોદણાં રોવા માટે કે ભવિષ્યમાં કાયા-માયાનાં દુઃખો યાને વિષય-સુખની કમી ન આવે એ માટે. પરંતુ વિષયસુખો, રંગરાગ અને અહંત્વાદિ કષાયોમાંથી બહાર નીકળીને અર્થાત્



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

એને મનમાંથી કાઢી નાખીને દેવ-ગુરુનાં દર્શન કરવાનું ક્યાં છે ?

જેમ નવાબને પેલા ગરીબના કહેવાથી લાગ્યું હશે કે 'આ મારા રંગરાગ અને સુખવિલાસ ઝેરી છે કે જેણે મને પ્રજા ભૂલાવી; માટે ઊઠ, હવે એ ઝેરીને બાજુએ મૂકી પ્રજાને જોવા જાઉં,' એમ આપણને ક્યારે લાગશે કે 'આ દુન્યવી મોહમાયા અને રંગરાગ-સુખવિલાસ ઝેરી છે કે જેણે મને ભગવાન ભૂલાવ્યા, ગુરુ ભૂલાવ્યા, ત્યાગ-તપ-દયાદિ ધર્મ ભૂલાવ્યો. માટે ઊઠ, હવે એ મોહમાયા-રંગરાગ વગેરેને દિલમાંથી કાઢી નાંખી પ્રભુને જોવા જાઉં, પ્રભુને મારી આત્મ ખરાબીઓનાં દર્દ કહું, ગુરુ પાસે જાઉં, પાપોનાં પ્રાયશ્ચિત્ત માગું, ઉદ્ધારના માર્ગ સમજું અને સ્વીકારું. એમ ત્યાગ-તપ-દયા વગેરે ધર્મને જીવનમાં મુખ્ય સ્થાન આપું.' નવાબનાં દૃષ્ટાંત ઉપરથી આ કર્તવ્ય બજાવવા જેવાં છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૦,અંક-૩૭,તા.૨૭-૫-૧૯૭૨

## (૩૨) ભરત ચક્રવર્તીની ભાવનાઓ

### (લેખાંક-૧)

ભરત ચક્રવર્તી આરિસાભવનમાં ભાવના ભાવતા વીતરાગ બની કેવળજ્ઞાન પામ્યા, એ ભાવના શું એમજ એકાએક આવી ગઈ ? આપણને યોગભૂમિરૂપ મંદિર-ઉપાશ્રયમાં એવી ટંકશાળી ભાવના નથી આવતી તો એમને ભોગભૂમિરૂપ આરિસાભવનમાં એ શી રીતે આવી ? કહો, એમના જીવનમાં રોજ અને પ્રસંગે વિશિષ્ટ ભાવનાનું બળ હતું. એ બળે આરિસાભવનમાં ભાવનામાં જબ્બર ઉછાળો આણ્યો...એ ભાવનાઓ કેવી હશે એ વિચારીએ. અલબત્ત ભરત મહારાજા બહુ ઊંચી કોટિના જીવ હતા, એટલે એમણે ભાવેલી ઉમદા ભાવનાઓને અક્ષરશઃ આલેખવાનું આપણું ગજું નહિ, છતાં એની ઝાંખી આ રીતે કરી શકીએ.

(૧) ભરત ચક્રવર્તીએ રાજ્યસભામાં બેસતાં સાધર્મિકો પાસે રોજ પોતાને ઉદ્દેશીને આ સાંભળવાનું રાખેલું કે 'તમે જિતાયેલા છો. ભય વધે છે. હણો નહિ, હણો નહિ.' આના પર એવી ભાવના કરતા હશે કે,

'અહો ! હું છ ખંડોનો વિજેતા છતાં મારી પોતાની ગણાતી ઇન્દ્રિયોથી અને મારા જ મનથી હારી ગયેલ છું. મારા પર એમનું વર્ચસ્વ છે. ઇન્દ્રિયો ફાવે તેમ મને વિષયોમાં તાણી જાય છે, હું એમનો ગુલામ, તે એમને પસંદ એટલા વિષયોમાં તણાઉં છું, અને એ ઇન્દ્રિયોને પસંદ નહિ એવા વિષયો ભલે મારા



કલ્યાણ માટે હોય તો પણ મારે એને દૂર રાખવા પડે છે. દા.ત. લુખ્ખુ નીરસ ભોજન મારા આત્મા માટે કલ્યાણકારી હોવા છતાં જીભને નથી ફાવતું તેથી એને દૂર રાખું છું. આમ હું ઇન્દ્રિયોથી કેવો હારેલો ? એમ મારું મન મારી પાસે ફાવે એટલા રાગ-દ્વેષ-મદ આદિ કષાયો કરાવે છે, પછી ભલે એ મારા ઘાતક હો; તો હું મનથી પણ કેવો હારેલો ? ૩૨૦૦૦ દેશના રાજાઓનો હું સ્વામી, પણ આ મારી ગણાતી ઇન્દ્રિયો અને મનનો હું ગુલામ ? કેવી મારી દુર્દશા ! આની ગુલામી મારે ન કરવી હોય તો મને કોણ રોકે છે ? છતાં સ્વેચ્છાએ મેં આ ગુલામી સેવવાનું રાખ્યું છે આ મારી કેવી મૂઢતા ?

પણ મને ખબર નથી કે આમાં તો (૧) પરલોકમાં વધુ ભવ ભમવાનો ભય વધે છે; (૨) દુર્ગતિઓનાં વિશેષ દુઃખો આવવાનો ભય વધે છે; તેમ, (૩) વિષયોની અતૃપ્તિ, અસંતોષ અને કારમી ભૂખ વધવાનો તથા કષાયો દઢ થવાનો ભય વધે છે. એમ એની ગુલામી સેવવામાં દેવ-ગુરુ અને ક્ષમાદિ ધર્મો સેવવાની મળેલી અમૂલ્ય તક વેડફી નખાય છે, એમને સેવવાનું ગુમાવાય છે. એથી પણ (૪) કર્મોના ક્ષયને બદલે કર્મભાર વધારવાનો અને (૫) ભાવિ કાળમાં આવી કલ્યાણ તક લાંબા કાળ સુધી ન મળવાનો ભય વધે છે.

તો પછી હું શા સારુ આવા ભયો વધારવાનો ધંધો હજી પણ ચલાવી રહ્યો છું ? મારે સમજી જવું જોઈએ કે આમાં તો મારો આત્મા હણાય છે. આત્માના અંગો છે વીતરાગતા, વૈરાગ્ય, ઉપશમ, ક્ષમા, નિર્લોભતા, જ્ઞાનદૃષ્ટિ, અધ્યાત્મભાવ, અહિંસા વગેરે કષાયોથી એ અંગો હણાતાં આત્મા જ હણાઈ રહ્યો ગણાય. એમ એ વિષય-કષાયોથી નરકાદિ દુર્ગતિઓમાં કપાવું ભેદાવું પડે એ તથા અહીં પણ જીવોને હણવા પડે એ વધારામાં.

તો હું શા માટે મારી જાતે જ ઇન્દ્રિયો અને મનની ગુલામી ઉઠાવીને વિષય-કષાયો સેવી મારી જાતે જ મારા આત્માને તથા બીજા જીવોને હણી રહ્યો છું ? હે જીવ ! તારી જાતે જ તને અને બીજાઓને હણ મા, હણ મા.

અહીં મળેલ ઇન્દ્રિયો અને મન માત્ર આ એક ભવના છે, અને એની ગુલામીમાં ઊભા થતાં નુકસાન અનંતકાળ ચાલશે ! વિષયો નાશવંત છે, કષાયો પરિવર્તનશીલ છે. પણ એના સેવનમાં અવિનાશી આત્મા હણાય-કૂટાય છે. શા સારુ નાશવંત અને પરિવર્તનશીલથી અવિનાશીને હણવા-કૂટવાનું કરવું ?'' જોજો આ ચક્રવર્તીની વિચારણા. ભરત ચક્રવર્તીને છ ખંડ, બત્રીસ હજાર દેશ અને છન્નું ક્રોડ ગામનું રાજ્ય, સ્ત્રીરત્ન વગેરે ચૌદ રત્ન, અબજોના અબજોની સંપત્તિભર્યા નવનિધાન, ચોસઠ હજાર રાણીઓ જે... એકેકની સેવામાં બબ્બે એમ બીજી



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

૧,૨૮,૦૦૦ રાણીઓ, ચોરાશી ચોરાશી લાખ ગજદળ-અશ્વદળ-રથદળ, છન્નુક્રોડ પાયદળ, એ પરિવારને પોષવા રોજ ત્રણ ક્રોડ ગોકૂળ દહોવાય, અને ચાર ક્રોડ મણ અનાજની રોજ રસોઈ થાય, જેમાં રોજ દસ લાખ મણ મીઠું વપરાય... આવી અથાગ સમૃદ્ધિ અને બત્રીસ હજાર દેશના રાજાઓ સેવામાં, છતાં એ ભરત ચક્રવર્તી, ઉપર કહ્યા પ્રમાણે, **'હું જિતાયેલો છું ભય વધે છે, મારા આત્માને અને બીજા રોજ અઢળક જીવોને હણું નહિ, હણું નહિ'** ની ભાવના કરતા હતા. એટલી બધી સત્તાસમૃદ્ધિ અને એના ભોગવિલાસ હતા તો ભી ન હુઆ સરાગી, ન હુઆ અનુરાગી, સુરતા ધર્મ શું લાગી, ભરતજી સદા મનહીમેં વૈરાગી. એવી એમને રોજની જ્વલંત વૈરાગ્યભાવના મનમાં રમ્યા કરતી.

એમને લાગ્યા કરતું કે 'ભોગનું જીવન એ મોહમદિરાપાન ઉપરની ઉન્મત્ત ચેષ્ટાનું જીવન છે, પૂર્વ સુકૃતસંચય-પુણ્યસંચયને નષ્ટ કરનારું જીવન છે. ભવમાં ભટકાવનારી, અને પશુને સુલભ એવી આહાર-વિષય-પરિગ્રહ નિદ્રા અને કષાયોની સંજ્ઞાઓને પુષ્ટ કરી ભવના ફેરા વધારનારું ભોગજીવન છે. સારા મીઠા ચોખા પરની પારધિની જાળ સમી આ ભોગદશામાંથી ક્યારે મારા જીવ પંખેરાને મુક્ત કરી યોગદશાના આસમાનમાં ઊડતું કરીશ !

સમ્રાટ ચક્રવર્તીની આગળ એક ભિખારી જેવી પ્રાપ્તિવાળા આપણે એમની રોજની વૈરાગ્યભરી મનોદશાની તુલનામાં કેવી મનોદશામાં રોજ રમીએ છીએ ? એ વિચારવા જેવું છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૦,અંક-૩૮,તા.૩-૬-૧૯૭૨

## (૩૩) (લેખાંક-૨)

ગયા લેખમાં સમગ્ર ભરતક્ષેત્રની લાખો માઈલની ભૂમિના સામ્રાજ્યને ધરનાર સમ્રાટ ચક્રવર્તી ભરતની રોજની વૈરાગ્ય-ભાવના વિચારી. હવે એમણે પ્રસંગે પ્રસંગે કરેલી શુભ ભાવના જોઈએ.

ભરત મહારાજા દિગ્વિજય કરી છ ખંડને જીતી આવ્યા, પરંતુ ચક્રરત્ન હજી શસ્ત્રશાળામાં પ્રવેશ કરતું નથી. કારણ પૂછતાં ભરતને સુષેણ સેનાપતિ કહે છે, 'મહારાજા ! હજી આપના નવાણુંભાઈનાં રાજ્ય પર આપની હકુમત નથી સ્થપાઈ, તેથી પૂરા છ ખંડ પર આપનું અધિપતિત્વ નથી આવ્યું; એટલે ચક્રરત્ન બહાર ઊભું છે. તો હવે ૯૯ ભાઈઓને આજ્ઞામાં લઈ આવવા એમના પર ચઢાઈ કરો.'

શુભ ભાવનાના અભ્યાસી ભરત એના જવાબમાં કહે છે, 'શું મારે સગા



ભાઈઓ સાથે લડવાનું ? ચક્રરત્ન ભલે બહાર જ પડ્યું રહે; મારે ભાઈઓ સાથે લડવાનો મોખ નથી. જે ભાઈઓ સાથે સલાહસંપી રાખીને તો સુખશાંતિ અને સ્વસ્થતાથી જીવી શકાય, એમની સાથે ઝગડવામાં શાંતિ ક્યાંથી રહે ? શાંતિ લુપ્ત થઈ જાય. એવા શાંતિ-વિહોણાં જીવનને જીવવામાં પશુજીવનથી શી વિશેષતા ? કુટુંબકલેશ એ તો ધર્મપરિણતિનો વિધ્વંસ કરનારું છે. મહાકિંમતી શાંતિ અને ધર્મપરિણતિને સલામત રાખવા આટલો લોભ રાખવો, પૂરા છ ખંડનું આધિપત્ય જતું કરવું એમાં કોઈ મોટી વાત નથી. છ ખંડ પૂરા કરવા ભાઈઓને હરાવીને એમના ચિત્તમાં નિત્ય કલેશ-કષાય ઊભો કરવો એવા જડ ષટ્ખંડાધિપત્યને હું કોડીની કિંમતનું ગણું છું.'

અલબત્ત પછી સેનાપતિએ વાતનો વળાંક ફેરવી કહ્યું- ''આમાં આધિપત્ય મેળવવાનો સવાલ નથી; પરંતુ આટલો મોટો દિગ્વિજય આપ કરી આવ્યા એનાં અભિનંદન લોક કરે અને નાના ભાઈઓ ન કરે, એ એમનો મહાન અવિનય અને અભિમાન સૂચવે છે; ને એજ એમનો મોટો ચિત્તકલેશ છે; કેમ કે વિનય તો ધર્મનું મૂળ છે. માટે આપે એમનો એ અવિનય દૂર કરવાની એક વડિલ તરીકે આપની ફરજ છે. તેથી એમના પર દૂત મોકલો;'' ત્યારે દૂત મોકલે છે, પરંતુ આપણે તો એમની પૂર્વોક્ત ભાવનાને જીવનમાં વિચારવા જેવી છે. એ જ ભાવનાનો આગળ પ્રભાવ જુઓ.

દૂતોએ જ્યારે જઈને પાછા આવી કહ્યું, 'ભાઈઓ તો આપના સંદેશા પર પ્રભુ પાસે જઈ રાજ્યપાટ છોડી સાધુ બની ગયા,' ત્યારે ભરત ભાવના કરે છે, 'અહો ! મારી રાજ્યલિપ્સાને ધિક્કાર છે કે જેણે ભાઈઓને ઉદ્વિગ્ન બનાવી રાજ્ય છોડી દેતા કર્યા.' ભરત એમ સમજે છે કે ભાઈઓએ રીસમાં છોડી દીધું. તેથી વિચારે છે કે 'ભાઈઓને આવી રીસ ઉત્પન્ન કરાવવાનું મહાન દુષ્કૃત્ય કોની ખાતર ? જડ રાજ્ય ખાતર ? રાજ્ય તો મારે અંતે મૂકીને જવાનું છે, પણ આ દુષ્કૃત્યનું કલંક અને એથી બધાના પાપજીવન પછી ઊભાં રહેશે. માટે લાવ જાઉં, ભાઈઓને સમજાવી પાછા લાવું, એમને કહું તમે રીસ છોડી સુખેથી ઘરે જાઓ; તમે તમારું રાજ્ય ભોગવો. મારે તમારા પર હકુમત નથી જોઈતી. તમારા પર મેં દૂત મોકલ્યા તેની ક્ષમા ચાહું છું.'

એમ વિચારી ભરત ત્યાં પહોંચી ભાઈઓને એ પ્રમાણે કહે છે, ત્યારે શ્રી ઋષભદેવપ્રભુ કહે છે, 'રાજન્ ! એ કાંઈ રીસાયા નથી, પણ એમને ખરેખર વૈરાગ્ય જાગી ગયો. એમને લાગી ગયું કે

આ અમારી કેવી ભૂલ કે અમે ભરતને દુશ્મન માની બેઠા ? ખરેખર તો



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

દુશ્મન અંતરના રાગ-દ્વેષ-તૃષ્ણા છે; કેમ કે જમીનના એક ટૂકડાના રાજ્યની અમારી મમતા જ અમારી પાસે ભરતને દુશ્મન માનવાનું કરાવી રહી છે, અને અમારું અહંત્વ જ ભરતની આજ્ઞા નહિ માનતાં હિંસક લડાઈ લડવાનું શીખવી રહ્યું છે, તેમ આ અહંત્વ અને મમત્વ જ અમને અનંત કાળથી આ દુઃખદ સંસારમાં ભટકાવી રહ્યા છે. અહંત્વ-મમત્વની જેમ, ખરેખરો દુશ્મન લોભ છે; કેમ કે સંપત્તિ વગેરેનો લોભ અનંતીવાર કર્યો અને અનંતીવાર સંપત્તિ આદિ મળ્યા, છતાં જીવને એની તૃપ્તિ ન થઈ; ઊલટું અતૃપ્તિ મજબૂત બની. એણે નવો નવો લોભ કરવાનું અને એથી ચોરાશી લાખ યોનિઓમાં વારંવાર ભટકવાનું કરાવ્યું. એવું કામ અંગે છે. જીવે અનંતીવાર કામવાસનાની પ્રવૃત્તિ કરી, છતાં કામ શમ્યો નહિ, પણ આહુતિથી અગ્નિ ધીખતો રહે એમ ભોગથી કામ ધીખતો રહ્યો. એણે આત્મ-તારક સંયમ-બ્રહ્મચર્ય-અહિંસા વગેરેથી દૂર રખાવી જીવને ગલીચ ભોગ-ક્રિયામાં અને હિંસાદિ પાપોભર્યા ઘરવાસમાં લીન રાખ્યો, તેથી કામે અનંતીવાર મનુષ્યભવે આવવા છતાં મોક્ષ તો સધાવ્યો નહિ, ઊલટું ભવના ફેરા વધારવાનું કર્યું, ત્યારે આ કામ અમારો કેવો ભયંકર દુશ્મન ?

'એમ ગોઝારી તૃષ્ણા કેવીક દુશ્મન ? કે જેમ કોઈને સ્વપ્નામાં તરસ લાગે, ને એને શાંત કરવા સ્વપ્નામાં ઘુમીઘુમીને જગતભરના કૂવા-નદી-તળાવ-સરોવર પી નાખે, પણ તરસ નહિ છીપવાથી હવે કો'ક કાદવિયા ખાબોચિયા પર પછેડી પાથરી એ ભીની થયેથી એના છેડાને મોં પર નીચોવીને પાણીનું ટીપું પી તૃષા છિપાવવા જાય; એમ જીવે તૃષ્ણાથી અનંતા સામ્રાજ્ય-ખજાના-રમણીઓ મેળવી લીધી, તો ય એ તૃષ્ણા શમી નહિ; તે હવે કાદવિયા પાણીના ટીંપા જેવા એક નાનકડા સામ્રાજ્ય-ખજાના-રમણીથી તૃષ્ણા શાંત કરવા મથે, એ જીવની કેવી બાલિશતા ! કરોળિયો વારંવાર જાળું કરે અને ઝાડુવાળો વારેવારે એને સાફ કરે, છતાં એ મૂર્ખ પાછો જાળું બનાવવા મથે ! એમ જીવ તૃષ્ણાથી જનમે જનમે લક્ષ્મી લાડી-વાડી-ગાડી ભેગી કરે, અને મૃત્યુ એને સાફ કરતું ચાલે, છતાં જીવ પાછો એ જ સંઘરવા જાય, એ જીવની કેવી મૂર્ખાઈ ?

'બસ, ખરેખર દુશ્મન ભરત નહિ, પણ અમારા કામ-ક્રોધ-લોભ, તૃષ્ણા-મમત્વ-અહંત્વ છે. એમ એથી વૈરાગ્ય પામી આ અટ્ઠાણુએ એનો નાશ કરવા સાધુજીવન લીધું છે; પણ તારા પર રીસથી નહિ.''

ભરત ચક્રીએ આ સાંભળી ભાઈ મુનિઓને અભિનંદન આપ્યા, અને એમની ભાવનાને ભાવતા ઘરે ગયા.





## (૩૪) (લેખાંક-૩)

ભરત ચક્રવર્તી અટ્ઠાણુ ભાઈઓએ કરેલી ભાવના ભાવે છે, અને વિચારે છે. ''અહો ! ભાઈઓનો કેવો સુંદર વિવેક ! બહારના અને અંદરના દુશ્મનનો ભેદ સમજ્યા; અંદરના દુશ્મનો જે રાગાદિ એના લીધે જ બહારવાળા એ દુશ્મનરૂપ લાગે છે, ને તેથી ભવના ફેરા વધારવાનું કરાય છે. એ સોનેરી તત્ત્વ સમજ્યા; સમજીને બહારના સાથે શું લડવું ? લડવું જ છે તો ભવમાં ભમાવનારા અંદરવાળાની સાથે જ લડી લેવું, જેથી એ તૃષ્ણા આસક્તિ નષ્ટ થયે એક તો બહારમાં કોઈ દુશ્મન જ ન લાગે, તેમ બીજું એ કે પરિગ્રહ ભોગ અને આરંભ-સમારંભની સનેપાત-ચેષ્ટાઓ ન કરવી પડે. એ અટકતાં આત્મ-સ્વરૂપમાં સ્થિર થવાય; તેથી ભવનો અંત થાય' આ નિર્ધાર કર્યો અને એમણે પ્રભુના ચરણે બેસી જઈ જીવન ધન્ય કર્યું, ધન્ય છે એમના વિવેકને ! એમના આંતર પ્રકાશને ! અને એમના પરાક્રમને ! ક્યારે મારે એવો ધન્ય દિવસ આવે કે હું પણ વિવેક કરી પરાક્રમ ફોરવું; અને પ્રભુચરણે બેસી જાઉં.''

આવા વૈરાગી છતાં આત્મામાં ભરાઈ રહેલા મોહનીય કર્મનાં કણિયાંએ ભાઈ બાહુબલ સાથે યુદ્ધ કરાવ્યું. પરંતુ એમાં અંતે જ્યારે બાહુબલજીએ ભરતને મારવા ઉપાડેલી મુઠ્ઠીથી પોતાના જ કેશનો લોચ કરી સાધુપણું લીધું, ત્યાં હવે ભરત ક્ષમા માગી કહે છે, 'ભાઈ ! આમ શું કરો ? જાઓ તમારું રાજ્ય સુખે ભોગવો. મારે તમારા પર આજ્ઞા નથી સ્થાપવી.' બાહુબલ મહાત્મા ધ્યાનમાં જ ઊભા રહે છે, એટલે ભરત એમનો વૈરાગ્ય અને ચારિત્રનો દૃઢ નિર્ણય જાણી કહે છે,-

'અહો ! ધન્ય છે તમને કે પિતાના પગલે વૈરાગ્ય પામી રાજ્યપાટ વગેરેનો ત્યાગ કરીને સંયમજીવને સંચરી રહ્યા છો. તમે તો તમારા આત્માને ઉત્તમ કરી દીધો. ઇન્દ્રિયોના વિષયો સંસારવૃક્ષના બીજ છે, એવું જેઓ જાણતા નથી અને એને વળગ્યા રહે છે એ આત્માઓ અધમ છે. પરંતુ ખરેખર, વિષયોને સંસાર સરજનારા અને સંસાર વધારનારા હોવાનું જાણવા છતાં હું એનો ત્યાગ ન કરતાં વળગી રહ્યો છું એ મારી અધમાધમતા છે. ત્યાગ કરનાર આપ ભાઈઓની કેવી ઉત્તમતા ! અહો ! મારી આ અધમાધમતા ક્યારે મૂકાશે ?'

આ કેવું આત્મનિરીક્ષણ ! શાસ્ત્ર તો એમ કહે છે કે 'વિષયોને ભવવર્ધક નહિ સમજનારા જીવો મિથ્યાદૃષ્ટિ એટલે અધમ છે; ત્યારે સમજનારા એટલે એની પ્રત્યે ઘૃણાવાળા, પણ ત્યાગ નહિ કરી શકનારા જીવો સમ્યગ્દૃષ્ટિ એટલે મધ્યમ છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

મિથ્યાદૃષ્ટિ કરતાં સમ્યગ્દૃષ્ટિ આત્મા સારા એમ શાસ્ત્ર કહે છે. પરંતુ, ભરત પોતાની જાતમાં ત્યાજ્ય લાગેલા પણ વિષયો નહીં છોડી શકવા બદલ અધમાધમતા દેખે છે. 'નિંદનીય અને ત્યાજ્ય' વિષયો પકડી બેઠેલ પોતાના આત્મા પર એટલી બધી ઘૃણા, ફિટકાર, ધિક્કાર વરસે છે.

આમ ભરતચક્રવર્તીનો વૈરાગ્યભાવ વધતાં વધતાં કેટલે પહોંચ્યો ? જ્યારે આરિસાભવનમાં શણગારેલું શરીર જોતાં આંગળી પરથી એક વીંટી સરકી નીચે પડી, અને આંગળી બુઠ્ઠી લાગી, ત્યારે 'બધાં અલંકાર ઉતારી નાખતાં શરીર કેવુંક દેખાય છે,' એ જોવા એકેક આભૂષણ ઉતારી દેખતા ગયા. તો શોભાહીન લાગતું ગયું. અંતે આખું શરીર ફિક્કું દેખાવાથી ભાવનામાં ચડે છે કે,

'અરે ! આ શરીરની શોભા અલંકારથી ? પોતાની કોઈ શોભા જ નહિ ? એમ મારા આત્માની શોભા ય શરીર અને અલંકારથી ભાડુતી ? આત્માની પોતાની કોઈ શોભા જ નહિ ? આ મારી કેવી મૂઢતા છે કે મારી પોતાની જ્ઞાનાદિથી શોભાને ભૂલી પરથી નકલી શોભા કરવામાં પડ્યો છું ? ભાડુતી શોભા કરતાં કરતાં અનંતાકાળ વહી ગયા, છતાં એ કરવાના કાર્યને અંત ન આવ્યો ? જીવ કેવો મજૂર ? એ તો શોભા કરતો ગયો અને શોભા નાશ પામતી ચાલી; કેમ કે એ કોઈ સ્થાયી નહિ.

'ત્યારે, માત્ર અલંકાર જ શું, શરીર, રાજયપાટ, સંપત્તિ, પરિવાર, સત્તા, સન્માન, મહેલાતો વગેરે બધાના સંયોગ નાશવંત છે, અનિત્ય છે; એક પણ સંયોગ સ્થાયી નહિ. તો હું પોતે સ્થાયી છતાં આવા અનિત્ય સંયોગોના મોહમાં પડ્યો છું ? સંયોગોમાં ખુશી થઈ એના વિયોગ વખતની નાખુશીને કેમ નોતરી રહ્યો છું. ભવોના ભવો ગયા, એના સર્વ સંયોગો ય ગયા, અને દરેક વિયોગે રોયો. અહીંનો ભવ અને એમાં મળેલા સંયોગોનો પણ અંત થવાનો છે; ને હું યાને મારો આત્મા ઊભો રહેવાનો છે. તો મારે આવા નાશવંત સંયોગોને ઊભા કરવાની ને સાચવવાની મજૂરી ક્યાં સુધી ?

આ મજૂરી કરવા કરતાં મારા આત્માનું જ અનંતજ્ઞાન-દર્શન-સુખ-વીતરાગતાદિમય સહજ સૌંદર્ય કાં ન પ્રગટ કરું, કે જેથી એ હંમેશાં સ્થાયી રહેનારા બની જાય અને પછી કોઈ મૂઢતા કે મજૂરી જ નહિ ? મારી ખરી શોભા-સુંદરતા એ જ છે. શરીરાદિને અને મારે શો સંબંધ ? હું સ્થાયી, એ અસ્થાયી. હું ચૈતન્યવાન, એ જડ. બસ, મારે ને એને કોઈ નિસ્બત નથી.'' એમ અનિત્ય ભાવનામાં ચડતાં ને વૈરાગ્યાદિમાં વધતાં ભરતચક્રી અનાસક્ત ભાવમાં ઝીલતાં ઝીલતાં શુકલધ્યાને વીતરાગ સર્વજ્ઞ બની ગયા.





## (૩૫) પરચિંતાના પ્રત્યાઘાત

પરચિંતાએ આજે માનવજીવન જેવા ઉત્તમ જીવનમાં ઘર ઘાલ્યું છે એ અત્યંત દુઃખનો વિષય છે. દુઃખ એટલા માટે કે પરચિંતામાં પોતાના આત્માને જ ભૂલી જવાય છે, અને પોતાના આત્માની ચિંતા કર્યા વિના એનાં હિતનો વિચાર અને પ્રયત્ન થતો નથી, પછી આત્મહિત શી રીતે સિદ્ધ થવાનું ? માનવજીવનનો ઉદ્દેશ આત્મચિંતા, આત્મહિતસાધના, એ જ ચૂકી જવાય.

સંસારમાં બીજી ગતિઓનાં જીવનમાં આ સુલભ નથી. ચાર ગતિ પૈકી નરકગતિમાં ભયંકર મારપીટ સતત ચાલુ; ત્યાં પોતાના આત્માની ચિંતા શે થાય ? એકેન્દ્રિયથી ચતુરિન્દ્રિય તિર્યંચ-ગતિમાં મન જ નથી, તો એમાં આત્મચિંતા જ શાની ? પંચેન્દ્રિય તિર્યંચગતિના અવતારમાં પરાધીનતા, મૂઢતા વગેરે કારણે આત્માનું ભાન જ નહિ, પછી આત્મચિંતા ક્યાંથી કરી શકાય ? દેવગતિમાં વૈભવ-વિષયોના ઇન્દ્રિયોને ગમતા ભારે રંગરાગમાં આત્મા શે યાદે ય આવે ? અહીં ય સહેજ ઠીક ધર્મ અને વિષયવિલાસમાં આત્મા યાદ નથી આવતો, તો અહીં કરતાં સેંકડો હજારો-લાખો ગુણા દેવતાઈ વિલાસોમાં એ યાદ આવવો સહેલો છે ?

છતાં મનુષ્યગતિમાં સુખદુઃખની મધ્યમ સ્થિતિ હોવાથી, અને વિચારક મન હોવાથી મનુષ્યગતિમાં આત્મા યાદ આવવાનું અને આત્મ-ચિંતા કરવાનું સુલભ છે. હવે જો અહીં પણ પરચિંતામાં રક્ત રહી આત્મચિંતા કરવી નથી, તો પછી એ કરવાનો અવકાશ બીજે ક્યાં રહેવાનો ? 'વળી કોઈ નવા મનુષ્ય-અવતારે કરીશું.' એ વિશ્વાસ ખોટો છે; કેમ કે અહીં રાચીમાચીને કરેલી ભરચક પરચિંતાના ઘેરા કુસંસ્કાર ત્યાં ચિત્તમાં પરચિંતા જ લાવ્યા કરશે.

સારાંશ, અનંત અનંત કાળથી પરચિંતા કરી કરી આ દુઃખદ સંસારમાં નિરાધારપણે ભટકતા આત્માને અહીં પોતાની ચિંતા કરી પોતાના હિતને સાધવાનો અને એમ ક્રમે કરીને ભવમુક્ત થવાનો સોનેરી અવસર મળ્યો છે. પણ પરચિંતામાંથી ઊંચો આવે તો એ કરી શકે ને ?

વિચારે તો દેખાય કે જાગ્યા તે જપ્યા ત્યાં સુધી પરચિંતાઓનો મન પર કેટલો બધો મારો છે. 'પેલા ભાઈ આમ કેમ ચાલે છે ?... ઓલ્યા ભાઈ આમ કેમ બોલે છે ?... સરકાર શું લઈ બેઠી છે ? અમેરિકા કેવો પ્રપંચ કરે છે ?... મંદિર-ઉપાશ્રયના કારભારીઓને એમાં ધર્મ વધે એની ક્યાં પડી છે ? એકલી



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

જોહુકમી જ ચલાવવી છે... નથુભાઈની કન્યા ભાગીને પરણી ગઈ; પેથાભાઈએ માધાભાઈને નવરાવી નાખ્યો...' આવાં આવાં કેટલાં લફરાં મનમાં ભૂતાવળની જેમ ઉભરાયા કરે છે ? કાજી કયો દુબળા ? તો કે સારે મલકકી ફકર. પરચિંતામાં દુબળો આત્મા સ્વની ચિંતા કરવા ક્યાંથી શક્તિમાન હોય ?

કેટલાકને આવી પરચિંતાઓ ન હોય, તો ય મારે શરીર બરાબર નથી ચાલતું,... પેટમાં ગેસ રહે છે,... છાતીમાં શરદી રહ્યા કરે છે,... ભૂખ બરાબર નથી લાગતી,... વેપારમાં મંદી રહે છે, ભાગીદાર કે નોકર મિજાજી છે, અનીતિખોર છે,... કપડાં મેલાં થઈ ગયા છે, ઘર કાળું પડી ગયું છે, અરે ! દાંત ખોતરવાની સળી ક્યાં ખોવાઈ ગઈ ? ઝાડું કેમ ઝલ્દી ઘસાઈ ગયું ?... 'આવી આવી પરચિંતાઓ પારાવાર પીડે છે.

હવે વાત આ છે કે જો આવું ને આવું બહારનું જ જોયા કરવું હોય તો અંતરાત્માનું ક્યારે જોવાનું ? એ તો ઉઘાડી વાત છે કે જે માણસ બહારમાં ફરતો હોય એ ઘરમાં ન હોય. એમ જે પરચિંતામાં હોય એ સ્વાત્મચિંતામાં ન હોય. પારકાની નિંદામાં પડેલો પોતાના આત્માની ખામીઓનો વિચાર ક્યાંથી કરી શકે ? મન તો એક ઠેકાણે કામ કરે, પરમાં લાગેલું હોય તો સ્વમાં ન લાગે.

દુઃખદ તો એ છે કે બીજાની ઉપર ધર્મ-ઉપકાર કરવાના વિચારમાં મન લઈ જતાં પોતાની સાધનામાં મન લગાવી શકતો નથી. દા.ત. પ્રભુપૂજા કરતી વખતે 'આ કેમ આ રીતે પૂજા કરે છે ? એમની ભૂલ છે...' ઇત્યાદિ પરની ચિંતામાં પડે તો પ્રભુપૂજામાં પોતાના ભાવોલ્લાસ વધારવાનું ચૂકી જાય છે. અથવા 'પર' એટલે પૂજાના સાધન થાળી કટોરી વગેરેની ચિંતા કરતાં પણ એવું બને છે.

એટલું જ નહિ પણ પરચિંતાની આદત પડી જતાં, પછી પોતાની ધર્મસાધનામાં ચિત્ત ચોંટતું નથી, મફતિયાં બીજા ત્રીજા વિચારોનાં ધાડાં છૂટે છે. ત્યાં સાધના ફોફા જેવી બની જાય છે. ઘણા લોકો આ ફરિયાદ કરે છે કે 'અમને ધર્મક્રિયામાં રસ કેમ નથી આવતો ? બીજા વિચારો કેમ ઘુસે છે ?' પણ આ ફરિયાદ સામે ખુલાસો આ છે કે દિનભર પરચિંતાઓ કર્યે રાખી હોય, એથી એના કુસંસ્કાર ધર્મસાધના વખતે ય પરના જ વિચાર લાવે ને ?

પરચિંતાના આ મોટા પ્રત્યાઘાત છે કે (૧) એ સ્વચિંતા ભૂલાવે; (૨) પોતાની ધર્મસાધના વખતે બીજા ત્રીજા વિચારો મનને ડહોળ્યા કરે; પર બે, ચેતન અને જડ. એમાં (૩) પર ચેતનની ચિંતામાં જાતની વડાઈ લાગીને અભિમાન પોષાય, ને નીચ ગોત્રાદિ કર્મ બંધાય; (૪) પર જડની ચિંતામાં વિષયાસક્તિ-વિષયરંગ પોષાયા કરે, ને એથી વૈરાગ્ય દુર્લભ બને; (૫) જિંદગી સુધી પર ચિંતા કર્યા કરવાથી અંતકાળ બગડી જાય, સમાધિ ન રહે, અસમાધિથી દુર્ગતિગમન નીપજે.





## (૩૬) પ્રભુનું શરણું સ્વીકારવા બે ઉપયોગી તત્ત્વ

ત્રિકાળ અરિહંત-સિદ્ધ-સાધુ-જિનોક્તધર્મ એ ચારનું શરણું સ્વીકારતા રહેવાથી ભવસ્થિતિ પાકે, ભવ્યત્વ પાકવા માંડે; અને તેથી શુદ્ધ ધર્મને રોકનારાં તીવ્ર મોહનાં પાપ ઘસાતા જાય, ક્ષય પામતા જાય. એ નષ્ટ થયે શુદ્ધ ધર્મ હૃદયમાં ઊતરે, અને એથી સંસારભ્રમણ કપાતું જાય. શુદ્ધ ધર્મ પરાકાષ્ઠાએ પહોંચતાં ભવનો અંત થઈ મોક્ષ થાય. આમ મોક્ષ પામવાના પહેલા ઉપાયમાં અરિહંતપ્રભુનું અને સિદ્ધ ભગવાન વગેરેનું શરણું રોજ ત્રિકાળ સ્વીકારવાનું છે; તેમજ રાગ-દ્વેષાદિ વિશેષ પીડે ત્યારે વારંવાર એ શરણાં સ્વીકારવાનાં છે.

શરણ સ્વીકારવા માટે પૂર્વે વિચાર્યું છે કે જેમ રોગી માણસ વૈદનું શરણું લે, ભયભીત માણસ રક્ષકનું શરણ લે, દરિદ્રજન કોઈ શ્રીમંતનું, અને મંત્રનો અર્થી માન્ત્રિકનું શરણ સ્વીકારે, એ કહે કે 'મારે તો તમારો જ આશરો છે, તમારો જ આધાર છે, મારું સરે તો તમારાથી જ સરે,' એવી રીતે આપણે અરિહંતાદિને શરણ તરીકે ધરવાના છે. મન એમ કહે કે મારે તમારો જ આશરો છે. હું અજ્ઞાન અબુઝ છું, મૂઢ છું. મને કાંઈ ગમ પડતી નથી. તમે જ મારું સુધારનારા છો. મને તારનારા બચાવનારા તમે જ છો. તમારાથી જ મારું સારું થશે એવો મને પાકો વિશ્વાસ છે.'

આમ શરણું સ્વીકારીએ એટલે અરિહંતાદિ ચારમાં એક જિનોક્ત ધર્મ પણ છે, ધર્મ એટલે ક્ષમા-તપ-સંયમાદિ ધર્મ; એનું શરણું લીધું એટલે મનને ચોક્કસ લાગે કે 'મારું સુધારનાર આ ક્ષમાદિ ધર્મ છે, પણ ક્રોધ-અસંયમ અને ખાનપાનાદિ મોજ નહિ. એ તો મારું સરાસર બગાડનારા છે, ભવમાં ડૂબાડનારા છે. મારે સાચો આધાર આ ક્ષમાદિ ધર્મ જ. હું ઇચ્છું છું કે એ મારામાં સર્વેસર્વા ઊતરે.'

આવા શરણસ્વીકારને દિલમાં ઓતપ્રોત કરવા માટે એક ઉપયોગી તત્ત્વ આ છે કે આપણી જાત ઉપર એ અરિહંતાદિ ચારનો અધિકાર સ્થાપિત કરીએ.

રોગી માણસ જ્યારે રોગથી ખરેખરો કંટાળી ગયો હોય છે, અને જશરેખાવાળો ખરો નિષ્ણાત વૈદ મેળવે છે, ત્યારે એ વૈદનો પોતાના પર અધિકાર સ્થાપી દે છે. મન કહે છે 'મારા પર વૈદનો અધિકાર; એ કહે એમ મારે કરવાનું.' કદાચ ક્યાંક વૈદે કહ્યા પ્રમાણે ન વર્તાયું, તો મનમાં દુઃખ થાય કે 'આ મારી મતિ મુજબના વર્તાવમાં નુકસાન છે.'



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

બસ, અરિહંતાદિ ચારનાં શરણ સ્વીકાર્યા પછી એ ચારનો પોતાના પર અધિકાર સ્થાપવો જોઈએ. મન કહે 'મારે તો આમનો જ આધાર છે, એટલે મારા પર એમનો અધિકાર છે. મારે એમના કહ્યા પ્રમાણે વર્તવામાં જ મારું હિત છે. મારી આપમતિના વર્તાવમાં નુકસાન છે.' આમ માન્યા પછી આપમતિના વર્તાવમાં ભારે દુઃખ હોય.

દા.ત. રોજની જિનભક્તિમાં યથાશક્તિ પણ ન ખરચતો હોય કે અવસરોચિત દાનમાં યથાશક્તિ પણ ન ખરચતો હોય તો મનને દુઃખ થાય કે 'અરે ! આ પૈસા પર અધિકાર તો અરિહંત પ્રભુનો અને ધર્મનો; છતાં હું અધિકાર બજાવી આમાં જ કૃપણતા કરી રહ્યો છું ? મેં પ્રભુને આધાર ક્યાં માન્યા ? મેં તો ધનને આધાર માન્યું. પ્રભુ ! મારે તમારું શરણ હો. તમે જ સાચા આધાર; બીજા તો પોકળ આધાર. એનો ભરોસો મુકાઓ. એવા બધા તન-મન-ધન કશા આધાર નહિ; રોગમાં, અકસ્માતમાં, મૃત્યુ વખતે કશી રક્ષા ન કરી શકે; કશા એ સાથે ચાલે નહિ. કશો પરલોક ન સુધારે. માટે પ્રભુ ! એ બધા તમારી ખાતર ઘસાઓ. તમારા દીધેલા છે, એના પર તમારો અધિકાર છે. તો એ તમારી સેવામાં જ કામે લાગો.'

આમ, અરિહંત-સિદ્ધ-સાધુ-જિનોક્તધર્મનો આપણાં તન-મન-ધન-પરિવાર પર અધિકાર સ્થાપ્યા પછી દેખાય કે દા.ત. પત્ની કે પુત્ર વૈરાગી થઈ સંસાર ત્યજી ચારિત્ર લેવા ચાહે છે, તો ત્યાં એને રોકવા પોતાનો અધિકાર ન બજાવે. મનને એમ થાય કે 'હું અરિહંતાદિનું શરણું સ્વીકારનારો એટલે ખુદ મારી જાત પર પણ એમનો અધિકાર સ્થાપનારો બન્યો. તો પછી મારી વસ્તુ પર તો અધિકાર એમનો જ હોય. મારો અધિકાર જ શાનો ? એટલે મારા ને એમના માથે અરિહંતાદિનો અધિકાર લેવાની રૂએ મારે એમને પ્રોત્સાહન આપવું જોઈએ, ચારિત્રમાર્ગે ખુશીથી જવા દેવા જોઈએ. એના બદલે ત્યાં જો મોહ થતો હોય, તો એ મારી કમનસીબી છે.' જો મનને આવું થતું હોય, તો એ પત્ની કે પુત્રને કહી દેવાય કે 'તમે પ્રભુના માર્ગે જવા અધિકારી છો. તમારા પર મારો નહિ, પણ પ્રભુનો અધિકાર છે, ધર્મનો અધિકાર છે. હું મોહ કરું છું એ મારી બિનઅધિકાર ચેષ્ટા છે; ને એ મારું કમભાગ્ય છે.'

એમ શરણ-સ્વીકારમાં અરિહંતાદિનો જાત પર અધિકાર સ્થાપ્યા પછી આવું લાગે કે 'આ મારા તન પર અધિકાર અરિહંતાદિનો છે, માટે એમણે કહ્યા પ્રમાણે તનમાં વ્રત-નિયમ-તપસ્યા મારે ઉતારવા જોઈએ. એ ન ઉતારું અને કાયાને રંગરાગ-સુખશીલતામાં રગદોળું એ મારી બિનઅધિકાર ચેષ્ટા છે, મારું દુર્ભાગ્ય છે.' એવું



મન પર એમનો અધિકાર સ્થાપ્યા પછી લાગે કે મનમાં એમના જ વિચાર હોય, એમણે કહેલા શુભ વિચાર સદ્‌બુદ્ધિ શુભ મનોરથો જ હોય. એથી અવળા માર્ગે મન જાય તો એ મારી અધિકાર બહારની ચેષ્ટા છે, મારી કમનસીબી છે.'

સારાંશ, અરિહંતાદિ ચારનું શરણ ખરેખર સ્વીકારવા આ એક ઉપયોગી તત્ત્વ છે કે એમનો આપણી જાત પર, આપણા તન-મન-ધન-પરિવાર પર અધિકાર સ્થાપિત કરાય.

એમ આ પણ એક ઉપયોગી તત્ત્વ છે કે જ્યારે એમને જ ખરો આધાર માનવા-સ્વીકારવા છે, તો પછી એમના સિવાય બીજા બધા ધન-માલ-પરિવાર-પ્રતિષ્ઠા વગેરે પોકળ લાગે, સરવાળે શૂન્યરૂપ લાગે, ઠગારા અને ધોખામાં ઉતારનારા લાગે. દિલમાં આમ સચોટ લાગવા પર અરિહંતાદિ એ સાચા હિતકર વિશ્વાસપાત્ર શરણરૂપ લાગવાના. જેટલું પેલું સચોટ લાગે એટલું આ સચોટ શરણરૂપ લાગવાનું.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૦,અંક-૪૩,તા.૧૫-૭-૧૯૭૨

## (૩૭) બાહુબલજીનું પુણ્યાનુબંધી પુણ્ય

યુગાદિદેવ શ્રી ઋષભદેવ પ્રભુના મોટા બે પુત્ર ભરત અને બાહુબલ; એમાં ભરતને ચક્રવર્તી સમ્રાટ બનવાનું પુણ્ય હતું, એટલે બળ પણ એવું ઊંચું મળ્યું જ હતું; ને બંનેની લડાઈ વખતે ભરતે પોતાના લશ્કરને પોતાનું અગાધ બળ બતાવવા માટે એક લાંબી લોખંડી સાંકળનો એક છેડો પોતે પકડી, બાકી સાંકળને કરોડો માણસના લશ્કરની પાસે પકડાવી ખેંચવા કહ્યું પરંતુ લશ્કર આખુંય એને ખેંચી ભરતના હાથને ચસકાવી શક્યું નહિ. ત્યારે ભરતે પોતે સહેજ હાથ વાળ્યો એમાં સાંકળ તણાઈ આવતાં લશ્કર પણ ખેંચાઈ આવ્યું.

આટલું બધું અતુલ બળ છતાં નાના ભાઈ બાહુબલનું બળ એથી ય વધુ હતું. નાની વયે બંને ગંગાતટે ખેલતા હતા ત્યારે બાહુબલ ભરતને હાથમાં આખો ઊંચકી લઈ ઊંચે આકાશમાં ફેંકતા, અને એ નીચે આવતાં પાછા ભરતને બે હાથમાં ઝીલી લેતા.

આટલું બધું બળ ક્યાંથી આવ્યું ? અખાડાની કસરતથી નહિ, માલમલીદા ખાઈને નહિ, કે માતાપિતાના બળથી નહિ, કિન્તુ પૂર્વ ભવે ચારિત્ર જીવનમાં ૫૦૦ મુનિઓની કરેલી વૈયાવચ્ચના પુણ્યથી આ બળ પામેલા. ત્યાં પૂર્વે એ ચક્રવર્તીના પુત્ર હતા છતાં જ્વલન્ત વૈરાગ્યથી એ રાજશાહી સુખ-વૈભવ છોડી



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

સાધુ થયેલા; અને સમુદાયમાં તો પોતાના કરતાં સામાન્ય સ્થિતિમાંથી આવેલા મુનિઓ ઘણા, છતાં એમણે મદ માન મૂકીને એક અદના સેવક તરીકે એ બધાની દિવસ-રાત ખડે પગે રહી સેવા-વૈયાવચ્ચ કરેલી. મનમાં એક જ ભાવના, કે-

'અહો ! આવા સંયમી બ્રહ્મચારી મહાત્માઓની સેવા કરવાનું ક્યાં મળે ? જીવને આ સંસારમાં ભટકતાં અનંતી માનવ કાયાઓ પણ મળી, કિન્તુ એ બધી જાતની સેવામાં અને સ્વાર્થપોષક લેભાગુ મોહાંધોની સરભરામાં જ વપરાઈ, તેથી ભવચક્રમાં ભટકવાનું જ ચાલ્યું. હવે જો આ કાયાથી સંયમી મહાત્માઓની સેવા થઈ જાય તો આજ કાયા ભવભ્રમણને બદલે ભવનો અંત કરી આપે. વહાલી પત્ની, શેઠ, રાજા વગેરેની સેવામાં જીવ ક્યાં ખડેપગે નથી રહ્યો ? તો આ સંયમીની સેવા શું કઠિન છે ? માનવભવમાં જ આ સેવા મળે; માનવભવ આ સેવા માટે છે.'

આમ તદ્દન નિઃસ્વાર્થભાવે કેવળ આત્મહિતના લક્ષ્યથી ૫૦૦ મુનિઓની સેવા એવી જોરદાર કર્યે ગયા કે એથી અથાગ બળનું પણ પુણ્ય ઊભું થયું. એટલે બાહુબલજીના અવતારમાં અથાગ બળ પામ્યા. આ બળની પાછળ પુણ્ય જે કામ કરતું હતું તે પુણ્યાનુબંધી પુણ્ય હતું. તેથી એ બળ પર મલિન ભાવના ન થઈ. ભરત ચક્રી કરતાં ભારે બળવાન છતાં, ભરતે જ્યાં દૂત મોકલી આજ્ઞામાં આવી જવા, નહિતર લડાઈ માટે તૈયાર થવા કહેવરાવ્યું, ત્યારે બાહુબલજીએ જણાવ્યું કે 'તમે આટલું બધું જીતી લાવ્યા છો એમાં સંતોષ માનો. શા સારુ હવે લોભ વધારો ? તમે મારું બળ જાણો છો, એટલું બધું બળ છતાં મારે તમારું કશું પડાવવું નથી. એમ છતાં તમારે યુદ્ધ જોઈતું હોય, તો પરિણામ સમજીને પગલું માંડજો.' પુણ્યાનુબંધી પુણ્યે મળેલા બળ ઉપર બળના જોરે અન્યાય કરવાની બુદ્ધિ નથી થતી.

પછી ભરત લડવા આવ્યા, લશ્કરના યુદ્ધમાં જીતી શક્યા નહિ; દેવોએ વચમાં પડી બંને વચ્ચે ઠરાવેલ માત્ર વ્યક્તિગત દૃષ્ટિયુદ્ધ બાહુયુદ્ધ વગેરે ચાર યુદ્ધમાં પણ ભરતની હાર થઈ, ત્યારે આવેશમાં આવી એમણે બાહુબલજી ઉપર ચક્રરત્ન છોડ્યું. ક્રોધનો આંધળો આવેશ કેવો ? ચક્ર કામ કરે તો શું કરે ? નિર્દોષ એવા પણ બાહુબલ ભાઈનું ગળું જ છેદી નાખે ને ? પરંતુ એક ગોત્રમાં ચક્ર કામ ન કરે એ હિસાબે બાહુબલજીને પ્રદક્ષિણા દઈ પાછું વળી ગયું. હવે બાહુબલજી ભરતનો આ મહાન અન્યાય જોઈ એને શિક્ષા કરવા મુઠ્ઠી ઉપાડી દોડ્યા. ચારે કોર સન્નાટો વ્યાપી ગયો કે 'રે ! હવે આ ભરતની ખોપરીના ભુક્કા !' પરંતુ બાહુબલજી પુણ્યાનુબંધી પુણ્યનાં ઘરનું બળ લઈને આવ્યા છે ને ? એના પર અજબ



શુભ વિચાર કેમ ન આવે ? અધરસ્તે એ અટક્યા, ને વિચારે છે કે,

'અરે ! આ હું શું કરવા ઊપડ્યો ? એક જમીનના ટુકડા ખાતર ભાઈનો નાશ ? ઈતિહાસમાં શું લખાશે આ જ કે 'જેમના પિતા ઋષભદેવ સમસ્ત માયાનો ત્યાગ કરી જગદ્દ્ધારક તીર્થંકર બન્યા, એમનો જ નાનો પુત્ર એક નાના રાજ્યની માયા ખાતર મોટા ભાઈનો ઘાતક બન્યો !' અરરર ! પ્રભુના કૂળને હું આ કલંક લગાડું ? એક નાશવંત રાજ્યસંપત્તિ અને ભવમાં ભમાવનાર હુંપદ ખાતર ? શું મને શરીરબળ આ પિતા પછી પૂજ્યસ્થાને રહેલા મોટાભાઈનો કચ્ચરઘાણ જ કાઢવા ખાતર મળ્યું છે ? બળનો આ પાશવિક ઉપયોગ ? પૂર્વભવની દિવ્યભાવનામાંથી જન્મેલ બળનો આ પિશાચી ઉપયોગ ? ના, ના, આ બળના ગોઝારા મારક ઉપયોગને બદલે આને જ હું ભાઈને ક્ષમા આપવાના અને મારી સંસારવાસનાઓ તથા કષાયોને કચરવાના તારક ઉપયોગમાં ખરચીશ. પૂર્વ ભવની શુભ ભાવના ફળરૂપ આ બળથી હું અધિક-અધિક શુભ ભાવ જગાવીશ.'

બસ, ઝટ આ નિર્ધાર કરી લઈ, મારવા ઊપાડેલી મુઠ્ઠિથી પોતાના કેશનો લોચ કરી નાખી સંસારત્યાગ કરીને ત્યાં જ મનથી સાધુપણું સ્વીકારી લીધું, સાધુવેશ સજી ત્યાં જ ધ્યાનમાં ઊભા રહી ગયા. અનંત અનંત કાળથી પૂંઠે પડેલી કર્મપરંપરાનો કાયમી અંત લાવવા સળંગ એક વર્ષ સુધી ચોવિહાર નિર્જલ ઉપવાસ કર્યે ગયા, છએ ઋતુના કષ્ટ સહવા સાથે એક વર્ષ સુધી સળંગ કાયોત્સર્ગ-ધ્યાનમાં રહેવાનાં ઘોર કષ્ટ ઉપાડ્યા. પુણ્યાનુબંધી પુણ્યે પ્રાપ્ત બળનો આ તારક ઉપયોગ કર્યો. તો વર્ષના અંતે એ વીતરાગ સર્વજ્ઞ બન્યા.

આ પરથી આપણે પણ શુભભાવ-જનિત પુણ્યથી પ્રાપ્ત સઘળી તન-મન-ધનની સામગ્રીને વિશેષ શુભ ભાવ પ્રેરનારા કાર્યોમાં લગાવીએ.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૦,અંક-૪૫,તા.૨૯-૭-૧૯૭૨

## (૩૮) શાસન શેમાં ?

**(લેખાંક-૧)**

આપણે શાસનમાં છીએ, પણ આપણામાં શાસન છે ? પાઘડીમાં માથું હોય તે માથામાં પાઘડી છે જ, પગે બૂટ હોય તો બૂટમાં પગ છે જ, પરંતુ આપણે શાસનમાં હોઈએ તેથી આપણામાં શાસન હોવાનો નિયમ નથી. અભવી જીવ ચારિત્રજીવનમાં હોઈ શકે છે, છતાં એનામાં ચારિત્ર નથી. કારણ સ્પષ્ટ છે,



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

સ્વર્ગાદિના સુખ માટે અભવી ચારિત્ર-જીવન અંગીકાર કરે છે. ચારિત્ર પાળે છે, પરંતુ એનામાં મૂળમાં સમ્યગ્દર્શન જ નથી, ભવવૈરાગ્ય જ નથી, તેથી એનામાં ચારિત્ર ગુણ નથી. એ સૂચવે છે કે પોતે ચારિત્ર-જીવનમાં હોવા છતાં પોતાનામાં ચારિત્ર ન હોય એવું બને. એમ, આપણે શાસનમાં હોવા છતાં આપણામાં શાસન ન હોય એવું પણ બને.

ત્યારે, એ વિચારવું ઘટે છે કે આપણામાં શું હોય તો આપણામાં શાસન છે એમ મનાય ? અર્થાત્ શાસન શેમાં છે એ પ્રશ્ન છે. 'આપણે મહાન પુણ્યના ઉદયે જૈન કૂળમાં જન્મી ગયા એટલે જૈનધર્મ-જૈનશાસન સહેજે સહેજે મળી ગયું, આપણે જૈન શાસનમાં આવી ગયા,'-એનું આપણને ગૌરવ હોય. પરંતુ એથી એ નિર્ણય બાંધીને નિરાંત ન અનુભવાય કે 'ચાલો, આપણામાં શાસન આવી ગયું.' પાસે પચાસ લાખ રૂપિયા હોય, અને લહેલાટ એવો રાખ્યો હોય કે કરોડપતિની પંક્તિમાં ગણાતો હોય, છતાં અંદરખાને સમજતો હોય છે, અંતરમાં એને દુઃખ હોય છે કે કરોડપતિની પંક્તિમાં ગણાવા છતાં મારામાં કરોડપતિપણું નથી. એમ શાસન જેમાં છે એ વસ્તુ આપણામાં ન હોય તો આપણામાં શાસન ગણાય ? આપણે શાસનમાં ગણાવા છતાં આપણાથી દાવો ન રખાય કે, શાસનની પ્રધાન વસ્તુના અભાવે પણ આપણામાં શાસન છે. આપણને પાકી સમજ હોવી જોઈએ, આપણને ભારે દુઃખ હોવું જોઈએ, કે આપણે શાસનમાં ગણાવા છતાં આપણામાં શાસન નથી. એવું સમાજની દૃષ્ટિએ જોવાનું છે કે શાસન જેમાં છે એ વસ્તુ સમાજમાં ન હોય તો સમાજમાં શાસન નથી; અને જો છે પણ ઢીલી પડતી છે તો શાસન સમાજમાં ઢીલું પડતું છે; અને એનું પણ આપણને દુઃખ હોય. એટલે સવાલ આ છે કે શાસન શેમાં ? કઈ વસ્તુમાં ? કેવા લોકમાં ?

સાચા મોક્ષમાર્ગનો ઉપદેશ એ શાસન; અને ઉપદેશનું **'જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષઃ'** એ સૂત્ર છે, તેથી અલબત્ત શાસન જ્ઞાન અને ક્રિયામાં, પણ એકલા જ્ઞાનમાં નહિ, કે એકલી ક્રિયામાં નહિ; છતાં આજે આ સૂત્રનો એવો અર્થ કરાય છે કે પહેલું જ્ઞાન, પછી ક્રિયા; અર્થાત્ 'ક્રિયા ક્રિયા શું કરો છો ? પહેલાં જ્ઞાન લાવો, પછી ક્રિયા કરો. બીજા જીવોમાં જૈન શાસ્ત્રોનું તત્ત્વજ્ઞાન ઊભું કરો એ જ શાસનની પ્રભાવના, પછી ક્રિયા તો એની મેળે આવશે. શાસન જૈનશાસ્ત્રોના જ્ઞાનમાં છે.'

આવો અર્થ કરનાર ભૂલા પડેલાં છે; કેમ કે જૈન આગમ 'ઉત્તરાધ્યયન સૂત્ર' કહે છે કે 'जहाखरो चंदणभारवाही भारस्स भागी न हु चंदणस्स । एवं खु नाणी चरणेण हीणो, भारस्स भागी न हु सुग्गइए ।' અર્થાત્ જેવી રીતે ચંદનનો બોજ ઉપાડી ચાલનારો ગધેડો ચંદનના ભારનો ભાગી છે, પણ ચંદનનો ભાગી નહિ.



એવી રીતે ચારિત્ર યાને આચરણ વિનાનો જ્ઞાની જ્ઞાનના બોજનો ભાગી છે, પણ સદ્ગતિનો ભાગી નહિ. આનો અર્થ એ છે કે એકલા જ્ઞાનની ભાર ઊંચકવા સિવાય કશી કિંમત નથી; આચરણ સહિત જ્ઞાનની કિંમત છે.

વધારામાં શાસ્ત્ર એ પણ બતાવે છે કે માષતુષ મુનિ જેવાને જ્ઞાન માત્ર આઠ પ્રવચનમાતા-સમિતિગુપ્તિનું જ હતું, એટલે કે અતિ અલ્પ, નહિવત્ જ્ઞાન હતું; છતાં ગુરુકુલવાસ-મહાવ્રત-સમિતિ-ગુપ્તિ આદિનું આચરણ જોરદાર હતું તો એ કેવળજ્ઞાન પામી ભવપાર કરી ગયા. આ સૂચવે છે કે શાસન આચરણમાં છે.

આ જોતાં સમજાશે કે 'ક્રિયા-આચરણ આવે કે ન આવે, પણ જ્ઞાન મેળવો, જ્ઞાનનો પ્રચાર કરો, શાસન જ્ઞાનમાં છે;' આ ભ્રાન્ત માન્યતા છે; કેમ કે આચરણ નહિ તો મોક્ષ નહિ; એટલે **આચરણ એ મોક્ષમાર્ગ છે, આચરણનો ઉપદેશ એ મોક્ષમાર્ગનો ઉપદેશ; અને એ જ શાસન.** પ્રભુનું શાસન આચરણ પર ચાલ્યું આવે છે, આચરણ વિના નહિ. તેથી કહો, શાસન આચરણમાં છે.

એટલા જ માટે જૈનાગમ 'આચારાંગ' સૂત્ર કહે છે. **'जे मोणं ति पासइ ते सम्मं ति पासइ, जे सम्मं ति पासइ ते मोणं ति पासइ'** અર્થાત્ જે મુનિપણું પાળે છે તે જ સમ્યગ્જ્ઞાની છે, જે સમ્યગ્જ્ઞાની છે તે મુનિપણું પાળનારા જ છે.

આ પણ સૂચવે છે કે આચરણ વિનાના જ્ઞાનની કિંમત નથી. આચરણમાં જ્ઞાન છે, જ્ઞાનનો મર્મ છે, જ્ઞાનનું ફળ છે. આ પ્રભુનો ઉપદેશ છે, શાસન છે. એટલે શાસન જ્ઞાનસહિત આચરણમાં છે. જ્ઞાન જરૂરી ખરું, પણ આચરણ ઊભું તો શાસન ઊભું; આચરણનો ઉચ્છેદ, તો શાસનનો ઉચ્છેદ.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૦,અંક-૪૬,તા.૫-૮-૧૯૭૨

## (૭૯) (લેખાંક-૨)

ગત લેખમાં એ જોયું કે 'શાસન આચરણમાં છે.' તો શું જ્ઞાન જરૂરી નથી ? જરૂરી છે, ઉપયોગી છે; કિન્તુ આચરણપૂરતું જ્ઞાન હોય તો પણ તરી શકે છે, પછી ભલે કદાચ જ્ઞાનાવરણ કર્મના જોરને લીધે અધિક જ્ઞાન ન હોય; ત્યારે જ્ઞાન બહુ છતાં આચરણ થોડું હોય તો તરી શકાતું નથી.

શ્રી પુંડરીક ગણધર સાથે પાંચ ક્રોડ મુનિ, શ્રી દ્રાવિડ-વારિખિલ્લ મહર્ષિ સાથે દસ ક્રોડ મુનિ શ્રી સિદ્ધાચળ પર અનશન કરી મોક્ષે પધારી ગયા, એમાં સારા પ્રમાણમાં જ્ઞાનવાળા કેટલા હશે ? શ્રી દ્રાવિડ-વારિખિલ્લ ૧૦-૧૦ ક્રોડ માણસોના સૈન્ય સાથે લડતા હતા, એમાંથી બંને પક્ષે ૫-૫ ક્રોડ ખત્મ થઈ ગયા,



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

પછી મહર્ષિના 'તમે ભગવાન શ્રી ઋષભદેવના વંશજ; ભગવાને શું કર્યું ? અને જગતને શું કરવાનું શીખવી ગયા ? ને તમે આ શું કરી રહ્યા છો ?'-એવા ઉપદેશ પર એ બુઝયા અને બાકીના દસે ક્રોડ સુભટો સાથે ચારિત્રમાર્ગ અપનાવી અંતે એ બધા સાથે તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ઉપર અનશન ઝુકાવ્યું, ને મોક્ષ પામ્યા. ત્યાં એ સુભટો કેટલું ભણ્યા હશે ? મુનિ થઈને કેટલા મહાજ્ઞાની બન્યા હશે ? પરંતુ જેમ 'મહાજનો ગતઃ સ પન્થાઃ,' જ્યારે અમારા આવા મોટા રાજા સર્વત્યાગ કરે છે તો અમારે પણ એ જ માર્ગ મુબારક હો,' એમ કરી ચારિત્ર લઈ પાળવા લાગ્યા; એમ બંને નેતાઓનાં અંતિમ અનશન વખતે પણ નેતાઓ પર શ્રદ્ધા રાખી સાથોસાથ અનશન સાધ્યું. આમ જ્ઞાન અલ્પવાળા પણ આચરણથી મોક્ષ પામ્યા. એ સૂચવે છે કે શાસન આચરણમાં છે.

ભગવાન શ્રી મહાવીર પરમાત્માનું શાસન ૨૫૦૦ વર્ષથી ચાલ્યું આવે છે તે આચરણ પર, અર્થાત્ જ્ઞાનાચારાદિ પંચાચારના પાલન પર ચાલ્યું આવે છે. એમાં અનેક કારણોસર ન્યૂનતા આવતી ગઈ, તો જિનશાસનવાળા લોકની સંખ્યા ઘટતી આવી. એ સૂચવે છે કે શાસન આચરણમાં છે. બૌદ્ધોની સંખ્યા ૭૦ ક્રોડની ગણાતી હતી, પરંતુ બૌદ્ધ ધર્મનું આચરણ એટલું નહોતું, સમુદ્રતટે અને બીજે માછલા ખરીદનારની કતાર જામતી. 'અમે જીવ મારીએ નહિ. બીજાએ મારેલા જીવ અમારે ખાવા ખપે,' આ અસદ્ આચરણ એ અહિંસાવાદી બૌદ્ધધર્મવાળાઓમાં ચાલ્યું હતું, અર્થાત્ આચરણ ખરેખરી અહિંસાનું નહોતું, માંસાહારની લંપટતામાં, પોતાના માટે માછીમારો અને કસાઈઓ જીવ મારે એની, કશી ઘૃણા નહોતી, તેથી દિલ નિર્દય બન્યા હતા, એટલે ચીનમાં સામ્યવાદ આવતાં પચાસે ક્રોડ બૌદ્ધો તદ્દન ધર્મહીન સામ્યવાદી બની ગયા. ધર્મનું આચરણ જતાં ધર્મ લોપ ! એ સૂચવે છે કે ધર્મ આચરણમાં છે.

આજે ખ્રિસ્તધર્મીઓ ૬૦-૭૦ ક્રોડ ગણાતા હશે, પણ ખ્રિસ્તીધર્મ જે માનવતા માને છે, એ માનવતાનું આચરણ કરનારા કેટલા ? થોડા મિશનરીઓ એમની માનેલી માનવતાનું આચરણ દેખાડે છે. એ પણ બીજાઓને ખ્રિસ્તી બનાવવા માટે. બાકી મોટા ભાગમાં માનવતાનું આચરણ ક્યાં છે ? નહિતર વિલાયત અમેરિકા જેવામાં ભરપૂર દુરાચાર શાનો ચાલી રહ્યો હોય ? ખૂનો, લૂંટફાટ, ચોરી, માનવદયા વીના મોટરો હાંકવી, વગેરે શાનું હોય ? તો એવા ખ્રિસ્તી નામધારીની સંખ્યા પર શી મદાર બાંધવી ?

આ પરથી વિચારવા જેવું છે કે 'આપણે જૈનો બહુ અલ્પ સંખ્યામાં આવી ગયા, માટે જૈનધર્મનાં જ્ઞાનનો ફેલાવો કરી જૈનોની સંખ્યા વધારો' આ મેનિયાથી



શું વળશે ? શું ધર્મ, શાસન જ્ઞાનમાત્રમાં છે ? કે આચરણમાં છે ? આજે જૈન ગણાતામાં પણ જૈનધર્મના લોપનાં લક્ષણ દેખાય છે, એ શાના હિસાબે ? જ્ઞાનની ઓછાશના હિસાબે ? કે આચરણની ખામીના હિસાબે ? કહેવું જ પડશે કે રાત્રિભોજનત્યાગ, અભક્ષ્ય-ભક્ષણત્યાગ, દેવદર્શન-પૂજાદિ, સામાયિક-પ્રતિક્રમણાદિ તેમજ ન્યાય-નીતિ-પ્રામાણિકતા દાન-શીલ-તપ વગેરે શ્રાવકના આચાર લોપાતા ચાલવાથી જૈનશાસન સીદાય છે. શાસન ધર્મીમાં છે, ધર્મીના ધર્માચરણમાં છે.

સવાલ થાય કે 'શ્રેણિક કૃષ્ણમાં શું એવું ચારિત્ર-આચરણ હતું ? તો એમનામાં શાસન નહિ ?' આનો ખુલાસો એ છે કે અલબત્ત એમનામાં વ્રત-નિયમોનું આચરણ નહોતું, પરંતુ શાસ્ત્ર કહે છે 'શ્રેણિક સરખા રે અવિરતિ થોડલા, જેહને નિકાચિત કર્મ; (બાકી) તાણી આણે રે સમકિત વિરતિને, એહિજ પ્રવચનમર્મ; શ્રી જિનભાષિત વચન વિચારીએ.' અર્થાત્ દિલમાં સમ્યક્ત્વ હોય એટલે કે જિનવચનની શ્રદ્ધા હોય એ વિરતિને વ્રત-નિયમના આચરણને તાણી લાવે. માત્ર, શ્રેણિક જેવા થોડા જ જીવોને નિકાચિત કર્મના લીધે સમ્યક્ત્વ છતાં વિરતિ નથી આવતી. આમ છતાં એવા જીવોમાં જિનભક્તિ, સાધુસેવા, પરોપકાર ગુણની કદર વગેરેનાં કેટલાંય આચરણ હોય છે. શ્રેણિક રોજ પ્રભુપૂજા કરતા, ને એમાં આગલા જ દિવસના તાજા ઘડાયેલા સોનાના જવનો સાથિયો કરવા જોઈતો હતો. પટ્ટરાણી માટે ય સવા લાખ સોનૈયાનું સોળમાંથી એક પણ રત્નકંબળ ખરીદવા તૈયાર નહિ એ પ્રભુની સુખશાતાના સમાચાર લાવનારને એ રકમથી ય અધિક વધામણી દાન દઈ દેતા. ઇત્યાદિ ઇત્યાદિ આચરણ તો કર્યે જ જતા. એ સૂચવે છે કે શાસન એમના સમ્યક્ત્વયુક્ત આ આચરણમાં હતું એનું જો દેવાળું હોત તો શાસન એમના દિલમાં ક્યાં ?

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૦,અંક-૪૭,તા.૧૯-૮-૧૯૭૨

## (૪૦) (લેખાંક-૩)

મહાન પુણ્યના યોગે આપણે જૈનશાસન સાથે મનુષ્યભવ પામ્યા, એટલે આપણે શાસનમાં આવી ગયા, પણ સવાલ આ છે કે આપણામાં શાસન છે ? એમ બીજા કયા કયા જીવોમાં શાસન છે ? આનો કયાસ કાઢવા માટે આ જોવું પડે કે શાસન શેમાં ? અર્થાત્ જીવમાં શું હોય તો મનાય કે એનામાં શાસન છે ?

જૈન આગમ શાસન માટે બે વસ્તુ બતાવે છે,-૧. જ્ઞપરિજ્ઞા, અને ૨. પ્રત્યાખ્યાનપરિજ્ઞા; અર્થાત્ ૧. જિનવચનની શ્રદ્ધાથી યુક્ત જ્ઞાન, અને ૨. એ પ્રમાણે પ્રતિજ્ઞાબદ્ધ આચરણ. એટલે શાસન શેમાં ? તો કે આ બેમાં. આપણામાં



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

કે બીજામાં શાસન છે એનું માપ આ બે ઉપર નીકળે; અર્થાત્ આ બે આપણામાં કે બીજામાં હોય અથવા કમમાં કમ 'જ્ઞપરિજ્ઞા' યાને જિનવચન શ્રદ્ધાયુક્ત જ્ઞાન હોય, એ પર કહેવાય કે આપણામાં અગર બીજામાં જૈનશાસન છે.

આમાં શ્રદ્ધાનું મહત્ત્વ એટલું બધું છે કે જિનવચન યાને જૈન શાસ્ત્રોનું જ્ઞાન અગાધ હોય પરંતુ જો શ્રદ્ધા નથી તો કાંઈ નથી. એ જ્ઞાન અજ્ઞાન છે. કહ્યું છે 'સમકિત વિણ નવ પૂરવી અજ્ઞાની કહેવાય;' અને જ્ઞાન માત્ર આઠ પ્રવચનમાતાનું હોય, યાને પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિનું જ અર્થાત્ અલ્પ જ હોય, કિન્તુ જો શ્રદ્ધા હોય, સમકિત હોય, તો એ જ્ઞાની છે; **'સમકિતી અડપવયણધણી પણ જ્ઞાની કહેવાય.'**

આ ઉપરથી સમજાશે કે મહત્ત્વ જ્ઞાન કરતાં શ્રદ્ધાનું છે. આપણે શાસ્ત્રો ભણી જઈએ પણ ત્યાં એ જોવું પડે કે એના જ્ઞાન પ્રમાણે આપણામાં શ્રદ્ધા આવી છે ને ? શાસ્ત્રોના સમસ્ત વચન પર સંપૂર્ણ શ્રદ્ધા થઈ છે ને ? તો જ આપણામાં શાસન ઊતર્યું છે એમ ગણાય. બાકી શાસ્ત્રના માત્ર એકાદ વચનની પણ જો શ્રદ્ધા ન હોય તો બાકીના વચનો પરની શ્રદ્ધા છતાં અને જ્ઞાન છતાં ત્યાં સાચી જિનવચન-શ્રદ્ધા યાને સમકિત-સમ્યક્ત્વ-સમ્યગ્દર્શન નથી, એમ કહેવાય. તેથી આપણામાં શાસન હોવાનું, ભલે જ્ઞાન અલ્પ પણ સમસ્ત જિનવચનની શ્રદ્ધા હોવા પર નિશ્ચિત થાય.

બીજા જીવો માટે પણ આ જ માપદંડ છે. એટલે જેમ આપણામાં માત્ર બહુ જ્ઞાનથી સંતોષ ન મનાય, તેમ બીજાઓમાં પણ એનાથી સંતોષ ન મનાય. દુનિયાને જૈનધર્મનું બહુ જ્ઞાન આપી દો એમ નહિ, પણ મુખ્ય પ્રયત્ન એનામાં શ્રદ્ધા ઊભી કરવાનો જોઈએ. શાસન બહુ જ્ઞાનમાં નહિ, પણ શ્રદ્ધામાં છે.

તો શું જ્ઞાનથી શ્રદ્ધા ન આવે ? આવે, પરંતુ એ જ્ઞાન ઉપર એનામાં શ્રદ્ધાનાં લક્ષણ આવવાં જોઈએ. પહેલું લક્ષણ આ જ કે **'જે જિન-ભાખ્યું તે નવિ અન્યથા, એવો જે દઢ રંગ.'** જિનેશ્વર ભગવાને જે જે કહ્યું તે જ સાચું. અર્થાત્ 'સમસ્ત જિનવચન સાચાં' એવો દઢ રંગ જોઈએ; જિનવચન સર્વેસર્વા સત્ય લાગે તો જ શ્રદ્ધા યાને સમકિત આવે. એટલે શાસ્ત્રોનું બહોળું જ્ઞાન ધરાવવા છતાં કોક કોક યા કેટલાંક શાસ્ત્રવચન પર અશ્રદ્ધા કરાય, એલફેલ બોલાય તો ત્યાં સમકિત નહિ, એનામાં શાસન નહિ. આજના કેટલાક સાક્ષરની આ સ્થિતિ દેખાય છે. આગમ કહે છે કે 'દ્વાદશાંગી આખી માને, પણ એના એક પણ અક્ષરની અશ્રદ્ધા કરે તો એનામાં મિથ્યાત્વ છે, શાસન નથી.'



આ જોતાં 'દુનિયામાં જૈન આગમોનો પ્રચાર કરો.' એવા મેનિયાથી શું વળે ? એ સમજાય એવું છે. આગમપ્રચારથી જ્ઞાન તો મળશે પણ એના પર દૂધમાંથી પોરા કાઢશે એનું શું ? 'જૈન-આગમોમાં આ લખ્યું છે એ બરાબર નથી, એમ કરી એની વિરુદ્ધ લખશે-બોલશે હાંસી કરશે એનું શું ? એવું કરનારમાં શ્રદ્ધા-સમકિત શાસન ક્યાં આવ્યું ? આજના શ્રદ્ધાવાદને બદલે કોરા બુદ્ધિવાદના યુગમાં આ થવું અત્યંત સંભવિત છે. એ થવાથી આ જ પરિણામ આવે કે દુનિયાને જિનાગમનું બહુ જ્ઞાન આપીને એનો ઉન્માદ વધાર્યો. કેવળ આત્મકલ્યાણ માટે જ જ્ઞાન લેવાનું છે એ ભૂલાઈ જઈને પંડિતાઈ પામી દુનિયામાં નામ કાઢવા માટે, યા દુન્યવી સ્વાર્થ સાધવા માટે જ્ઞાન લેવાય, એ ઉન્માદ છે. આજે જૈન વિષય પર પી.એચ.ડી. કરનારની બહુધા આ દશા દેખાય છે. જૈન શાસ્ત્રોનું જ્ઞાન લઈને શાસ્ત્રોક્ત વિષયો અને પવિત્ર આચાર-અનુષ્ઠાનો સામે ચેડાં કઢાય એ ઉન્માદ છે. શ્રદ્ધા વિનાનું જ્ઞાન મીંડું. એવું જ્ઞાન હોય ત્યાં શાસન નથી.

પ્ર.- તો શાસ્ત્રોનાં જ્ઞાન વિના દુનિયાને શ્રદ્ધા આવે કેવી રીતે ?

ઉ.- શ્રદ્ધા આચરણથી આવે છે, તત્ત્વ સાથે આચરણનો બોધ આપવાથી પ્રગટે છે. પૂર્વના કાળમાં જૈન મુનિઓના ઉત્તમ આચારપાલન અને જૈન ગૃહસ્થોનાં સુંદર ધર્માચરણ જોઈને ઇતરો ધર્મ પામી જતા, જૈનધર્મની શ્રદ્ધાવાળા બની જતા; તેમ જૈનાચાર્યો દયાદિ આચારનો બોધ આપીને ઇતરોને ય પમાડતા; જગદ્ગુરુ શ્રી હીરસૂરિજી મહારાજે અકબર બાદશાહને ધર્મ પમાડ્યો તે જૈન આગમો ભણાવીને નહિ, કિન્તુ પોતાના કડક જૈન સાધ્વાચારનાં પાલનથી અને તત્ત્વ સાથે પવિત્ર આચરણના ઉપદેશથી પમાડ્યો. હરિભદ્ર બ્રાહ્મણ પુરોહિતને યાકિની મહત્તરા અને જિનભટ્ટસૂરિજીએ પમાડ્યું તે પણ આચાર દેખાડીને તથા જૈનધર્મનો બોધ આપીને. શ્રી મહાવીર ભગવાને ઇન્દ્રભૂતિ ગૌતમને બુઝવ્યા તે પણ તત્ત્વસમજ અને આચાર આપીને. સાધુને દ્વાદશાંગી જિનાગમમાં પહેલું આચારાંગ આચારશાસ્ત્ર ભણાવાય છે એ પણ સૂચવે છે કે આચારનાં આચરણથી શ્રદ્ધા અને સંયમ આવે, દઢ થાય, અને વધે પછી એમાં પરિણત થયે આગળ આગળના આગમોનું જ્ઞાન અપાય છે. શ્રાવકને પણ દિનરાતની કેટલીય ધર્મચર્યાનું આચરણ બતાવીને જ એમાં એક ચર્યા શ્રાવકયોગ્ય શાસ્ત્રના સ્વાધ્યાયની બતાવી. જ્ઞાનીઓએ એ બધું બતાવવામાં જોયું કે મુખ્યપણે સદ્ આચારોના ભરપૂર આચરણથી શ્રદ્ધા આવે, સંયમ આવે. સારાંશ, જાત માટે અને જગત માટે આ ધ્યાન રાખવાનું છે કે શાસન શ્રદ્ધા અને આચરણમાં છે, પણ કોરા શાસ્ત્રજ્ઞાનમાં નહિ.

# ૪૧ જીવનમાં ધર્મની મુખ્યતા

આત્માની સામે બે ચીજ છે, ધર્મ અને મોહ. ધર્મ પણ આર્ય દેશમાં અને આર્યકૂળમાં જન્મ પામેલા જીવને માટે સામે છે. ધર્મ અને મોહ બેમાંથી કઈ વસ્તુ જીવનમાં મુખ્યપણે વ્યાપેલી જોઈએ આ પ્રશ્ન છે. એ સહજ છે કે 'જે ચીજ અહીં વ્યાપેલી રહેશે તેના સંસ્કારો પડશે, અને એથી એ વસ્તુ પરલોકના જનમમાં વ્યાપેલી રહેવાની.' ધર્મશ્રદ્ધાળુ જીવ આ સમજી એમ જ ઇચ્છે કે જીવનમાં મુખ્યપણે વ્યાપેલી વસ્તુ 'ધર્મ' જ જોઈએ, જેથી એના સંસ્કાર દ્વારા પરલોકે ધર્મ મળે.

'ધર્મ' વસ્તુમાં શું શું લેવાનું છે ? ધર્મશ્રદ્ધા, ધર્મસાધના ધર્મના અંગોને ક્ષમા-વિનયાદિ ગુણો. એથી ઊલટું 'મોહ' વસ્તુમાં કાયા-કંચન કામિની-કુટુંબ-કીર્તિ-ખાનપાન-વિષયવિલાસ-ઘર-દુકાન-ધંધો-રોજગાર-હિંસાદિપાપ અને ક્રોધાદિ દુર્ગુણો આવે. હવે આ જોવાનું છે કે જીવનમાં રાત ને દિવસ ધર્મ મુખ્ય રહે છે ? કે મોહ ? દૃષ્ટિ ધર્મ પર ? કે મોહ પર ?

અલબત અહીં સવાલ થશે કે 'ચોવીસે કલાક ધર્મને મુખ્ય રાખીએ તો પછી શું મોહમાયાની સંભાળ જ નહિ કરવી ? એમ તો પછી સંસાર છોડી સાધુ જ થઈ જવું જોઈએ. બાકી ગૃહસ્થને તો ઘર-રોજગાર-કુટુંબ-કાયા વગેરે બધું સંભાળવું જ પડે, ત્યાં ચોવીસે કલાક ધર્મ શી રીતે મુખ્ય રહી શકે ?'

આનો ખુલાસો એ છે કે જેવી રીતે ગૃહસ્થને જો પૈસાની બહુ તંગી હોય અથવા પૈસાનો બહુ લોભ હોય; તો સંસારના બીજા કામ સંભાળતી વખતે પણ મનથી પૈસાની જ ગડમથલ ચાલે છે, અને વર્તનથી, પૈસાનો ખર્ચ કેમ વધુ ન થાય, પૈસાનો કેમ બચાવ, યા વિશેષ લાભ થાય, વગેરે વગેરે સાવચેતી ચાલુ રહે છે, અને એમ ચોવીસે કલાક પૈસા જ મુખ્ય વસ્તુ બની જાય છે.

એ પ્રમાણે સંસાર લઈ બેઠેલ ગૃહસ્થને જો પોતાની રૂપાળી પત્નીની સાથેના રંગરાગની જ બહુ લાલસા છે, અથવા દુનિયામાં બધે માન-સન્માન-સત્તા-ઉત્કર્ષની જ ભારે ભૂખ છે, તો આઘો જાય પાછો જાય કે ગમે તે પ્રવૃત્તિ કરતો હોય એમાં, મતલબ, ચોવીસે કલાક મનથી એના જ વિચાર મુખ્ય રહે છે; અને વર્તનથી, બને ત્યાં સુધી, એની અનુકૂળતા કરવાનું સંભાળે છે.



બસ, એ રીતે સંસારમાં બેઠો છતાં ગૃહસ્થ જો ધર્મનો જ ખપી છે, તો મોહમાયાની પ્રવૃત્તિ કરતી વખતે પણ ધર્મને મુખ્ય રાખી શકે છે. એ એ રીતે બને કે વર્તનથી જો કે દુનિયાદારીની મોહમાયાની પ્રવૃત્તિ છે, પરંતુ એને ધર્મના કાનૂન બહાર ન જવા દેવા માટેની જાગૃતિ હોય, મનથી ધ્યાન રાખે કે 'કોઈ અભક્ષ્ય અવાચ્ય, અકાર્ય, અનુચિત શાસ્ત્રનિષિદ્ધ નથી સેવાઈ જતું ને ? બહુ લોભ, મદ, કે માયા નથી આવી જતા ને ? પરલોક બગડે એવું કશું જ બોલાતું-ચલાતું નથી ને ?' આ ખ્યાલ મુખ્ય હોય એ જીવનમાં ધર્મની મુખ્યતા સૂચવે છે.

એમ, જીવન જીવવા નભાવવા અતિ જરૂરી આજીવિકા-કમાઈ વગેરેની પ્રવૃત્તિ કરવી પડતી હોય, એમાં પણ ચિત્ત એટલો બધો રસ ન લેતું હોય; કેમ કે સમજતું હોય કે જે ઉચ્ચ વિશેષતા, ઉચ્ચ તાકાત, અને ઉચ્ચ ધર્મસામગ્રી આ માનવ જનમને વરેલા છે, એને છાજતી પ્રવૃત્તિ તો નિષ્પાપ જીવનની જ પ્રવૃત્તિ હોય, પણ દુનિયાદારી-મોહમાયાની પ્રવૃત્તિ નહિ. નિષ્પાપ વિરતિમય જીવનની આડે આ દુનિયાદારી-મોહમાયા તો બેડી સમાન છે. તેથી ક્યારે આ બેડીથી છૂટું એવી એને ચટપટી હોય.

સમ્યક્ત્વનું આ લક્ષણ છે કે સંસારને નરકાગાર-કારાગાર સમાન લેખી એનાથી ઉભગ્યો, એમાંથી નીકળી જવા (અને ધર્મને તારણહાર દેખી એકલો શુદ્ધ ધર્મ જ આદરવા) ચાહતો હોય. 'નારક-ચારકસમ ભવ ઊભગ્યો, તારક જાણીને ધર્મ; ચાહે નીકળવું નિર્વેદ તે, એહી જ પ્રવચનમર્મ.' સંસાર દુઃખમય અને પાકી પરાધીનતાથી ભરેલો, માટે નરકાગાર જેવો; તેમજ પાપાચરણની બેડીએ જકડાયેલું માટે કારાગાર-જેલ જેવો. જીવ ઇચ્છે કે ન ઇચ્છે પણ ઘરવાસરૂપ સંસાર પાપસ્થાનક સેવરાવે ને સેવરાવે જ. કેદીને જેલ-કારાગારની અમુક પ્રવૃત્તિ કરવી પડે જ. આવા નરકાગાર-કારાગારસમા ઘરવાસથી ક્યારે છૂટું એ ચટપટી હોય.

આમ વર્તનથી ઘરવાસ અંગેની પ્રવૃત્તિ છતાં હૈયાથી ધર્મની સૂઝ-સમજ-તાલાવેલી રહે એ, તેમજ વધુ પડતા પાપથી બચવાનો પ્રયત્ન રહે જયણા રહે એ, દુનિયાદારી કરતી વખતે પણ અર્થાત્ ચોવીસે કલાક ધર્મની જ મુખ્યતા ગણાય.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

## (૪૨) સાચી આસ્તિકતા અને ધર્મના ગાઢ સંસ્કારના ઉપાય

ગત લેખમાં એ જોયું કે 'પૈસાના ખાસ લોભિયાને કે સ્ત્રીસુખ આદિના ખાસ લંપટને ચોવીસેય કલાક એની એની મુખ્યતા રહેવાની, જેમ, ધર્મના ખાસ રસિયાને ચોવીસેય કલાક ધર્મની મુખ્યતા રહે છે.' હવે એ જોઈએ કે આવી ધર્મની મુખ્યતા આવે શી રીતે ? એ લાવવા શું ખાસ કરવા જેવું છે ?

જીવનમાં ધર્મની મુખ્યતા ધર્મની ધગશથી આવે; અને એ ધગશ; નજર સામે કાયા-માયાને બદલે પોતાનો આત્મા તરવરતો હોય, આત્માની શુદ્ધિ-ખરાબી તરવરે, બાહ્યથી કોઈ ધર્મની પ્રવૃત્તિ કરવા છતાં જો નજર સામે કાયાના જ સુખ-સન્માન તરવરતા હોય, અને પોતાનો આત્મા તથા આત્મહિતાહિત નહિ, તો એ પ્રચ્છન્ન (છૂપી) નાસ્તિકતા છે. આમાં કાંઈ ખરેખરી ધર્મધગશ નથી; પણ ધર્મ કરવા છતાં ધગશ તો કેમ પૈસા અને વિષયસુખો ભરપૂર મળે ?' એ જ છે; પછી ભલે એ ધન-વિષયોના અતિ રાગથી આત્માનું હિત વટાઈ જતું હોય એની એને જરાય અફસોસી નથી. ત્યારે જો આત્મહિતની લેશ માત્ર પરવા નહિ, ને પોતાના આત્માનું અહિત થવાની જરા પણ અફસોસી નહિ, એનો વિચાર પણ નહિ, તો ત્યાં હૈયામાં આસ્તિકતા ક્યાં રહી ?

સાચી ધર્મની ધગશ હૈયે આસ્તિકતા માગે છે; ને એ, નજર સામે કાયા-માયાનાં સુખ-સન્માન નહિ, પણ આત્માના હિતાહિત તરવરતા રહેવાથી આવી શકે. એ રહેવાથી આત્મહિતકાર ધર્મની ધગશ રહ્યા કરે. આચરણથી કદાચ ધર્મ ઓછો થઈ શક્તો હોય, ને આજીવિકાદિની દુન્યવી પ્રવૃત્તિમાં વધુ સમય ગાળવો પડતો હોય, છતાં ત્યાં પણ હૈયે મુખ્યતા ધર્મની જ રહે. ગયા લેખમાં જોયું તેમ ત્યાં ધર્મના કાનૂન, ધર્મની મર્યાદા, અને ધર્મની રક્ષા, જયણા ચૂકે નહિ; **દુનિયાદારીને ધર્મના કાંટે માપ્યા કરે. એનું જ નામ ધર્મની મુખ્યતા**

જીવનમાં આવી ધર્મની ધગશ કે દુનિયાદારી વખતેય ધર્મ મુખ્ય રહે; એ ઊભી કરવા માટે એક મહાન ઉપાય આ છે **આત્મામાં ધર્મનું સંસ્કરણ કરતા રહેવું જોઈએ.**

ભૂલવા જેવું નથી કે દેવદર્શનાદિ ધર્મ કરતી વખતે બીજાત્રીજા વિચારો કેમ આવે છે ? એટલા જ માટે કે મોહના સંસ્કારો ગાઢ પડેલા છે, ને એ જાગ્રત થઈ



થઈ મોહના વિચારો લાવ્યા કરે છે. એની સામે જો ધર્મના ગાઢ સંસ્કારો ઊભા કર્યા હોય તો એ પેલાને દાબી પોતે જાગ્રત થઈને ધર્મના જ વિચાર કરાવે.

ધર્મના ગાઢસંસ્કાર ઊભા કરવા માટે (૧) ધર્મની શ્રદ્ધા, (૨) ધર્મની વિચારણા, (૩) ધર્મની સાધના, (૪) ધર્મની પ્રશંસા એ મહાન ઉપાયો છે. એ કર્યે જઈએ તેમ તેમ દિલમાં ધર્મના સંસ્કાર ઊભા થતા જાય. દા.ત.

(૧) ધર્મનું આચરણ નથી બની શક્તુ પરંતુ ધર્મની શ્રદ્ધા-રુચિનો ખ્યાલ કરતો જાય તો પણ ધર્મના સંસ્કાર પડે. બાળક પૈસા કમાવવાની કે સંઘરી રાખવાની પ્રવૃત્તિ નથી કરતું છતાં મોટાઓનો વ્યવહાર જોઈ જોઈને આ નક્કી કરે છે કે 'પૈસા હોય તો મનગમતું ખરીદી શકાય માટે એ કામના છે, સારા છે,' તો એને પૈસા પર શ્રદ્ધા-રુચિ રહ્યા કરે છે ને ? અને પૈસાના સંસ્કાર ઊભા થયા કરે છે ને ? એમ,

(૨) પરણીને હું આમ કરીશ, તેમ કરીશ,' વગેરે વિચારણા કરતાં કરતાં પત્ની કે પતિ અંગેની રુચિના સંસ્કાર ઊભા થાય જ છે ને ? એવી રીતે ધર્મની વિચારણા કરતાં રહેવાથી ધર્મના સંસ્કાર ઊભા થતા જાય છે.

(૩) બાળક પ્રારંભે રમતગમત મૂકીને ખાઈને પણ નિશાળે જવા રાજી નથી હોતું, છતાં નિશાળે જવાની અને ભણવાની પ્રવૃત્તિ કરતાં કરતાં એનામાં નિશાળ અંગેના સંસ્કાર એવા ઊભા થઈ જાય છે કે પછી નિશાળે જવાની અને ભણવાની ઊલટવાળું બને છે તે કોઈકવાર ખાધા વિના પણ નિશાળે દોડે છે. એમ, પ્રારંભે એટલો ઊછરંગ નહિ છતાં દાન-શીલ-તપ-ધર્મશ્રવણ-જિનભક્તિ-સાધુસેવા વગેરે ધર્મનું આચરણ કરતાં કરતાં એના સંસ્કાર પડવાથી પછીથી ધર્મના ઊછરંગવાળો બને છે. એમ,

(૪) જેવી રીતે કોઈ દેશપ્રેમીની દેશરક્ષાની વીરતાના ગુણ ગાતાં ગાતાં દિલમાં એના સંસ્કાર ઊભા થતા જાય છે, અને અવસરે નાની કે મોટી વીરતાનું કામ કરાય છે, એવી રીતે મહાપુરુષોના ધર્મપરાક્રમની પ્રશંસા કરતા રહેવાથી એવા ધર્મપરાક્રમના કાર્ય કરાય છે.

તાત્પર્ય, ધર્મની શ્રદ્ધા કરતા રહેવાથી ધર્મની વિચારણા, ધર્મના આચરણ કે ધર્મની પ્રશંસા કરતા રહેવાથી ધર્મના સંસ્કાર ઊભા થાય છે, અને એથી પછી દુનિયાદારીની પ્રવૃત્તિ કરતી વખતે પણ ધર્મની દૃષ્ટિ મુખ્ય બની રહે છે. પરંતુ આ તો જ બને કે ધર્મના સંસ્કાર જો ગાઢ પડ્યાં હોય. એ ગાઢ સંસ્કારો અંગે હવે પછી વિચારીએ.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

# (૪૩) ધર્મના ગાઢ સંસ્કારનું મહત્ત્વ

ગયા લેખમાં એ જોયું કે ધર્મના સંસ્કારો એકત્રિત થયા હોય તો એથી દુનિયાદારીની પ્રવૃતિ વખતે પણ ધર્મની દૃષ્ટિ મુખ્ય રહે છે. પરંતુ આ વસ્તુ તો જ બને કે ધર્મના સંસ્કાર ગાઢ પડેલા હોય. સારા વિદ્યાર્થીને વિદ્યાના સંસ્કાર ગાઢ પડ્યા હોય તો બીજી ત્રીજી પ્રવૃત્તિ વખતે ય વિદ્યા-ભણતરની દૃષ્ટિ મુખ્ય રહે છે ને ? તેમ ધર્મના ગાઢ સંસ્કારથી ધર્મની દૃષ્ટિ મુખ્ય બની જાય.

ધર્મના સંસ્કાર ગાઢ પાડવા માટે ઉપાય આ છે કે શું ધર્મશ્રદ્ધા, કે શું ધર્મસાધના યા શું ધર્મવિચારણા કે શું ધર્મપ્રશંસા, એ ઊંડા પ્રણિધાન સાથે અને ઉછળતા ભાવોલ્લાસ સહિત સેવાય.

'ઊંડા પ્રણિધાન સાથે' એટલે કે એનામાં ચિત્ત બરાબર ઓતપ્રોત હોય, તન્મય હોય; તે એવું કે એ સિવાયની બીજી બધી વસ્તુમાંથી, ચિત્ત તદ્દન ઊઠી ગયેલું હોય અને આના પર સર્વાંગ છવાઈ ગયું હોય, આના મર્મ પર ચિત્તની ચોંટ હોય. એમ, 'ભાવોલ્લાસ ઊછળતા' એટલે આ ધર્મશ્રદ્ધા-સાધના-વિચારણાદિને અનુરૂપ ભાવ-લેશ્યા-પરિણતિથી મન ભીનું ભીનુ ગદ્ગદ થઈ ગયું હોય. દા.ત.

માણસને જો પૈસા પર શ્રદ્ધા છે તો 'પૈસા કેવા સારા, કેવા ઉપયોગી, કેવી મોજમજાહ કે સગા-સમાજમાં માન-સન્માન આપનારા, વગેરે ખ્યાલ કરતાં ચિત્ત તન્મય અને હરખું-હરખું થઈ જાય છે; એવી રીતે ધર્મશ્રદ્ધાનો ભાવ જાગતા ધર્મ કેટલો બધો સરસ, કેવો પવિત્ર, કેવો ઉપયોગી, કેવો અનંત જનમ મરણ તથા રોગ-દારિદ્ર-મારપીટ વગેરેનો અંત લાવનારો.... ઇત્યાદિ ખ્યાલ પર તન્મય અને ગદ્ગદ થઈ જાય.

એમ દેવદર્શન-પૂજન-જાપ આદિ કે દાન-શીલ આદિ યા દયા-અહિંસાદિ ધર્મસાધના કરતાં મન એના ઉંડાણમાં ઊતરી જાય, આ કોઈ અપૂર્વ મંત્રસાધના મળી, અપૂર્વ નિધાન પ્રગટ કરવાની પ્રક્રિયા હાથમાં આવી, મહાચક્રવર્તીને રીઝવવાનું મળ્યું, એવા ભાવોલ્લાસ ઊછળે, હૈયે હરખ-હરખનો પાર ન હોય, હૈયું ભીનું ભીનું થાય. એવું ધર્મ-ધર્માત્માની પ્રશંસા કરતાં કે ધર્મ-અંગોનો વિચાર કરતાં થાય.

તાત્પર્ય કોઈ પણ શુભ વિચાર-બોલ કે પ્રવૃત્તિ વખતે દિલ એના ઊંડાણમાં ઊતરી જાય અને કલેજે શેરડો પડે હૈયાના તાર ઝણઝણે, ભાવોલ્લાસની ભરતી ચડે, ત્યારે એના ઊંડા-ગાઢ અને દૃઢ સંસ્કાર પડે. એ સંસ્કાર બાકીના દુન્યવી



જીવન પર સારી અસર પાડે, કેમ કે ધર્મના ગાઢ દૃઢસંસ્કારથી ધર્મની દૃષ્ટિ મુખ્ય બની ગઈ હોય છે, એટલે દુન્યવી પ્રવૃત્તિ વખતે પણ ધર્મ ભૂલાતો નથી. જીવનમાં મુખ્ય વસ્તુ ધર્મ બની ગયો હોય.

માણસ અહીં જ ભૂલો પડે છે,-વર્ષોથી ધર્મની શ્રદ્ધા કરતો છતાં, ધર્મશ્રવણ કરતો છતાં, ને ધર્મપ્રવૃત્તિ-ધર્મસાધના-ધર્મવિચારણા-કરતો છતાં, એમાં એનું દિલ ઊંડાણમાં ઊતરતું નથી, તે તે શ્રદ્ધા-શ્રવણ  આદિને યોગ્ય ભાવોલ્લાસ એવા ઊછળતા નથી કે જે દુન્યવી લાભની વિચારણા કે પ્રવૃત્તિ યા પ્રાપ્તિમાં ઊછળતા ભાવને ટપી જાય. ચિત્ત રખડતું, શુષ્ક અને જો હૈયાના ઊંડાણને બદલે ઉપર ઉપરમાં રહેતું હોય, હૈયાના તાર ન ઝણઝણાવતું હોય, તો એ સાધનાના ઘેરા સંસ્કાર ક્યાંથી પડે ? એ ન પડે પછી અહીં ધર્મની મુખ્ય દૃષ્ટિય ક્યાંથી ઘડાય ? અને પરભવ માટે નક્કર શુભ સંસ્કાર મૂડી લઈ જવાની ક્યાં રહે ? રહે માત્ર દુન્યવી અને અશુભ પ્રવૃત્તિ અને વિચારણાઓના ઘેરા સંસ્કાર; એ પરભવે જીવને શેમાં શૂરવીર બનાવે !

આજે જીવની દશા જુઓ, કેવી છે ? ખાનપાનમાં શૂરવીર, પૈસા કમાવા અને એનો હિસાબ રાખવામાં શૂરવીર; પત્નીની દેખભાલમાં અને એના સુખ લૂંટવામાં શૂરવીર;...વગેરે વગેરેમાં શૂરવીરતા છે; એવી શૂરવીરતા ધર્મશ્રદ્ધા કેળવવામાં નથી, ધર્મપ્રવૃત્તિમાં નથી, ધર્મની વિચારણામાં નથી. એનું કારણ આ જ કે પૂર્વ જન્મોમાં ધર્મપ્રવૃત્તિ તો ઘણીય કરી, પરંતુ એના ગાઢ સુદૃઢ સંસ્કારો પડે એવા પાકા ધ્યાનને તન્મયતા સાથે ન કરી, અને હૃદયને ભાવથી લચબચ કરીને ન કરી. પછી ગાઢ સંસ્કાર ક્યાંથી પડે ? ને ક્યાંથી અહીં એ ગાઢ એ સંસ્કાર વિનાની પૂર્વની ગમેતેટલી સાધના ઉપયોગી થાય ? ત્યારે, અહીં પણ જો એવી જ ઉપરછલકી, શુષ્ક અને રખડતા ચિત્તવાળી દેવદર્શનાદિ ધર્મસાધના ઢગલો કર્યે જવાય, તો પણ ગાઢ સંસ્કરણ ક્યાં ? એ વિના ધર્મની દૃષ્ટિ મુખ્ય બનવાનું શે બને ?

જીવન ઊંચુ મળ્યું છે, મન ઊંચુ મળ્યું, શાસન ઊંચી કોટિનું મળ્યું છે, પણ એ બધુંય એમજ વહી જશે. જેમાં મન તન્મય અને રસ તરબોળ રખાય છે એ કાયા અને બાહ્ય માયા ખોવાઈ જશે એમાં લેશ પણ શંકા નથી. સરવાળે એના ગાઢ કુસંસ્કારોના ભયંકર કચરા જ ઊપાડીને જવાનું ને ? ડહાપણનું કામ આ છે કે અહીં મોહને બદલે ધર્મની દૃષ્ટિ બનાવી આપનારા અને પરલોકની સદ્ધર મૂડીરૂપ બનનારા ધાર્મિક ગાઢ સંસ્કારોનું બળ ઊભું કરવા તીવ્ર પ્રણિધાન સાથે જ અને ગદ્ગદ ભાવભરી જ ધર્મશ્રદ્ધા-સાધના-પ્રશંસા વિચારણાઓ કર્યે જઈએ.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

## (૪૪) જીવની રાંક સ્થિતિ પર વિચાર

આપણે જો આપણા ભૂત-ભાવી વિરાટ કાળ પર દૃષ્ટિ નાખીએ તો આપણને દેખાશે કે ભલે અહીં થોડી ઘણી હોશિયારી કે માટીના ચાર કૂકા, યા તગડેબાજ કાયાની લહેર, અથવા મનમાન્યા વિષયો અને પરિવારમાં આપણે નચિંત બની યથેચ્છ નાચતા હોઈએ, અને જાતને સમૃદ્ધ મસ્ત લેખતા હોઈએ, પરંતુ આપણે અનંતા ભૂતકાળમાં રાંકડા હતા, ભિખારડા ગુલામડા હતા; તેમજ ભવિષ્યમાં એવી સ્થિતિને અટકાવનારી અહીં જો એવી કરણી કરી નથી, એવું જીવન બનાવવું નથી, તો ભાવી અનંતો કાળ પણ રાંક-ભિખારડી-ગુલામડી સ્થિતિ ઊભી થવાની.

ત્યારે ભૂત-ભવિષ્ય અનંતા કાળના ભિખારડાપણા અને ગુલામડાપણાના બે પટની વચ્ચેના આ અતિ ટૂંકાશા જીવનપટમાં મળેલ હોશિયારી-વૈભવ-સત્તા-રંગરાગની શી બહુ કિંમત છે ? શું સમજીને આપણે આપણી જાતને બહુ શાણી, સુખી, સમૃદ્ધ કે જગતના ઉપદેશક ફિરસ્તા માની, ભૂત-ભાવી અનંત કાળની ભિખારડી-ગુલામડી સ્થિતિ પર આંખ મિચામણા કરતાં હોઈશું ?

આપણી પાસે કદાચ લાખો રૂપિયા હોય, તો મગજમાં એના મદનો કેફ રહે છે કે ''હું મોટો શ્રીમંત મારું નામ લખાય એની સાથે 'શેઠ' શબ્દ લાગવો જોઈએ. 'શેઠ ફલાણા ફલાણા'...મારી સાથે ઓછા પૈસાવાળાએ વાત કરવી હોય તે અદબથી વાત કરવી જોઈએ...બધી અક્કલ મારામાં ભરી છે...'' આ કેફ વખતે ભૂત-ભાવી અનંત કાળની દુર્દશા નજર સામે આવે ?

આપણને આજ્ઞાંકિત અને સેવાકારી પત્ની પુત્રો વગેરે આવી મળ્યા હો, તોય મગજ પર એનો ભારે કેફ નશો રહે છે. મનને થાય છે કે ''આપણે શી ફિકર છે ? આપણે ઘરના રાજા છીએ. આપણા ગમે તેવા બોલને રોફને કુટુંબ હાથ જોડીને ઝીલી લે છે. બસ, જિંદગી મસ્ત જીવાઈ રહી છે....'' આવા નશા વખતે પૂર્વની અનંત કાળની ગુલામડી સ્થિતિ યાદ આવે ?

આપણી પાસે સમાજમાં કોઈ જરા ઊંચું સ્થાન છે, જરાક માનવંતો કોક હોદ્દો છે, ચાર જણા આપણને આગળ કરે છે, તો ય ચિત્તને આફરો ચડે છે, પગ ભારે પડે છે, બોલ ઠસ્સાના નીકળે છે. જીભથી બીજાનું કાતરતા રહીએ છીએ. આ વખતે ભાવી અનંત કાળની ગુલામડી સ્થિતિ લક્ષમાં આવે ?



આપણે પૈસે ટકે-પરિવારે ભૂખડી બારસ હોઈએ છતાં જો આપણી પાસે મિજાસ છે, મોટો હાકોટો કરનારો ઘાંટો છે, ચાર નાગડાનું પીઠબળ છે, તો એનોય મનમાં આફરો ચડે છે, અને સેવાભાવી કાર્ય-વાહકોને ઉતારી પાડતાં, મંદિર-ઉપાશ્રયમાં ધમધમાટ કરતાં સંઘની મિટિંગો તોડી નાખતા, કે સંઘમાં સારાં કામ થતાં અટકાવી દેતા આપણા હૈયે કશો આંચકો આવતો નથી બલ્કે એ કરીને ગર્વ લેવાય છે કે કેવું બતાવી આપ્યું ?

વર્તમાન જીવનમાં આ પૈસા આદિ અગર એવી બીજી વિશેષતા મળવા પર જે મદ ચડે, નશો ચડે, આફરો ચડે, અને એના પર તદ્દન અજુગતા વિચાર આવે. અજુગતા બોલ બોલાય, લેખ લખાય, કે અયુક્ત વર્તાવ થાય, એના પર શું આ કોઈ વિચાર ખરો કે 'ભૂંડા જીવ ! જરાક આ જો, કે વર્તમાન ટૂંકાશા જીવનમાં તું આ ઉધમાત કરે છે, રોફ મારે છે, સત્તા-સમૃદ્ધિ-હોશિયારી પર મસ્તાન બને છે, અને ફિરસ્તો થઈને ફરે છે, પરંતુ આ જીવનની આજુબાજુના તારા ભૂત-ભાવી અનંતા કાળની તારી ભિખારડી ગુલામડી સ્થિતિ પર નજર નાખ. એ જો મન પર લે, તો તારા મદ-નશો-આફરો વાહિયાત લાગશે. ભૂતકાળમાં ભવે ભવે આ કર્યું તેથી તો એના ઘેરા કુસંસ્કાર પડેલા તે અહીં પણ તને આજ કરાવી રહ્યા છે. પરંતુ જેમ દૂર ભૂતકાળમાં આ કરેલા મદ વગેરેએ ભાવી અનંતાકાળ ભિખારડી-ગુલામડી સ્થિતિ સરજી, એમ અહીં પણ આજે કરેલા મદ-નશો-આફરો કેવી ભિખારડી-ગુલામડી દશાવાળા ભાવી અનંતા કાળને સરજશે ?

બસ, વર્તમાન અતિ ટૂંકા કાળની બોલબાલાની પાછળની અનંત ભૂતકાળની જીવની ભિખારડી ગુલામડી દુર્દશા જો મન પર લેવાય, તો હવે ભાવી એવી ભિખારડી- ગુલામડી દશાભર્યા અનંતાકાળને સરજવાની મૂર્ખાઈ ન થાય. એ પહેલું જોવાય. જીવન જીવતાં, જીવનના કાર્યો-પ્રસંગો બજાવતાં બજાવતાં એ અંગેના વિચારો કરતાં કરતાં, આ પહેલું જોતા રહેવાય કે આથી મારે ભાવી અનંતોકાળ ભિખારડી-ગુલામડી સ્થિતિ તો નહિ સરજાયને ? બલ્કે એવાં સુકૃત- સદ્ગુણ આચરતા કેળવતા રહેવાય એવા સદ્વિચારો કરતા રહેવાય, અને કામ-ક્રોધ-લોભ-રાગ-દ્વેષ વગેરને મોળા પાડતા જવાય, કે જેથી ભાવી અનંતાકાળની ભિખારડી-ગુલામડી સ્થિતિ તદ્દન અટકી જાય.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

## (૪૫) દેવ વીતરાગ મળ્યાની વિશેષતા

આજના વિશાળ જગત પર દૃષ્ટિ નાખો તો દેખાશે કે આદર્શ તરીકે વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાન કેટલાને મળ્યા છે ? એમ વિરતિબદ્ધ મહાવ્રતધારી અને જિનાજ્ઞાને પ્રતિબદ્ધ નિર્ગ્રન્થ ત્યાગી ગુરુ કેટલાને મળ્યા છે ? ત્યારે મહાદયામૂલક જૈનધર્મ, અને કર્મતત્ત્વ તથા અનેકાંતવાદ સિદ્ધાન્ત તેમજ મહા પવિત્ર અનંતમુનિતારક શ્રી સિદ્ધગિરિ, સમ્મેતશિખર વગેરે તીર્થો, જિનમંદિરો, જિનાગમ વગેરે કેટલાને મળ્યા છે ? કહો, અતિશય થોડાને, તો પછી આની પ્રાપ્તિ કેટલી બધી દુર્લભ કહેવાય ?

આવી અતિશય દુર્લભ પ્રાપ્તિ આપણને થઈ ગઈ, તો હૈયે એની કદર કેટલી છે ? એ વિચારવા જેવું છે. કદરમાં પહેલી ચીજ તો આ કરવા જેવી છે કે આ જ ખરેખરા કિંમતી લાગે અને આપણને આ દેવ-ગુરુ-ધર્મ-તીર્થ-શાસ્ત્ર વગેરે પામ્યાનો એટલો બધો આનંદ હોય કે એની આગળ જડ પદાર્થોની સારામાં સારી અનુકૂળતાઓ યા જાતની વડાઈ મળ્યાનો આનંદ વિસાતમાં ન હોય.

ભૂલવા જેવું નથી કે જગતના જીવો જડની અનુકૂળતાઓ અને જાતની વડાઈમાં મરી રહ્યા છે, બેભાન છે. જીવ આઘો જાય પાછો જાય, આ જ જોયા કરે છે કે 'જડ પદાર્થોની સગવડ બરાબર છે ને ? મારું માન રહે છે ને ?' આ જ જોવાતું હોય ત્યાં દેવ-ગુરુ-ધર્મ મળ્યાની શી એવી કિંમત રહે, કે મળ્યાનો શો એવો આનંદ મનાય ? કિંમત જડની અને જાતની, એટલે આનંદ એની વાહવાહનો, પછી દુઃખ-ખેદ પણ એની કમીનું લાગવાનું.

દિલને તપાસવા જેવું કે એને ખરેખરો અને અથાગ આનંદ જડની સગવડો અને જાતની વડાઈ મળ્યાની નહિ, પરંતુ વીતરાગ દેવાધિદેવ ને ત્યાગી સંયમી ગુરુઓ વગેર મળ્યાનો છે ? બહારનું બધું રૂપાળું મળ્યું હોય, પરંતુ ઈષ્ટદેવ સરાગી મળ્યા હોત તો ત્યાં તો દેવની સાથે દેવની પત્ની, દેવ પર શૃંગાર દેવ પાસે શસ્ત્રો દેવનું નૃત્ય વગેરે જોવા મળતે, અને એ બધો સરંજામ પાપરૂપ નહિ, ત્યાજ્ય નહિ, પરંતુ વ્યાજબી અને રાખવા જેવો લાગત. એટલે પછી પોતાની પાસે પત્ની-વૈભવ-શસ્ત્ર વગેરે હોવામાં આ કોઈ મહાસંબંધનો, કોઈ ખતરનાક ઉપાધિ વળગી છે' એવી ગ્લાની કરવાની રહેત નહિ. બાળ માનસને તો એમ થાત કે 'ભગવાન જો આ બધું રાખી શકે, તો આ કાંઈ ભયંકર યા ખરાબ તત્ત્વો ન કહેવાય, અને



આપણેય રાખીએ એમાં આપણું કાંઈ અકલ્યાણ ન થાય' આમ સરાગ દેવ પાસેથી સર્વત્યાગનો ઉચ્ચ આદર્શ ન મળે. અહીં એક પ્રશ્ન થાય,

પ્ર.- તો પછી વીતરાગની મૂર્તિ પર મુગટ વગેરે આભૂષણ અને આંગી કેમ કરવામાં આવે છે ? એથી શું આદર્શ નીચો ન મળે ?

ઉ.- ના, વીતરાગની એ આભૂષણાદિથી ભક્તિ કરનારા સમજે જ છે કે વીતરાગને આ કશું જોઈતું નથી, વીતરાગ એથી રીઝતા નથી; પરંતુ જેમ સુપુત્ર મહા ઉપકારી અને નિસ્પૃહી બાપની ઊંચા દ્રવ્યોથી ભક્તિ કરે એ બાપને ખુશ કરવા નહિ, કિન્તુ પોતાની કૃતજ્ઞતાની લાગણી અને ઊંચા ભક્તિભાવથી એ કરે છે, એમ અહીં વીતરાગની ભક્તિ પણ એમના પ્રત્યેની ઉચ્ચ કૃતજ્ઞતા તથા ભક્તિથી કરાય છે, અને એમની ખાતર મહાત્યાગ કરવાની વૃતિથી કરાય છે. તેથી ઉચ્ચ આદર્શ મળવામાં એ બાધક નથી બનતું. સરાગ દેવને તો એ બધું ગમે છે, પસંદ છે, એથી એ રીઝે છે, તેથી એ જડ આભૂષણાદિ પદાર્થો અત્યંત ત્યાજ્ય અને ખતરનાક માનવાનું તેમ સર્વત્યાગનો ઉચ્ચ આદર્શ આંખ સામે રહેવાનું મુશ્કેલ બને છે.

ત્યારે જીવનમાં વ્રત-તપ-જપ વગેરે સફળ થવા માટે પાયામાં જે અધ્યાત્મભાવ જરૂરી છે, એ આધ્યાત્મિકતા જીવનમાં વણી લેવા માટે આ તો પહેલું જરૂરી છે કે 'જડ કાયા અને કાયાને હિતકર પૈસા-પરિવાર વગેરે ભૌતિક પદાર્થ એ આત્મા કે આત્મહિતકારી વીતરાગ દેવાધિદેવ વગેરેની આગળ કોડીની કિંમતના છે.' એમ લાગે. એ લાગ્યા પછી આધ્યાત્મિક ભાવ આવે અને એના આવવા પર જ વ્રત-તપ-જપ-ભક્તિ વગેરે ફળે, અને આત્માની ઉન્નતિ થાય.

આમ જ્યાંસુધી જડની અનુકૂળતાઓ અને જાતની વડાઈ મહત્ત્વની લાગે, અને એ મળ્યાનો ભારે આનંદ થયા કરે, ત્યાં સુધી દેવ-ગુરુ-ધર્મ વગેરે એવા મહત્ત્વના નહિ લાગે, તેમજ એ મળ્યાનો અપાર આનંદ નહિ થાય; પછી વીતરાગદેવ વગેરે ઊચ્ચ પ્રાપ્તિ થઈ હોવા છતાં જડની અનુકૂળતા અને જાતવડાઈ ઓછી મળ્યા પર દિલને ખેદખેદ રહેશે.

તો પછી જેને વીતરાગદેવ ત્યાગધર્મ વગેરે નથી મળ્યા, એ તો જડની ઓછી અનુકૂળતા કે જાતનાં સન્માન ઓછા મળ્યામાં ખેદ કરે, ને રોદણાં રુએ; પરંતુ જેને વીતરાગ દેવ વગેરે મળ્યા છે એ પણ શું એવા રોદણાં રુએ ? પાયામાં આ ખેદ-રોદણા-દીનતા પડ્યા હોય ત્યાં આસ્તિકતા આધ્યાત્મિકતા અને શુદ્ધ ધર્મરુચિ શે જાગી શકે ?

કહેવાનો સાર આ છે કે જડ પદાર્થોની અનુકૂળતાઓ મળી અને જાતને



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

વડાઈ સન્માન મળ્યાં એના બહુ આનંદ ન માનવા, એનું મહત્ત્વ ન માનવું, કે જેથી દેવદર્શન-પૂજન-જાપ-ધ્યાન વગેરે કરતી વખતે જડના અને જાતના જ વિચારો બહુ આવ્યા કરે.

મહત્ત્વ માનવું તો વીતરાગદેવ આદિ મળ્યાનું માનવું, આનંદ માનવો તો આ મળ્યાનો પરમ આનંદ-આનંદ માન્યા કરવો. પછી પેલી જડ-અનુકૂળતાઓ અને જાતવડાઈના શક્ય ત્યાગ કરતાં રહેવું; જેથી મનને નક્કી થાય કે 'મને ખરેખર આનું મહત્ત્વ નથી લાગતું, આ મળ્યાનો બહુ આનંદ નથી થતો' હવે રચનાત્મક પ્રવૃત્તિ વિના દિલમાં સારા ભાવ ઊભા થતા નથી, ઊભા થયેલા ટકતા નથી. માટે જડ પ્રત્યે નગણ્યતા અને જાતની મહાન લઘુતા-નમ્રતા સિદ્ધ કરવા રચનાત્મક ત્યાગાદિની પ્રવૃત્તિ જોઈએ.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૧,અંક-૬,તા.૧૪-૧૦-૧૯૭૨

## (૪૬) મોક્ષનો એક માર્ગ-ઉદાસીનભાવ કેમ આવે ?

મહાતાર્કિક અને અગાધ શાસ્ત્રવેત્તા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે 'અમૃતવેલ'ની સજ્ઝાયમાં અંતે સારરૂપે કહ્યું,

**'દેખિયે માર્ગ શિવનગરનો, જે ઉદાસીન પરિણામ રે;**
**તેહ અણછોડતાં ચાલીએ, પામીએ જિમ પરમધામ રે.'**

- અર્થાત્ હે ચેતન! હૃદયમાં જો જ્ઞાનનું અજવાળું ઊભું કર્યું છે તો આ કર કે મોક્ષ પામવાના ઉપાય તરીકે ઉદાસીનભાવને દેખ, સમજ,ધ્યાન પર લે પછી એ ભાવને બરાબર દિલમાં પકડી રાખીએ, જેથી પરમધામ મોક્ષ પ્રાપ્ત થાય.

તો શું જ્ઞાન-દર્શન-ચારિત્ર, દાન-શીલ-તપ-ભાવના, વગેરેની આરાધનાની જરૂર નથી ? જરૂર છે જ. પરંતુ એ કહીનેય ઉદાસીનભાવ ઊભો કરવાનો છે, પોષવાનો-વધારવાનો છે, એના બદલે જો આસક્તિભાવ એટલો જ ઊભો રહ્યો કે વધ્યો તો એ બધી આરાધના નિષ્ફળ જશે.

'ઉદાસીનભાવ' એટલે જગતના ભાવો પરથી દિલ ઊઠી જવું, અર્થાત્ દિલ ન તો રાગથી એના પર બેસે, કે ન દ્વેષથી બેસે. અનુકૂળ આવો કે પ્રતિકૂળ, દિલ એના પર બેપરવા હોય, એનું બહુ મહત્ત્વ ન આંકે. અનુકૂળ પર રાગથી ઓવારી ન જાય, પ્રતિકૂળ પર ખેદ-ગ્લાનિ-દ્વેષવાળુ બની કરમાઈ ન જાય.



પછી જ્ઞાન ભણે તે આ જગતના અનુકૂળ પ્રતિકૂળ ભાવોને ઓળખી લઈ એના તરફ બેપરવા યાને ઉદાસીન બનવા માટે દર્શનની આરાધના અર્થાત્ જિનભક્તિ, તત્ત્વશ્રદ્ધા, જિનવચનરાગ, વગેરે કરે તે પણ આ ઉદાસીનભાવને પોષવા માટે. એમ ચારિત્રની સાધના કરે તે ય જગતથી અલિપ્ત થઈ રહેવા માટે.

એવી રીતે દાન-સુકૃત કરે તે પણ ધન અને ધનથી પોષાતા પરિવાર-વિષય-પાપારંભો તરફ ઉદાસીન ભાવ વધારવા માટે. શીલ પાળે, વ્રત-નિયમ પાળે, તે ય વિષયો પ્રત્યે ઉદાસીન બનવા. તપ કરે તે ખાનપાનાદિ તરફ ઉદાસીનતા-બેપરવાઈ વધારવા સારુ. સારી ભાવનાઓ ભાવે તે પણ જગતના ઈષ્ટ-અનિષ્ટ ભાવો પર ઉપેક્ષા-નફરત-ઉદાસીનતા કેળવવા માટે.

તાત્પર્ય, બધીય આરાધના જગત પ્રત્યે ઉદાસીનભાવ કેળવવા-વધારવા માટે કરાય; આરાધના કરી કરીને એ ભાવ વધારતા જવાય. એ થાય તો જ આત્મા અને પરમાત્મા પ્રત્યે દિલ ઝુક્યું રહે. કહે છે ને કે 'જ્યાં રામ ત્યાં નહિ કામ; જ્યાં કામ ત્યાં નહિ રામ.' દિલમાં જો ભગવાન વસાવવા છે તો ત્યાં કામ યાને જગતના વિષયો નહિ ઊભા રખાય. એ ઊભા હશે ત્યાં ભગવાન નહિ વસે. ત્યારે દિલમાં વીતરાગ ભગવાન વસાવ્યા વિના વીતરાગ બનવાની વાત અશક્ય છે. આ દિલમાં ભગવાન વસાવવા માટે જગતના ભાવો પ્રત્યે ઉદાસીનભાવ બેપરવા ઉપેક્ષાભાવ જરૂરી છે. અહીં પ્રશ્ન ઊભો થાય છે,-

પ્ર.- જગતની વચ્ચે રહેવું છે એટલે કેવા કેવાય જીવોના સંપર્કમાં આવવું પડે છે, તેમજ સારી-નરસી પ્રાપ્તિ થયા કરે છે, ત્યાં એ જીવો અને એ પ્રાપ્તિ તરફ ઉદાસીન રહેવાનું યોગિહૃદય ક્યાંથી લાવવું ? ત્યાં તો સહેજે રાગ-દ્વેષ હરખ-ખેદ થઈ જ જાય ને ?

ઉ.- ના, મોટા યોગિહૃદય વિના બે ચાવી સાથે રાખવાથી ઉદાસીનભાવ સહેલાઈથી કેળવી શકાય છે, અને રાગ-દ્વેષ-હરખ-ખેદ મોળા પાડી શકાય છે. (૧) જીવો અંગેની બાબતમાં એ સમજ રાખવી કે મોટાભાગે જીવો અલ્પ સત્ત્વવાળા હોય છે. એથી એ બિચારા એવું સમતા-ક્ષમા-શાંતિ રાખવાનું સત્ત્વ નહિ હોવાના હિસાબે આપણી તરફ ગુસ્સો કરે, અભિમાન કરે, માયાથી કે સ્વાર્થથી વર્તે એ સહજ છે. તો આવા બિચારા અલ્પ સત્ત્વવાળા જીવોના વર્તાવ, પ્રકૃતિ, કે રીતભાત શી બહુ મન પર લેવી ? સત્ત્વ જ થોડું હોય ત્યાં શા સારા વર્તાવ-રીતભાતની આશા રાખવી ? અલ્પ સત્ત્વના હિસાબે એ એમજ વર્તે માટે એથી લહેવાઈ જવાની અને ધમધમાટ અનુભવવાની જરૂર નથી. એમના વર્તાવ આદિ તરફ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

આપણે ઉદાસીન બન્યા રહો. આ સમજથી દ્વેષ ખેદ અટકાવી એ જીવોના અલ્પ સત્ત્વની સામે આપણું ઉદાસીન રહેવાનું મહાન સત્ત્વ કેળવાય. એમ, જીવો કાંઈ મહાસત્ત્વવાળા નહિ કે ગમે તે થાઓ તો ય સ્નેહને ટકાવી શકે. માટે એવા અલ્પસત્ત્વવાળાના પ્રેમ દેખાવ પર ઓવારી જવાનું નહિ. ત્યાં પણ અંતરમાં ઉદાસીનભાવ કેળવવાનો.'

(૨) હવે જગતના ધન વગેરે જડ પદાર્થોની સારી નરસી પ્રાપ્તિ થાય એમાં ઉદાસીન બન્યા રહેવા માટે આ ચોક્કસ સમજ રાખવાની કે 'આપણા પુણ્ય દુબળાં છે. ક્યાંક સારી પ્રાપ્તિ થઈ તો ય એમાં ક્યારે વાંધો વચકો ખામી ઊભી થશે એનો પત્તો નહિ.. અથવા એક સાજું, પણ સાથે બીજા કેટલાય કર્મ માદલા ઊભા હોય છે, તેથી થોડા સારાંની સાથે નરસુ ઘણું. પૈસા સારા મળ્યાં પણ ઈન્કમટેક્ષ વગેરેથી બચાવવા કેટલીય આપદા વહોરવી પડે છે, ખોટું કરવું પડે છે, આ પુણ્યની દુબળાઈ નહિ તો બીજું શું છે ? એમ વાતવાતમાં નાની મોટી અગવડ ઊભી થાય છે, શરીર માંદુ પડે છે. બીજી ય કેટલી આપદા આવે છે. ત્યાં આ જ પાકી સમજ રહે કે આપણે તકલેદી પુણ્યવાળા, દુબળાં પુણ્યવાળા, તે બધું સારું સારું ક્યાંથી મળે ? એ તો અલ્પ પુણ્ય છતે આમ જ ચાલ્યા કરવાનું. આપણે 'અવધુ સદા મગન મેં રહના' કરવાનું રાખો. બજારમાં નાણાં પ્રમાણે જ માલ મળે; એમ જીવનમાં પુણ્ય પ્રમાણે જ પ્રાપ્તિ થાય. માટે એ પ્રાપ્તિ પર બહુ મદાર ન રાખતાં બેપરવા બન્યા રહો. 'જે આવે તે વધાવવા તૈયાર છું બાકી એના કાંઈ બહુ મહત્ત્વ હું માનતો નથી.' એમ બેપરવા રહેવાનું.

સારાંશ, જીવોના અલ્પસત્ત્વ અને આપણાં દુબળાં પુણ્ય, આ બેનો જાગતો ખ્યાલ આપણને વિહ્વળતા-વ્યાકૂળતા રોષ-રોફ રાગ-દ્વેષ, હરખ-ખેદ વગેરેથી બચાવી ઉદાસીનભાવમા રાખવાં સમર્થ સાધન છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૧,અંક-૭,તા.૨૧-૧૦-૧૯૭૨

## (૪૭) નુકશાનની કડી ધર્મ સાથે જોડાય ?

મહારાજા શ્રેણિકના કેટલાક પરાક્રમી પુત્રો ચારિત્રમાર્ગે ચાલ્યા ગયા, હવે બાકી રહેલમાં અભયકુમાર અને કોણિક પરાક્રમી છે, બાકી હલ્લ-વિહલ્લ વગેરે તેવા પરાક્રમી નથી. ત્યાં મગધસમ્રાટ શ્રેણિક લાયકપુત્ર અભયકુમારને રાજ્યગાદી સંભાળી લેવા કહે છે, જેથી પોતાને બાકીનું જીવન નિવૃત્તિમાં પસાર થાય.



અભયકુમાર ત્યાં ભગવાન શ્રી મહાવીરસ્વામી પાસેથી જાણી લાવે છે કે 'પ્રભુના શાસનમાં અભિષિક્ત રાજા બનીને પછી દીક્ષા લેનાર છેલ્લા ઉદાયન રાજા થઈ ગયા.' તેથી અભયકુમારને લાગ્યું કે 'હવે જો પોતે રાજા બને તો પોતાને દીક્ષા ન મળે. એ સ્થિતિમાં પોતાને રાજ્યશ્રી નરકશ્રી લાવનારી બને.' એથી આવીને પિતા શ્રેણિકને એ કહે છે.

'ભગવાન મહાવીરસ્વામીના ભક્ત આપ, એમનો પુત્ર અને ભગવાનનો ભક્ત હું રાજ્ય લઈને નરકાદિ ગતિમાં ભટકતો થાઉં એમ આપ ઇચ્છો છો ? ભગવાન કહે છે કે હવે રાજ્ય લેનાર ચારિત્ર નહિ પામે. તો ચારિત્ર વિના રાજ્યગાદીએ મૃત્યુ પામતાં મારી સદ્ગતિ ક્યાંથી હોય ? માટે આપ મારા પર દયા કરી ચારિત્ર લેવા સંમતિ આપો.' મહારાજ શ્રેણિક ત્યાં તરત પોતાનો સ્વાર્થ ભૂલી એક કલ્યાણ પિતા તરીકે પોતાના પુત્ર આ અભયકુમારને ચારિત્ર લેવા સંમતિ આપી દે છે, અને અભયકુમાર ચારિત્રમાર્ગે સિધાવે છે.

અહીં વિચારવા જેવું આ છે, '(૧) રાજા શ્રેણિકને રાજ્યથી નિવૃત્તિ લઈ ભગવાનના ધ્યાન-ભજનમાં જીવન ગાળવું છે, તો શું એ અપેક્ષા, લાયક એવા મોટા પુત્ર અભયકુમાર પાસેથી, પૂરી થવાનું ન ઇચ્છે ? તેમ (૨) અભયકુમાર દીક્ષા લે તેથી પોતાને નિવૃત્તિ ન મળતાં રાજ્યકથલો સંભાળ્યા કરવો પડે એ નુકસાન થાય એનું શું ? વળી (૩) કોણિક વગેરે પર, અભયકુમારના જતાં, અંકુશ ન રહે અને જે નુકસાન ઊભું થાય એનું શું ? આનો વિચાર શું પિતા શ્રેણિકને ન આવે ?

પરંતુ મહારાજા શ્રેણિક સમ્યગ્દૃષ્ટિ છે, એટલે ભગવાનનાં વચન, સિદ્ધાન્ત, અને માર્ગ ઉપર અટલ શ્રદ્ધાવાળા છે, તેથી સમજે છે કે (૧) મારે અને સૌ કોઈએ માનવજીવનના સાર તરીકે સર્વપાપત્યાગરૂપ ચારિત્ર જ લેવા જેવું છે. તે જો અભયકુમાર લે છે તો ચાલુ સંયોગમાં જ આંતરિક રીતે પ્રભુનું ધ્યાન અને ભજન વધારતા રહેવું જોઈએ. (૨) પોતાને નિવૃત્તિ ન મળતાં રાજ્યકથલો સંભાળવો પડે એ નુકસાનની તેમજ કોણિક વગેરે અંકુશ બહાર જતાં સંભવિત નુકસાનની કડી અભયકુમારના ચારિત્ર ધર્મની સાથે ન જોડાય; અર્થાત્ એમ ન મનાય કે 'એ ચારિત્ર-દીક્ષા લે છે માટે આ નુકસાન ઊભાં થવાનાં.' નુકસાન ઊભા થાય તો તે કર્મના લીધે જ થવાનાં

રાજા શ્રેણિકની પ્રભુવચન પરની શ્રદ્ધા એમ મનાવે છે કે (૧) પોતાને રાજ્યકાજથી નિવૃત્તિ ન મળવામાં પોતાના પુરુષાર્થની ખામી અને પોતાના પ્રબળ કર્મ જ કારણભૂત છે; પણ નહિ કે અભયની દીક્ષા. એમ (૨) અભયકુમાર જતાં



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

કદાચ અહીં નુકસાન ઊભાં થાય તો તેમાં જેને નુકસાન થાય એના પૂર્વોપાજિત કર્મ જ મુખ્ય કારણ ગણાય.

આ મજબૂત શ્રદ્ધા પર, પછીથી કોણિકે પ્રપંચ કર્યો અને રાજ્યગાદી બથાવી પાડીને પિતા શ્રેણિકને જેલમાં પૂરાવી રોજ ફટકા મરાવે છે. છતાં શ્રેણિકના મનને એમ નથી થતું કે 'ક્યાં આ અભયકુમારે દીક્ષા લઈ મને આ સ્થિતિમાં મૂક્યો ?' ના, નુકસાનની કડી ધર્મ સાથે જોડવાની વાત નહિ. અંતરમાં પહેલેથી પ્રભુનાં વચન પર જિનવચને કહેલા તત્ત્વ પર શ્રદ્ધા નક્કી કરી રાખેલી છે, અવરનવર યાદ કરેલું છે કે 'આ જગતના જીવનમાં જીવને સારું નરસું પ્રાપ્ત થાય, અનુકૂળ-પ્રતિકૂળ બની આવે, તે પોતાના શુભ-અશુભ કર્મના હિસાબે જ બને છે; બાકી બીજા તો એમાં નિમિત્તમાત્ર હોય છે, પણ મૂળભૂત કારણ નહિ'

આ જ શ્રદ્ધાના હિસાબે સીતાજીએ વનમાં ત્યજાવા પર વિચાર્યું કે 'આમાં ચિઠ્ઠિના ચાકર સેનાપતિનો દોષ નથી; તેમ પતિ રામનો કે નિંદા કરનાર લોકોનો ય વાંક નથી; પરંતુ પોતાના પૂર્વોપાર્જિત કર્મનો જ અપરાધ છે કે લોકની અને રામની મતિ ફેરવે છે. આમ મહાસતીએ પોતાના કર્મને જ જવાબદાર ગણી રામને ટોણાં-મેણાં ન મારતાં લોકનિંદાથી ધર્મને ન છોડવા સલાહ મોકલી અને પોતે અવસર આવતાં દિવ્ય કર્યા બાદ એ કર્મોને તોડવા સંયમ અને તપનો માર્ગ અપનાવ્યો.

એમ શ્રેણિકે રાજ્યભ્રષ્ટ અને જેલ થવા પાછળ પોતાના કર્મને જ જવાબદાર સમજી અભયકુમારની દીક્ષાનો વાંક ન કાઢ્યો. પોતાને થયેલા જાલિમ નુકસાનમાં કર્મ જ કારણ, પણ ધર્મ નહિ. નુકસાનની કડી કર્મની સાથે જોડી કિંતુ ધર્મની સાથે નહિ.

શ્રેણિકે વિશેષમાં એ વિચાર્યું કે 'ધન્ય છે તે મેઘકુમાર-નંદીષેણ-અભયકુમાર વગેરેને કે જેમણે પાપ-સંસારનો ત્યાગ કરી ચારિત્ર લીધું અને આવી વિટંબણાઓથી બચી પ્રભુની સેવા કરી. ધિક્કાર છે મારી સંસારલાલસાને કે જે આવી વિટંબણાઓ દેખાડે છે !

બસ, આપણે પણ આ ખ્યાલ રાખવાનો છે કે આપણને આવતી અગવડ-પ્રતિકૂળતા-નુકસાન એ ધર્મના લીધે આવ્યા એવું ન વિચારીએ, કિન્તુ માનીએ કે આપણાં તેવાં અશુભ કર્મના લીધે જ અગવડ-નુકસાન આવ્યાં; વિશેષમાં સંસારવાસનાં કારણે આવ્યાં. ધર્મ તો તારણહાર છે, કલ્યાણ કરનારો છે. નુકસાન કરનાર સંસારવાસ છે, અશુભ કર્મ છે.'





## (૪૮) ઘાતી કર્મ સાધનાથી તૂટે, અઘાતી ભોગથી

જીવન જીવતાં લક્ષ શાના પર જોઈએ ? દુ:ખ તોડવા પર ? કે પાપ તોડવા પર ? આનો તાગ તીર્થંકર ભગવાનના જીવન પરથી જોવા મળે છે.

તીર્થંકર ભગવાન ઘરવાસનો ત્યાગ કરી ચારિત્રમાર્ગની સાધનામાં લાગે છે, તે શા માટે ? સંસાર ઊભો રાખવા કે એથી મુક્તિ પામવા ? કહો, મુક્તિ પામવા માટે. એ સારુ ભગવાન ભગીરથ તપ-સંયમમાર્ગની સાધના કરે છે. એવી ઉત્કૃષ્ટ સાધનાઓ ! કે એમાંની એક પણ કરવાનું આપણું ગજુ નહિ દા.ત. ભગવાન ઋષભદેવે દીક્ષા લેતાં પહેલાં અન્નદાન અને સાધુધર્મથી સાવ અજાણ લોકોને એની કશી સમજ આપી નહિ, ને દીક્ષા લઈ બીજા દિવસથી પારણે ગોચરી-ભિક્ષાએ નીકળ્યા. કોણ અન્નની ભિક્ષા આપે ? ભિખારી જેવી કોઈ વસ્તુ જ નથી, ને અન્નની ભીખ આપવાની કશી ગમ નથી. મહિનાના મહિનાઓ વીત્યા, લોકો હીરા-માણેક-હાથીઘોડા આપવા તૈયાર છે, પણ કોઈને ભોજન આપવાનું સૂઝતું નથી. આમ ફાગણ વદ નોમથી તે બીજા વરસની ફાગણ વદ નોમ શું, ઉપર દશમ, અગિયારસ,...આખો ચૈત્ર, અને વૈશાખ સુદ એકમ, બીજ સુધી રોજ ને રોજ ભિક્ષાએ પ્રભુ ગયા અને ભિક્ષા મેળવ્યા વિના ખાલી એમજ પાછા આવ્યા. લગભગ ૪૦૦ દિવસ ભૂખ્યા ને તરસ્યા ! પાણીનું ટીપું પણ દેનારે ક્યાં છે ? છતાં પ્રભુને પસ્તાવો નથી કે 'આ મેં દીક્ષા લીધી પણ તે પહેલાં લોકોને શુદ્ધ અન્ન-દાન સમજાવવાનું કેમ ભૂલ્યો ?' ના, તેમ ખેદ પણ નથી કે અરેરે ! ભિક્ષાએ ગયો ને મળ્યું નહિ !' તેમ આંગળીથી ઈસારો પણ નથી કે 'આ હીરામાણેક નહિ, પેલી રસોઈમાંથી દે.' આ ભગીરથસાધના આપણાથી શે બને ?

વળી એ બધા ૧૦૦૦ વર્ષ કે ૧૨ાા વરસ ધ્યાનમાં તત્ત્વચિંતનમાં પસાર ! ત્યાં ઘોર ટાઢ કે તડકા, ઠંડી કે ગરમી, યા ભયંકર ઉપસર્ગ પણ પરમ શાંતિથી આનંદથી સમતાથી સહી લેવાની જ વાત ! અનંતબળી અરિહંતજી;' અનંત બળ છતાં ક્યાંય કષ્ટ નિવારવા કશો જ પ્રયત્ન નહિ ! ગમાર અલ્પબળી ગોવાળે પ્રભુના અપરાધ વિના કાનમાં ખીલા ઠોક્યા તો મહાવીર પ્રભુએ એ ઠોકાવા દીધા ! ઋષભદેવ ભગવાને એક હજાર વરસ સુધી ખુલ્લા બદને કડકડતી ઠંડી ને વર્ષાની શરદી સહી લીધી ! ચૈતર-વૈશાખ જેઠના ધમધોખ તડકે હજાર વર્ષ સુધી



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

મધ્યાહ્ન બપોરે ખુલ્લા પગે બળતા-જલતા વિચર્યા. હજાર વરસ કોને કહેતા હશે ? આમાનું કશું આપણાથી શે બને ?

આટલી બધી પ્રખર સાધના હજાર વરસની છતાં પણ પ્રભુ કેવળજ્ઞાન પામીને પછી કેમ સંસારમાં અટકી ગયા ? કેમ સીધા મોક્ષે ન પધાર્યા ? કહો, 'હજી આયુષ્ય વગેરે કર્મ બાકી છે.' તો સવાલ છે કે પ્રભુએ એ કર્મોને પણ સાધનાથી કેમ તોડી ન નાખ્યા ? જવાબ આ છે, કે

**સાધનાથી ઘાતી કર્મ તૂટે; પણ અઘાતીકર્મ ભોગવટાથી ખત્મ થાય.**

જીવને વીતરાગ બની કેવળજ્ઞાન પામવાની આડે મોહનીયકર્મ તથા જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયકર્મ નડે છે. એ ચાર કર્મ ગુણના ઘાતક યાને પરમાત્મદશાના ઘાતક હોવાથી ઘાતી કર્મ કહેવાય છે. બાકીના વેદનીય-આયુ-નામ-ગોત્રકર્મ પરમાત્મદશાના ઘાતક નહિ, તેથી અઘાતી કર્મ કહેવાય છે. આત્મા પર આઠેય કર્મના અનંત-અનંત સ્કન્ધો પડેલા છે; પરંતુ અહિંસા-સંયમ-તપની અને જ્ઞાન-દર્શન-ચારિત્રની સાધનાની એ તાકાત છે કે ચાર ઘાતી કર્મના અનંતા સ્કન્ધોને પણ સમૂળગા નષ્ટ કરી દે ! એ નષ્ટ કરનાર શુક્લધ્યાન અને ક્ષપેકશ્રેણિમાં નિકાચિત ઘાતી કર્મ પણ નષ્ટ થઈ જાય; કિન્તુ અઘાતી કર્મો નષ્ટ થાય નહિ. તેથી સાધનાથી ઘાતી નષ્ટ થયે વીતરાગ સર્વજ્ઞ બની પ્રભુને કે બીજા કેવળજ્ઞાનીને સંસાર-બંધનમાં ઊભા રહેવું પડે છે. હવે બાકી રહેલ આયુષ્યકર્મ વેદનીયકર્મ વગેરે અઘાતી કર્મો ક્રમશઃ ભોગવાઈને જ ખત્મ થવાના. ત્યાં સાધના કશું ન કરી શકે, તેથી પ્રભુને કેવળજ્ઞાનીને હવે તપ વગેરે કશી સાધના કરવાની રહેતી નથી. તીર્થંકર ભગવાન કે અનંત વીર્યવાન કેવળજ્ઞાની જેવાનેય આ કર્મની કેવી વિટંબણા કે તરત મોક્ષ ન પામવા દે ? 'સાધનાથી કેવળજ્ઞાન પામો, મોક્ષ નહિ,'-એમ આ અઘાતિયાં કર્મ જાણે કહી રહ્યા છે.

આ સૂચવે છે કે આપણે જીવનમાં લક્ષ શાના પર રાખવાનું ? ઘાતી કર્મ તોડવા પર; પણ નહિ કે અઘાતી તોડવા પર. અર્થાત્ અઘાતી કર્મ, જેવા કે, અશાતાવેદનીયકર્મ, યા અપયશનામકર્મ અનાદેય-દૌર્ભાગ્ય નામકર્મ વગેરે તોડવા પર લક્ષ નહિ, કિન્તુ જ્ઞાનાવરણકર્મ અર્થાત્ અજ્ઞાન, મોહનીયકર્મ અર્થાત્ મિથ્યાત્વ, રાગ-દ્વેષ,કામ-ક્રોધ-લોભાદિ, અ-ચારિત્ર તથા એના પોષક દુષ્કૃત્ય-દુર્ભાષણ-કુવિચાર-વિકલ્પો તોડવા પર સતત જીવન-લક્ષ બંધાયું રહેવું જોઈએ.





## (૪૯) કાળસત્તાની ભેટ નૂતનવર્ષની પ્રાપ્તિ એમાં કઈ તક ?

કાળસત્તા તરફથી નવા વીર સંવત્સર ૨૪૯૯મા વર્ષની અથવા નવા વિક્રમ સંવત્સર ૨૦૨૯મા વર્ષની આપણને ભેટ મળે છે. કાળસત્તા આપણને પૂછતી નથી કે અત્યારસુધી તને આપેલા નવાં નવાં વર્ષોનો તેં કેવો સદુપયોગ કર્યો, અને બેસતા વર્ષે A brand new purse of 354 days ૩૫૪ દિવસની નવી તાજી થેલી ભેટ કરે છે. પછી ભલે અત્યાર સુધીના વર્ષોની ભેટના હજારો દિવસનો દુરુપયોગ કર્યો હોય તેને પણ આ નવી ભેટ મળે છે.

મહાન કાળસત્તાની ભેટ એક અનુપમ તક છે. એ તકને આગામી વર્ષ દિવસોનો મહાન સદુપયોગ કરવા દ્વારા સફળ કરીએ એમાં બુદ્ધિમત્તા છે, કાળસત્તાની ભેટની કદર છે. એ ભેટનો એકેએક દિવસ સદુપયોગ વિના ન જવા દઉં' એવો સંકલ્પ કરી લેવો જોઈએ.

સંકલ્પનું બળ મહાન છે. સંકલ્પબળથી માણસો મોટો હિમાલય ચડી જાય છે. ઈંગ્લીશ ખાડી તરી જાય છે, મોટા ઉદ્યોગો ખડા કરી દે છે...આ બધી તો ભૌતિકસિદ્ધિઓ. આધ્યાત્મિક સિદ્ધિઓમાં, સંકલ્પબળથી મુમુક્ષુ આત્માઓ વિકસિત યુવાનીમાંથી જીવનભર માટે સજોડે બ્રહ્મચર્ય પાળે છે, આજીવન ધર્મના આચાર-વિચાર ચુસ્તપણે પાળે છે; જિંદગીભર માટે માનસિક પવિત્રતા, ઉપશમભાવની પ્રસન્નતા, અને પરમાત્માનાં સતત શરણ-સ્મરણ-સન્માનનો અભ્યાસ કરે છે. સંકલ્પબળે શું સિદ્ધ નથી થતું ? નૂતન વર્ષના તાજા નવા દિવસોનો મહાન સદુપયોગ કરવાની મળેલી અનુપમ તકને સફળ કરવાનો જોરદાર સંકલ્પ કરવો ઘટે હવે સવાલ આ છે કે,-

**સદુપયોગમાં શું કરવાનું ?**

સદુપયોગનાં સાધનમાં આપણને ઈન્દ્રિયો, હાથપગ, વાણી, મન અને બાહ્ય સાધનો મળેલા છે, એની પસાર થતી જીવનની ક્ષણે ક્ષણમાં શુભકાર્ય, શુભપાત્ર, શુભ વિષયમાં સદુપયોગ કરીએ. આમાંય મુખ્ય મન છે, તેથી આ ખ્યાલ ખાસ રહે કે મારી (૧) માનસિક વિચારણા, (૨) માનસિક ભાવ, (૩) માનસિક લાગણી, (૪) માનસિક વલણ-લેશ્યા, અને (૫) માનસિક મનોરથ શુભ વિષયના ચાલે. દા.ત.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

(૧) આપણે એક યા બીજા વિચારો કરીએ છીએ પણ તે આપણા આત્માને છોડી લગભગ બાહ્ય બાબતના જેમકે, ફલાણો આવો,...દુનિયા બદલાઈ ગઈ,... મોંઘવારી બહુ,...ચીજોમાં બનાવટ,.... આવા આવા બિનજરૂરી આડા ને અવળા વિચારો ચાલ્યા કરે છે. એ મનથી કાળનો દુરુપયોગ છે. ત્યાં જરાક સાવધાની રાખી એમ વિચારાય કે અરે ! આ ભૂંસા કુટવાથી શું મળવાનું હતું ? જગત વિચિત્ર છે, પલટાતું છે, એમાં આવું બધુ તો ચાલ્યા જ કરવાનું. હુ શું કામ વ્યર્થ વલોપાત કરી મન બગાડુ ? પરચિંતા અધમાધમા' ત્યાં ખરેખર તો એના બદલે કોઈ જીવ-અજીવ-કર્મ આદિ તત્ત્વના વિચાર, મહાપુરુષોના સુકૃતો-સત્પરાક્રમોના વિચારો, તીર્થયાત્રાઓના વિચાર, કે નવકારપદ વગેરેની ગણતરીબંધ રટણા ગોઠવી શકાય. અભ્યાસથી આ શક્ય છે. એમા કાળનો સદુપયોગ છે.

(૨) **માનસિક ભાવમાં,** ધન-માલની મૂર્ચ્છાના, સ્ત્રીના રૂપ-સ્પર્શ આદિની આસક્તિના, ખાનપાનની લગનના, માનાકાંક્ષાના, કે રોફ બજાવવાના ભાવ ચાલતા હોય એમાં કાળનો સરાસર દુરુપયોગ છે. એ અશુભ ભાવો છે. એના બદલે ધન-માલની નાશવંતતા પાપપ્રેરકતા, અને કર્મબંધહેતુતા વિચારી એનાથી ભય લાગે, ભયનો ભાવ ઊભો કરાય.

સ્ત્રીના રૂપ-સ્પર્શ આદિ ભગવાનને ભુલાવનારા છે, સદા અતૃપ્તિ રખાવનારા છે, વગેરે વિચારી એના પ્રત્યે નફરતનો ભાવ કરાય.

ખાનપાન એ કોઈ માનવજીવનનું સાધ્ય નથી. મોટર ચલાવવા તેલ જોઈએ, પણ મોટરનું સાધ્ય વેપાર; તો લગન વેપારની રખાય છે, કિંતુ તેલની લગન નહિ કે 'એમાં હું સારું તેલ ઘાલું, તેલ ઘાલું. તેલ કેવું ? ફલાણું તેલ બહુ સરસ !...' એવી રીતે કાયા ચલાવવા-પૂરતાં ખાનપાન છે, તો એની લગન નહિ, પણ માનવકાયાનું સાધ્ય દયા-દાન-શીલ-તપ વગેરે હોઈ લગન એની રાખ્યા કરવાની.

એમ માનાકાંક્ષામાં જ જીવન પસાર થાય એ કાળ દુરુપયોગ છે, ત્યાં એ વિચારાય કે 'શું આવા ઉચ્ચ જીવનમાં બીજી સારી આત્મહિતની આકાંક્ષાઓ જ રાખવા લાયક નથી તે આ કચરાપટ્ટી માનાકાંક્ષાને જ સેવ્યા કરું ? આને રાખીને કદાચ માન મળી ગયાં, કે આપણે ચારને સારા લાગી ગયા, પણ અંતકાળે ને પરલોકે એ માન આદિ શું કામ આવે ? ઊલટું કષાયના તીવ્ર પોષણ થઈ એના ગાઢ સંસ્કાર દુર્ગતિઓમાં દુઃખદાયી ને પાપકારી બને ! એમ વિચારી માનાકાંક્ષા મૂકી દયાળુતા-દૃઢ ક્ષમાશીલતા-ત્યાગવૃત્તિ વગેરેની આકાંક્ષા રખાય.

(૩) **માનસિક લાગણીઓ** :- રાગની, દ્વેષની, ગુસ્સાની, અભિમાનની, ઈર્ષ્યાની, દીનતાની, માયાની, વગેરે ચાલે છે; એ કાળનો ખતરનાક દુરુપયોગ છે.



એને નિવારવા વૈરાગ્યની, ઉપશમની, ક્ષમા-સમતાની, મૈત્રી-કરુણા-પ્રમોદભાવની, નિષ્કપટતાની વગેરેની લાગણી કેળવવા ધરખમ પુરુષાર્થ કરવાનો. આત્મા પર આવા સારા રંગ અહીં ચડાવ્યા કરવાનું ચુકીએ તો પછીથી મિટ્ટી ખરાબ થવાની.

(૪) **માનસિક વલણ :-** રંગરાગ,ભોગવિલાસ, વેપાર,ધનસંગ્રહ હિંસાદિ, સારી સારી ગમતી વસ્તુઓનો સંગ્રહ, લોકવાહવાહ, મંતરજંતર, મિથ્યાધર્મ, વગેરે તરફ ઝૂકતું રહેતું હોય, એ પણ માનવકાળનો દુરુપયોગ છે. મનનું એવું વલણ પછી એના એના જ વિચારો કરાવે છે. એની જ વાતોમાં જીવનને લગાડે છે. ને એ માટેના પુષ્કળ પ્રયત્નો કરાવે છે. આ બધામાં જીવની કમનસીબી એ,કે (૧) અઢળક પાપકર્મોના બંધ.(૨)ભાવી ભવોમાંય એવા પાપવલણ રખાવનારા અઢળક દૃઢ કુસંસ્કારોનો સંચય, આત્મહિતના વિચાર-વાણી-વર્તાવનું દેવાળું, અંતકાળે વેદના-વ્યાકૂળતાનો પાર નહિ, ને એમ ઉત્તમ જીવનની સરાસર બરબાદી સરજાય, ત્યારે એ કરાવનાર મૂળ માનસિક પાપ-વલણ ફેરવીને પરમાત્મભક્તિ, સાધુસેવા, મૈત્રી આદિ ભાવો, દયા-દાન-શીલ-તપ, અનિત્યતા આદિની ભાવનાઓ, ક્ષમાદિગુણો વગેરે તરફ મનનું વલણ ઝૂક્તું ઊભું કરીએ, તો પછી આ બધાના જ સુંદર વિચારો આવે, એની જ વાતો ગમે, અને એમાં યથાશક્તિ ભરપૂર વર્તાવ થાય છે. એનુ ફળ અહીં પણ મહાશાંતિ-સમાધિ, અંતકાળે સમાધિ, ને પરલોકે પણ શુભ વલણ મહાન શાંતિ-સમાધિભર્યા જીવન, તથા પુણ્યોપાર્જન અને સુસંસ્કાર સંચય વગેરે આવીને ઊભું રહે. માટે આવું વલણ રાખવામાં સમયનો સદુપયોગ થાય.

(૫) **માનસિક લેશ્યા** પણ જો સાંસારિક સ્વાર્થો અને પાપ કાર્યો અંગે ઉગ્ર રહે કાળી રહે, તો એ પણ ખતરનાક નીવડે છે, એમાં કાળનો દુરુપયોગ છે. કાળી કૃષ્ણલેશ્યામાં તો નરકગતિનાં કર્મ બંધાય છે; એ ભૂલવા જેવું નથી. લેશ્યા એવી કાળી ઉગ્ર ન રાખતાં મંદ રાખીએ તો ય કાર્ય કાંઈ અટકતા નથી પછી એવી લેશ્યા શું કામ રાખવી ? કાળનો સદુપયોગ આ, કે પાપ કાર્યો અને સાંસરિક સ્વાર્થોમાં બહુ મંદ લેશ્યા રાખીએ, અને આત્મહિતકર સુકૃતો-સાધનાઓમાં તીવ્ર-શુભ લેશ્યા રાખીએ. એથી મન ફોરું રહે છે, હૃદય તેજસ્વી બને છે, આત્મા નિર્મળ થાય છે.

(૬) **માનસિક મનોરથો** શ્રીમંત થવાના, કે બહુ કીર્તિમાન બનવાના, યા સત્તાધીશ થવાના, યા લીલાલહેર-મોજઆરામીના કરાય, એ પણ સમયનો દુરુપયોગ છે. એના સ્થાને દાનેશ્વરી કે પુણિયા શ્રાવક જેવા મહાત્યાગી ગૃહસ્થ બનવાના, યા જ્ઞાનીની નજરમાં સુયોગ્ય બની એમની વાહવાહ લેવાના, શેઠ નહિ પણ જ્ઞાની-સંયમીના સાચા સેવક બનવાના, તેમજ ઉચ્ચ સુકૃતો કરવાના મનોરથો રખાય એ કાળનો સદુપયોગ છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

આમ, સંકલ્પ કરીએ કે આ નૂતન વર્ષનો હું માનસિક વિચારણા-ભાવ-લાગણી-વલણ-લેશ્યા-મનોરથો વગેરે, ઉપર જણાવ્યા પ્રમાણે, ઉત્તમકોટિના કરવા દ્વારા સદુપયોગ કરીશ. જેમ ઇન્દ્રિયો, ગાત્રો તથા ધન-માલ-પરિવાર વગેરેના ઉત્તમ ઉપયોગ દ્વારા નૂતન વર્ષનો સદુપયોગ કરીશ. જેથી કાળસત્તાની મળેલી નૂતન વર્ષની બક્ષીસ સાર્થક થાય.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૧,અંક-૧૧,તા.૨૫-૧૧-૧૯૭૨

## (૫૦) કાળલબ્ધિ અને ભાવલબ્ધિ

ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પ્રભુની આગળ ગાયું,-

**'કાળલબ્ધિ મુજ મત ગણો, ભાવલબ્ધિ તુમ હાથે રે.'**

આ ગાવાનું કારણ એ, કે પહેલાં એમણે પ્રભુને પ્રાર્થના કરી કે 'પ્રભુ ! તમારા ખજાને કશી ખોટ નથી; અનંત આત્મ-સમૃદ્ધિના ભંડાર પડ્યા છે; તો મને વાંછિત દાન કરો. આપની કરુણા-નજર થઈ જાય તો સેવકનું માન વધે, કાન્તિ-ઓજસ-પુષ્ટતા પૂરબહારમાં ખીલી ઊઠે.'

આના પર પ્રભુ અગર કહે, 'તું એ મારી પાસેથી શું ઇચ્છે છે ? તારી પાસે કાળલબ્ધિ છે અર્થાત્ કાળાનુસારે જિનાગમો, શાસ્ત્રો, તીર્થો, જીવાદિ નવ તત્ત્વ, સ્યાદ્વાદાદિ સિદ્ધાન્ત, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપના આચાર અને દયા-દાન-શીલ આદિની જે લબ્ધિ થઈ છે, પ્રાપ્તિ થઈ છે, એની ઉપાસનાથી જ તારે વાંછિત આત્મસમૃદ્ધિ મળી રહેશે, અને કાન્તિ-ઓજસ-પુષ્ટતા પૂરી વિકસિત બની રહેશે. તો પછી એ તું મારી પાસે શું માગે ? મારી કરુણાદષ્ટિ શું ઇચ્છે ?

-આમ જો પ્રભુ કહે, તો કવિ કહે છે, 'પ્રભુ ! મારી કાળલબ્ધિના સામે ન જુઓ, એને ન ગણો એને કાર્યસાધક તરીકે મત લેખો. કાર્યસાધક તો ભાવલબ્ધિ છે, ને એ તમારા હાથમાં છે.'

જેમ 'કાળલબ્ધિ' એટલે કાળથી-કાળાનુસાર જિનાગમાદિ સામગ્રીની પ્રાપ્તિ; એમ 'ભાવલબ્ધિ' એટલે ભાવથી એની પ્રાપ્તિ; અર્થાત્ એ જિનાગમ-શાસ્ત્ર-તીર્થ-જ્ઞાનાદિઆચાર, વગેરે અંતરમાં તેવા પ્રકારની વિશુદ્ધભાવ પરિણતિ જગાવે એ ભાવલબ્ધિ કહેવાય. એ મુખ્યપણે આત્મકારક કહેવાય. આને જરા સ્પષ્ટ કરીએ.

જિનાગમશાસ્ત્રોનો બહારથી સ્વાધ્યાય કરીએ કંઠસ્થ કરી એનું પુનરાવર્તન-વિસ્તારવિવેચન વગેરે કરીએ, એટલા માત્રથી ન તરાય; પરંતુ અંતરમાં એની શ્રદ્ધા



જોઈએ, અને એ કરતાં નવનવો સંવેગ-વૈરાગ્ય ઝળહળવો જોઈએ; તો જ તરાય. નહિતર શ્રદ્ધા-સંવેગાદિ વિનાના કોરા, સ્વાધ્યાય તો ચારિત્ર લઈને અનંતીવાર કર્યા, છતાં ક્યાં ભવસાગર તરી જવાનું થયું છે ? શ્રદ્ધા-સંવેગવિનાની સાક્ષરગીરીનાં કડવાં પરિણામ આજે દેખાય જ છે ને ? જિનાગમથી વિરૂદ્ધ વર્તનારનાં ગુણગાન એ પેટ ભરીને કરે છે. એ પ્રજાને જિનાગમનાં વિધાન-પાલનથી ઊભગાવી ભળતા વિધાનોનું આચરણ કરવા પોકારે છે. પોતાના અંતરમાં ભાવલબ્ધિના ફાંફા આ અનર્થ સરજે છે. અસ્તુ. શાસ્ત્રસ્વાધ્યાય શ્રદ્ધા-સંવેગ સાથે અંતરમાં પરિણત થાય, તો જ એ તારે.

એમ, જિનબિંબ તીર્થોની બાહ્યથી ભક્તિ થાય, પણ અંતરમાં એવો ઉચ્ચ વીતરાગપ્રીતિ શ્રદ્ધા બહુમાનાદિનો પરિણામ યાને ભાવલબ્ધિ ન હોય તો કશો અર્થ સરતો નથી એમ, જ્ઞાનાદિ-આચાર બહારથી પળાય, પરંતુ અંતરમાં શ્રદ્ધા-સંવેગ-વૈરાગ્ય સાથે તેવા તેવા વિશુદ્ધ અધ્યવસાય ન થાય, તો એ માત્ર દ્રવ્યક્રિયાની મજુરી થાય.

પ્રભુની આગળ આ ભાવલબ્ધિ-ભાવપ્રાપ્તિની માગણી કરવામાં આવે છે. કવિ કહે છે કે આ ભાવલબ્ધિ પ્રભુના હાથમાં છે. પ્રભુની કૃપાએ મળે.

પ્ર.- ભાવલબ્ધિ એટલે કે એ શ્રદ્ધા-સંવેગ-વિશુદ્ધ અધ્યવસાય તો આપણે કરવાના ને ? એમાં પ્રભુની શી કૃપા જોઈએ ?

ઉ.- પ્રભુની કૃપા એ જોઈએ કે આપણે મૂળ પાયામાં અત્યંત ભક્તિભાવ-શરણભાવથી પ્રભુનું આલંબન લઈએ, તો જ એ ભાવલબ્ધિના પરિણામ ઝગમગે.

પ્ર.- તો ય શું ? એમાં મહિમા તો આપણા એ ભક્તિભાવ-શરણભાવનો આવ્યો, પ્રભુની કૃપાનો ક્યાં આવ્યો ?

ઉ.- પ્રભુની કૃપાનો મહિમા એ રીતે, કે પ્રભુના આલંબને જ એ શરણભાવ આદિ કરેલાં કારગત થાય છે. જો જિનેશ્વર ભગવંતને છોડીને બીજા સરાગી દેવ પ્રત્યે ઘણો ય ભક્તિભાવ-શરણભાવ ઊભો કરીએ તો કશો ભલીવાર ન આવે. એ તો માત્ર વીતરાગ અરિહંત પ્રભુની પ્રત્યેજ કરેલો ભક્તિભાવાદિ તારક બની શકે. પ્રભુના જ આલંબને એ ફળે. કારણ, એ પ્રભુનો જ એવો અંચિત્ય પ્રભાવ છે, કે એમને અવલંબીને કરાતા ભક્તિભાવ-શરણભાવ ફળે, અને એની ઉપર જ અંતરમાં ભાવલબ્ધિ ઊભી થાય, શ્રદ્ધા-સંવેગ-નિર્મળ અધ્યવસાયાદિ ઝગમગે.

આલંબનનો મોટો પ્રભાવ છે. સુજ્ઞ કૃતજ્ઞ માણસ પોતાની શ્રદ્ધા-પ્રવૃત્તિ આદિ કરતાં આલંબનનો જ મુખ્ય ઉપકાર માને છે. આમ આલંબનભૂત વીતરાગ પ્રભુનો જ જે મુખ્ય પ્રભાવ, એ પ્રભુની કૃપા છે. રાત્રે ધ્રુવના તારાનાં આલંબને



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

સીધા માર્ગે નાવ હંકારતો નાવિક એમાં ને ઈષ્ટ સ્થાને પહોંચવામાં ધ્રુવના તારાનો જ પ્રભાવ માને છે. એજ ધ્રુવના તારાની કૃપા કહેવાય. એમ પ્રભુની કૃપા મુખ્ય છે.

એટલા જ માટે કવિ પ્રભુને કહે છે, 'પ્રભુ ! ભાવલબ્ધિમાંય મુખ્ય ઉપકાર તારો છે. માટે ભાવલબ્ધિ તુમ હાથે હોઈ તમારી દયા ચાહું છું, હું બધાય શ્રદ્ધા-સંવેગાદિના પ્રયત્ન કરું પણ એ તારા જ અનન્ય ભક્તિભાવ-શરણભાવ રાખીને કરુ તો જ સફળતા મળે. **'લડથડતું પણ ગજબચ્ચું ગાજે ગયવર સાથે રે'** હાથીનું બચ્ચું હજી પગભર ન થયું હોય એટલે લડથડતું હોય, છતાં મોટો હાથી નાચતો ગર્જના કરે એના આધારેજ એ પણ નાચતું ગાજવા મંડી પડે છે. સારાંશ પ્રભુ ! તમારો પ્રભાવ મારા દિલમાં ઊતરી જાઓ. તમારાથી જ કામ સિદ્ધ થાય એ શ્રદ્ધાથી તમે મારા દિલમાં વસી રહો.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૧,અંક-૧૨,તા.૨-૧૧-૧૯૭૨

## (૫૧) જોધરાજ પલ્લીવાલનું મહાવીરજી તીર્થ અને જોધપુર હાઈકોર્ટનો ચુકાદો

રાજસ્થાનમાં દિલ્હી રેલ્વે લાઈનમાં મહાવીરજી નામનું સ્ટેશન પડે છે. ત્યાં પ્રાચીન કાળમાં શ્રી જોધરાજ પલ્લીવાલે બંધાવેલું મહાવીરસ્વામીભગવાનનું ભવ્ય જિનાલય છે. એની વિગત આ પ્રમાણે મળે છે,-

શ્રી જોધરાજ પલ્લીવાલ એ ભરતપુર સ્ટેટના મહારાજાના શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન દિવાન હતા. એમના વખતમાં એક ગાય જંગલમાં અમુક સ્થાન પર જઈ દૂધ ઝરાવી દેતી. આ હકીકત પછી આવેલી એ ગાય દૂધ કેમ નથી દેતી. એ પર તપાસ કરતાં મળી આવી. તેમ સ્વપ્ન પણ આવ્યું, એના આધારે એ જગાએ ખોદકામ કરી શ્રી મહાવીરપ્રભુનું પ્રાચીન ભવ્ય બિંબ બહાર કાઢવામાં આવ્યું અને એને એક કામચલાઉ સ્થાન બનાવી એમાં સ્થાપિત કરવામાં આવ્યું. જનતામાં અને ખાસ કરીને પલ્લીવાલ જાતિમાં એનો ખૂબ મહિમા ચાલ્યો.

દિવાન જોધરાજ પલ્લીવાલને એક ભવ્ય મંદિર બનાવરાવી એમાં આ પ્રભુજીને પ્રતિષ્ઠિત કરાવવાની ખૂબ ભાવના જાગી. પરંતુ એ માટે યોગ્ય જગા મળે એ પહેલાં એવું બન્યું કે ભરતપુરના મહારાજાએ આ પોતાના દિવાનનો કોઈ ભયંકર



ગુનો સમજી લઈ એને તોપના ગોળે ઉડાવવાની સજા ફરમાવી, મેદાનની વચ્ચે બેસાડેલા એના પર માણસોએ તોપ ચલાવવા માંડી, પણ ચાલી નહિ, એટલે મહારાજાએ જાતે આવી ખુદે તોપ ત્રણવાર ચલાવી; પરંતુ ત્રણે વાર નિશાન ફેઈલ ગયાં !

ત્યારે આશ્ચર્યચકિત થઈ રાજાએ દિવાનને આદરથી પૂછ્યું કે 'તમે શી રીતે બચી ગયા ?' દિવાન કહે 'હું તો આંખો મીંચીને બેઠો હતો એટલે બીજું કશું જાણતો નથી, પરંતુ મારા મહાવીરદાદાએ મારું રક્ષણ કર્યું. કેમકે મને એક જ રટણા હતી કે 'હે મહાવીર ભગવાન! મારે તમારું આલીશાન મંદિર કરવું છે, પણ હું અત્યારે આ સ્થિતિમાં છું. અહી મારે કોઈ આધાર નથી, એકમાત્ર તું જ આધાર તુંજ શરણ છે, પ્રભુ તારા પ્રતાપે આટલું તારું મંદિર કરવાનું મારું કાર્ય થઈ જાઓ.' પછી રાજાએ વિશેષ પૂછતાં પ્રભૂજીની ભવ્ય પ્રતિમા જમીનમાંથી કેવી રીતે નીકળી,... વગેરે બધો અધિકાર કહ્યો. એ પર રાજાએ ખુશ થઈને સજા માફ કરી, એટલું જ નહિ પણ મંદિર માટે વિશાળ જમીન આપી, જેમાં અનેક મોટી ધર્મશાળાઓ પણ થાય. શ્વે.મૂ. જૈન દિવાન જોધરાજ પલ્લીવાલે ત્યાં ભરતપુર સ્ટેટના આ રાજાના સહકારથી ભવ્ય મંદિર બંધાવી એમાં પ્રભુજી ધામધૂમથી પ્રતિષ્ઠિત કર્યા.

આ પ્રતિમાજી નીકળ્યા ત્યારથી પલ્લીવાલો એને ખૂબ માનતા આવ્યા હતા, તે મંદિર થતાં વિશેષ માનવા લાગ્યા, અને દર વર્ષે ચૈ. ૧૫ મેળો ભરાય છે એમાં લગભગ ૧ લાખની સંખ્યામાં માનવમેદની થાય છે. પ્રભુજીની રથયાત્રાનો શાનદાર વરઘોડો ચડતો. આ બધો ભારે મહિમા જોઈને શ્વે. આગેવાનોની દયાથી, દિગંબરોએ પહેલાં વરઘોડામાં પગપેસારો શરૂ કરી આગળ વધતા ગયા; અને છેલ્લા કેટલાએક વર્ષ પહેલાં શ્વેતાંબર તંત્રની શિથિલતાનો લાભ ઉઠાવી તીર્થનો આખો કબજો કર્યો; અને લગભગ ૧૦-૧૨ ધર્મશાળાઓ પણ બંધાવી દીધી.

એક ચીજ એ બની કે દિગંબરના એક આગેવાને શ્વેતાંબર આમ્નાય પ્રમાણેના પ્રભુજીની મૂર્તિના કંદોરાને કોચાવી નખાવવાનું શરૂ કર્યુ પરંતુ એથી તો પોતાના કુટુંબમાં એકાએક મૃત્યુ આદિ ઉપદ્રવ થતા જોઈ તરત એ ગોઝારું કૃત્ય બંધ કરાવી પ્રભુ આગળ ક્ષમા માગી કે 'પ્રભુ ! મારી ભૂલ થઈ છે, મને માફ કરજે. હવે આવું નહિ કરું, મારા પર દયા કરજે.''

શ્વેતાંબરીય મંદિરનો આ પ્રમાણે દિગંબરો દ્વારા કબજો કરાયેલો જોઈ એક પલ્લીવાલ જૈન શ્રી નારાયણલાલજીએ હૃદય ઊકળી ઊઠવાથી શ્રી મહાવીર તીર્થરક્ષા



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

સમિતિ નીમી. સમિતિના ચાર મેનેજિંગ ટ્રસ્ટીઓના નામથી ઈ.સ.૧૯૪૩માં જિલ્લાધિકારીને ભરચક પ્રમાણ પુરાવા સાથે અરજી કરી કે આ મંદિર શ્વેતાંબર જૈન એવા ભરતપુર સ્ટેટના દિવાન જોધરાજ પલ્લીવાલે બંધાવેલું છે, મૂર્તિ શ્વેતાંબરીય આમન્યા મુજબની પ્રાચીન છે, અને મંદિર શ્વેતાંબર જૈનોનું છે, માટે કોરટમાં કબજો મેળવવા માટેનો દાવો માંડવા પરવાનગી આપો.' બધું જોઈ તપાસી અધિકારી કમિશ્નરે રજા આપી, એની સામે દિગંબરો ઠેઠ સુપ્રીમ કોર્ટ સુધી લડ્યા. દરમિયાન બે ટ્રસ્ટી ગુજરી ગયેલા, તે કારણે સુપ્રીમ કોર્ટે નિર્ણય આપ્યો કે બાકીના બેથી દાવો માંડી શકાય નહિ.

એટલામાં રાજસ્થાનમાં પબ્લીક ચેરિટી ટ્રસ્ટ એક્ટ આવી ગયેલો, તેથી શ્રી નારાયણલાલજીએ નવેસરથી ટ્રસ્ટીઓની યોજના કરી ચેરિટી કમિશ્નરને કોર્ટ-દાવાની મંજુરી આપવા અરજી કરી. ચેરિટી-કમિશ્નરે બધા પ્રમાણપુરાવા જોયા-તપાસ્યા અને આની સામે વાંધા સાંભળવા પણ નોતર્યા. પછી કોર્ટે-દાવાની પરવાનગી આપી. એની સામે દિગંબરો કોર્ટે ગયા, અને અમને સાંભળ્યા નથી. એક ટ્રસ્ટી ગુજરી ગયેલ છે, વગેરે દલીલોથી શ્વેતાંબરોને કોર્ટ દાવો કરવા અયોગ્ય ઠરાવવા પ્રયત્ન કરેલ. એની સામે શ્વેતાંબરોએ જોધપુર હાઈકોર્ટમાં અપીલ કરી હાઈકોર્ટના નામદાર જસ્ટીસે દિગંબરોની દલીલને વાહિયાત ઠરાવી શ્વેતાંબરોને કોર્ટદાવો કરવા મંજૂરી આપી, અને એમના વિસ્તૃત જજમેન્ટમાં સુંદર વિવેચન કર્યું જેનો સારભાગ આ સાથે આપવામાં આવે છે. હવે ભરતપુર કોર્ટમાં શ્વેતાંબરો તરફથી શ્રી મહાવીરજીતીર્થનો કબ્જો મેળવવા દાવો દાખલ કરવામાં આવ્યો છે, અને થોક બંધ સચોટ-પ્રમાણ-પુરાવા રજૂ કરવામાં આવ્યા છે. હાઈકોર્ટ જજમેન્ટનો સાર આ પ્રમાણે છે,-

**જોધપુર હાઈકોર્ટના જજમેન્ટનો સાર.**

**ધી પ્રબન્ધકારિણી કમીટી દિગમ્બર જૈન અતિશય ક્ષેત્ર શ્રી મહાવીરજી વિરૂદ્ધ નારાયણલાલ અને બીજા.**

**બાબતમાં :-** નામદાર રાજસ્થાન હાઈકોર્ટ મુ. જોધપુર સમક્ષ દિવાની રીટ પીટીશન નં.-૬૦ સને ૧૯૭૧ની અરજી ભારતના બંધારણની કલમ ૨૨૬ હેઠળ કરવામાં આવેલી, જેનો ચુકાદો તા. ૮-૧-૧૯૭૨ ના રોજ નામદાર જજ શ્રી વી.પી.ત્યાગી સાહેબે આપેલો છે, જે કેસમાં અરજદાર તરફે વકીલ શ્રી એમ.બી.એલ. ભાર્ગવ અને તેઓની સાથે શ્રી એન.એમ. કસલીવાલ અને શ્રી એ.કે.ભંડારી હાજર રહ્યા હતા અને સામાવાળા શ્રી નારાયણલાલ તરફે વકિલ શ્રી અર્જુનલાલ મહેતા અને તેઓની સાથે શ્રી એસ.એમ. મહેતા હાજર રહ્યા હતા.



નામદાર હાઈકોર્ટ જજે તેમના ચુકાદામાં જણાવ્યું છે કે જીલ્લા, સવાઈ માધોપોર, તેસીલ હુંદીમ ગામ નૌરંગાબાદ શ્રી મહાવીરજીનું મંદિર એ નામનું મંદિર આવેલું છે, જે સાર્વજનિક ટ્રસ્ટ છે. જેનો વહીવટ ધી પ્રબન્ધકારિણી કમીટી કરે છે. સદર મંદિરની મિલકતો છે.

**શ્વેતામ્બર જૈનોનું કહેવું એવું છે** કે આ ટ્રસ્ટ તેમનું હતું પણ દિગમ્બર જૈનોએ જ્યારે તેમની લાગવગ તે વખતના જયપુર રાજ્યના વહીવટમાં હતી તે વખતે સદર ટ્રસ્ટનો વહીવટ મેળવ્યો સને ૧૯૪૩ ના સામાવાળા નં.-૧ નારાયણલાલ અને તેમની સાથે બીજા ત્રણ સખ્શોએ સીવીલ પ્રોસીજર ક્રોડ કલમ ૯૨ હેઠળ અરજી કરી. સદર મિલકતનો વહીવટ કરવા માટેના તેમના અધિકારો સ્થાપિત કરવા દિવાની કોર્ટમાં દાવો કરવા માટે પરવાનગી માગી. તે વખતના સવાઈ માધોપુરની ડેપ્યુટી કમીશનરે તા.૨૦-૨-૪૭ ના રોજ સદર અરજી મંજુર કરી, અને સામાવાળા નં.-૧ શ્રી નારાયણલાલ તથા મુલચંદ ગેંડાલાલ અને મલુકચંદને સદરહુ અરજીમાં તેઓએ માંગેલી દાદ માટે યોગ્ય દિવાની કોર્ટમા દાવો દાખલ કરવાની પરવાનગી આપી. પણ તેમાં એવો પ્રતિબંધ મૂકવામાં આવ્યો કે તેઓએ સદરહુ મંદિરના મકાનો અંગે માલિકી હક્કો માંગવા માટેની દાદ માગવી નહિ.

સદરહુ દાવો દાખલ કરતા અગાઉ ઉપરોક્ત ચાર શખ્શો પૈકી શ્રી ગેંડાલાલ અને શ્રી મલુકચંદ ગુજરી ગયા. બાકીના બે અરજદારોને લાગ્યું કે નવેસરથી પરવાનગી મેળવ્યા સિવાય તેઓ દાવો કરી શકે નહિ. એટલે સામાવાળા નં.-૧ શ્રી નારાયણલાલ સહિત બીજા ચાર સખ્શોના નામે સવાઈ માધોપુરના કલેક્ટર પાસે સીવીલ પ્રોસીજર ક્રોડની કલમ ૯૨ હેઠળ કરી અરજી તા. ૨૨-૯-૫૧ ના રોજ કરવામાં આવી. કલેક્ટર તા. ૪-૬-૫૩ ના રોજ સદરહુ અરજી નામંજુર કરી.

શ્રી નારાયણલાલ અને બીજા ત્રણ સખ્શોએ તારીખ ૧૩-૭-૫૩ ના રોજ **એડવોકેટ જનરલ સમક્ષ** સીવીલ પ્રોસીજર કોડની કલમ ૯૨ હેઠળ સદરહુ અરજીમાં માંગેલી દાદ મેળવવા માટે દાવો કરવા અરજી કરી. એડવોકેટ જનરલે તા.૧૦-૯-૫૫ ના રોજ વિગતવાર હુકમ કરી અરજદારોને યોગ્ય દિવાની કોર્ટમાં દાવો કરવા માટે પરવાનગી આપી. પરંતુ તે દાવો દાખલ થતા અગાઉ અરજદારો પૈકીના એક ગુજરી ગયા. બાકીના ત્રણ અરજદારોએ એડવોકેટ જનરલે ચાર સખ્શોને આપેલી પરવાનગી હેઠળ દાવો કરવાનું યોગ્ય માન્યું.

અરજદાર પ્રતિવાદીએ તે દાવામાં પ્રાથમિક તકરાર લીધી કે, 'એડવોકેટ જનરલે સીવીલ પ્રોસીજર કોડની કલમ ૯૨ હેઠળ આપેલી પરવાનગી મુજબ દાવો કરવામાં આવેલો નહિ હોવાથી દાવો ચાલી શકે નહિ.' પ્રતિવાદીએ લીધેલો સદરહુ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

પ્રાથમિક વાંધો વિદ્વાન ડીસ્ટ્રીક્ટ જજ સાહેબે નામંજુર કર્યો; પરંતુ સીવીલ પ્રોસીજર ક્રોડની કલમ ૧૧૫ અને ભારતના બંધારણની કલમ ૨૨૭ હેઠળ પ્રતિવાદીએ કરેલી અરજીમાં નામદાર હાઈકોર્ટે સદરહુ વાંધો મંજૂર રાખ્યો, અને દાવો રદ કર્યો. નામદાર હાઈકોર્ટનું જજમેન્ટ સુપ્રીમ કોર્ટે પણ અપીલમાં મંજૂર રાખ્યું. જ્યારે સુપ્રીમ કોર્ટ સમક્ષ બાબત જારી હતી. તે દરમ્યાનમાં સામાવાળા નં.-૧ નારાયણલાલે સને ૧૯૫૯ ના શ્રી રાજસ્થાન પબ્લીક ટ્રસ્ટ એક્ટની કલમ ૩૮ હેઠળ સદર કોર્ટ સમક્ષ સદર બાબત રજૂ કરવા પરવાનગી માગી, પરંતુ સુપ્રીમ કોર્ટ સમક્ષ બાબત જારી હોવાથી દેવસ્થાનના આસીસ્ટંટ કમીશનરે નારાયણલાલની અરજીનો નિકાલ કર્યો નહિ. સુપ્રીમ કોર્ટે સદર બાબતનો છેવટનો નિકાલ કર્યો.

પછી સવાઈ માધોપુરના સબ ડીવીઝનલ ઓફીસર, જેમને આસીસ્ટંટ કમીશ્નર, દેવસ્થાનના અધિકારો હતા, તેમણે સદર બાબત હાથ ધરી. અને તા. ૨૩-૧૨-૧૯૭૦ ના હુકમથી કલમ ૩૮ હેઠળ દિવાની કોર્ટ ને અરજી કરવા સામાવાળા નં.-૧ નારાયણલાલને પરવાનગી આપી. પરિણામે તા.૨૦-૧-૧૯૭૧ ના રોજ કલમ ૩૮ હેઠળ નારાયણલાલે ભરતપુરના ડીસ્ટ્રીક્ટ જજ-સાહેબની કોર્ટમાં નીચેની દાદ માટે અરજી કરી.

(૧) સામાવાળા પ્રબંધકારિણી કમીટી દિગંબરને શ્રી મહાવીરજીના મંદિરના વહીવટમાંથી દૂર કરવા.

(૨) સમગ્ર જૈન સમાજની નવી કમીટી નીમવી.

(૩) વરઘોડામાં તીર્થંકરોની મૂર્તિઓનો વહિવટ શ્વેતાંબરની નવી કમીટીને સોપવો.

(૪) શ્વેતાંબર સંઘના અનુયાયી શ્રી જોધરાજ પલ્લીવાલે આ મંદિર બંધાવેલું છે, તે પ્રમાણે જાહેર કરવું, અને મંદિર અને તેની મિલકતોનો વહિવટ શ્વેતાંબરને સોંપવો.

(૫) સદર મંદિર અને તેના (Katla) કટલા તથા તેની તમામ મિલકતો જૈન શ્વેતાંબર સાર્વજનિક ટ્રસ્ટની હોવાથી અને પ્રાર્થના તથા ક્રિયાઓ વગેરે મંદિરમાં કરવા માટે તથા વરઘોડો કાઢવા માટે જૈનસંઘના આધ્યાત્મિક લાભ માટેની હોવાથી. શ્વેતાંબર સંઘની પ્રણાલિકા અનુસરવાનો હંમેશા રિવાજ છે અને તેથી સામાવાળાને તેમાં ડખલ કરવા રોકવા.

(૬) શ્વેતાંબરની નવી કમીટીને મેળા મહાવીરજીનો વહિવટ સોંપવો.

(૭) રથયાત્રા પ્રસંગે શ્વેતાંબર જૈનો ચામર વિંઝે તેમાં દિગમ્બરોએ હરકત કરવી નહિ.



એડવોકેટ જનરલે નારાયણલાલ અને બીજા ત્રણને સીવીલ પ્રોસીજનર કોડની કલમ ૯૨ હેઠળ દાવો કરવા માટે આપેલી પરવાનગી મુજબની ઉપરોક્ત દાદ હતી.

પરંતુ અરજદાર (પ્રબંધકારિણી દિગંબર કમીટી) તરફથી એની સામે આ દલીલો રજૂ થઈ સબ ડીવીઝનલ ઓફીસર સવાઈ-માધોપુરનો હુકમ આસીસ્ટંટ કમીશનર દેવસ્થાનને સંતોષ થયાનું જણાવતો નથી; અને કલમ ૩૮ માં જણાવ્યા મુજબની તપાસ કરાવ્યા વગરનો કરેલો છે; અને તેનો અમલકારી ભાગ અસ્પષ્ટ અને કલમ ૩૮ ની જોગવાઈઓ મુજબનો નથી; વિગેરે કારણો જણાવી અરજદારે સબ ડીવીઝનલ ઓફીસર સવાઈ માધોપુરનો હુકમ ચેલેન્જ કર્યો.

સામાવાળા નં.-૧ નારાયણલાલે સદરહુ અરજી સામે વાંધો લીધો અને સને ૧૯૬૫ માં સીવીલ પ્રોસીજર ક્રોડની કલમ ૯૨ હેઠળ એડવોકેટ જનરલે જે આધારે પરવાનગી આપેલી તેના તમામ સંબંધક કાગળો પોતાના જવાબ સાથે રજૂ કર્યા. સામાવાળા નારાયણલાલે રજૂઆત કરી કે ‘સબ ડીવીઝનલ ઓફીસરે જરૂરી તપાસ કરીને અને ગુણદોષ ઉપર પક્ષકારોને વિગતવાર સાંભળીને તા.૨૩-૧૨-૭૦ ના રોજ સદરહુ હુકમ કરેલો છે.’

નામદાર હાઈકોર્ટ જજે ઠરાવ્યું છે કે કાયદાની જોગવાઈ મુજબ આસીસ્ટંટ કમીશ્નર, જેની સત્તાઓ હાલમાં સબ ડીવીઝનલ ઓફીસર સવાઈ માધોપુર પાસે છે, તેઓ પોતાની જરૂરી તપાસ કરીને અને પોતાને સંતોષ થયાના કારણોની નોંધ કરીને સાર્વજનિક ટ્રસ્ટમાં હિત ધરાવનાર સખ્સે કરેલી અરજીનો નિકાલ કરી શકે છે. અરજદારની તકરાર એવી છે કે ‘આ કેસમાં સબ ડીવીઝનલ ઓફીસરે કોઈ તપાસ કરી નથી અને આ કેસની હકીકતો ધ્યાનમાં લેતાં કલમ ૩૮ હેઠળનો હુકમ કરવાની જરૂરીયાત છે. તેવું પોતાને સંતોષ થયાનું તેમણે નોંધેલ નથી.’ સુનાવણી દરમ્યાન અરજદારના વિદ્વાન વકીલે એવી તકરાર લીધી કે ‘પક્ષકારોને સાંભળ્યા સિવાય સબ ડીવીઝનલ ઓફીસરે સદરહુ હુકમ કરેલો છે.’

સામાવાળા નં.-૧ નારાયણલાલે લેખિત જવાબ તથા તે સાથે રજૂ કરેલ સોગંદનામામાં સ્પષ્ટ જણાવ્યું છે કે ‘સબ ડીવીઝનલ ઓફીસરે તપાસ કરેલી અને પક્ષકારોને ગુણદોષ ઉપર સાંભળ્યા પછી તેમણે સદરહુ હુકમ કરેલો’ સામાવાળા નં.-૧ ના આ કથનને સદરહુ હુકમમાંથી ટેકો મળી રહે છે. સદરહુ હુકમમાં સબ ડીવીઝનલ ઓફીસરે જણાવ્યું છે કે તેમણે પક્ષકારોને લંબાણથી સાંભળ્યા છે. તેથી અરજદારના વકીલની જે દલીલ છે કે પક્ષકારોને સાંભળ્યા સિવાય સદરહુ હુકમ કરેલો હોવાથી કુદરતી ન્યાયના મૂળભૂત નિયમોનો ભંગ કરે છે. તેવી દલીલમાં



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

તથ્ય જણાતું નથી પક્ષકારોને લંબાણથી સાંભળેલા તેવું હુકમમાં જણાવેલું છે. શ્રી નારાયણલાલે પોતાના સોગંદનામામાં સ્પષ્ટ જણાવ્યું છે કે બન્ને પક્ષકારોને ગુણદોષ પર લંબાણથી સાંભળેલા; અને તેથી (દિગંબર તરફના વકિલ) શ્રી ભાર્ગવતી તકરાર કે કુદરતી ન્યાયના નિયમો અનુસારનો નહિ હોવાથી સદરહુ હુકમ ખોટો છે તેવી તકરાર હું સ્વીકારી શકતો નથી.

તપાસનું લાગે વળગે છે. ત્યાં સુધી કલમ ૩૮ મુજબ આસીસ્ટંટ કમીશ્નરે જરૂરી જણાય તેવી તપાસ કરીને પોતાને સંતોષ થાય તેમ કરવાનું હોય છે. સદર બાબત સને ૧૯૪૩ થી ચાલતી હતી. અને સને ૧૯૫૩ માં સીવીલ પ્રોસીજર કોડની કલમ ૯૨ હેઠળ એડવોકેટ જનરલને અરજી કરવામાં આવી ત્યારે સદરહુ સઘળા કાગળો રજૂ કરવામાં આવેલા સામાવાળા નં.-૧ જણાવે છે કે એડવોકેટ જનરલ સમક્ષ રજૂ કરેલા સંબંધક કાગળોની નકલો સબ ડીવીઝનલ ઓફીસર સમક્ષ રજૂ કરવામાં આવી હતી. સદરહુ કાગળો કલમ ૩૮ હેઠળ સદરહુ બાબતનો નિર્ણય કરવા માટે પક્ષકારોએ ઉપસ્થિત કરેલી તકરારો સંબંધે પુરતો પ્રકાશ ફેંકે છે. સદરહુ હુકમ કરવા માટે વધારે તપાસની જરૂર નહોતી અને તેથી સબ ડીવીઝનલ ઓફીસરે મૌખીક પુરાવો લીધો ન હતો તેમજ અરજદારે પણ તેમની તકરારમાં સમર્થનમાં પુરાવો રજૂ કરવા માટે સબ ડીવીઝનલ ઓફીસર સમક્ષ માગણી પણ કરી ન હતી. કલમ ૩૮ હેઠળ દિવાની અદાલત સમક્ષ દાદ માંગવા નારાયણલાલને પરવાનગી આપતો હુકમ સબ ડીવીઝનલ ઓફીસરે કર્યો. **સદર હુકમ ધ્યાન પૂર્વક જોતાં ચુકાદામાં જ તેમને સંતોષ થવાનું જણાઈ આવે છે અને તે કારણસર તે હુકમ ખામીવાળો કહી શકાય નહિ, શ્રી નારાયણલાલ સને ૧૯૪૩ થી યોગ્ય દિવાની અદાલત પાસે ઉપરોક્ત દાદ મેળવવા મથી રહ્યા હતા** પણ ટેકનીકલ કારણોસર તેઓ દિવાની અદાલત સમક્ષ દાવો કરી શક્યા નહિ; અને શ્વેતાંબર કોમના પ્રતિનિધિ તરીકે યોગ્ય કોર્ટથી દાદ મેળવવા તેઓ ચાહતા હતા, ને દાદ ત્રીસ વર્ષ સુધી તેઓ મેળવી શકયા નહિ, **હુકમમાં ટેકનીકલ ખામીઓના કારણોસર આ કોર્ટ દરમ્યાનગીરી કરવાનું યોગ્ય ગણશે નહિ, અને તેથી અરજદારો (દિગંબરો) ની અરજી ચાલી શકે નહિ તેથી સદરહુ (એમની) રીટ પીટીશન રદ કરવામાં આવે છે.** ખર્ચ માટે કોઈ હુકમ કરવામાં આવતો નથી.





## (૫૨) તમે દિલથી આસ્તિક છો ? ષટ્સ્થાન સાથે કેવો સંબંધ ?

'આત્માને માનો છો ?' આવો પ્રશ્ન આવે ત્યારે આપણે શું સમજીને કહીએ છીએ કે 'હા, હું આત્માને માનું છું ? એમ ન કહીએ તો શું આપણે નાસ્તિકમાં ખપીએ એટલા માટે ? કે ખરેખર આપણા આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ, અને સ્વતંત્ર-કર્તૃત્ત્વ આપણા હૈયે વસી ગયું છે માટે ?

જો નાસ્તિકમાં ખપવાના ભયથી અને આસ્તિકમાં ખપવાની લાલચથી જ 'હું આત્માને માનું છું' એમ, કહેતા હોઈએ તો એનો અર્થ તો એ થાય કે આપણા હૈયે આત્માની માન્યતા વસી છે કે નહિ એની સાથે આપણે કોઈ નિસ્બત નથી. આપણને નિસ્બત છે માત્ર પેલી લાલચ ને ભય સાથે. તો એમાં કાંઈ સાચું આસ્તિક્ય આપણામાં આવે નહિ.

માણસે પૈસા ખોઈ નાખ્યા હોય છતાં એને કોઈ પૂછે 'કેમ તમે એના એ જ ધનવાન છો ?' તો ના કહેવામાં બીક છે કે મારી આબરૂ જાય. તેથી દિલમાં પોતાને પોતાનું ધનવાનપણું નહિ બેઠું છતા, નહિ માન્ય છતાં, હંકારાય છે કે 'પ્રભુની મહેરબાની છે;' એટલે ? હું ધનવાન જ છું' એમ સમજ કરાય છે. આવો ધનવાનપણાનો ડોળ લઈને ફર્યાની શી કિંમત ? અંતરમાં તો આધિની આગ સળગતી હોય છે.

એમ, દિલમાં આત્મા નહિ બેઠો, નહિ માન્ય છતાં 'હું આત્માને માનું છું એવી બીજાને સમજ કરાવ્યાની શી કિંમત ? અંતરમાં તો જડ કાયા અને કાયહિતકારી' વિષયોની જ નિર્ભીક લગન રહેતી હોય છે. એ તો અંતરમાં જે માને કે 'હું એટલે કાયા નહિ, પણ એથી સ્વતંત્ર જુદો આત્મા' એને 'આ મારા આત્માનું વિષયો અને કાયાની લગનમાં શું થશે ?' એવો ભય લાગે; ને ધન-વિષય-પરિવારની પ્રવૃત્તિમાં સાવધાની અને સંયમ રહે. આ જો ન હોય, તો પ્રગટ નાસ્તિક પણ જે રીતે જીવન જીવે છે, ને જે ખાનપાન-વેપાર આદિની પ્રવૃત્તિ મસ્તીથી કરે છે, એ જ પ્રમાણે કહેવાતો આસ્તિક પણ જીવન જીવતો હશે, ને બાહ્ય પ્રવૃત્તિ કરતો હશે. તો અંતરથી આસ્તિકતા શી આવી ? આવા જીવો પ્રચ્છન્ન-નાસ્તિક-છૂપા નાસ્તિક કહેવાય. માટે

આત્માની માન્યતા માત્ર શબ્દથી ન ચાલે, દિલથી થવી જોઈએ. એ થયાનું શી રીતે જણાય ? આ રીતે-દા.ત. જુઓ કે હૈયે પત્ની માન્ય છે ? તો એની પ્રત્યે



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

કેવો ભાવ અને કેવી તકેદારી તથા પ્રવૃત્તિ રહે છે ? કેટલાક પ્રસંગોમાં એને દિલમાં કેવું મહત્ત્વ અપાય છે ? દા.ત. પૈસા કમાયા, તો ઝટ મનમાં આવશે કે આમાંથી ઘરવાળા માટે આ દાગીનો કરાવવાનો છે...વગેરે એમ આત્મા દિલથી માન્ય હોય એટલે એના પ્રત્યે દિલમાં એવા ભાવ અને મન-વચન-કાયાથી એવી એવી પ્રવૃત્તિ થતી હોય. પ્રસંગે પ્રસંગે એને દિલમાં મહત્ત્વ અપાય. એટલે, દા.ત. પૈસા કમાયા, તો ઝટ મનમાં આવે કે આમાંથી આત્માનાં હિત ખાતર આટલું ખરચવાનું છે. સામાન્ય ભોજન નહિ ને પકવાન્ન-મલાઈ ખાવા મળી તો મનને થાય કે આ જ વિશેષ આત્મહિતની ધ્યાન-જાપ-કાયોત્સર્ગની પ્રવૃત્તિ કરવાની.

આત્માની માન્યતા કરવી હોય તો નજર સામે ષટ્સ્થાન, (૧) સ્વતંત્ર અસ્તિત્વ (૨) નિત્યત્વ (૩) કર્મકર્તૃત્વ (૪) કર્મભોક્તૃત્વ (૫) મોક્ષ (૬) મોક્ષસાધન રમતા કરવા જોઈએ. પછી જેમ કાયાની જ માન્યતાવાળાને કાયા નાશવંત હોઈ માત્ર આ જ જીવનનો વિચાર રહે છે, એમ આત્માની માન્યતાવાળાને આત્મા નિત્ય હોઈ આ જીવન કરતાં વિશેષ તો પરલોકનો વિચાર રહ્યા કરે. એટલું જ નહિ, પણ આત્મા નિત્ય અને કર્મકર્તા હોઈ તથા એ કર્મના અનુસારે જ કાયાદિ સરજાતા હોઈ, આત્માનુ વર્ચસ્વ લાગે, અધિકારીપણું લાગે. આ હિસાબે કાયા અને ઈન્દ્રિયો ઈચ્છે એમ વિષયોમાં પ્રવર્તવાનો એને અધિકાર નહિ, પણ મારો આત્મા ઈચ્છે એમજ એને પ્રવર્તવાનું; એવો મારો અધિકાર છે, એમ પોતાનું વર્ચસ્વ જમાવાય;...યાવત્ મન પર પણ આત્માનો અધિકાર; એટલે મન ધારે એ પ્રમાણે ફાવે એટલા ક્રોધ-અભિમાન, રાગ-દ્વેષ, લોભ-લાલસા, વગેરે કર્યે જાય એમ નહિ. કિન્તુ મારો અંદરનો આત્મા ઈચ્છે એટલા અને ઈચ્છે એવા જ ભાવો મનને કરવા પડે. આ રીતની જો આત્માની માન્યતા થાય તો ઉન્નતિના રાહ ખુલ્લા થઈ જાય.

આમ ઉન્નતિનું પ્રથમ સોપાન આત્માની દિલથી માન્યતા કરવી એ છે. એ કરવાથી દૃષ્ટિ નિર્મળ બને છે. પછી જીવનમાં ગમે તેવા સુખ-દુઃખ ભોગવવાના આવે ત્યાં એની પાછળ 'કર્મભોક્તૃત્વ' કામ કરી રહ્યું હોવાનું દેખાય. તેથી સુખમાં અભિમાન કે ઉઘલાઈ જવાપણું ન આવે ને દુઃખમાં ઉદ્વેગ દીનતા કે બીજા પર રોષ વગેરે જન્મે નહિ.

એટલું જ નહિ, પણ આત્માની માન્યતા પર 'મોક્ષ' અને 'મોક્ષ સાધન' નજર સામે તરવરતા હોય; તેથી કાયમ એ વિચાર રહ્યા કરે કે 'મારે અંતે તો મોક્ષ પામવાનો છે, આ કાયા-માયા અને વિષયો-કષાયોની બલામાંથી છૂટવાનું છે; પછી એના બહુ લાલન-પાલન શા કરવા ? મારે તો મોક્ષનાં સાધનમાં જ શક્ય એટલા વિચાર-વાણી વર્તાવ પ્રવર્તાવાના. જ્ઞાનીઓએ નિષેધેલાનો ત્યાગ અને વિહિત કરેલાની



પ્રવૃત્તિ વધાર્યે જવાની. એમાં ખામી પડે ત્યાં સચિંત રહેવાનું.'

હૈયે આત્માની સચોટ માન્યતા હોય એટલે આત્માના મોક્ષની ચિંતા સહેજે હોય; તેથી એ ચિંતા રહ્યા કરે કે 'હું આ મોક્ષને બદલે વિષયો અને કષાયોના બંધનોમાં પડું છું, મોક્ષને પ્રતિકૂળનાં આચરણ, અને અનુકૂળની બેપરવાઈ કરું છું. તો મારું શું થશે !' મૂળ વાત આ છે કે આત્માની માન્યતા આવી એટલે મોક્ષ પ્રિય અને સંસાર અપ્રિય-અણગમતો બને. આત્માની દૃષ્ટિએ સંસાર નિર્ગુણ લાગે; ભવનિર્વેદ જન્મે સંસાર પ્રત્યે કંટાળો-અકળામણ-ગ્લાનિ રહ્યા કરે.

આ માટે શ્રી વીતરાગ પર અથાગ પ્રેમ એ અનુપમ ઉપાય છે. આત્માની સચોટ માન્યતા છે એટલે પોતાના આત્માને રાગાદિ રોગોથી તદ્દન મુક્ત કરવો છે; તેથી એમાં આલંબનભૂત એવા નિર્મળ-તંદુરસ્ત રાગાદિરહિત વીતરાગ પરમાત્મા પર સહેજે અથાગ પ્રેમ જાગે એ પ્રેમમાં સંસાર અકારો લાગે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૧,અંક-૧૪,તા.૧૬-૧૨-૧૯૭૨

## (૫૩) સારું કરેલું નકામું નહિ જાય; ભૂલની ગાંઠ ભારી પડશે

**(લેખાંક-૧)**

સમરાદિત્ય કેવળી ચરિત્રમાં એક સુરેન્દ્રદત્ત રાજાનો પ્રસંગ આવે છે કે એને એવું સ્વપ્નું આવ્યું કે 'પોતે મેરૂ પર ચડી સિંહાસન પર આરૂઢ થયો છે; પણ પોતાની માતા પગ ખેંચી નીચે ખીણમાં પાડે છે.' આ સ્વપ્ન પરથી સંસાર પ્રત્યે વૈરાગ્ય પામી, એ ચારિત્ર લેવાનું નક્કી કરે છે. પછી માતાની રજા લેવા એને સ્વપ્ન કહે છે, પણ એમાં માતાનું નામ ન લેતાં કોઈકે મને ખેંચી નીચે પાડ્યો' એમ કહે છે, માતા એના પર અનિષ્ટ જાણી એને કહે છે, 'તું રાજ્ય સોંપી દઈ હાલ સાધુના કપડાં પહેરી ઘરમાં બેસી જા તેમજ અનિષ્ટ ટાળવા કૂળદેવીને પાડાનો,...બોકડાનો,... છેવટે કૂકડાનો ભોગ આપ.' સુરેન્દ્રદત્ત કહે છે, 'આ બધા જીવો દેવીના પુત્રો છે. માતા પુત્રોનો ભોગ ન જ લે; માટે ભોગ આપવાની વાત રહેવા દે. છતાં તારો આગ્રહ હોય તો લે હું આ મારા ડોકાનો ભોગ આપી દઉં છું.' એમ કહીને તલવાર ઉપાડી પોતાના ગળા પર લગાડવા જાય છે ત્યાં મા એનો હાથ પકડી લઈ બોલી ઊઠે છે, 'ના, ના રહેવા દે એમ ન કર એમ ન કર. માત્ર લોટના કૂકડાનો ભોગ આપજે, ચાલશે ! અહીં સુરેન્દ્રદત્ત ઢીલો પડ્યો, લોટના કૂકડાનો ભોગ આપ્યો, એ ખાધો પણ ખરો. પછી ચારિત્ર લેવાના આગલા



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

દિવસે પત્નીએ એને ઝેર આપ્યું; ઉપરથી જલદી ગળચી દબાવી દીધી.

આ જોતા લાગે કે કર્મ શું કે સંસારની વિચિત્રતા શું, એ ધર્મભાવનાની સામે જાણે આદુ ખાઈને મંડી જીવની કેડે પડી છે; તે જીવને કહે છે, 'તું ધર્મભાવનાને શી રીતે ટકાવે છે તે જોઉં છું તારી પાસે લોટનો પણ કૂકડો મરાવું છું. લોટને માંસ તરીકે ખવરાવું છું. તારા પર ઝેરનો પ્રયોગ કરાવું છું; ત્યાં ય ધર્મભાવના જો ન મરી, તો સગી પત્ની પાસે ગળે ટૂંપો દેવરાવું છું ! હવે આમાં જો છેલ્લે છેલ્લે સત્ત્વ ન ટક્યું તો જીવની કઈ દશા ? 'શું આ મને ટૂંપો દેનારી મારી પ્રિય સ્નેહાળ પત્ની ? જિંદગી પ્રેમમાં મહલાવી તે આ ?,'-આમ વિહ્વળતા ઊભી થાય; અને એથી ઊંચી ધર્મભાવના અને વિવેક ભૂલી જીવ અબુધ જેવો પાછો પડે. સુરેન્દ્રદત્ત છેલ્લે એમ પાછો પડ્યો, તે મરીને મોર તરીકે જનમ્યો.

**જગતના સંયોગ જાણે જીવની મુક્તિના પાકા વૈરી છે.** એનું ચાલે ત્યાં સુધી વૈરી ! ઠેઠ લગી કાંઈ ને કાંઈ એવું કરે કે જીવ પાછો પડે. અહીં જ જુઓ,-

(૧) સુરેન્દ્રદત્તને ચારિત્રની ભાવના થઈ ત્યારે આ આડે આવી.

(૨) માતાને સ્વપ્નની વાતથી સમજાવ્યું ત્યારે એ કહે જીવનો ભોગ આપ.

(૩) એને જીવદયાની વાત સમજાવી તો ત્યાં કૂકડાનો અવાજ આવ્યો, ને મા કહે કે કૂકડાને માર.

(૪) 'આત્મભોગ' આપું પણ જીવ નહિ મારું' એમ સમજાવ્યું ત્યારે કહે કે લોટનો કૂકડો માર.'

જગતના સંયોગ કેવાંક વિલક્ષણ છે ! સુરેન્દ્રદત્તને પાછો પાડ્યો. એણે લોટનો કૂકડો માર્યો અને ખાધો. આ માતાના આગ્રહથી કર્યું તો શું ગુનો માફ ? ના, પાપ તેં કર્યું, સજા તું જ ભોગવ.

ત્યારે આ વિચારવા જેવું છે કે ચારિત્રની ભાવના, જીવદયાની પાકી ભાવના, વગેરે સારા સંયોગોમાં પણ જો ભૂલ થાય તો તેની માફી નથી, તો પછી પાપમય ભાવનાઓ, પાપમય વિચારો, અને પાપમય પ્રવૃત્તિના સંયોગો વચ્ચે થતી ભૂલોની માફી શે મળવાની ?

માટે આ વિચારો કે મહાન ગુણવાળા પણ જીવ જો ભૂલ કરે, તો ઉચ્ચ ભવ અને ઉચ્ચ પરિસ્થિતિથી બાતલ થાય છે ત્યારે અમારી ભૂલોમાં અમારે ક્યાં જઈ ઊભા રહેવાનું ? એમનું થોડા વખતનું આર્તધ્યાન એમનું ક્યાંના ક્યાંય પટકે છે, તો પછી ડગલે ને પગલે અમારું આર્તધ્યાન અમને શું ય નહિ કરે ? આ વિચારીને ય પાછું નિરાશ થવાનું નથી. આવાં ચરિત્રનું શ્રવણ નિરાશ કરવા માટે ન હોય. એ તો રેડ સિગ્નલ ધરે છે- ઊભા રહો, રુક જાઓ, આર્તધ્યાન અને



ભૂલોમાં દોડવાનું માંડી વાળો, અને જેટલું સારું બને, તનથી બને, મનથી બને, ધનથી બને, એટલું કરવા લાગો.

પ્ર.- પણ ઘણું સારું કરવા છતાં અને ભૂલો તથા આર્તધ્યાનથી બચવા છતાં અંતે ભૂલ્યા, આર્તધ્યાનમાં પડ્યા, તો આ સુરેન્દ્રદત્તની જેમ, સારા માથે પાણી ફરી વળે ને ?

ઉ.- આ મુંઝવણ કરવાની જરૂર નથી. સારું કરેલું નકામું જતું નથી. અરે ! પ્રેમથી સારું સાંભળ્યું ? માત્ર, તો તે પણ નિષ્ફળ નહિ જાય. અલબત અંતકાળે જો સ્થિતિ બગડી, તો તત્કાલ ભવ હલકો ઊભો થાય પરંતુ આગળ ઉપર સારાનું ફળ મળે છે. અલબત અંતકાળે કેવું અને કેટલું બગાડ્યું, નિયાણું કર્યું એ પણ ગણતરીમાં આવે છે. અગ્નિશર્માએ ભયંકર ગુસ્સામાં સમરાદિત્યના જીવ ગુણસેનને ભવોભવ મારવાનું નિયાણું કર્યું. એટલે ભવોભવના વૈરની ગાંઠ બાંધી, તો પછીના અનેક માનવભવોમાં એ મારી નાખવા માટે પેરવી કરતો રહ્યો; ને એથી અનંત સંસાર ઉપાર્જ્યો ! ને એ પછી એને ઊંચે આવવાનું બને છે. ચૌદપૂર્વી જેવા પણ અંતકાળ બગાડી નિગોદમાં ય જાય છે, પરંતુ પાછા ઊંચે આવે છે. નંદ મણિયારે સારું શ્રાવકપણું પાળ્યા પછી પાછળથી બગાડ્યું તો અંતે અસમાધિમાં મરીને દેડકો થયો, પરંતુ એમાં સુધારી લીધું. જાતિસ્મરણે પ્રભુના દર્શને દોડ્યો, ત્યાં ઘોડાના પગ નીચે કચરાતાં સમાધિ રાખીને ઊંચે આવ્યો, સમાધિમાં મરી દેવ થયો, ને પ્રભુનો ભક્ત બન્યો. શ્રેણિક કૃષ્ણ વગેરેએ અંતકાળ બગાડી નરકગતિ સાધી, પરંતુ પૂર્વે સારું કરેલું છે, તેથી પછી તીર્થંકર થવાના છે. આ સારું શી રીતે બને છે ? કહો, પૂર્વે સારું કર્યું છે એના પ્રભાવે સારું કંઈ જ ન કર્યું હોય તો તો ક્યાંથી એમ ઊંચે આવે ? સારું કરેલુ નકામું નથી જતું.

માટે સારું કરવાનું તો ભૂલો જ નહિ; અને નરસા વિચારથી પણ બચો.' રાજા સુરેન્દ્રદત્તના ચરિત્ર જોવામાંથી આ પ્રેરણા મળે છે કે સારું ખૂબ કરો, અને ભૂલ ન થવા માટે, આર્તધ્યાન રોકવા માટે પૂરી તકેદારી રાખો. નિરાશ થવાને કોઈ કારણ નથી. જીવન ઘણું નરસામાં ગયું હોય તો પણ જાગ્યા ત્યાંથી સવાર ગણી સારાનો ઉદ્યમ કરાય, તો તે ય જીવને ઊંચે લાવે છે.

એટલે સારું જેટલું જેટલું બને તેટલું તેટલું કર્યે જાઓ, અને ભૂલ, આર્તધ્યાન ન થવા ચોકસાઈ રાખો; તે એમ સમજીને કે ગમે તેટલું સારું કરવા છતાં જો ખૂણે બેસીને પણ ભૂલ કરી તો ય તે ભૂલ રદબાતલ નહિ જાય. કર્મને ત્યાં જાગતો હિસાબ છે, ઝીણામાં ઝીણી ભૂલ પણ ચોપડે ચઢે છે તેમ, ભૂલનો યોગ્ય પ્રતિકાર થાય તો તે રદબાતલ પણ થાય છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

(૫૪) (લેખાંક-૨)

શાસ્ત્રે કહેલી વિધિ મુજબ ગુરુ આગળ ભૂલનું પ્રકાશન, આલોચના, પ્રાયશ્ચિત્ત, પશ્ચાત્તાપ, આત્મનિંદા વગેરે જો આવડે તો આ બધું ભૂલનો પ્રતિકાર; ને એથી ભૂલ ભુંસાઈ જાય છે. તેનો અર્થ તો એ થયો કે જો ભૂલનો પ્રતિકાર નથી કરવો તો તે રદબાતલ નહિ થાય. બીજી રીતે કહીએ તો ભૂલ કરનાર ક્ષન્તવ્ય છે, પણ તે ભૂલથી પાછો વળે તો; કિન્તુ ભૂલની ગાંઠ બાંધે તો નહિ. ગાંઠ બાંધનારો કર્મને ત્યાં ક્ષન્તવ્ય છે, પણ તે ભૂલથી પાછો વળે તો; કિન્તુ ભૂલની ગાંઠ બાંધે તો નહિ. ગાંઠ બાંધનારો કર્મને ત્યાં ક્ષન્તવ્ય નથી બનતો.

ઝાંઝરીયા ઋષિનું ખૂન કરવા જેવી ભયંકર ભૂલ કરનારો પણ રાજા પાછો વળી ગયો, અનહદ પશ્ચાત્તાપમાં ચડ્યો, તે એટલે સુધી કે ‘માત્ર તેટલી ભૂલ ખરાબ’ એમ નહિ પણ આખો સંસાર ખરાબ એમ ભાસ્યું, સમગ્ર મોહ પર તિરસ્કાર છૂટ્યો અને અંતરથી અલિપ્ત થતા આવ્યા તો તે ભૂલ તો માફ શું, પણ ભવોભવની ભૂલો રદબાતલ થઈ, ને ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી ગયા !

એટલે, ભૂલ કરનાર હજી ક્ષન્તવ્ય છે, પણ ભૂલની ગાંઠ વાળનાર ક્યાંય ક્ષન્તવ્ય નથી બની શક્તો. રાજાને ખબર પડી કે ઝાંઝરિયા મુનિ તો રાણીના જાર પુરુષ નહિ, પણ સગા ભાઈ હતા, પછી જો મનમાં એટલું ય લાવ્યા હોત કે ‘ખૂન તો થઈ ગયું, પણ શું કરીએ ? અમને ખબર થોડી જ હતી કે રાણીના આ ભાઈ છે. અમે તો સંયોગ જોયા કે રાણીને એમને જોઈ રડવું આવે છે એથી સહેજ કલ્પના થાય કે આ કોઈ એનો યાર હશે...’ આવા કોઈ લોચા વાળ્યા હોત તો તે ભૂલની ગાંઠરૂપ થાત.

ભૂલનો કદી બચાવ ન કરો, ન વાણીથી કે ન મનમાં; કેમકે બચાવ કરવાં જતા ભૂલની ગાંઠ વળે છે. ગાંઠ પછી કેટલીકવાર પ્રાયશ્ચિત્તને યોગ્ય પણ નથી રહેતી, પશ્ચાત્તાપથી પણ રદબાતલ નથી થતી, અને ભૂલના કારમા પરિણામ ભોગવવાં પડે છે. ગોશાળાએ અતંકાળે પશ્ચાત્તાપ કર્યો હતો છતાં ભૂલોની ગાંઠ વળેલી તે ભયંકર દુઃખદ વિપાક એને ભોગવવાના ઊભા રહી ગયા. ભૂલની ગાંઠ વાળી, બચાવ કર્યો, બહુ કાંઈ ભૂલ નથી થઈ’ એવો સિક્કો માર્યો, તો એ અંતરની અશુભ પરિણતિને વજના જેવી દઢ કરવાનું થયું એનું ફળ દીર્ઘ દુર્ગતિ !

ત્યારે, એ જુઓ કે,

**ભૂલનો બચાવ કોણ કરાવે છે ! ગાંઠ કોણ વળાવે છે ?**



**કહો, અહંત્વ, ગુમાન,** - હું શાનો ભૂલ કરનારો ગણાઉં ? ભૂલ કબુલવાથી માનભંગ થતો દેખાય છે અને એ અસહ્ય થઈ પડે છે; અસહ્ય કોને ? અલ્પ સત્ત્વવાળાને, નિસત્ત્વજીવને હજીય લક્ષ્મી જાય એ સહી શકાય છે, રોગ આવે એ સહી શકાય છે, પણ માનભંગ થાય એ સહી શકાતું નથી. એનો અર્થ એ કે **માનભંગ સહી લેવા માટે ભારે સત્ત્વ જોઈએ છે.** એ સત્ત્વ હોય તો જીવ માનભંગની પરવા નહિ કરે, અને ભૂલ તરત કબૂલી લેશે, ભૂલનો પાકો પશ્ચાત્તાપ કરશે. તપ કરનાર, ત્યાગ કરનાર, દાન દેનાર-શીલ પાળનાર એ સાત્ત્વિક છે, પણ માનભંગ સહી લઈને ભૂલથી પાછો વળી જનાર એ મહાસાત્ત્વિક છે. એવાં મહાસત્ત્વ ખીલવ્યા વિના કેવળજ્ઞાન આવી શક્તું નથી.

બાહુબળી સાધુ બન્યા પછી પણ એમના એમ બાર મહિના કાઉસ્સગ્ગમાં ઊભા રહી ગયા, નાનાભાઈને નમવામાં દેખાતો માનભંગ સહી શક્યા નહિ, ગળી ન ગયા, તે માન અખંડ રાખવા બાર મહિના સુધી ‘પ્રભુ અને ભાઈઓ પાસે ન ગયા, તો કેવળજ્ઞાન ન પામ્યા ! અને પછી બેનોએ ‘વીરા મોરા ! ગજ થકી ઉતરો’ કહેતાં માનભંગને ગળી ગયા, માનના હાથી પરથી નીચે ઉતર્યા, માન મૂકી નાનાભાઈને નમવા જવા પગ ઉપાડ્યો, તો તરત કેવળજ્ઞાન પામ્યા !

ત્યારે કહો, માનભંગ કેટલો બધો અસહ્ય થઈ પડે છે ! માન મારવું કેટલું દુષ્કર બને છે ! માન માણસને ભારે સતાવે છે. નાના બાળકને પણ માનની લાગણી છે. માનવી શબ્દ એવો છે. જેમ યશ-યશસ્વાળો યશસ્વી કહેવાય, તેજ-તેજસ્વાળો એ તેજસ્વી કહેવાય, તેમ માનવાળો એ માનવી કહેવાય છે. માનવીને માન કોટે ચોંટેલું છે.

**માનવી એટલે માનભૂખ્યો.** રોટલાથી પેટ થોડું ફૂલે, પણ જો માન મળે તો વધારે ફૂલે છે ને ? માનનો ભારે ભૂખ્યો એટલે માન મળતું હોય, તો ગમે તેવા ને ગમે તેટલાં પાપ કરતાં સંકોચ નહિ. માનની લાલસામાં પુણ્ય-પાપનો-વિવેક ભૂલાય છે. માનની ભૂખ એવી કારમી છે કે હારબંધ પાપ કર્યા પછી પણ માન જોઈએ છે, અને એ મળે એટલે કરેલા બધા પાપ પર ‘બરાબર કર્યું’નો સિક્કો લગાવે છે ! ભૂલને પણ ખરાબ નથી માનતો ?

સમ્યગ્દૃષ્ટિ-મિથ્યાદૃષ્ટિમાં આટલો ફરક છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ ભૂલની ગાંઠ નથી વાળતો, મિથ્યાદૃષ્ટિ જીવ ભૂલની ગાંઠ વાળે છે, ને પાપમાં હોશિયારી માને છે. દા.ત. બંગલો કેવો સરસ ! અને કેવો સસ્તામાં બાંધ્યો ! એક લાખમાં ત્રણ લાખ રૂ. જેવો ! ગામમાં કોને આવડે ?’...બધાય રોબડશંકર ! રૂપિયા તો ખર્ચે પણ એમાં અડધા બગાડ્યા હોય ! ક્યાંથી આવડે ?’...આમ ગામ આખાને રોબડ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

બનાવે છે ! શું છે આ ? પાપની ગાંઠ, અહંત્વ, ગુમાન, જાણે દુનિયાનું ડહાપણ એકલા પોતાને ત્યાંજ જમા થયું છે ! પછી એમ એમ થાય કે 'ઉપાશ્રયે શું જાય ? ત્યાં ફરસી સારી નહિ, સાંભળવાનું તે નીરસ, બધા જાણે ત્યાં સુસ્ત એદી ભેગા થયા હોય...' આપણા બંગલામાં તો અપટુડેટ ફરસી-ફરનીચર, સુંદર રેડિયોનાં શ્રવણ કુટુંબીઓ ઉલ્લાસી...' આવું આવું મનને થાય ત્યાં પછી બંગલા છોડી ઉપાશ્રયે જવું શેનું ગમે ? રેડિયો મૂકી વ્યાખ્યાન સાંભળવાનું કે સત્સંગ કરવાનું ક્યાંથી રુચે ? ધર્માત્માઓને સુસ્ત માની આશાતના કરવાના પાપથી શે બચે ? **મિથ્યાત્વના આ ચાળા છે; અહંત્વના આ નાટક છે; પાપના એ પાકાં સમર્થન છે !**

અહંત્વ એ ભયંકર દુર્ગણ છે, નબળાઈ છે, આત્માને એ દુર્ગુણ એવો નિર્બળ બનાવી દે છે કે ભૂલ ન કરવાનું તો શું, પણ ભૂલને ભૂલ તરીકે માનવાનું પણ સત્ત્વ નથી રહેવા દેતો.અહંત્વ-દુર્ગુણના યોગે ભૂલની ગાંઠ વાળવાનું બને છે. અહંત્વ ન હોત, તો તો એમ વિચારત કે 'મહાજ્ઞાનીઓ આગળ હું કોણ માત્ર ? એ મહાદયાળુ ભગવાને જે આત્મકલ્યાણનાં સાધન બતાવ્યાં, જેમાં ખરેખર સુજ્ઞતા અને વીરતા બતાવી, એનાં તો મારે ગૌરવ કરવાનાં હોય, એના પ્રત્યે અરુચિ કે સુગ નહિ ! કલ્યાણ સાધનો પ્રત્યે અરુચિ કે સુગ થાય છે એ મારી વિષયતૃષ્ણા અને વિષયલંપટતાને લીધે છે. પણ અહીં માનવભવમાં વિશિષ્ટબુદ્ધિનાં યોગ વખતે એને નહિ હટાવું તો પછી હલકા અને બુદ્ધિહીન અવતારે શું કરી શકવાનો ? માનવભવે બુદ્ધિ છે છતાં કલ્યાણ પ્રત્યેની અરુચિ નહિ હટાવાય, ભૂલ નહિ ભૂંસાય, પાપની ગાંઠ નહિ છોડાય, તો પછી પશુભવે બુદ્ધિના અભાવે એ શું કરી શકવાનો ?...'

અહંત્વની જડતા ઓછી કરી નમ્રતાનાં ચૈતન્ય વિકસાવવાની જરૂર છે; જ્ઞાનીઓ પ્રત્યેના હૈયાના ઢાળ કેળવવાનું પહેલા નંબરે જરૂરી છે. એ આવે એટલે મન નક્કી કરે કે 'બસ, જ્ઞાની ભગવંતોએ જ્યાં કલ્યાણ કહ્યું છે એ જ આવકારવા જેવું; ને જેને પાપસ્થાનક કહ્યું છે એનાથી ડરતા રહેવાનું;' પછી ભૂલની ગાંઠ નહિ વળે.





## (૫૫) આસુરી અને દૈવી વૃત્તિઓ : અહીં ક્યો સોનેરી અવસર ?

આજે માણસને પૈસા જ પૈસા, યા એકલું સુખ જ સુખ મળતું હોય તો ધર્મ કરવાની ઈચ્છા નથી થતી. ધનપ્રાપ્તિ-સુખપ્રાપ્તિની વૃત્તિ એટલી બધી સતેજ રહે છે કે જો એને લાગે કે શંખેશ્વરજી પાર્શ્વનાથ યા પદ્માવતી, ચક્રેશ્વરી વગેરેને પૂજવાથી ધન યા સુખ મળે છે તો એ માટે એ પણ કરે છે. અરે ! ઘંટાકર્ણ, સાંઈબાબા, ભેરુજી કે એવા કોઈને ભજવાથી ધન યા સુખ મળવાનું લાગતુ હોય, તો એ ય કરવા તૈયાર રહે છે. મૂળમાં ધન યા સુખની કામના એષણા-આસક્તિ એટલી બધી જોરદાર રહે છે કે એની ખાતર જીવ બધું કરવા તૈયાર છે, તેમ એ કામના એટલી બધી પૂર્ણ હૃદયવ્યાપી રહે છે કે એ હૃદયમાં કોઈ સુકૃત-સદ્ગુણ-સદ્વૃત્તિ કમાઈ લેવાની કામનાને જગા જ નથી, એવી કામના હૃદયમાં ઊઠતી જ નથી.

મનની આવી એકાંત ધનૈષણા સુખૈષણાની વૃત્તિ એ આસુરી વૃત્તિ છે; કેમકે એમાં પછી અસુર-રાક્ષસ-પિશાચના જેવા દુષ્ટ ભાવો પેદા થાય છે. ત્યાં સુકૃત-સદ્ગુણ-સદ્વૃત્તિ કમાઈ લેવાની દૈવી વૃત્તિને પેલી આસુરી વૃત્તિ આવવા જ દેતી નથી.

જીવને ભાન નથી કે 'આ ઉત્તમ મનુષ્યભવ એ અનાદિ અનંત કાળથી ચાલી આવતી, અને જીવને ચોરાશી લાખ યોનિઓમાં ભટકાવ્યા કરતી આસુરી વૃત્તિને હવે પોષવાનું બંધ કરીને દૈવી વૃત્તિ કેળવ્યે જવાનો સોનેરી અવસર છે. એ અવસર નહિ સાધી લઉં તો પછી આગળ કોણ જાણે કેવો ય જનમ મળે, અને આસુરી વૃત્તિમાં સારો ઉત્તમ જનમ શાનો મળવાનો ? તો હલકો અવતાર મળ્યે, ત્યાં દૈવી વૃત્તિનું સ્વપ્નું ય શાનું જોવા મળશે ? માટે જો અહીં આ સોનેરી અવસર મળ્યો છે, તો હૃદયમાં દૈવી વૃત્તિ કેળવવા મથું, મન મારીને પણ પ્રયત્ન કરું'

ડાહ્યો વિદ્યાર્થી વિદ્યાર્થિ-જીવનમાં રમતગમત મૂકી વિદ્યા કમાઈ લેવાનો સોનેરી અવસર જુએ છે. બજારના ટાઈમે ડાહ્યો વેપારી વાતોચીતો, વિલાસ કે મોજનું હરવા-ફરવાનું મૂકી ધંધો કરી લેવાનો સોનેરી અવસર જુએ છે. બાઈ રસોઈના ટાઈમે આરામી ટહેલટપ્પાં ને ફરવાની સહેલ મૂકી દઈ રસોઈ કરી લેવાનો



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

સોનેરી અવસર જુએ છે...આ બધા એ અવસર જોઈ તેનો તેનો પુરુષાર્થ કરવામાં લાગ્યા રહે છે, તો જ એ ઈષ્ટવસ્તુ પામે છે. બસ, એજ રીતે આ ટૂંકાશા માનવજીવનમાં દૈવી વૃત્તિ પળે પળે કેળવતા રહેવાનો સોનેરી અવસર પામી કેમ એનો પુરુષાર્થ મૂકી આસુરી વૃત્તિ મહલાવ્યા કરાય ?

સવારથી ઊઠ્યા ત્યારથી 'ખાઉં,' 'સારું ભેગુ કરું' 'સારું સારું ભોગવું, 'પાવરફૂલ તરીકે રહી બીજાને દબડાવું, દબડાવીને દબાયેલા રાખું...' આવી બધી મનોવૃત્તિ એ આસુરી વૃત્તિ છે. જનાવરનેય એ આવડે છે. કાગડા-કુતરા ય 'ખાઉં' કરે છે; એક કીડીય 'ભેગું કરું' એવી લેશ્યા રાખે છે; ગધેડો 'ગમતું મળે એ ભોગવી લઉં' કરે છે; જંગલના સિંહ-વાઘ નાના પ્રાણીઓને દબડાવવાનું કરતા હોય છે. માણસ પણ જો આવું આવું જ કરે તો એમાં એણે એ પશુજીવન કરતાં શી વિશેષતા કરી ? **ઊંચા માનવભવમાં તો ઊંચુ હૃદય અને ઊંચી કરણી જોઈએ.** ઊચ્ચ હૃદય માટે એમાં દૈવી વૃત્તિઓ રમતી રહેવી જોઈએ, આસુરી વૃત્તિઓના નિગ્રહ જોઈએ.

'હું તપ કરું, મારે આ વ્રત-નિયમ; પ્રભુને ભજું, પ્રભુનું નામ રટું; પ્રભુના કલ્યાણ આદેશોને પાળું; સારી સારી મૈત્રી-કરુણા વગેરે ભાવનાઓ ભાવું....' આ બધી દૈવી વૃત્તિઓ છે. એમ અવસરે ક્ષમા-મૃદુતા-સરળતા-નિસ્પૃહતા, ગંભીરતા-સહિષ્ણુતા-ઉદારતા, કૃતજ્ઞતા-દયા-પરોપકાર'.... વગેરે દાખવવાની વૃત્તિ એ દૈવી વૃત્તિ છે. પરમાત્મ ભક્તિ સાધુસેવા, બીજાઓ પ્રત્યે કલ્યાણમિત્રતા, સહાનુભૂતિ,... વગેરે દૈવી વૃત્તિઓ છે. એ ત્યાગ-તપ-સંયમ-વ્રતનિયમ વગેરેનો પુરુષાર્થ કરાય એ દૈવી વૃત્તિ છે.

આ ઉત્તમ જીવનમાં દૈવીવૃત્તિનો સોનેરી અવસર છે. ધ્યાન રાખવા જેવું છે કે જગતના સંયોગો તો આપણા કર્માનુસાર મળવાના છે. પણ 'મારે સંયોગ આવા પ્રતિકૂલ છે, શી રીતે દૈવીવૃત્તિ રાખું,' એમ રોદણાં રોયે કાંઈ સરવાનું નથીઃ જીવને સમજાવી લેવો જોઈએ કે "તારાં કર્મે સંયોગો આવા પ્રતિકૂળ તો, માન કે જીવનભર ચાલવાના છે, તો પછી શું ક્રોધ-ધમધમાટ-અભિમાન, 'ખાઉં' 'ભેગું કરું' 'ભોગવું' વગેરે આસુરી વૃત્તિઓ જ જીવનભર પોષ્યા કરીશ ? એ પાલવશે તને ? પરલોકમાં એના દારુણભવ અને દારુણ પુનરાવર્તનનો કાંઈ ખ્યાલ છે ? સાધુ જરા ક્રોધની આસુરી વૃત્તિમાં પડ્યો તો ઠેઠ ચંડકોશિયો સાપ બનવા સુધી કેવા દારુણ ભવ ને કેવા ક્રોધના દારુણ પુનરાવર્તન સુધી પહોચ્યોં ?

સારાંશ, આસુરી વૃત્તિઓને કચડી દૈવી વૃત્તિઓ કેળવવાના અહીં મળેલા મોંઘેરા અવસરને દૈવી વૃત્તિઓ કેળવીને, લેખે લગાડતા રહેવું જોઈએ.





## (૫૬) પદ્માવતીદેવીએ પ્રતિમા કેમ આપી ?

શ્રીકૃષ્ણ વાસુદેવના સૈન્ય પર જરાસંઘે 'જરા' વિદ્યાનો પ્રયોગ કરી સેનાને મૂર્છિત કરી દીધી. હવે જો જરાસંઘની સેના એના પર તૂટી પડે, તો બધાનાં માથા જ લણી નાખે. કૃષ્ણ-બળદેવજીને વિમાસણ થઈ કે 'હવે શું કરવું ?' ત્યાં શ્રી નેમિકુમાર (નેમનાથ ભગવાન) નો આશરો લીધો;' ઉપાય બતાવો શું કરવું ?'

શ્રી નેમિકુમાર કહે છે, 'અઠ્ઠમ કરી પાતાળમાંથી શ્રી પદ્માવતીદેવી પાસેથી શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા મેળવ, એનાં સ્નાત્રજળને સેના પર છાંટવાથી જરાવિદ્યા હટી જશે. ત્રણ દિવસ સેનાની રક્ષા હું કરીશ'

કૃષ્ણજીએ અઠ્ઠમ કરી ધ્યાન કર્યું, પદ્માવતી હાજર થઈ કામ પૂછે છે. ત્યારે કૃષ્ણજીએ હકીકત કહી અસંખ્ય વર્ષોથી પૂજાતી હાલ એની પાસેની શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમા માગી. પદ્માવતીદેવીને આરાધ્ય તરીકે એ પ્રતિમા પ્રાણ જેવી હતી, છતાં એણે પ્રતિમા લાવીને આપી. એના સ્નાત્રજળથી જરાવિદ્યા ભાગી, સેના ટટાર થઈ ઊભી થઈ ગઈ. આ પ્રતિમા તે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ.

અહીં સવાલ એ થાય છે કે કામ તો જરાવિદ્યા હટાવવાનું હતું; ને તે તો પદ્માવતી દેવી પોતે જ હટાવી શકતે. પછી પ્રાણપ્યારી પ્રતિમાં શું કામ આપી દીધી ?

કહો, 'નેમિનાથ ભગવાનનું વચન હતું માટે પ્રતિમા આપી;' તો ય વાત એ છે કે ભગવાનના કહેવાનો ઉદ્દેશ તો જરાવિદ્યા હટાવવા પૂરતો હતો, તે દેવીએ પોતે જ હટાવીને ઉદ્દેશ સિદ્ધ કરી આપ્યો હોત, અને પ્રભુને એ પૂર્વે કહી શકત કે 'નાથ ! આ જરા હટાવવાનો લાભ આ આપની સેવિકાને જ લેવા દેવા કૃપા કરો.' તો શું પ્રભુ ના પાડત ? એટલે સવાલ આ છે કે દેવીએ અતિપ્રિય પ્રતિમા કેમ આપી ? જાતે જરાને હટાવી કામ પતાવી આપત ને ?

આનો જવાબ આ છે,-જરા હટાવવાનો જશ એને નહોતો લેવો, પણ શ્રી પાર્શ્વનાથ પ્રભુને અપાવવો હતો. જગતમાં પ્રભુનો મહિમા પ્રસરે, પ્રભુનો અચિંત્ય પ્રભાવ ગવાય, એ એને ખૂબ ગમતી વાત હતી, અચિંત્ય પ્રભાવ આ, કે 'પ્રભુની મૂર્તિને અડવા માત્રથી સ્નાત્રજળમાં એવું તે પ્રભુનું શું વૈશિષ્ટ્ય આવ્યું કે હવે એ જળના સ્પર્શમાત્રથી મહારાક્ષસી મહાબળવાન જરાવિદ્યા હટી જાય ?' એમ જો પ્રશ્ન થાય તો ત્યાં કહેવું પડે કે પ્રભુનું એ વૈશિષ્ટ્ય અચિંત્ય છે, એનું સ્વરૂપ-



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

કાર્યવાહી વગેરે આપણે ચિંતવી ન શકીએ કે એ કેવુંક હશે ? 'અચિંત્ય'નો અર્થ જ એ કે જે કલ્પનામાં ન આવે એવું.

પ્રભુની પ્રત્યે પદ્માવતીને આ ભાવ હતો કે **'મહિમા પ્રભુનો ગવાય; મારો નહિ;** જશ પ્રભુને મળે એજ મારો ખરેખર જશ છે.' વડિલો માટે પૂજ્યો માટે આ ભાવ ન હોવાથી એમને પડતા મૂકી જશ પોતાને લેવાનું મન થાય છે. પરંતુ માણસની વડાઈ ઉત્તમતા આ છે કે ભોગ પોતે આપીને પણ જશ પૂજ્યને અપાવે. આપણે ઉત્તમ બનવું હોય તો આજ ઉપાય લેવા જેવો છે. ૨૫૦ રૂા. ની આંગી રચાવી બોર્ડ પર લખાવવાનું મન થતું હોય તો આમ લખાવાય કે 'પ્રભુનો કેટલો અજબ પ્રભાવ કે એક ધનપ્રેમીના હાથે આજની આંગીના પૈસા છૂટ્યા !' પણ ના, પ્રભાવ પોતાનો દેખાડવો છે કે 'મેં આંગી રચાવી,' એટલે આ શેનું બને ? પોતાને બદલે પ્રભુને જશ શી રીતે આપે ? ધર્મ કરવા છતાં દેવ-ગુરુ-માતાપિતાનો પ્રભાવ ન માની એમને જશ ન આપી પોતાનો જ પ્રભાવ સમજી પોતે જ જશ ખાટી જીવન ધૂળ કરાય છે.

પ્ર.- ઠીક છે, પદ્માવતીએ પ્રતિમા આપી પ્રભુનો પ્રભાવ-જશ ફેલાવ્યો, પણ પછી એ પ્રતિમા પાછી કેમ ન ઉઠાવી ગઈ ?

ઉ.- એને પ્રભુ પર આ મમત્વ હતું કે 'મારા પ્રભુ જગતમાં મૂકાઈને એમની પૂજા થતી હોય તો ભલે થાઓ' પણ એ મમત્વ નહિ કે 'પ્રતિમા મારી પાસે જ રહે' તેથી જ્યાં કૃષ્ણજીએ વિનંતિ કરી કે 'મહાદેવી ! હવે ભગવાનને અહીં જ રહેવા દો, તો અમને સૌને દર્શન-પૂજન આદિનો મહાલાભ મળે ત્યારે દેવીએ જોયું કે 'અહો ! મારા પ્રભુને જગત પૂજવા તૈયાર થાય છે, તો એમાં પ્રભુની શોભા વધે છે. મારું સાચું સેવકપણું એ કે હું સ્વામીના માન-સન્માન વધવામાં અનૂકૂળ થાઉં. નહિતર તો એ લોપીને મારી પાસે જ પ્રભુને રાખી મુકવા, એ તો પ્રભુની હું સ્વામિની બનવાની ધિટ્ઠાઈભરી મૂર્ખતા થાય' તેથી એણે પ્રતિમા પાછી ન લઈ જતાં અહીં જ રાખી.

આ ઉપરથી શીખવા મળે છે કે પોતાના દેરાસરમાંથી કોઈ પ્રતિમા બહાર સારાં સ્થાને જઈ બહુ લોકોથી પૂજાય એમ હોય, યા મૂળનાયક બનતા હોય, તો પ્રભુના સાચા સેવક બની બહારવાળાને પ્રતિમા દેવી જોઈએ. ન દેવામાં તો પ્રભુને પોતે કબ્જે રાખી પ્રભુનો સ્વામી બનવા જેવું થાય ! વિચારવું જોઈએ કે પોતાને ત્યાં કેટલા માણસ કેવાં સન્માનથી પ્રભુને પૂજે છે ? ત્યારે બહાર આપવામાં ત્યાં કેટલા માણસ પૂજે ? અને કેવા ઊંચા હર્ષોલ્લાસ અને સન્માનથી પૂજનારા બને ?



પ્રતિમાનો તો એક દાખલો છે. બાકી આ વિચાર શાસ્ત્રગ્રંથો વગેરે આરાધ્ય વસ્તુઓ તથા પૂજ્યો અંગે પણ લાગુ પડે. વસ્તુ પર પોતાનો કબ્જો અને પોતાનું સ્વામિત્વ જેવું ખોટું મમત્વ રાખવા કરતાં જગત એને પૂજે-આરાધે એ સાચી દૃષ્ટિ રાખવા જેવી છે, એમ કરવામાં સાચું મમત્વ છે, સાચું સેવકપણું છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૧,અંક-૧૯,તા.૨૭-૧-૧૯૭૩

## (૫૭) ગૌતમસ્વામીએ 'તત્ત્વ'નો પ્રશ્ન કેમ પૂછ્યો ?

ભગવાન શ્રી મહાવીરસ્વામી ઋજુવાલુકા નદીના તીરે-કેવળજ્ઞાન પામ્યા પછી પાવાપુરીમાં પધાર્યા; દેવોએ સમવસરણ માંડ્યુ; પ્રભુ એના પર બિરાજી ધર્મોપદેશ દે છે; એથી સર્વજ્ઞ તરીકે એમની ખ્યાતિ પ્રસરી. અહીં નગરીમાં સોમિલ બ્રાહ્મણને ત્યાં ૧૦ પંડિત બ્રાહ્મણો સાથે યજ્ઞવિધિ કરનાર મુખ્ય ઈન્દ્રભૂતિ ગૌતમ સર્વજ્ઞતાના મિથ્યાભિમાનથી સર્વજ્ઞ શ્રી મહાવીરપરમાત્માને વાદ કરી જીતી લેવા આવ્યા. પરંતુ એ અભિમાન,પ્રભુએ એમના દિલનો ગુપ્ત રાખેલ સંશય પ્રગટ કરી, ઓગાળી નાખ્યું બાદ પ્રભુએ ચર્ચા કરી સંશયને નિવાર્યો તેથી એમણે દીક્ષા લીધી. પછી દસે બ્રાહ્મણ આવ્યા અને પ્રભુએ ચર્ચા કરી એમનાય સંશય ફેડ્યા. દસેએ પણ દીક્ષા લીધી હવે ગૌતમસ્વામીજી મહારાજ પ્રભુને પ્રશ્ન પૂછે છે,- ભગવન્ ! તત્ત્વ શું ?'

અહીં સવાલ આ થાય છે કે આ પ્રશ્ન પૂછવાનું શું કારણ ? કેમકે ચર્ચામાં આત્મા-કર્મ-પંચભૂત-પુણ્ય-પાપ-સ્વર્ગ-નરક-પરલોક-બંધ-મોક્ષ વગેરેના સંશય ફેડાવામાં તત્ત્વની તો સચોટ વિચારણા આવી ગયેલી તેમજ દીક્ષા આપતાં પ્રભુએ મુનિપણા અંગે પણ માર્ગ-તત્ત્વ સારી રીતે સમજાવ્યું હશે. તો હવે એમને મન શું તત્ત્વ બાકી રહ્યું તે પૂછે છે, કે 'ભગવન ! તત્ત્વ શું છે ? આવો હવે તત્ત્વનો સવાલ કેમ ?

આના જવાબમાં આ સમજવાનું છે કે માણસ તે તે અવસ્થાને યોગ્ય અમુક જ તત્ત્વ સમજવાનો અધિકારી હોય છે. દા.ત. અશોક-અકબર-બાબરના ઈતિહાસ સમજવા ચોથી ચોપડીનો વિદ્યાર્થી માત્ર એની કથા જાણવાનો અધિકારી મનાય છે. પણ એની પોલિટિક્સ સાથે એનાં જીવન-જાણવાનો અને બી.એ.નો વિદ્યાર્થી એની વિસ્તૃત-પોલિટિક્સ વગેરે જાણવાનો અધિકારી મનાય છે માટે જ તે તે ક્લાસમાં એને એટલું એટલું જ ભણાવાય છે. તેમજ એ પણ વસ્તુ છે કે મેટ્રિકમાં ગયેલો



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

સારો વિદ્યાર્થી અશોક વગેરેનો ઈતિહાસ ભણવાનો આવે ત્યારે, એમ નથી કહેતો કે 'હું તો આ ભણી ગયો છું;' એમ.બી.એ. વાળોય નથી કહેતો. કેમકે એ સમજે છે કે હવે મારી સમજ-અવસ્થા વધી હું ઊંચા કલાસમાં આવ્યો છું તેથી પૂર્વે ભણેલા વિષયની વિશેષતા મારે જાણવી જોઈએ. પૂર્વે તત્ત્વ સમજ્યો એ સ્થૂલ; ત્યારે હવે અહીં સમજવું જરૂરી છે એ સૂક્ષ્મતત્વ છે, રહસ્ય છે; ભાવ સમજવાનો છે.

બસ, આજ પ્રમાણે માર્ગાનુસારી જીવ સમ્યગ્દષ્ટિ જીવ, દેશવિરતિ શ્રાવક, અને સર્વવિરતિ સાધુ એ ઉપરની કક્ષામાં છે; તેથી એ દરેક કક્ષામાં પોતપોતાના અધિકાર પ્રમાણેના રહસ્ય-પરમાર્થ જાણવા જરૂરી છે. તેથી માર્ગાનુસારી ભૂમિકામાંથી સમ્યકત્વની ભૂમિકામાં આવેલો એમ ન માને કે હું તત્ત્વ જાણી ગયો છું.' એને તો લાગે કે અહીંને યોગ્ય તત્ત્વ જુદાં ને તે હવે જ જાણવા મળશે' માટે એ ગુરુને પૂછે કે 'ભગવન્ તત્ત્વ શું ? એમ ચારિત્રની ભૂમિકાએ ચડેલો એમાંજ પામવા યોગ્ય તત્ત્વ પૂછે.

બસ, આજ પ્રમાણે માર્ગાનુસારી જીવ સમ્યગ્દષ્ટિ, દેશવિરતિ શ્રાવક, અને સર્વવિરતિ સાધુ એ ઉપર ઉપરની કક્ષામાં છે; તેથી એ દરેક કક્ષામાં પોતપોતાના અધિકાર પ્રમાણેના રહસ્ય-પરમાર્થ જાણવા જરૂરી છે. તેથી માર્ગાનુસારી ભૂમિકામાંથી સમ્યકત્વની ભૂમિકામાં આવેલો એમ ન માને કે હું તત્ત્વ જાણી ગયો છું' એને તો લાગે કે 'અહીંને યોગ્ય તત્ત્વ જુદા ને તે હવે જ જાણવા મળશે.' માટે એ ગુરુને પૂછે કે 'ભગવન્ તત્ત્વ શું ? એમ ચારિત્રની ભૂમિકાએ ચડેલો એમાંજ પામવા યોગ્ય તત્ત્વ પૂછે.

બસ, આમ શ્રી ગૌતમસ્વામીમહારાજ આદિ ગણધરો સમજે છે કે પહેલા સંસારી અવસ્થામાં પોતે માર્ગાનુસારીની ભૂમિકામાં હતાં. એ વખતે પોતે એને યોગ્ય પામવાના તત્ત્વનાં અધિકારી હતાં. તે પ્રભુ પાસેથી ક્રમસર મળતા ગયા. પ્રભુએ એમની મિથ્યાત્વના ઘરની અસત્ તત્ત્વોની શ્રદ્ધા ઉઠાડી સત્ આત્માદિ તત્ત્વોનો ખ્યાલ અને શ્રદ્ધા આપી. ત્યારે એમણે એ ભૂમિકાને યોગ્ય જીવાદિ તત્ત્વ જાણ્યા સદ્દહ્યાં એટલે કહેવાય કે, અધિકાર વધ્યો; કેમકે ભૂમિકા ઊંચી થઈ. હવે એને યોગ્ય પામવાનાં તત્ત્વની જિજ્ઞાસા થઈ. પ્રભુએ વિરતિમાર્ગના તત્ત્વ બતાવ્યાં એટલે એને સ્વીકારી સાધુદીક્ષા લીધી. ત્યાં પણ હવે ભૂમિકા ઊંચી થઈ, અધિકાર વધ્યો, તેથી હવે એમાં પામવા યોગ્ય અંગે સહેજે હવે પૂછે કે તત્ત્વ શું ?

આમાંથી એ તારવણી નીકળે છે કે,-



(૧) ધર્મ કે મોભાની દૃષ્ટિએ અધિકાર વધે, હોદ્દો એ પ્રમાણે એમાં પામવા યોગ્ય તત્ત્વની ભારે જિજ્ઞાસા રહેવી જોઈએ.

(૨) જિજ્ઞાસા રહેવા સાથે તત્ત્વજ્ઞ અધિકારી પુરુષના સંપર્ક રાખી એમની એ તત્ત્વ માટે સલાહ-સૂચના લેતા રહેવું જોઈએ.

(૩) પોતાના અધિકાર બહારની વાતોમાં ન પડવું જોઈએ; અનધિકૃત ચેષ્ટા ન જોઈએ.

જીવન-ઉન્નતિના આ મહાન ઉપાયો છે. અધિકાર-હોદ્દા પ્રમાણે પામવા યોગ્ય તત્ત્વની જિજ્ઞાસા જ જો નથી હોતી, તો જીવન ઉન્નત બનવાને બદલે નીચું ઊતરતું જાય છે; કેમકે એ હોદ્દામાં નિરાંત વળવાથી અભિમાન આવે છે, ને અભિમાન અનેક દોષો લાવે છે. ત્યારે અધિકાર બહારની વાતમાં પડવાથી, જેટલો અધિકાર પાસે છે એને યોગ્ય સારું કરવાનું રહી જાય છે, ઊલટું અનધિકૃત ચેષ્ટામાં વળવાનું કાંઈ નહિ, ને મન આર્તધ્યાન અને કષાયોથી બગાડવાનું થાય છે.

દા.ત. વિદ્યાર્થી જીવનમાં અધિકાર બહારની રાજનૈતિક બાબતોમાં પડવા જતાં આજ વિદ્યાર્થીઓના જીવન કેવા બન્યાં છે એ નજરે દેખાય છે. એવું આજે બીજા ક્ષેત્રોમાં પણ બની રહ્યું છે. ત્યારે તત્ત્વ જિજ્ઞાસા વિના ધર્મી જીવન પણ લગભગ બાહ્ય ધર્મનો સંતોષ મનાવી આંતર ધર્મપરિણતિ અને ગુણસંપતિથી વંચિત રાખે છે. તો શું એ વિના જીવને પરલોક માટે કશું સદ્ધર સંગીન સાથે લઈ જવાનું રહેશે ?

સારાંશ, જીવનમાં ઉત્તરોત્તર ઉન્નતિ માટે ઉપરોક્ત ત્રણ ઉપાય ખાસ આદરવા જેવા છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૧,અંક-૨૦,તા.૩-૨-૧૯૭૧

## (૫૮) સીતાજીએ હીરાની ખાણથી દુઃખને દુઃખ ન ગણ્યાં

આપણે જરાક આપત્તિમાં ઉદ્વેગ કરીએ છીએ. અકળાઈ જઈએ છીએ, મહા કિંમતી માનવમન બગાડીએ છીએ. ત્યારે સીતાજીને રામ સાથે વનવાસ સેવવો પડ્યો, રાવણને ત્યાં કેદ પૂરાવું પડ્યું, ને પ્યારા રામનો ય વિયોગ થયો, રાવણની ધમકીઓ આવી. ત્યાંથી છૂટકારો મળતાં અયોધ્યા પાછા જઈ મહારાણી તરીકે ઠરીઠામ બેસવાનું મળ્યું ત્યારે પણ રામચંદ્રજી દ્વારા વનવગડામાં એકલાઅટુલા ધકેલાઈ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

જવું પડ્યું... કેટલા ભારે દુઃખ ! છતાં આ બધા મોટાં દુઃખોમાંય એમણે મનને દુઃખ ન લગાડ્યું, ઉદ્વેગ કલ્પાંત ન કર્યા; એની પાછળ શું રહસ્ય છે ? આ સમજવા એક દાખલો બસ છે.

શહેરની વચ્ચે રહેતાં ક્યારેક પવનની આંધી ચડી ધૂળ જ ધૂળ જોરથી ઊડી આવે છે ત્યારે મન અકળાઈ જાય છે. જો કોક વારમાં આવું, તો શહેરને બદલે વનવગડામાં વચ્ચે મકાન બાંધી રહેવું પડ્યું હોય ત્યાં તો વારંવારના વાવંટોળ ને પવનની આંધીથી કેટલી અકળામણ થાય ? આમ છતાં, માને કે ત્યાં વનમાં રહેતા પાસે જ હીરાની ખાણ હોય, અને એમાંથી હીરા-માણેક ખોદી કાઢવા મળતા હોય તો પેલા વાવંટોળથી બહુ દુઃખ શું ?' સીતાજીને આમ હીરાની ખાણ મળ્યાથી દુઃખ દુઃખરૂપ નહોતું લાગતું.

(૧) માનવકાયારૂપી હીરાની ખાણમાં હીરામાણેક શું ? આ જીવદયા, અહિંસા, પરોપકાર, જિનભક્તિ, સાધુસેવા, વ્રતનિયમ-તપસ્યા વગેરે એ હીરામાણેક છે. (૨) માનવવાણીમાં અરિહંત પરમાત્માના નામની રટણા, એમનાં સ્તોત્ર-ગુણગાન, સત્ય અને સ્વપરહિતકારી વચન તથા શાસ્ત્રસ્વાધ્યાય એ હીરામાણેક છે. (૩) માનવમનમાં સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ, દુઃખી અને પાપી પ્રત્યે નીતરતો કરુણા ભાવ, ગુણાધિક પ્રત્યે ઈર્ષ્યા નહિ પણ પ્રમોદભાવ, પરદોષ પ્રત્યે ઉદાસીનભાવ, મધ્યસ્થભાવ, વિષયો પ્રત્યે વૈરાગ્યભાવ, ધર્મનો અનહદ રંગ, અથાગ ને અનન્ય દેવ-ગુરુ-પ્રીતિ-બહુમાન, શુભ વિચારો-ચિંતન-અધ્યવસાય... એ બધું હીરા-માણેક છે. માનવ ઈન્દ્રિયોમાં ચક્ષુથી દેવદર્શન, સાધુદર્શન, તીર્થદર્શન, શાસ્ત્રવાંચન, જીવદયાર્થે નિરીક્ષણાદિ, કાનથી જિનવાણી-શ્રવણ-,પરગુણશ્રવણ, સ્વદોષશ્રવણ, જીભથી રુક્ષ નિઃસ્વાદ ભોજન, સ્પર્શનેન્દ્રિયથી કર્કશ સ્પર્શ, ગુરુચરણ-સ્પર્શ, વગેરે વગેરે હીરામાણેક છે.

સીતાજીએ આપત્તિ પ્રસંગે પાસે રહેલ માનવકાયા-વાણી-મન-ઈન્દ્રિયોરૂપી હીરાની ખાણમાંથી યથાશક્ય આવાં હીરામાણેક કાઢી લેવાનું રાખેલું, અને એના પર એ મસ્ત હતા, તેથી પછી એ દુઃખના વાવંટોળમાં શું કામ અકળાય ? શું કામ દુઃખ લગાડે ? છેવટની વનવગડામાં ધકેલાઈ જવાની આપત્તિમાં એમણે મનથી મહાવૈરાગ્ય અને અરિહંતશરણના તથા કાયા-વાણી-ઈન્દ્રિયોથી ચારિત્રસાધના-તપસાધના ને શાસ્ત્રસ્વાધ્યાયના વિચાર કરી રાખ્યાં હશે તેમજ અગ્નિપ્રવેશનું દિવ્ય કરતાં એના નિર્ધાર કરી લીધા હશે, એટલે દિવ્ય પછી તરત જ માનવકાયા-વાણી-મન-ઈન્દ્રિયોરૂપી હીરાની ખાણમાંથી એ હીરા-માણેક શ્રેષ્ઠ કોટિના કાઢી લેવા માટે એ સંસાર ત્યજી ચારિત્રપંથે ચાલી નીકળ્યા.



વિચારવા જેવું છે કે પહેલા તો સંસાર-વનવગડામાં માનવભવે જે કિંમતી કાયા-ઈન્દ્રિયો-વાણી-મન મળેલાં છે એ હીરાની ખાણ સમા લાગે છે ? એમાંથી પ્રવૃત્તિ-ધર્મવાણી-ધર્મવિચારો એ હીરા-માણેક જેવા લાગે છે ? તેમજ એના બદલે પાપ-પ્રમાદ બાહ્યભાવના વિચાર-વાણી-વર્તાવ એ માથું ભાંગે એવા પથરા અને મેલાદાટ કરે એવી ધૂળ સમાન છે એવું લાગે છે ? હીરાની ખાણમાંથી ધૂળ અને પથરા પણ ખોદી કાઢવા હોય તો ખોદી લઈ શકાય; પણ હીરાની ખાણમાંથી એ લઈ ચાલવું એ કેટલી મોટી મૂર્ખાઈ ?

માનવકાયાથી પ્રભાતે ગાદલામાં ઊંધ્યા કરવું એ ધૂળ-પથરા કમાવાનું છે, અને સામાયિક-પ્રતિક્રમણ એ હીરા માણેક છે, એવું લાગે છે ? મજેના ખાનપાન લેવા અને વિષયરંગ ખેલવા એ ધૂળપથરા; ત્યારે ત્યાગ-તપસ્યા-સંયમ-પ્રભુભક્તિ વગેરે એ હીરામાણેક, એવું લાગે છે ? પાપની વાણી, નકામી વાતોચીતો, કામ-કષાયના બોલ, એ બધું ધૂળ પથરા, ને પ્રભુનું નામ-રટણ, સ્તોત્ર શાસ્ત્રરટણ, એ હીરા માણેક લાગે ? મનમાં વિષય-કષાયના વિચારો, વૈર, વિરોધ, ઈર્ષ્યા વગેરે એ ધૂળપથ્થર; અને વૈરાગ્ય, મૈત્રી આદિભાવ, જિનાજ્ઞારુચિ વિરતિભાવ વગેરે એ હીરામાણેક...આવું બધું લાગે છે ? હજી તો આ માત્ર લાગવાની વાત છે, આચરવાની તો પછી; પણ મૂળમાં; જો લાગવાનું જ ન હોય, તો પછી માનવ મન-વચન-કાયાથી ધૂળ-પથરા મૂકી હીરામાણેક કાઢી લેવાનું તો શેનું જ થાય ?

તેમજ જો આ હીરા-માણેકનું ભાન જ ન હોય તો તુચ્છ દુઃખ-આપત્તિમાં પણ ન અકળાવાનું ને એને દુઃખ જ ન માનવાનું ય શે બને ?

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૧,અંક-૨૧,તા.૧૦-૨-૧૯૭૩

## (૫૯) મૃત્યુ પછી સર્વલોપનું રહસ્ય

માણસ આ જન્મમાં સારું ભણ્યો-ગણ્યો; કાયા સારી પાળી પોષી પૈસા સારા કમાયો, છતાં એવું કેમ છે કે અહીં મૃત્યુ થતાં એ બધું અહીં જ રહે છે, અને જીવને બીજા જનમમાં નવેસરથી કાયા રચવી પડે છે ? નવેસરથી ભણવું પડે છે ? નવેસરથી પૈસા કમાવવા પડે છે ? આની પાછળ કુદરતનું શું રહસ્ય છે ? વિચાર્યું છે ? આ રહસ્યનો મનમાં જો વિચાર રાખવામાં આવે, તો આત્માને નમ્રતાદિ અનેક ગુણોની પ્રેરણા મળે એમ છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

અલબત આની પાછળ કારણો છે;- જ્ઞાન આત્માનો ગુણ છતાં અહીંનું આપણું જ્ઞાન સ્ફુરી આવવામાં સહાયક છે આપણાં અહીંના જ્ઞાનતંતુઓ. એ જો અહીં જીવતાં જ બહેર મારી જાય તો જ્ઞાન સ્ફુરતું નથી, તો પછી પરભવે જતાં તો એ સાવ ખોવાઈ ગયા, પછી અહીંનું જ્ઞાન શી રીતે સ્ફુરે ? એમ, અહીંની કાયા અહીંના આયુષ્ય પૂર્ણ થયે આત્મા ચાલી જવાથી પરલોકે સાથે શી રીતે આવે ? ત્યારે પૈસા પણ અહીંનું પુણ્ય પતી ગયે અહીં જ રહે એ સહજ છે. આમ, મૃત્યુ થતાં કારણોની ખામી પડવાથી જ્ઞાન-કાયા-પૈસા વગેરે સર્વનો લોપ થઈ જાય, ને એ પરલોકે સાથે ન ચાલે એ સહજસ્થિતિ છે. આમ છતાં કુદરત કેમ આમ કરે છે એ પ્રશ્ન છે. સર્વલોપની પાછળ રહસ્ય શું છે ?

રહસ્ય પર આ એક વિચાર છે,-જ્ઞાન બીજે જનમ સાથે નથી ચાલતું, અને ત્યાં તદ્દન અજ્ઞાન હોઈ નવેસરથી ભણવાનું શરૂ કરવું પડે છે, એ સૂચવે છે કે 'જીવ! તું અહી ગમે તેટલું ભણવાનું કર, પણ એના પર અભિમાન ન કરીશ કે 'હું આટલો જ્ઞાની, આટલો વિદ્વાન.' કેમકે પરભવે વળી નવેસરથી ભણવું પડવાનું છે. જેના પર અભિમાન કર્યું એ જ્ઞાન જો અંતે લોપાઈ જવાનું હોય તો એ અભિમાન કર્યાનો શો અર્થ રહ્યો ? અહીં એક પ્રશ્ન થાય,-

પ્ર.- તો પછી અહીં જ્ઞાન પણ મેળવવાનો પ્રયત્ન શા માટે ?

ઉ.- અહીં જ્ઞાન પ્રાપ્ત કરવાથી જીવને હેય-ઉપાદેયનું, હિત-અહિતનું, કાર્ય-અકાર્યનું ભાન થવાથી જીવ હેય-અહિત-અકાર્યથી બચી શકે, અને ઉપાદેય-હિત-કાર્યમાં પ્રવૃત્તિ કરવા પ્રેરાય એ લાભ છે. વળી જ્ઞાન પ્રાપ્ત કરવાથી એના સંસ્કાર આત્મામાં એકત્રિત થાય છે; એ પરભવે ઉપયોગી બને છે; એના પર જીવ પરભવે સહેલાઈથી નવું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. તેથી અહીં જ્ઞાનપ્રાપ્તિ તો કરવી જ જોઈએ.

હવે મૃત્યુ થતાં એ લુપ્ત થયે પરભવે ફેર નવસેરથી જ્ઞાનપ્રાપ્તિની મહેનત કરવી પડે છે; એ સૂચવે છે કે જ્ઞાન મળ્યા પર અભિમાન કરવું એ મૂર્ખતા છે.

એમ, નવા જન્મે બાળપણાથી સાવ અજ્ઞાન, એટલે એને માબાપને સમર્પિત રહેવું પડે, એ જેમ ભણાવે તેમ ભણવાનું, એટલે એમના પ્રત્યે વિનય-સેવાદિ ગુણ કેળવાય. જો બાળપણાથી પૂર્વનું ભારે જ્ઞાન શું, પણ થોડીય સમજ સાથે આવી હોત તો અહીં બાળપણે એ એવા વિનયાદિ પાળત ? માબાપ-વિદ્યાગુરુને સમર્પિત રહેત ? એ સાથે નથી આવી માટે તો સમર્પિત રહે છે, વિનય-સેવા બજાવે છે, એ સૂચવે છે કે જ્ઞાન પર અભિમાન કરવા લાયક નથી.



એમ અહીંની કાયા અહીં રહેવાથી પરભવે નવેસરથી કાયાનું નિર્માણ કરવું પડે છે, તે પણ ગર્ભમાં નવ મહિના ઊંધે મસ્તકે રહીને, અને ગંદું ખાઈને, નવેસરથી કાય-નિર્માણ કરવું પડે છે. એ સૂચવે છે કે કાયા પર પણ અભિમાન ન કરો. તેમજ, અહીંની કાયાથી જેટલું સારું થાય એટલું કરી લો; નહિતર આવી સારી કાયા એક દિ' ખોવાઈ તો જવાની જ છે, પણ એનાથી સુકૃત કરવાનાં રહી જશે. શા સારુ સારી કાયા મળી પછી સારા વિચાર-વાણી વર્તાવ કરવાનું ચૂકવું ?

એમ પૂર્વ ભવની કાયા લુપ્ત થઈ જવાથી નવા ભવે ગર્ભમાં નવી કાયા જો નવ નવ મહિના ગંદું ખાઈને ઊભી થાય છે, તો એ સૂચવે છે કે જીવન જીવતાં કાયા જેનાથી ટકે એવા સાદા જ ખોરાક લો; બાકી શા સારુ ટેસ્ટબંધ રસદાર અને માદક ખાનપાનનો મોહ રાખો ?

એમ, કાયા જો લુપ્ત જ થવાની છે, તો પછી એવી નાશવંત કાયાથી તપસ્યાની મહાન સમૃદ્ધિ કમાઈ લેવામાં કસર શા માટે રાખવી ?

ત્યારે, અહીંના પૈસા મૃત્યુ થતાં લુપ્ત થાય છે, ને નવે અવતારે કમાવાની નવી મહેનત ઊભી થાય છે; એ સૂચવે છે કે એદીપણું છોડો, પરિશ્રમ કરો. જો પૈસા અહીંના સાથે જતા હોત તો તો જીવ નવા જનમે એદીનો પાદશાહ થાત. પણ કુદરતે એના પર પ્રતિબંધ મૂકી જીવને પરિશ્રમ કરતો કર્યો. એટલે ધનલોપનું રહસ્ય સમજી બેઠાખાઉ, હરામખાઉ, ને સુખશીલિયા બનવાને બદલે જીવનનિર્વાહનો માત્ર જરૂરી પરિશ્રમ અને ધર્મનો ધરખમ પરિશ્રમ કરવા યોગ્ય છે.

સારાંશ, મૃત્યુ થતાં જીવનું સર્વસ્વલોપ વિચારી તેમજ જનમનાં નવાં મંડાણ કરવા પડતાં જોઈને કુદરતના સંકેત સમજવા જેવા છે, ને જીવનમાં નિરભિમાનિતા, વિનય, સેવા, ધર્મ-પરિશ્રમ, ત્યાગ, તપ વગેરે આદરવા જેવા છે. વિશેષમાં, મૃત્યુ વખતે સર્વલોપ થવા છતાં દુષ્કૃતની પાપમૂડી અને સુકૃતની પુણ્યમૂડીનો લોપ નથી થતો, શુભાશુભ સંસ્કારમૂડીનો લોપ નથી થતો, દા.ત. નવ લાખ રૂપિયાની પણ મૂડી સાથે ન આવે, કિંતુ નવ લાખ નવકારના સુકૃતની મૂડી, સંસ્કારની મૂડી સાથે આવે. એ સૂચવે છે કે દુષ્કૃત છોડો; અને સુકૃત ખૂબ આચરો.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

# (૬૦) શ્રી સિદ્ધગિરિનો અનંત મહિમા

જૈન શાસ્ત્રોમાં તીર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિ શ્રી સિદ્ધગિરિનો ખૂબ મહિમાં ગાવામાં આવ્યો છે. 'ચૌદ ક્ષેત્રમાં તીરથ નહિ એવો.' ૧૪ રાજલોકમય આ વિશ્વમાં મનુષ્યને રહેવાના માત્ર ૨ાા દ્વીપ. એમાંય ધર્મકર્મ મળે અને કર્મક્ષય થાય એવી માત્ર ૧૫ કર્મભૂમિ, અર્થાત્ ૫ ભરતક્ષેત્ર, ૫ ઐરવતક્ષેત્ર અને ૫ મહાવિદેહક્ષેત્રો. એ પંદર કર્મભૂમિક્ષેત્રોમાં આમ તો તીરથ ઘણા; પરંતુ સર્વ તીર્થોમાં શિરોમણી તીર્થાધિરાજ માત્ર એક **શ્રી સિદ્ધગિરિ** તે આપણે રહીએ છીએ એ આ ભરતક્ષેત્રમાં આવેલો છે. આવો તીર્થાધિરાજ બાકીના ૧૪ ક્ષેત્રોમાં નથી.

આટલો બધો મહિમાવંતો શ્રી સિદ્ધગિરિ છે માટે 'જ્ઞાતાધ્યયન' અંગ-આગમમાં જણાવ્યા પ્રમાણે શ્રી થાવચ્ચાપુત્ર આચાર્ય ૧૦૦૦ શિષ્યો સાથે શ્રી સિદ્ધગિરિ પર અનશન કરી મોક્ષે પધાર્યા. શ્રી પુંડરિકચરિત્ર, શ્રી શત્રુંજયમાહાત્મ્ય;- વગેરે શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે શ્રી પુંડરિકસ્વામી ૫ ક્રોડ મુનિવર સાથે, શાંબપ્રદ્યુમ્ન ૮ાા ક્રોડ મુનિ સાથે, દ્રાવિડ-વારિખિલ્લ ૧૦ ક્રોડ મુનિવર સાથે વગેરે વિપુલ સંખ્યામાં શ્રી સિદ્ધગિરિ પર મોક્ષ પામ્યા છે.

શ્રી સિદ્ધગિરિ શાશ્વત છે એટલે એના પર મોક્ષ પામવાનું અનાદિ અનંત કાળથી ચાલુ છે. તેથી કહેવાય છે કે 'કાંકરે કાંકરે શ્રી સિદ્ધક્ષેત્રે સાધુ અનંતા સિધ્યા રે; તે માટે એ તીરથ મોટું, ઉદ્ધાર અનંતા કીધા રે, શત્રુંજય દીઠો રે...

અહીં સવાલ થાય કે મોક્ષે અઢી દ્વીપમાંથી જ જવાય છે ને તે જવાનું અનંતાનંત પુદ્ગલપરાવર્ત કાળથી થઈ રહ્યુ છે. એટલે તો પંદરે કર્મભૂમિઓની તસુએ તસુ જગા પરથી આવા જંગીકાળમાં તો અનંતા આત્માઓ સિદ્ધ થયા હોય; પછી ખાસ સિદ્ધગિરિનો જ અનંત મહિમા કેમ ? આના ઉત્તરમાં ત્રણ કારણ રજૂ કરી શકાય,

(૧) એક કારણ એ કે શ્રી સિદ્ધગિરિ પર જેટલા પ્રમાણમાં જથાબંધ મુનિઓ મોક્ષે પધાર્યા એટલા પ્રમાણમાં બીજે ક્યાંય એવું જથાબંધ મોક્ષે જવાનું નથી બન્યું.

(૨) બીજું કારણ એ, કે શ્રી સિદ્ધગિરિ પર શ્રી આદીશ્વર ભગવાન ૯૯ પૂર્વવાર સમવસર્યા છે. ૧ પૂર્વ=૭૦૫૬૦ અબજ એવા ૯૯ પૂર્વ. મહાવિદેહમાં કોટિ-પૂર્વના આયુષ્ય ખરા, પણ સવાલ એ છે કે એવું કોઈ તીર્થ હશે કે કેમ જેના પર આટલીવાર શ્રી તીર્થંકર ભગવાને સ્પર્શના કરી હોય ? શ્રી ઋષભદેવ ભગવાનની



આટલી સ્પર્શના પાછળ આ તીર્થની સર્વ શ્રેષ્ઠતા જીવોને દર્શાવવાનો સંકેત હોય.

(૩) ત્રીજું કારણ એ, કે શ્રી સિદ્ધગિરિ શાશ્વત છે, અને એના પર યુગે યુગે લૉટબંધ મુનિઓ મોક્ષે પધારે છે, એ તીર્થની અત્યંત પવિત્રતા પણ સૂચવે છે. શ્રી સમેતશીખર વગેરે તીર્થો પવિત્ર ખરા, પણ એ અશાશ્વત હોવાથી યુગાન્તરમાં એની હયાતી ન પણ હોય તેથી એ જ જગા પર કોઈ શહેર ગામ જગંલ વગેરે બની જીવોના હિંસાદિ દુષ્કૃત્યોથી અપવિત્ર બને એ સ્વાભાવિક છે. ત્યારે શ્રી સિદ્ધગિરિ શાશ્વત હોઈ એના પર આ અપવિત્રતાનો સંભવ નહિ.

અલબત યુગલિક કાળમાં ધર્મ જ નહિ હોવાથી શ્રી સિદ્ધગિરિ પર મોક્ષગામી જથાબંધ મુનિઓની સ્પર્શના નહિ; છતાં યુગલિકોમાં એવા હિંસાદિ દુષ્કૃત્યો નહિ, તેથી આ તીર્થભૂમિને એવું અપવિત્ર થવાનું નહિ.

એટલાજ માટે આ મહાતીર્થની અનંત અનંત કાળથી ચાલી આવતી મહાપવિત્રતા પર જીવો એનું આલંબન લઈને પવિત્ર થાય છે, ઈષ્ટ સિદ્ધ કરે છે, દેવગતિ અને મોક્ષગતિ સાધે છે. પોતાની બેનનો ભોક્તા ચંદ્રશેખર અને બીજા દુરાચારી-ચોર-હત્યારા વગેરે અહીં પાપી મટી મહાપવિત્ર થયા. શુકરાજાએ અહીં સાધના કરી પોતાનું રાજ્ય પાછું મેળવ્યું. પંખેરા જેવા તિર્યંચો પણ આ તીર્થના આલંબને દેવગતિ પામે છે. મુનિઓ જથાબંધ અહીં એક સાથે મોક્ષ પામ્યા છે.

તીર્થો બીજાય પવિત્ર ખરા, અને એના આલંબને જીવો પવિત્ર થાય, યાવત્ મોક્ષ પણ પામે; કિન્તુ આપણા મનમાં કોઈ તીર્થની સતત પવિત્રતા વિચારવી હોય તો તે શ્રી સિદ્ધગિરિ મહાતીર્થની જ વિચારવા મળે. જ્યારે બીજાં તીર્થોની ભૂમિમાં તો તીર્થ હોય ત્યાં સુધી પવિત્રતા, તીર્થ નષ્ટ થયે અપવિત્ર માણસોથી અપવિત્રતા આવે. તાત્પર્ય, તૂટક પવિત્રતાનો ખ્યાલ મળે. ત્યારે શાશ્વત સિદ્ધિગિરિ તીર્થની સતત પવિત્રતા વિચારી શકાય. એમ તો નંદીશ્વર વગેરે શાશ્વત તીર્થની સતત પવિત્રતા છે. કિન્તુ એમાં જથાબંધ મુનિઓનું મોક્ષ જવાનું ક્યાં મળે ? એ જથાબંધ રીતે મોક્ષ પામનાર પવિત્ર મુનિઓથી ચાલુ પવિત્ર બની રહેલ ભૂમિ તો શ્રી સિદ્ધગિરિ મહાતીર્થની જ.

આ રીતની માત્ર શ્રી સિદ્ધગિરિની સતત પવિત્રતા ધ્યાન પર લઈ આપણે શ્રી સિદ્ધગિરિનું આલંબન લઈએ, એનું ઘરે બેઠા પણ સ્મરણ-ચિંતન-વંદન-પૂજન-ગુણગાન, વગેરે કરીએ, તો એ આપણને પવિત્ર-મહાપવિત્ર-પરમપવિત્ર કરે છે. કવિ કહે છે, **'ઘેર બેઠા પણ એ ગિરિ ગાવે રે, શ્રી જ્ઞાન વિમળ સુખ પાવે રે,** નાગર સજ્જના રે કોઈ' અહીં વિમળજ્ઞાન=કેવળ જ્ઞાન, 'વિમળસુખ' મોક્ષનું અનંત સુખ, એ સિદ્ધિગિરિનાં આલંબને મળે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

આવું વિશ્વમાં અજોડ મહાતીર્થ આપણને આ ભરતક્ષેત્રમાં વસતાં મળી ગયા પછી એનું વારે વારે આલંબન ન લઈએ એ આપણી કેવી મૂર્ખતા ? વારે વારે ઊઠતા કામ-ક્રોધ લોભ રાગ-દ્વેષ-અહંકાર વગેરે દબાવવા છે, તો શ્રી સિદ્ધગિરિના આલંબને એ દબાવી શાંત-પ્રશાંત ઉપશાંત બનેલા ક્રોડો મહામુનિઓથી પવિત્ર થયું છે એ મહાતીર્થને વારે વારે દૃષ્ટિમાં લાવીએ. તે પણ યુગયુગના મુનિઓ જુદા-એટલે તે તે મુનિસમૂહ સહિત શ્રી સિદ્ધગિરિની જુદી જુદી અવસ્થાના હિસાબે આંખ મીંચી કલ્પનાદૃષ્ટિમાં જાણે અનંત સિદ્ધગિરિ અને એ દરેક પર ઉપશાંત-અનાસક્ત-વીતરાગ બનેલ ક્રોડો મુનિ લાવીએ, એમની રાગદ્વેષાદિરહિત શાંત મુખમુદ્રા જોયા કરીએ, એમના ચરણે બે હાથ અને મસ્તક લગાડી, વંદન કરીએ, અને તીર્થસહિત એમની પવિત્રતા પર વિચારણાં કરતાં મહાતીર્થના પ્રભાવ પર ઓવારી જઈએ.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૧,અંક-૨૩,તા.૨૪-૨-૧૯૭૩

## (૬૧) સમવસરણમાં બેસનારા પ્રભુ પાલખીમાં કેમ નથી બેસતા ?

ત્રિભુવનગુરુ શ્રી તીર્થંકર પરમાત્મા કેવળજ્ઞાન પામે છે, વીતરાગ સર્વજ્ઞ બને છે, એટલે એમની પાસેથી ધર્મવાણી-તત્ત્વવાણી પ્રાપ્ત કરવા માટે પહેલાં સત્કારરૂપે દેવતાઓ સમવસરણ રચે છે. 'સમવસરણ' એટલે ચાંદી-સુવર્ણ-રત્નના ત્રણ મોટા ગઢ. નીચે પહેલા ચાંદીનો મોટો ગઢ, એની ઉપર સહેજ અંદરના ભાગમાં બીજો સોનાનો ગઢ; એની ઉપર સહેજ અંદરના ભાગમાં ત્રીજો રત્નનો ગઢ. ઈન્દ્ર પ્રભુને વિનંતિ કરીને આ ત્રીજા ગઢની અંદર વચ્ચે વિકુર્વેલા મોટા અશોકવૃક્ષની નીચેના રત્નમય સિંહાસન ઉપર બિરાજમાન કરે છે. ત્યાં બેસીને જગદ્‌ગુરુ જિનેશ્વર ભગવંત ધર્મદેશના આપે છે.

ભગવાન કેવળજ્ઞાન પામી કૃતકૃત્ય થયેલા છે, છતાં જગતના ઉપકાર માટે દેવોના આ સત્કારને ઝીલી ધર્મવાણી પ્રકાશે છે. ત્યારે સવાલ આ થાય છે કે તો પછી ભગવાન હવે પાલખીમાં બેસી એક ગામથી બીજે ગામ કેમ નથી વિચરતા ? પાદવિહારથી વિચરે છે ? શું દેવતામાં પ્રભુને પાલખીમાં બેસાડી ફેરવવાની ભક્તિ નથી ? ના, ભક્તિ તો છે તો શું પ્રભુને પાલખીમાં બેસવામાં રાગ-આસક્તિ થઈ જવાનો ભય છે ? રાગનો ભય હોય તો ચાંદી-સોના-રત્નના સમવસરણ પર પણ કેમ બેસે ? પરંતુ ના હવે તો સર્વથા રાગદ્વેષનો નાશ કરી



વીતરાગ બનેલા છે, એટલે રાગ કરાવનાર કર્મનો એક કણિયો પણ નથી કે જે ઉદયમાં આવી રાગની લાગણી ઊભી કરી શકે. આમ જો રાગ થઈ અ-વીતરાગ બનવાનો સંભવ જ નથી, તો પછી સમવસરણની જેમ પાલખીમાં પણ કેમ નથી બેસીને ફરતા ?

આનો ઉત્તર એ છે કે પ્રભુએ જીવનભર માટે સાવદ્યયોગ યાને પાપવાળી પ્રવૃત્તિઓ ત્યાગ કરી સંયમ સ્વીકારેલું છે. તેથી જો પાલખીમાં બેસે અને દેવતા એ ઊંચકીને ચાલે, તો (૧) પ્રભુ પોતે પાલખીવાળા એટલે પરિગ્રહી તરીકે હોવાનું દુનિયા દેખે. (૨) બીજું એ, કે દેવતા કાંઈ-સાધુ-સંયમી નથી, એટલે એ કાંઈ સંયમ ન સાચવે. અસંયમી ઊંચકીને ચાલે એમાં બેસીને જનાર સંયમીને અસંયમ થાય, પાપવાળી પ્રવૃત્તિ થાય; તેથી પ્રભુ જો પાલખીમાં બેસે, તો એ દેવો પાસે એ અસંયમ કરાવનારા ગણાય.

પ્ર.- પ્રભુ વીતરાગ થવાથી કષાય વિનાના જ છે, તેથી દેવતા એમ ઊંચકીને ફરે એમાં પ્રભુને શું લાગે-વળગે ? ક્યાં રાગ થવાનો છે ?

ઉ.- વીતરાગ થવાનો એ અર્થ નથી કે પૂર્વે જે પાપપ્રવૃત્તિ ન કરવા, યા પોતાના નિમિત્તે ન કરાવવા, અથવા કરતાને મંજૂર થવાનો મન-વચન-કાયાથી પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ કર્યો છે, એનો ભંગ કરવો, પ્રતિજ્ઞા તો જીવનભરની કરી છે, તે ઊભી જ છે. એનો ભંગ કેમ થાય ? નહિતર તો હવે સંસારીપણાના ઘરે જઈ બેસે તો શો વાંધો ? એથી પ્રભુને રાગ થોડો જ થવાનો હતો ?

પ્ર.- તો પછી પ્રભુના નિમિત્તે દેવતાઓ સમવસરણ વગેરે કરે એનો ઉપયોગ પ્રભુ શા માટે કરે ?

ઉ.- દેવતાઓ સમવસરણ પ્રભુની સગવડ માટે નથી રચતા, કિન્તુ પોતાને પ્રભુ પાસેથી બોધ લેવો છે એના વિનયરૂપે સ્વાગતરૂપે અને જગતના બાળ જીવોને પ્રભુ પાસે આવવાના આકર્ષણ અર્થે રચે છે. ત્યારે, પાલખી તો પ્રભુની સગવડ માટે રચવાનું અને ફેરવવાનું થાય. એક ગામથી બીજે ગામ જવા માટે પાલખી એ સગવડ સાધન કહેવાય; એમ ધર્મવાણી બોલવા માટે સમવસરણ એ સગવડ સાધન ન કહેવાય. સમવસરણ એ બોલવાનું કાંઈ સાધન નથી, ત્યારે ગામાંતરે જવા માટે પાલખી તો સાધનભૂત કહેવાય. સંયમની રૂએ પ્રભુને એ સાધનનો ઉપયોગ ખપતો નથી.

વળી જગત પણ પ્રભુને સમવસરણ પર જુએ કે સહજ ભાવે પ્રવર્તતા અષ્ટપ્રાતિહાર્યથી યુક્ત જુએ એથી પ્રભુને વૈભવી અને ઠઠારો રાખનારા તરીકે નથી સમજતું; કેમકે એવા સમવસરણ પર પણ લોકો પ્રભુને તો વસ્ત્ર-મુગટ અલંકાર



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

આદિથી તદ્દન રહિત જ જુએ છે; અર્થાત્ તદ્દન ત્યાગી તરીકે જ જુએ છે. ત્યારે પ્રભુને પાલખીમાં જતા જુએ એટલે તો વૈભવી ઠઠારાવાળા અને ભોગી તરીકે જોવાનું થાય. જગતને ત્યાગમાર્ગ આપવો છે, તો પ્રભુ પોતે જ ભોગી કેમ બને ? જગતને પ્રતિજ્ઞાનું યથાવત્ પાલન કરવાનો ઉપદેશ કરવો છે, તો પ્રભુ પોતે જ પ્રતિજ્ઞા કેમ બાજુએ મૂકે ?

આમાંથી સાર એ નીકળે છે કે તમે ગમે તેવા મોટા વિદ્વાન થાઓ, ઊંચા પદવીધર થાઓ, દાનેશ્વર અને મહાન પરોપકારી બનો, પરંતુ લીધેલી પ્રતિજ્ઞા યથાવત્ પાળો; સ્વીકારેલ સંયમ અને ત્યાગને જરાય ન છોડો. મોટા દેવાધિદેવ તીર્થંકર જેવા ત્યાગ-સંયમ પ્રતિજ્ઞા છોડે નહિ, ઉપાર્જેલ કેવળજ્ઞાન હવે અનંતાનંત કાળ માટે રજીસ્ટર્ડ થઈ ગયું હોવા છતાં એ ત્યાગ આદિ પડતાં ન મૂકે, તો પછી જેને હજી કેવળજ્ઞાન લેવું છે એણે તો ત્યાગ સંયમ અને પ્રતિજ્ઞા કેમ છોડાય ? કેમ એની ઉપેક્ષા કરાય ? જો વીતરાગ અનંતજ્ઞાની બની ચુકેલાને પણ એ પૂર્વેથી કરેલા ત્યાગ સંયમ અને પ્રતિજ્ઞાપાલન વિના ન ચાલે તો વીતરાગ બનવાની ઈચ્છાવાળાને, ને એ બનીને મોક્ષ પામવાની તાલાવેલીવાળાને ત્યાગ વિના કેમ ચાલે ?

આવા પરમાત્માનો અતિ દુર્લભ યોગ મળ્યો છે, તો એ યોગની કદર કરી એમનું આલંબન લઈને આપણે ભવ્ય ત્યાગ, ભવ્ય સંયમ, ભવ્ય પ્રતિજ્ઞાઓ આરાધીએ એ જ શુભેચ્છા.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૧,અંક-૨૪,તા.૧૦-૩-૧૯૭૩

## (૬૨) કાજળની કોટડીમાંથી ઊજળા થઈને કેમ નીકળાય ?

આજનું જગત કાજળની કોટડી જેવું છે, જ્યાં ને ત્યાં રાગના, દ્વેષના, ભરચક વિષય-વિલાસના સગવડોના અને હાડમારીઓનાં કારણોના ઢેર લાગેલા છે. એ એક ટૂંકું શું માનવજીવન જીવતા જીવને કષાયો અને પાપકર્મોથી કાળો મેશ કરી મૂકે એવા છે. એની વચ્ચે રહીને પણ જીવ એમાંથી નવી કાળાશ લાગવી તો દૂર, પણ જાુગજાુની કાળાશને સદંતર નષ્ટ કરી ઊજળો સફેદ બાસ્તા જેવો થઈને નીકળે એ અસંભવિત જેવી વસ્તુ છે. પરંતુ મહાસતી પુષ્પચૂલા સાધ્વી એવા જ જગતની વચ્ચે રહીને ઊજળી બાસ્તા જેવી વીતરાગ સર્વજ્ઞ બની છે, એ એક હકીકત છે. એ કેમ બન્યું એ જરા જોઈએ, તો એમાંથી માર્ગ જડે એમ છે.



પુષ્પચૂલા આમ તો રાજપુત્રી, ભાઈ પુષ્પચુલ ઉપર અત્યંત સ્નેહવાળી એ જોઈને બંનેને જીવનભર પ્રેમભર્યો યોગ બન્યો રહે એ માટે મૂઢ પિતાએ આ પુષ્પચૂલાને સગા ભાઈ પુષ્પચૂલ સાથે જ પરણાવેલી. પરંતુ આ મહાન અજુગતું જોઈ માતા સંસારથી વિરક્ત થઈ ચારિત્ર લઈને સારું પાળી દેવતા થાય છે. એ આવીને હવે રાજરાણી બનેલી પુત્રીને આ નરકદાયી પાપથી છૂટવા પ્રતિબોધ કરે છે; અને પૂષ્પચૂલા પણ પાપથી ત્રાસી ચારિત્ર લેવા તૈયાર થાય છે.

રાજા પુષ્પચુલને એના પર ગાઢ રાગ છે, પણ દેવની હકીકત સાંભળીને એક શરતે રજા આપે છે કે તમારે સાધ્વી બનીને આ નગરમાંજ રહેવાનું જેથી કમમાં કમ મને તમારું દર્શન તો મળ્યા કરે. પુષ્પચુલા રાણી એમ તો એમ સહી, કબૂલ કરી સાધ્વી બનીને એ જ નગરમાં રહે છે.

સવાલ એ છે કે આ જ નગરમાં રહીને થોડા વખતમાં એ વીતરાગ સર્વજ્ઞ કેવી રીતે બની શકે ? કેમકે અહીં (૧) અત્યંત રાગી રાજા વારંવાર દર્શને આવે ને રાગ-પ્રેમ દેખાડે એટલે રાગ તો પોષાયા કરે. (૨) દેરાસર ગોચરી વગેરે અંગે બહાર નીકળે ત્યારે લોકો આવી મહારાણીના ભીષ્મ ત્યાગના ગુણ ગાતા હોય એ પણ રાગ પોષે. (૩) ગોચરી ભિક્ષામાં લોકો 'પધારો, પધારો, ધન્ય અવતાર ! આ મેવા મિઠાઈ લો... વગેરેમાં શી વાત ! અછો અછો વાના કરતા હોય એ પણ રાગ પોષે. (૪) સાધ્વી એકલા હોઈ ક્રિયાકાંડ સાધુચર્યા વગેરેમાં કોઈ રોકટોક નહિ એટલે પ્રમાદ થવાનો સંભવ મોટો; એ પણ રાગ પોષે. (૫) એનું એ નગર અને સગવડભર્યાં સ્થાન તથા બેઠાબેઠ સ્થિતિ, એટલે પરીસહ ઓછા સહવાના આવે તેમજ ઈષ્ટ દર્શનો મળ્યા કરે એથી પણ રાગ પોષાય...આમ રાગ વધારે એવા સંયોગો વચ્ચે રહેવાનું. પછી રાગ વધવાને બદલે સદંતર નષ્ટ થઈ વીતરાગ દશાએ શે પહોંચાય ?

પાછી ખૂબી એ થઈ કે એમના ગુરુશ્રી અર્ણિકાપુત્ર આચાર્યને પણ જંઘાબળ ક્ષીણ થવાથી ત્યાં ને ત્યાં જ રહેવું પડેલું, એમને કાંઈ આવા ઊંચા માનપાનના સંયોગ નથી, વળી એ મહાજ્ઞાની છે, છતાં એ વીતરાગ નથી બન્યા, અને સાધ્વીજી વીતરાગ બની ગયા ! એ કેમ બનવા પામ્યું ?

આનો જવાબ આ છે, કે સાધ્વીજીને આવાં સંયોગબાધક સંયોગોમાં રહેવું પડ્યું છે માટે એ પહેલેથી જ સમજીને રહ્યા કે 'અહીં ઠામ ઠામ રાગની કાળાશ લાગે એવી કાજળની કોટડીમાં રહેવાનું છે, માટે ખૂબ જ સાવધાન અને ચોવીસે કલાક જાગૃત રહીને રહેવાનું. લૂંટારાની પલ્લીમાં રહેવાનું છે. અને ઉત્કટ વૈરાગ્ય-



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

પાપભય-વિરતિભાવ-અનાસક્તિ વગેરે આત્મસંપત્તિનો લેશ પણ ચોરાવા દેવાનો નથી' આવી નિશ્ચયવાળી સમજ કરીને રહ્યા. આ પહેલી વાત.

પછી ચારિત્રજીવન જીવતાં પ્રલોભક સંયોગોમાં રાગ પોષાય નહિ, પણ રાગના કુરચા ઊડે એવા દિલના ભાવ જગમગાવ્યે રાખ્યા, ને એવી શક્ય પ્રવૃત્તિ આદર્યે રાખી.

દા.ત. રાજા દર્શને આવ્યાં ત્યાં એ ભલે હસીને પ્રેમથી વાત કરે, પણ સાધ્વીજીએ પોતે ખૂબજ ઉદાસીનભાવ ગાંભીર્ય, અને અંતરના રાગ પ્રત્યે દુશ્મનની લાલ આંખ રાખી કે 'આ રાજાના સંયોગમાં તો અજ્ઞાનતાથી મારે નરકાદિ અનંત ભવમાં ભટકાવે એવા રાગ પોષાય છે પણ હવે સજ્ઞાન બન્યા પછી મારે એની સાથે શી નિસ્બત ?'

લોકનાં માન-સન્માન-પ્રશંસા વખતે એ ચિંતન, જાગૃતિ, કે 'આ માનાદિ મને નહિ પણ ચારિત્રને વૈરાગ્યને-ત્યાગ-તપસ્યાને છે, માટે મારે જરાય નહિ ફુલાવાનું, પણ ઊલટું જેને માન છે એ ત્યાગ-વૈરાગ્ય-તપસ્યા-સંયમભાવ વધાર્યે રાખવાના.

ગોચરી-ભિક્ષામાં લોક ભલે મેવા-મિઠાઈ ધરે, પરંતુ મારે એ ટાળી લુખ્ખું-અંતપ્રાંત લેવાનું. વસ્ત્રાદિ પણ એવા જ. એની સફાઈ ને સજાવટ પણ મેલીઘેલી રાખવાની જેથી લેશમાત્ર રાગ ન પોષાય.

એકલવાસમાં પ્રમાદ સામે કોઈની રોકટોક નહિ, તેથી સંસારત્યાગનું પ્રયોજન બરાબર લક્ષમાં રાખી વિશેષ પ્રકારે ક્રિયાકાંડ ને સ્વાધ્યાયધ્યાન તથા તપસ્યામાં તન્મયતા અને અપ્રમત્તભાવ રાખવાનો; એની ધૂન મચાવવાની.

નજર સામે એનાં એ સ્થાનનાં ભારે પ્રલોભનો છે માટે એને ગૂંડા-લુંટારા દેખવાનાં, ને પાપનો તીવ્ર ભય તથા આત્મસ્વરૂપની ભારે મમતા રાખીને લેશ પણ રાગ-આસક્તિ નહિ કિન્તુ તીવ્ર નફરત રાખવાની, વિશેષમાં અનિત્યતાદિની ભાવના, અનંત કાળે પ્રાપ્ત પરમાત્મા પર અઢળક પ્રીતી-ભક્તિ બહુમાન, ને જ્ઞાનદર્શન-ચારિત્રનો અથાગ અનન્ય રાગ, વગેરે મહેકાવ્યે રાખવાના.

બસ, આવા બધા પ્રયત્ન ધરખમ ચાલુ હોય ત્યાં કાજળની કોટડીમાં નવી રાગની કાળાશ લાગવાની વાત શી ? ત્યાં તો તીવ્ર-સંવેગ-વૈરાગ્ય-ત્યાગવૃત્તિ વગેરેમાં જુગજુના રાગાદિના સંસ્કાર ઘસાઈને નષ્ટ ભ્રષ્ટ થઈ જાય એમાં નવાઈ નથી.

શું આચાર્ય મહારાજમાં આ સંવેગાદિ નહોતા ? હતા, પરંતુ પુષ્પચૂલાને ખરડાવા લેપાવાનો ભારે ભય હોઈ વિશેષ ભાવનાબળ અને અનાસક્તિ વધારવાની



હતી, તેથી એમણે પહેલાં વીતરાગતા સાધી. અલબત એમના નિર્દેશે પછી થોડા જ વખતમાં આચાર્ય પણ વીતરાગ બની ગયા.

વાત આ છે, કે આજના કાજળની કોટડી જેવા જગતની વચ્ચે રહેતાં સાધ્વીજીની જેમ ઉપરોક્ત સાવધાનીઓ રાખવાથી આપણે પણ અહીં જે રાગાદિ કષાયોનાં બંડલ લઈને જનમ્યા એમાં વધારો તો શાનો, ઊલટું એને સારી રીતે ઓછા કરીને જઈએ.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૧,અંક-૨૫,તા.૧૭-૩-૧૯૭૩

## (૬૩) કામ-વાસના રોકવાનું એક સાધન

આજના ઝેરી યુગમાં વિજ્ઞાનની અને વધુ પડતી ભૌતિકતાની સગવડોએ માણસની વિષય-વાસના બેફામ વધારી દીધી છે. વૈજ્ઞાનિક શોધોથી બનેલ મશીનરીથી નીપજતા પ્રલોભક માલથી આકર્ષાઈ જીવો ત્યાગ-સાદા અને અલ્પ જરૂરીયાતનાં સૂત્ર ભૂલે છે. વાહનો મળે છે માટે ફરવાનું મન થાય છે. સિનેમા તૈયાર છે તેથી બિભત્સ જોવા માટે દોડાય છે. ટેલિફોનની સગવડમાં અર્થ-કામની અને પ્રેમગોષ્ઠિની વાતો વધી ગઈ. પ્લાસ્ટિક, નાયલોન, ટેરીલીન વગેરેની સગવડોએ આંખના ચટકા ધૂમ વધારી મૂક્યા છે. ફ્લેટ, સ્કુટર, મોટર, નિરોધ-સાધન વગેરેથી વિલાસો ફાલ્યા ફૂલ્યા, ફેન-ગેસચૂલા-ફરનીચર આદિએ સુખશીલતા જાલિમ વધારી. રેડિયો-છાપા-ક્લબ વગેરેએ જીવોને જડમાં ગળાબૂડ ડૂબાડી દીધા. સારાંશ જીવોને આજના યુગે વિષયોની વાસનાના કારમા રોગથી રોગિષ્ઠ કરી દીધા છે.

આ સ્થિતિમાં જ્યાં પાંચે ઇન્દ્રિયોના રૂપરંગ-રસ-સ્પર્શ વગેરે વિષયોના બેફામ રાગથી રિબામણ હોય ત્યાં કામવાસનાની રિબામણનું પૂછવું જ શું ? એમાં વળી ઉદ્ભટવેશ, ઉદ્ભટ ચિત્રો, ઉદ્ભટ વ્યવહાર, દૃષ્ટિ સામે અથડાયા કરતા હોય ત્યાં કામરાગની આગ કેમ સળગ્યા ન કરે ?

ભવ્યાત્મા આને ખતરનાક સમજવાં છતાં આ પાપઘેરાવામાં રહ્યે કેમ બચવું એની મુંઝવણમાં રહે છે. આજનું જગત છોડીને હમણાં ને હમણાં ચાલી જવાય એમ નથી, તો શું કરવું ?

આ માટે એક વસ્તુ સમજી રાખવાની છે કે રસ્તા પર કાંટા પથરાયેલા હોય તો કાંઈ જમીનને ચામડાથી મઢાય નહિ, કિન્તુ પોતાના પગમાં જ જોડા પહેરીને



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

ચલાય છે. એ જ રીતે આજનાં અનિષ્ટ સંયોગોને અટકાવી શકાશે નહિ. કિન્તુ આપણી જાત માટે બફ્ફર જેવા કોક ઉપાય પકડી લેવા જોઈએ જેથી પેલાના ઘા આપણને લાગે નહિ. ત્યારે આ કષાયો પૈકી એક ઉપાય આ છે કે વીતરાગ અને ત્યાગી-વિરાગીએ જગતથી રાખેલ અલિપ્તભાવ નજર સામે બહુ લાવ્યા કરવા.

દા.ત. અજિતનાથ ભગવાનના વારામાં જગત ઉપર ૧૭૦ તીર્થંકર ભગવાન વિચરતા હતા. આપણે ભરતક્ષેત્રમાં રહીએ છીએ તેમાં એક અજિતનાથ પ્રભુ, અઢી દ્વીપમાં એવા બીજા ચાર ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રમાં ૧-૧, મળી કુલ ૧૦ ભગવાન; એમ વચલા એકેક મહાવિદેહક્ષેત્રમાં ૩૨-૩૨ વિજયો પૈકી દરેકમાં ૧-૧ ભગવાન, એમ ૩૨X૫=૧૬૦. એમાં પેલા ૧૦ ઉમેરતા કુલ ૧૭૦ ભગવાન સમવસરણ પર બિરાજમાન અષ્ટ પ્રાતિહાર્યયુક્ત અને દેવદેવેન્દ્રો-નરેન્દ્રોથી પૂજાતા જોવાના. તે આપણે જાણે મનુષ્યલોકની બહાર ઊભા રહીને સામે ૨ાા દ્વીપમાં આ ભગવાન જોવા. દરેકની પાછળ સુવર્ણકમળ પર બિરાજમાન લગભગ ૫-૫ લાખ, ૩-૩ હજાર, એમ કુલ ૯૦૦ લાખ યાને ૯ ક્રોડ કેવળજ્ઞાની દેખાય.

એમની પાછળ ૯૦૦૦ ક્રોડ અર્થાત્ ૯૦ અબજ મુનિ (દરેક ભગવાનને લગભગ ૫-૫ ક્રોડ ૫-૫ લાખે) ધ્યાનમાં ઊભા દેખાય. એટલા કેવળજ્ઞાની અને મુનિઓ બધા એક લાઈનમાં નહિ, પણ થોડા લાઈનમાં અને બાકી પાછળ પાછળ દેખાય.

હવે આ જોતા ૧૭૦ તીર્થંકર ભગવાન અને ૯ ક્રોડ કેવળજ્ઞાનીની આંખ વીતરાગભાવભરી નિર્વિકાર પ્રશાંત જોવાની, એમ ૯૦ અબજ મુનિઓ પણ વીતરાગ બનવા નીકળેલા મહાવીરાગી હોઈ એમનીય આંખ નિર્વિકાર ઉપશમરસભરી જોવાની. ત્યાં એમ દેખાય કે આટલા આ જગત પર જ મારા જેવા મનુષ્ય તરીકે રહ્યા હોવા છતાં એમની પાસે કોઈ સ્ત્રી નથી, સ્ત્રીઓ વંદન કરવા આવે તો ય એને જોવાની એમને જરૂર જ નથી. કેવળજ્ઞાન જેવામાં દેખાઈ જાય તો ય સાથે ત્રણેય કાળના અનંતા જીવો દેખાય છે, સાતે નરકના ક્રૂરપણે રીબાતા ત્રિકાળના બિચારા અનંતાનારકો દેખાય છે, એમાં સ્ત્રી દેખાયાની શી વિશેષતા ? પોતાને સ્ત્રીઓ સાથે કશી જ લેણદેણ નથી. એવા એ મહાન આત્માઓ તદ્દન ઉપશાંત નિર્વિકાર આંખ-મુદ્રાવાળા છે, આપણે આંખ મીંચીને એમને કલ્પનાથી જાણે સામે જ ઉપશાંત એમને ધારીધારીને જોયા કરવાના.

આમ જંગી ૯૦ અબજની સંખ્યામાં એમને એમની આંખો તથા મુદ્રાને પ્રશાંત બનેલી જોયા કરવાથી, આપણા ચિત્તમાં એ ઉપશાંતતા પ્રતિબિંબિત થાય છે. એથી કામવાસના અને રાગાદિ વિકારો શાંત પડે છે. બ્રહ્મચર્યના પાલન માટે



આ અભ્યાસ એક અદ્ભુત ઉપાય છે. મંદિરમાં ભગવાનના કે ઉપાશ્રયમાં સુસાધુના દર્શન વખતે વારેવારે જરાક આંખ મીંચી એવા અનંતને કલ્પનામાં જોઈએ, તો ય આ અભ્યાસ મળે છે, પ્રતિક્રમણમાં સ્તુતિસૂત્રો વખતેય અર્ધમીંચી આંખે આ જોવાનો અભ્યાસ મળે. તેમ, એમ ને એમ પણ આ અભ્યાસ થઈ શકે.

આ જ દૃષ્ટાન્તથી એ પરમાત્મા તથા મહાન આત્માઓને વિશાળ સંખ્યામાં સ્ત્રી વગેરે તત્ત્વોના ત્યાગવાળા અને ભરચક ઉપશમભર્યા મુખવાળા જોયા કરવાથી અને કષ્ટત્રાસમાં પણ પ્રશાંત-પ્રસન્ન જોયા કરવાથી આપણા અનેક બાબતના રાગ દ્વેષ અને વાસનાઓ શાંત કરી શકાય છે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૧,અંક-૨૬,તા.૨૪-૩-૧૯૭૩

## (૬૪) દેહના પૂજારી ? કે આત્માના ?

આપણે દેવદર્શને જઈએ, સાધુ પાસે જઈએ, બે પૈસા ધર્મમાં દઈએ, તપ-જપ-કરીએ...આ બધું જોઈને દુનિયા તો આપણા માટે કહે કે 'ભાઈ ધાર્મિક છે આસ્તિક છે; પરંતુ આપણે આપણો ક્યાસ કાઢવા જેવો છે કે 'આપણે ખરેખર ધાર્મિક છીએ ? ખરેખર આસ્તિક છીએ ?,

આ ક્યાસ કાઢવાની એટલા માટે જરૂર છે કે જો દિલ આસ્તિક નહિ હોય, તો 'આંધળી દળે ને કૂતરૂં ચાટી જાય' એ ન્યાયે દેવદર્શનાદિ કરેલું બધું મોહના પોષણમાં જશે ! આત્માના લાભમાં નહિ ઊતરે. ત્યારે જીવનભર આ ઢસેડો કરીએ અને એથી મોહ પુષ્ટ થાય, તો આત્માની દૃષ્ટિ શું કમાયા ?

સવાલ થાય કે દેવદર્શનાદિ જેવી પવિત્ર ધાર્મિક ક્રિયાઓ કરીએ એમાં મોહનું પોષણ શી રીતે ? એનો જવાબ આ છે કે દિલમાં આસ્તિકતા નથી એટલે દેવદર્શનાદિ એ કોઈ આત્મ-સુધાર માટે નહિ, પણ માનપાનાદિ માટે કરાતા રહેશે... 'એ કરતા રહીએ તો ચાર ધર્મીમાં સારા દેખાઈએ અથવા એથી પુણ્ય મળે તો પરભવે કાંઈક સુખ પામીએ...' વગેરે વગેરે માનવકષાય-લોભકષાયની પોષક લાગણી રહ્યા કરે છે. ત્યારે ખરેખર આસ્તિકતા હોય તો આત્માના લાભની લાગણી રહે કે 'આ બધું હું એટલા માટે કરું કે એથી મને એટલો સમય દુન્યવી પાપોમાંથી છૂટકારો મળે, પાપકર્મોનો ક્ષય થાય, પુણ્યાનુબંધી પુણ્ય વધે. તો એથી આગળ સદ્ગતિ અને ધર્મની વૃદ્ધિ થવાથી મોક્ષ તરફ નિકટતા થતી જાય.'

દિલમાં ખરેખર આસ્તિકતા હોય, તો ધર્મસાધના આ આત્મિક લાભમાં



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

ઊતરે. માટે આપણી જાતનો ક્યાસ કાઢવા જેવો કે 'આપણે ખરેખર આસ્તિક છીએ ?' આ ક્યાસ કાઢવા માટે આ જોવાનું કે

**આપણે આત્માના પૂજારી છીએ કે દેહના ?**

આત્માના પૂજારી બનવું હશે તો દેહના દુશ્મન બનવું પડશે. દેહને દુશ્મન દેખીએ તો જ એની સરભરા એવી નહિ કરાય કે જે આપણા આત્માનું વાટી નાખનારી હોય. દા.ત. દેહના સન્માન એવાં મેળવવાનું મન ન થાય કે જે મેળવવા માટે કૂડ-કપટ-કાવાદાવા કરવા પડે છે. દેહનાં સુખની એવી બોલબાલા કરવાનું મન ન થાય કે જે માટે અનીતિ પ્રપંચ જૂઠ વિશ્વાસઘાત વગેરે જાલીમ પાપો આચરવા પડે. આજે ચૂંટણીમાં ચૂંટાવા માટે કેટકેટલો કૂડ-કપટ-કાવાદાવા થાય છે ? આજે ધાર્યા પૈસા ભેગા કરવા માટે કેવી અનીતિઓ, કેવા પ્રપંચ અને ઘરાક વગેરેના કેવા વિશ્વાસઘાત આચરાય છે ? શા માટે ? કહો, દેહનાં સન્માન થાય, દેહનાં સુખ દેહની બોલબાલા થાય એટલા માટે.

આમાં દેહને દુશ્મન દેખવાનું ક્યાં આવ્યું ? દુશ્મન તો જાણે આત્મા લાગ્યો કે એની ભલાઈની વસ્તુઓ ન્યાય-નીતિ-વિશ્વાસપાલન અને પાપભય વગેરે અકારી લાગી, વહિયાત લાગી.

દેહનો પૂજારી એ આત્માનો દુશ્મન, સાવકી મા પોતાના જ દીકરાની પૂજારણ બને છે, તો શોક્યના છોકરાને દુશ્મન દેખે છે. સવાર પડી ને એ નાસ્તા-પાણી માગે તો ઝટ તડૂકશે 'લ્યો જાગ્યા ત્યારથી આનો ટિટિયારો શરૂ થયો. જાણે દુકાળમાંથી આવ્યો તે ખાઉં ખાઉં કરે છે !' પરંતુ પોતાના છોકરા માટે હોંશે હોંશે એના જાગતા પહેલા નાસ્તાની તૈયારી કરી રાખી છોકરો જાગે એટલે નાસ્તા માટે પ્રેમથી બોલાવી લેશે.

એવું દેહના પૂજારી અને આત્માના દુશ્મનને બને છે. સવાર પડી ને એને કહો ભાઈ ! પ્રતિક્રમણ કરો, સામાયિક કરો, સ્તોત્રો ભણો, તીર્થવંદના કરો, સતા-સતીઓનાં જીવનસ્મરણ.. વગેરે કરો તો એ એને કડવું લાગશે, ને જો નથી ને આ રોજ યાદ કરાવવા માંડ્યું તો કહેશે 'લ્યો, સવાર પડી ને આ ટિટિયારો ચાલ્યો...'' પરંતુ સવાર પડી છતાં ઘરવાળા કહે 'હજી ઊંઘો, ઊઠવાની વાર છે,' યા જાતે ઊંઘવાનું મળે, જાગતાં છાપુ મળે, નાસ્તાપાણી મળે, ગપોડિયા પાડોશી મળે, તો એ બધું હોંશે હોંશે વધાવી લેવાશે ! આ શું છે ? જેમ પેલી સાવકી માને પોતાના છોકરાનું પૂજારણપણું અને શોક્યના છોકરાનું દુશ્મનપણું; એની જેમ દેહનું પૂજારીપણું અને આત્માનું દુશ્મનપણું.

ત્યારે આસ્તિક આત્મા દેહનો પૂજારી હોય ? કે આત્માનો પૂજારી ? આપણે



બીજાનું નથી તપાસવાનું, પણ આપણી જાતનું માપ કાઢવાનું છે કે,

**આપણે આપણા આત્માના પૂજારી છીએ ?** આત્માના પૂજારી બનવું હોય તો આત્માના લાભની વસ્તુ ન્યાય-નીતિ-નિષ્કપટતા, દેવ-ગુરુભક્તિ-દાન-શીલ-તપ-ભાવના, સંયમ-ક્ષમા-ઉદારતા, પાપક્ષય-સુકૃતવૃદ્ધિ વગેરેની હોશ રાખવી જોઈશે, ને દેહને દુશ્મન દેખી દેહના લાભની વસ્તુ વિષયરંગ અસંયમ સત્તા-સન્માન વગેરેમાં ઠગાવાનું સમજી ચેતતા રહેવું જોઈશે.

આસ્તિકને મન દેહ દુશ્મન જેવો એટલા માટે લાગે કે દેહને તો ન જોવા લાયક જોવાનું, ન ખાવાલાયક ખાવાનું, ન સાંભળવાલાયક સાંભળવાનું,...એમ સત્તા- ઠકુરાઈ-સન્માન, અસંયમ વગેરે બહુ ગમે છે; ને એમાં આત્માનું નિકંદન નીકળે છે. માટે આસ્તિકતા જમાવવા દેહના દુશ્મન અને આત્માના પૂજારી બનવાની જરૂર છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૧,અંક-૨૭,તા.૩૧-૩-૧૯૭૩

## (૬૫) ઠેઠ અંતિમ સમય સુધી આદરવા યોગ્ય કેટલીક બાબતો

આપણું જીવનગણિત કયું ?

જીવન જીવવા માટે જે હિસાબ-ધોરણ-ગણિત માંડી મૂક્યા હોય, એવાં જ પછી આચરણ અને વિચારણાઓ ચાલે છે, એવી ભાવનાઓ રહ્યા કરે છે, ને સુખદુઃખ લાગ્યા કરે છે. દા.ત. આપણી લાયકાત શક્તિ અને પુણ્યાઈના કશો વિચાર ન હોય અને હિસાબ આ માંડી મૂક્યો હોય કે મને બધું સારું ઝટ મળવું જોઈએ.' તો પછી સારું મેળવવાની ખોટી ઉતાવળ રહેવાની; એ ન મળવા પર જીવ ઉદાસ દીન-ખિન્ન રહ્યા કરવાનો. એટલી પુણ્યાઈ એટલી શક્તિ, એટલી યોગ્યતા હોય નહિ, એટલે સ્વાભાવિક છે કે બધું સારું જલ્દીથી મળે નહિ, ને ન મળે એટલે જીવન પેલાં ગણિત પર નિરાશાભર્યું, નીસાસાભર્યું, દીન દુખિયારું બનવાનું.

પણ જો જીવનગણિત આ હોય કે 'મારો અધિકાર સારાનો પુરુષાર્થ કરવાનો બાકી સારું મળવાનું મારી લાયકાત, મારી શક્તિ અને પુણ્યાઈને આધારે જ; તો સારું મનમાન્યું ન મળે છતાં નિરાશા ન થાય દુઃખ ન લાગે; મન કહે મારી લાયકાત યા પુણ્ય નહિ હોય તે ન ય મળે.'



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

**જૈનશાસ્ત્ર જીવનું સારાપણું 'સારું કેટલું મળ્યું એના પર નહિ, કિન્તુ સારાનો સારો પુરુષાર્થ કેટલો કર્યો' એના પર બતાવે છે.**

ગાથા કેટલી આવડી, એ કિંમતી નહિ, પણ ગાથાનો પુરુષાર્થ કેવો ભરચક કર્યો, એની કિંમત છે, એમાં જીવનું સારાપણું છે. એમ, તપ કેટલો થયો એનાં પર સારાપણું નહિ. કિન્તુ તપની લગન અને પુરુષાર્થ કેવાં રાખ્યા એના પર જીવનું સારાપણું છે. કર્મના વિચિત્ર ઉદયના હિસાબે સારો તપ ન ય થઈ શકે, પરંતુ દિલમાં લગન તપની હોય, ખાવાની નહિ, ને શક્ય પુરુષાર્થે એક યા બીજા પ્રકારના તપના તરફ ઝોકવાળો હોય, તો એમાં જીવની વડાઈ છે. એવી બીજી આરાધના અંગે સમજવાનું છે.

કર્મે આપ્યા સંયોગમાં બળાત્કારે કાયાદિ પુદ્ગલને સાચવવા જવું પડતું હોય, એટલા માત્રથી આપણે ખરાબ નથી; પણ જો દિલની લગન પુદ્ગલ સાચવવાની હોય, એમાં કલ્લોલ માનવાની હોય, તો આપણે ખરાબ છીએ. પુદ્ગલનું સાચવવાં છતાં લગન આત્માનાં ઉપશમ-ઉદાસીનભાવ, સૌમ્યભાવ, ઉત્કટવૈરાગ્ય, વીતરાગ પર અથાગ રાગ, વગેરે ભલા પર હોય ને એનો શક્ય પુરુષાર્થ ચાલુ હોય તો એમાં જીવનું સારાપણું છે એથી જ મહાત્માઓને ગોચરીથી દેહ સાચવવો પડતો છતાં એમનામાં ઉચ્ચકોટિનું સારાપણું રહેતું.

જીવનની અંતિમ ઘડીએ પણ આ જ જોવાનું કે 'મારી લગન અને પુરુષાર્થ કઈ બાજુ છે ? જો અથાગ જિનરાગ અને જિનવચન-આરાધના તરફ મનનો ઝોક છે, તો કશી હાયવોય, કરવાની જરૂર નથી.

જીવનું સારું થાય તે હાયવોય કરવાથી નહિ, પણ અનાસક્ત-ભાવના માર્ગે પરિણતિ વધારવાથી થાય...એ વધારવા માટે પહેલું તો 'મને વીતરાગપ્રભુ મળ્યા, શાસન મળ્યું, ધર્મમયજીવન સંયમજીવન મળ્યું, મારે શી ખોટ છે ? આવો આનંદ જોઈએ...

વારંવાર નજર સામે...

(૧) સમવસરણ પર યા ૮ પ્રાતિહાર્યયુક્ત રત્નસિંહાસન પર ઉત્કૃષ્ટ ૧૭૦ ભગવાન આવે.

(૨) એમની દરેકની પાછળ સુવર્ણકમળ પર ૫-૫ લાખ કેવળજ્ઞાની આવે.

(૩) એમની પાછળ ૫૦-૫૦ ક્રોડ મુનિઓ ઊભા જોયા કરવાના.





## ૬૬ આમાં તારી પરિણતિ સુધરે ? કે બગડે ?

દુન્યવી સંયોગો જેટલું આપણું બગાડે છે એનાં કરતાં આપણી અજ્ઞાનદશા આપણું વધારે બગાડે છે. આપણી અજ્ઞાન દશાથી (૧) આપણે સુખનાં સંયોગોમાં સુખના ટકા કાપી નાખીએ છીએ, અને (૨) દુઃખના સંયોગોમાં દુઃખના ટકા વધારી દઈએ છીએ. એટલું જ નહિ, પણ (૩) આપણી અજ્ઞાનદશાથી જ આપણે અશાંતિ ઊભી કરીએ છીએ, (૪) આપણે તામસ ભાવથી દિલ કાળું કરીએ છીએ, (૫) કર્મના જાલિમ બંધનોએ બંધાઈએ છીએ, અને (૬) એવા પાપાનુબંધ એટલે પાપબીજ ઊભા કરીએ છીએ કે જે આપણને ભાવી ભવોમાં પાપિષ્ઠ બનાવે. આ બધું આપણી અજ્ઞાનદશાથી.

જગતનાં સંયોગો કર્માનુસાર મળે છે. શુભ કર્મના ઉદયે સારા સંયોગ અને અશુભ કર્મના ઉદયે નરસા સંયોગ મળે છે. દા.ત. શુભકર્મ પુણ્યનો ઉદય હોય તો સારા પૈસા મળે, સન્માન મળે, પત્ની પુત્રાદિ પરિવાર મળે. શરીર સારું મળે, મનગમતા ભોગ-ઉપભોગના વિષયો મળે, ચાર માણસો પર આપણો પ્રભાવ પડે, આપણો પડતો બોલ ઝીલે. એથી માણસ સુખ અનુભવે છે કે દુઃખ ? સુખ. પરંતુ જો અજ્ઞાનદશા હોય છે તો સુખના ટકા કાપી નાખે છે. અરે ! કદાચ સુખને બદલે દુઃખ અનુભવે છે. એ આ રીતે,-

માણસ જો પોતાના પૈસા કરતા વધારે પૈસાવાળા બીજાને જોઈ ઈર્ષ્યા કરે છે, અગર દિન-નિરાશ-ઓશિયાળો બને છે, અથવા કશુંક અણગમતું બની મન સંતાપમાં પડે છે, તો આ સંતાપ-ઈર્ષ્યા દીનતા આદિ ભાવો નિશ્ચિન્ત સુખનો અનુભવ નથી કરવા દેતા, સુખના ટકા કાપી નાખે છે, મનમાં દુઃખનો અનુભવ કરાવે છે.

એમ પૈસા વગેરે સારું મળ્યા પર એ નહિ પામેલા જીવો પર જો રોફ-રોષ-તોછડાઈ-ધમધમાટ કરાવે છે, તો પણ જીવને ઉકળાટ-વ્યાકૂળતા રહેવાથી હૈયે ઠંડક નહિ, એટલે નિશ્ચિન્ત સુખનો અનુભવ નહિ, સુખના ટકા કપાય, ઊલટું એ અભિમાનમાં જો ક્યાકંથી લપડાક પડી, તો દુઃખનો અનુભવ થાય છે.

ત્યારે જો દુન્યવી સંયોગોમાં ગરીબાઈ, ઓછા પૈસા હોય, માન-સન્માન નહિ, લમણાફોડિયું કુટુંબ, દુબળું શરીર...વગેરે વગેરે મળ્યું હોય, તો અજ્ઞાનદશાથી



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

જીવ દીનહીન બને છે, બળતરા કરે છે, નીસાસા નાખે છે, હાયવોય કરે છે, સુખી પર દ્વેષ કરે છે,...ને એ રીતે મળેલા સંયોગોમાં શક્ય સુખાનુભવને પણ ગુમાવે છે; મન દુઃખિત રહે છે. દુઃખના ટકા વધારી દે છે. દેખાય છે કે જે કોઈકને આવી દીનહીનતા કે બળતરા-નીસાસા-હોયવોય નથી એને એવું દુઃખ નથી લાગતું.

અજ્ઞાન દશાવાળાનો મરો છે. સુખાનુભવ ગુમ, દુઃખાનુભવ ડગલે-પગલે, ને આર્તધ્યાનથી તિર્યંચગતિયોગ્ય કર્મબંધ તેમજ એવા હાયવોય-ઈર્ષ્યાદિના કુસંસ્કારોનો વારસો ઊભો થાય છે, જે અહીં અંત સુધી ને પછીના ભવોમાં ભોગવવાનો.

આ અજ્ઞાનદશા શી વસ્તુ છે ? આ જ કે પોતાના અંતરંગ આત્મદ્રવ્યનું ભાન નહિ, એના શુભાશુભ કર્મસંચયનું ને શુભાશુભ પરિણતિનું ભાન નહિ; ભાન માત્ર બાહ્ય કાયાનું, બાહ્ય ઈન્દ્રિયોનું, તે એની જ અનુકૂળતા અને સુખશીલતા જોયા કરાય છે. એમ આ ભાન સાથે અંહત્વનું જોર હોય છે, તેથી એ હું પદમાં દિલની અંદર ઈર્ષ્યાદિ સળગ્યા કરે છે. એથી આ સમજાશે કે આ અજ્ઞાનદશા ટાળવા માટે સ્વાત્માનું ભાન જોઈએ. એ આત્મભાન આપણને ખરેખર જાગતું છે એનો વિશ્વાસ તો જ રખાય કે આપણે આપણા આત્માની પરિણતિની મુખ્ય તપાસ રાખી એ બગડે નહિ એની આપણને ચિંતા અને કાળજી સાવચેતી હોય. જ્યાં આત્મપરિણતિની ચિંતા રહ્યા કરી, ને એ ન બગાડવાની સાવચેતી રાખી એટલે પછી દેહસુખ-દુઃખ ને ઈન્દ્રિયસુખ-દુઃખ ગૌણ બની જશે; પોતાના આત્માની પરિણતિ બગાડીને એ સુખ મેળવવા કે એ દુઃખ ટાળવાનું નહિ ગમે. એમ એ શરીર-ઈંદ્રિય-મનના સુખ-દુઃખની ખાતર આત્મપરિણતિ બગાડવાનું નહિ પાલવે.

આ શુભ સ્થિતિ ઊભી કરવી હોય તો પ્રસંગ-પ્રસંગમાં દિલમાં જે ભાવ જાગે છે એના અંગે પોતાના જીવને આ પૂછવું જોઈએ કે 'આમાં તારી પરિણતિ બગડે ? કે સુધરે ? આ પ્રશ્નને જીવનસૂત્ર બનાવી દેવું ઘટે, જેથી વારેવારે એ મનમાં આવ્યા કરે.

આ સૂત્રસ્મરણનું સુખદ પરિણામ કેવું કે દા.ત. બીજાના અધિક પૈસા પર ઈર્ષ્યા કે દીનતા ઊઠતાં જ જીવને પૂછાશે 'આમાં તારી પરિણતિ સુધરે ? કે બગડે ?' જવાબમાં દેખાશે કે 'પરિણતિ બગડે. તો પછી જ્યાં બીજું કશું વળવાનું નહિ, ઈર્ષ્યા-દીનતાથી પૈસા વધુ મળવાનો નહિ, ત્યાં પોતાની કિંમતી પરિણતિ બગાડવાનું શું કામ ?' - એ સમજથી ઈર્ષ્યા-દીનતાથી પૈસા વધુ મળવાના નહિ, ત્યાં પોતાની કિંમતી પરિણતિ બગાડવાનું શું કામ ?'- એ સમજથી ઈર્ષ્યા છોડી પ્રમોદભાવના પકડાશે, ઓછા પૈસાની દીનતા છોડી કિંમતી દેવ-ગુરુ-ધર્મઝવેરાત મળ્યાનો આનંદ અનુભવાશે. એ પ્રમોદભાવના અને આનંદમાં પરિણતિ સુધરવાની.



એમ, માનો કે કાંઈ પ્રતિકૂળ અણગમતું થયું ત્યાં મન સંતાપ કરવા જાય કે બીજા પર દ્વેષ-ગુસ્સો-રોફ કરવા જાય, પણ એ જ વખતે આમાં તારી પરિણતિ બગડે કે સુધરે ?' એ સૂત્ર જીવને પૂછવાથી મન એ દ્વેષાદિ કરવાથી પાછું પડે, મનને થાય કે બહારનું તો કર્મના વાંકે બગડે છે, પણ એમાં મારી પરિણતિ શું કામ બગાડું ? આ રીતે ભિન્ન-ભિન્ન પ્રસંગે પરિણતિ સુધરતી જવાને અવકાશ રહેશે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૧,અંક-૨૯,તા.૧૪-૪-૧૯૭૩

## ૬૭ ધર્મ અને ધન, બેમાંથી શું જતું કરીને શું જોઈએ ?

**जैनधर्म-विनिर्मुक्तो मा भुवं चक्रवर्त्यपि ।**
**स्यां चेटोऽहं दरिद्रो, वा जिनधर्माधिवासितः ॥**

અઢાર દેશના સમ્રાટ રાજા કુમારપાળ આ શ્લોકથી આ ભાવના વ્યક્ત કરે છે.

''મને મોટું ચક્રવર્તી પદ મળતું હોય, કિન્તુ જૈનધર્મ ન મળતો હોય તો તે મારે ન ખપે; અને કદાચ મારે દાસ બનવું પડતું હોય, કે નિર્ધન ગરીબ બનવું પડતું હોય, પણ હું જૈન ધર્મથી સુવાસિત દિલવાળો બનતો હોઉં, તો તે મારે ખપે.

અર્થાત્ મારી સામે બે વસ્તુ ધરવામાં આવે, ચક્રવર્તીની અથાગ સંપત્તિ-સત્તા-સન્માન, અને જૈનધર્મ, અને કહેવામાં આવે કે 'તને આ બેમાંથી માત્ર એક મળશે, તો જે એક જોઈએ તે માગી લે;' તો હું જૈનધર્મની જ પસંદગી કરી તેજ માગું છું; પછી ભલે સત્તા સંપત્તિ ન મળતાં કોઈના વાસણ માંજનારું, ઝાડુ કાઢનારું, કે ઢોર ચરાવનારું દાસપણું મળે, યા સાવ નિર્ધન દરિદ્રનારાયણપણું મળે.''

કુમારપાળની આ ભાવનાનો અભ્યાસ કરવા જેવો છે. પરલોક જવું પડવાનું છે, ત્યાં શું જોઈએ છે ? 'સત્તા અને સમૃદ્ધિ ? કે જૈનધર્મ ? એમ નથી સમજવાનું કે 'સત્તા-સમૃદ્ધિ જ માગી લઈએ, પછી જૈનધર્મ પામવાનું તો આપણા હાથમાં છે તે પામી લઈશું' ના, કેમકે ધર્મ વિનાની એકલી સત્તા- સમૃદ્ધિ મંગાય, તે તો એની લંપટતાવાળી માગી કહેવાય, અને એ માગણીમાં તો એ પૌદ્ગલિક વસ્તુઓની ઉત્કટ આશંસાનું ઝેર છે. એવી લંપટતા-આશંસાને લીધે એ સત્તા-સમૃદ્ધિ એવા મળે કે જીવ એમાં ખાસો લંપટ અને તીવ્ર આસક્ત બની જવાથી ધર્મ સુઝે જ નહિ. આજે આવા કેટલાય શ્રીમંત દેખાય છે કે જેમને સમૃદ્ધિવૈભવના એવાં ઝેર ચડ્યાં



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

છે કે એમાં ધર્મ સૂઝતો જ નથી.

સારાંશ, ધર્મ સૂઝવાનું હાથમાં નથી, જો મળેલી સંપત્તિમાં તીવ્ર આસક્તિ-લંપટતા છે. એવી આસક્તિ ન હોય તો જ ધર્મ સુઝે; અને એવી આસક્તિ ત્યારે જ ન હોય કે અહીં દિલમાં સત્તા-સંપત્તિ કરતાં ધર્મનું ઊંચું મહત્ત્વ માન્યું હોય. દિલ એમ સચોટ પોકારતું હોય કે ધર્મ કિંમતી છે, ધન કે સત્તા નહિ;' તો જ ભવાંતર માટે ધન જતું કરીને પણ ધર્મ પામવાની જ ધગશ રહે, પરંતુ ધર્મ જતો કરીને ધન પામવાની લેશમાત્ર ઇચ્છા ન રહે.

આપણે આપણા જીવનમાં આ તપાસવા જેવું છે કે આપણા મનમાં કોનું મહત્ત્વ છે, ધનનું કે ધર્મનું ? અર્થાત્ આપણે સાચા શ્રીમંત ધનથી છીએ કે ધર્મથી ?' રાજા કુમારપાળ એટલી મોટી સત્તા-સંપત્તિ પામેલા છતાં પોતાને જૈનધર્મ મળ્યાથી જ અને જીવનમાં જૈનધર્મ ઉતર્યાથી જ પોતાની જાતને શ્રીમંત માનતા.

એટલે જ એકવાર કુબેરશેઠ અપુત્રિયો મર્યાનું કહી મહારાજને એનું ક્રોડોનું ધન, રાજ્યરિવાજ મુજબ તાબે કરી લેવા સૂચવ્યું, ત્યારે કુમારપાળે જોયું કે સામે બે ચીજ છે, એક બાજુ ક્રોડોનું ધન, ને બીજી બાજુ કુબેરની પાછળવાળી પત્ની-માતા વગેરેની દયા-કરુણા સમસ્યા આવી ઊભી,-બેમાંથી શું પસંદ કરવું ? (૧) મરેલાનું ધન લેતા મરનારની પાછળવાળા ભારે કલ્પાંત કરી ત્રાસ અનુભવે એમાં એની દયાનો ધર્મ ગુમાવી નિષ્ઠુરતા અપનાવવી પડે. (૨) હવે જો એ દયાધર્મ જોઈતો હોય તો ક્રોડોનું ધન મળતું જતું કરવું પડે. કુમારપાળે હંમેશને માટે અપુત્રિયાનું ધન ન લેવાની પ્રતિજ્ઞા કરીને ધન જતું કરીને મરનારની પાછળવાળાની દયા-કરુણા અપનાવી.

સત્તા-સંપત્તિ મૂકી ધર્મ પસંદ કરવાનું એક જ કારણ છે કે (૧) જીવને શાન્તિ ધર્મથી મળે છે, સત્તા-સંપત્તિથી નહિ. એમ (૨) સદ્ગતિ ધર્મથી મળે છે, સત્તા-સંપત્તિથી નહિ. (૩) ભવની પરંપરા સુધરવાનું અને અંતે જનમ-મરણના ફાંસલાનો અંત આવવાનું ધર્મથી બને છે, સત્તા-સંપત્તિથી નહિ. ભરત ચક્રવર્તીએ એ અંત આણ્યો તે ચક્રવર્તીની સત્તા અને અફાટ સમૃદ્ધિના હિસાબે નહિ. કિન્તુ દિલમાં ધર્મ વસેલો હતો એના હિસાબે. આરિસા ભવનમાં ધર્મભાવનામાં ચડ્યા તે સત્તા-સંપત્તિને વિસારી મૂકીને જ ચડ્યા. એ પણ તો જ બન્યું કે તે પૂર્વે ચાલુ જીવનમાં ધર્મ જ કિંમતી સમજતા, 'સત્તા-સમૃદ્ધિ તો કુછ નહિ, એ તો મારનારી છે' એમ સત્તા-સમૃદ્ધિને કિંમત વિનાની અને આત્મઘાતક લેખતા હતા તેથી.

આ પરથી સાર આ લેવાનો છે કે આપણે મન ધર્મનું જ મહત્ત્વ અંકિત કરવા જેવું છે. તે એટલે સુધી કે ધર્મ એ કોહિનૂર હીરો લાગે; અને એની સામે



સત્તા-સન્માન-સંપત્તિ પરિવાર વગેરે તો કાચના ટુકડા બરાબર લાગે. એ મળ્યા હોય એ કદાચ તત્કાળ છોડી દેવાનું ન બને, અરે ! નથી મળ્યા ને લેવા જવાનું ય બનતું હોય, કિન્તુ મનને એ કાચ ટૂકડાઓ જેવાનું મહત્ત્વ નહિ. મહત્ત્વ કોહિનૂર હીરા જેવા દયા-દાન-શીલ, ત્યાગ-તપ, જિનભક્તિ-સાધુસેવા વગેરે ધર્મનું.

મનનું આ ધોરણ નક્કી થઈ જાય પછી એનો પડઘો એવો પડે કે દા.ત. મોંઘવારીમાં દુનિયા રોતી હોય પણ આપણે સ્વસ્થ-ઉદાસીન મસ્ત હોઈએ તે એ સમજથી કે મને કોહિનૂર હીરા જેવા દેવ-ગુરુ ધર્મ મળ્યા છે એ મારે મહાસંપતિ, મહાઆશ્વાસન છે. પછી કાચના ટુકડા ઓછા મળ્યા કે રાશિ મળ્યા એમાં રોવાનું શું ? મારી પાસે દેવ-ગુરુ-ધર્મ છે. તો મારે કશી કમીના નથી. ધર્મથી મારો ભાવી અનંતકાળ સુધરી રહ્યો છે, ઉજ્જવળ બની રહ્યો છે, તેમ અહીં પણ ધર્મમાંથી મને ગજબ આશ્વાસન મળે છે, મહા-પુરુષો રામ-સીતા, નળ-દમયંતી વગેરેના આલંબને સુંદર સમતાભાવ અને મનની બાદશાહી મળે છે, મારે શી ફિકર ? ભાગ્ય ફેરવી શકાતું નથી, પણ ધર્મબળ વધારી શકાય છે.

આ હિસાબે ધન-માલ વગેરે જતું કરીને પણ ધર્મ અપનાવવો એમાં જ બુદ્ધિમત્તા છે, એમાં જ આત્માનો ઉદય છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૧,અંક-૩૦,તા.૨૧-૪-૧૯૭૩

## (૬૮) વાળા કૂંચીનો જુલ્મ મૂર્તિમાં ભગવાન દેખાય છે ?

આજે જિનમંદિરોમાં ભગવાન પર જે રીતે વાળાકૂંચીનો ઉપયોગ થઈ રહ્યો છે, એ જોતા દિલ કંપી ઊઠે છે 'અરરર ! તરણતારણ પરમાત્માની આ વિટબંણા ?'

શું પૂજારીએ કે શું અણઘડ શ્રાવકો, એ વાળાકૂંચીને પકડી મજબુત બાવડેથી જે એના ગોદા ભગવાન પર લગાવે છે, જાણે કોઈ કાટખાંધેલા લોટાને કે મેલ ચોંટેલા ઓટલાને સાફ ન કરતા હોય ! શું એમને એ ખ્યાલ રહેતો હશે ખરો કે **જેને હું આ કડક વાળાકૂંચીથી ગોદા મારું છું એ સામે હાજરાહજુર ભગવાન છે, પણ ધાતુ કે પાષાણ નહિ.**

વાળાકૂંચીના ઘસરકા કેવા જોરદાર લગાવાય છે ? એ વાળાકૂંચી પોતે થોડા દિવસોમાં ઘસાઈ જવાથી સમજાય એવું છે. એટલે તો પૂજારી થોડા થોડા દિવસે વાળાકૂંચી ઉપર લપટેલા દોરીના આંટામાંથી એકેક આંટો છોડતો આવે છે. તેમજ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

ધાતુના કે પાષાણના નાના જિનબિંબનાં આંખ-કાન-મોં-નાક-આંગળીની રેખાઓ લાંછન, ધર્મચક્ર વગેરે જતે દહાડે ઘસાઈને સાફ થઈ જાય છે. આ પ્રભુની આશાતના નથી ? બચાવ કરે છે કે ખૂણામાં ક્યાંક જરાક કેશર ભરાઈ ગયેલું કેમ નીકળે ?' પણ જરા કેશર રહી ગયું એ મોટી આશાતના ? કે તરણતારણ ભગવાનના આંખ-નાક વગેરે અંગોપાંગ સાવ નષ્ટ થઈ જાય એ મોટી આશાતના ? મોટી આશાતના કંઈ ?

કોઈ જુલ્મી રાજાની સજા પામી કોઈ માણસના નાક-કાન હોઠ કાપી લેવાયા હોય, ને આંખ ફોડી નખાઈ હોય અને રહેલા એ બધા કાણાં સીવી લેવામાં આવ્યા હોય, ને જેવો એ દેખાય, એવી વાળાકૂંચીના ઘસરકા ઠોકી ઠોકી ભગવાનની દશા કરાય, એ શું ભગવાનને સજા નથી ? 'પ્રભુ ! તમે ભગવાન કેમ થયા ? લ્યો, તમે પૂજ્ય ભગવાન છો માટે તમને આ રીતે અમે પૂજવાના, જે અમારા મનથી પૂજા, પણ ખરી રીતે એમાં તમને ગોદા લાગતાં હોય ને આંધળા, નાકકટ્ટા વગેરે બનવું પડતું હોય.' ત્રણ જગતના નાથને આ કેવી વિટંબણા ?

શાસ્ત્રે વાળાકૂંચીનો ઉપયોગ ખાસ જરૂરી પ્રસંગમાં અને તે પણ ખૂબ જયણાપૂર્વક કરવાનો કહ્યો છે. જયણા આ કે વાળાકૂંચી વાપરતા પહેલાં મોટો મુલાયમ સરબતી-મલમલનો ટૂકડો પાણી ભરેલી કૂંડીમાં ઝબોળી એનાથી પ્રભુના અંગ પર છબછબિયાં કરાય, તેથી બધું કેશરસુખડ પલળી પલળીને નીકળી જાય; પછી ખૂણામાંથી કેશર ન જ નીકળે ત્યાં વાળાકૂંચી અડાડી એટલી આસ્તેથી ખૂણામાં કેશર ઉપાડી લેવાનું કે જરાય અવાજ ન થાય. આજે આ રીતે જયણા ક્યાં સચવાય છે ? આજે તો મજબુત બાવડે ગોદા મારવાનું ને ઘસાઘસ કરવાનું ચાલે છે. જાણે સામે ભગવાન નહિ પણ ધાતુ કે પાષાણ છે ! આ પ્રભુની પૂજા ? કે વિટંબણા ?

સંઘના શિરછત્ર એમની આ વિટંબણા થતી હોય એમાં સંઘનો ઉદય શી રીતે થાય ?

અસલ વાત આ છે, કે સામે ખાલી ધાતુ પાષાણ કે મૂર્તિ નથી, પરંતુ ખરેખર જીવંત ભગવાન બેઠા છે. એવું દર્શન થાય છે ખરું ? જો ના થતું હોય તો એ વિના તો ભગવાન સાથે હૈયાના તાર ક્યાંથી મળવાના હતા ? પ્રભુનાં સ્તુતિ-સ્તવન અને પ્રભુની જન્મ-રાજ્ય-શ્રમણ તથા તીર્થંકર પદસ્થ અવસ્થાની ભાવનામાં પ્રભુ સાથે વાત ક્યાંથી થવાની ?

અરે ! પ્રભુને સાક્ષાત્ બિરાજમાન ન જોવાય ત્યાં સુધી એમનો વિનય પણ શી રીતે કરાશે ? શરણું શી રીતે લેવાશે ? કે એમની આગળ દિલ ગદ્ગદ પણ



શી રીતે થવાનું ? પિતા ગુજરી ગયા પછી તરતમાં પિતૃભક્ત પુત્ર પિતાના ફોટામાં પિતાને સાક્ષાત્ જોઈ ગદ્ગદ થઈ કલ્પાંત કરે છે, હૈયું ગદ્ગદ કરે છે.

અંબિકા પદ્માવતી વગેરે દેવીને માનનારા એની મૂર્તિ કે ફોટા આગળ પૂજન-પ્રાર્થના કરતાં ગદ્ગદ થઈ જાય છે તે દેવીને સાક્ષાત્ જીવંત ઊભેલાં કે બેઠેલા કલ્પીને.

તાત્પર્ય, મૂર્તિમાં પ્રભુને સાક્ષાત્ જોવાના છે. ભાવિક દિલ આંખ મીંચીને ધ્યાન દ્વારા જો કલ્પનામાં ભગવાનને સાક્ષાત્ જોઈ શકે છે, તો મૂર્તિમાં કેમ ન જોઈ શકાય ? મૂર્તિમાં તો આપણે જોવા હોય તો હાજરાહજુર જીવંત પ્રભુ સુતરામ્ જોઈ શકીએ.

એ જોવાનો મહાન લાભ છે. જાણે પ્રભુ વિચરતા આવીને આ સમવસરણ પર બેઠા. હેઈ...દેવતાઓ ઉપરથી ઊતરી રહ્યા છે. ઈન્દ્ર ચામર વીંજી રહ્યા છે. ઝરમર પુષ્પવૃષ્ટિ થઈ રહી મઘમઘ સુવાસ ફેલાઈ રહી છે. હેઈ... પશુ પણ આવી રહ્યા છે, ને આ સિંહ-હરણ, વાઘ-બકરી, સાપ-નોળિયો, ઉંદર-બિલાડી પ્રભુની સામે ગોઠવાઈ ગયા ! માણસોની ઠઠ જામી છે. પ્રભુની દેશના પર કેઈ ઊઠી ઊઠી પ્રભુનું શરણુ લે છે. વાહ મારા પ્રભુ ! કેવી તમારી બલિહારી ! પ્રભુ ! તો પછી મને ન તારો ? હું પાપી છું દુઃખી છું. કામ ને ક્રોધ અભિમાન ને આસક્તિ, મને બહુ સતાવે છે. એથી વિચાર-વર્તાવમાં સેંકડો ગમે પાપ કરું છું મારા નાથ ! આપ અને આપનું જીવન મારા દિલમાં એવા વસી જાઓ કે મારી પાપિષ્ઠતા ભાગી જાય. પામરતા ખંખેરાઈ જાય. સત્ત્વશાળી બની કામ-ક્રોધાદિને કચરી નાખું..." આમ ભગવાનને સાક્ષાત્ કલ્પી દિલ ઠાલવી શકીએ.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૧,અંક-૩૧,તા.૧૪-૪-૧૯૭૩

## ૬૯ લગનની વેળા વીતી ગઈ

**જિમ કોઈક નર જાન લઈને, આવ્યો કન્યા રાગે;**
**સરસ આહાર નિદ્રાભર પોઢ્યો, કરડ્યો વિષયા નાગે.**
**જીવડા ! વિષમ વિષયની હેવા, ત્યજી કાં ન જાગે ?**

કવિ શ્રી જિનવિજયજી આ ગાથામાં જીવને ઈન્દ્રિયોના વિષયોની લત છોડાવવા જે દૃષ્ટાન્ત આપે છે, એનું આ કલ્પનાચિત્ર બની શકે,-



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

એક ભાઈમાં હોશિયારી ઘણી, દેખાવ રૂપાળો, ધંધે રોટલા સારા કાઢે, પણ પૈસાની એવી મૂડી નહિ, તેથી એને સારા ઘરની કન્યા નહોતી મળતી ? એમાં એકવાર પરગામથી એમનો સંબંધી આવ્યો. એને દુઃખ થયું કે આને કન્યા નથી મળતી ? એણે આશ્વાસન આપ્યું કે 'હું મારા નગરમાં પ્રયત્ન કરીશ. એક શેઠ મૂરતિયો શોધી રહ્યા છે, એને તારા માટે પાણી ચડાવી દઈશ.' ભાઈને એ સાંભળી તાળવે ગોળ ચોંટયો.

પેલા સંબંધીએ પોતાના નગરમાં જઈ એ શેઠને અવસર પામીને વાત કરી કે 'તમે ફાંફા શું મારો ? હું તમને સારામાં સારો હોશિયાર, ભણેલો, રૂપાળો, ગુણિયલ અને ખાનદાન ઘરનો મુરતિયો બતાવું.' શેઠ રાજી થઈ કહે 'બતાવો ને ભાઈ ! આ કહે 'પણ શેઠ ! એ રોટલો રળી ખાય છે, પૈસાદાર નથી ! શેઠ કહે 'ફિકર નહિ પૈસા તો હું એને રળાવી દઈશ' થયું, એણે નામઠામ આપ્યા મુજબ શેઠે તપાસ કરાવી પેલાને પાસ કર્યો, અને અમુક દિવસે લગ્ન પણ નક્કી કર્યા.

હવે આ મુરતિયો-વરરાજા બની જાન લઈને ત્યાં એ નગરમાં પરણવા ગયો. શેઠે સ્વાગત કરી ગામ બહાર ગામ દરબારી બંગલામાં ઉતારો આપ્યો. બધી પૂરી સગવડ સરભરા કરાવી. એમાં કચાશ ન રાખી. પાછું, એ સરભરા બરાબર છે ને, એ જોવા શેઠ ઉતારે આવ્યા. બધું જોઈ કરી એમણે એક સૂચના કરી કે 'આ બંગલાના ખૂણે આવેલી ઓરડીમાં બગીચાની સુગંધિદાર ઠંડા પવનની લહેરી સારી આવે છે, પણ એ એટલા માટે બંધ રાખી છે કે ત્યાં કોઈકવાર ગમે ત્યાંથી એક સાપ આવી જાય છે. માટે કોઈ એને ખોલશો નહિ.'

બાદ, જમણ અપાયું, શેઠે જાતે ઊભા રહી આગ્રહથી બધાને જમાડ્યા. વરરાજાએ પણ આગ્રહવશ જરા ઠીક ઠીક દાબ્યું. બસ, શેઠ ગયા, જાનૈયા આડા પડ્યા, વરરાજા મોટા બંગલાને જોવા નીકળ્યો, પેલી ખૂણાની ઓરડી પાસે આવતાં એને કૌતુક થયું કે જોઉં તો ખરો, બહાર વૈશાખ માસની ગરમી છે, તો આ ઓરડીની અંદર ઠંડા સુવાસિત પવનની લહેરી કેવીક આવે છે !' ભાઈએ હાથમાં લાકડી રાખી સાંકળ ખોલી હળવેથી બારણું અંદર ધકેલ્યું જોયું તો સાપ તો કાંઈ હતો નહિ, અને ઠંડા સુગંધિત પવનની લહેરી આવતી હતી. ભાઈ અંદર પેઠા, ખાટલો જોઈ એના મનને થયું કે 'લાવને, જરા બેસી પવન ખાઉં. એટલામાં શાનો સાપ આવે છે ? ને દૂરથી આવતો દેખાશે તો ઝટ ઊઠી બહાર નીકળી બારણું વાસી હોલમાં જતો રહીશ.'

થયું, ભાઈ ખાટલા પર ભીંતે અઢેલીને બેઠા ઠંડો પવન ખાઈ રહ્યા છે. સાપ



ન આવી જાય એ જોવા ડોળા ફાડેલા રાખ્યા છે, પવનની લહેરીમાં મસ્ત બની ગયા છે. માદક ભોજન દાબીને ખાધેલું, ને પાછા ભીંતને અઢેલીને બેઠેલા, તે ઘેન ચડ્યા વિના રહે ? આંખ મિંચાઈ ગઈ. ભાવીભાવ, તે થોડીવારમાં સાપ નીકળી અંદર પેઠો, આ વરરાજાને ડસી ચાલી ગયો. બસ, ઉગ્ર ઝેર ચડી ગયું, પ્રાણ નીકળી ગયા. કન્યા એને ઠેકાણે રહી ને ભાઈ પરલોકયાત્રાએ ઊપડી ગયો.

આ દૃષ્ટાન્ત થયું. એનો હવે ઉપનય જુઓ. આપણે આપણી જાતમાં જોઈએ તો આપણને સારું જૈનકૂળ, હોશિયારી, પંચેન્દ્રિય પરિપૂર્ણતારૂપી રૂપાળાપણું ને દેવ-ગુરુ-ધર્મ મળ્યા છે. માત્ર આપણામાં તેવી ગુણ-સંપત્તિસ્વરૂપ શ્રીમંતાઈ નથી. છતાં સદ્‌ગુરુની સિફારસે શિવસુંદરી સાથે લગ્ન થવાનાં આમંત્રણરૂપે જિનશાસન મળ્યું છે.

તાત્પર્ય, આપણે શિવસુંદરીને પરણવા માટે ઠેઠ માનવભવરૂપી સસરાના ઘરે શાસનસહિત આવી પહોંચ્યા છીએ. એટલે આ માનવભવમાં લગ્નની વેળા છે. એમાં જો હવે અજ્ઞાન અને મોહમૂઢતારૂપી નિદ્રામાં પડીએ, મનને એમ થાય કે 'એટલામાં મને વિષયોની ગૃદ્ધિ-આસક્તિ શાની ચડી જવાની હતી ? એમ કરી વિષયસંગરૂપી ખાટલામાં બેસીએ, તો એ મૂઢતા યાને મોહદૃષ્ટિભર્યા અજ્ઞાનમાં બેભાન થવાના, અને વિષયોની આસક્તિનું ઝેર ચડી જવાનું. એમાં ભાવપ્રાણરૂપ જ્ઞાનદૃષ્ટિ, વૈરાગ્ય અને ત્યાગ ઊડી જવાના. શિવસુંદરી આમાં કોઈ વરવા આવે નહિ, એ એના ઠેકાણે રહેશે, ને આપણે દીર્ઘ દુર્ગતિઓના પંથે ઊપડી જવાના. આમ લગ્નની વેળા વીતી જશે.

માનવભવ સિવાય ક્યાંય શિવસુંદરી સાથે લગ્ન કરવાની વેળા જ નથી. અલબત અહીં પાંચમાં આરાના કાળમાં સીધા મોક્ષે નથી જઈ શકાતું, છતાં આગળ પર મોક્ષે જઈ શકવા માટેની ભૂમિકા રચવા માટે પણ આર્ય મનુષ્યભવ લગ્નની વેળા જેવો છે, અહીં એ સારું કામ-ક્રોધ-લોભાદિને દબાવી ઉપશમભાવની પરિણતિ ઘડી શકાય; અહંભાવને દબાવી લઘુભાવ તથા અરિહંત-સિદ્ધ આદિનું શરણ મન પર દૃઢ કરી શકાય; વિષયરાગને કચરી શકાય; એ કચરવા ત્યાગ-તપસ્યા-દાન-શીલ-જીવ દયા તથા જિનભક્તિ-સામાયિક-પ્રતિક્રમણ શાસ્ત્રસ્વાધ્યાયાદિમાં પરોવાયા રહેવાય. સત્સંગ-જિનવાણી શ્રવણ-ચિંતન-મનન-ભાવન ખૂબ રાખી શકાય.

આંખ ખુલી છે ત્યાં સુધી જ આ બધાની લગનની વેળા છે; આંખ મિંચ્યે લગનની વેળા વીતી જશે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

## (૭૦) શ્રી સિદ્ધગિરિનો અનંત મહિમા કેમ ? એની પાછળ કેમ ક્રોડો-અબજો રૂપિયા ખર્ચ્યા ?

જૈનશાસ્ત્રો બતાવે છે કે પિતા શ્રી ઋષભદેવ ભગવાને જે શ્રી સિદ્ધગિરિ ઉપર ૯૯ પૂર્વ વાર (૧ પૂર્વ ૭૦,૫૬૦ અબજ; પૂર્વ=૬૯૮૫,૪૪૦ અબજ વાર) પધાર્યા, એ શ્રી સિદ્ધગિરિની યાત્રાએ શ્રી ભરત-ચક્રવર્તી મોટો સંઘ લઈને આવ્યા, સોનાના દેરાસર બંધાવ્યા, રત્નનાં જિનબિંબ પધરાવ્યા, અબજો રૂપિયાનો ખર્ચ કર્યો, શા માટે ?

પછી પ્રસંગ પ્રસંગે એ મહાતીર્થના ઉદ્ધાર કરવામાં ભાવિકોએ ક્રોડો અબજો ખર્ચ્યા. એવા જ એની સંઘયાત્રાઓ લઈ આવનારાઓએ ખરચ કર્યા. પરદુઃખભંજન રાજા વિક્રમાદિત્ય જે સંઘ લઈને આવ્યા એમાં ૧ ક્રોડ ૧૧ લાખ તો ગાડા હતા, ને ૫૦૦૦ તો આચાર્ય ભગવંતો હતા; તો એમાં અબજો રૂપિયા ખરચ્યા હોય એ સહજ છે. શા માટે આટલો બધો ખર્ચ ?

વાગ્ભટ (બાહડ) મંત્રીએ તીર્થધિરાજનો પહેલાં જીર્ણોદ્ધાર ઉત્તમ કાષ્ઠ વાપરીને કરાવ્યો. એ પૂર્ણ થયાના સમાચાર લાવનારને મોટી સોનાની જીભ વધામણીદાનમાં આપી. પણ પછી પાછળથી બીજાએ આવી કહ્યું ‘મંત્રીશ્વર ! શિખરમાં પવન પેસી જવાથી શિખર ભાંગ્યા.’ એ સાંભળી બાહડ મંત્રીએ એને બે સોનાની જીભ ભેટ આપી. પાસેનાએ પૂછ્યું ‘આવું વિચિત્ર કેમ ? સારા સમાચાર લાવનારને એક જીભ, ને મોંકાણના સમાચાર લાવનારને બે જીભ ?’ મંત્રીશ્વર કહે ‘સારું થયું કે મને ચેતવ્યો કે જીવતો છું એટલામાં ઉદ્ધાર કાષ્ઠથી નહિ, પણ સંગેમરમરના પાષાણથી કરાવી લે. મારા મર્યા પછી શિખરભંગ થયો હોત તો તને આના ઉદ્ધારનો લાભ ક્યાં મળત ? માટે આવા મહાન લાભનું સૂચવનારને બેવડું ઈનામ” બસ, પછી તો એ ઉપડ્યા. સિદ્ધગિરિએ એકલે પંડે ક્રોડો રૂપિયા ખરચીને જિર્ણોદ્ધારનું કામ કરવું છે, છતાં જુદા જુદા ગામવાળાઓએ આવી આમાં લાભ લેવા ધરણા નાખીને પરાણે મંત્રીશ્વરને આ કાર્ય માટે લાખો રૂપિયા આપ્યા. સવાલ આ છે કે શા માટે આટલું બધું ખરચવાની ઊલટ ?

છેલ્લે મોતીશાહશેઠે કૂંતારસરનો મોટો ખાડો કે જેનાથી દાદાની ટૂંક અને પેલી બાજુની ટૂંકો એમ બે ભાગ પડી જતા હતા, તે ખાડો પૂરાવી સળંગ જમીન



કરાવી. એના પર ભવ્ય ટૂંક બંધાવી. અઢળક નાણું ખરચ્યું, તે શા માટે ?

જવાબ આ છે કે

**રૂપિયા જતા કરીને દિલમાં શ્રી સિદ્ધગિરિને વસાવી લેવા માટે ક્રોડોના ધન ખરચ્યાં.**

શ્રી સિદ્ધગિરિને દિલમાં વસાવવાથી શું ? આ, કે એના પર અનંતા મોક્ષ પામેલા તે આપણા દિલમાં વસી જાય એ મહાલાભ છે.

શ્રી સિદ્ધગિરિનો મહિમાં અપરંપાર છે, કેવળજ્ઞાની ભગવાન પણ પૂરો ન વર્ણવી શકે.

**‘એ ગિરિવરના ગુણ ઘણા એ, નાણીએ નવિ કહેવાય, પૂજો ગિરિરાજને એ.**
**જાણે પણ નવિ કહી શકે એ, મૂક-ગૂડને ન્યાય, પૂજો ગિરિરાજને એ.**

કેવળજ્ઞાની અનંતજ્ઞાનમાં ગિરિરાજનો અનંતમહિમા જાણે ખરા, પરંતુ જેમ મૂંગો માણસ ગુડ-ગોળનો સ્વાદ જાણે પણ કહી ન શકે, એમ કેવળજ્ઞાની પરિમિત આયુષ્યમાં પરિમિત શબ્દોથી એ અનંતમહિમાને વર્ણવી શકે નહિ.

ગિરિરાજનો અનંતમહિમા શી રીતે ? આ રીતે કે

**‘નિજ સાધ્ય-સાધન-શૂર મુનિવર કોડિનંત એ ગિરિવરં, મુક્તિરમણી વર્યા રંગે, નમો૦’**

પોતાનું સાધ્ય મોક્ષ સાધવામાં શૂરવીર એવા અનંતા ક્રોડો મુનિવરો એ ગિરિરાજ ઉપર ઉત્સાહથી મુક્તિસ્ત્રીને વર્યા. શ્રી પુંડરીક ગણધર સાથે ૫ ક્રોડ, દ્રાવિડ-વારિખિલ્ય સાથે ૧૦ ક્રોડ, શાંબ-પ્રદ્યુમ્ન સાથે ૮ાા ક્રોડ, એમ લોટબંધ ક્રોડો મુનિઓ અનંતીવાર ત્યાંથી મોક્ષે પધાર્યા. આ દરેક મુનિને કર્મનો ભુક્કો કરવા જે શુભ ચિત્ત પરિણામની ધારા ચડી, એ પરિણામની વિશુદ્ધિના તે તે રસની અપેક્ષાએ જુદા જુદા અનંતા મુનિઓને જુદી જુદી અનંત વિશુદ્ધિ થઈ. ચિત્તપરિણામની આ અનંત વિશુદ્ધિઓ કોણે કરાવી ? કહો, ગિરિરાજે. તેથી એ દરેક વિશુદ્ધિ કરાવવાનો ગિરિરાજનો ૧-૧ મહિમા ગણતાં અનંતાના અનંત મહિમા થયા.

આવા અનંતમહિમાવાળા શ્રી સિદ્ધગિરિને હૈયે વસાવી દેવા માટે ભાગ્યવંતોએ ક્રોડો-અબજો રૂા. ખરચ્યા

પ્ર.- શું રૂપિયા ખરચ્યા વિના હૈયામાં શ્રી સિદ્ધગિરિનું વારંવાર ધ્યાન ધર્યું હોત તો એ હૈયે ન વસી જાત ?

ઉ.- ના, રૂપિયા રાખી મૂકીને ધ્યાનથી પતાવવું છે, એનો અર્થ એ, કે હૈયે શ્રી સિદ્ધગિરિ કરતાં રૂપિયા પર વધારે મમત્વ છે. તો જે હૈયામાં આ રૂપિયા જોરદાર વસેલા હોય એ હૈયામાં શ્રી સિદ્ધગિરિને વસવા માટે જગા જ નથી.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

હૈયામાં વસેલા એ રૂપિયા શ્રી સિદ્ધગિરિને માંહી પેસવા ન દે, હૈયામાં વસવા જ ન દે, **હૈયામાં વસી જવાનો અર્થ જ એ, કે હૈયે એના પર જોરદાર મમત્વ રહે.**

પરંતુ 'શ્રી સિદ્ધગિરિ ! તમે વહાલા, પરંતુ તમારા કરતા મારા રૂપિયા મારું શરીર, મારા વિષયોપભોગ મને વધારે વહાલા,' એટલે શ્રી સિદ્ધગિરિ ! તમારી ખાતર મારા ધન-શરીર-વિષયોપભોગને ન તોડી નાખું,' તમારાથી હજી મને રૂપિયા મળતા હો, મારું શરીર તગડું દીર્ઘજીવી થતું હોય, મને સારા વિષયો મળતા હો, તો ભલે મળો, એ મારે ખપે છે. અર્થાત્ તમારી સેવામાં મારા રૂપિયા-શરીર-વિષયો ન કામ લાગો, ઉપયોગી ન થાઓ; પણ એ ધન આદિની સેવામાં તમે ઉપયોગી થતા હો તો એ રૂડું રૂપાળું.'

આમ જો શ્રી સિદ્ધગિરિની સેવામાં, (૧) પાસે રૂપિયા છે છતાં, ખરચવા નથી,(૨) પાસે માનવશરીર છે, છતાં તપથી શરીર સુકાવી નાખવું નથી, (૩) પાસે જે વિષયો છે એના ઉપભોગ છોડી ત્યાગ નથી કરવા, તો આ તુચ્છ ચીજોથી ભરેલા હૈયામાં અનંત મહિમાસંપન્ન શ્રી સિદ્ધગિરિ શી રીતે વસી જાય ?

શું ભીલડાઓથી વસેલા મકાનમાં મોટો ચક્રવર્તી જઈ વસતો હશે ? જે હૈયામાં વહાલથી વેશ્યા વસાવી હોય એ હૈયામાં પોતાની સતી પત્ની વસતી હોય ?

વાત આ છે, પૂર્વજોએ શ્રી સિદ્ધગિરિ પાછળ ક્રોડો અબજો રૂપિયા ખર્ચ્યા તે હૈયામાંથી એનો વસવાટ કાઢી શ્રી સિદ્ધગિરિને હૈયામાં વસાવવા માટે. જેથી અનંતાનો ઉદ્ધારક અનંતાને વિશુદ્ધ પરિણામ કરાવનાર ગિરિરાજ હૈયે વસી જવાથી પોતાને પણ એવા વિશુદ્ધ પરિણામ જાગી જલદી મોક્ષ થાય.

આવું બીજે પણ લાગુ પાડવાનું છે. આત્માના ઉદ્ધારક જિનમંદિર, ભગવાન, ગુરુ, શાસ્ત્ર, પર્વ, સંઘ, ધર્મસ્થાનો વગેરેની સેવામાં પોતાની પાસેના રૂપિયા શરીર, વિષયોપભોગ વગેરે જતા કરવાની તૈયારી હોય, જતા કરાય, તો જ હૈયે ઉદ્ધારક તત્ત્વો ખરેખર વસી જાય. બાકી રૂપિયા શરીર વગેરે બહુ વહાલા કરવાથી એ વસવાના ફાંફા. દા.ત. મહાન પર્વ ચૌદશે પણ હૈયે ઘી-દૂધ-મીઠાઈ વહાલા રાખી એના ત્યાગ નથી કરવા, તો એ હૈયે ચૌદશ શી રીતે મમતાથી વસી જાય ? એવું બીજે. માટે સારી વસ્તુ હૈયે વસાવવા તન-ધન-અમન-ચમનના ભોગ આપવા પડે.





## ૭૧ એકલું ધ્યાન પસંદ પડવામાં શી શી ખરાબી ?

ધ્યાનનો વિષય માણસને બહુ પ્રિય પડી જાય છે. કેમકે એમાં એને તો એમ લાગે છે કે 'મનથી આ સાધવાની વસ્તુ છે, એટલે આમાં કશું બીજું કષ્ટ નહિ; નહિ પૈસા ખરચવાના, નહિ કોઈ શીલ-વ્રત-નિયમ પાળવાના, કે નહિ કોઈ તપસ્યા કરવાની. વળી ન કોઈ ત્યાગ કરવો પડે યા ન કશી ક્રિયા કરવી પડે. ધન વિષયોપભોગ-ખાનપાન-આરામી વગેરે બધું સલામત રહે, ક્રિયાનું કાયકષ્ટ નહિ, વેપારધંધાને આંચ આવે નહિ, ને મનથી ધ્યાન કરી શકાય.' એક તો આમ લાગે; અને બીજું એમ લાગે છે કે છેવટે તો **'મન એવ મનુષ્યાણાં કારણં બંધ-મોક્ષયોઃ'** મન પર જ બંધ-મોક્ષનો આધાર છે. માટે ધ્યાનથી મન ઓમકારમાં, હ્રીંકારમાં, કે પરમાત્મામાં લગાડી દઈએ એટલે પાપના થોક નાશ પામી જાય. શાસ્ત્રમાં કહ્યું છે કે એક ક્ષણ પણ મન પરમાત્મામાં લય પામી જાય, તો બેડો પાર થઈ જાય" આમ હિસાબ માંડવાથી માણસને ધ્યાન બહુ પસંદ પડી જાય છે.

હવે જોવાનું એ છે કે આ હિસાબ અને પસંદગી બરાબર છે કે નહિ ?

**ધ્યાન માટેનો આ હિસાબ ખોટો :-**

આ હિસાબમાં સ્પષ્ટ દેખાય છે કે (૧) દાન-શીલ-તપ, આચાર-ધર્મક્રિયા અને ત્યાગ, આ બધા વિના ચાલે એવો દિલમાં ભાવ છે; 'ચાલે એટલે કે પવિત્ર સાધનાની ઉપેક્ષા છે. (૨) એની સામે પૈસા-વિષયોપભોગ-ખાનપાનની, ને કાયાની સુખશીલતા તથા ધંધોવેપાર આદિની એવી ભારે તૃષ્ણા-મમતા-આસક્તિ છે કે એમાં સ્વેચ્છાએ કશું ઓછું કરવાનું નહિ, કરવાની જરૂર જ લાગતી નથી. એ ભારે આસક્તિ-મમતા છતાં ધ્યાન કરી શકાય છે એવી માન્યતા છે. વળી એ પૈસા વગેરે સલામત રખાય એમાં કશું ખોટું જ લાગતું નથી. પરંતુ આ હિસાબ ખોટો છે. એનું કારણ,

**(૧) જિનાજ્ઞાની ઉપેક્ષા એ પહેલી મોટી ભૂલ :-**

પહેલી વાત તો એ છે કે દાન-શીલ-તપ-ભાવના એ ચાર પ્રકારનો ધર્મ ભગવાન શ્રી તીર્થંકરદેવોએ ફરમાવ્યો છે, અને તે આત્માને સંસારથી છૂટી મોક્ષ પામવા માટે અત્યંત જરૂરી બતાવ્યો છે. જ્યારે 'એના વિના ચાલે' એનો અર્થ તો એ થયો કે એની દિલમાં ઉપેક્ષા છે. એટલે શ્રી તીર્થંકર ભગવાનનાં વચનની ઉપેક્ષા



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

છે. જ્યાં જિનવચનની અવગણના-બેપરવાઈ ઉપેક્ષા હોય ત્યાં ગમે તેવું કલાકો-દિવસો-મહિનાઓ કે વર્ષોનું પણ ધ્યાન ધર્મરૂપ ન બની શકે. **'ધમ્મો આણાએ પડિબદ્ધો'** ધર્મ વીતરાગ સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવાનની આજ્ઞામાં બંધાયેલો છે. એટલે એમની બધી તો શું, કિન્તુ એક પણ આજ્ઞાની ઉપેક્ષા-બેપરવાઈ કરવામાં સર્વેસર્વા-આજ્ઞા-પ્રતિબદ્ધતા રહે નહિ, તેથી ગમે તેવી ધ્યાનસાધના ધર્મરૂપ ન બની શકે.

અલબત આચરણમાં દાન-શીલ-તપ વગેરે ઓછું આરાધાય એમ બને, કિન્તુ ન આરાધી શકાતાની ય ઉપેક્ષા થાય એ ન ચાલે. મન કહે, 'કમનસીબ છું, કે જોઈએ તેવા દાનાદિ નથી સાધી શક્તો. બાકી એ સાધવા માટેની પ્રભુની આજ્ઞા બરાબર જ છે. ક્યારે એવો ધન્ય દિવસ આવે કે જિનાજ્ઞાને સંપૂર્ણ અમલમાં મૂકું ને ઉત્કૃષ્ટ કોટિના દાનાદિ ધર્મ સાધું'. એકલા ધ્યાનની પસંદગીમાં આવો મનનો ભાવ રહેતો નથી; ઊલટું, ધ્યાનથી જ એટલે કે મનથી જ મોક્ષ માન્યો, દાનાદિની જરૂર નહિ માની, એટલે અંતર્ગત રીતે દાનાદિની ઉપેક્ષા આવી, ને એમાં જિનાજ્ઞાની ઉપેક્ષા થઈ, જિનાજ્ઞાની ઉપરવટ થવા જેવું થયું. ગર્ભિત રીતે મનમાં આ બેઠું કે 'જિનાજ્ઞા ભલે દાનાદિ ધર્મ સાધવાનું ફરમાવે, પરંતુ એવું કાંઈ નહિ; એ વિના જ ધ્યાનથી મોક્ષ થઈ શકે છે' આમ એકલા ધ્યાનની પસંદગી પાછળનો હિસાબ ખોટો છે.

**જિનાજ્ઞાની ઉપેક્ષા અને ઉપરવટતામાં ધર્મ કે મોક્ષસાધના હોઈ શકે જ નહિ.**

**(૨) આર્તધ્યાન અને મિથ્યાત્વ એ બીજી ભૂલ :-**

હિસાબ બીજી રીતે પણ આમ ખોટો હોવાનું કારણ એ છે કે પૈસા, વિષયોપભોગ અને ખાનપાન તથા કાયાની સુખ-શીલતા વગેરે સલામત રાખવાની હોંશ રહી અને એમાં કશું ખોટું કે પાપરૂપ લાગ્યું નહિ, એટલે એમાં આર્તધ્યાન અને મિથ્યાત્વ ઘર કરી રહેવાના. કેમકે,

**પૌદ્‌ગલિક ઈષ્ટ વસ્તુઓના સંયોગ મળવાનું કે ટકવાનું તન્મય ચિંતન એ આર્તધ્યાન છે; તેમજ,**

**પૌદ્‌ગલિક ઈષ્ટ વિષયો સલામત રાખવામાં કશું ખોટું ન લાગે એમાં પરિગ્રહપાપ એ હેય-ત્યાજ્યને બદલે ઉપાદેય-આદરણીય લાગ્યા; તેથી મિથ્યાત્વ લાગે છે.**

જ્યાં આર્તધ્યાન સલામત હોય, આર્તધ્યાનના સંસ્કાર સલામત હોય. 'મારે ધન-માલ-કાયાદિને હાશ !,ધક્કો નથી પહોંચતો' એવી કલેજે ઠંડક હોય, ત્યાં



ધર્મધ્યાન શાનું લાગે ? ધર્મધ્યાન-શુભધ્યાનમાં તો મનનો વળાંક આત્માની વિષયાસક્તિ-કષાયાવેશ વગેરે તરફથી ખસી વૈરાગ્ય-ઉપશમ નિર્વિકારતાદિ આત્મગુણો તરફ ઢળતો હોય. એના બદલે મનનો વળાંક જો વિષયાસક્તિ આદિમાં તદવસ્થ ખડો રહેતો હોય તો એવા મનમાં શુભ ધ્યાન પેસે જ શી રીતે ? એવું મન શુભધ્યાનમાં લાગે જ શાનું ? તેમ, વિષય-આરંભસમારંભાદિ પાપો ચાલુ રહે એમાં મનને કશો વાંધો ન લાગે, એ પાપો અકર્તવ્ય ન લાગે, એમાં તો ગાઢ મિથ્યાત્વ ઊભું રહ્યું. આવું ગાઢ મિથ્યાત્વ ઊભું હોય ત્યાં શુભ ધ્યાનનું અસ્તિત્વ જ શાનું ? તામલિતાપસ-ભર્તુહરિ જેવા મિથ્યામાર્ગમાં પડેલા છતાં મંદ મિથ્યાત્વવાળા હોઈ આ પાપોને ભયંકર આત્મઘાતક લેખતા હતા તેમજ એમને સમકિતીની અપેક્ષાએ ઊતરતું પણ શુભ ધ્યાન લાગી શકતું હતું. ત્યારે અહીં એકલા ધ્યાનની પસંદગીમાં તો પાપો સલામત રાખવા છે, એ સલામતની કલેજે ઠંડક રાખવી છે, એવી ઠંડકવાળા મનમાં શુભધ્યાનનો પાયો જ ક્યાં મંડાય ?

શુભ ધ્યાન માટે પહેલું આ જરૂરી છે કે પાપોની બળતરા જોઈએ. આ બળતરા છે ? અનંતા ભૂતકાળમાં ચારિત્ર જેવા ઉત્કૃષ્ટ ધર્મ અનંતીવાર સાધ્યા, એમાં ધ્યાન પણ ક્યાં ઓછા કરેલાં ? પરંતુ વિષયાસક્તિરૂપી પાપની બળતરા નહોતી, તેથી એ ચારિત્ર-સાધના ને એ ધ્યાન બધાં જ નિષ્ફળ ગયાં, આત્માનો લેશ પણ ઉદ્ધાર ન થયો. ત્યાં ચારિત્રમાં દેખીતો વિષયત્યાગ હતો, પણ સરવાળે ઊંચા દેવતાઈ વિષયો કે માન-સન્માનરૂપ વિષયો જોઈતા હતા, દિલના ઉંડાણમાં એની આસક્તિ હતી, તેથી ધ્યાનનો ચાળોમાત્ર થયો, ખરેખર શુભધ્યાન નહિ. તો પછી અહીં પણ એકલા ધ્યાનની પસંદગી પાછળ દિલમાં રહેલા વિષયપ્રેમ પાપપ્રેમ આદિ મલિન ભાવ છતે શુભધ્યાન ક્યાંથી લાગે ?

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૧,અંક-૩૭,તા.૧૬-૬-૧૯૭૩

## (૭૨) શુભ ધ્યાનના ત્રણ ઉપાય : પ્રભુએ ધ્યાન ધરવામાં શું કર્યું ?

શુભ ધ્યાન લગાડવા માટે ૧ અશ્રદ્ધા, ૨ આર્તધ્યાન અને ૩ મિથ્યાત્વ હટાવવાની જરૂર છે. અંધશ્રદ્ધાને હટાવવા માટે પૂર્ણ જિનવચનરાગ જોઈએ.

આર્તધ્યાન મિટાવવા માટે (૧) દાન-શીલ-તપ-ભાવનાધર્મ, (૨) ધર્મક્રિયાનાં કાયકષ્ટ, અને (૩) વેપાર આદિમાં ખૂબ પરિમિતતા તથા (૪) કષાયોના આવેશની



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

અટકાયત જોઈએ. તથા,

મિથ્યાત્વ હટાવવા માટે " (I) આ ચારેય શુભ સાધનાઓ વિના ન જ ચાલે, (II) એ સાધનાઓના વિરોધી ધનપ્રેમ, વિષયરાગ,નિરંકુશ ખાનપાન અને અશુભ સંકલ્પવિકલ્પો-વિકથાકુથલીઓ તથા જગતનું જોવાનો બહુ રસ અને ડાફોળિયાં, ને જ્યાં ત્યાં આંખ નાખવી, વગેરે ગોઝારા છે, અકર્તવ્ય છે. તેમજ (III) કાયાની સુખશીલતા, વેપાર આદિમાં રમણતા અને કામ-ક્રોધલોભાદિ કષાયોના આવેશ મહા આત્મ-ઘાતક છે," એવી દૃઢ માન્યતા જોઈએ.

પૂર્ણ જિનવચનરાગ છે એટલે જિનવચને કહેલું એકલું ધ્યાન જ નહિ પણ એ પહેલાં (૧) દાનાદિધર્મ, (૨) સામાયિક-જિનભક્તિ-શાસ્ત્રસ્વાધ્યાય આદિ ધર્મક્રિયા, (૩) વેપારાદિથી નિવૃત્તિ તથા (૪) ક્ષમાદિ ગુણો અત્યંત જરૂરી છે, એમ લાગશે. જિનવચનરાગથી આ બધા ઉપર પણ અનહદ રાગ રહેશે. પછી મનને એમ નહિ આવે કે 'આ બધાની શી મહત્તા છે ? મહત્તા ધ્યાનની છે, માટે આપણે ધ્યાન કરો' ના, આ વિચાર તો જિનવચનની અશ્રદ્ધાના ઘરનો છે. એટલે એવી અશ્રદ્ધા કેમ કરાય ? જો ધ્યાન એ તારક છે એવી ખબર જિનવચનથી પડી એટલે તો ધ્યાન કરવાનું મન થાય છે, તો પછી જિનવચનનું કહેલું એ માન્ય અને બીજું માન્ય નહિ, એવું કેમ કરાય ?

એટલે પહેલું શુભ ધ્યાન તો આ જ વારંવાર કરવું જોઈએ કે 'અહો ! કેવા અનંત કલ્યાણકર જિનવચન ! કેવા અનંત જીવોને અભયદાન દેવરાવનારાં જિનવચન ! કેવા અનંતા જીવોના ઉદ્ધારક જિનવચન ! જિનેશ્વર અરિહંત તીર્થંકર પણ બન્યા એ જેના આધારે, એ જિનવચન કેટલા ઊંચા મહત્ત્વનાં ? આમ અનંત કલ્યાણ સધાવ્યા, અનંતા જીવોને અભયદાન દેવરાવ્યા, અનંતાના ઉદ્ધાર કર્યા, અને લોકોત્તર પુરુષ પરમાત્મા બનાવ્યા, એ બધું જિનવચને. એકલું ધ્યાન કરાવીને નહિ, પણ ભરચક દાનાદિ ધર્મ, ધર્મક્રિયાઓ, વેપારાદિત્યાગપૂર્વક આત્મગવેષણા અને ક્ષમાદિ ગુણસાધના કરાવીને.

જુઓને પ્રભુ શ્રી મહાવીર ભગવાને છેલ્લા ભવમાં પણ આ બધું ક્યાં ઓછું સાધ્યું છે ? નહિતર શું એમને ઘરમાં બેસી રહી અમનચમન ઉડાવતા અને વૈભવાદિમાં મહાલતા રહી ધ્યાન કરવાનું નહોતું આવડતું ? તો કેમ એમ ન કર્યું ? અને વર્ષીદાનરૂપ મહાદાન, ભીષ્મ મહાવ્રતરૂપી મહાશીલ, એમાં વળી ૧૨ાા વર્ષમાં ૧૧ાા વર્ષ જેટલા ચોવિહાર ઉપવાસના મહાતપ અને ઘોર પરિસહ-ઉપસર્ગોમાં પણ તત્ત્વચિંતનરૂપી મહા ભાવનાના ધર્મ કેમ સાધ્યા ? રોજ લગભગ એકવીસ કલાક ખડા ખડા કાઉસ્સગ્ગની મહા ધર્મક્રિયા કેમ કરતા રહ્યા ? ચારિત્રજીવનમાં ય



બીજા સાથે વાતચીત સરખી ય નહિ એવી બાહ્યભાવથી મહા નિવૃત્તિ કેમ લીધી ? એમ ઘોર ચામડાતોડ ઉપસર્ગો કરનાર ઉપર પણ મહાક્ષમા મહાકરુણા, મહાનિરભિમાનિતા, એક વસ્ત્રનો ય સંગ્રહ નહિ એવી મહાનિર્લોભતા, શરીરે ચળ આવ્યે ખણવાનું ય નહિ એવો મહાસંયમ, ઈન્દ્રાણીઓ સામે મટકુંય નહિ ને એનો મનમાં વિચાર સરખો નહિ એવું મહાબ્રહ્મચર્ય આ બધું પ્રભુએ કેમ સાધ્યું ? ખાધે-પીધે દિવાળી, દુશ્મનને ડામ અને શરીરે સુખ-શીલતા રાખી એકલા ધ્યાનથી કેમ ન પતાવ્યું ?

પ્રભુએ બધી મહાસાધનાઓ કરી એ સૂચવે છે કે બધાની જરૂર છે; પણ એકલા ધ્યાનથી ન પતે. તો આ બધું ઉપદેશનારાં જિનવચન જગતમાં કેવાં અનન્ય અને સર્વતોમુખી દૃષ્ટિવાળાં વચનરત્ન ! આ શ્રદ્ધા પહેલી જોઈએ.

આ શ્રદ્ધા હોય, અને વારંવાર જિનવચનના મહત્ત્વનું તન્મય ચિંતન થાય, એ પણ ધર્મધ્યાનના પહેલા પ્રકાર 'આજ્ઞાવિચય' તરફ લઈ જાય છે. તો પછી મનમાન્યા એકલા ધ્યાન કરતાં આ શ્રદ્ધા-યુક્ત જિનવચનનું ધ્યાન શું ખોટું ?

આમ છતાં એટલું ખ્યાલમાં રહે કે શુભ ધ્યાન માટે જીવનમાં આર્તધ્યાનથી બહુ બચવાની જરૂર છે. નહિતર મનમાં આર્તધ્યાન આવતાં શુભ ધ્યાન ઊભું નહિ રહે.

**આર્તધ્યાનથી બચવા માટે** આર્તધ્યાનને લાવનારા, પૂર્વે કહ્યા તે કારણો - ધનરાગ, વિષયરાગ, નિરંકુશ ખાનપાન, કાયાની સુખશીલતા, વેપારાદિની રમણતા...; વગેરે પર કાપ મૂકવાની જરૂર છે. નહિતર જો એ બધા સલામત, તો આર્તધ્યાન સલામત રહેવાનાં, કેમકે આર્તધ્યાન એ બધી પીડાનું જ ધ્યાન છે. ત્યારે

આર્તધ્યાનનાં એ કારણોથી બચવા માટે, ૧ ધનત્યાગ અને ૨ વિષયત્યાગ અર્થાત્ દાન અને શીલ-વ્રત-નિયમો તથા સંયમ, એમ ૩ વિવિધ તપ,૪ ધર્મસાધનાની કાયકષ્ટિ, ૫ શાસ્ત્રવાધ્યાય ૬, સામાયિકાદિમાં બહુ પ્રવૃત્તિ, ૭ બિનજરૂરી બોલવાનો પણ ત્યાગ કરી મૌન, એમ 'ક્ષમાદિ ગુણો...' વગેરે સાધતા રહેવાની જરૂર છે. નહિતર ધન-વિષયાદિ-સંસાર જ ચલાવે રાખ્યે આર્તધ્યાન ડગલે ને પગલે સુલભ થવાનું.

તાત્પર્ય, શુભ ધ્યાન કરવું છે ? તો જિનવચન-રાગ ખૂબ કેળવો. આર્તધ્યાનથી બચો, આર્તધ્યાનના કારણોથી બચો, એ બચવા માટે દાનાદિ ધર્મ, ધર્મક્રિયાઓ ક્ષમાદિ ગુણો વગેરે સાધતા રહો... એના પ્રતિપક્ષી ધનરાગ-વિષયરાગ-આરંભ-સમારંભ, કાય-સુખશીલતા તથા કામ-ક્રોધાદિ કષાયોને અત્યંત હાનિ-કારક અને ત્યાજ્ય માનતા રહો, જેથી દાનાદિ વિના ચાલે એવું જરાય મનમાં ન આવે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

## ૭૩ શુભ ધ્યાન જોઈએ ? આર્તધ્યાનનાં કારણ ઓછાં કર્યાં ?

આર્તધ્યાન હોય ત્યાં ધર્મસ્થાન-શુભધ્યાન ઊભું ન રહે. આપણી પાસે મન એક જ છે. તેથી એ જો આર્તધ્યાનમાં પરોવાયું, તો શુભ ધ્યાનમાં નહિ પરોવાઈ શકે. આ બરાબર ખ્યાલમાં રાખી પહેલી જરૂરિયાત, નાજુક મનને ખૂબ સાચવવા જેવું છે, કે રખેને એ આર્તધ્યાનમાં ન પડી જાય.

મહાન સાધકોએ પણ જો આ ખ્યાલ ગુમાવ્યો તો જીવનભરની શુભધ્યાનની સાધના છતાં કોઈ અણધારી પળે એમનું નાજુક મન આર્તધ્યાનમાં ઘસડાઈ ગયું, અને એ એમને એકવાર તો તિર્યંચગતિમાં તાણી ગયું.

પાર્શ્વનાથ ભગવાનનો જીવ પહેલા ભવમાં મરુભૂતિ એ મહાન શ્રાવકધર્મની સાધના કરનારો હતો. બ્રાહ્મણકૂળમાં જનમવા છતાં એને પાછળથી જૈનધર્મ નવો મળેલો એટલે એની હૈયે ભારે કદર હતી, અને તેથી જ એ શ્રાવકના ઊંચા આચાર-વિચાર અને વ્રત-નિયમોની સુંદર આરાધના કરતો, એમાં શુભ ધ્યાન વારંવાર રહ્યા કરતું. એનો જ એક પ્રભાવ એવો પડ્યો કે પોતાની જ સ્ત્રી સાથે કુકર્મ કરનારા પોતાના ભાઈ કમઠને રાજા શિખામણ આપે એ માટે મરુભૂતિએ રાજાને વિનંતિ કરી. રાજાએ શિખામણ આપવાં જતાં કમઠે ઉદ્ધતાઈ બતાવી, તો રાજાએ એને નગર બહાર કઢાવી મૂક્યો. કમઠ બહાર વનમાં તાપસ થયો.

આચાર પાલન દ્વારા સધાતા શુભધ્યાન-શુભભાવનાનો પ્રભાવ જુઓ કે આમાં મરુભૂતિનો જરાય વાંક નહોતો, છતાં એના મનને લાગ્યું કે અરે ! મેં આ રાજાને કહ્યું અને રાજાએ કમઠને નગર બહાર કઢાવ્યો, ને કમઠ કષ્ટમાં પડ્યો તેથી એના કષ્ટમાં હું નિમિત્ત બન્યો. માટે હું એની ક્ષમા માગી લઉં. ક્ષમા ન માગું તો મારા દિલમાં ઉપશમ ન રહે, શલ્ય રહી જાય, ને તેથી મારો પરલોક બગડી જાય.' કેવી સુંદર શુભ વિચારસરણી !

કમઠ અયોગ્ય હતો એટલે રાજાએ એની પાસે જવા સલાહ ન આપી. છતાં પાપના અત્યંત ભયવાળો મરુભૂતિ ગયો કમઠ પાસે ક્ષમા માગવા. જ્યાં એ કમઠના પગમાં પડી ક્ષમા માગે છે, ત્યાં કમઠે મોટી પત્થરની શિલા ઉઠાવી મરુભૂતિના મસ્તક પર ઠોકી. માથું ફૂટ્યું અને મરુભૂતિને મરવાની ઘડી આવી. અહીં કસોટીનો કાળ હતો, નાજુક મનને સાચવવાનું હતું પરંતુ વર્ષોનો સારો ધર્મસાધક અને



શુભધ્યાનનો ખપી મરુભૂતિ અહીં ભૂલો પડી ગયો. ખોંપરી ફૂટવાની ભયંકર વેદનામાં એ વિહ્વળ થઈ ગયો. હવે તો મરવાને ક્ષણવારનો સોદો હતો. છતાં એટલામાં વેદનાનો હાયકારો આવ્યો, વેદનાનું આર્તધ્યાન લાગ્યું, ને શુભધ્યાનને જગા જ ન રહી. મરુભૂતિ આ આર્તધ્યાનમાં મરી વિંધ્યાચલની અટવીમાં હાથણીના પેટમાં હાથી તરીકે ઉત્પન્ન થયો.

તીર્થંકરનો જીવ, તેય સમ્યગ્દર્શન પામેલો અને વર્ષો સુધી ઉત્તમ વ્રતનિયમથી સુશોભિત શ્રાવક-જીવન જીવનારો તેમજ શુભ ધ્યાનના સારા અભ્યાસવાળો, એ અણધારી પળે આર્તધ્યામાં ફસાઈ પડે, ને શુભધ્યાન ગુમાવે, ત્યારે મનની કેવી નાજુક સ્થિતિ ! તેમ આર્તધ્યાનની હયાતીમાં શુભધ્યાનના કેવા ફાંફા ! ત્યારે વિચારવા જેવું છે કે જેને એકલો ધ્યાનમાર્ગ પસંદ પડે છે, અને ધર્મમાં પૈસા ખરચવાના અખાડા કરવા છે, કાયાને કષ્ટિ આપવાના વાંધા છે, થોડા પણ ખાનપાન છોડી તપ કરવો હરામ છે, વેપાર-ધંધાધાપામાં પાકું લક્ષ છે, બીજી મોજમજાહ ખપે છે, એ સહેજે એના આર્તધ્યાનમાં ફસેલો હોય, એ શુભધ્યાન શું કરશે ?

એટલે, શુભધ્યાન લાવવું હોય, ધ્યાનસાધના કરવી હોય તો પહેલું આ જરૂરી કે આર્તધ્યાન અટકાવવું જોઈએ. એ અટકાવવા એનાં કારણો ઓછાં કરવા અત્યંત જરૂરી છે. કારણો એ જ,-અત્યંત ધનરાગ, વિષયરાગ, બહુ આરંભસમારંભ...વગેરે

કહે છે પૂણિયો શ્રાવક પહેલા પૂરણચંદ શેઠ હતો, સારો ધાર્મિક ક્રિયારૂચિ જીવ. સાધુને કહે 'સાહેબ ! બધું કરું છું પરંતુ મન એમાં સ્થિર નહિ, આડાઅવળા વિચારો બહુ આવે છે. શું કરું ?' સાધુ કહે જીવનમાં ધન-વિષય-આરંભસમારંભાદિની બહુ લપ રાખવાથી મન પર એના ભાર એનાં આકર્ષણ રહે છે, તેથી મન એમાં તણાઈ જઈ એના વિચારો ને આર્તધ્યાન કરે છે. એ લપ ઓછી કર્યા વિના આર્તધ્યાન અને ફજુલ પાપવિચારો ઓછા નહિ થાય."

શ્રાવકને વાત બરાબર ગળે ઊતરી. એણે જોયું કે પૈસા સારા રાખ્યા છે, ને મહત્ત્વનાં માન્યાં છે માટે જ બીજાના પૈસાનો ય વિચાર આવે છે. એવું બીજી જડ બાબતોમાં, માટે હવે તો આ પૈસા વગેરે જડની લપ જ કાઢી નાખું.' બસ મોટું મકાન સુદ્ધાં બધું ધર્માર્થ કરી દઈ નાના ભાડુતી મકાનમાં રહી રૂની પૂણિયો વણી રોજના ૧૨ાા દોકડા કમાવવાનું અને એના પર જ જીવન જીવવાનું રાખ્યું, માટે નામ પુણિયો શ્રાવક પ્રસિદ્ધ થયું. હવે આર્તધ્યાનનાં ઘણાં કારણો છૂટી જવાથી આર્તધ્યાન બંધ જેવું થઈ ગયું. તેથી સ્થિર મનથી સામાયિકો અને શુભધ્યાન એવા સારાં ચાલવા લાગ્યાં કે પ્રભુએ એને પ્રશંસ્યો.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

સવાલ આ છે,-ધ્યાન પસંદ પડે છે. પણ આર્તધ્યાન અને એના કારણ ઓછાં કરવાની તત્પરતા છે ? એ હોય તો આર્તધ્યાન સુલભ રાખવાના પૈસાટકા, કાયાની સુખશીલતા, અને વિષયોના રંગરાગ તથા આરંભસમારંભ પૂરા સલામત રખાય ?

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૧,અંક-૩૯,તા.૩૦-૬-૧૯૭૩

## ૭૪ વેદનામાં અશુભ ધ્યાન કેમ ઊઠે છે ? એ કેમ અટકે ?

### (લેખાંક -૧)

પૂર્વ લેખમાં જોયું કે પાર્શ્વનાથ ભગવાનનો જીવ પ્રથમ ભવમાં મરુભૂતિ વર્ષોનો ધર્મસાધક અને શુભ ધ્યાનનો અભ્યાસી તેમજ પોતે નિર્દોષ તો ય કમઠની ક્ષમા માગવા ગયેલો, છતાં દ્વેષિલા ભાઈ કમઠે એના માથે શિલા મારતાં એણે શુભ ધ્યાન ગુમાવ્યું, વેદનાના આર્તધ્યાનમાં પડ્યો, ને મરીને જંગલનો તોફાની હાથી થયો.

ત્યારે **સુદર્શનશેઠનો** જીવ પૂર્વ ભવે એ જ ઘરમાં ઢોરા ચરાવી આવનાર જે નોકર, એને મહાત્મા પાસેથી 'નમો અરિહંતાણં' પદ મળેલ. એની ખૂબ શ્રદ્ધાથી એ રટણા કરવાનો જ માત્ર ધર્મ પામેલો. પરંતુ એકવાર નદીને પેલે પાર ચરવા ગયેલા ઢોરોને સંભાળવા માટે વચમાં આડા આવી ગયેલા નદીના પૂરમાંથી તરી પેલે પાર જવા જ્યાં એણે નદીમાં ઝંપલાવ્યું, ત્યાં એકાએક નદીની અંદરનો લાકડાનો ઊભો ખૂંટો એનું પેટ ફાડી અંદર પેસી ગયો. ત્યાં એ વેદનાનું આર્તધ્યાન ન કરતાં 'નમો અરિહંતાણં'ની રટણા રાખી રહ્યો. તો મરીને એજ ઘરના શેઠ અર્હદ્દાસનો પુત્ર સુદર્શન થયો. એ સુદર્શન કેવો ? (૧) મહા સદાચારી, (૨) રાણી અભયાના એકાંતમાં ભોગ અર્થેના ઉપદ્રવમાં ભારે બ્રહ્મચારી. ઉપરાંત (૩) રાણીને માર ન પડે એ માટે જ રાજા આગળ ખોટા આરોપનો ખુલાસો ન કરવાના સત્ત્વવાળો, યાવત્ શૂળીની સજાને વધાવી લેવાના તથા ઠેઠ શૂળીએ ચડી જવાના મહાસત્ત્વવાળો.

બંને વચ્ચે કેવું અંતર ! અંતે વેદના બંનેને એકાએક આવી. પરંતુ અણપઢ અને જીવનમાં માત્ર નવકાર-પ્રથમપદની જ સાધનાવાળો પણ અંતસમયે મરણાંત વેદનામાં સત્ત્વપૂર્વક આર્તધ્યાન રોકી 'નમો અરિહંતાણં' પદમાં લીન બનનારો નોકર સુદર્શનનો અવતાર પામ્યો અને એમાં આટલા ઊંચા શીલ બ્રહ્મચર્ય અને શૂળી વધાવીને પણ જીવરક્ષાના સત્ત્વ સુધી પહોંચ્યો ! ત્યારે મરુભૂતિ વર્ષોનો મહાન ધર્માત્મા અંત સમયે સત્ત્વહીન બની મરણાંત વેદનાના આર્તધ્યાનમાં પડ્યો તો જંગલી તોફાની હાથીનો અવતાર પામ્યો !



આ પરથી એ નથી વિચારવાનું કે 'તો પછી જો અંતે આર્તધ્યાન આવતું હોય તો જીવનભરની સાધનાનો શો અર્થ ?' સાધનાનો અર્થ છે. પેલા નોકરે જીવનમાં નમો અરિહંતાણં' ની ખૂબ રટણા કરેલી, તેથી જ અંતે એ રટણા પેટ ચીરાઈ જવાની ભયંકર વેદના વખતેય આવીને ઊભી રહી. જીવનમાં જો એની ખૂબ રટણા ન હોત તો અંતે ક્યાંથી યાદ આવત ? પ્રશ્ન થાય,-

પ્ર.- તો મરુભૂતિને તો જીવનમાં નવકારની રટણા ઉપરાંત બીજાય ઘણા ધર્મકૃત્યોનો સારો અભ્યાસ હતો, તો એને કેમ અંતે એની રટણા ન આવી ? ને પેલા નોકરને પીડા એવી જ ભયંકર છતાં નવકાર-પ્રથમપદની રટણા આવી ?

ઉ.- બંનેના સંયોગો પરથી અંતિમ સ્થિતિમાં બંને વચ્ચે પડેલ ફરકનાં આ બે કારણનું અનુમાન થઈ શકે,-

(૧) સુદર્શનશેઠના જીવ નોકરને 'નમો અરિહંતાણં' પદની રટણા એવી લાગેલી કે એમાં, એને ઢોરા ચરાવનાર નોકરપણાની ગરીબ સ્થિતિમાં એને કાયાને સુખસાધનોમાં મહલાવવાની મમતા નહોતી, તેથી અકસ્માત્ જાગેલા મરણાંત કષ્ટમાં એવું કાયમમત્વ નડ્યું નહિ કે જે હાયવોય ને આર્તધ્યાન કરાવે.

મરુભૂતિ મહાન ધર્માત્મા શ્રાવક ખરો પણ પુણ્યવંતો હોઈ સુખસાધનની સગવડવાળો તેથી એ ભોગવતાં છૂપી સામાન્ય પણ કાયમમતા પોષાઈ હોય, જે અંતિમ સમયે એકાએક આવી પડેલી વેદનાના કાયકષ્ટ વખતે હાયવોય અને આર્તધ્યાન કરાવી ગઈ.

(૨) બીજું કારણ આ હોઈ શકે કે બંનેને કષ્ટ તો ભારે આવ્યું ખરું, એકને ખોપરી ફૂટી, બીજાને પેટ ફાટ્યું, પરંતુ મરુભૂતિને, જે ગુનેગારની પણ પાસે પોતે ક્ષમા માગવા ગયા, એના તરફથી ખોપરી ભંગાઈ, તેથી 'હું ક્ષમા માગું છું, ને આમ કરે છે ? મારું માથું ફોડે છે ?' એમ સહેજ કચવાટ આવ્યો હોય; અહંત્વ નડ્યું હોય કે 'તું ભારે ગુનેગાર; અને હું તારા કષ્ટમાં સહેજ નિમિત્ત બનવારૂપે ગુનાવાળો બન્યો ખરો. પણ આમ તો સદાચારી અને તને રાજા પાસે સજા કરાવવા કશું કહેનારો શું, ચિંતવનારોય નહિ; એવાં મને તું આમ કરે ? આવી રીતે, મરુભૂતિની સામે પીડા આપનારો કમઠ ચેતન જીવ હોઈ, અભિમાન ઊઠ્યું હોય તેથી મન અશુભ ધ્યાનમાં પડી ગયું; ત્યારે પેલા નોકરને પીડા જડ લાકડાના ખૂંટાથી આવી એની સામે અભિમાન જાગવા અવકાશ ન રહ્યો, તેથી એ નિમિત્તે અશુભ ધ્યાન થતું અટક્યું.

(૩) બાકી ત્રીજું કારણ તો એ છે કે કાયા પર એકાએક આવી પડેલી વેદનામાં તત્કાલ હાય કે વોય ન થાય એવા જીવો જગતમાં વિરલ. એ હિસાબે



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

મરુભૂતિ ભૂલો પડે એમાં નવાઈ નથી. છતાં એજ પાછો પછીના હાથીના ભવે, એ જ રાજા અરવિંદ જે અવધિજ્ઞાની મુનિ બનેલ, એમનાથી 'બુજ્ઝ બુજ્ઝ મરુભૂઈ !' ના અનેકવારના ઉદ્‌બોધનથી પૂર્વજન્મના સ્મરણે પ્રતિબોધ પામ્યો, તો પછી સાવધાની એવી આવી કે જળચર સાપે એને જોરથી ગંડસ્થળમાં ડંસ માર્યો. મરણાન્ત ઘોર પીડા આવી, છતાં તત્ત્વના ચિંતન પર એણે આર્તધ્યાન ન કરતાં શુભ ધ્યાન રાખ્યું. ને મરીને દેવ થયો.

આ પરથી, 'એવું નથી કે વેદનામાં હાયવોય જ થાય;' એ સમજાશે. તત્ત્વદૃષ્ટિ-જ્ઞાનદૃષ્ટિ-તત્ત્વચિંતન એ હાયવોયને અટકાવી શકે છે.

એટલા જ માટે મુનિઓ રોગાદિ પીડામાં તત્ત્વચિંતન-તત્ત્વદૃષ્ટિ રાખી હાયવોય-આર્તધ્યાનથી બચી શકે છે. તત્ત્વદૃષ્ટિ આ, કે

(૧) પૂર્વે બાંધેલા કર્મ, જો તપથી નષ્ટ ન કર્યા, તો ભોગવવાં જ પડે છે. પછી વ્યર્થ હાયવોય શા માટે કરવી ? (૨) વેદનાથી ભોગવાય છે એટલા પાપ-કચરા સીલિકમાંથી ઓછા જ થાય છે, કચરો સાફ થાય એ તો દિવાળી. એમાં ખેદ શાને ? (૩) રોગાદિ એ તો શરીરપુદ્‌ગલની ખરાબી છે, એમાં આત્માની નિર્મળ જ્ઞાનાદિસંપત્તિને કશી હાનિ નથી. ઊલટું હાયવોય કરવામાં અશુભ ધ્યાનથી આત્મામાં જે ખરાબી પેસે છે, એ તો જાતે પેસાડી. તો કર્મે ખરાબ કર્યું. એના પર હાથે કરીને જાતે ખરાબ શા માટે થવું ? (૪) રોગાદિ પ્રતિકૂળમાં જ સત્વ ખીલે છે, જે સત્વ પર જ અંતે વીતરાગ બનાય છે. હાયવોયમાં સત્વનો નાશ થાય છે. તો શા માટે એ કરવી ?

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૧,અંક-૪૦,તા.૭-૭-૧૯૭૩

## (૭૫) રોગાદિ વેદનામાં ઉપચાર કરવા પાછળ મહાન હેતુ

પૂર્વે એ જોયું કે મુનિ રોગાદિમાં તત્ત્વચિંતન-તત્ત્વદૃષ્ટિ રાખી હાયવોય નથી કરતા. ત્યારે પ્રશ્ન થાય કે તો પછી મુનિ દવા શા માટે કરે છે ? શાસ્ત્ર કહે છે,-

**काहं अच्छित्तिं अदुवा अहिस्सं, तवोवहाणेसु य उज्जमिस्सं ।**
**गणं च नीती अणुसारवेस्सं, सालंबसेवी समुवेइ मोक्खं ॥**

અર્થાત્ '(૧) હું શાસન અને શ્રુતની પરંપરા અવિચ્છિન્ન વહેતી રાખીશ, અથવા (૨) હું સ્વાધ્યાયમાં લીન રહીશ, યા (૩) તપ-યોગ-ઉપધાનનો ઉદ્યમ



કરીશ, અથવા,(૪) મુનિગણની શાસ્ત્રનીતિ મુજબ સંભાળ કરીશ,'..... આવા કોઈ આલંબને (હેતુએ) જ દવાદિ અપવાદ માર્ગ સેવે એ પણ મોક્ષની નિકટ થાય છે,

**આમાં ચાર આલંબન બતાવ્યા,**-(૧) શાસનશ્રુતનો અવિચ્છેદ, (૨) અધ્યયન, (૩) તપ-ઉપધાન, અને (૪) ગણરક્ષા.

મુનિ આ ચાર આલંબન પૈકી કોઈ પણ એક આલંબનના હિસાબે દવા વગેરે અપવાદ સેવે, તો એ મોક્ષના રસ્તા પર છે, મોક્ષ તરફ એનું આગે પ્રયાણ છે, પરંતુ પીછે હટ નહિ.

મુનિને રોગ સહન કરવામાં જો વાંધો નથી, જો વેદનાની હાયવોય નથી, તો સહન જ કરી લે ને ? પણ ના,

**સહન કરી લેવામાં જે કર્મનિર્જરા-કર્મક્ષયનો લાભ છે એના કરતાં શાસન શ્રુતટકાવ, શ્રુતસ્વાધ્યાય, તપયોગાદિ સાધના અને ગણરક્ષામાં વધુ કર્મનિર્જરા અને બીજા લાભ છે.**

આ એટલા માટે કહેવાય છે કે આ રોગાદિ પીડા એવી છે કે જેમાં આ મહાન કાર્ય થઈ શકતાં નથી, તે જો રોગ શમે તો જ થાય. દા.ત.

**(૧) શ્રુતટકાવ :-**

તાવ વગેરે ધીખતો હોય તો, અન્ય વિદ્વાન મુનિ પાસેથી આ પૂર્વે લેવાતું વિશિષ્ટ ઉચ્ચ શ્રુતજ્ઞાન લેવાનું અટકી જાય. તે વળી ઉચ્ચજ્ઞાન બીજા મુનિ ગ્રહણ કરી શકે એવા ન હોય, અને આ બિમાર મુનિ રોગમાં ઠેઠ સુધી અશક્ત રહ્યે એ શ્રુતજ્ઞાન લઈ શકે નહિ. એટલે એ શ્રુત પેલા વિદ્વાનના મૃત્યુની સાથે લુપ્ત થઈ જવાથી એની આગળ પરંપરા ન ચાલે. તો ભાવી શ્રમણસંઘને એ શ્રુતની ખોટ રહે. ત્યારે રોગની દવા કરી લઈ સ્વસ્થ થયાથી એ શ્રુત ગ્રહણ કરી શકે અને પછી આગળ પોતાના શિષ્યોને એ આપી શકવાથી એની પરંપરા ચાલી શકે. એથી ઘણાનું કલ્યાણ થાય. આ બધો લાભ એકલો રોગ સહી બેસી રહેવાથી ન થાય.

**(૨) અધ્યયન**

એમ, ભલે કોઈનામાં વિશિષ્ટ શ્રુત લેવાની શક્તિ ન હોય, છતાં જો એ રોગમાં જ પડ્યો રહે તો પોતાનો શ્રુત-સ્વાધ્યાય અને નવું નવું અધ્યયન રટીને ન કરી શકે. ત્યારે સિદ્ધયોગીની વાત ન્યારી કે એ રોગી છતાં એમની પાસે એટલું બધું અગાધ શ્રુત છે કે જેનું પારાયણ-ચિંતન કરવામાં પોતે મગ્ન રહી શકે. એ માટે એમને શ્રુતની ખોટ નથી. તેમજ સારા અભ્યસ્તયોગી હોવાથી ચિત્તમાં રોગનો વિકલ્પ આવવાને જગા નથી, નિર્બળતા નથી. પરંતુ યોગના અભ્યાસીને તો ભરચક



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

શ્રુતમાં પરોવાયા રહેવાનું કેળવવાનું છે; એ માટે હજી શ્રુતબળ અર્થાત્ ભરચક આગમ શાસ્ત્રો રટેલા તૈયાર જોઈએ; રટવાનું ને રોજ પુનરાવર્તન કર્યે જ જવાનું છે. આમાં પરોવાયા રહેવાથી મનમાં રોગનો વિકલ્પ ઊઠવાને જગા ન રહે. તેમજ નવું નવું જ્ઞાન મળ્યે જવાથી સંવેગ-વૈરાગ્ય વધતો રહે; તેમજ વિશેષ વિશેષ તત્ત્વ-દર્શન થતું રહે. એ આત્મામાં સહિષ્ણુતા-સમભાવાદિ યોગબળ વધારતા રહે. શ્રુતનાં નવાં નવાં અધ્યયન પારાયણના આ લાભ છે. એકલા રોગને સહી લઈ બેસી રહેવામાં શ્રુતસ્વાધ્યાય-અધ્યયન ન થઈ શકવાથી આ બધા લાભ ક્યાંથી થાય ? ચિત્ત કલાકોના કલાકો, દિવસોના દિવસો અને મહિનાના મહિના ને વર્ષોના વર્ષો શ્રુત-આગમશાસ્ત્રોમાં જ પરોવાયું રહી શકે. એમાંય એવાં શાસ્ત્રોથી સૂક્ષ્મ બોધ વધતાં મન એમાં વિશેષ પકડાયું રહે. તો જ રોગાદિ અને શરીરસ્વસ્થતાદિના વિકલ્પ ન ઊઠે.

'અમારું મન સ્થિર નથી રહેતું' આ ફરિયાદ ટાળવાનો આ રામબાણ ઉપાય છે કે શાસ્ત્રનાં રટણ-અધ્યયન-પારાયણમાં રચ્યાપચ્યા રહેવું. એનાથી મન સ્થિર રહેવા સાથે ઉપરોક્ત લાભો પણ છે. મુનિ હાયવોય વિના રોગ સહી તો શકે છે, પણ એમ કરવા જતાં એવો એવો ધીખતો શ્રુતવ્યવસાય અને એના ભરચક લાભ ક્યાંથી પામી શકે ? માટે એ રોગની દવા કરે છે.

(૩) એવા શાસ્ત્રવિસ્તાર અને સૂક્ષ્મપદાર્થનાં અધ્યયન કરવાની શક્તિ ન હોય, એને પણ તપના અનેક પ્રકાર, યોગોદ્વહન, આચાર્યાદિવૈયાવચ્ચ કરવાની શક્તિ હોઈ શકે છે, ને એના પણ લાભ અપરંપાર છે. લાભો કેવા ? વિશિષ્ટ તપથી અપૂર્વ કર્મક્ષય, સ્વેચ્છાકૃત વિશિષ્ટ ત્યાગ અને કાયકષ્ટથી અપૂર્વ સત્ત્વવૃદ્ધિ, વિશિષ્ટ વિનયથી અથાગ બહુમાનવૃદ્ધિ, આચાર્યાદિના વૈયાવચ્ચથી જબ્બર કર્મ નિર્જરા-એમના અલૌકિક ગુણોનું વૈયાવચ્ચમાં બીજાધાન-અપ્રતિપાતી ગુણાનુવૃત્તિ અર્થાત્ ભવાંતરે પણ વૈયાવચ્ચની સળંગ ધારા,...યાવત્ તીર્થંકરનામકર્મનું ઉપાર્જન, વિશિષ્ટ ધ્યાન-કાયોત્સર્ગથી આત્મસ્વરૂપ-રમણતા, યોગ-ઉપધાનથી શ્રુતારાધના, જિનાજ્ઞાબહુમાનવૃદ્ધિ,...વગેરે વગેરે. આ બધા લાભો માટે વિશિષ્ટ ત્યાગ-તપ-કાયકષ્ટ-વિનય-વૈયાવચ્ચ-ધ્યાન-કાયોત્સર્ગ-યોગ-ઉપધાન વગેરે જ સાધવા જોઈએ. પણ જો આ બધું કરવાનું રોગાદિ પીડા છતે ન થઈ શક્તું હોય તો એ લાભો ક્યાંથી પામી શકે ? હાયવોય વિના રોગાદિ સહીને એકલા બેસી રહેવા માત્રથી શાંતિ રહે, પણ આ લાભો ન પમાય. માટે મુનિ રોગની દવા કરે છે, ને રોગ શમ્યે આ બધી સાધનામાં લાગી જઈ અપૂર્વ લાભો ઉપાર્જે છે.



(૪) મુનિ જો મહાન આચાર્ય ઉપાધ્યાય કે ગણાવચ્છેદક-ગણાનુવર્તક વગેરે હોઈ મુનિ-સમુદાયના સંયમ-જ્ઞાનાદિની સંભાળ કરનારા હોય, તો એના તો વળી અદ્ભુત લાભો છે, દા.ત. એ મુનિઓ જે જ્ઞાનાદિની સાધના કરે, ઉન્માર્ગથી બચે, આરાધક બની ઠેઠ મોક્ષ સુધીની સદ્ગતિની પરંપરા સર્જે, એમ એ મુનિઓ વળી જે બીજા મુનિઓને પકવી એમને આરાધક બનાવે, સદ્ગતિની પરંપરાના સર્જક બનાવે એ વળી જે બીજાને એવા બનાવે,....એમ જે શ્રમણ પરંપરા-શાસનપરંપરા અવિચ્છિન્ન ચાલે, એથી જે લોકમાં ધર્મસાધના ચાલે, આ બધાનાં નિમિત્ત બનવાનો લાભ કેટલો અદ્ભુત ! પરંતુ જો એ ગણસંરક્ષક મુનિ તેવા રોગાદિની પીડામાં શરીરે નરમ પડ્યા હોય તો આ મહાલાભદાયી ગણરક્ષા ક્યાંથી કરી શકે ? પોતે હાયવોય વિના રોગાદિ શાંતિથી સહી લઈને આરાધક તો બન્યા, પણ બીજા તેવા સમર્થગણરક્ષક ન હોઈ ગણરક્ષા અટકવાથી એ ગણનું શું ? આગળ સુવિહિત (આચારબદ્ધ) ની પરંપરા ક્યાં ? માટે, મુનિ ગણ-રક્ષાર્થે રોગાદિમાં દવા-ઉપચાર કરી લે.

આ પરથી સૂચિત થાય છે કે રોગાદિ પીડામાં દવાદિ ઉપચાર કરવાથી આર્તધ્યાન જ હોય એવો નિયમ નથી. જો ઉપરોક્ત જેવાં ઊંચા ઉદ્દેશ રાખ્યા હોય, તો આર્તધ્યાન અટકી શકે છે. માટે જીવનને એવા ઉચ્ચ ઉદ્દેશ રાખી મહાન લાભ કમાઈ લેવામાં સફળ કરી લેવું જોઈએ.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૧,અંક-૪૩,તા.૭-૭-૧૯૭૩

## (૭૬) સ્થૂલભદ્રજી વેશ્યા સામે કેવી રીતે ટક્યા ?

નવમા નંદરાજાના મંત્રી શકડાલના મોટા પુત્ર સ્થૂલભદ્રજી એ કાળની પ્રસિદ્ધ કોશા વેશ્યા સાથે બાર વર્ષ રંગરાગ કરતા એને જ ત્યાં પડી રહ્યા. કોશાને ત્યાં મોટા રાજા ને રાજકુમારો આવતા; પણ કોશાને અનન્ય પ્રેમ સ્થૂલભદ્રજી ઉપર હતો. એવા ૧૨-૧૨ વર્ષના અત્યંત પ્રેમભર્યા સહવાસ પછી સ્થૂલભદ્રજી મંત્રિ-મુદ્રિકા લેવાના પ્રસંગ પર એક ક્ષણમાં વૈરાગ્ય પામી ગયા; તે સાધુ બનીને પછીથી પોતાના બ્રહ્મચર્યને ચકાસવા માટે એજ કોશાને ત્યાં ચોમાસુ રહેવા આવ્યા. કોશાએ એમને ચલિત કરવા લાખ વાનાં કર્યા, છતાં સ્થૂલભદ્રજી ડગ્યા નહિ, ને બ્રહ્મચર્યમાં પાકા સ્થિર રહ્યા, એ કેમ બન્યું ?


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

ચોમાસાનો વાસના-ઉત્તેજક કાળ; પવૈયાને પાનો ચડાવે એવા શૃંગારી ચિત્રોથી ભરેલી ચિત્રામણ શાળામાં મુકામ; ફાટફાટ યુવાની, સામે એકાંતમાં ચિરપરિચિત પ્રેમભરી વેશ્યા; એના અંગમરોડ-હાવભાવ-કટાક્ષ-નૃત્ય અને મોહ ગીત તથા પાડવા માટે કરુણ વિલાપ; વળી એના હાથે બનાવેલ માદક ને વીર્યોત્તેજક વાનીઓનાં ભોજન,.....આ બધાની માત્ર એકેક ચીજ ભલભલાને પાડી દે, કામવાસનાથી વિહ્વળ બનાવી દે. એની જગાએ પતનનિમિત્તોના જૂથમાં દિવસો અને રાતો સુધી રહેવા છતાં વાસનાનો એક રોમ વિકસ્વર ન થયો, અને મન-વચન-કાયાથી વિશુદ્ધ બ્રહ્મચર્ય સ્થૂલભદ્રસ્વામીએ જાળવી રાખ્યું; એ શી રીતે જાળવ્યું ? આના પર વિચાર કરીએ તો એમ લાગે છે કે સ્થૂલભદ્રસ્વામીએ આવું આવું કાંઈક કર્યું ચિતવ્યું હશે,-

વેશ્યાને ત્યાં આવતાવેંત જ એમણે માનસિક નજર સામે વીતરાગ તીર્થંકર ભગવાનની મુખમુદ્રા રાખી 'અહો ! અહો !' કર્યું; ચિંતવ્યા કર્યું હશે કે,

"અહો ! ભગવાનની કેવી નિર્મળ ચક્ષુ ! કેવી પ્રશાંત અને જગત પ્રત્યે ઉદાસીન મુદ્રા ! એમના અનંત જ્ઞાનમાં દેવ-દેવીઓના રંગરાગ નજરની સામે જાણે હાજરાહજુર જેવાં છે. પરંતુ એમને એની સાથે કશી લેણદેણ નહિ, એની કશી અસર નહિ. 'ભોગી બિચારા કર્મની વેદના ભોગવે, એમાં એમની શી વડાઈ છે ? ને મારે એથી' લહેવાવાનું શું ? મારે મારાં વીતરાગતા અને અનંતજ્ઞાનમય સ્વરૂપમાં લીન રહેવાનું.'...ભગવાન જાણે એવું એવું વિચારતા પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં મગ્ન રહે છે. તો મારે એ જગત પ્રત્યે નિસ્બત વિનાની ઉદાસીન પ્રભુની મુખમુદ્રા અને દૃષ્ટિ એ અનાસક્ત ભાવથી સતત નજર સામે રાખ્યા કરવાની.

આમ સ્થૂલભદ્રસ્વામીએ ચિંતવતાં નજર સામે પ્રભુની દૃષ્ટિ રાખ્યા કરી હોય, ત્યાં પછી વેશ્યાના ગમે તેટલા હાવભાવ ચાલે, એની એ શી કિંમત આંકે ? કદાચ એના પ્રેમાળ કે કરુણ બોલ કાન પર આવી ગયા, તો એને કર્મની વેદના જ ગણે, વેદનાની ચીસ ગણે, પછી એનું શું આકર્ષણ થાય ? મૂળ વાત આ, કે જેમ દર્પણમાં ગમે તેવા પ્રતિબિંબ પડે છતાં દર્પણ અવિકૃત; એમ પ્રભુની નજરમાં મોટી ઈન્દ્રાણીના ય હાવભાવ પ્રતિબિંબિત થાય છતાં પ્રભુની નજર આંખ અવિકૃત સ્વસ્થ રહે છે. એ પ્રભુની દૃષ્ટિનો અવિકૃત ભાવ અને પ્રશાંત જ્ઞાનશીલતા સ્થૂલભદ્રનાં ચિંતનમાં રમ્યા કરતો હોય, પછી એમને વેશ્યાની બોલચાલની શી અસર થાય ?

બસ, બ્રહ્મચર્યનો પહેલો ઉપાય આ, કે પ્રભુની ઉદાસીન પ્રશાંત દૃષ્ટિ નજર સામે સતત રાખ્યા કરવી.



ત્યારે વેશ્યાનું ગોરું સુંદર રૂપ કે અંગોપાંગ સ્મરણમાં નજરમાં આવી ગયા હોય તો સ્થૂલભદ્રસ્વામી શી રીતે બચી શક્યા હશે ? આનો ઉત્તર એ છે કે બ્રહ્મચારીને પાળવાની નવ વાડમાં પૂર્વ ક્રીડિત કે દૃષ્ટ સ્મરણમાં લાવવાનું જ નથી એ હિસાબે એમણે એવા સ્મરણને તિલાંજલિ જ આપી દીધેલી; અને એવું કોઈ સ્મરણ કે વિકલ્પ ઊઠવાજ ન પામે એ માટે સતત શ્રુતોપયોગમાં જ અર્થાત્ શાસ્ત્ર અને શાસ્ત્રોક્ત પદાર્થોને ક્રમસર યાદ કરતા જ રહેવાનું રાખ્યું હોય એટલે પૂર્વ અનુભવ સ્મરણમાં આવવાને અવકાશ જ ન રહે.

ત્યારે કદાચ ચાલે કે બેસે-ઊભે ત્યાં નજરમાં પડી જાય તો શું ? એનો ઉત્તર એ, કે (૧) પહેલાં તો ચાલે ત્યારે ઈર્યાસમિતિ સાચવે અર્થાત્ જીવરક્ષાર્થે નીચે જોતાં ચાલે અને ભિક્ષા જેવા પ્રસંગમાં સ્ત્રીના સામું જોઈને નહિ, પણ નીચું જોઈને વ્યવહાર રાખે, તેમજ બેઠા ત્યાં ધ્યાનસ્થ દૃષ્ટિએ બેસે, એટલે સ્ત્રી પર નજર પડવાને અવકાશ જ ન રહે. એમ છતાં ક્યારેક નજર પડી ગઈ તો દૃષ્ટિ ઠહેરાવી ન રાખતાં ઝટ મીંચી દઈ યા ખસેડી લઈ તરત મનને કહે, (૨) 'આમાં શું જોવું છે ? લે તારે જોવું હોય તો આના કરતાં અનંતગુણ-સૌંદર્યવાળી ઈન્દ્રાણી આ સામે છે, શું જોવાનું છે એમાં ? એમ કરી મનની આતુરતા શાંત કરી દે...અથવા (૩) ઉપરની ચામડીની પાછળ કેવું કેવું બિભત્સ માંસ લોહી કફ વગેરે ભરચક ભરેલું છે એને કલ્પનામાં લાવે... અથવા (૪) સ્ત્રીને પોતાની માતા યા દિકરી તરીકે કલ્પે એટલે સહેજે એના રૂપરંગનો વિચાર હટી જાય; કેમકે મા કે દિકરીના રૂપરંગ નથી જોવાતા. બાકી તો...(૫) ચિંતવે કે 'સ્ત્રીશરીર એ રેશમી અસ્તર ચડાવેલ નરી વિષ્ઠાની કોથળી જેવું છે; એમાં શું મોહવું હતું ?...સ્ત્રીશરીર પર આંખ નચાવવામાં આંખ કદી ધરાવાની નથી, બલ્કે ખણજ વધી ભૂખારવી થવાની છે, ને પાછળથી પરમાધામીના બે ભાલા મારી આંખમાં ઘોંચાઘોંચ થવાના છે, તો એવી ખણજ-અતૃપ્તિ-ભુખારવાપણું વધારે અને નરકની પીડાને લાવે એવાં સ્ત્રીદર્શનનું મારે શું કામ ? તેમજ એમાં ભગવાન ભૂલવાનું થાય, મહાપુરુષોનાં ઉત્તમ જીવન કે તત્ત્વ-ચિંતન મનમાં ઠહેરે જ નહિ, તો એવા સ્ત્રીદર્શનના હવસને ઊભો શા માટે રાખવો ? વળી સ્ત્રીનાં દર્શન-સ્પર્શન એ તો ભોરિંગના દર્શન-સ્પર્શન છે, માત્ર ચામડા સાથે રમત છે, ચામડાની દૃષ્ટિ તો ચમારની હોય. હું શા માટે ચમાર થાઉં ?...' ઈત્યાદિ ચિંતવે. સ્થૂલભદ્રજીએ આવાં કોઈક ચિંતન પણ રાખ્યાં હોય, પછી કોશા વેશ્યામાં શાના સહેજ પણ આકર્ષાય ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

## ૭૭ બાહુબળજીએ કષ્ટ કેમ સહ્યાં ?

ભરત ચક્રવર્તી અને બાહુબળ, બે ભાઈ. ભરતે છ ખંડના રાજાઓ પર વિજય મેળવ્યો, પછી પોતાના ૯૯ ભાઈ રાજાઓને આજ્ઞામાં લેવા કહેણ મોકલ્યું. ૯૮ ભાઈઓએ પિતા ભગવાન ઋષભદેવસ્વામીના ઉપદેશથી ભરતની સામે લડવાને બદલે પોતાના આંતરિક શત્રુઓની સાથે લડી લેવાનું પસંદ કર્યું, ને સંસાર છોડી એ સાધુ થયા. હવે રહ્યા એક બાહુબળજી. ભરત એમની સામે લડવા આવ્યો.

લડાઈમાં બહુ નરસંહાર પછી દેવોએ વચમાં પડી માત્ર બંને ભાઈ વચ્ચે દૃષ્ટિયુદ્ધ-વાગ્યુદ્ધ-બાહુયુદ્ધ-દંડયુદ્ધ ઠરાવ્યા. એ ચારેમાં હારતા ભરતે ભાઈ પર ચક્રરત્ન છોડ્યું. કેવો લોભ અને અભિમાન કે સગા ભાઈનો જ કચ્ચરઘાણ કાઢવાનું કર્યું ! પરંતુ બાહુબળ પુણ્યશાળી, તે એક ગોત્રમાં ચક્ર ચાલે નહિ એ હિસાબે ચક્ર બાહુબળ પાસે જઈ પાછું આવ્યું.

હવે બાહુબળને ભરતનો આ મહા અન્યાય લાગ્યો, તેથી એમને અભિમાન ઊછળ્યું ને મુઠ્ઠિ ઉપાડી ભરતને મારવા દોડ્યાં. પણ અધવચ્ચે આ લડાઈ કરાવનાર સંસારની ભયંકરતા વિચારી એ જ મુઠ્ઠિથી કેશલોચ કરીને સંસાર છોડી સાધુ બની ઊભા રહ્યા. આ પર ભરત પસ્તાવો કરી ખમાવીને એમના પુત્ર ચંદ્રયશાને એમનું રાજ્ય સોંપી ચાલ્યા ગયા.

હવે બાહુબળજી મુનિને વિચાર આવ્યો કે 'હું જો હમણાં પ્રભુની પાસે જાઉં તો નાના ૯૮ કેવળજ્ઞાની ભાઈઓને વંદન કરવું પડે.' એટલે અભિમાનથી 'ના, હું કેવળજ્ઞાન લઈને જ જઈશ જેથી વંદન ન કરવું પડે,' એમ વિચારી ત્યાં જ બાર માસ ઊભા રહ્યા, અને બાર મહિના અનશન રાખ્યું, આહાર નહિ, પાણી નહિ, ને ત્રણે ઋતુની જાલિમ ઠંડી-ગરમી-પવનનાં કષ્ટ સહ્યાં. સવાલ આ છે કે,-

**આ કષ્ટ એમણે અભિમાનથી સહ્યા કે ધર્મબુદ્ધિથી ?**

ઉપદેશમાલા શાસ્ત્ર

**'धम्मो मएण हुंतो नवि सीउण्हवायविज्झडिओ ।**
**संवच्छरमणसणिओ बाहुबली तहा किलिस्संतो ॥**

આ ગાથાથી ઉપદેશમાળા શાસ્ત્ર કહે છે કે 'ધર્મ જો અભિમાનથી થતો હોત તો બાહુબળ મુનિએ શીત-ઉષ્ણ-પવનથી વિંઝાતા, વર્ષભર અનશન રાખીને



કષ્ટ ન સહ્યા હોત.' આ સૂચવે છે કે એમણે એ અભિમાનથી નહિ, પણ ધર્મબુદ્ધિથી કષ્ટ સહ્યાં. અહીં પ્રશ્ન થાય.

પ્ર.- અભિમાનથી તો ત્યાં ઊભા રહી એ બધું સહ્યું, તો પછી ધર્મબુદ્ધિથી સહ્યાનું કેમ કહો છો ?

ઉ.- અભિમાને તો મનને એટલું જ થયું કે 'હમણાં ભાઈ મુનિઓ પાસે ન જાઉં, કેવળજ્ઞાન પામ્યા પછી જઈશ; જેથી એમને વંદન ન કરવું પડે.' પરંતુ એમ કરીને એ પૃથ્વી ઉપર અલગ વિચરી શકતે, અને રોજ એકાશન, જ્ઞાનધ્યાન, લોકોને ધર્મોપદેશ વગેરે આરામથી કરતા રહી શકતે. પણ એમણે એ છોડીને કષ્ટ સહ્યાં એમણે જોયું કે,

કેવળજ્ઞાની થવા માટે પહેલાં વીતરાગ થવું પડે, અને વીતરાગ તો જ થવાય કે ઉત્કૃષ્ટ વૈરાગ્યનો અભ્યાસ કર્યો હોય. ત્યારે કાયા અને ઈન્દ્રિયો એવા છે કે એની સુખશીલતામાં જીવ મરે છે, સુખશીલ બની એની અનૂકૂળતા પોષી પોષીને ભારે રાગથી પીડાય છે. ત્યાં વૈરાગ્યે ય શે ટકે ? ને રાગનો નાશ પણ શે થાય ? એ તો એની અનુકૂળતા પોષવાનું બંધ કરાય તો જ રાગદશા કપાતી આવે. બાકી તો (૧) એક સ્પર્શનેન્દ્રિયની અનંત અનંત કાળની ગુલામી એટલી જાલિમ છે કે એને પ્રતિકૂળ ટાઢ તડકા અને પવનના વાયરા સહવાનું ગમતું નથી; અનુકૂળ અનુકૂળ ગમે છે, તેથી ભારે રાગ-દ્વેષ પોષાય છે. (૨) એવી આહારની લગનમાં રાગદશા જોદ્ધા જેવી જીવતી રહે છે. (૩) ત્યારે બેઠાખાઉંના સ્વભાવવાલી કાયામાં હરામહાડકાથી કાયાનો રાગ ખસતો જ નથી. (૪) એમ, દુનિયામાં હરતા ફરતા રહી અને જાતજાતની દોડધામ કરીને ચક્ષુ વગેરે ઈન્દ્રિયોનાં તર્પણ કર્યે જવામાં તેમજ એકાંતવાસ અપ્રિય લાગી બીજાઓની સાથે વાતોચીતો કરવામાં કાન અને જીભને છૂટો દોર મળી જાય છે, જેમાં રાગ-દ્વેષથી સળગતો રહ્યા સિવાય બીજું કશું હોતું નથી. આ સ્થિતિમાં રાગદશા ક્યાંથી દુબળી પડે ? વીતરાગની છાયા ય ક્યાંથી આવે ?

એ તો જીભેથી મૌન અને કાયાથી સ્થિરતા તથા આંખેથી ધ્યાનસ્થ કીકી રાખી હોય, અને એમ વાતોચીતો, હરવા-ફરવાનું, ને ડાફોળિયાં મારી આ ને તે જોવાનું બંધ રાખ્યું હોય, તો જ એના રસ ન પોષાતાં રાગદશા મરતી જાય. એમ કાયાને કલાકો ને દિવસો સુધી ખડી ને ખડી જ રાખી હોય તો હરામહાડકાનો ચસકો મટે; તથા ખાનપાન દિવસો ને મહિના સુધી સદંતર બંધ રાખ્યા હોય, તો જ આહારની સંજ્ઞા-લગન દુબળી પડતી આવે. એમ ટાઢ-તડકા-વાયરા જોરદાર પણ સહ્યે જવાય, તો જ જાલિમ સ્પર્શનેન્દ્રિયના રસ ન પોષાતાં એ વશમાં આવે. આ રીતે રાગદશાને ક્યાંય મચક ન મળે ત્યારે વીતરાગતા આવે. વીતરાગતા



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

ઉત્કૃષ્ટ ધર્મથી મળે, ને એ ધર્મ સુંવાળા ને સુખશીલ રહેવાથી ન સીઝે. માટે હું એને ડામવા ને ધર્મસાધવા ખાનપાન-હરવું-ફરવું-વાતોચીતો-આરામી વગેરેને તિલાંજલિ આપી અહીં જ દિવસો મહિનાઓ સુધી ઊભો ઊભો કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહું.'

આમ, બાહુબળજીને પ્રખર કષ્ટ સહવામાં ધર્મબુદ્ધિ થઈ, અને ધર્મબુદ્ધિથી જ એ ઉગ્ર કષ્ટ સહ્યાં, પણ નહિ કે અભિમાનથી. એમ બાર મહિનામાં રાગદશા લગભગ મરી ગઈ. હવે પ્રભુએ મોકલેલ બ્રાહ્મી-સુંદરીના વચનથી અભિમાન અને માનની પણ રાગદશા છોડી વીતરાગ સર્વજ્ઞ બન્યા.

આ સૂચવે છે કે આપણે પણ ધર્મના કડક આચારો-અનુષ્ઠાનો ને વ્રતનિયમાદિ કષ્ટો ઉપાડીએ તો જ રાગદશા મરતી આવે. એ વિના કાયા-ઈન્દ્રિયો-વાણી અને મનથી સુંવાળા ને સુખશીલ બન્યા રહેવામાં તો રાગદશા અને સંસારભ્રમણ જ ઊભા રહે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૧,અંક-૪૫,તા.૧૧-૮-૧૯૭૩

## (૭૮) નવકાર-અક્ષરધ્યાનનો એક અનુભવસિદ્ધ પ્રયોગ

### (લેખાંક-૧)

કાનપુરથી ગુજરાત તરફના વિહારમાં એક યુવાન મુનિ મળ્યા. એ પૂછે કે 'પ્રાણાયામ સાથે નવકારની રટણા થઈ શકે ?' એના ઉત્તરમાં કહ્યું તો ખરું કે 'આપણે ત્યાં દ્રવ્યપ્રાણાયામ કરતાં ભાવપ્રાણાયામનું મહત્ત્વ છે. એટલા જ માટે કે દ્રવ્ય-પ્રાણાયામમાં શ્વાસ ઉચ્છ્વાસ લાંબા લેવા મૂકવાનું અને રોકી રાખવાનું આવે છે, અર્થાત્ પૂરક-રેચક-કુંભકનો હિસાબ રહે છે, અને એમાં ધ્યાન રાખવા જતાં મુખ્ય ધ્યેય-વિષય પર મન કેન્દ્રિત બનતું નથી. એટલે પ્રાણાયામ પકડતાં વિષય છૂટી જાય છે. તેથી જ કાયોત્સર્ગમાં ૮ શ્વાસોચ્છવાસ ૨૫ શ્વાસોચ્છ્વાસ વગેરેનું પ્રમાણ કહ્યું ત્યાં શ્વાસોચ્છ્વાસ તરીકે પ્રાણનું લેવા-મૂકવાનું ન કહેતાં **'પાયસમા ઊસાસા'** એ વચનથી ગાથાના એક પાદને ઉચ્છવાસ તરીકે લેવાનું કહ્યું. અર્થાત્ ૮ શ્વાસોચ્છવાસ એટલે ૮ પાદ ચિંતવવાના...ત્યાં જો ગાથાના પાદને બદલે પ્રાણવાયુના લેવા-મૂકવાની ગણતરીમા મન પડે, તો ગાથા-પાદ પર મન લાગે નહિ. અલબત્ ભાવપ્રાણાયામ એટલે કે બાહ્યભાવનું રેચક (કાઢીં નાખવું.) આંતરભાવનું પૂરક (પૂરવું), અને એ જ આંતરભાવનું કુંભક (દિલમાં રોકી રાખવું),



એ હંમેશા જરૂરી છે. કેમકે જીવને 'હું એટલે કાયા' માની એનાં માનપાન, સુખસગવડ,સગાસ્નેહી વગેરે 'બાહ્ય' ને જ બહુ માનવાની અને એમાં વાણી-વિચાર-વર્તાવથી લીન બનવાની યુગો જુની આદત છે. એ લીનતામાં પોતાનો આત્મા અને એનાં હિતાહિતરૂપી 'આંતર' (આંતરિક) ને ભૂલી જવાય છે. તેથી એવી બાહ્ય-લીનતાને અટકાવી આંતરિકમાં લીનતા ઊભી કરવાની અને ટકાવવાની જરૂર છે. આ ભાવપ્રાણાયામ સાધવો હોય તો દ્રવ્યપ્રાણાયામ પર જોર ન દેવાય; નહિતર દ્રવ્યપ્રાણ એ બાહ્ય ચીજ હોવાથી બાહ્યભાવમાં ભૂલા પડી જવાનું થાય. ત્યારે નવકાર-સ્મરણ એ આંતરિક વસ્તુ છે, આત્મહિતની વસ્તુ છે. એમાં શુદ્ધ હૃદયે લીન બનવામાં આંતરભાવ સધાય છે.

આમ કહ્યું ખરું, પરંતુ એ મુનિશ્રી કહે 'જુઓ ત્યારે હું વર્ષોથી રાતના પ્રાણાયામ સાથે નવકાર મંત્રના અક્ષરોની રટણા સાધુ છું, એથી મારી ઊંઘ સહેજે ઓછી ૩-૪ કલાકની થઈ ગઈ છે, તેમ વાસનાઓ ઘણી ઘણી શાંત પડી ગઈ છે. દા.ત. મને મેવા-મિઠાઈ ફરસાણ દૂધ-દહીં-ઘી સાકર વગેરેનાં આકર્ષણ ઊતરી ગયાં છે. એની કોઈ જ સ્પૃહા નથી થતી. દેહને ટેકારૂપે રોટલી અને દાળથી રોજ એકા-સણાં કરુ છું. દિવસમાં અનેકવાર ખાવાનું મન જ નહિ. એમ બાહ્ય માનપાનની કોઈ તમન્ના રહેતી નથી, તેથી ટપાલપટ્ટીય હું કરતો નથી, ભક્તો બનાવતો નથી, ગૃહસ્થોનો સંપર્ક મને ગમતો નથી. દિવસના સમયમાં આવશ્યક ક્રિયા અને શાસ્ત્રસ્વાધ્યાય, તથા રાતના નવકાર રટણ એ મારું જીવન છે. આત્મા પરમાત્મા સિવાય બીજામાં મન જતું નથી. કપડાનો ઠાઠ, ચીજવસ્તુઓ મોહ વગેરેમાં હું પડતો નથી.

ત્યારે બ્રહ્મચર્યની બાબતમાં, મને સ્ત્રીજાત પ્રત્યે કશું જ આકર્ષણ નથી. સવારના ૯ા-૧૦ વાગ્યા સુધી કોઈ જ સ્ત્રીદર્શન નહિ; પછીય કદાચ મંદિરમાં, યા માત્ર ગોચરીની વિનંતિ કરવા આવે એટલું જ દર્શન; એમાંય સહેજ પણ વિકારનો ભાવ ન આવે એ માટે કુમારી કે યુવતીને હા-ના કહેવાની જરૂર હોય તો અવસરે 'બેટી' શબ્દથી સંબોધીને કહું છું. મને એક જણે ઠપકો આપ્યો કે 'તમે સાધુ થઈને 'બેટી' 'બેટી' શું કરો છો ?'' મેં કહ્યું 'ભાઈ એ મારા વ્રતની સલામતી માટે કહું છું. દીકરી સમજવાથી વિકાર જાગતો નથી.' આવી બધી તકેદારી અને પ્રાણાયામ સાથે નવકાર-અક્ષરના ધ્યાનથી મારું મન એટલું બધું પ્રશાંત થઈ ગયું છે કે મને લાગે છે કે મારી બાજુમાં કદાચ રાતભર કોઈ જુવાન બાઈ સૂઈ જાય તોય મને કશો વિકાર જાગે નહિ. આ મારી આત્મશ્લાઘા નથી પણ મને જાગેલો આત્મ-વિશ્વાસ છે' અને એથી નવકારમંત્ર પર મારી શ્રદ્ધા ખૂબ વધતી જાય છે. જો



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

નવકારની આવી આરાધનાથી વાસના-વિકારો, રાગ-દ્વેષ, બાહ્યભાવ, અસંયમ અને આહારાદિ સંજ્ઞાઓ પાતળી પડી જતી હોય, અને અરિહંતદેવ અને એમના અતુલ-અનુપમ શાસન પર હૈયું ઓવારી જતું હોય, તો આ જીવનમાં બીજું જોઈએ પણ શું ? ૫-૭ વરસની આ આરાધનાથી આ ફળ જોતાં મને તો એમ થાય છે કે માત્ર રાતે નહિ કિન્તુ ચોવીસે કલાક અમુક વરસ માત્ર સાધુચર્યા સાથે બધો જ સમય પ્રાણાયમની ધારે નવકારની આ આરાધનામાં લીન થઈ જાઉં.''

મુનિશ્રીની આ સ્વાનુભવની હકીકત સાંભળી મેં પૂછ્યું 'તમારું ધ્યાન નવકારને બદલે પ્રાણાયામ પર વિશેષ નથી જતું ?'

એ કહે, 'ના વિશેષ તો નવકારના અક્ષર પર જ ધ્યાન રહે છે, ને તેથી જ મને આ બધા લાભ થયા હોવાનું માનું છું.'

ત્યારે સાંભળીને મને લાગ્યું કે 'તો પછી આમાં દ્રવ્યપ્રાણાયામ કરતાં ભાવપ્રાણાયામની સાધના જ મુખ્ય બની છે.' પછી એમણે પૂછવામાં આવતાં, પ્રાણાયામ સાથે નવકારસ્મરણની જે પ્રક્રિયા બતાવી તેનો સાર આ પ્રમાણે છે,-

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૧,અંક-૪૬,તા.૧૮-૮-૧૯૭૩

## ૭૯ પ્રાણાયામ સાથે નવકાર-અક્ષરનું ધ્યાન

### (લેખાંક-૨)

ગતાંકમાં બતાવ્યા પ્રમાણે પ્રાણાયામ સાથે નવકાર-અક્ષરોનું ધ્યાન આ પ્રમાણે કરાય;-

પહેલાં શ્વાસોચ્છ્વાસની ગતિ વ્યવસ્થિત કરવા માટે જ્યાં કાન પર બીજા અવાજ ન આવે એવા સ્થાને આંખ ધ્યાનસ્થ રાખીને ટટાર બેસી, હાથ જોડીને એકદમ ઝપાટાબંધ શ્વાસ બહાર કાઢવો અને તરત પાછો શ્વાસ અંદર ખેંચવો એવું ૫-૭ વાર કરવું. પછી વ્યવસ્થિત રીતે શ્વાસ અને ઉચ્છ્વાસ ધીમે ધીમે ચાલશે. એ પછી ધ્યાનસ્થ આંખથી અંદરમાં નાભિ યા હૃદય પર નજર કરવી, અને નાભિ કે હૃદયને ઘેરા લીલા રંગના કમળ જેવું દેખવું. એમાં વચ્ચે કર્ણિકા, અને એની આસપાસ ૪ દિશા અને ૪ વિદિશા (ખૂણા)માં એમ ૮ પાંખડી જોવી. હવે આ નવ સ્થાનમાં નવકારના નવ પદનો એકેક અક્ષર અનુક્રમથી ઉપસાવવાનો છે. પેલા ઘેરા લીલા કમળમાં આ અક્ષર સળગતી ટ્યુબલાઈટ યા ચમકદાર મોતીની જેમ ચમકતા સફેદ ઉપસાવવાના. તે આ રીતે,



પહેલા શ્વાસ એકી સાથે જોસથી બહાર કાઢી નાખી પછી શ્વાસ અંદર લેતાં, પહેલાં કર્ણિકામાં 'નમો અરિહંતાણં' પદના અક્ષર પછી અક્ષર શ્વાસની ધારા સાથે ઉપસાવવાના. અર્થાત્ શ્વાસ ધીરે ધીરે લેવાનું ચાલુ રાખી 'ન...મો... અ...રિ....હં...તા...ણં' ધારવું. આ એટલા સમય સુધી કે શ્વાસ લેવાનું ચાલુ છે તે છેલ્લો 'ણં' અક્ષર ધરાય ત્યાં શ્વાસ લેવાનો પૂરો થાય. કદાચ 'ણં' બોલ્યા પછી શ્વાસ હજી સહેલાઈથી વધુ લઈ શકાય તો 'ણં' નો ટંકાર એટલો લંબાવવો. અક્ષરની ધારણા એ રીતે, કે વચલી કર્ણિકામાં ક્રમસર એકેદ સફેદ અક્ષર જાણે અંદર છૂપાયેલો અદશ્ય હતો, તે હવે ઉપસતો આવે ને દશ્ય બને. એ વખતે કમળની આઠે પાંખડીઓ કોરી ઘેરી લીલી પડી હોય.

એ પછી તરત જ શ્વાસ ધીરે ધીરે બહાર કાઢતાં ઉપરની પાંખડીમાં 'ન...મો...સિ...દ્ધા...ણં' એમ અક્ષર ક્રમશઃ ઉપસતા આવે. આ અક્ષરો ઉપસાઈ જાય અને શ્વાસ બહાર કાઢવાનું પૂરું થાય. કદાચ અક્ષર વહેલા પૂરા થઈ જાય તો છેલ્લા 'ણં' પર ઠહેરી શ્વાસ કાઢવાનું પૂરું કરાય; પણ તે ચાલુ ગતિએ જ શ્વાસને બહાર નીકળવા દેવાનો.

એ પછી તરત જ જમણી બાજુની વચલી પાંખડી પર નજર લઈ જઈ શ્વાસ અંદર લેવાનું શરુ કરાય, અને સાથે ક્રમશઃ 'ન...મો...આ...ય...રિ...યા...ણં' અક્ષર એક પછી એક ઉપસતા આવે. પછી શ્વાસ મૂકતાં જતાં ચોથા પદનો ક્રમસર એકેક અક્ષર જોવાનો. એવું સિદ્ધચક્રના ગટાના ક્રમે કમળની બાકીની પાંખડીઓમાં અક્ષર ધારણા કરવી.

આ રીતે એક પદ શ્વાસ લેતાં, ને એક પદ શ્વાસ મૂકતાં ધરાય. એમાંય દરેક પદનો એકેક અક્ષર ક્રમસર ઉપસતો જોવાનો; ને દરેક શ્વાસ કે ઉચ્છ્વાસનું કાર્ય તે તે પદના છેલ્લા અક્ષરે પૂર્ણ થાય. એમ એક નવકાર પૂર્ણ થયે તરત જ બીજો નવકાર; એ પૂર્ણ થયે તરત જ ત્રીજો નવકાર...એમાં રોજ અભ્યાસ વધતાં શ્વાસ ઉચ્છ્વાસની ગતિ ધીમી ધીમી થતી આવે. મુનિશ્રી કહે,- 'એમ અભ્યાસ વધતાં આજે મને ૧૨ નવકાર પૂર્ણ કરતાં બાવન મિનિટ લાગે છે.'

આમાં નવકારની સંખ્યા વધવાનો લોભ નથી કરવાનો કે 'મારે આટલા બધા નવકાર કરવા છે; કિન્તુ એના એકેક અક્ષર પર સ્થિરતા વધારવાની છે. તે પણ નિયમિત શ્વાસ કે ઉચ્છ્વાસ સાથે.

પ્ર.- શ્વાસોચ્છ્વાસની નિયમિત ગતિ રાખવામાં મન એમાં જવાથી નવકારમાં શી રીતે લાગે ?

ઉ.- એવું નથી. માત્ર પ્રક્રિયા બતાવવા માટે શ્વાસ-ઉચ્છ્વાસની નિયમિત



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

ગતિ બતાવી એટલું જ, બાકી એ રીતે વ્યવસ્થિત અભ્યાસ થતાં ધ્યાન તો નવકારના અક્ષર પર જ રહે છે. એટલું જ નહિ, પણ જેમ જેમ નવકારના અક્ષર જોવાતા જાય છે, તેમ તેમ ભાવોલ્લાસ અને આ અક્ષરદર્શન-ચિંતન મળ્યાનો હર્ષોલ્લાસ વધતો જાય છે. કહો કે એ વધારવાનો તે એમ સમજીને કે 'આ પાપ ભરેલા જગતની વચ્ચે રહેતાં અહો ! મને આત્માને પાવનકારી મહાપવિત્ર નવકારમંત્રના અક્ષર ચિંતવવા મળે છે !'

અબ્રહ્મની વાસના વધારનારા આજના વાતાવરણમાં પોતાની વાસના ઘટાડી મનને શાંત પવિત્ર કરવા અને સ્વાભાવિક બ્રહ્મચર્યમાં રહેવા માટે આ પ્રાણાયામ સાથે નવકાર-અક્ષરનું ધ્યાન એક અદ્‌ભુત ઉપાય છે. સાથે ખાનપાન-મોજશોખ-પૈસાદિનો લોભ અને વાતવિસામાદિ બાહ્યભાવ વગેરેના આકર્ષણ પણ ઓછા થતાં આવે છે. એટલે આ બધી વાસનાઓથી પીડાતાનો એનું જોર ઓછું કરવા માટે આ રીતનું નવકારધ્યાન મહા આશીર્વાદરૂપ છે.

આ તકે એટલું ખાસ ધ્યાનમાં રહે કે (૧) એક તો શાસ્ત્ર કહે છે તેમ સાધુ અને શ્રાવકપણાના આચાર બજાવ્યા પછી જ ધ્યાનને સ્થાન છે; તેમજ (૨) બીજું એ, કે શાસ્ત્રસ્વાધ્યાય એ જીવનમાં અતિ જરૂરી ચીજ છે. કેમકે એમાં સંકલ્પ-વિકલ્પો ટળે છે, તત્ત્વ અને માર્ગનો બોધ મળે છે, જિનવચનની અને એ દ્વારા જિનેન્દ્રદેવની મહાન આરાધના થાય છે....માટે આચારોનું પાલન અને શાસ્ત્રસ્વાધ્યાય ન ભૂલાય.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૧,અંક-૪૭-૪૮,તા.૨૫-૮-૧૯૭૩

## (૮૦) નવકારનું ફળ શું માનવા-માગવાનું ?

શ્રી નમસ્કાર-મહામંત્રનો યાને નવકારનો પ્રભાવ અચિંત્ય અદ્‌ભુત છે. શાસ્ત્ર કહે છે નવકારથી શું શું ઈષ્ટ નથી નીપજતું ? ને કેવી કેવી આપદા નથી મટતી ? મહા આપત્તિઓનું નિવારણ અને મહાસંપત્તિઓની પ્રાપ્તિ શ્રી નવકારમંત્રથી થાય છે. પરંતુ સવાલ એ છે કે આપણે નવકારનાં કયાં ફળ આપણી જાત માટે માગવાના ? શું શું મળે એટલે આપણને લાગે કે આપણું નવકારસ્મરણ ફળ્યું ?

સામાન્ય રીતે એવું બને છે કે માણસની ધારણા હોય કે અમુક કાર્ય મારે બનવું જોઈએ, દા.ત. ધંધામા લાભ, અમુક વેપાર, અમુક સોદો, અમુક હોદ્દો, લોકમાં યશ, સારું મકાન,...વગેરે વગેરે બની આવવાની ધારણા હોય, ને એ



નવકાર પર જોર મારતાં મારતાં બની આવે, તો માણસના મનને એમ થાય છે કે મારે નવકાર ફળ્યો.

અલબત આમ લાગવાનું પણ નવકાર પર શ્રદ્ધા હોય તોજ થાય; નહિતર તો અભિમાન ચીજ એવી છે કે મનને એમ લાગે કે 'આ કામ તો મારી હોશિયારીથી થયું. બીજાઓમાં બિચારામાં આ કુનેહ, આ આવડત નહિ, તેથી એ શી રીતે આવાં કાર્ય નીપજાવી શકે ?' આમ જશ પોતે જ લેવાનું બને. એ તો નવકાર પર શ્રદ્ધા હોય તો જશ નવકારને આપવાનું થાય; મનને લાગે કે 'મારે નવકારના પ્રભાવે કામ થઈ ગયું.' પશ્ચિમના દેશોમાં આ માનનારા હોય છે કે 'મેં ઈશ્વરને પ્રાર્થના કરી, ને મારું કામ થઈ ગયું. ઈશ્વરને પ્રાર્થના કરવાનો આ પ્રભાવ છે કે ધાર્યું કામ થઈ જાય.'

સવાલ આટલો છે કે આપણે નવકારના ફળ તરીકે આવા બાહ્ય સિદ્ધિનાં કાર્ય થવાનું માનીને ઊભા રહેવું ? કે એથી ઊંચા વિશેષ ફળ માનવાં ?

એટલું ધ્યાનમાં રહે કે માત્ર બાહ્ય કાર્યને ફળ માનવામાં કેટલીકવાર એવું બને કે પૂર્વનાં કોઈ આપણા તેવા અંતરાયકર્મ હોય તો નવકાર બહુ રટવા છતાં કાર્ય ન બની આવે. પછી જો એટલી જ શ્રદ્ધા રાખી બેઠા હોઈએ કે 'નવકારથી કાર્યસિદ્ધિ થાય' તો તીવ્ર અંતરાયના ઉદયે કાર્ય ન બની આવતા નવકાર પરની શ્રદ્ધા ડગવા માંડે કે નવકાર ગણ્યા પણ કાર્ય ન થયું. માટે, ફળ તો એવું માગવું કે જે નવકારના આલંબને અવશ્ય બની આવે; ને જેની જ આ જીવનમાં બહુ જરૂર હોય તો એવા ફળ કયાં છે ?

આનો જવાબ નવકારના પદોની અંદર જ સ્પષ્ટ મળે છે. 'એસો પંચ નમુક્કારો સવ્વપાવપ્પણાસણો.' આ પાંચ નમસ્કાર સમસ્ત પાપોનો અત્યંત નાશ કરનારા છે. અર્થાત્ પાંચ પરમેષ્ઠીને નમસ્કાર કર્યાનું ફળ શું ? તો કે સર્વપાપનાશ.

'પાપ' કયાં ? પાપકર્મ-અશુભકર્મ બંધાવે એ પાપ. અશુભ કર્મ બંધાવનારા પાપ છે મિથ્યાત્વ, રાગ-દ્વેષાદિ કષાયો, અવિરતિ, પ્રમાદ અને હિંસાદિ પાપ-વિચાર-વાણી-વર્તાવ.

આ સમસ્ત પાપોનો નાશ એ નવકાર-પંચનમસ્કારનું ફળ છે. જ્યારે નવકારસૂત્ર પોતે જ આ ફળ બતાવે છે તો પછી આપણે એ જ ફળની આકાંક્ષા રાખીએ કે બીજા કોઈ ફળની ? અલબત નમસ્કારથી બીજા લૌકિક ફળ મળે છે ખરાં, પરંતુ એ ઈચ્છવા-માગવા જેવી વસ્તુ નથી. ઈચ્છવા-માગવા જેવી વસ્તુ આ મિથ્યાત્વ-રાગ-દ્વેષાદિનો નાશ છે. માટે પંચપરમેષ્ઠિ નમસ્કારનું એજ ખરેખરું ફળ માની એની જ કામના-ઝંખના આકાંક્ષા રાખવાની.

વાત પણ વ્યાજબી છે કે આવા ઉચ્ચ માનવ-અવતારે, આપણાં મિથ્યાત્વ-રાગ-દ્વેષ આદિ નષ્ટ થઈ જાય, અરે ! સમૂળગાં નષ્ટ નહિ તો ય અત્યંત ઓછા



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

થઈ જાય, તો એના જેવી સિદ્ધિ-સમૃદ્ધિ બીજી કઈ હોય ? ધનના ઢગલા કે મોટા રાજ્યપાટની સિદ્ધિ મળે, કિન્તુ જો આ મિથ્યાત્વાદિ પાપ ખખડધખ ખડાં છે, તો અહીં ઉન્માદ-અશાંતિ અને પરલોકે નરકાદિ દુર્ગતિઓમાં ભ્રમણ સિવાય બીજું શું જોવા મળે ? બ્રહ્મદત્ત ચક્રવર્તી પાસે છ ખંડનું અને ત્રિપૃષ્ઠ વાસુદેવ પાસે ત્રણ ખંડનું સામ્રાજ્ય હતું, પરંતુ રાગાદિ પાપો જાલિમ ઊભા હતાં, તો મરીને એ સાતમી નરકે ગયા આવી નરકે લઈ જનારી સિદ્ધિ-સમૃદ્ધિને સાચી સિદ્ધિ-સમૃદ્ધિ શાની કહેવાય ? માટે, મિથ્યાત્વ-રાગાદિ પાપનાશને જ સાચી સિદ્ધિ સમૃદ્ધિ માની નમસ્કારના ફળમાં એ પાપનાશ જ ઇચ્છવાનો.

પ્ર.- પંચ નમસ્કારથી આ મિથ્યાત્વાદિપાપનો નાશ શી રીતે થાય ?

ઉ.- એ થવાનું કારણ આ છે, કે (૧) પહેલું તો આમાં જેને નમસ્કાર કરીએ છીએ એ પાંચ પરમેષ્ઠીમાં અરિહંતદેવ અને સિદ્ધભગવાન પોતે આ પાપોથી સર્વથા રહિત છે, અને બાકી આચાર્ય-ઉપાધ્યાય-સાધુમહારાજ ઘણાં ઘણાં પાપોથી રહિત બની શેષપાપના નાશનું જ જીવન જીવી રહ્યા છે. આમ પાંચેય ઉત્તમ આલંબન છે. મન એમના આલંબને એમના જેવું થતું આવે એમા નવાઈ નથી. (૨) બીજુ એ છે કે એમને નમસ્કાર એટલે એમની ઉત્કૃષ્ટતા સામે પોતાની અપકૃષ્ટતા-હીનતા ભાસે; એથી પોતાનાં મિથ્યાત્વાદિ પાપોની શરમ લાગે, ખેદ થાય; અને એ ખેદ પાપનાશ તરફ લઈ જનારો છે.

બસ, નવકાર ગણ્યે જઈએ અને દિલની આ એક જ ભાવના રહે કે 'મારા રાગ-દ્વેષ, મારા વિષયાસક્તિ-કષાયાવેશ વગેરે પાપો નષ્ટ થતા જાઓ,' ને એ ઓછા થતા આવે એના પર જ સંતોષ વળે કે 'મારે નવકાર ફળ્યો.'

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૨,અંક-૧,તા.૮-૯-૧૯૭૩

## (૮૧) આજના દરદ અને દવા

ઇચ્છીએ કે ન ઇચ્છીએ આજે જગતમાં ચોમેર ધર્મની સામે આક્રમણ ઘણું ચાલી રહ્યું છે, કેટલુંક ધર્મના નામે અને કેટલુંક ભૌતિક માનવહિતના નામે. દા.ત. ભગવાન શ્રી મહાવીર પ્રભુના જીવન પર બે આકર્ષક પોકેટસાઈઝ બુકો જોવા મળી, જે જાહેર સ્ટોલ પર વેચાતી હતી. એમાં ભગવાન અને ચંદનબાળાદિના શાસ્ત્રવિરુદ્ધ વિચિત્ર ચિત્રામણ હતા. આવું ધર્મના જ નામે ચાલે છે. એમ ભૌતિક માનવહિતના નામે તો છાપા, રેડિયો, ટી.વી. સેટ, અભક્ષ્ય ટોનિક, વગેરે તો કેટલું ય ચાલે છે.



ત્યારે સવાલ એ છે કે આની ધર્મવિઘાતક અસરોથી નવી પ્રજાને બચાવી લેવા માટે કોઈ ઉપાય છે ? અને તે આપણે આદરવાના છે ? જૈન ધર્મના નામે જૈન ધર્મ વિરુદ્ધ ચાલતાં લખાણોથી ધર્મના અનભિજ્ઞ જૈનો એમ ખોટા દોરવાય છે કે 'આપણો જૈન ધર્મ આવો. આપણા મહાવીર પરમાત્મા આવા.' ત્યારે જૈનેતરો જૈન ધર્મ અને તીર્થંકર ભગવાના અંગે ખોટા ખ્યાલ બાંધે છે.

આની સામે બે જાતના ઉપાય જરૂરી છે.-(૧) એક તો એ ઢગલો વિરુદ્ધ વાતોના શાસ્ત્રીય વગેરે પ્રમાણો સાથેના લખાણ છાપા અને પુસ્તિકા દ્વારા પ્રગટ કર્યે જવાય; તથા (૨) બીજું એ, કે શાસ્ત્રને વળગીને વિધાનાત્મક લખાણવાળા લેખ તથા પુસ્તિકાઓ પ્રગટ કરાય, જેમાં ખરેખર જૈન ધર્મ શું છે ? જૈન ધર્મના ખરેખર તત્ત્વ તથા સિદ્ધાન્ત કયાં કયાં છે ? તીર્થંકર ભગવાનના યથાર્થ જીવન તથા જૈન મહર્ષિ-મહાપુરુષોના જીવન કેવા કેવા હતા ? એ બધું Positive વિધાનાત્મક પદ્ધતિથી રજૂ થાય. આવી પુસ્તિકાની કોપીઓ પણ કેટલી સંખ્યામાં પ્રચારવી જોઈએ એ, જ્યારે જાહેર સ્ટોલ પર વિરુદ્ધ સાહિત્ય વેચાતું હોય એની કેટલી કોપીઓ હશે. એ પરથી સમજી શકાય છે.

જો આ બંનેમાંથી એકેય ઉપાય નહિ યોજીએ, અને માત્ર 'આ ખોટું છે,' એટલું જ બોલ્યા કરશું, તો ઊપજવાનું કેટલું ? પેલું સાહિત્ય તો હજારો લાખો માણસોમાં ફેલાઈ પોતાની અસર પાડી જ રહ્યું છે, એ શી રીતે રોકાશે ? એ દેખીતી તર્કયુક્તિવાળું અને આધુનિક આકર્ષણ રજૂઆતથી લખાયેલું હોય છે. આજના બુદ્ધિવાદના યુગના માનવીને એ કયાં કયાં શું શું કેવી કેવી રીતે ખોટું એ વાંચવા મળ્યા વિના માત્ર 'આ ખોટું છે' એટલાં પ્રતિપાદનથી એ વિરુદ્ધ સાહિત્ય શી રીતે અમાન્ય બનવાનું ?

એમ, આપણાં એકલા ખંડનાત્મક સાહિત્યથી આજના માનવીને એ શી રીતે ખ્યાલ આવવાનો કે ખરેખર જૈન ધર્મ, એના તત્ત્વો સિદ્ધાન્તો અને મોક્ષમાર્ગ શું છે ? પાયાથી પરાકાષ્ઠા સુધીની શી શી પ્રક્રિયા છે ? તેમજ તીર્થંકર ભગવાનનું સમગ્ર જીવન આદિથી અંત સુધીનું કેવું છે ? એમ એની અનન્ય ભવ્યતા કેવી છે ? જૈન ધર્મ વિશ્વને શી શી વિશિષ્ટ બક્ષીસો કરી છે ?...આ બધાનો ખ્યાલ શી રીતે આવે ?

સારાંશ, આજના ભયંકર પડઘમ-નાદોની સામે આ દ્વિવિધ રચનાત્મક સાચા પડઘમનાદો બજાવવાની જરૂર છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

## (૮૨) ધર્મના બે ઉદ્દેશ : ધર્મની બેવડી અસર

આપણે ધર્મ કરીએ છીએ એ શા માટે ? બે પૈસાનું દાન શા માટે ? નાના પણ વ્રત-નિયમ શા માટે ? દેવદર્શન-પૂજન, સાધુસેવા, શા માટે ? તિથિએ પણ તપ શા સારું ? શાસ્ત્રવાંચન-શ્રવણ શા સારું ? ધર્મ કરવાનો ઉદ્દેશ શો ?

જો આ બધા પવિત્ર આચારોની ઉદ્દેશની ખબર નથી, કોઈ ઉદ્દેશ જ મનમાં નથી, તો એ ધર્મસાધના ગતાનુગતિક અર્થાત્ સંમૂર્છિમ ક્રિયા જેવી ચાલતી રહેવા સંભવ છે. એથી દિલમાં ધર્મનું એવું મમત્વ જાગવાનું નહિ કે ‘મારે તો જીવનમાં ધર્મ એ જ મહત્ત્વની વસ્તુ છે. દુનિયાદારી એ એવી મહત્ત્વની વસ્તુ નહિ. ધર્મના ઊંચા ઉદ્દેશનો મનમાં ખ્યાલ હોય તો એવા ઉદ્દેશ દુનિયાદારીમાં નથી સરતો, માટે દુન્યવી પ્રવૃત્તિઓ કરતાં ધર્મસાધના કિંમતી લાગે.’

ત્યારે ધર્મ કરવાનો ઉદ્દેશ જો પૈસાટકા મેળવવાનો હોય, માન-મર્તબો અને ખ્યાતિ ખાટવાનો હોય, લોકમાં આગળ આવવાનો ઉદ્દેશ હોય, તો એ વળી વિશેષ ખતરનાક નીવડે છે. કેમકે આમે ય પૈસાટકા-માનસન્માન વગેરે તો ગમતા જ હતા. તે ધર્મ કરીને વિશેષ ગમતા કર્યાં. ‘ચાલો ધર્મ કરીશું તેથી પૈસાટકા વગેરે સારું મળશે.’ એમ ધર્મ દ્વારા પૈસા-ટકા વગેરેની ચાહના વધારી. દુન્યવી વિષયો લક્ષ્મી-સન્માન-પ્રતિષ્ઠા વગેરે જીવમાં રાગ-આસક્તિનું ઝેર વધારનારા હોવાથી એ ઝંખવા આદરવા જેવા નહિ, એના પ્રત્યે તો વિરક્ત દશા જોઈએ. પરંતુ ધર્મથી એ જ પામવાનો ઉદ્દેશ રાખવા જતાં, એ રાગ-આસક્તિનું ઝેર વધારતા રહેવાય, એ આત્માની વિશેષ ખરાબ નોંતરવા જેવું થાય.

આમ, (૧) ધર્મ સાધવાના ઉદ્દેશનો ખ્યાલ જ ન હોય, એમાં તો ધર્મ સાધ્યાની મહેનત માથે પડે છે, ત્યારે (૨) ઉદ્દેશ જો પૈસા આદિ મેળવવાનો જ રખાય, તો એ રાગના ઝેર વધારનાર હોવાથી વિશેષ ખતરનાક નીવડે છે.

ત્યારે કેટલાક તરફથી ‘અમે આત્માના કલ્યાણ માટે ધર્મ કરીએ છીએ’ એમ ઉદ્દેશ બતાવવામાં આવે છે, તો એ તો ઉચ્ચ ઉદ્દેશ હોઈ એવા ઉચ્ચ ઉદ્દેશને સાધી આપનાર ધર્મ માટે દુનિયાદારી કરતા વધારે મમત્વ થવું જોઈએ, એની વિશેષ કિંમત લાગવી જોઈએ. પણ કેટલાયમાં આત્માની દશા જોતા એથી ઊલટું દેખાય છે કે દુનિયાદારી પર ખરેખરું મમત્વ છે, ને એની ખૂબ કિંમત મહત્ત્વ લાગે છે.



એટલે આત્મ-કલ્યાણના ઉદ્દેશ માત્ર કહેવા માટે રહ્યો, પણ આત્મકલ્યાણ શું એનું મહત્ત્વ શું, એનો કશો વિચાર ન રહ્યો.

તો સવાલ આ રહ્યો કે ‘ધર્મસાધનાનો ઉદ્દેશ શો રાખવો ?’

ઉદ્દેશ આ, કે (૧) ધર્મ ગમતો થાય, ધર્મ બહુ ગમે, અતિશય ગમે, ધર્મ જ ગમે; અને (૨) એ ધર્મથી વિરુદ્ધ પાપ ગમતા ઓછા થાય, પાપ પર નફરત-ગ્લાનિ જાગે, વધે, અત્યંત નફરત-અરુચિ થાય.

જેમ જેમ ધર્મ સાધતા જઈએ તેમ તેમ આ ઉદ્દેશ સિદ્ધ થતા આવે છે ને એ જોતા રહેવું જોઈએ. દા.ત. અવસર આવે દાન કરતા હોઈએ યા તપસ્યા કરતા હોઈએ, ત્યાં એ જોવાનું કે અંતરમાં દાન અને તપ વધુ ને વધુ ગમતા થાય છે ને ? દાનની વાત આવે, જેમકે કોઈ ધર્મ ખાતાની ટીપ-ફંડફાળો આવ્યો તો મન હરખાય કે ‘વાહ સરસ ! દાનથી કમાવાનો અવસર આવ્યો !’ એમ પર્વતિથિ આવી આંબેલ ઓળી-પજુસણ જેવા દિવસો આવ્યા, ત્યાં મન પ્રફુલ્લિત થાય કે ‘અહો ! તપ કરી આત્મકમાઈ કરી લેવાનો અવસર આવ્યો !’ અરે ! સવારે ઊઠીને દેવદર્શનનો અવસર આવ્યો ત્યાં ઊઠતાં જ હરખ થાય કે ‘અહો ! પરમાત્માના મને દર્શન મળશે, ખરો અવસર આવ્યો ! ધન્ય પ્રભુ ! ધન્ય અવતાર મારો !’ આમ ધર્મ ઉપર પ્રેમ વધારતા રહેવો એ ધર્મસાધનાનો એક ઉદ્દેશ.

(૨) બીજો મહત્ત્વનો ઉદ્દેશ આ કે ‘ધર્મ સાધના કરતો જાઉં જેથી એના પ્રતિપક્ષી પાપ પર અણગમો-અરુચિ વધતા જાય.’ જેમ જેમ ધર્મ સાધતા જઈએ તેમ તેમ ‘પાપ પર અરુચિ વધતી આવે છે ને ?’ એ જોવાનું. દા.ત. પ્રભુદર્શનના ધર્મની સામે પ્રતિપક્ષી પાપ ઇન્દ્રિયોના ગમતા વિષયોના દર્શન-શ્રવણ-સ્મરણ વગેરે, એ વિષયો અને એના દર્શનાદિ પર હૈયાના આકર્ષણ ઘટતા આવે, રુચિ-આનંદ-પ્રફુલ્લિતતા ઓછા થતા આવે, ને અણગમો-નફરત વધતા આવે; એમ દાનધર્મ આચરતાં આચરતાં એના પ્રતિપક્ષી પાપ આ,-ધન ઓછું કે ન દેવા પડ્યાનો આનંદ, ધનની પ્રાપ્તિ-સંગ્રહ...વગેરે એ ઘટતા આવવા જોઈએ. અને એની પ્રત્યે ગ્લાનિ-અરુચિ વધતી આવે. એવી રીતે તપસ્યા કરતા કરતાં તપના પ્રતિપક્ષી પાપ જે ખાઉં-ખાઉંની સંજ્ઞા, મનગમતા રસની લાલસા અને મળ્યાના આનંદ, એ ઘટતા આવવા જોઈએ.

ધર્મ કરવામાં આ બે ઉદ્દેશ જોઈએ; ધર્મ કર્યાની આ બેવડી અસર પડવી જોઈએ કે ધર્મ વધુ ગમતો થાય, પાપ વધુ અણગમતા થાય.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

## ૮૩ સ્વાત્મ-દૃષ્ટિની પ્રધાનતા

### (લેખાંક-૧)

દેવતા શ્રેણિક રાજાના સમ્યક્ત્વની પરીક્ષા કરતો હતો એમાં એક કામ એ કર્યું કે જ્યારે ચાર જણને છીંક આવી, - ત્રિલોકનાથ ભગવાન શ્રી મહાવીરપ્રભુ, રાજા શ્રેણિક, અભયકુમાર અને કાલસૌકરિક કસાઈને; એમાં ભગવાનને છીંક આવતાં દેવતા કહે, ‘તમે મરો.’ શ્રેણિકને છીંક આવતાં કહે છે કે ‘તમે જીવો.’ અભયકુમારને છીંક આવતા કહે કે ‘તમે જીવો અને મરો.’ કાલસૌકરિકની છીંક પર કહે ‘તું જીવ નહિ, ને મર નહિ.’

આ ચારે ય કથન તેમના તેમના પોતાના આત્માની દૃષ્ટિએ કહેવાયાં છે.

‘કાલસૌકારિક કસાઈ જો જીવે તો રોજના પાંચસો પાડા મારવાની હિંસાનું ઘોર પાપ કરવાનો છે, માટે એનું જીવવું સારું નથી. તેમ એ મરે ત્યારે સાતમી નરકના ભયંકર દુઃખમાં પટકાવાનો છે, તેથી એનું મરવું ય સારું નથી. એટલે દેવે કહ્યું ‘તું જીવ નહિ, મર નહિ.’

અભયકુમારને જો જીવે તો ચારિત્રધર્મની સુંદર સાધના કરવાના છે, અને મરે ત્યારે સર્વાર્થસિદ્ધ વિમાનમાં જવાના છે. માટે એમનું જીવવું મરવું બંને સારું છે; તેથી દેવે કહ્યું ‘તમે જીવો અને મરો.’

રાજા શ્રેણિક જીવે ત્યાં સુધી સમ્યગ્દર્શનની કરણી આરાધવાના છે, માટે જીવવું સારું; પરંતુ મરે ત્યારે પહેલી નરકના ઘોર દુઃખમાં જવાના છે, તેથી એમનું મરવું સારું નથી. એટલે દેવે કહ્યું ‘તમે જીવો’ પણ મરો એમ ન કહ્યું.

મહાવીર ભગવાન પરમાત્મા બની ગયા છે તેથી એમને કોઈ સાધના બાકી નથી, એટલે એમનું જીવવું નિરર્થક છે;-જીવવું એ સાધના માટે છે;-પણ પ્રભુ મરે ત્યારે મોક્ષે જવાના છે તેથી એમનું મરવું સાર્થક છે. તેથી દેવતાએ એમને ‘મરો’ કહ્યું પણ ‘જીવો’ એમ ન કહ્યું.

અહીં પ્રશ્ન થાય કે - ‘પ્રભુને અઘાતી કર્મ ખપાવવા માટે જીવવાનું સાર્થક ન કહેવાય ?’ ના, એ કર્મ જીવવાથી નથી ખપવાના, ‘અર્થાત્ અઘાતી કર્મોના ક્ષયમાં જીવન યાને આયુષ્યકર્મનો ઉદય એ કારણ નથી, પરંતુ તે તે કર્મનો ઉદય કારણ છે. માટે જીવવું એ સફળ ન બન્યું; ત્યારે અભયકુમારને જીવવાનું સાર્થક છે, કેમકે ઘાતી કર્મોનો ક્ષય ચારિત્રની સાધનાથી થવાનો ને આ સાધના પ્રત્યે



જીવવું અર્થાત્ માનવ આયુષ્યનો ઉદય એ કારણ છે. માનવભવ હોય તો જ સર્વ વિરતિ ચારિત્રની સાધના થાય.’

અહીં જોવાની એક ખૂબી છે કે ભગવાન શ્રી મહાવીર પ્રભુ જીવે તો ગામેગામ વિચરતા રહી મહાન ઉપકાર કરવાના છે. એ રીતે તો જીવવું સાર્થક બને છે. છતાં દેવે પ્રભુને જીવો એમ ન કહ્યું.

પ્ર.- આટલો બધો મહાન ઉપકાર થાય છતાં પ્રભુનું જીવવું સાર્થક નહિ ?

ઉ.- અહીં સમજવા જેવું છે કે છીંક પર આશીર્વાદનું આ વચન છે; **ને છીંક પર આશીર્વાદ છીંક ખાનારના લાભની દૃષ્ટિએ હોય, બીજાના લાભની દૃષ્ટિએ નહિ.** તો પરોપકારથી પ્રભુની પોતાની દૃષ્ટિએ લાભ શો ? એમને કોઈ પરોપકારની સાધનાથી ઘાતી કર્મ ખપાવવાના બાકી નથી. એમ અઘાતી કર્મો ! ખપાવવા માટે એમને કોઈ સાધના કરવાની હોતી નથી. સાધના તો સંપૂર્ણ કરી, એ હવે સાધક રહ્યા નથી, પણ સિદ્ધ બનેલા છે. જ્યારે અભયકુમારને સાધના બાકી છે માટે એમને ‘જીવો’ એમ કહ્યું. સાધનાથી જીવવું સફળ થાય છે.

આ પરથી એ સૂચિત થાય છે કે દરેકને પોતાના માટે પોતાના આત્માની દૃષ્ટિ પ્રધાન છે. અર્થાત્

**પોતાનું જીવવાનું પોતાના આત્માના લાભમાં ઊતરે છે ? એ મુખ્ય જોવાનું.**

આત્માના લાભમાં એટલે કે આત્માને કોઈ દર્શન-જ્ઞાન-ચારિત્રની કોઈ દાન-શીલ-તપ-ભાવનાની કે કોઈ જિનભક્તિ, સાધુસેવા-જીવદયાદિની આરાધનાના લાભમાં જ જીવવાનું બને છે ને ? -આ જોવાનું તત્ત્વ સમજેલા પુરુષની દૃષ્ટિ આ કે, જીવનક્ષણો આ સમ્યગ્દર્શનાદિની આરાધનાનો લાભ કરાવવામાં પસાર થાય.

માનવ-જીવનની ક્ષણો ધનનો લાભ, સારાં ખાનપાનનો લાભ; માન-સન્માન-યશનો, સારા સારા વિષયોનો, કે કાયિક સુખશીલતા-આરામી વગેરે વગેરેનો લાભ કરવામાં પસાર કરી, એ એ અમૂલ્ય ક્ષણોને વેડફી નાખી કહેવાય. અર્થાત્ એટલું જીવવાનું નિરર્થક ગયું.

જીવવાનું સાર્થક એ કે જે જીવવામાં સ્વાત્મહિતકર સમ્યગ્દર્શનાદિની સાધના થાય. આ તો જ બને કે પહેલા નંબરમાં કાયા, ઈન્દ્રિયો, અહંત્વ અને ધન-પરિવાર આદિ વિષયોરૂપી માયા પર દૃષ્ટિ નહિ કિન્તુ પોતાના આત્મા પર દૃષ્ટિ બની રહે. આ માટે આ વિચારવું જોઈએ કે ‘હું આસ્તિક છું કે નાસ્તિક ? હું તે કાંઈ નાસ્તિક છું કે આત્માને સરાસર વિસરી એકલી બાહ્ય માયાને જ જોયા કરું ? માયાના જ લાભમાં ઊતરે એવું જ જોયા કરું ? ને કર્યા કરું ? હું તો આત્માને માનનારો, માટે મારી નજર સામે મારો આત્મા જ રમ્યા કરવો જોઈએ.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

આત્માના લાભમાં શું શું ઉતરે છે એ જ હું જોયા કરું ને કર્યાં કરું. મહા બુદ્ધિમાનોએ પણ આ જ કર્યું છે ને કશું નહિ ભણેલા વિવેકીજનોએ પણ આ જ કર્યું છે, માટે હું પણ સ્વાત્મા પર મુખ્ય દૃષ્ટિ રાખી એના લાભમાં ઊતરે એ જોયા કરું.'

આ એક રીતે આત્મદૃષ્ટિ વિચારી.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૨,અંક-૪,તા.૨૯-૯-૧૯૭૩

## (૮૪) (લેખાંક-૨)

જીવનમાં પોતાના આત્મા પર દૃષ્ટિ રાખવી એ મુખ્ય કર્તવ્ય છે. એને એક રીતે એ વિચાર્યું કે તન-ધન વગેરેને મુખ્યપણે બહુ લક્ષમાં ન લેતા, અને મુખ્યપણે એ બધાને અનુકૂળનો બહુ વિચાર ન કરતાં વિશેષ ધ્યાન પોતાના આત્મા પર રાખવું, આત્માને અનુકૂળ શું, હિતકર શું, એના પર રાખવું. હવે બીજી રીતે આ વિચારવાનું છે કે બીજાનું ભલું કરવાનો પ્રસંગ હોય ત્યાં પણ પોતાના આત્માનું હિત ભૂલવું નહિ.

પોતાના આત્માનું હિત ન ભૂલવા માટે બે વસ્તુ ધ્યાનમાં રાખવાની છે,- (૧) એક, પરના હિતને પોતાના હિતમાં ઉતારવું; અને (૨) બીજું એ કે પોતાનું અહિત થતું હોય એવું પરનું ભલું કરવા નહિ દોડવાનું.

(૧) આમાની પહેલી વસ્તુ ધ્યાનમાં રહે એટલે પરનું ભલું કરતાં એ જોવાય કે આ પરનું ભલું, એ શી રીતે ખરેખર મારું જ ભલું છે. દા.ત. દુનિયાના દુઃખી જીવોની દયા કરું, જેવી કે ભૂખે તરસે મરતાને અન્નપાણી દઉં, કસાઈની છરી નીચે જતા જીવોને છોડાવું...એમાં ખરેખર મારી પોતાની દયા છે. એમ કરવાથી મારા આત્માના પરિણામ કૂણા દયાર્દ્ર રહે છે, પણ નિષ્ઠુર નથી બનતા. સામે દુઃખી દયાપાત્ર છતાં જો હું છતી શક્તિએ એની દયા ન કરું, એનું દુઃખ મિટાવવા પ્રયત્ન ન કરું, તો એવી ઉપેક્ષાથી મારું દિલ કઠોર બની જાય. એ ન બને માટે પરની દયા કરું. કઠોરતામાં તો પછી મારે બીજા ગુણો પામવા-વધારવાની લાયકાત જ ન રહે.

આમ, પરના ભલામાં પોતાનું ભલું જોતાં લાભ એ, કે

(i) પરાર્થ-પરહિત-પરોપકાર કરતાં અભિમાન ન થાય કે 'કેવો હું પરોપકારી !' કેમકે ખરેખર તો એ સ્વનું ભલું છે, તો સ્વના ભલામાં અભિમાન શું કરવું ? માણસ સ્વનું ભલું નથી જોતો એટલે પરના ઉપર અહેસાન મનાવવા જાય છે, અને અભિમાન કરે છે કે 'મેં આનું આટલું કર્યું, બીજો કોણ કરે ?'



આર્યદેશમાં દાતારો યાચકોનો ઉપકાર માનતા કે 'તમે મને દાનધર્મનો લાભ આપી રહ્યા છો. એટલે હું તમારું ભલું શું કરું ? તમે મારું ભલું કરી રહ્યા છો,' આ ભાવ રાખવામાં પછી દાનનું અભિમાન શાનું થાય ? પ્રભુને લાખ રૂપિયાનો મુગટ પોતે ચડાવ્યા પછી મનને એમ ન થાય કે 'આ મેં પ્રભુનું કર્યું.' પણ એમ થાય કે 'મને આમાં અર્હદ્ભક્તિનો યાને પરમપાત્રે દાનનો સુંદર લાભ મળ્યો; પ્રભુથી મારું સારું આત્મહિત થયું. મેં મંદિર-ઉપાશ્રયે દીધું એમાં મેં મંદિર-ઉપાશ્રયની સેવા કરી એમ નહિ, પણ મંદિર-ઉપાશ્રયે મારું ભલું કર્યું,' મારી સેવા કરી મને સુકૃત કમાઈ કરાવી. સ્વાત્મહિતની દૃષ્ટિ મુખ્ય રાખી હોય તો સુકૃત પર મન-વચનમાં આ ભાવ આવે.

(ii) સ્વહિત જોવાનું ભૂલાય તો પરહિત કરી એના પર અહેસાન ચડાવવાનું અને સામાને દબાયેલો રાખવાનું બને છે, યાવત્ ભગવાન પર મંદિર પર પોતાનો ઉપકાર મનાવવાની મૂર્ખાઈ થાય છે. એવું કરનારો સાધાર્મિક કે ભિખારી વગેરે બીજાઓનું કરીને એમને દબાવે, ઓશિયાળા રાખે, એમાં શી નવાઈ ? માટે કર્તવ્ય આ છે કે પરોપકારમાં પોતાની જાત પર ઉપકાર થયાનું દેખવું...પરહિતને સ્વહિતમાં ઉતારવું.

(૨) સ્વાત્મદૃષ્ટિ પ્રધાન રાખવામાં બીજી સાવધાની આ રાખવાની કે,- આપણા આત્માનું અહિત થાય એવી પરોપકારની પ્રવૃત્તિ નહિ કરવાની. દા.ત. છોકરો આડો ચાલતો હોય તો એને એવી રીતે શિખામણ ઠપકા નહિ આપવાના કે જેમાં પોતાનું દિલ ક્રોધથી ધમધમ્યા કરે. એમ ગામની પંચાતી એવી કરવા નહિ નીકળવાનું કે જેમાં પોતાનો આત્મા જ ભૂલાય, પોતાનું આત્મહિત જ ભૂલાય, દેશહિત-સમાજહિત નામે આજે લેખન-ભાષણ કેવા ચાલ્યા છે ? એવાં કે જ્યાં પરનિંદાથી સ્વાત્મહિતઘાત સિવાય ફળ તરીકે કશું દેશહિત સમાજહિત વાસ્તવમાં થતું નથી.

જૈનશાસ્ત્રો ત્યાં સુધી કહે છે કે પરનું હિત થતું પણ હોય છતાં જો એમાં સ્વનું હિત ઘવાતું હોય તો એવું પરહિત નહિ કરવાનું.

માટે તો ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામીએ ખંધકસૂરિને 'બેનના દેશમાં જવામાં તમે વિરાધક થશો, તમારા ૫૦૦ શિષ્ય આરાધક થશે.' એમ કહ્યું ત્યારે સૂરિજીએ રજા માગી કે 'તો પ્રભુ ! મારું ગમે તે થાઓ, પણ પાંચસો તરી જશે ને ? માટે હું બેનના દેશમાં જાઉં છું.' ત્યા પ્રભુએ સંમતિ ન આપી કે ભલે ખુશીથી જાઓ.' આ સૂચવે છે કે સ્વનું અહિત થાય એવો પરોપકાર કરવા નહિ નીકળી પડવાનું. આમ, સ્વાત્મહિતની દૃષ્ટિ પ્રધાન છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

પૂર્વ લેખમાં બતાવ્યા મુજબ શ્રી વીર પ્રભુને છીંક આવતા દેવતાએ 'મરો' એમ કહ્યું એમાં પણ પ્રભુના આત્માના હિતની દૃષ્ટિ જ મુખ્ય રહી કે 'હવે અહીં તમારે જીવીને શો વિશેષ છે ? મરો એટલે મોક્ષ થાય.' પ્રભુ જીવે તો જીવો તો વધારે ઉપકાર કરવાના છે, પરંતુ એ લક્ષમાં ન લેતાં પ્રભુની પોતાની દૃષ્ટિએ સ્વાત્મહિત મુખ્ય; એ હિસાબે જલદી મોક્ષ પામો એમ કહ્યું.

પ્ર.- તો તો પછી કોઈ પરોપકારની દૃષ્ટિ જ નહિ રાખવાની ?

ઉ.- રાખવાની, એ ન રાખીએ તો પૂર્વે કહ્યું તેમ આપણામાં કઠોરતા-નિષ્ઠુરતા-નિર્દયતા આવે ને એથી આપણું આત્મહિત ઘવાય. પ્રભુને એવું કાંઈ છે નહિ; માટે પરોપકારનો વિચાર નહિ.

સારાંશ, સ્વાત્માના ભાવ કૂણા રહે, કોમળ રહે, મૈત્રી-કરુણા-પ્રમોદભર્યા રહે એ માટે પરોપકાર પરનું ભલું કરતા રહો; પણ સાથે એ જોતા રહેજો કે બહુ પરનું લઈને ફરવામાં પોતાનો આત્મા અને પોતાનું આત્મહિત જ ન ભૂલાઈ જાય.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૨,અંક-૫,તા.૬-૧૦-૧૯૭૩

## (૮૫) પ્રભુ-દર્શને કરવાની પ્રાર્થના : પ્રભુને શું કહેવું ?

**નમો જિણાણં; નમો જિણાણ; નમો જિણાણં.**

હે પ્રભુ ! આપનું દર્શન કરી આજે હું ધન્ય બન્યો છું,- મારા કેવા અહોભાગ્ય કે આ સમગ્ર વિશ્વમાં અત્યન્ત દુર્લભ એવા આપનું મને અહીં દર્શન મળ્યું. હે તરણ-તારણ ! આપના દર્શનથી મારું જીવતર સાર્થક થયું.

હે નાથ ! આપનું દર્શન પામ્યાનો મને અપાર હર્ષ છે. વર્ષાઋતુમાં મેઘના દર્શન અને ગર્જનાએ જેમ મયૂરો નાચી ઊઠે છે, એમ હે પરમદયાળુ ! આપના દર્શન અને વાણીએ મારું હૈયું થનથન નાચે છે. કેમકે આ જગતમાં આપનાથી વધીને જોવા લાયક કોઈ ચીજ નથી, કોઈ વ્યક્તિ નથી; આપ તો અનન્ય કોહિનૂર હીરા જેવા છો. મારા નાથ ! મારે આપને છોડીને બીજે ક્યાં ઠરવાનું હોય ?

હે જગદ્‌વલ્લભ ! મારું મન આપના ચરણમાં જ લીન બની જાઓ. આપ મારા હૃદયમંદિરમાં બિરાજો. આપનું જીવન એવા અનુપમ ગુણો, અનુપમ સાધનાઓ, અને અનુપમ પરોપકારથી ધમધમતું હતું કે- આપ મારા હૃદયે વસી જવાથી મને એ આપના ગુણો-સાધનાઓ-ઉપકારોની ભારોભાર અનુમોદના રહો, પક્ષપાત રહો, મને એની પ્રાપ્તિ થાઓ.



હે વિશ્વેશ્વર ! આપની જન્મ-અવસ્થા, રાજ્ય-અવસ્થા અને શ્રમણઅવસ્થા, એ ત્રણ પિંડસ્થ અવસ્થા, પછી તીર્થંકર પદે રહ્યાની પદસ્થ અવસ્થા, તથા અંતે રૂપાતીત (મોક્ષ) અવસ્થા કેવા કેવા ગંભીર ભાવોથી ભરેલી છે ! દા.ત.

(૧) હે ત્રિલોકનાથ ! આપ અહીં જનમતા જ ૫૬ દિક્કુમારીઓએ આપને હુલરાવ્યા, અને મેરૂશિખર પર ૬૪ ઈન્દ્રોએ આપનો જન્માભિષેક ઊજવ્યો. આવા મહાસન્માન મળવા છતાં આપને લેશમાત્ર અભિમાન ન થયું કે આ મળવાથી હરખ ન ઉભરાયો. ત્યારે આપના નિરભિમાનતા અને સ્વસ્થતા-ગંભીરતા ગુણ કેવા ?

(૨) હે મહામના ! યુવાવસ્થામાં તમામ દુન્યવી સાહ્યબીઓ,- જેવી કે મોટી રાજ્ય-સંપત્તિ, ક્રોડોનો ખજાનો, રાજવી કૂળની રૂપરમણીઓ, પરિવાર, સત્તા-ઠકુરાઈ, ઉપરાંત અદ્‌ભુત રૂપ કાન્તિ વગેરે,-આપના ચરણમાં આળોટતી ! છતાં આપ એમાં જળ-કમળવત્ તદ્દન નિર્લેપ રહ્યા. ક્યાંય આપને રાગ-આસક્તિ થઈ નહિ. આપનો આ કેવો મહાન અનાસકતપણાનો અદ્‌ભુત ગુણ !

(૩) હે અંતર્મુખ વીર ! આ ભવે મોક્ષ પામવાનું નિશ્ચિત છતાં આવા પણ લચબચતા વૈભવ-વિલાસને સંપૂર્ણ તિલાંજલિ આપીને આપે કેવો કઠોર સર્વવિરતિ ચારિત્રમાર્ગ અપનાવ્યો ! કેવો મહાત્યાગનો ગુણ ! એમાંય કઠોર તપસ્યાઓ કરી તે ય રાતદિવસ ખડા ખડા ધ્યાનમાં રહીને ! એ પણ ડાંસ-મચ્છર-કડકડતી ઠંડી વગેરે ઉગ્ર પરીસહો, અને સર્પ-વાઘ-શિલાઆઘાત વગેરે દેવતાઈ ઘોર ઉપસર્ગો સમભાવે વધાવી લઈને ! કેવી અજબ સાધનાઓ ! એમાં કેટલો ગજબનો સહિષ્ણુતાનો ગુણ ! ચિત્તની સમાધિ માટે એમાં (i) કેવી પૂર્વના સ્વકર્મ પર જ દૃષ્ટિ ! (ii) કેવો પોતાનો આત્માના અસલી અવિનાશી શુદ્ધ સ્વરૂપનો ખ્યાલ !

(૪) હે મારા પ્રાણનાથ ! આપ વીતરાગ સર્વજ્ઞ બની તીર્થંકર પદ પામ્યા; તો આ પદે રહીને કેવા અદ્‌ભુત ચોત્રીસ અતિશયવંતા બન્યા ! કેવી આપે ૩૫ અતિશયવંતી વાણી વરસાવી ! આપે આ કેવા અજોડ ત્રિવિધ ઉપકાર કરીને જગતના આપ એકમાત્ર નાથ બન્યા; (i) આપે કેવા જીવ-અજીવ આદિ વાસ્તવિક-નવતત્ત્વ અને ટંકશાળી-સત્ય કર્મ સિદ્ધાન્ત અને સ્યાદ્‌વાદાદિ સિદ્ધાન્તના પ્રકાશ આપ્યા ! જીવોની ઓળખ કેવી આપી ! (ii) આપે પ્રભુ ! કેવો સમ્યગ્દર્શન આદિ સાચો મોક્ષ-માર્ગ આપ્યો ! (iii) આપે ભવ્યાત્માઓને મોહમાયા સામે બળવાન બનીને ઝઝુમી લેવા માટે આપના પવિત્ર નામ, સ્થાપના-મૂર્તિ, દ્રવ્ય અને ભાવદ્વારા કેવા અનુપમ ભવ્ય આલંબન આપ્યા ! આ ભવસાગર આપના નામ પર તરાય,



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

આપની મૂર્તિ ભજીને તરાય...આ ત્રણેમાંનો એક પણ ઉપકાર જગતભરમાં બીજે કયાં જોવા મળે ? આપે પુષ્કરાવર્ત મેઘની જેમ ઉપકારોની હેલી વરસાવી !

હે દેવાધિદેવ ! આપ આ અમારા પરની એવા અનંતાકરુણાના સાગર કે અસંખ્ય જોજનનો સ્વયંભૂરમણ સમુદ્ર આપની આગળ કુછ નહિ, અનંત અનંત કાળથી મિથ્યાત્વ મોહની જડતાથી બીડાઈ રહેલા ભવ્યાત્મારૂપી કમળોને વિકસ્વર કરનારા આપ અનંત જ્ઞાન પ્રકાશમય અનન્ય સૂર્ય બન્યા. આપની આગળ દુનિયાના અસંખ્ય સૂર્ય વિસાતમાં નહિ.

(૫) ત્યારે હે ત્રિભુવનતારક ! આપે જે અંતે મોક્ષ પામી રૂપાતીત અવસ્થા...પ્રાપ્ત કરી, એની કેવી અતુલ ભવ્યતા ! ત્યાં કોઈ શાતા નહિ, અશાતા નહિ, પણ અનંત સુખ, મોક્ષમાં કોઈ માન નહિ, અપમાન નહિ; હર્ષ નહિ, ખેદ નહિ, યશ નહિ, અપશય નહિ,...આમ સમસ્ત દ્વંદ્વોથી રહિત કેવી સત્‌ચિદ્‌-આનંદમય અને શુદ્ધ-બુદ્ધ-મુક્ત અવર્ણનીય શાશ્વત સ્થિતિ !

હે પરમાત્મા ! આવો તું મને નાથ મળ્યો, સ્વામી મળ્યો, માર્ગદર્શક ઉદ્ધારક મળ્યો, એ મારા ભાગ્યની અવધિ નથી. આજ તારા દર્શને મને જે અમાપ આનંદ થાય છે, એની આગળ સ્વર્ગીય આનંદ પણ ફિક્કા છે. મારા અંતરાત્મામાં ઊગેલા કર્મોના ઝુંડ તારા દર્શનના અપાર આનંદથી સળગી સાફ થઇ જવાના. મોહની ઘોર નિદ્રામાં સૂતેલા અમને આજ તારું દર્શન જગાડીને જ્ઞાન અને વૈરાગ્યની નવચેતના આપી રહ્યું છે. પ્રભુ ! કોટિ કોટિ વંદન તને.

અરિહંતો મહ દેવો ! જાવજ્જીવં સુસાહુણો ગુરુણો । જિણ પન્નત્તં તત્તં, ઈઅ-સમ્મત્તં મએ, ગહિઅં, ॥ શિવમસ્તુ સર્વ જગતઃ પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ ।

દોષાઃ પ્રયાન્તુ નાશં સર્વત્ર સુખી ભવન્તુ લોકાઃ ॥

અરિહંતા મે સરણં, સિદ્ધા મે સરણં, સાહૂ મે સરણં, કેવલિપન્નતો ધમ્મો મે સરણં.





## (૮૬) અભયદાન અને મોક્ષમાર્ગ

### (લેખાંક-૧)

જીવનનો પ્રત્યેક શ્વાસોચ્છ્વાસ અભયદાનના ભાવથી સુવાસિત બને એવા જીવનના મૂલ્ય ગણિતના પેલે પાર છે. જૈન જૈનેતર શાસ્ત્રો અભયદાનને શ્રેષ્ઠ દાન કહે છે. કેમકે જીવને અભયદાન દેતાં એને ઉત્કૃષ્ટ કોટિના સુખનો અનુભવ થાય છે.

ધારો કે તમે ગરીબ હો, ને એકાએક તમને કોઈ પચાસ કરોડ રૂપિયા ભેટ કરે એ વખતે તમને કેટલો આનંદ થાય ? પરંતુ માનો કે તમે હુલ્લડના સમયમાં કોઈ ગલીમાં ચારે બાજુથી ગુંડાટોળીના ઘેરાવામાં ફસાઈ ગયા હો, અને એ ગૂંડા ચકચકતા છરા કાઢી 'કાફરના એકેક અંગ કાપી કાપીને એને રીબાવી રીબાવીને મારો' એમ બોલતા હોય, તેમજ તમે ક્રૂર પીડાની આગાહીથી થરથર કંપી રહ્યા હો, બસ આ વખતે કોઈ પોલીસ પાર્ટી આવીને તમને બચાલી લે, તો તમને કેટલો આનંદ થાય ? કયો આનંદ વધે ? આ ? કે પેલા ૫૦ કરોડ મળ્યાનો આનંદ ? કહેવું જ પડે કે આ જીવતદાન મળ્યાના ઉત્કૃષ્ટ આનંદની આગળ અથાગ સંપત્તિ મળ્યાનો આનંદ કૂચા લાગે. ''કુછ નહી'' લાગે.

બસ, કસાઈના છરા નીચે મૂકાવાની તૈયારીવાળા જીવને તમે ત્યાંથી છોડાવી અભયદાન આપો, તો એ જીવ એવા ઉત્કૃષ્ટ સુખનો અનુભવ કરે છે. આવા ઉત્કૃષ્ટ સુખનું દાન કરનારને કુદરત બદલામાં એવા મોટા સુખથી સન્માને એમાં શી નવાઈ ? કુદરતમૈયાના એ બાળ છે. એને માનવ એટલે કે કુદરતનો મોટો દીકરો બચાવી ઉત્કૃષ્ટ સુખદાન કરે એથી કુદરતમાતાના આ મોટા દીકરા પર તો ચાર હાથ થાય. તીર્થંકરનો જીવ પૂર્વના ત્રીજાભવમાં સર્વ જીવોની કરુણા ચિંતવી એમની બ્રીફ લે છે તેથી કુદરત એના અંતિમ ભવે મહાસન્માન કરે છે.

અભયદાનની પાછળ એક મોટું રહસ્ય પણ છે, જીવને જો અભયદાન ન દો તો કસાઈના હાથે ક્રૂરપણે કપાઈ મરતા એને ચિંતાના પરિણામ ભયંકર સંકલેશવાળા બને છે, અને તેથી બે જાતની ભયંકરતા સર્જાવા સંભવ;-

(૧) એ જીવ કદાચ સંકલેશથી નરકનું આયુષ્ય બાંધી નરકમાં ઊતરી ગયો; તો ત્યાં અસંખ્ય વરસોની પરમાધામીના ઘોર ત્રાસની રીબામણમાં એ બિચારો પીડાવાનો; અને ત્યાં ચિત્તના પરિણામ પણ ક્રૂર સંકલેશભર્યા, એટલે પછી આગળ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

પર દુર્ગતિના ભવોની પરંપરામાં દુઃખી નિરાધારપણે ભટકયા કરવાનો; અથવા

(૨) જો એ એકેન્દ્રિય નિગોદ-અનંતકાયમાં પટકાઈ પડ્યો. તો ત્યાં વળી દુઃખ તો નરક કરતા ય અનંતગુણું તો ખરું જ. પણ એથી વધુ કરુણ સ્થિતિ આ કે કદાચ ત્યાં જો એ ઉત્કૃષ્ટ કાયસ્થિતિમાં જઇ ફસાયો તો એને અનંતકાળ સુધી એકેન્દ્રિય અનંતકાય જીવ તરીકે જ જન્મ-મરણ, જન્મ-મરણ કર્યા જ કરવા પડે.

ત્યારે હવે અભયદાનની ખુબી જુઓ કે જો અહીં એ અનાથ પશુને કસાઈ પાસેથી છોડાવી લીધું હોય તો પછીથી સીધેસીધા મૃત્યુને પામતા એને ભાવ સારા રહેવા સંભવ છે. અને એથી એ ઉત્તરોત્તર ઊંચે ચડી થોડા સમયમાં મોક્ષ પામી જાય, અગર મોક્ષની નિકટ થઇ જાય. જ્યારે, પેલા અનંતકાયપણામાં જતાં સંભવ છે મોક્ષથી અનંતકાળ દૂરે ય ફેંકાઈ જાય.

આમ, અભયદાન દેતાં જીવને એની અંતર્ગત એવા ઉત્તમ ભાવનું અને સુખનું દાન કરવાનું થાય છે; તેમજ એની નરકાદિ દુર્ગતિની પરંપરા અટકાવવાનું થાય છે, તથા મોક્ષની નિકટતા કરવાની સગવડ દેવાય છે. આ બધું હિંસાથી થતાં કમોત મૃત્યુથી જીવને બચાવી લેતા એને અસમાધિ અટકાવવા પર જ થાય.

જીવનમાં સમાધિ જેવું ધન નથી, કેમકે એ સમાધિરૂપી નાણાં પર જ ઉચ્ચ સદ્ગતિ આદિનો માલ મળે છે. જીવને અભયદાન દેતાં સમાધિની અનુપમ બક્ષીસ દેવાનું થાય છે. સમાધિ આપી એટલે તો સદ્ગતિ આપી. એના જેવો જગતમાં કયો સદ્ધર વેપાર હોઈ શકે ?

આજે પણ અશાતા વેદનીયની મહાપીડામાં મુકાયેલા ભવ્યાત્માઓ કસાઈખાનેથી જીવોને છોડાવી એમને એ ઉત્કૃષ્ટ પીડાથી છોડાવે છે તો એથી પોતાને ચમત્કારિક રીતે પોતાની પીડાથી મુક્તિ મળે છે, એવા દાખલા જોવા મળે છે, કેમકે એમાં એથી છોડાવનારને પુણ્ય અનન્ય ઊભું થાય છે. પછી તો કેમ, તો કે ''પુણ્ય પાપને ઠેલે'' એ ન્યાયે અજબ રીતે પોતાની પીડા ટળી ગયાનો ચમત્કાર અનુભવે છે.

આ અભયદાનની સામે દલીલ કરવામાં આવે કે તમો રૂપિયા આપી જીવો છોડાવો એમાં તો કસાઈના ધંધાને ઉત્તેજન મળે છે, કેમકે એ તમારા રૂપિયાથી વધુ જનાવર લઈ વધુ કત્લ કરવાનો, પણ આ દલીલ નિર્બળ છે, કેમકે કસાઈનો ધંધો તો જીવ બચાવનારના આધાર પર નહિ કિન્તુ માંસાહાર કરનારના આધાર પર ચાલે છે. ખરું જોવાનું આ છે કે એક પણ જીવને છોડાવ્યો એમાં એ જીવને તમે ઉત્કૃષ્ટ આનંદ આપ્યો, સમાધિ આપી, સદ્ગતિ ખુલ્લી રાખી,...વગેરે વગેરે લાભ છે. તેમ આપણે એવું સુખ-સમાધિ-સદ્ગતિ વગેરે જોઈએ છે, તેમજ અહીં



પણ રોગશાન્તિ, આરોગ્ય, તુષ્ટિપુષ્ટિ જોઈએ છે, તો એ મેળવવાનો શ્રેષ્ઠ ઉપાય આ અભયદાન છે.

આપણાં ટૂંકા જીવનમાં આપણી ધનશક્તિને જીવોને અભયદાનના માર્ગે વહેવડાવવી એમાં અતિદુર્લભ માનવ પુરુષાર્થકાળનો સુંદર સદ્ઉપયોગ છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૨,અંક-૭,તા.૨૦-૧૦-૧૯૭૩

## (૮૭) (લેખાંક-૨)

સંસારચક્રમાં અનંતકાળ વહી ગયા. આપણે ભટકતા રામ રહ્યા છીએ, એની પાછળ આ જ કારણ છે કે આપણા વિષય-સુખના રાગની ઘેલછામાં આપણે 'જીવમાર'નો જ ધંધો કરતા રહ્યા છીએ, જીવને અભયદાન દેવાનું તો આપણે શીખ્યા જ નહોતા. એ હવે અહીં જો ઉત્તમ માનવભવ અને વિશિષ્ટ બુદ્ધિ શક્તિ પામીને આપણા તન-મન-ધનથી ભરચક અભયદાનનાં સુકૃત કર્યે જઈએ તો આપણા માટે મોક્ષ માર્ગના દ્વાર ખુલ્લા થાય છે. જો જીવ-હિંસાથી ભવના દ્વાર ખૂલે તો જીવોને અભયદાનથી મોક્ષમાર્ગના દ્વાર ખૂલે એ સહજ છે.'

અલબત એમ જીવો છોડાવવામાં પૈસાનો ખરચ થાય એ ખૂંચે છે, પરંતુ વિચારવા જેવું છે કે એમ અભયદાન ન કરતાં જો ધનને બચાવી રાખ્યું તો અંતે તો એ મૂકીને જ જવાનું છે, ને પાછળવાળા એનાથી એકેન્દ્રિયાદિ જીવોના સંહારમય આરંભ-સમારંભ જ કરવાના છે. તો પછી એના કરતાં આપણાં જ હાથે એ ધનને આવા અતિ ઉત્તમ અભયદાનનાં કાર્યમાં લેખે કાં ન લગાડવું ? અરે ! આપણા સ્વાર્થ ભોગમાંથી ઓછું કરીને પણ તેમજ જીવન-જરૂરિયાતોમાં તંગી વેઠીને પણ જો ધનને જીવોને તારક અભયદાન દેવામાં ખરચીએ તો ભોગના સુખ કરતાં આમાં વિશેષ આનંદ આવે છે, ને આમાં અપરંપાર લાભ પણ છે. ઉપરાંત આનંદ એવો જબરદસ્ત છે કે કરેલા અભયદાનની વારંવાર સ્મૃતિ થતાં નવા નવા આનંદ સાથે અનુમોદના ને નવી નવી પુણ્યકમાઈ થયા કરે, અને અંતકાળે તો મહા આશ્વાસન રહે કે ''ચાલો, મારાથી બીજું કાંઈ ન બની શક્યું હોય, છતાં આટલા જીવોને અભયદાન દેવાના નક્કર કામ તો અદ્ભુત થઇ ગયા !''

અલબત આ ખૂબ ધ્યાનમાં રહે કે અભયદાન કોઈ તુચ્છ પુણ્ય અને પરલોકનાં તુચ્છ સુખ લેવા માટે નથી કરવાનું, કિન્તુ અહિંસા-સંયમ તપરૂપીમોક્ષ-માર્ગને સુલભ કરવા માટે કરવાનું છે. આપણા દુઃખના સ્વાનુભવથી આપણને મરાતા જીવોના દુઃખની કલ્પના આવે છે, ને એ દુઃખમાંથી એ જીવોને છોડાવવાની સુંદર

કરુણા જાગે છે. આ કરુણાને અભયદાન કરવા દ્વારા સક્રિય કરીએ એટલે એ આપણા અંતરમાં દૃઢ થાય, વિકસ્વર થાય, અને એ પાયા પર ઠેઠ નાના જીવ સુધીની હિંસાનો ત્યાગ, અહિંસા તથા ખાનપાનાદિમાં સંયમ અને તપ ફાલેફૂલે; તપ પણ કરુણા પર વિકસે કેમકે મનને એમ થાય કે ખાવાની જેટલી ભાંજગડ ઓછી એટલે એ નિમિત્તે થતી જીવોની વિરાધના (હિંસા) ઓછી. આમ આપણા જીવનમાં અભયદાન અને કરુણા પર મોક્ષમાર્ગ વિકસવા માંડે, આ ઉચ્ચ માનવ ભવની આનાથી વધુ સફલતા બીજી કઈ હોય ?

મહારાજા કુમારપાળના હૈયે જૈન ધર્મ પામ્યા પછી જીવો પ્રત્યે એટલી બધી કરુણા રહેતી કે એને અભયદાનથી સાર્થક કરતા. એમના આખા રાજ્યમાં હિંસા તદ્દન બંધ કરાવેલી. કસાઈ-માછીમાર-પારધી વગેરેના ધંધા બંધ કરાવેલ. રાજા કુમારપાળે લશ્કરના ૧૧ લાખ ઘોડાને પાણી ગળેલું જ પવાય એવો પ્રબંધ કરેલો જેથી અળગણ પાણીમાંના ટીપે ટીપે રહેલા હજારો ત્રસ જીવોને અભયદાન મળે. કદાચ યુદ્ધસવારીએ જવું હોય તો ઘોડા પર બેસતા પહેલાં પલાણને મૃદુ ચરવળીથી પુંજી લેવા; જેથી એના પર નિર્દોષ જીવજંતુ હોય તો એને ઊડી જઈ અભયદાન મળે. ત્યારે આમ ચાલું જીવન પ્રસંગોમાં બેસતા ચાલતા કે કામકાજ કરતા અભયદાનનો કેટલો બધો ખ્યાલ રાખતા હશે ? ચોમાસામાં જીવોત્પત્તિ વધારે, તેથી રાજધાની પાટણ બહાર તો જવાનું જ નહિ પણ પાટણમાં ય પ્રાયઃ મહેલ, મંદિર, ઉપાશ્રય અને રાજદરબાર સિવાય હરવાફરવાનું નહિ, કેમકે મફતિયું હરતા ફરતાં જીવો મરવા સંભવ, ચોમાસાના ચારે મહિના (૧) લીલોતરી ખાવી બંધ, જેથી વનસ્પતિ જીવોને અભયદાન મળે; (૨) રોજ એકાસણું, જેથી બાકીના ટંકના ભોજન બનાવવામાં મરતા જીવોને અભયદાન મળે; (૩) રોજ દૂધ-દહીં-ઘી-તેલ-ગોળસાકર-કઢા (તળેલ) એ છ વિગઈઓમાંથી પાંચ વિગઈનો ત્યાગ, જેથી એ વિગઈઓની વસ્તુ બનાવતા મરે તે જીવોને અભયદાન દેવાય; અને એ વિગઈઓના ભક્ષણથી જાગતા વિકારવશ ઊઠનારા આરંભ-સમારંભના વિકલ્પોથી બચાય...આમ એક સમ્રાટ રાજાના ગૃહસ્થ જીવનમાં પણ જીવો પ્રત્યે કેટલી બધી કરુણા ! અને કેટલું બધું અભયદાન !

ત્યારે મુનિજીવનમાં તો અભયદાનનું એટલું બધું મહત્ત્વ છે કે શાસ્ત્ર કહે છે કે "મુનિને અહિંસા-સત્ય વગેરેના પાંચ મહાવ્રત હોય તેમાં સત્ય-અસત્ય વગેરે ચાર મહાવ્રત પહેલા 'અહિંસા' ના મહાવ્રતના પોષણ અર્થે છે. જૂઠ કેમ નહિ બોલવું, ચોરી કેમ નહિ કરવી, તો કે એથી બીજા જીવનું મન દુભાય, હિંસા લાગે, એમ અબ્રહ્મસેવનમાં ૨ થી ૯ લાખ ગર્ભજ પંચેન્દ્રિય મનુષ્યજીવો અને અસંખ્ય



સંમૂર્છિમ જીવો મરે ! એમ પરિગ્રહમાંય સીધી-આડકતરી જીવહિંસા છે. તેથી અસત્યાદિ પાપ ત્યાગ કરી સત્ય-અચૌર્ય વગેરે મહાવ્રત પાળતા જીવોને અભયદાન મળે, એ સહજ છે. મુનિને આવશ્યક ઊઠ-બેસ, વસ્તુની લે-મૂક કે મળમૂત્રાદિ ત્યાગમાંય જીવોને અભયદાન મળે એટલા માટે જોવાનું, પૂજવાનું, પ્રમાર્જવાનું છે. સાધુ શાસ્ત્ર-સ્વાધ્યાયમાં મોટો સમય કાઢે ત્યાં પણ ચિત્ત એમાં રોકાયેલું રહેવાથી એ બીજા ત્રીજા વિષય-વિકલ્પોમાં ન ચડે, ને એથી એવા વિકલ્પની અંતર્ગત આવતા જીવહિંસા-આરંભ-સમારંભના વિચાર અટકે. આમ મુનિજીવનમાં અભયદાનની કેટલી બધી વ્યાપકતા ! અને કેવુંક સૂક્ષ્મ પાલન ! અનંતાનંત કાળમાં સ્વાર્થવશ કરેલ અપાર જીવકૂટણથી કઠોર બનેલા જીવને જીવનભર વાતવાતમાં આવી અભયદાનની મનોવૃત્તિ અને ચર્યા રાખ્યા વિના કોમળતા કરુણતા ક્યાંથી સિદ્ધ થાય ? એ નહિ તો ઊંચી ગુણસ્પર્શના ન થાય. ધન્ય મુનિ-જીવન ! ધન્ય અભયદાન-સાધના !

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૨,અંક-૮,તા.૨૭-૧૦-૧૯૭૩

## (૮૮) ઝેરરૂપ શરીરદૃષ્ટિ અને અમૃતરૂપ આત્મદૃષ્ટિ

**(લેખાંક-૧)**

મેઘકુમાર મુનિને દીક્ષાની પહેલી રાતે પોતાનો છેલ્લે સંથારો અને એમાં જતા આવતા મુનિઓના પગની સહેજ સહેજ રજ પડતી હતી તેથી મન અકળાયું 'હાય ! આ મખમલની ગાદીમાં સુવા ટેવાયેલા મારે આ ક્યાં સુધી સહેવાનું ?' સવારે પ્રભુને કહીને ઘરે જઈશ.

સવારે પ્રભુએ એમને કહ્યું "અરે મેઘકુમાર ! આ તેં રાતના દુર્ધ્યાન શું કર્યું ? પૂર્વના હાથીના અવતારે એક સસલું બચાવવા તેં અઢી દિવસ પગ ઊંચો રાખ્યો. એમાં પછીથી ત્યાં જ પડી જઈ ભૂખે તરસે મરવાનું આવ્યું છતાં દુર્ધ્યાન ન કર્યું કે હાય ! આ સસલાના કારણે ક્યાં મારે મોત આવ્યું ? અને અહીં તું દુર્ધ્યાન કરે છે કે આ મુનિઓની રજ મારે કેટલી સહવાની ? તને ખબર છે ખરી કે એ જીવની દયાથી તને શો લાભ થયો ?"

**'ताए पाणाणुकंपाए परित्तिकओ ते संसारो'** તેં જીવની દયામાત્રથી તો સંસારભ્રમણ મર્યાદિત કરી દીધું. હવે વિચાર કે તો પછી અહીં સંયમી મુનિઓ પ્રત્યેના ભક્તિભાવથી તુ સંસારનો કેટલો બધો વહેલો પાર પામી જાય ? તો એના



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

પર શુભધ્યાનની જગાએ દુર્ધ્યાન કરવાનું ? એક તિર્યંચના અવતારે એવી સદ્બુદ્ધિ અને આ ઉત્તમ માનવ અવતારે ઉત્તમ મુનિપણામાં દુર્બુદ્ધિ ? ત્યાં તો જીવલેણ કષ્ટ આવ્યું અહીં માત્ર શરીરે રજ ખૂંચે છે, છતાં ત્યાં વ્યાકૂળતા નહિ ને અહીં વ્યાકૂળતા ?''

મેઘકુમાર મુનિ શ્રી મહાવીરપ્રભુની આ હિતશિક્ષા સાંભળી ઠેકાણે આવી ગયા, મનને ભારે પસ્તાવો થયો કે 'અરેરે ! આ મારી કેવી ગોઝારી શરીરદૃષ્ટિ કે એણે સહેજ કષ્ટમાં મુનિપણે ખોટું ચિંતન કરાવ્યું ! ત્યારે પૂર્વે કદાચ આત્માની સમજ નહિ છતાં તિર્યંચપણે કલ્યાણ આત્મદૃષ્ટિ રાખી કે 'મારે પગ ઊંચો રાખવામાં ભલે પગ દુખે પણ આ બિચારું સસલું મારા પગ નીચે મૂકવામાં કચરાઈ ન જાઓ. આત્મદૃષ્ટિએ જીવ પરની દયાના ભાવે તિર્યંચમાંથી મનુષ્ય થયો, તે હવે શરીરદૃષ્ટિ મુનિઓ પ્રત્યેના અભાવથી આ મનુષ્યપણામાંથી કેટલો બધો નીચે પટકાઈ જવાનો ? જનાવરના જીવને ભારે કષ્ટમાંય આત્મદૃષ્ટિ જાળવી શકું તો અહીં માનવના અવતારે તે ય સાધુજીવનમાં અલ્પ કષ્ટમાં ય આત્મદૃષ્ટિ ન રાખી શકું ?'

પ્રભુ પાસે એમણે પશ્ચાત્તાપ વ્યક્ત કરી ક્ષમા માગીને કહ્યું ''પ્રભુ ! આજથી મારે પ્રતિજ્ઞા કે મુનિઓની ભક્તિમાં આજથી મારે આંખને છોડીને આ શરીર વોસિરે વોસિરે. મુનિઓ તરફથી ગમે તે કષ્ટ આવો; હું અહોભાગ્ય માનું પણ પ્રતિકાર ન કરું.'' બસ પછી મેઘકુમારમુનિએ બાર વરસ ઘોર તપસ્યા કરી કાયાને સુક્કી ભૂકખી ને લુખ્ખી બનાવી દીધી ! અંતે વૈભારગિરિ પર એક માસનું અનશન કરી અનુત્તર વિમાનમાં પહોંચી ગયા !

મુનિઓના પગની રજ એની એ જ, એના પર શરીર દૃષ્ટિએ જોતા એમ વિચાર થાય છે કે 'આ મને ખૂંચે છે, પીડા કરે છે, આ કેમ સહન થાય ! આના કરતાં ચારિત્ર ભાંગી ઘરે જવું સારુ;' ત્યારે આત્મદૃષ્ટિએ જોતા એ વિચાર આવે છે કે 'રજ તો મુનિઓના ચરણની તીર્થમાર્ગે ગયેલા ઘરબારી પણ યાત્રિકોના પગે ખુંદાયેલી રજ આપણને જો કર્મરજ વિનાના બનાવી તારે છે, તો પછી અહિંસા-સંયમ બ્રહ્મચર્યધારી મહાન મુનિઓની ચરણરજ તો કેટલો બધો કર્મરજનો ક્ષય કરાવી આપે !' રજ વસ્તુ એની એ પણ શરીરદૃષ્ટિ અને આત્મદૃષ્ટિ કેટલો મોટો વિચારણામાં ફરક પાડે છે !

મેઘકુમારમુનિને પહેલા શરીરદૃષ્ટિ રહી, 'મારા શરીરને કેમ ? ખૂંચે ? કે સુવાળું લાગે ?' એ જ જોયું તો એની પાછળ પૂર્વનો મહાવૈરાગ્ય પણ ભૂલ્યા. માતાની આગળ દઢ વૈરાગ્યના, સંપત્તિ-પરિવાર-આત્મ-સન્માન વગેરેના અનર્થના બોલેલા બોલ ભૂલ્યા, મોટે વરઘોડે ચડી આવીને જગતના જોતાં લીધેલો મહાન સંયમમાર્ગ ભૂલ્યા અને ચારિત્રથી પતિત થવાનું ઈચ્છ્યું ! **શરીરદૃષ્ટિ કેવી ને કેટલી**



**ઝેર ભરેલી કે એણે નિશ્ચેતન જેવા કરી એ બધું ભાન ભુલાવ્યું !**

**ત્યારે, આત્મદૃષ્ટિ કેવી અમૃતસમી કે એણે સચેતન કરી એ બધુ ભાન કાયમ રખાવી એ હરખ અને જોમ આપ્યું કે,**

''અહો ! મારી જનમ જનમની અવળી ચાલથી લાગેલી કર્મરજના ઢગલેઢગલા દૂર કરી આપે એવી આ સંયમી મંગળમૂર્તિઓના ચરણની રજ ! એ સ્પર્શવા મને મળે ક્યાંથી ? જો હું એમની પાસે કદાચ માંગુ કે 'જરા તમારો પગ મારા શરીરે ઘસો ને જેથી તમારી ચરણરજ મારી કર્મરજના ઢગલા સાફ કરો !' તો ય એ મહાત્મા શાના મને પગ ઘસે ? ત્યારે આ તો સહેજે રજ મળી ગઈ ! વગર તપે ને વગર જ્ઞાને પણ આ રજથી ઢગલો કર્મ ખપે ! ચાલો ચાલો મારા તારણહાર ! મારા આસન પરથી ખૂબ ચાલો, ને તમારા પગની રજ મારા આસન પર વારંવાર વરસવા દો, જેથી મારા શરીરની અધિક પીડાએ અને પવિત્ર અધિક રજના સ્પર્શે મારે અધિક કર્મક્ષય થઈ વહેલો આ સંસારકારાગાર અને જનમ-મરણની વિટંબણાથી નિસ્તાર થાય.'

શરીરદૃષ્ટિમાં રાગ-દ્વેષ વગેરેના ઝેર પી પાગલ બનેલું મન આત્મદૃષ્ટિમાં પ્રફુલ્લિત થઈ ગયું.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૨,અંક-૯,તા.૧૦-૧૧-૧૯૭૩

## (૮૯) (લેખાંક-૨)

ગયા લેખમાં મેઘકુમારમુનિના દૃષ્ટાન્તથી એ જોયું કે એમના સંથારામાં પડેલી મુનિઓના ચરણની રજ ઉપર શરીરની પ્રતિકૂળતાની દૃષ્ટિથી વિચારતા સંયમ મૂકી ઘરે જવાનો ભાવ થયો; માટે એ સંયમપ્રાણ નષ્ટ કરનારી શરીરદૃષ્ટિ ઝેરરૂપ ગણાય. ત્યારે જ્યાં શ્રી મહાવીર પ્રભુની હિતશિક્ષાથી આત્માની દૃષ્ટિથી વિચાર્યું તો એ જ રજ સંયમી મહાત્માઓની સ્પર્શેલી હોઈ મહાપાવનકારી એટલે કે આત્માને અનુકૂળ લાગી તેથી કઠોર અભિગ્રહ અને જીવનમાં અતિ ઉગ્ર તપ આવ્યો, ભાવપ્રાણરૂપે સંયમ અને તપને સજીવન કરનારી બની, માટે એ આત્મદૃષ્ટિ અમૃતરૂપ ઠરી.

બસ, હવે આપણા જીવનમાં આ ઘટાવતા રહેવાની વાત છે. પ્રસંગ-પ્રસંગમાં શરીરદૃષ્ટિએ વિચારી આપણે આપણા પવિત્ર મનને રાગ-દ્વેષ-મોહ-મત્સર દીનતા-અભિમાન વગેરે કોઈ પણ ભાવથી મલિન બનાવતા હોઈએ તે અટકાવી આત્મદૃષ્ટિ ઘટાવવાની, આત્મદૃષ્ટિએ વિચારવાનું; જેથી પવિત્ર મન એવા કલુષિત ભાવથી બગડે નહિ. દા.ત. મીઠું ભોજન મળ્યું ત્યાં ચાલું ભોજન કરતાં વધુ રાગ થાય છે, મન આનંદિત થાય છે. આ થવામાં મનને રાગ અને રતિથી મલિન



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

કરવાનું થયું કેમકે આમાં કેવળ શરીરદૃષ્ટિ લગાવી. જીભને કેવું લાગ્યું ? મજેનું. જીભની દૃષ્ટિએ અનુકૂળ લાગ્યું એટલે ખીલ્યા ! પરંતુ જો એમ જોયું હોત કે 'ઊભો રહે આ ભોજન આત્માની દૃષ્ટિએ કેવું ? તો કે આત્માનું કશું ભલું કરનારું નહિ. આનાથી કોઈ આત્માનું સત્ત્વ વિકસે નહિ, જ્ઞાન-દર્શન-ચારિત્રના ભાવ પોષાય નહિ, અથવા વૈરાગ્ય-ક્ષમા-મૈત્રી વગેરે ભાવ જાગે નહિ. માટે આત્માનું કશું ભલું કરનારું નહિ. ઊલટું સત્ત્વનાશ, રાગ, પ્રમાદ, અનીતિ-અભિમાન વગેરે મલિન ભાવને કરાવનારું. તો પછી આત્મામાં કચરો વધારનારા આવા મીઠા ભોજનમાં શું ખીલવું તું ?'

**'શરીરદૃષ્ટિ' એટલે શરીર** ઇન્દ્રિયો અને મનને અનુકૂળ છે ? કે પ્રતિકૂળ ? એ જ ધ્યાન એ જ અપેક્ષાએ જોવું તે ઇન્દ્રિયો અને મન શરીરમાં જ છે, ને શરીર જેવાં જડ છે, તેથી એના ગમતા-અણગમતાની અપેક્ષાએ જોવું એ પણ શરીરદૃષ્ટિએ જોવું ગણીએ છીએ અને એ દૃષ્ટિ ઝેરી છે.

ઘરવાળા ગમે છે, સારા લાગે છે, તો તે શાથી ? 'રૂપાળા છે માટે ?' તો એ આંખને ગમતાની દૃષ્ટિએ જોયું; 'બોલ મીઠા બોલે છે માટે ?' તો એ કાનને ગમતાની દૃષ્ટિએ જોયું. 'સારા, વિનયી-સેવાકારી-આજ્ઞાંકિત છે માટે ?' તોએ મનને ગમતાની દૃષ્ટિએ જોયું. બધી જ શરીરદૃષ્ટિ ! એમાં નરદમ રાગ, સ્નેહ, કામરાગ પોષાવાનો. શાથી ? એટલા માટે કે બોલ તો મીઠા માતા પણ બોલે છે, પરંતુ એના કરતાં પત્નીના બોલ વધારે ગમે છે; એ કામરાગના લીધે. હવે જો એ બધામાં આત્માની દૃષ્ટિએ જોવાય તો એ વિચાર આવે કે આ બધી અનુકૂળતામાં મારા આત્માને શું મળે ? આ જ કે પરમાત્માથી આઘા પડવાનું મળે; કેમકે,

**જડના રૂપરંગ વગેરેના ખેંચાણ-આકર્ષણમાં ખેંચાયેલું મન પરમાત્મામાં એવું નહિ ખેંચાય.**

**એમ જડનાં ખેંચાણમાં મન સુંવાળું અને સત્ત્વહીન બનવાનું.**

પછી એ સારા ગુણ સારા સુકૃતમાં પરાક્રમી ક્યાંથી બની શકવાનું ? શરીરદૃષ્ટિનો આ લાભ ! સુખની વસ્તુમાં રાગ-આકર્ષણ-સત્ત્વનાશ-સુંવાળપ...વગેરે વગેરે ખરાબીઓનો લાભ !

ત્યારે દુઃખની વસ્તુમાં ય શરીરદૃષ્ટિએ જોતા મન વિહ્વળ ખિન્ન અને કષાયભર્યું થાય છે. દા.ત. દિવાળીના જ સમયમાં નિકટનો સગો મરી ગયો છે એટલે શોક પાળી મીઠું ખાવાનું બંધ છે. ત્યાં શરીરદૃષ્ટિએ જોતા જીભને ઈષ્ટમિષ્ટ નહિ મળવાથી ખેદ રહે છે. પણ જો આત્મદૃષ્ટિએ જોયું હોત તો લાગત કે 'ચાલો ઠીક થયું, આમ તો મીઠાં મીઠાં ભોજનથી બચત નહિ, ને મહારાગ-આસક્તિ સત્ત્વહીનતા વગેરે



થાત. પરંતુ સગાના મરણના નિમિત્તે જે શોક પાળવાનો આવ્યો, એણે મને એ રાગાદિથી બચાવી લીધો ! મારા આત્માને મીઠાં ભોજન જેવા ચિકણાં કર્મ નહિ બંધાય. વાહ ! કેવું સારું થયું !'

એમ, પૈસા ખોયા, ત્યાં શરીરની દૃષ્ટિએ જોતા શરીરના સુખસાધનની એટલી ખામી પડતી જોવાથી મન ઉદાસ-ઉદ્વિગ્ન-દીન અને વ્યાકૂળ બને છે. પરંતુ આત્માની દૃષ્ટિએ જુએ તો દેખાય કે 'પૈસા જવામાં મારા આત્માનું શું ગયું ? એટલો અશુભ કર્મકચરાનો ઉદય થયો તે એટલો કચરો ભોગવાઈને ઓછો થશે.' અથવા મનને એમ થશે કે 'આમ તો સારા માર્ગે ખરચતા કચવાટ થાય છે; પણ એમ શુભવ્યય નહિ કરીને ય પૈસા કયાં બચ્યાં ? કુદરતે આમ પડાવી લીધા ! માટે હવે શુભ કાર્યમાં ખરચતો રહું. પૈસા મળ્યા એમાં તો એટલું પુણ્ય ઓછું થયું, ને પાપ વધ્યું તે નફામાં ત્યારે પુણ્યની ભરતી કયારે કરીશ ? આ ભવ માત્ર વાશી ખાઈ જવા માટે છે ? કે નવું કમાઈ લેવા માટે ? તો હવે પુણ્ય કમાતો જાઉં.' આમ આત્મદૃષ્ટિએ વિચારતા સારી પ્રેરણા મળે એ લાભ છે.

જીવનમાં ઠામ ઠામ અને ક્ષણે ક્ષણે આમ ઝેરી શરીરદૃષ્ટિ બંધ કરી દઈ અમૃતમય આત્મદૃષ્ટિએ જ જોતા રહેવાની જરૂર છે; જેથી સાચી સુખશાંતિ-સાત્ત્વિકતા પ્રસન્નતા અને અનેકવિધ ધર્મ-ગુણોનો લાભ થાય.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૨,અંક-૧૦,તા.૧૭-૧૧-૧૯૭૩

## (૯૦) મૂર્તિપૂજામાં મહાન રહસ્ય

પ્ર.- કેટલાક કહે છે, બહુ સત્પ્રવૃત્તિ તો ઠીક, પણ જિનભક્તિ માટે મૂર્તિપૂજા કરવી બરાબર નથી. એમાં હિંસા થાય છે, એનું કેમ ?

ઉ.- અહીં પણ હજી જીવનનો આ મુખ્ય આશય નથી સમજાયો; જે પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજે ઉપદેશરહસ્ય શાસ્ત્રમાં અંતિમ સાર તરીકે મૂક્યો છે.

**''तह तह पयट्टियव्वं जह जह रागदोसा विलिज्जंति''**

એવી એવી રીતે પ્રવર્તવું કે જેથી જેથી રાગ-દ્વેષ ઓછા થતા આવે.

**માનવજીવનો ઉદ્દેશ રાગ-દ્વેષના ઝેર મોળાં પાડવાનો, મોળાં પડે એવી પ્રવૃત્તિમાં રહેવાનો છે.**



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

હવે જો મૂર્તિપૂજાને વ્યાપક રીતે વિચારાય, તો ખ્યાલમાં આવે કે એ અંગેની પ્રવૃત્તિમાં કેટકેટલી જાતના રાગને અટકાવાનો અવસર મળે છે ! બાકી સંસારની પ્રવૃત્તિઓમાં લખલૂટ હિંસા કરવી, ને ધર્મપ્રવૃત્તિની વાત આવે ત્યાં મનમાની અહિંસાનું પૂંછડું પકડવું અને તારણહાર ધર્મપ્રવૃત્તિઓ ગુમાવવી, એ કેટલું ન્યાયયુક્ત છે ! જુઓ,

**મૂર્તિપૂજામાં કેટકેટલી ધર્મપ્રવૃત્તિઓ અને ધર્મઆશય છે !**

(૧) મૂર્તિપૂજા માટે પહેલાં તો મંદિર બનાવશે, મૂર્તિ બનાવશે, મૂર્તિની અંજનશલાકા-દેવત્વસ્થાપનવિધિ કરાવશે. એ બધામાં એક જ લેશ્યા રહેવાની કે હું જિનેશ્વરભગવાનની ભકિત કરું. આ જિનભક્તિનો આશય એ ઉચ્ચ ધર્મ-આશય છે.

(૨) વળી એ મૂર્તિ માટે દાગીના બનાવરાવશે, પૂજા-આંગી કરશે. મંદિરમાં જિનેશ્વર ભગવાનના જીવન, અતિશયો અને ઉપકારોનો ખ્યાલ આવે એ માટે વિવિધ ચિત્રો કરાવશે. એ બધે પણ આશય જિનભક્તિનો.

(૩) મૂર્તિપૂજાની અનેક પ્રકારની વિધિ આચરશે, તે પણ રોજ ત્રિકાળ; વળી ગામમાં અનેક મંદિરો હશે, તો ત્યાં દેવદર્શનાદિ માટે ફરશે. આ બધે આશય એક જ 'જિનભક્તિ કરું.'

(૪) મૂર્તિ છે માટે તીર્થયાત્રાએ જશે. અનેક તીર્થોમાં ઘુમશે, શક્તિ હોયે મોટી સંઘયાત્રા કાઢશે, નહિતર યથાશક્તિ બે પાંચને યાત્રા કરાવશે. બધે જ ઉદ્દેશ જિનભક્તિનો.

(૫) મૂર્તિના આલંબને સ્નાત્રમહોત્સવો પૂજાઓ અઢ્ઢાઈમહોત્સવો, શાંતિસ્નાત્ર, અર્હદ્અભિષેક વગેરે મોટા આયોજનો કરશે, એમાં પણ જિનભક્તિ કરવાનો જ આશય.

(૬) સંઘયાત્રા, અઢ્ઢાઈમહોત્સવ વગેરે પ્રવૃત્તિમાં સાથે સુંદર સાધર્મિકભક્તિ, આચાર્યાદિને આમંત્રી એમના પ્રવેશના ભવ્ય ઉત્સવ કરશે. એથી શાસનપ્રભાવના થશે. એમની પાસે ધર્મપ્રવચનો કરાવશે, એથી સંઘમાંથી વ્રતનિયમ સમ્યગ્દર્શન વગેરે લેનારા નીકળશે...આ બધું ય મૂળ જિનમૂર્તિ અને મૂર્તિપૂજા ઉપર. એમ સંઘયાત્રામાં ગામેગામ મંદિર-જીર્ણોદ્ધાર, ધર્મશાળાના ઉદ્ધાર, અનેક ધર્મક્ષેત્રોના પોષણ, સંઘભક્તિ ઇતરોમાં શાસનની પ્રભાવના...વગેરે વગેરે કેટલીય સત્પ્રવૃત્તિઓ થશે એ બધું મૂળ મૂર્તિપૂજા ઉપર. બધે મૂળ આશય વીતરાગ દેવાધિદેવની ભક્તિ કરવાનો.



આમ મૂર્તિપૂજા ઉપર કેટલીય સત્પ્રવૃત્તિઓ ચાલે છે; **જો મૂર્તિપૂજા જ નથી, તો આ બધી સત્પ્રવૃત્તિઓ કયાં ?**

ત્યારે હવે એ જુઓ કે,

**મૂર્તિપૂજા અંગેની પ્રવૃત્તિઓમાં કેટકેટલા રાગના ઝેરથી બચાય ?**

(૧) પહેલું તો મંદિર, મૂર્તિનું નિર્માણ-સુશોભન તથા મૂર્તિની પૂજા-ભક્તિ માટે અનેક પ્રકારના દ્રવ્યોની ખરીદી. તેમજ પૂજા સ્નાત્રાદિમહોત્સવમાં આવેલાને પ્રભાવના, તીર્થયાત્રિકોની ભક્તિ વગેરે વગેરે કાર્યમાં પૈસાનો ખરચ થવાનો એટલા પૈસાની મમતા છૂટી રાગ છૂટ્યો.

(૨) એ પૈસા જો ત્યાં ન ખરચ્યા હોત તો વિષયવિલાસમાં કે સાંસારિક આરંભ-સમારંભમાં ખરચાઈ એ વિષયોના રાગ પોષાત અને તે પોષણથી જ નવા વિષયોની લગન પણ લાગત....એ બધા રાગથી બચવાનું મૂર્તિપૂજા દ્વારા થયું.

(૩) મૂર્તિપૂજાના સમયમાં બહારના આરંભસમારંભો અને વિષયસેવન-વિકથા-કુથલી આદિ પ્રમાદોથી ને ફજુલ પ્રવૃત્તિથી બચવું એ પણ એટલું રાગપોષણથી બચવારૂપ છે.

(૪) મૂર્તિપૂજાની સમસ્ત પ્રવૃત્તિઓમાં મન વીતરાગ પરમાત્માની પ્રીતિ-ભક્તિ બહુમાનમાં લાગ્યું રહે છે. ત્યાં કોઈ મનને એમ નથી થતું કે 'પત્થર કેવો સરસ ! આ પત્થરના કેવા સરસ પૂજન કર્યા ! ઠાઠ બન્યા !' ના, આવું નથી થતું, પણ એમ થાય છે કે 'પ્રભુ કેવા સરસ દીપે છે ! કેવી એમની સૌમ્ય મુદ્રા ! કેવી સુંદર શાંતસુધારસભરી એમની ચક્ષુ !' આમ, લક્ષ પાષાણ પર નહિ કિન્તુ પરમાત્મા પર, અને એમના ગુણો પર જાય છે, તેથી પ્રભુ પ્રત્યે મમત્વ-આકર્ષણ પોષાય છે; ને એ ધીમે ધીમે સાંસારિક જડચેતન પદાર્થના રાગ-આકર્ષણ મમત્વ ઓછા કરે છે. એમ પણ રાગથી બચવાનું મળે છે.

(૫) મનને મૂર્તિપૂજામાં જોડ્યું તેથી જે એ મન આમ નવરું પડ્યું હોત તો કેટલાય રાગદ્વેષાદિભર્યા વિચારોમાં પડત, એને બચાવ્યું, તેમજ કાયા અને ઇન્દ્રિયો પણ બહારમાં તણાતી અટકી, એ પણ એટલા બહારના રાગના પોષણથી બચવાનું મળ્યું. આમ વિચાર કરીએ તો દેખાય કે એક મૂર્તિપૂજા ઊભી થવાથી કેટકેટલા રાગદ્વેષાદિ મલિન ભાવોથી બચવાનું મળે છે.

**વિશાળ અને ગંભીર-સૂક્ષ્મ તથા દીર્ઘદૃષ્ટિથી વિચાર કરતાં આવડવું જોઈએ કે મૂર્તિપૂજાની સાથે આગળ પાછળ તથા લાંબે ગાળે શું શું સંકળાયેલું છે !**

પૂજાના ઉંડાણમાં કેવા સુંદરભાવો સંકળાયેલા છે ! આ જોતા આવડે તો



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

મૂર્તિની માન્યતા અને મૂર્તિની પૂજા કેટલાય પ્રશસ્ત ભાવોથી ભરેલી દેખાય. પછી ત્યાં મૂર્તિપૂજામાં હિંસા છે, માટે મૂર્તિપૂજા એ પાપક્રિયા છે એવો બાલિશ વિકલ્પ શાનો ઊઠે ? એવું અજ્ઞાનતા-મૂઢતાભર્યું વચન શાનું બોલાય ? ને એવા ઉપદેશથી જગતના કર્મપીડિત કરુણાપાત્ર બાળજીવોને મૂર્તિપૂજાથી ભડકાવવાનું નિર્દય કૃત્ય કેમ થાય ?

આ ખૂબ યાદ રાખો, 'રાગદ્વેષ ઓછા થતાં જાય એવી પ્રવૃત્તિમાં લાગ્યા રહેવું.' આ સૂત્રના આધારે મૂર્તિપૂજા વગેરે સત્પ્રવૃત્તિનો વિચાર કરવામાં આવે તો સત્ય દર્શન થાય; નહિતર અજ્ઞાનના અંધારામાં કૂટાવાનું થાય !

આમ તો સંસારની પરિગ્રહ-પરિવાર અને ભોગની અસત્પ્રવૃત્તિમાંથી પણ તારવણીરૂપે રાગદ્વેષ ઓછા કેમ થાય એવું કરવાનું છે. પરંતુ એ જરા કઠિન છે. છતાં સત્પ્રવૃત્તિમાં જૈનમૂર્તિપૂજામાં જોયું એમ રાગ દ્વેષ ઓછા કરવાનું તારવવું સહેલું છે; ને સત્પ્રવૃત્તિનું ફળ એ જ છે. આ સમજ્યા પછી મૂર્તિપૂજામાં વાંધા ઊભા ન કરાય, એમ રાત્રિભોજનાદિના ત્યાગ તથા વ્રત-નિયમોમાં ફજુલ વાંધા ન ઊભા કરાય.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૨,અંક-૧૧,તા.૨૪-૧૧-૧૯૭૩

## (૯૧) શરીર સાવ નખાઈ ગયે એક મહાન આશ્વાસન

ઉંમર વધી ગયે શરીરના યંત્ર થાકી ગયા હોય, શરીર એવું કામ ન આપતું હોય, ત્યારે ભલભલા માણસ હતાશ થઇ જાય છે કે 'હાય ! આ શરીર હવે ચાલતું નથી, મારે ધર્મની આરાધના થઈ શકતી નથી, હવે મારે શું કરવું ? મારું શું થશે ?'

ધર્મના એક સારા આરાધકને ત્યાં જવાનું થયું ત્યારે એમણે જ આવી હતાશા પ્રગટ કરી. એ ભાઈ સારા બારવ્રતધારી શ્રાવક, ખીલેલી યુવાનીમાં એણે સજોડે જીવનભરનું બ્રહ્મચર્ય લીધેલું; ને ધંધો બંધ કરી પૂર્ણ નિવૃત્તિ લઈ ધર્મમય જીવન જીવવાનું કરેલું. ૪૦-૪૫ વરસ ઠામ ચોવિહાર એકાસણાથી ઓછું પચ્ચક્ખાણ નહિ ! ગમે તેવી ભયંકર બિમારીમાં પણ આ જાળવી રાખેલું ! જીવનમાં ૧૦૦-૨૦૦ તો એમને બાધાઓ હશે. વર્ષો સુધી ધર્મચર્યા ઉપરાંત વ્યવસાય માત્ર શાસ્ત્ર-સ્વાધ્યાયનો ! હવે એ ભાઈને શરીર તદ્દન નખાઈ ગયું, સ્મૃતિશક્તિ પણ ઘટી ગઈ, 'દેવદર્શન પણ કરવા જવાની કે સામાયિક-પ્રતિક્રમણ કરવાની ય જરાય



શક્તિ નથી રહી. છતાં એમણે રોજનું ઠામચોવિહાર એકાસણું પકડી રાખેલું.'

એમને મળવાનું થતાં આ ચિંતા એમણે વ્યક્ત કરી કે 'જુઓને આ મારું શરીર કેવું સાવ નકામું થઇ ગયું છે ! મારે કશી આરાધના નથી થતી. મને હવે કોઈ ટૂંકો અને સીધો મોક્ષ પમાડે એવો આરાધનાનો માર્ગ બતાવો. શરીર તો વાંકું બની બેઠું છે.'

એમના કહેવામાં ભારે હતાશાનો ધ્વનિ હતો, એ દેખી આશ્વાસનના બે શબ્દ કહ્યા. એથી એમને હિંમત આવી ગઈ એ શબ્દોનો ભાવ આ હતો,-

જુઓ ભાગ્યશાળી ! આ તમે હજી શરીર પર વધારે દૃષ્ટિ રાખો છો, એટલે તમને શરીરની વર્તમાન સ્થિતિ જોઈ હતાશા થયા કરે છે. તમે એ ખોખા પર ન જોતા તમારા પોતાના માત્ર આત્મા તરફ જુઓ. અહીં જીવંત રહેનાર અને પછી પણ આગળ ચાલનાર કોણ છે ? આપણો આત્મા જ ને ? આપણે એટલે આત્મા. કહો, આત્મામાં જ્ઞાનદર્શનાદિ કેટલું ? અનંતજ્ઞાન, અનંતદર્શન, સંપૂર્ણ વીતરાગતા. માત્ર એના પર આવરણ ચડી ગયા છે. એટલે એ પ્રગટ અનુભવાતા નથી. છતાં જેટલા આવરણ હટે એટલા પ્રમાણમાં જ્ઞાન-દર્શન-સમ્યક્ત્વ અને ક્ષમા અહિંસાદિ પ્રગટ થાય છે, ઉઘાડા થાય છે.

હવે એ કહો કે તમે અહીં જનમ્યા, થોડા મોટા થયા, ત્યારે તમારામાં એ ઉઘાડ કેટલો હતો ? અને અત્યારે ઉઘાડ કેટલો ?

ભાઈને કહેવું પડ્યું કે ''અત્યારે ઘણો ઉઘાડ !''

'તો પછી આ વિચાર ધ્યાનમાં લઈ આનંદ અનુભવો કે 'અહો ! અહીં દેવાધિદેવ શ્રી તીર્થંકર પરમાત્મા સદ્‌ગુરુઓ અને જિનશાસન પામી મારે આ જનમના પ્રારંભિક વર્ષો કરતાં હવે જ્ઞાનાદિનો કેટલો બધો ઉઘાડ થયો ! અહીં આવ્યો ત્યારે તે લગભગ દેવાળું હતું એમ દેખાય છે, તે હવે આ ઉઘાડથી હું સમુદ્ધિવાળો બન્યો છું. **હું તો દેવાળિયામાંથી સમુદ્ધ શરાફ બન્યો.'** આની ભરપૂર અનુમોદના જ રાખો એટલે જવા જ બેઠેલા ભંગાર શરીરની ચિંતા નહિ રહે, હતાશા જરાય નહિ થાય.

'શરીર કોનું ગયું નથી ? ઉંમર પાકી ગયે કોના શરીરના જેતર ઢીલા નથી પડ્યા ? એના સડન અને વિધ્વંસન તો નિર્ધારિત છે. નિર્ધારિત એટલે પછી એમાં આપણી દરમિયાનગીરી ન ચાલે, આપણી ઈચ્છાનુસાર એ કાંઈ રોકાય નહિ. માટે શરીર તરફ દૃષ્ટિ જ ન લઈ જાઓ. મહત્ત્વ શરીરનું ? કે આત્માનું ? ચિંતા કોની કરવાની ?'

''અલબત શરીરથી થઈ શકે એવી દેવદર્શનાદિએ જવાની પ્રવૃત્તિ અને



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

પ્રતિક્રમણાદિ ધર્મસાધના નથી થઇ શકતી પરંતુ તે તો બાહ્ય સાધના; આભ્યન્તર સાધના આપણી પાસે મોટી છે. અંતરથી પ્રભુનું પિંડસ્થ પદસ્થ ધ્યાન કરીએ એ મોટું દેવદર્શન છે.'' (૧) 'પિંડ' એટલે પરમાત્માને અષ્ટ પ્રાતિહાર્ય સહિત આપણા અંતરમાં ધ્યાઈએ, એ ભેદધ્યાન, અથવા (૨) 'પદ' એટલે પ્રભુના નામના અક્ષર દા.ત. 'અરિહંત' 'જિનેશ્વર વીતરાગ,' 'ઋષભદેવ'... કે 'મહાવીર સ્વામી'...વગેરે ચિંતવીએ, હૃદયમાં લખાયેલા વાંચીએ એ દેહની આ દુર્લભ અવસ્થામાં મહાન ધર્મસાધના સમજો.

''બાકી વારંવાર આ ખૂબ ખ્યાલમાં રાખો કે'' 'હું જનમ્યો દેવાળિયો, અને અત્યારે સમૃદ્ધ શરાફ બન્યો છું.' જનમ કરતાં અત્યારે મારે વૈરાગ્ય-શ્રદ્ધા-મૈત્રી-કરુણા તથા દાન-શીલ-વ્રત-આદિ ઘણી આત્મસંપત્તિનો ઉઘાડ થયો છે, આ ખ્યાલ કરવાથી આ સુકૃતોની અનુમોદના રહ્યા કરશે. તેથી હતાશા નહિ આવે.

બસ, આ સાંભળીને એ ભાઈને સારું આશ્વાસન મળ્યું. હિંમત આવી ગઈ. આમ તો જીવનમાં ગૃહસ્થધર્મની ભરપૂર સાધનાઓ કમાયેલી હોય છતાં શરીર નખાઈ ગયે આવી કોઈ નિરાશા-હતાશા ન થાય, આર્તધ્યાન ન થાય એ માટે આ સૂત્ર રટવું બહુ ઉપયોગી થઈ શકે છે કે 'દેવાળિયો જેવો જન્મેલો હું આજે જ્ઞાન-શ્રદ્ધાદિના ઘણા ઉઘાડથી સમૃદ્ધ શરાફ બન્યો છું, એ મારા કેવા અહોભાગ્ય !'

આના પર કદાચ સવાલ થાય કે 'તો પછી આગળ કશું સાધવાનું ન કરે તો ચાલે કે કેમ ? અગર ન સધાય તો વાંધો નહિ ને ?' તો આ સવાલનો જવાબ એ છે કે જ્યારે આત્માના જ્ઞાનાદિના ઘણા ઉઘાડનો આનંદ છે, તો પછી એમાં હવે સંતોષ રાખી એથી વિરુદ્ધ કાયા-માયાની પ્રવૃત્તિ મનમાની કરવાનું મન જ ન થાય. સાધવાની પ્રવૃત્તિને બંધ રાખવાનો વિચારે ય ન આવે.

એક વસ્તુ ધ્યાનમાં રાખવા જેવી એ છે કે જીવને આ જીવનમાં કમાયેલા દેવદર્શન, ધર્મઓળખ, ત્યાગ-તપસ્યા; દાન-શીલ-વ્રતો વગેરે આત્મસંપત્તિના મસ્ત આનંદ રહેવાની સાથે સાથે જીવનમાં સેવેલા ભરચક રાગ-દ્વેષ-ઈર્ષ્યા-અભિમાનાદિ દોષો તેમજ ઈષ્ટ શબ્દ-રૂપ-રસ-સ્પર્શ વગેરેના ઉપભોગ અને હિંસા-અસત્ય-અનીતિ આદિ દુષ્કૃત્યોની એવી ગ્લાનિ ને એવો પશ્ચાત્તાપ રહેવો જોઈએ કે હવે એમાંથી જેટલું જેટલું બને એટલું ઓછું કરતા ચલાય.

દિલ પરથી પાપના ભાર ઊતરે અને ધર્મનાં જ આકર્ષણ-આલ્હાદ જામી પડે એમાં જીવનની સફળતા છે.





## (૯૨) આસ્તિકને જ દુઃખ નિવારવાનો સચોટ ઉપાય

આપણને કોઈ પૂછે 'તમે દુઃખી છો કે સુખી ?' તો સહેજે કહેવાનું મન થઈ જાય છે કે 'ભાઈ ! સુખી શાના ? દુઃખના પોટલાં તો વરસી રહ્યા છે.' ત્યારે સામો જો ડાહ્યો માણસ હોય તો તો એ કહે, 'ભાઈ રે ! એમ તો આજે દુનિયા આખી દુઃખી છે. તમે તમારા દુઃખનો વિચાર કરો છો, પણ સાથે બીજાના જાલિમ દુઃખોનો શું તમે વિચાર કરો છો ? જો એ વિચાર દિલથી કરો તો તમારા દુઃખ એની આગળ કશી વિસાતમાં નહિ લાગે.'

આ કહેવાનો ભાવ આ છે કે 'શું આપણે દુઃખી નથી ? છીએ, પરંતુ બીજાના ભારે દુઃખ આગળ કે આપણા પૂર્વના કોઈ ભારે દુઃખ આગળ આપણું વર્તમાન દુઃખ દૂર થતું લાગતું નથી. એનો અર્થ એ, કે

**આપણે શરીરાદિ પરના દુઃખથી દુઃખી નહિ, પરંતુ મન પર દુઃખના ભારથી દુઃખી છીએ.**

જો મન પર દુઃખનો ભાર નથી, મનને દુઃખ લાગતું નથી, તો બહારના દુઃખ હયાત છતે આપણે દુઃખી નથી. બીજાના ભારે દુઃખ જોતાં એ દુઃખી લાગે છે, ને આપણે સુખી લાગીએ છીએ. પેલાના દુઃખ આગળ આપણું દુઃખ ભૂલી જઈએ છીએ. અહીં એ વિચારવું છે કે તો પછી આપણે બીજાની તુલના કર્યા વિના એમજ હંમેશા આપણે આપણા દુઃખ કેવી રીતે ભૂલી શકીએ.

દુઃખ ભૂલવાનો એક આપણો અનુભવ છે કે જો કોઈ ખાસ સુખની વસ્તુ મન પર આવી જાય છે તો એ વખતે દુઃખ ભૂલી જવાય છે. દા.ત. આપણું કોઈએ અપમાન કર્યું તો મનને દુઃખ લાગે છે; પરંતુ જો ત્યાં ચાર સારા માણસ આવીને આપણને માન આપે તો એ માનમા આનંદમાં ખીલેલું મન એ વખતે પેલા અપમાનનું દુઃખ ભૂલી જાય છે. એમ અચાનક મનમાન્યા કોઈ બીજી વસ્તુના ખાસ સુખ મળી ગયા, તો પણ એના આનંદની લહેરીમાં પેલા અપમાનનું દુઃખ ભૂલી જવાય છે.

એમ, દા.ત. માણસને છોકરો મરી ગયો, ભારે દુઃખ લાગ્યું, પરંતુ એના મરવાથી બીજા છોકરાને ભારે આઘાત અને ચાનક લાગી હૃદયપરિવર્તન થઈ ગયું, ને હવે એ મા બાપની ન ધારેલી સેવા-વિનય-સહાનુભૂતિમાં રહે છે, તો એના



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

આનંદમાં મા બાપ પેલા મરેલા છોકરાના વિરહનું દુઃખ ભૂલી જાય છે.

અથવા દા.ત. કોઈ ગરીબ માણસને વહાલસોયા પત્ની-પુત્ર મરી ગયા, વળી શરીર બિમાર પડ્યું... ઇત્યાદિ દુઃખ આવ્યા, પરંતુ જો અચાનક કોઈ મોટા વેપારીએ એનો હાથ પકડ્યો, ધંધે લગાડ્યો, અને બે-પાંચ લાખ રૂપિયા કમાવી આપ્યા તો એના આનંદમા એ પેલા દુઃખ ભૂલી જાય છે.

બસ, આમાંથી આ ફલિત થાય છે કે-

**કોઈ પણ જાતના દુન્યવી દુઃખ ભૂલી જવા માટે એની સામે કોઈ ભરચક આનંદ ખડો કરવો એ ઉપાય છે.**

અથવા કહો, એવા કોઈ આનંદ જો મનમાં કાયમી ઊભા કરી દઈએ તો દુન્યવી દુઃખો મન પર ચડવા મનને ડહોળવા દુઃખી કરવા સમર્થ નથી.

**સવાલ છે, કાયમી આનંદ કઈ વસ્તુના હોઈ શકે ?**

ઉત્તર આ છે, કે કાયમી આનંદ સુકૃતોના અને સુકૃતસાધન માનવભવ-દેવાધિદેવ-જિનમંદિર-જૈનશાસ્ત્ર-નવકાર-નવપદ-નવતત્ત્વ આલંબનભૂત પૂર્વના અને વર્તમાનના મહાપુરુષો વગેરે પામ્યાના છે.

**સુકૃતોમાં શું શું આવે ?** આ -

(૧) આત્માના ગુણો વૈરાગ્ય-મોક્ષરાગ-પાપભય, દયા-કૃતજ્ઞતા-પરાર્થવૃત્તિ-ઉદારતા-સૌમ્યતા-સહિષ્ણુતા, ક્ષમા-નમ્રતા-ગંભીરતા, સત્ત્વ-તૃપ્તિ-પવિત્રતા વગેરે તથા (૨) દાન-શીલ-તપ ભાવના રૂપી ધર્મ, તેમજ (૩) અહિંસા-સત્ય-નીતિ-બ્રહ્મચર્ય-અપરિગ્રહ આદિના વ્રતો; વળી (૪) જિનભક્તિ-સાધુસેવા-નવકારસ્મરણ, સામાયિકપોષધ-પ્રતિક્રમણ, શાસ્ત્રસ્વાધ્યાય-તત્ત્વચિંતન-હિતોપદેશ, તીર્થયાત્રા-ધર્મક્ષેત્રોના પોષણ વગેરે વગેરે સત્પ્રવૃત્તિ...આ બધા સુકૃતો છે.

**હવે કરવાનું આ છે કે** આમાંના શકય સુકૃતો અને પૂર્વોકત સુકૃતસાધનો પામ્યાનો મનમાં અનહદ આનંદ ભર્યો ભર્યો રાખવો. ધ્યાનમાં રહે, આપણે સુકૃતો કરીએ છીએ ખરા, પરંતુ પછી એનો મનમાં આનંદ લહેરાતો ને ઊભરાતો રાખવાનું શીખ્યા જ નથી. નહિતર દા.ત. સિદ્ધગિરિની પહેલપહેલી યાત્રા કરી ધર્મશાળાએ આવ્યા અને પકવાન્ન કે રસપૂરીનું ભોજન કરવા માંડ્યું. ત્યાં યાત્રાના ભર્યા આનંદમાં એ ભોજનનો આનંદ આવી શકે ખરો ? પરંતુ પેલી અનુપમ યાત્રારૂપી સુકૃતનો મનમાં આનંદ આનંદ એ ઊભરાતો નથી કે ‘અહો ! પાપપ્રવૃત્તિથી ખચબચ ભરેલા આ સંસારમાં જ્યાં સામાન્ય દેવદર્શન પામવું ય મોંઘું ત્યાં મને આ યાત્રા મળી ? સુગુણ સનેહા આદીશ્વર દાદા મળ્યા ? કેવી રીતે અદ્ભૂત એમની પૂજનપ્રવૃત્તિ ! કેવાં અનેરા એમના સ્તુતિ-ભક્તિગુણગાન ? એ વખતની મારા



પાપિષ્ઠ પણ મનની કેવી સુંદર પવિત્ર ભાવના અને વિચારસરણી ?...’ મનમાં જો એ આનંદ ઊછળં ઊછળા કરતો હોય તો પકવાન્ન-રસપૂરીનું જમણ જમતા શાનો હરખ હરખ હોય ?

એમ, માનવભવ-દેવ-ગુરુ-તીર્થ-શાસ્ત્ર વગેરે સુકૃતસાધનો પામ્યા પર એની ભારે કદર અને પામ્યાનો અનહદ આનંદ હોય, તો સારા પૈસાટકા-પરિવાર વગેરે મળ્યાનો આનંદ શાનો આવે ?

નથી સુકૃતોનો અનહદ આનંદ સતત વહેતો; કે નથી અમૂલ્ય સુકૃતસાધનો પામ્યાની ઊંચી કદર અને ભરચક આનંદની સતત લહેરી લહેરાતી. તેથી જ સારા ખાનપાન પૈસાટકા-પરિવાર માનસન્માન વગેરેના આનંદ મનમાં ભર્યા ભર્યા રહે છે એના જ આનંદ હોય પછી સ્વાભાવિક છે કે એમાં વાંધો વચકો ઊભો થતાં અર્થાત્ ખાનપાન બગડતાં, પૈસા જતા, પરિવાર રીસાતા, અપમાન થતાં, શરીર માંદુ પડતા, વગેરે વગેરેમાં મનને ભારે દુઃખ લાગવાનું. જો સુકૃતો અને સુકૃતસાધનોનો અનહદ આનંદ મનમા ભર્યો ભર્યો રહેતો હોય તો દુન્યવી સુખનો આનંદ નહિ લાગે, ને દુન્યવી દુઃખનું દુઃખ નહિ લાગે. માટે કહેવાય કે

**સુકૃતના સુખે સુખી હોય એ દુન્યવી દુઃખે દુઃખી ન હોય**

યાવત્ મરવાની સ્થિતિ આવી હોય, શરીર સાવ નખાઈ ગયું હોય છતાં સુકૃતો અને સુકૃત-સાધનો પામ્યાના ભરચક આનંદમાં મન ખીલતું હોય તો પેલું દુઃખ નહિ લાગે.

આ પ્રસંગે ધ્યાનમાં રહે કે કાયમી આનંદ આપવાની તાકાત સુકૃતોમાં જ છે, પૈસાટકા આદિમાં નહિ. કેમકે પૈસાટકા વગેરે ગમે તેટલા સારા મળ્યા હોય, પરંતુ એના સંરક્ષણ આદિની ચિંતા, ભય શંકા વગેરે એના આનંદને ખાઈ જાય છે. તેમજ, એના જોડીદાર પરિવાર-કાયા-સ્વમાન વગેરે પર આફત પેલા આનંદને ઉરાડી મૂકે છે. જ્યારે સુકૃતના આનંદ પર કોઈ આક્રમણ નથી. દા.ત. રૂા. ૨૫ હજારના શુદ્ધ દાનસુકૃતનો આનંદ જીવનભર માણી શકાય છે; પણ એટલા રૂપિયા ધરતીમાં દાટી મૂક્યાનો કે વેપારમાં રોક્યાનો આનંદ કાયમ નથી ચાલી શકતો. માટે સુકૃતનો આનંદ ઊભરાતો રાખવો.

અહીં એક વસ્તુ ખ્યાલમાં રહે કે જો આપણે આસ્તિક છીએ તો આપણને આત્મદૃષ્ટિ જ મુખ્ય રહેવી જોઈએ; ને જો એ રહે તો આત્મહિતકર સુકૃતો અને સુકૃત-સાધનો પામ્યાનો જ આનંદ રહ્યા કરવો જોઈએ; એ જ આનંદ અવશ્ય સતત ઊભરાતો રાખવો જોઈએ. એથી પછી દુન્યવી દુઃખો દુઃખરૂપ નહિ લાગે. દુઃખનિવારણનો આ સચોટ ઉપાય છે; ને એનો અધિકાર આસ્તિકને જ છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

# ૯૩ કિંમતી બુદ્ધિશક્તિનો સદુપયોગ

આર્તધ્યાનથી પીડાતા મનમાં શુભધ્યાન નથી આવી શકતું. માણસ જરા ધર્મ સમજતો થાય એટલે પ્રસંગ પડ્યે દાવો તો રાખે છે કે ‘હું આર્તધ્યાન નથી કરતો’ પરંતુ ખરેખર તો એના હૈયામાં આર્તધ્યાન સળગતું હોય છે. દા.ત. ખીસાનો રૂમાલ કયાંય પડી ગયો પછી બીજાને કહેશે. ‘આજે યાર ! રૂમાલ ગુમાયો.’ પેલો કહે, ‘પણ એટલામાં ખેદ આર્તધ્યાન શું કરો ?’ ત્યારે આ કહે છે, ‘ના હું આર્તધ્યાન નથી કરતો; રૂમાલમાં શી વિસાત હતી ? આ તો હું તમને સહેજ કહેતો હતો કે મારું મગજ એવું ભૂલકણું થઈ ગયું છે કે કેટલું ય ભૂલી જવાય છે.’ પાછો વળી આ જ વાત અનેકને કહે છે.

આ એક દાખલો છે. હવે આમાં જોઈએ તો સ્પષ્ટ સમજાય છે કે જો મનગમતો રૂમાલ પડી ગયાનું મનમાં આર્તધ્યાન નથી તો કેમ એની ફરિયાદ કરે છે ? અંતરમાં આર્ત છે, વેદના છે. તો જ એ શબ્દરૂપે બહાર પડે છે. એકને જ નહિ પણ અનેકને કહે છે, એ બતાવી આપે છે કે અંતરમાં વેદના સતાવી રહી છે. નાનો પણ ઈષ્ટ સંયોગ ગયો એ સહન નથી થતું. નહિતર જો મન મનાવી લે કે ‘આ તો જડ પદાર્થો છે; એ પુણ્યાનુસાર મળે; ને પુણ્ય હોય તો જ ભોગવાય; તેમ પુણ્ય હોય તો જ ટકે. પુણ્યની દુબળાશમાં એ ન ટકે. ભલે પછી ગમે તેટલું આર્તધ્યાન કરવામાં આવે ને ? મનગમતું બનાવવા-ટકાવવામાં કે અણગમતું ટાળવા-અટકાવવામાં આર્તધ્યાનનું કશું ઊપજે નહિ, એ અટકાવવાની ખેદ શોક-આર્તધ્યાનની કશી એવી તાકાત નહિ; પછી ફજુલ આર્તધ્યાન કરીને શો ફાયદો ?’ આમ મન મનાવી લે તો આર્તધ્યાન અટકાવવાનું કરાય. બુદ્ધિશક્તિનો આ જ સદુપયોગ હોય.

વિચારવા જેવું આ છે કે મનુષ્ય ભવમાં જે ઉચ્ચકોટિની બુદ્ધિશક્તિ મળી છે એ જો અસદ્ વિકલ્પો અને આર્તધ્યાન તથા ખેદ ને શોક વગેરેમાં વપરાઈ તો અહીં જીવન નિરાશાભર્યું, નીસાસાભર્યું, અગર તામસી બને છે; અને અશુભ કર્મોના ઢેર બંધાઈ ભવાંતરમાં દુર્ગતિ-દુઃખ-દુર્બુદ્ધિ લાવનાર થાય છે. ત્યારે જો બુદ્ધિશક્તિને શુભધ્યાન, સુંદર વિચારો અને વૈરાગ્ય-મૈત્રી આદિ ઉમદા ભાવો રાખવામાં ઉપયોગી બનાવાય તો આ જીવન પણ સુખદ શાંતિભર્યું અને સ્ફુર્તિમય બને છે, તેમજ પરલોકે ય સુંદર સદ્ગતિ અને સુખમય સદ્બુદ્ધિભર્યું જીવન મળે છે.



પરમપુરુષ પરમાત્માથી માંડીને મહર્ષિઓ તથા ઉત્તમ વિભૂતિઓના જીવનની સામે આપણે આદર્શ તરીકે કેમ જોઈએ છીએ ? એટલા જ માટે કે એમના જીવનમાં શુભધ્યાન સુંદર વિચારસરણી અને વૈરાગ્ય તથા મૈત્રી પ્રમોદ કરુણા આદિ શુભ ભાવોના પાયા પર ઉમદા કોટિના વાણી વર્તાવ હતા. ઉમદા વાણી ને ઉમદા પ્રવૃત્તિના પાયામાં શુભધ્યાન આદિ હોય છે, એ ભૂલવા જેવું નથી. ત્યારે જો એ મહાપુરુષોના જીવનને આદર્શ તરીકે જોઈએ છીએ તો એ આદર્શ જીવનના પાયાભૂત શુભધ્યાન આદિને આપણા જીવનમાં ખૂબ મહત્ત્વ આપવું જોઈએ. એમ કરવામાં જનાવરને નહિ મળેલી અને આપણને મળેલી મહાન બુદ્ધિશક્તિનો સુંદર સદુપયોગ થાય.

આર્તધ્યાન-ખેદ-વિષાદ-દુન્યવી ગમતી વાત વસ્તુ બગડવા ચાલી જવા પર થાય, અગર, અણગમતી આવી જવા પર કે ન ટળવા ઉપર થાય. તેમજ હરખ-આનંદનું ય આર્તધ્યાન ગમતું બની આવવા પર યા અણગમતું ટળવા પર થવા જાય. ત્યાં એ ખેદ-વિષાદ કે હરખ-આનંદ અને એથી થતું આર્તધ્યાન અટકાવવા આ વિચારવું કે, ‘અહો ! મને જે તરણતારણ વીતરાગ સર્વજ્ઞ અરિહંત ભગવાન મળ્યા છે એમની આગળ દુન્યવી વાત વસ્તુ શી વિસાતમાં છે કે એના મહત્ત્વ માનું ? ને એના પર ખોટા હરખ-ખેદ કરું ? અરિહંત પ્રભુ મને કોહિનૂર હીરા જેવા મળ્યા છે. એમની આગળ કાચના ટૂકડા જેવી દુન્યવી વાત વસ્તુ સીધી કે વાંકીચૂકી મળે એને ન-ગણ્ય સમજું છું.’ આમ વિચારી વીતરાગ પરમાત્માના જીવન અને ઉપકારો ઉપર ચિંતન કરતા રહેવું. વળી વિચારવું ‘સનત્કુમાર ચક્રવર્તી જેવાઓએ છ ખંડની ઠકુરાઈ મૂકી દીધી ને શાલિભદ્ર ધનાજી જંબકુમાર જેવાઓએ અઢળક સંપત્તિ છોડી. તો હું ઠીકરા જેવા માલ-સન્માનનું શું મહત્ત્વ આંકી રહ્યો છું કે એ મળ્યાનો હરખ ને ગયાનો ખેદ કરું ?

આર્તધ્યાનનું એક બીજુ કારણ અહંત્વ છે. એને જો મહત્ત્વ અપાય છે, સન્માનને હૈયાથી આવકારાય છે, અને અપમાનમાં અહંત્વ ઘવાય છે, તો એમાં હરખ કે ખેદનું આર્તધ્યાન ઊભું થાય છે. માટે મૂળમાં અહંત્વને જ મારવાની જરૂર છે. ત્યાં એમ વિચારવું કે, ‘મારામાં શી એવી મોટી લાયકાત યા ગુણસંપત્તિ છે ? શા એવા મારા મહાન સુકૃતો છે ? અગર કયાં એવો કર્મસત્તા ઉપર અધિકાર છે ? મૃત્યુ પર કયો મેં વિજય મેળવ્યો છે કે અહંત્વ રાખું ? કર્મના અદના ગુલામ એવા મારે અહંત્વ-અભિમાન રાખવાનો હક જ કયાં છે ?’

આમ વિચારી અહંત્વને હટાવી દેવું. જેથી અહંત્વ ઉપરના વહાલા લાગતા સન્માન અને અકારા લાગતા અપમાન વિસાતમાં નહિ લાગે. પછી એથી હરખ-



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

ખેદનું આર્તધ્યાન અટકશે. બાકી વીતરાગ ભગવાન અને એમણે ઉપદેશેલા દાનાદિ ધર્મ અહિંસા-સત્ય વગેરે મહાવ્રતો ને ક્ષમાદિ ગુણો તથા અનિત્યતા આદિ બાર ભાવનાઓના ચિંતન-મનન ખૂબ કરવા; જેથી શુભધ્યાન રહ્યા કરે. મહાકિંમતી બુદ્ધિશક્તિનો આ જ સદુપયોગ છે.

‘‘દિવ્ય-દર્શન’’-‘‘અગ્રલેખામૃત’’ વર્ષ-૨૨,અંક-૧૪,તા.૧૫-૧૨-૧૯૭૩

## (૯૪) ૨૫૦૦ મા વીરનિર્વાણવર્ષની ઉજવણીના રાષ્ટ્રિય કાર્યક્રમની સમીક્ષા

### (લેખાંક-૧)

જૈનધર્મ આમ તો અનાદિ અનંત કાળથી મહાવિદેહ ક્ષેત્રમાં સતત ચાલુ છે, કેમકે જૈનધર્મના પ્રણેતા તીર્થંકર ભગવંતો ત્યાં સદા વિચરતા હોય છે. ને અમુક કાળે મહવિદેહના જે ભાગમાં તીર્થંકર ભગવાન ન હોય ત્યાં પણ કેવળજ્ઞાની વગેરે મહર્ષિઓ વિચરતા રહે છે, તેથી એમના પ્રભાવે જનસમાજમાં ધર્મનું અસ્તિત્વ સદા ઊભું રહે છે.

પરંતુ ભરત-ઐરવત ક્ષેત્રમાં કાળ ચક્રની જેમ ચડ ઊતર (ઉત્સર્પણ-અવસર્પણ) કરતો હોય છે, તેથી એમાં અમુક અમુક સમયે જ તીર્થંકર ભગવાન પ્રગટતા હોવાથી મર્યાદિત સમયમાં જ જૈનધર્મ પ્રસરતો રહે છે. અહીં ભરતક્ષેત્રમાં અત્યારે ચાલતા એવા અવસર્પિણી કાળમાં ક્રમશઃ ૨૪ તીર્થંકર ભગવાન થયા. એમાં પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનથી માંડી નવમાં શ્રી સુવિધિનાથ ભગવાન સુધી અખંડ જૈનધર્મ ચાલ્યો. અલબત એકેક તીર્થંકર ભગવાન પ્રગટીને નિર્વાણ પામ્યા તે પછી બીજા તીર્થંકર ભગવાન પ્રગટ થવામાં વચ્ચે આંતરું પડતું. પરંતુ આંતરાના સમયમાં કેવળજ્ઞાની મહર્ષિ જ શું કોઈ સામાન્ય જૈનસાધુ મહાત્મા પણ રહ્યા નહિ. વિષમ કાળના પ્રભાવે નવમાં પ્રભુના શાસનમાં મુનિઓ સંયમ-ચારિત્રમાં શિથિલ પડતા ગયા. પહેલા કદાચ સાધુવેશ રહ્યા હશે પણ સાધુતા ગઈ. એની અસર ગૃહસ્થો પર પડી; કેમકે ભક્તવર્ગમાં સહેજે ગુરુનું અનુકરણ થાય, એટલે ગૃહસ્થવર્ગમાંથી પણ જૈનધર્મનું પાલન નષ્ટ થતું ચાલ્યું. તે અંતે સાધુ અને ગૃહસ્થો બંનેમાંથી જૈનધર્મનું પાલન તદ્દન નષ્ટ થઈ ગયું. અહીં એક પ્રશ્ન થાય,

પ્ર.- શું એ વખતે જૈનધર્મ વિષે વેશધારી કિન્તુ આચારભ્રષ્ટ સાધુઓ વ્યાખ્યાન-ભાષણો નહિ કરતા હોય ? ગૃહસ્થો પણ જૈનધર્મની વાતો નહિ કરતા



હોય ? ભાષણો અને વાતો થતી હોય તો જૈનધર્મ જીવંત નહિ ? નષ્ટ કેમ કહો છો ?

ઉ.- જૈનધર્મ નષ્ટ કહેવાના બે કારણ છે. એક તો ધર્મના આચાર નષ્ટ થયા, અને બીજું એ કે આચારભંગ કરનારાઓએ આચારભંગના બચાવમાં જૈનધર્મના શાસ્ત્રોની વાતોને વિકૃત રૂપે રજૂ કરવા માંડી; ન ફાવતી શાસ્ત્ર કથિત વસ્તુથી વિરુદ્ધ પ્રતિપાદન કરવાનું શરૂ કર્યું; આચાર પર ભાર આપવાને બદલે આચારને નગણ્ય કરી દીધા. માત્ર મોટા તત્ત્વને આગળ કરી ‘એ જ જૈનધર્મ’ એમ પ્રચારવા માંડ્યું; અને જૈન ધર્મના ખાસ આચારો અને તત્ત્વને વિસારે પાડ્યાં. આ સ્થિતિમાં જૈનધર્મ શી રીતે ટકે ? શી રીતે જીવંત રહે ? જૈનધર્મ જ શું કોઈપણ ધર્મ એના આચારપાલન પર અને એના સમસ્ત તત્ત્વો-સિદ્ધાન્તો અણીશુદ્ધ માનવા પર ટકે છે. જ્યાં આ બેમાં પોલ પેઠી એ ધર્મ નષ્ટ થતા ચાલ્યા; પછી ભલે બોલવામાં ધર્મ-ધર્મનું ઉચ્ચારણ રહ્યું.

દા.ત. બૌદ્ધધર્મમાં અહિંસાનો આચાર નેવે મૂક્યો. ‘અહિંસા એટલે અમારે જીવોને મારવા નહિ; કોઈ મારી લાવે તો એ ખાવું ખપે,’ એ ધોરણ રખાયું. નદી-સરોવર-સમુદ્રના કાંઠે ટોળેટોળા બૌદ્ધો માછીમારોએ પકડેલા માછલા ખરીદી ખરીદી એનું ભોજન કરવા લાગ્યા. ત્યાં અમે બૌદ્ધ એમ ઓળખાવા છતાં બૌદ્ધધર્મ શો ટક્યો ? કે અમારા બુદ્ધ ભગવાન એમ નામ લેવા છતાં ગૌતમ બુદ્ધનું અનુયાયીપણું શું રહ્યું ? ખરેખરું બૌદ્ધપણું કયાં ? એમ એના તત્ત્વો સિદ્ધાન્તોની વફાદારી ગુમાવ્યા પછી ય બૌદ્ધધર્મીપણું ખરેખરું કયાં રહ્યું ? ચીનના પચાસ કરોડ કહેવાતા બૌદ્ધો સામ્યવાદીઓના બળાત્કાર હેઠળ એમજ બૌદ્ધ ધર્મ ગુમાવી બેઠા. ટિબેટ પણ એ જ દશામાં છે, ધર્મના આચાર અને સિદ્ધાન્તોને બાજુએ મૂકવા પર ધર્મ ટકી શકે નહિ, ધર્મનો પ્રચાર કહી શકાય નહિ.

શ્રી મહાવીર પ્રભુના ૨૫૦૦ મા નિર્વાણવર્ષની રાષ્ટ્રિય ઉજવણીના કાર્યક્રમમાં આવા અનિષ્ટ રહેલા છે. એમાં જૈનધર્મના ખાસ આચારોને કશું સ્થાન આપવામાં આવ્યું નથી. બલ્કે એવો ભાસ કરાવવામાં આવ્યો છે કે જૈનધર્મ એટલે જાણે માત્ર જાણવું, સમજવું, સંશોધન કરવું. અહિંસાનું નામ લે છે તે પણ માનવે માનવ સામે લડવું નહિ એટલા જ અર્થમાં. ને અપરિગ્રહનું નામ લે છે તે આજના સામ્યવાદે સ્વીકારેલ અપરિગ્રહનું. બાકી એકેન્દ્રિય સુધીના જીવોની અહિંસા અને એના પોષક આચારોનું એમાં કશું સ્થાન નથી. અપરિગ્રહરૂપ સાધુધર્મ અને એને સુલભ કરનાર સમ્યગ્દાનાદિ ધર્મની એમાં કશી વાત નથી. ‘સ્યાદ્વાદ’ સિદ્ધાન્તનું નામ લે છે. તે બધા ધર્મ સરખા એમ મનાવવા માટે. પછી ભલે એમાં બકરી ઈદ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

ઉજવનારો મુસ્લીમ ધર્મ હોય !

જૈનધર્મ તો આત્મા અને કર્મના અનેરા પ્રતિપાદન સાથે કર્મવશ આત્માના ચારે ગતિમાં પરિભ્રમણને બતાવે છે. એટલે જ જૈનધર્મ પરલોકપ્રધાન દૃષ્ટિ રાખી જીવન જીવવાનું ઉપદેશે છે. તેમજ ઈન્દ્રિય વિષયોની આસક્તિને મૂળ કારણ બતાવી વિષયવૈરાગ્યને પાયામાં જરૂરી કહે છે. વળી જૈનધર્મની એક આગવી વિશેષતા વિરતિના સિદ્ધાન્તની છે, જે ક્રમશઃ સપ્ત વ્યસનત્યાગ, રાત્રિભોજનત્યાગ, પરસ્ત્રીત્યાગ, બારવ્રત, બ્રહ્મચર્ય વગેરેની પ્રતિજ્ઞાબદ્ધ પાલનની આવશ્યકતા સમજાવે છે. જૈનધર્મ પહેલી સાધના સમ્યગ્દર્શનની એટલે કે સર્વજ્ઞવચનની પૂરેપૂરી શ્રદ્ધાની ઉપદેશે છે. એ હોય તો જ જ્ઞાન અને ચારિત્રની સાધનાને લેખે ગણે છે. જૈનધર્મના તીર્થો પણ સૂચવી રહ્યા કરે છે કે દેવાધિદેવના દર્શન-પૂજનાદિ એ મહત્ત્વના જૈન આચાર છે.

રાષ્ટ્રીય કાર્યક્રમમાં આમાંનું કશું લેખામાં લીધું નથી. પછી એને શી રીતે ખાસ જૈનધર્મને અનુકૂળ ઉજવણી કહેવાય ? ઊલટું ઉપરોક્તને ભૂલાવનારી રીતરસમ લઈને જૈનધર્મનું જમાનાના ધર્મમાં રૂપાન્તર કરવાનો એ પ્રયત્ન છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૨,અંક-૧૫,તા.૨૯-૧૨-૧૯૭૩

## ૯૫ (લેખાંક-૨)

'સમ્યગ્દર્શન' એ મોક્ષ માટેની આરાધનામાં પાયાની આરાધનાનો વિષય છે. સમ્યગ્દર્શનની આરાધના હોય તો જ બીજી સમ્યગ્જ્ઞાન-તપ-સંયમાદિની આરાધના મોક્ષની નિકટ લઈ જનારી બને છે. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ કહે છે,-

**''દાનાદિક કિરિયા નવિ દીએ, સમકિત વિણ શિવશર્મ''**

અર્થાત્ સમ્યગ્દર્શન વિના દાન-શીલ-તપ-સંયમ આદિ અનુષ્ઠાન મોક્ષસુખ આપી શકતા નથી. સમ્યગ્દર્શનનું આટલું બધું મહત્ત્વ છતાં દુઃખની વાત છે કે ૨૫૦૦ મા શ્રી વીરનિર્વાણવર્ષની ઉજવણીના રાષ્ટ્રિય કાર્યક્રમમાં આનો કશો ઉલ્લેખ નથી, બલ્કે એના સાહિત્ય આદિ એવાના હાથે સર્જાયા કે સર્જાવાના છે, કે જેમના માથે સમ્યગ્દર્શનનું કશું બધન તો નહિ. ઊલટું જેમનામાં સમ્યગ્દર્શનનો ઘાત કરે એવા યથેચ્છ વાણીવિલાસ છે. એનું પરિણામ શું ? આ જ કે ધર્મ પામેલા, અગર ધર્મની સન્મુખ બનેલા આત્માઓ જે સાહિત્ય સંશોધનાદિથી ધર્મશ્રદ્ધા-સાધુભક્તિ-શાસ્ત્રાદર આદિમાં અસ્થિર થઈ જાય. રાષ્ટ્રિય સમિતિમાં કેટલાક એવા સભ્ય છે



કે જેમાના આજ પૂર્વેના લખાણોએ ભદ્રક જીવોને આ અસ્થિરીકરણનું જ કામ કરેલું છે.

દા.ત. પંડિત દલસુખભાઈ માલવણિયાએ એકવાર આ ભાવનું લખેલું કે, 'પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં ચાર મહાવ્રત હતા તેમાં મહાવીર ભગવાને ક્રાન્તિ કરીને બ્રહ્મચર્યવ્રત ઉમેરી પાંચ મહાવ્રત કર્યાં તે બુદ્ધિનો વિકાસ થયો.' આમ પ્રતિપાદન કરવાથી એ વાંચનાર ભદ્રક જીવને સહેજે એમ થાય કે, 'તો પછી પાર્શ્વનાથ ભગવાનના વખતમાં એવો બુદ્ધિ વિકાસ નહિ તેમજ એમને ચતુર્યામ યાને ચાર મહાવ્રતમય ધર્મ કાંઈક ન્યૂનતવાળો, તેથી ક્રાન્તિને યોગ્ય હતો.' ભદ્રક જીવને આ ભાવ સમજાવાથી સહેજે પાર્શ્વનાથ ભગવાન અને એમના ધર્મશાસન ઉપરની શ્રદ્ધા ઘટે, શ્રદ્ધામાં અસ્થિરીકરણ થાય.

ખરી રીતે ચાર મહાવ્રતમય ધર્મના પરિગ્રહ મહાવ્રતમાં બ્રહ્મચર્યનો આ રીતે સમાવેશ હતો કે ઋજુ અને પ્રાજ્ઞ લોકો સરળ વિકસિત બુદ્ધિથી એમ સમજી શકતા હતા કે સ્ત્રીસેવન સ્ત્રી પર મૂર્ચ્છા મમત્વ કર્યા વિના ન થાય, અને 'મૂર્ચ્છા પરિગ્ગહો વુત્તો' (મૂર્ચ્છા પરિગ્રહ ઉક્તઃ) અર્થાત્ મૂર્ચ્છા એ પરિગ્રહ કહેલો છે. એટલે સ્ત્રી પરિગ્રહના ત્યાગના વ્રતમાં સ્ત્રીસેવનનો ત્યાગ અર્થાત્ બ્રહ્મચર્ય આવી જ જાય છે તેથી એને જુદા વ્રત તરીકે ન કહ્યું. પરંતુ શ્રી મહાવીર પ્રભુને આ વ્રત જુદુ પાડવું પડ્યું કેમકે એમના શાસન વખતની પ્રજા વક્ર અને જડ હોઈ ચાર મહાવ્રતની પદ્ધતિમાં બ્રહ્મચર્યવ્રતને અંતર્ગત કર્તવ્ય ન સમજે. સારાંશ ચારના પાંચ મહાવ્રત બતાવ્યા એ પ્રજાની બુદ્ધિના વિકાસને લીધે નહિ; કિન્તુ બુદ્ધિની મંદતાને લીધે બુદ્ધિવિકારને લીધે. તેથી પાંચ મહાવ્રત કરવામાં ક્રાન્તિ કરી ન કહેવાય, પરંતુ જડ જીવોના હિસાબે સ્પષ્ટતા કરી.

આ જ પંડિત માલવણિયાએ કેટલાક વખત પહેલા સાધુધર્મમાં રેલવિહાર, અલ્પપરિગ્રહ વગેરે કેટલીક છૂટછાટો મૂકવાનું વિધાન કર્યું. એમાં પણ એમનો નર્યો બુદ્ધિવિકાર જ દેખાય છે. કેમકે સાધુધર્મ લેતી વખતે કરાતી પ્રતિજ્ઞામાં ત્રિવિધ ત્રિવિધે સમસ્ત પાપવ્યાપારોનો ત્યાગ કરવામાં આવે છે. પછી એ છૂટછાટોને અવકાશ જ ક્યાં રહે છે ? છતાં પંડિતજી છૂટછાટવાળો સાધુધર્મ પ્રરૂપીને ભોળા જીવોની અસલી સાધુધર્મની શ્રદ્ધાને ચલિત અસ્થિર કરે છે. એવા અસ્થિરીકરણથી સમ્યગ્દર્શન શી રીતે ટકે ?

રાષ્ટ્રિય ઉજવણીની સમિતિમાં આવો એક બીજો દાખલો પ્રો. એ એન. ઉપાધ્યેનો છે. એમણે બહુ વર્ષો પૂર્વે 'પંચસૂત્ર' શાસ્ત્ર પર અંગ્રેજી ભાષામાં વિવેચન લખી પ્રકાશિત કર્યું છે, ને જો કે શાસ્ત્રના અર્થ સમજવા એમણે પ્રખર વિદ્વાન



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

જૈનાચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજની સંસ્કૃત વિવેચનાનો જ સહારો લીધો છે છતાં એ વિવેચનામાં એમણે સંખ્યાબંધ ભૂલો બતાવી શ્રી હરિભદ્રસૂરિજી મ. ઉપર અજ્ઞતાનો આક્ષેપ કર્યો છે. આ આક્ષેપ કરીને એમણે બાળ જીવોની એ પૂજ્ય આચાર્ય મહારાજની વિદ્વત્તા ઉપરની શ્રદ્ધાને ચલિત-અસ્થિર કરવાનું કર્યું છે. ખરી રીતે પ્રો. ઉપાધ્યે પોતે જ એમાં કેવી રીતે ભૂલ્યા છે, અને લગભગ ૪૦ ખોટા અર્થ વિવેચન કેવા લખ્યા છે, એનું સ્પષ્ટીકરણ **'ઉચ્ચ પ્રકાશના પંથે'** નામના પંચસૂત્ર વિવેચન ગ્રંથની પ્રસ્તાવનામાં તર્ક પુરસ્કર સ્પષ્ટ કરી બતાવ્યું છે. આવા પ્રો. ઉપાધ્યેને રાષ્ટ્રિય ઉજવણીની સાહિત્ય સમિતિના અધ્યક્ષ નીમવામાં આવ્યા છે ! રાષ્ટ્રિય સમિતિમાં આવા બીજા પણ દાખલા છે.'

આ ઉપરથી સમજી શકાશે કે ઉજવણીના નામે ભગવાન મહાવીરસ્વામી અને જૈનધર્મની એ કેવી કુસેવા કરશે. કેટલાક શ્રીમંત ગૃહસ્થોને આવી બધી કશી જાણકારી નહિ હોવાથી એ એવા સાક્ષરોથી અંજાઈ જઈ ભ્રમથી એમને જૈનધર્મના સારા જાણકાર સમજે છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત''　　　　વર્ષ-૨૨,અંક-૧૬,તા.૫-૧-૧૯૭૪

## (૯૬) (લેખાંક-૩)

ગયા લેખમાં એ બતાવ્યું હતું કે જૈનધર્મમાં સમ્યગ્દર્શનને મોક્ષ માટેની આરાધનામાં પાયાનો આરાધ્યગુણ તરીકે બતાવ્યો છે. 'સમ્યગ્દર્શન' એટલે તત્ત્વશ્રદ્ધા સુદેવ-ગુરુ-ધર્મશ્રદ્ધા એને પામવા ટકાવવા અને અધિક ઉજ્જવળ કરવા માટે શાસ્ત્રે નિઃશંકતા, નિઃકાંક્ષતા વગેરે આઠ પ્રકારનો આચાર પાળવાનું આવશ્યક બતાવ્યું છે. એમાંનો એક આચાર છે 'સ્થિરીકરણ'

'સ્થિરીકરણ' એટલે અરિહંતદેવ સુસાધુ, અને જૈનધર્મ-જૈનશાસ્ત્ર-જૈનતીર્થ-જૈનધર્મક્ષેત્ર, જૈનસંઘ વગેરેમાંના કોઈની ઉપરની પણ શ્રદ્ધા ભક્તિ-ઉપાસના આદિમાં શિથિલ પડતાને સ્થિર કરવા તે. જો છતી શક્તિએ આ સ્થિરીકરણ કરવાની ઉપેક્ષા કરાય તો એનો અર્થ એ કે એ ઉપેક્ષામાં મન એવું બને છે કે, સામા શ્રદ્ધા યા આચરણ ગુમાવે એમા મારે શું ? આવું મન બનવામાં પોતાને દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્ર વગેરે પર એવો પ્રેમ કયાં રહ્યો કે 'દેવ-ગુરુ-ધર્મ અને શાસ્ત્રનું તો શક્ય એટલે બધે હું ઊંચું રાખું ?' જો એ પ્રેમ નહિ, તો પોતાની શ્રદ્ધા કેવી પોલી ? આમ સ્થિરીકરણ-આચારનો ભંગ કરવાથી શ્રદ્ધા યાને સમ્યગ્દર્શન કાં તો પમાતું નથી, યા પામેલું હોય તો ઘવાય છે.



આજના કાળે તો વળી સ્થિરીકરણની ખૂબ જ આવશ્યકતા છે. કેમકે આજે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા અને ધર્માચરણનો કે ભંગ કરનારા તત્ત્વો બહુ ઊભા થઈ ગયા છે. દા.ત. વૈજ્ઞાનિક શોધો મન પર ભૌતિકતાનું એવું મહત્ત્વ તથા ભૌતિક વસ્તુનો એવો મોહ અને લગની ઊભી કરી દે છે કે એથી અધ્યાત્મના જ પોષક દેવ-ગુરુ ધર્મ પરની શ્રદ્ધા આકર્ષણ-મહત્ત્વાંકન-મંદ પડે છે. મનને એમ થાય છે કે, 'વિજ્ઞાનનું બહુ પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ; ત્યારે શાસ્ત્રોની વાતો શ્રદ્ધાથી માનવી પડે છે.' આવું મનને થાય એ શું ? એ જ કે,- 'શાસ્ત્રોની વાતો પ્રત્યક્ષ સિદ્ધ નહિ એટલે એના પર પેલી વિજ્ઞાનની વસ્તુ જેવી સચોટ શ્રદ્ધા બેસે નહિ આવો મનમાં છૂપો ભાવ જનમ્યો. એ શ્રદ્ધાનું અસ્થિરીકરણ થયું. પછી ધર્મ આચરણ પણ ઢીલું પડે એમાં નવાઈ નહિ.'

એવું અસ્થિરીકરણ કરનાર બીજું તત્ત્વ આજના વધી ગયેલા ભોગ વિલાસના સાધન છે; દા.ત. સિનેમા હોટલો, રેફ્રિજરેટર, ટેલીફોન, રેડિયો, ટી.વી. પ્લાસ્ટિકની મનમોહક રંગની ભરપૂર ચીજો, ટેરેલીન, નાયલોન વગેરે વગેરે જીવને એવા ચિકણા રાગ-આસક્તિ-આકર્ષણમાં તાણી જાય છે કે એની સામે વૈરાગ્યમય ધર્મ પર એવો જોરદાર પ્રેમ જામી શકતો નથી; ધર્મના અનુષ્ઠાનો ઉભયટંક પ્રતિક્રમણ, સામાયિક, કિંમતી સ્વદ્રવ્યથી જિનપૂજા, રસ-ત્યાગ, તપસ્યા, શાસ્ત્રસ્વાધ્યાય, જાપ વગેરે અનુષ્ઠાનોની ગરજ ઓછી થઈ જાય છે. દેવ-ગુરુ-ધર્મની ઉપાસનામાં આ પણ શિથિલતા અસ્થિરીકરણ છે.

અસ્થિરીકરણનું વળી એક તત્ત્વ જાતના ભોગોપભોગમાં ને કુટુંબને ઉડાઉગીરીથી મહલાવામાં પહોળા થવું એ છે, તેમજ માન, ખ્યાતિ-કીર્તિની કારમી ભૂખ અથવા ધન પર અતિ મૂર્ચ્છા છે. આ વળી એવું ખતરનાક તત્ત્વ છે કે જાત ભોગમાં પહોળાપણું એ પરોપકારમાં સાંકડા બનાવે છે. કુટુંબ પોષણાદિમાં ઉડાઉ ખર્ચ એ દેવ ગુરુ-ધર્મની સેવામાં કંજુસાઈ કે બેપરવાઈ કરાવે છે. કદાચ એમ પણ મનાવે-બોલાવે છે કે 'દેવ તો વીતરાગ છે એમને ઠઠારાની શી જરૂર છે ? ધર્મમાં તો ભાવની કિંમત છે. આડંબરની નહિ, ધર્મ-ખર્ચની વાત આખા સંઘના માથે છે, આપણા એકલાના માથે નહિ.' આવા ખોટા તુક્કા ને ઉઠાવા શ્રદ્ધાને અસ્થિર કરે છે. ઉપરાંત અવસરે બીજાની પણ શ્રદ્ધા ચલિત કરે છે; સીદાતા સાધર્મિકની ય ઉપેક્ષા કરાવી જરૂર પડ્યે એની શ્રદ્ધાને ય તોડી નાખે છે.

આજે આના કેવા દાખલા બને છે એ માટે 'શ્વેતાંબર જૈન'માંથી શ્રી સુમતિમુનિના લેખના જૈન પત્રમાં ૪૧ મા અંકમાં લેવાયેલ ઉતારામાંથી અહીં રજૂ કરીએ છીએ.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

"રાજસ્થાન મોટો દેશ છે. અહીંની ધરતી જૈનોની માતૃભૂમિ છે. અહીંના ધનવાનો પોત પોતાના ગામ તજીને શહેરોમાં જઈને વસ્યા છે; અને પાછળ ધંધા વગરનો સમાજ બાકી રહી ગયો; કે જે ભારે મુસીબતમાં છે. એમના બાળકો અન્ન અને શિક્ષણની સગવડના અભાવને લીધે બહુ દુઃખી છે. તેઓ ખ્રિસ્તી ધર્મના પાદરીઓની મીઠી મીઠી વાતોમાં ફસીને એમના તરફથી દરેક પ્રકારનું સુખ મળવાનું આશ્વાસન મળવાથી, એમના તરફ આકર્ષિત થતા જાય છે. કેટલાક યુવાનોને ગરીબીને કારણે ભણવાની તક ન મળી તેથી તેમણે ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કર્યો હતો. તેઓ મારા પરિચિત હોવાથી મને મળ્યા હતા અને એમણે આંસુ સારીને પશ્ચાત્તાપ કર્યો હતો. એમણે રોતા રોતા કહ્યું : 'બી.કોમ.નો અભ્યાસ પૂરો કરવાની શક્તિ નહિ હોવાને કારણે મુંબઈમાં જેણે જ્યાં જવાનું કહ્યું ત્યાં અમે ગયા, અને વધારે રખડ્યા ત્યારે સંતોષકારક જવાબ મળવાના બદલે અમારો તિરસ્કાર કરવામાં આવ્યો કે શું તમે મારવાડી છો ? બસ આટલું સાંભળીને જ અમે દુઃખી થઈ ગયા અને આવેશમાં આવીને અમારે પ્યારા જૈનધર્મનો ત્યાગ કરવો પડ્યો. ખ્રિસ્તીઓની દયા ઉપર અમે આજે અમેરિકામાં શિક્ષણ લઈ રહ્યા છીએ !'

"શરમ ઉપજાવે એવી વાત તો એ છે કે એક નિરાધાર વિધવા જેને ૪-૫ બાળકો છે તે, ખ્રિસ્તી સંઘમાંથી છાની રીતે અન્ન, વસ્ત્ર અને રોકડ રકમ લઈને પોતાનું જીવન વિતાવે છે. એ બહેન મળી તો એણે કહ્યું કે," 'દયાળુ ઈસુનો આસરો મળી જવાથી હવે દુઃખ દૂર થઈ ગયું છે.'

"ઘણું અંગ્રેજી ભણેલા પતિ-પત્ની મળ્યા એમણે કહ્યું : સમાજમાં ધર્મસ્થાનો, પરિવારમાં, જ્યાં જુઓ ત્યાં વિખવાદ છે, અને પંચ તો કોઈનું ભલું થતું હોય તો ય થવા નથી દેતા !" તેથી ધર્મ અને સમાજથી ઉદાસીન બનીને હું, મારી પત્ની, મારો પુત્ર અને મારી પુત્રી ઈસુખ્રિસ્તીના દેવળમાં પ્રાર્થના કરવા જઈએ છીએ, પાદરી ગુરુ પાસેથી ધર્મ સાંભળીએ છીએ. ત્યાં ખૂબ શાંતિ મળે છે. આ રીતે દેખાદેખી ધર્મ પરિવર્તનનો ભય સામે દેખાઈ રહ્યો છે.

"મારી તપાસ પ્રમાણે તો, આપણી બેદરકારીને લીધે, જૈનધર્મમાંથી આર્યસમાજમાં, સ્વામીનારાયણ ધર્મમાં, ખ્રિસ્તી ધર્મમાં, વૈષ્ણવ ધર્મમાં કેટલાય લાખ જૈનો ચાલ્યા ગયા છે. જૈનોની જે સંખ્યા બાકી બચી છે, એને જૈનધર્મમાં સ્થિર કરવાનો પ્રયત્ન નહી કરીએ તો, અત્યારે ધર્મ પરિવર્તનના સમયમાં આપણી સંખ્યા વધારે ઓછી થઈ જશે એવો ભય છે. સમાજને ફુલેલો-ફાલેલો રાખવો એમાં જ શોભા તેમ જ ધર્મ છે."



આ પરથી સમજાશે કે છતી શક્તિએ સીદાતા સાધર્મિકની ઉપેક્ષા અને તુચ્છકાર એને ધર્મમાથી અસ્થિર કરી દે છે. સમ્યગ્દર્શનનો સ્થિરીકરણ એ જરૂરી આચાર છે. એને ગુમાવીને સમ્યગ્દર્શન ટકી શકે નહિ.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૨,અંક-૧૭,તા.૧૨-૧-૧૯૭૪

## ૯૭ ધર્મના નામે સામ્યવાદની પૂર્વભૂમિકા

### (લેખાંક-૧)

આજે ધર્મ અને તત્ત્વજ્ઞાનના નામે ચાલતી કેટલીક વાતો ક્રમશઃ સામ્યવાદ તરફ તો લઈ નહિ જાય ? એ ખૂબ વિચારણીય બન્યું છે,

દેખીતું એમ લાગશે કે, 'સામ્યવાદ તો ધર્મ-ઈશ્વર-પરલોક-વગેરેમાં માનતો જ નથી. તો પછી ધર્મ વગેરેની માન્યતા પર થતી વાતોમાં સામ્યવાદ તરફનું પ્રયાણ કેમ કહેવાય ?'

પરંતુ એ જોવા જેવું છે કે સામ્યવાદ શું છે ? આ, કે ખાનગી કોઈની પણ મિલકત નહિ, કોઈ અમુક જ શ્રીમંત મોટો શ્રીમંત વગેરે રહેવો જોઈએ નહિ, બધા જ સરખા, બધાને સમાનરૂપે રોટલો-ઓટલો મળે; કોઈનીય પાસે વધુ પડતું ધન નહિ એટલે દાન-સુકૃત-પરોપકાર નહિ; સૌ મહેનત કરીને ખાય; હરામનું લે નહિ, ખાય નહિ, જીવનમાં મજા આહાર-વિષયોના યથેચ્છ રંગરાગ-ભોગમાં, તેથી કોઈ સંયમ-શીલ-સદાચાર વગેરેના બંધન નહિ; સૌને ખાનપાનાદિ સુખ મળી શકે એનો આધાર સમાજ વ્યવસ્થાના સુયોગ્ય નિર્માણ ઉપર જ છે, તેથી ઈશ્વર વગેરે તત્ત્વ કલ્પિત છે. સારાંશ સામ્યવાદમાં માત્ર ભૌતિક લીલાનું જ જીવન ઈષ્ટ છે, અને દાન-શીલ-સદાચારાદિ ધર્મ તથા ઈશ્વર પર કશી શ્રદ્ધા નથી, એની કશી માન્યતા નથી.

હવે વર્તમાનમાં જોઈએ તો શાસ્ત્રો ધર્મ અને તત્ત્વ અંગે જે રીસર્ચની વાતો ચાલે છે. સ્વતંત્ર વિચારના જે સાહિત્ય લખાય છે પ્રાચીન શાસ્ત્રોમાં પ્રતિપાદનોમાં જે અમુક યોગ્ય અમુક અસંગત વગેરે ઠરાવાય છે, ઐતિહાસિકતાના ઓઠે શાસ્ત્રકાર-મહર્ષિઓને પાછળી સદીના ઠરાવવા પ્રયત્ન થાય છે, જૈનધર્મના અમુક તત્ત્વો, સિદ્ધાન્તો તથા વિધાનોને બીજા ધર્મનું માત્ર અનુકરણ મનાવવામાં આવે છે, ઇત્યાદિ બધાનો સૂર એ દેખાય છે કે ધર્મ એટલે આચરણ નહિ પરંતુ આવા જ સાહિત્ય પ્રયત્ન. એટલા માટે તો આ વિચારસરણીના નવા વર્ગ તરફથી એમ કહેવામાં



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

આવે છે કે વિદ્યામંદિરો ખોલો, સંશોધનશાળા ખોલો, પી.એચ.ડી. કરાવો, શાસ્ત્રો આગમોના સંશોધન, તુલનાત્મક અધ્યયન, સામાજિકાદિ સ્થિતિ અધ્યયન, વગેરે અર્થે અભ્યાસ કરવો...આવા આવા માર્ગ લેવાય છે. પરંતુ ધર્મના મૂળભૂત શ્રદ્ધા અને આચાર પર કશો ભાર આપવામાં આવતો નથી; એ શ્રદ્ધા અને આચારને પોષનારા સ્થાન-સાધન વગેરે માટે કશો પ્રયત્ન કરવામાં આવતો નથી. જ્ઞાન ભંડારોની વાત કરે તે એવા સંશોધનાદિ માટે મંદિરોની વાતે કરે તે કળા અને શિલ્પની દૃષ્ટિએ. પણ ક્યાંય શ્રદ્ધા આચાર અને શુભ ભાવોનું સમર્થન પોષણ પરિવર્ધન અંગે કશો વિચાર જ નહિ.

આનું પરિણામ ? પંડિતો સાક્ષરો પાક્યા, પણ એમને શ્રદ્ધા અને ચારિત્રાચાર સાથે કશી નિસ્બત નથી, એટલે શાસ્ત્રો અને શાસ્ત્રકાર આચાર્યો સામે ચેડા કરવાની છૂટ છે, એમનું અમુક ખોટું કહેવાની સ્વતંત્રતા છે, ઉત્સૂત્ર ભાષણ કરવામાં આંચકો નથી, બલ્કે એમ કરીને ધર્મની સેવા કરી એમ મનાવવું છે !

મહાનયોગી મુનિ શ્રી આનંદઘનજી મહારાજ યોગ અને અધ્યાત્મનું સમર્થન કરનારા છતાં એમ કહે છે કે,-

**'પાપ નહિ કોઈ ઉત્સૂત્ર-ભાષણ જિસ્યો, ધર્મ નહિ કોઈ જગ સૂત્ર સરિખો.'**
**સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરખો.**

અર્થાત્ ઉત્સૂત્ર ભાષણ એટલે કે સૂત્રના શાસ્ત્રના એક પણ વચનથી વિરુદ્ધ ભાષણ કરવા જેવું જગતમાં બીજું પાપ નથી. ઉત્સૂત્ર ભાષણ એ મહાપાપ છે. હિંસા-ચોરી-દુરાચાર એ નાના પાપ, ઉત્સૂત્ર-ભાષણ એ મોટું ભયંકર પાપ. આનંદઘનજી યોગીનો આ ઉપદેશ છે, ત્યારે આજના સાક્ષરોને મન ઉત્સૂત્ર-ભાષણ એ કોઈ પાપ નથી.

વળી ધર્મ અને ચારિત્ર અંગે એ યોગીનો ઉપદેશ આ, કે 'સૂત્ર-શાસ્ત્રની પૂર્ણ વફાદારી એ ધર્મ, અને શાસ્ત્રાનુસારી ક્રિયા-આચરણ એ ચારિત્ર' ત્યારે આજના સાક્ષરોએ અને એ સાક્ષરો પર અંધ શ્રદ્ધાવાળાએ આ શ્રદ્ધા અને આ ચારિત્ર તથા એના સાધન ને સાધનાનું કશું મહત્ત્વ લેખવું નથી.

એટલે તો એના એક દાખલા તરીકે જિનમંદિરોમાં પડતા કાળને અનુલક્ષીને ભવ્યાત્માઓમાં શ્રદ્ધા ચારિત્ર ટકે ને ભવોલ્લાસ વધે એ માટે પૂર્વજોએ તીર્થંકર ભગવાનના કલ્યાણકો તથા એમના અને મહાપુરુષોના જીવન પ્રસંગોના જે ચિત્ર કરાવેલા એને હટાવી દઈ કળા અને શિલ્પના નામે કોરી દિવાલો અને કોતરણી કરવામાં આવે છે.



આવા કળા શિલ્પ અને યથેચ્છ સાહિત્ય વગેરેનું અને એની હવાનું પરિણામ એ આવીને ઊભું કે નવી પ્રજામાંથી દેવદર્શન અને અભક્ષ્યત્યાગ જેવા આચાર પણ લોપ થતા ચાલ્યા. અરે ! ધર્મના નામ હેઠળ લોકોએ આપેલા પૈસા પર નભતા વિદ્યાલય-છાત્રાલયના પણ વિદ્યાર્થીઓ એટલું સામાન્ય ધર્માચરણે ય ગુમાવી બેઠા.

ત્યારે વિચાર થઈ પડે છે કે આ બધું સામ્યવાદની પૂર્વભૂમિકાનું તાંડવ નહિ, તો બીજું શું છે ?

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૨,અંક-૧૮,તા.૧૯-૧-૧૯૭૪

## (૯૮) (લેખાંક-૨)

આજના ચાલી પડેલા ધર્મસંશોધન શાસ્ત્રસંશોધન, વિજ્ઞાન, ઐતિહાસિકતા, પૂરાતત્ત્વ વગેરેએ શ્રદ્ધા તત્ત્વ અને આચારોના મહત્ત્વને વિસારે પાડી દીધું છે એ એના પ્રણેતાના તથા એમાં આકર્ષાતાના જીવન બોલ, અને લખાણો પરથી દેખાય છે.

જૈનધર્મ મોક્ષમાર્ગ તરીકે પહેલું સમ્યગ્દર્શન આવશ્યક બતાવે છે, ને એમાં વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર દેવનાં વચન પર તથા એ વચને કહેલા તત્ત્વો પર સર્વે સર્વા શ્રદ્ધા કરવાની હોય છે. અજ્ઞ જીવ માટે આત્મોદ્ધારનો એજ ઉપાય છે. બાળ જીવ અનુભવી પરની શ્રદ્ધા વિના આગળ શી રીતે વધી શકે ? દુનિયામાં કયું બાળક માતા પર કે માતાના અભાવે બીજા પર શ્રદ્ધા રાખ્યા વિના કેળવણી પામી શકે છે ? શાળામાં વિદ્યાર્થી પણ શિક્ષક પર પહેલા શ્રદ્ધા રાખે તો જ વિદ્યાભ્યાસમાં આગળ વધી શકે છે. તો પછી ધર્મના વિષયમાં એના પ્રણેતા વીતરાગ તીર્થંકર ભગવાન અને વિવેચનકાર ભવભીરુ આચાર્ય મહારાજો પર શ્રદ્ધા કેળવ્યા વિના ધર્મનો બિનઅનુભવી બાળ જીવ શી રીતે આગળ વધી શકે ? અરે ! ધર્મમાં પ્રવેશ પણ ક્યાંથી પામે ? માટે એ શ્રદ્ધા તો પહેલી જોઈએ.

આ અતિ આવશ્યક શ્રદ્ધા આધુનિક સાક્ષરો પંડિતો અને એમને આગળ કરનારા ગૃહસ્થો ક્યાં મહત્ત્વ આપે છે ? મહત્ત્વ આપ્યું પાલવે એમ નથી; કેમકે એ સાક્ષરોને શાસ્ત્ર વિરુદ્ધ પણ લખવામાં આંચકો નથી. એવાના લેખથી શ્રદ્ધા વિહોણું જ્ઞાન થાય. પરંતુ શ્રદ્ધા વિનાના જ્ઞાનની જૈનધર્મમાં કશી કિંમત નથી. એટલે એવા જ્ઞાનના પ્રચાર પર જૈનધર્મની શી સેવા ?

ઊલટું સાક્ષરોની શાસ્ત્રીય વાત પર શંકા કરવાની અને શાસ્ત્રોમાં અસંગતા-કલ્પિતતા વગેરે બતાવવાની કુટેવથી નવી પ્રજા એજ શીખી શ્રદ્ધાતત્ત્વ વિહોણી


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

થઈ રહી છે ને થશે. એનું પરિણામ એ આવીને ઊભું રહેવાનું કે અશ્રદ્ધાના ચેપથી નવી પ્રજા સાક્ષરોની શાસ્ત્રાનુસારી વાત પર પણ શ્રદ્ધા નહિ મૂકે. ક્રમશઃ ધર્મવસ્તુને જ હમ્બગ ગણી સામ્યવાદને આવકારશે.

સાક્ષરો શ્રદ્ધાની જેમ આચારને પણ મહત્ત્વ આપતા નથી. ઊલટું ધર્મના આચારોને સાંપ્રદાયિક તરીકે નવાજીને ઉતારી પાડે છે. આનું પરિણામ આજે પ્રત્યક્ષ દેખાય છે. જેમકે કાનજીસ્વામીના મતમાં ફસેલાઓ ધર્મના પવિત્ર આચારો ગુમાવે છે, બલ્કે ત્યાં સુધી જાણવા મળ્યું કે એક ભાઈ એ મતમાં આગળ વધતાં ઠેઠ પોતાની દીકરી સાથેના વ્યભિચાર સુધી પહોંચી ગયા ! એમ સમજીને કે 'એ તો પુદ્ગલની ક્રિયા, એને આત્મા સાથે કાંઈ નિસ્બત નહિ;' એવી રીતે આધુનિક સાક્ષરોના આચારને ઉવેખવા-અવગણવાની રીતરસમથી નવી પ્રજા અનાચારમગ્ન અને ધર્મના આચારહીન બની રહી છે. એનામાં માંસાહાર સુધીના અભક્ષ્ય ભક્ષણ, કુંવારા છોકરા-છોકરીઓના અતિ પરિચય અને અશ્લીલ વ્યવહાર, બિભત્સ ટી.વી., સિનેમાદર્શન, હોટલો-રેસ્ટોરન્ટોમાં ભ્રમણ, કેબરે ડાન્સદર્શન, નગ્નચિત્ર સંગ્રહ, ઉદ્ભટ વેશભૂષા, બાપના ખીસામાંથી ઉઠાંતરી યા બાપ પર તકાદો, ધરાર જૂઠ, વાતભેગી શાળા-કોલેજ પર હડતાલ...વગેરે વગેરે અનાચારો આજે ધૂમ ફેલાઈ રહ્યા છે. ત્યારે ધર્મના આચારોમાં દેવદર્શન-પૂજન-સાધુવંદન-સમાગમ, નવકારશી-પચ્ચક્ખાણ, રાત્રિભોજન ત્યાગ, માતાપિતાને પ્રણામ અને એમનો વિનય પર્વતિથિનું અંશે પાલન, સામાયિક પ્રતિક્રમણ વગેરે આજે લગભગ અદશ્ય થતા જાય છે.

આજના સાક્ષરોને આ આચારના લોપ તથા ઉક્ત અનાચારોના ધૂમ પ્રચાર માટે ક્યાં દાઝે છે ? દાઝતું હોય તો એની વિરુદ્ધમાં અને આચારની તરફેણમાં જોર શોરથી લખે નહિ ? પરંતુ એમને આચારમાં ધર્મ જ દેખાતો નથી, તેથી શાના લખે ? ઊલટું એવું લખે છે કે જેથી એના ભોળા વાંચકો માત્ર વાતોની સફાઈ શીખે અને આચારલોપ તથા વિવિધ અનાચારોને જરાય ભયંકર ન સમજે.

૨૫૦૦ મા વીરનિર્વાણ વર્ષની રાષ્ટ્રિય ઉજવણીનો કાર્યક્રમ પણ જોતા દેખાશે કે એમાં શ્રદ્ધા અને આચાર પર ક્યાં મહત્ત્વ આપવામાં આવ્યું છે ? બલ્કે એમાં એવા આયોજનો છે કે જેથી નવા માણસોની દૃષ્ટિ એ શ્રદ્ધા અને આચારને બદલે ભળતી વસ્તુ પર જ સ્થાપિત થઈ જાય.

ત્યારે જૈનધર્મના હિતચિંતકોએ તો આ વિચારવા જેવું છે કે આ આધુનિક સાક્ષરોની રીતરસમો પ્રજાને ક્યાં તાણી જશે ? સામ્યવાદને જે કરવું છે,- દેવ ગુરુધર્મની શ્રદ્ધાનો સર્વથા લોપ અને ધર્મના આચારના લોપ સાથે અનાચારોની મુકત વિહારમાં ખતવણી, એ પરિણામ ઉપર ? કે ધર્મશ્રદ્ધા અને પવિત્ર આચારોના પાલન ઉપર ?



આજે ક્રિશ્ચિયાનિટી ભલે પોતાના અનુયાયીઓની સંખ્યા પર ગૌરવ લેતી હોય, છતાં આજના અમેરિકા-વિલાયતના યુવાનો-કુમારોના જીવન ઢંગ જોતા દેખાય છે કે શ્રદ્ધા અને આચારના અભાવે, સામ્યવાદ તરફ એ પગરણ માંડી રહ્યા છે.

વીરનિર્વાણના ૨૫૦૦ વર્ષ પૂર્ણ થવાનું નિમિત્ત લઈને શ્રી શ્રમણ સંઘ અને મોવડી શ્રાવકો જન-સમાજને રાષ્ટ્રિય કાર્યક્રમના અનિષ્ટોથી બચાવી જૈન પ્રજામાં શ્રદ્ધા અને આચારોનું પોષણ થાય, વૃદ્ધિ અને જાહોજલાલી થાય, તથા જૈનેતર પ્રજાના ત્યાગ-સંયમ-દાન-તપ-પરમાત્મભક્તિ-શીલવ્રત-નિયમ-શ્રદ્ધા આદિમય અને વિશ્વમાં અનન્ય જીવ વિજ્ઞાન-સૂક્ષ્મ અહિંસા-વિરતિમહત્ત્વ, કર્મ વિચાર સ્યાદ્વાદ સિદ્ધાન્તાદિ તેમજ તીર્થંકરદેવો આદિના લોકોત્તમ ચરિત્ર અને તીર્થ પર્વ આદિની અનન્ય અલભ્ય વિશિષ્ટ આરાધનામય જૈનધર્મની પ્રભાવના થાય, એ માટે ઘણું ઘણું કરી છૂટે, એ અત્યન્ત જરૂરી છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૨,અંક-૨૦,તા.૨-૨-૧૯૭૪

## ૯૯ રતિ-અરતિની ખતરનાકતા

### (લેખાંક -૧)

રતિ એટલે આનંદ હરખ, અરતિ એટલે ઉદ્વેગ. જીવમાં ડગલે ને પગલે ઈષ્ટ-મનગમતું-અનુકૂળ બની આવ્યું કે રતિ-હરખ થાય છે. અનિષ્ટ-અણગમતુ-પ્રતિકૂળ થયું કે ઉદ્વેગ દુઃખ થાય છે. પરંતુ કર્મસત્તાની દૃષ્ટિમાં આ ગુનો છે, એમાં કેવળ આર્તધ્યાન દુર્ધ્યાન પોષાય છે. આર્તધ્યાનનું ફળ તિર્યંચગતિને યોગ્ય અશુભ કર્મના બંધ છે.

અનુકૂળમાં રતિ અને પ્રતિકૂળમાં અરતિ થાય છે. ત્યાં જો કલ્પના ફેરવાય, દા.ત. **પ્રતિકૂળ એ 'પરિષહરૂપે કર્મનિર્જરામાં સહાયક છે.'** એમ માની પ્રતિકૂળને ઈષ્ટ કરવામાં આવે અને અનુકૂળને **'રાગાદિવર્ધક છે,'** એમ માની અનિષ્ટ લેખવામાં આવે તો રતિ-અરતિથી બચી જવાય. રતિ-અરતિ એ પ્રમાદ છે. તો દિનરાત જીવને આ પ્રમાદ કેટલા ?

ઈષ્ટ અનિષ્ટની કલ્પના મારે છે. મોટી નડતર જ આ છે કે નાદાન જીવે લોભવશ અતિ તુચ્છ વસ્તુથી માંડીને મોટી કિંમતી વસ્તુમાં ઈષ્ટ-અનિષ્ટની કલ્પના કરવાનો જાણે સ્વભાવ બનાવી દીધો છે ! બસ એના પર પછી વસ્તુસંયોગ થતાં, 'આ ઠીક, ને આ ઠીક નહિ' એવું ઝટ મનને થાય છે. એમાં ઠીક પડ્યું તો જીવને



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

હરખ હરખ ! ક્ષણભર 'કેમ જાણે જીવના બધાં દુઃખ ભય અને ભવની ભીડ ભાંગી ગઈ !'- એવી હાશ થાય છે ! વાતમાં કશો માલ ન હોય, દાંતમાં કણ ખૂચતું હતુ; તણખલાની પોચી ૨-૩ સળીથી ખોતરવા છતાં નહોતું નીકળતું, સળી ભાંગી જતી. એમાં જરા એવી મજબૂત ન ભાંગી જાય એવી સળેકડી મળી ને એનાથી સહેજે ખોતરતા કણું નીકળી ગયું. ત્યાં 'આ સળી ઠીક મળી !' એવો તણખલા પર ચિત્તને હર્ષ, રતિ આનંદ થાય છે ! ઈષ્ટ-અનિષ્ટની કલ્પના કયાં જઈ બેઠી ? મજબૂત અને પોચી તુચ્છ તણખલાની સળી ઉપર !

પ્ર.- પણ અવસરે એની ય જરૂર તો પડે છે ને ?

ઉ.- એટલે શું ઈષ્ટ-અનિષ્ટની કલ્પના ન કરાય તો એ કામ ન આપે ? કણું નીકળી જવા પાછળ હરખ ન અનુભવાય તો શું કણું પાછું દાતમાં પેસી જાય ? જરૂરિયાત વસ્તુ જુદી છે, અને એમાં રાચવું જુદું છે. અવસરે અવસરે વસ્તુનો ઉપયોગ થાય, પણ એમાં ઈષ્ટ-અનિષ્ટ કલ્પનાથી રાજી રાજી કે વિહ્વળ થવાની વસ્તુ તો મફતિયા છે. તુચ્છમાં રાજી-નારાજી તો **અનંત શક્તિના ધણી આત્માની એક તુચ્છ જડ વસ્તુ આગળ નિઃસત્ત્વતા પોષાય છે !**

**સત્ત્વશીલતા સાત્ત્વિકતા એ, કે ઉદાસીનભાવે સ્વસ્થ ચિત્તે આવ્યું નભાવી લેવું.**

ઈષ્ટ-અનિષ્ટની કલ્પના કેમ મીટે ? આમ, કે 'બધુ બરાબર છે' કરીને જ ચાલવાનું.

નહિતર તુચ્છ જડ વસ્તુ જીવને હરખ-વિહ્વળતામાં નચાવ્યા કરશે. 'કામ નથી થતું મોળું થાય એ પણ બરાબર ? હા, એવો જ કર્મ સંજોગ હશે; તે એટલો કર્મકચરો દૂર થાય છે, અને જીવને એમાં વિહ્વળ ન થવાનો અને ખડતલ બનવાનો અભ્યાસ મળે છે. સત્ત્વ કેળવાય છે. નહિતર આ જીવનમાં જે સત્ત્વનો વિકાસ કરવાની ખરેખર મહાન તક છે, એ તક આવા પ્રતિકૂળ સંજોગમાં જ સફળ કરી શકાય. એવા સંજોગમાં એ તકને સફળ ન કરી ગુમાવતા સત્ત્વ ખીલવવાનો અભ્યાસ બીજી શી રીતે થવાનો હતો ?'

એ તો સત્ત્વનો વિકાસ આ જ રીતે કે,-

(૧) અનિષ્ટ લાગતા સંયોગમાં અને મળતી નિષ્ફળતામાં જરાય વિહ્વળ ન થતાં ચિત્તને સ્વસ્થ-શાંત બેપરવા રાખીએ;

(૨) મનગમતા ઈષ્ટ સંયોગમાં અને ધારી સફળતામાં હરખાઈ ન ઉઠીને કિન્તુ એમાં ય ચિત્ત એની બહુ પરવા કર્યા વિના શાંત-સમતોલ રાખીએ.



તુચ્છમાં ન હરખાઈ જવા મનને આવા આવા હિસાબ હોય, કે,-

(i) 'જે ઉચ્ચ આત્મહિત સિદ્ધ કરવા માટેનો જ આ ભવ છે, એ ઉચ્ચ આત્મહિતની આગળ આ વળી કઈ મહત્ત્વની ચીજ છે તે હરખાઈ ઉઠું ?'

(ii) 'આનાથી જન્મ-મરણના કયા ભો ભાગ્યા ? કઈ સદ્ગતિ નક્કી થઈ ?'

(iii) 'કયા મોટા પુણ્યાનુબંધી પુણ્યની કમાઈ થઈ ગઈ ?'

(iv) 'કેટલા ભવ ઓછા થયા ?'

(v) 'કયું પરમાત્માની નિકટ અવાયું ?' તેમ

**કદાચ માનેલા ઈષ્ટને બદલે અનિષ્ટ આવ્યું તો ય,**

(i) એ અનિષ્ટે શી એવી જન્મ-મરણ દુર્ગતિને અને ભવની પરંપરા વધારી દીધી ? (ii) કે કયું મોટું પુણ્યોપાર્જન લૂંટી લીધું ! જીવ નાહકનો હાથે કરીને શા માટે મરતો હશે ?

જો આપણે સન્માર્ગ પર અખંડ ધારાએ ચાલ્યે જઈએ તો ભલે અનિષ્ટ સંયોગ પણ આવે, તો ય 'બધું બરાબર છે' કરીને વિહ્વળતા અટકાવી શકીએ છીએ. પેલા શેઠનો પ્રસંગ આવે છે કે ડેલીનું બારણું ભાગ્યું તો ય 'જે થાય તે સારા માટે,' 'માંહી માંદલી ભેંસ ઘુસી જઈને મરી, તો ય તે સારા માટે !'

જે થાય તે સારા માટે શાથી ?

પછી અંધારે ચોર ઘુસ્યા, ભેંસના મડદા પર પડી ગભરાઈને પાછળ કોટવાળના ભયથી થેલીઓ મૂકી ભાગ્યા ! તે સવારે શેઠને એ માલ મળ્યો ! એથી સારા માટે નહિ, પરંતુ પશુના ભવ કરતાં સારો ઉચ્ચ માનવભવ મળ્યો છે તે 'જે થાય તે સારા માટે' કરવાથી, યાને 'બધું બરાબર' કરવાથી, (૧) ચિત્તના સંકલેશમય વિકલ્પો ટાળી શકાય છે માટે; (૨) એ ટાળવા દ્વારા જીવન સફળ થાય છે માટે; અને (૩) સત્ત્વ ખીલતું જાય છે માટે. 'જે થાય તે સારા માટે' એ સૂત્ર કામનું છે. એમ જ સત્ત્વ ખીલવતા અને સમાધિ સ્વસ્થતા વધારતા વધારતા એક દિ' મહાસત્ત્વ પ્રગટ થઈ અપૂર્વકરણ ગુણસ્થાનકની મહાસમાધિ પ્રાપ્ત થશે. એથી ક્ષપક શ્રેણિ માંડી ઘોર ઘનઘાતિ કર્મોનો ક્ષય કરી શકાશે, અને કેવળજ્ઞાન મળશે !

સત્ત્વની કેળવણી વિના તો મોટા પરિસહના પ્રસંગમાં તો સ્વસ્થતા-સમાધિ ડૂલ જ સમજો. ત્યાં તો ભારે વિહ્વળતા ! અને પછી વિહ્વળતામાં જાણો છો ખરા કે કેવા કષાય ઊઠે છે ? કેવી લેશ્યા બગડે છે ? હૈયાના ભાવ કેવા કલુષિત



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

થાય છે ? અરતિ-વિહ્વળતા-ઉદ્વેગ કરવામાં તો જીવ કદાચ રૌદ્રધ્યાન પર ચઢી જઈ નરકના ય ભાતા ભેગા કરે છે ! માટે દુર્ધ્યાનની પરિસ્થિતિ ઊભી ન થાય એ સારુ નીચા પગથિયેથી જ મામુલી મામુલી બાબતમાં 'બધું બરાબર છે' કરી અરતિ અટકાવવા સત્ત્વ ખીલવવું જોઈએ.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૨,અંક-૨૧,તા.૯-૨-૧૯૭૪

## (૧૦૦) (લેખાંક-૨)

ગયા લેખમાં એ જોયું કે અરતિ યાને ઉદ્વેગ એ જીવને કેવો ચિત્તસંકલેશમાં ડૂબાડી નિઃસત્ત્વ બનાવી દે છે, અને એની અરતિ ટાળવા માટે 'જે થાય એ સારા માટે' એ સૂત્ર કેવું ઉપયોગી બને છે. બસ, અરતિની જેમ રતિ પણ ટાળવા જેવી છે. રતિ-અરતિ બંને પુદ્‌ગલની માયાથી ઊઠે છે, અને જીવને જડ પુદ્‌ગલની માયા ભવની-સંસારની કેદમાં બાંધી રાખે છે. અહીં એ પ્રશ્ન થાય,-

પ્ર.-અરતિ-ઉદ્વેગમાં તો સમજાય છે કે ચિત્ત બગડીને રૌદ્રધ્યાન અને કાળી લેશ્યા પર ચડી જવા પણ સંભવ છે; કિન્તુ રતિ-હરખમાં શો એવો અનર્થ છે ?

ઉ.- (૧) રતિ-આનંદ-હરખ એ વળી જીવને એવો જડાસક્ત ને જડમાં અંધ બનાવે છે કે ત્યાં વળી જીવ ઈષ્ટ સંયોગને જ બહુ માનતો થઈ જવાથી આત્મહિતકારી વસ્તુ પર એવી રુચિ નહિ જમાવી શકે.

(૨) કદાચ 'પેલી જડાસક્તિમાં ખરાબી થાય છે એ માનવાનું ય ભૂલી જશે ! અને તેથી તત્ત્વશ્રદ્ધા-સમ્યક્ત્વ ગુમાવવાનું સરળ બનશે.'

(૩) મનગમતું મળી જવામાં હરખ હરખ છે, એટલે એ મેળવી આપનારા બહુ વહાલા અને એમાં આડે આવનાર દુશ્મન જેવા લાગશે. પેલા વહાલા એવા લાગશે કે જેવા દેવ-ગુરુ નહિ લાગે !

(૪) જુઓ છો ને કે પાંચ પૈસા રળાવી આપનાર શેઠ કેવા વહાલા લાગે છે ! પછી એ જો સાધુઓની સંઘની અને ધર્મની નિંદા કરતા હશે, તો એમાં ટાપસી પૂરશે કે 'હા શેઠ ! માળું એવું જ છે' શું છે આ ? માનેલા ઈષ્ટની પ્રાપ્તિના બહુ હરખનું પરિણામ,- દેવ-ગુરુ-સંઘ-ધર્મની નિંદામાં અનુમોદના.

અરે ! જરાક કોકે ચાહનો પ્યાલો ધર્યો ને ખુશી થયા તો સમજી રાખો કે પછી પેલો જે નિંદા-પ્રકરણ કાઢે એમાં મતું માર્યું જ છે ! અને આજે નિંદાની ક્યાં દુર્લભતા છે ? સૌને બીજાનું ઘસાતું બોલવા જોઈએ છે. જરાક નવરા પડ્યા ને કોઈક સાંભળનાર મળી ગયો એટલે નિંદાનો બખાળો નીકળ્યો જ છે ! એવા



વાતાવરણમાં રતિમાં તણાનારો કેમ નહિ ઘસડાય ?

(૫) એક સારી પત્ની કે દીકરો આવી મલ્યો એના પર જો રતિ કરાતી હોય, રાજી રાજી થવાતું હોય છે, તો વૈરાગ્યના કેવા ફાંફાં હોય છે ?

(૬) એના કહેવા મુજબ દાનાદિધર્મ કેવો બાજુએ મુકાય છે ?

(૭) મનગમતી પત્ની પુત્ર-વેપાર આદિ મળ્યાના હરખ-હરખમાં ગુરુની ધોધમાર સંવેગભરી દેશના પણ હૈયે ન અડવા દેવાની કેવી કઠોરતા-નઠોરતા હોય છે ?

(૮) અરે ! રતિ કેવી ગોઝારી છે કે દા.ત. કોઈ એક ભગવાનની મૂર્તિ કરતા બીજા ભગવાનની મૂર્તિ મળવા ઉપર ખોટી રતિ કરી તો ત્યાં ય મોહ છે. કેમકે 'પેલા પ્રતિમાજી બરાબર નહિ; આ સરસ પૂજવા મળ્યા !' એમ જો હરખાય તો સંભવ છે કે જો પછી ત્યાં કોઈ વાચાલ એવો મળી ગયો કે જે બોલતો હોય કે 'જુઓ ને પેલા પ્રતિમા જી ! છે એમાં કાંઈ માલ ? કેવા કોઈ અણઘડ કારીગરે ઘડ્યા હશે ? ઘડનારો શિલ્પી હશે કે હજામ ? અને એવા પ્રતિમાજીની અંજન-શલાકા પ્રતિષ્ઠા કરનાર આચાર્ય પણ કેવા ?...' બસ, ચાલ્યું. તો એ પ્રતિમાની એટલે કે પ્રભુની અવગણના અને આચાર્યની નિંદામાં મતું મારવાનું થશે ! કહો, ક્યાં પહોંચ્યો ? વીતરાગની સામે ઊભો છતાં બિચારો રાગ-દ્વેષની આંધીમાં સપડાયો ! ગુરુની નિંદા અને પ્રતિમાજી પર અરુચિ પર પહોંચ્યો ! શાથી ? બે પ્રતિમાજીની તુલના કરી એકની ઉપર અરતિ ને બીજાની ઉપર ખોટી રતિમાં પડ્યો માટે.

ત્યારે પ્રતિમાજી પર શું વિચારવું જોઈએ ? શિલ્પ કે વીતરાગતા ? વિચારવું તો એ જોઈતું હતું કે ભલા રે જીવ ! શિલ્પની શું માડે છે ? પ્રતિમા બન્ને વીતરાગની છે. પ્રતિમા પર વીતરાગ ભગવાનની સ્થાપના જ જો; શિલ્પના ટકા માંડવા રહેવા દે. જોવાનું એટલું જ કે 'જિણપડિમા જિણસારખી' એ ન્યાયે આ તો ખરેખર દેવાધિદેવ વીતરાગ ભગવાન છે. એમના અંગ અંગ પર કેવી સરસ વીતરાગતા શોભી રહી છે ! કેવા ઉત્તમ આ પ્રભુના આત્મ-પરાક્રમ ! કે દેવતાઈ સન્માન-સેવા મળવા છતાં પણ જરાય રાગ કર્યો નહિ રતિ ન કરી, રાગ-દ્વેષ ફગાવી વીતરાગ બન્યા ! શાતા પૂછનાર ઈન્દ્ર પર રાજીપો નહિ, ને ભયંકર જુલ્મ કરનાર સંગમ પર અરુચિ નહિ ! આ બધું જોવાને બદલે શા માટે પ્રતિમાના ઘાટ પર અટકી જવું ? એની પાછળ જે વીતરાગની સ્થાપના છે એમની વીતરાગતા. એમના એ પ્રાપ્ત કરવાના ભગીરથ પુરુષાર્થ અને એ વીતરાગ પ્રભુના અનંત ઉપકાર જ મનમાં ન લાવીએ ? પછી શિલ્પની ખોટી તુલના અને સુઘડ શિલ્પ પર



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

રાજીપો કરવા દ્વારા બીજા ઓછી કારીગરીવાળા પ્રતિમાજી પર અરુચિ કરવાનું પાપ તો ન બને.

(૯) મોટી વાત આ છે કે રતિ કરવામાં જીવ સત્ત્વને ધક્કો પહોંચાડે છે, નિઃસત્ત્વ બને છે. દુન્યવી સુખ-સગવડ મળી, ઇન્દ્રિયને અનુકૂળ વિષય મળ્યો, ત્યાં સત્ત્વ એ ઊભું રાખવાનું હતું કે, 'આનું હું બહુ મહત્ત્વ ન માનું. આ કયું મારા આત્માનું હિત સાધે છે ? આ મળ્યું એ તો એટલું મારું પુણ્ય વટાવાઈ ગયું ! ને વધારામાં એ મેળવતા જે આરંભસમારંભાદિ પાપ કર્યા, એ રાખતાં જે પરિગ્રહ પાપ, રાગપાપ, લોભપાપ પોષાશે, તથા ભોગવતા રાગ-અવિરતિ-અશુભયોગના પાપ પોષાશે, એથી આત્મામાં એના કુસંસ્કાર અને અશુભ કર્મ બંધાશે. તેથી એ પુણ્યનાશ-પાપાગમન જોતા આ સુખ-સગવડ મળવા ભોગવવામાં શો રાજીપો શી રતિ માણવા જેવી છે ? એ તો પુદ્‌ગલ પર નાચવા જેવું છે. જડ પુદ્‌ગલ મને નચાવે એ મારી નિઃસત્ત્વના છે. માટે એ રતિ કરી નિઃસત્ત્વ ન બનું, સત્ત્વ હોય એ વિષયોમાં લહેવાઈ ન જાય. સારો માણસ કોઈને ત્યાં પકવાન્ન જમતા હરખ હરખ નથી દેખાડતો. એટલું એ સત્ત્વ ગણાય. હરખ-રતિ દેખાડવામાં સત્ત્વ હણાય.

સારાંશ, જડ પર રતિ-હરખ હરખ માણવામાં આત્મહિત પર રુચિ ગુમાવાય, જડની પારિણામિક ખરાબી ભૂલાય, તત્ત્વશ્રદ્ધા-સમ્યક્ત્વ જોખમાય, દેવ-ગુરુ-ધર્મ કરતા રતિપાત્ર વધારે વહાલા લાગવા જાય, દેવાદિની પણ નિંદામાં તણાવાનું થાય. વૈરાગ્યના ફાંફા, પ્રતિમા પર અવગણના, દાનાદિ ધર્મ પર અરુચિ, વગેરે થવું સંભવે, સત્ત્વને ધક્કો પહોંચી નિઃસત્ત્વતા પોષાય...વગેરે ખરાબીઓ છે, તેથી સાત્ત્વિક બની રતિને અટકાવી એમ અરતિ પણ ન કરવી, એ પૂર્વે વિચાર્યું છે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૨,અંક-૨૨,તા.૧૬-૨-૧૯૭૪

## (૧૦૧) ચક્રવર્તી મુનિમાંથી ત્યાગની પ્રેરણા

ઋષભદેવ અને પાર્શ્વનાથ ભગવાન પૂર્વના ત્રીજા ભવમાં ચક્રવર્તી હતા, એમણે તેમજ સગર ચક્રવર્તી સનત્કુમાર ચક્રવર્તી વગેરે ચક્રવર્તીઓએ અવસર મળતાં સંસારનો ક્યાસ કાઢી લીધો કે 'સંસાર કેવો ? સારભૂત કે અસાર ? ત્યાજ્ય કે ઉપાદેય ? જીવનના અંતે શું ? મૃત્યુ બાદ આત્માની સાથે શું લઈ જવું



રહે છે ? સુસંસ્કારની સમૃદ્ધિ કે કુસંસ્કારના ઉકરડા ? ગુણવૈભવ કે દોષોના ઢેર ? સુકૃત-આરોગ્ય કે દુષ્કૃત્ય રોગો ?' આનો વિવેક કરી, યથાર્થ તારવણી કાઢી સંસારના કામ-ભોગોથી અત્યંત નિર્વેદ-ઉદ્વેગ પામી ગયા; અસત્‌ને ત્યજી સત્‌ને વળગવા તૈયાર થઈ ગયા.

અંતરમાં કંઈક અંશે પણ જાગતા માણસને ને વિવેક ધરનારને એવું કંઈક નિમિત્ત મળતાં આ વિવેકનું સ્ફુરણ થઈ આવે છે, ને અસાર ભોગ-વૈભવમાંથી ઊભા થઈ જાય છે. મોટા ચક્રવર્તીઓએ પણ એમજ ચક્રવર્તીપણાની ઠકુરાઈ મૂકી.

**જીવ જ્યારે આત્માના ઉત્થાનનો પુરુષાર્થ ફોરવે ત્યારે એ પ્રચંડ આત્મશક્તિ આગળ દુન્યવી પ્રલોભક સામગ્રીની શી વિસાત કે એ એમને લોભાવી રાખે ?**

**જેને આત્માની જ એટલે કે સ્વની જ લગન લાગી, એને તદ્દન પર એવા જડની શી પરવા ?** એ ત્યજી દેતાં શો આંચકો આવે ? ચક્રવર્તીઓએ ચૌદ રત્ન નવનિધાન છ ખંડ વગેરે તમામ છોડી દીધું.

ચક્રવર્તીને મળેલા ૧૪ રત્ન એટલે સ્ત્રીરત્ન, દંડરત્ન, સેનાપતિરત્ન વગેરે શ્રેષ્ઠ કોટિની વસ્તુઓ એમાં જડ, ચેતન બન્ને હોય. સ્ત્રીરત્નનું રૂપ-લાવણ્ય-યુવાની-સુકોમળતાદિ જગતભરની સ્ત્રીઓના રૂપાદિ કરતાં કેઈગુણા શ્રેષ્ઠ !...દંડરત્ન એટલે દા.ત. જોજનો સુધીની ખાઈ એ પળવારમાં ખોદી શકે...ચક્રરત્ન એટલે ગમે તેવા દુશ્મનનું માથું પળવારમાં છેદી નાખે. ચર્મરત્ન વગેરે એટલે દા.ત. મૂશળધાર વરસાદ વખતે જો એ વિસ્તારી મૂક્યું હોય તો બાર જોજનની જમીન ઢાંકી દે. એના પર ચક્રવર્તીની સેના બેસી જાય. એના પર માથે છત્ર થઈ જાય તે ઉપરથી નીચેથી એક બિંદુએ ભીંજાવાની વાત નહિ...સેનાપતિરત્ન એવો કે ભલભલા શત્રુને મહાત કરી આવે.

ત્યારે ચક્રવર્તીને નવનિધિ એટલે વિવિધ સંપત્તિનો જાણે પાતાળકૂવા !... ઉપરાંત છ ખંડ એટલે કે ૩૨૦૦૦ દેશ, ૯૬ કરોડ ગામ ઉપર સમ્રાટ રાજેસરીપણું ! આજ પ્રમાણે અતિ વિશાળ લશ્કર ! ૮૪ લાખ તો ગજદળ, ૮૪ લાખ અશ્વદળ, ૮૪ લાખ રથદળ, ૯૬ કરોડ પાયદળ ! એમ પરિવારમાં ૧ લાખ ૯૨ હજાર સ્ત્રીઓનું અંતેપુર ! એ પ્રમાણે સગાવહાલા, દાસ-દાસીઓ...!

બહુ પુણ્યે મળેલી આ બધી એક ઈન્દ્રના જેવી ભવ્ય રાજ્યસમૃદ્ધિ અને એના ભોગવિલાસ ચક્રવર્તીઓએ વિવેક અને વૈરાગ્ય વધતાં આત્મોત્થાનનો પ્રચંડ પુરુષાર્થ ફોરવીને કાચી સેકન્ડમાં એક તણખલાની જેમ છોડી દીધા અને ચારિત્ર-મુનિદીક્ષા લઈ લીધી !



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

માણસને વિચાર જોઈએ કે 'ચક્રવર્તીના આ ઠાઠ જોતાં મને તે શું એવું મળ્યું છે, કેવું અને કેટલું મળ્યું છે, તે એ જોવા અને સાચવવા-ભોગવવામાંથી એ ઠીકરા ચાટવામાંથી ઊંચો જ નથી આવતો ? (૧) આખી જિંદગી એમાં જ વહી જાય અને જિંદગીના છેડા સુધી પાપાચરણ ન મૂકાય એનો હૈયે રંજ-ખેદ પણ નહિ ? (૨) અરે ! અડધા કે ચોથા ભાગના પણ પાપો મૂકવાની હોંશ નથી થતી ? (૩) અરે ! સેવવા પડતા વાણી-વિચાર-વર્તાવના પાપો માટે હૈયે રુદન અને મનમાં એના ભયંકર વિપાકની ચિંતા ય નહિ ? ક્યાં એ ચક્રવર્તીના વૈભવ અને ભોગસાધનો ? ને ક્યાં મારા કે જે એના ૧૦૦ મા ૧૦૦૦ મા લાખમાં ભાગે નહિ ? છતાં એ પળવારમાં સમસ્ત છોડી નિષ્પાપ અહિંસક ચારિત્રજીવન તરફ ઢળે, ને હું પાપભર્યું જીવન પકડી રાખી બેસી રહું ? સર્વત્યાગ ન આવે ત્યાં સુધી પાપત્યાગરૂપ બને તેટલા સામાયિક પણ ન કરું ? કદાચ પ્રશ્ન થાય,

પ્ર.- ચક્રવર્તીએ તો ઘણું ભોગવી લીધું એટલે મન ધરાઈ જાય ને ?

ઉ.- તો એનો અર્થ તો એ કે એના કરતાં ઓછી સામગ્રીમાં જીંદગીના છેડા સુધી ધરાવાનું નહિ કરાય. તો પછી છેડે એ અ-ધરપત અ-તૃપ્તિ લઈને કયાં જવાનું થશે ? જયાં જવાનું થશે ત્યાં એવી ગોઝારી અ-તૃપ્તિવશ કેવી દુર્દશા ? ત્યાં પછી ધરખમ ઊભેલી અતૃપ્તિના હિસાબે ત્યાગનું સ્વપ્નું ય દેખવા મળે ? ને એ નહિ એટલે કેવું પાપિષ્ઠ જીવન મળે ? કઈ બુદ્ધિ પર આ ગણિત મંડાય છે કે, 'ઘણું ભોગવી લઈએ એટલે મન ધરાઈ જાય ?' એમ જો ધરાતું હોત તો આપણા જીવે દેવલોકમાં કયાં ઓછું જોયું છે ? અહીં ચક્રવર્તીને તો શું આયુષ્ય અને કઈ સ્ત્રીઓ ? વૈમાનિકના એક દેવભવમાં કોટિ કોટિ પલ્યોપમોના આયુષ્યમાં લાખો ક્રોડો નવનવી દેવાંગનાઓના ભોગ મળ્યા ! છતાં શું ત્યાંથી અહીં તૃપ્તિ ધરપત લઈને આવ્યા ? ના, ઊલટું ત્યાં જેની સૂગ હતી એવા ગલિચ ગંદા ભોગસાધનોમાં અહીં રસ આવે છે ! ને એ વર્ષો ભોગવ્યા છતાં રસ ઊભો ?

માટે આ ગણિત જ ખોટું કે, 'ઘણું ભોગવ્યાથી તૃપ્તિ થાય, જીવ ધરાઈ જાય,' તૃપ્તિ-ધરામણ તો ત્યાગ કરવાથી જ, તપસ્યા કરવાથી જ થાય. ત્યાગ અને તપ કરવાથી જ ખાવાના અભખરા જે ઓછા થાય છે એ ખા-ખા કરવાથી નહિ. એમ બીજી ઈન્દ્રિયોના વિષયોમાં પણ ત્યાગથી જ તૃપ્તિ.

ચક્રવર્તીઓ ત્યાગી મુનિ બન્યા પછી પણ આ જ સૂત્ર પર કેવુંક સહન કરે છે ? સાધુ અણગાર બન્યા એટલે કંચન નહિ, કામિની નહિ, ઘરબાર નહિ, સગાં નહિ, વાહન નહિ, ઊઘાડે માથે ઊઘાડે પગે વિચરવાનું ! મહાન તપસ્યા પર નિર્દોષ લૂખી-સૂકી ભિક્ષા માગી ખાવાની ! રાતદિવસ શીત-ઉષ્ણ વગેરે પરીસહો



સહવાના ! દિન-રાત શાસ્ત્રસ્વાધ્યાય-ચિંતનમાં મગ્ન ! ચક્રવર્તીના ઠાઠ-ઠઠારા, માન-મર્તબા, સગવડ-સાહ્યબી ને ભોગવિલાસ છોડી આ કઠોર સંયમજીવન પ્રસન્ન હૃદયે સ્વીકારી વધતા ઉલ્લાસે પાળે છે ! મનને વિચાર જોઈએ કે,

'ત્યારે હું ચક્રવર્તી કરતાં સુંવાળી કાયાનો તે મારાથી કશો ત્યાગ અને કષ્ટ ન પળે ? અને સુંવાળો ભોગલંપટ બન્યો રહી અંતે સર્વસ્વનાશની પળ આવી લાગશે ત્યારે સુખે મરી શકીશ ? અને ભવાન્તરે ભરચક ભોગસામગ્રી પામીશ ? કઈ અક્કલે કામ ચાલે છે ? ઊઠ જીવ ઊઠ, આત્મોત્થાન કરવા માટે જ આ મનુષ્યભવ મળ્યો છે, તો ચક્રવર્તીના એ માટેના ભવ્ય ત્યાગ અને કષ્ટસહન નજર સામે રાખી, તથા 'ત્યાગથી જ તૃપ્તિ' એ સૂત્ર રટ્યા કરી જીવનમાં ત્યાગ અને ધર્મના કષ્ટસહન અપનાવતો ચાલ.

આજના ભરપૂર વધી ગયેલી ભોગ-સગવડોના ગોઝારા કાળે ભોગનું ભૂખારવાપણું અટકાવવા માટે આ ત્યાગ અને ધર્મના કષ્ટસહનની ખૂબ જ આવશ્યકતા છે; જેથી અહીં પણ કેઈક ધરપતથી ચિત્તના સંકલેશ ઓછા રહે અને ભવાંતરે સુંસ્કારો લઈ જવાથી ઉમદા ગતિ જીવન મળે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૨,અંક-૨૩,તા.૨-૩-૧૯૭૪

## (૧૦૨) સાધુ અને સાધ્વી-શ્રાવિકાઓની મર્યાદા

શ્રી મહાનિશીથસૂત્રમાં એક ચક્રવર્તીપણામાંથી મુનિ અને આચાર્ય બનેલાની અનેકવિધ મોક્ષમાર્ગની સાધનાઓ પૈકી એક સાધના બતાવતાં ભગવાન શ્રી મહાવીરસ્વામી કહે છે. 'હે ગૌતમ ! એ ચક્રવર્તી આચાર્ય સાધ્વી-વર્ગનું એક મોટા ગચ્છાધિપતિ તરીકે પાલન કરતાં છતાં એની કોઈપણ વસ્તુનો પરિભોગ કરતા નહિ' સાધ્વીઓ સાથે ય ન કોઈ છુટછાટ, ન કોઈ વાતોચીતો, તો પછી શ્રાવિકાઓના પરિચયની તો વાતે ય શી ? કેમ પરિચય નહિ ? કારણ, એ સમજતા હતા કે આચાર્ય થઈને સ્ત્રીપરિચય-રાખવામાં જાતને અને અન્ય મુનિઓને પણ અધઃપતનમાં ઉતારવાનું થાય; અને શાસનને ચાલણીએ ચળાવવાનું થાય.

શું આચાર્ય કે શું મુનિ, પણ સાધુ અને બેનોને સંપર્ક ? સાધુ અને બેનોને સંપર્ક એ જ બેહુદું છે; સદાચારી ગૃહસ્થ કરતાં ય નીચા પાટલે બેસવા જેવું છે. શાસ્ત્રે આલોચનાવિધિમાં એકલા આચાર્ય પાસે એકલી સાધ્વીને પોતાના દોષની આલોચના કરવાની મનાઈ કરી છે. બ્રહ્મચર્યને મનથી પણ લેશમાત્ર જોખમ ન



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

આવે એ માટે કેટલાય અનાયતન સ્થાનો અને પ્રસંગોનો શાસ્ત્રે નિષેધ કર્યો છે.

આ સૂચવે છે કે જિનાજ્ઞાને માથે ધરીને ચાલવું હોય અને બ્રહ્મચર્ય મનથી પણ અણીશુદ્ધ નિર્મળ રાખવું હોય તો સાધુએ સાધ્વી અને શ્રાવિકાના પરિચયમાં નહિ આવવું જોઈએ. ભગવાનના ઉપરોક્ત વચનનો ભાવ એ છે કે સાધ્વી પાસે સાધુથી કશું કામ કરાવાય નહિ, કે એનું વહોરેલું કશું જ સાધુથી લેવાય નહિ, માથેથી જિનાજ્ઞાનું ઉલાળિયું કરતાં, ને લપસણાનાં નિમિત્ત સેવતાં, ઉપરથી વળી બચાવ કરાય કે, 'એમાં શો વાંધો ? એમાં શું થઈ ગયું ?' એ તો જિનાજ્ઞા અને બ્રહ્મચર્યની બેપરવાઈ છે. પછી તો કેમ, તો કે, 'જેણે મૂકી લાજ, એને નાનુંસરખું રાજ' એ ન્યાયે મર્યાદા બહારના આચરણ કરવામાં કોઈ સંકોચ નહિ રહે.

કાળ પડતો છે, આહાર તામસી બની ગયા છે. સ્ત્રીઓની શીલમર્યાદા ઘસારે પડવા માંડી છે. જ્યાં ને ત્યાં ભોગવિલાસની ધૂન મચી છે. ભોગના સાધનોનો રાફડો ફાટ્યો છે. એવા વાતાવરણમાં શીલ-સદાચાર-બ્રહ્મચર્ય અણીશુદ્ધ પાળવા હશે એણે માથે જિનાજ્ઞાના ભારે ભાર રાખવા જોઈશે, તેમજ પૂર્વ પુરુષોએ પાળેલી શીલ-સંયમની કડક મર્યાદાઓના પાલનભર્યાં જીવન જીવવાં જોઈશે.

પ્રખર ઈન્દ્રિયનિગ્રહ ધરનારા પૂર્વ મુનિ-આચાર્ય મહર્ષિઓએ પણ સાધ્વીઓ અને ગૃહસ્થ સ્ત્રીઓ સંબંધમાં કડકમાં કડક જિનાજ્ઞાવિહિત મર્યાદાઓના પાલન કર્યાં છે. એ તો મહાસાત્ત્વિક, રસત્યાગી અને વિશાળ જનોપકાર કરનારા હતા. છતાં સાથે સ્વાત્માની ચિંતા-જાગૃતિ-રક્ષામાં પ્રતિપળ કટીબદ્ધ હતા. માટે જ એ વિજાતીયથી તદ્દનઅલિપ્ત-અપરિચિત રહેતા. તો પછી આજના અલ્પસત્ત્વ, રસસેવન અને પરચિંતા વ્યગ્રતાના કાળમાં નિર્મળ બ્રહ્મચર્યના પાલન માટે પૂર્વે કરતા ય કેટલી બધી અધિક કડક મર્યાઓના પાલન જોઈએ ? કદાચ પ્રશ્ન થાય,-

પ્ર.- ચક્રવર્તીમુનિએ તો ચક્રવર્તીપણામાં કેવાં ય રૂપ-લાવણ્ય-કાન્તિથી ભરેલી ૬૪૦૦૦ રાણીઓ જોયેલી. એની અપેક્ષાએ તો અહીં મુનિપણામાં તે કઈ અધિક સમાન સુંદર સાધ્વીઓ મળવાની હતી કે એના પરિચયમાં મન લોભાઈ જાય ? એ તો તરત હિસાબ માંડે કે, 'આ તે શું રૂપ છે ? એથી તો કેઈગુણા ઊંચા સૌંદર્ય મેં જોઈ નાખ્યા છે, તો આના પરિચયમાં કયાં મન બગડવાનું હતું ?'

ઉ.- પણ ના, એ તો આ જોતા કે સાધુમર્યાદા શી ? જિનાજ્ઞા શું કહે છે ? સ્ત્રીજાતનો મુદ્દલ પરિચય નહિ કરવાનો. ચક્રવર્તી મુનિ-આચાર્યને આ, તો આપણા જેવાને ? સાધ્વી કદાચ વિનંતિ કરે કે 'સાહેબ ! અમને કંઈ કામનો લાભ આપો. વસ્તુનો લાભ આપો. અમે આપની બીજી શી ભક્તિ કરવાના હતા ?' તો સાધુએ શું જિનાજ્ઞા નેવે મૂકી એની વિનંતિમાં લપસવું ? માર્ગ એ માર્ગ, એની



વસ્તુનો પરિભોગ નહિ, એની સાથે કશો સંબંધ-પરિચય-વાતાચીતો નહિ. એ વ્યાખ્યાનમાં આવે ત્યાં વંદન કરી લે, કે જોગની ક્રિયા યા પક્ખી ક્ષમાપના કરી જાય એટલું જ. બાકી ઘેલી ઘેલી થઈ સાધુની વસતિમાં વંદન કરવા ને કામ માગવા આવે અને સાધુ ભલા ભોળા થઈ એ અપનાવી લે એ જિનાજ્ઞા-પ્રમાણિત નહિ.

સાધ્વી અંગે આમ, તો ગૃહસ્થ બેનો અંગે તો પૂછવાનું જ શું ? જિનમંદિરમાં શ્રાવિકાને હાથ ઊંચા કરી લલાટે અંજલિ જોડી પ્રણામ-પ્રાર્થના કરવાની શાસ્ત્રે મનાઈ કરી છે. પુરુષ એમ ન કરે તો ગુનો ને સ્ત્રી એમ કરે તો ગુનો. કેમકે એમ કરતાં કદાચ પુરુષની દૃષ્ટિ પડે તો એ પાપમાં પડે. આ પરથી સમજવા જેવું છે કે સ્ત્રીઓએ વેશભૂષા-અંગોપાંગ-હલનચલન વગેરેમાં કેટકેટલી કડક મર્યાદા પાલન કરવા જેવી છે. પત્ની-બેન-દીકરીઓને આ શાસ્ત્રમર્યાદાઓ શીખવવા જેવી છે. કહેવા જેવું છે કે 'સાધુ સામે લેશમાત્ર લપેડાવેડા કે હસવા-ખીલવાનું કરશો નહિ. વહોરાવતી વખતે પણ ઉદારતા જરૂર દેખાડો કિન્તુ ઢાંકેલું માથું, ગંભીર મુખમુદ્રા અને અલ્પ ગંભીર શબ્દોથી. નહિતર સાધુના સંયમના ઘાતક બનશો. જાતે તો સંયમ લઈ શકતી નથી, બીજાને સંયમમાં ચડાવી શકતી ય નથી, પણ ઉપરથી સંયમીને સંયમના ઘાતનું નિમિત્ત આપવું એ કેટલું ભયંકર ?

જો આ જાતનું શિક્ષણ આપતા રહેવાય તો આજના કેટલાય અનિચ્છનીય ફતવા બંધ થઈ જાય. વીતરાગના મંદિરમાં કે સાધુની સામે જુવાન સ્ત્રીઓ ઉઘાડા માથે આવે, ઊભી રહે, કદાચ અડધું માથું ઢાંકેલું હોય તો સીફતથી માથેથી કપડું પાડી નાખે, પાછું હાથ ઊંચા કરી સીફતપૂર્વક ઓઢે, આ ફતવો નથી તો શું છે ? આ શું કે આંખનો કટાક્ષ યા મોઢાનો ખાસ મરોડ શું, એ કામચેષ્ટા છે. મંદિર-ઉપાશ્રયે જગતના બાળ જીવો શુભ ભાવ કમાવવા આવે છે. એમને જો મર્યાદાહીન સ્ત્રીઓના અંગ જોવા મળે ને એમને ધર્મસ્થાનકમાં ઊભા ભાવ મલિન થાય તો બિચારાની કેવી દુર્દશા ? કેવી કત્લ ? અન્ય સ્થાનમાં કરેલા પાપ ધર્મસ્થાનમાં ધોવાય, પણ ધર્મસ્થાનમાં કરેલ પાપો કયાં ધોવાશે ? આનું નિમિત્ત બનનાર ઉદ્ભટ વેશ-ચર્યાવાળી સ્ત્રીઓને કાંઈ લજ્જા આવે ? પણ આજનો કાળ નિર્લજ્જતા શીખવે છે. નિર્લજ્જતા પસંદ કરે છે, પોષે છે ! માને એવી દીકરી ગમે છે. સાસુને એવી વહુ ગમે છે ! જાહેરમાં અંગ ખુલ્લા રખાય એ શા માટે ? બીજાઓ એ જુએ એના દર્શન કરે એટલા માટે જ ને ? એનો અર્થ એ કે પ્રભુ કે સાધુ પાસે એ દર્શન કરવા આવે છે ? કે બીજાઓને પોતાના અંગના દર્શન કરાવવા ? 'તમે પ્રભુને કે સાધુને શું જુઓ ? મને જુઓ' આ જ ગર્ભિત ભાવ ને ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

સારાંશ, આજના વિષમ કાળે મુનિઓએ અને સાધ્વી તથા શ્રાવિકાઓએ ખૂબ સાવધાન રહી શીલની કડક મર્યાદાઓનું પાલન દૃઢ મનથી કરવા જેવું છે.
(રુક્મીરાજાનું પતન અને ઉત્થાન. ભા. બીજામાંથી)

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૨,અંક-૨૪,તા.૯-૩-૧૯૭૪

## (૧૦૩) બખાળા કાઢવાને બદલે બે કર્તવ્ય

### (લેખાંક-૧)

માણસ ઘણીવાર ભૂલો પડે છે, અને બખાળા કાઢ્યા કરે છે કે, 'આ ફલાણા કેવું ખરાબ કરે છે ? કેમ આવું ચાલવું જોઈએ ? આ શ્રીમંતો લોભિયા થઈ ગયા છે. ટ્રસ્ટીઓ જહાંગીરશાહી ચલાવે છે ! અમલદારોની નાદીરશાહી ચાલે છે ! આ સરકારે ય શું કરવા બેઠી છે ! લોકો ય કેવા સ્વાર્થી અને પ્રપંચી બની ગયા છે ! કયાંય સારું જોવા જ મળતું નથી.' શો લાભ આ બખાળાથી ? અલ્યા ભાઈ ! તું એ જો ને કે સારું જોવા મળવાનું તારું ભાગ્ય નથી કમભાગ્ય છે એટલે તને સારું જોવા મળતું નથી. તો તારું ભાગ્ય સુધરે એવું કાંક કર ને ? એ માટે મન-વચન-કાયાનાં સુકૃત વધાર ને ? સારા સારા કરુણાના, દેવગુરુ પર શ્રદ્ધાના, પરોપકારના વગેરે વિચારો કર, સારી સારી ભાવના કર, એવી જ વાણી ઉચ્ચાર, સારા દાન દે, દેવ-ગુરુ-સાધર્મિકની ભક્તિ કર, સેવા આપ. ઈન્દ્રિયોને અને મનને અંકુશમાં રાખ....ઈત્યાદિ સુકૃતો વધાર, તો કાંક પુણ્યસચંય થવાથી તને સારું જોવા મળે. ના, એવું તો કાંઈ કરવું નથી, બખાળા કાઢવા છે. શું વળશે ? જિંદગીભર બરાડ્યા કરશે, ગુસ્સા અને દ્વેષ ઠાલવ્યા કરશે, છતાં કશું સારું જોવા નહિ પામે, ને જિંદગીના અંતે એમ જ પહોંચી જશે.

આજે આવું ઘણું ચાલી પડ્યું છે. બાપ દીકરાઓ માટે, ગુરુ શિષ્યો અને ભક્તો માટે, શિક્ષકો વિદ્યાર્થીઓ અંગે, પ્રજા અમલદારો અને સરકાર સામે બખાળા કાઢ્યા જ કરે છે. પણ પોતાને સારું જોવા મળે એવું ભાગ્ય વધારવા તરફ દૃષ્ટિ જ નથી જતી ! પછી સામાની સારી વસ્તુ તરફ દૃષ્ટિ નાખવાની કે એની ભાવદયા ભાવવાની વાત જ ક્યાં ?

છાપાવાળાની ય એ દશા છે. ગૌરવ લે છે કે અમે આટલા વરસોથી સમાજ-સેવા કરતા આવ્યા છીએ. પણ એને પૂછો કે સેવામાં શું કર્યું ? આ જ કે વર્ષોથી એવા બખાળા કાઢ્યા કર્યા ! શું કદી એની સામે પ્રજાને એ સૂઝાડ્યું ખરું



કે, 'પરિસ્થિતિ દુઃસાધ્ય જેવી છે, માટે સારું વાતાવરણ ને સારા કર્તવ્ય-પાલન જોવા મળે એ માટે આપણું પુણ્ય વધારો.' ના, આ શિખવાડતાં આવડતું નથી. આવડે છે માત્ર, બખાળા કાઢવાનું, નિંદા હલકાઈ-બદબોઈ કરવાનું, ને હલકા પાડવાનું. બખાળા કાઢતાં વર્ષોના વહાણાં વહી ગયા કાંઈ સુધર્યું ખરું ? શાનું સુધરે ? નિંદા, તિરસ્કાર અને ઊતારી પાડવાનું, દ્વેષ, અપમાન અને અવગણના...વગેરેથી તો ઊલટું પાપ વધે, એ પછી સારું જોવાનું ક્યાંથી મેળવી આપે ?

માટે, એક કાર્ય તો આ કરવા જેવું છે, કે તમે બાપ હો, ગુરુ હો, શિક્ષક હો, આગેવાન હો, કે પત્રકાર યા લેખક કે વક્તા હો, પહેલાં તમારું શુભ ભાગ્ય વધારો. એ માટે પહેલું તો સામા પર અને એની હલકાઈ કરવાને બદલે હૃદયમાં વાત્સલ્યભરી ભારોભાર કરુણા વહેવડાઓ. એના સારા માટે પ્રભુને પ્રાર્થના કરો. એના સદ્ભુત ગુણોની ઉપબૃંહણા-પ્રશંસા-સમર્થન કરો. તેમજ જીવનમાં બીજી પણ વાણી-વિચાર-વર્તાવના અનેકાનેક સુકૃત વધારો. પૂછશો,-

પ્ર.- બધા આ રીતે કરશે, તો પછી પેલાને સુધારવાનું કોણ કરશે ?

ઉ.- પાછા ભૂલ્યા. જો બધા આ રીતે સુકૃત, દયા અને ગુણકીર્તન કરશે તો એનું એટલું બધું પુણ્ય વધી જશે કે એની ગેબી છાયા પેલા પર પડવાથી એને સુધરવાની બુદ્ધિ જાગશે. બીજાના સારા માટેની પ્રાર્થના જે ફળે છે, એની પાછળ આ જ રહસ્ય છે. આજે પરદેશમાં આવું ચાલે છે. લોકો દેવળમાં જઈ તેવા કોઈ સંકટમાં પડેલા ભાઈ કે બાઈ માટે ઈશ્વરને પ્રાર્થના કરે છે, અને પેલાનું સંકટ ટળે છે.

એક પાદરી પાસે એક માણસ રઘવાયો રઘવાયો આવી કહે છે, 'બસ ! જોઈ લીધી દુનિયા મહાસ્વાર્થી કોઈને બીજાની પડી નથી. હું કેટલે ઠેકાણે ભટક્યો, કોઈ સહારો નથી. બસ હવે મારે એક આપઘાત જ કરવાનો બાકી છે.'

પાદરી કહે, 'ધીરા પડો, શાંત થાઓ, એવું કાંઈ નથી. લ્યો જરા કોફી પીશો ? મંગાવું ?' 'પેલો કહે,-' 'પી મૂકયા છે. મરી તો રહ્યો છું.'

પાદરી કહે, 'વાત સાચી તમારું દુઃખ મોટું છે. તો ભલે કોફી ન પીવી હોય તો કાંઈ નહિ. તમે એમ કરો, તમારું દુઃખ ટળે એ માટે તમે ઈશ્વરને પ્રાર્થના કરો.'

પેલો કહે, 'હું ઈશ્વર-બીશ્વરમાં માનતો જ નથી, પછી પ્રાર્થનાથી શું વળે ?'

પાદરીએ સમજાવ્યો પણ સમજે જ નહિ. તેથી પાદરીને બહુ દયા આવી



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

ગઈ. એ એને કહે છે,- 'ઠીક ત્યારે જરા બેસો, હું કોન્ફરન્સ કરી આપું.'

પાદરી અંદરના ઓરડામાં જઈ, ઘુંટણીએ પડીને હાથ જોડી ઈશ્વરને પ્રાર્થના કરે છે, જુઓ એની પ્રાર્થના પણ કેટલી સાત્ત્વિક છે ! કેવી વિવેકભરી છે ! એ મોંઢેથી બોલે છે,-

'પ્રભુ ! દુખિયારાનું દુઃખ હું જોઈ શકતો નથી. કેમ તું મને એવી શક્તિ આપતો નથી કે હું આનું દુઃખ મિટાવી શકું ? એને સદ્‌બુદ્ધિના રાહ ઉપર લાવી શકું ? શું મારામાં એટલી તાકાત નથી કે હું આને બિચારાને ઉપયોગી થાઉં ? એને સહાય કરું ? નાથ ! નાથ ! એ બિચારો બહુ દુઃખી ! તારો અચિંત્ય પ્રભાવ છે, તારા પ્રભાવે મારામાં જરૂર એ સામર્થ્ય આવવું જ જોઈએ કે, 'હું આને મદદગાર થાઉં, અને એનું દુઃખ મીટે,' જરૂર એ સામર્થ્ય આવશે.'

પાદરીએ દિલથી ગદ્‌ગદ સ્વરે પ્રાર્થના કરી. દસ મિનિટમાં એનો ચમત્કાર દેખ્યો ! એવો ભાસ થયો કે જાણે ભગવાન કહે છે, 'જા સારું થશે.' પાદરી ઊઠીને બહાર આવ્યો. પેલાની સામે ખુરસી પર બેસી એને કહે છે, "લ્યો, પહેલા જરા કોફી લેશો ?"

પેલો પ્રાર્થના પહેલા ના કહેતો હતો કે, 'ના, મારે કશું લેવું નથી. દુનિયામાં કોઈ મારું રહ્યું નથી. બસ હવે તો એક મરવાનું બાકી છે.' એમ કહેનારો હવે પાદરીની એના માટેની શુભેચ્છા પૂર્વકની દિલની પ્રાર્થનાથી ઠંડો પડી ગયો. કહે છે, 'ઠીક.'

પાદરીએ કોફી મંગાવી. બંનેએ પીધી. પછી પેલાને એ કહે છે, 'જુઓ તમે બધા ઉપાય તો કરી લીધા છે ને ? હવે જ્યારે તમારી પાસે કોઈ જ ઉપાય નથી. તો હું તમને મારા ઢગલાબંધ અનુભવોથી કહું છું કે ઈશ્વરની પ્રાર્થનામાં અદ્‌ભુત બળ છે, અને તમે અહીં જ થોડીક વાર આંખ મીંચીને પ્રાર્થના કરો કે, 'પ્રભુ ! તું સર્વનું ભલું કરે છે. તારી શક્તિ અપરંપાર છે. તારી દયા પાર વિનાની છે. મને અટલ વિશ્વાસ છે કે તારા અચિંત્ય પ્રભાવથી મારું સારું થશે જ. બસ પ્રભુ ! તારી દયાથી મારું મન સ્વચ્છ થઈ જાઓ, અને બીજાનો સારો સદ્‌ભાવ-સહકાર મને મળો.'

પેલાએ એ પ્રમાણે આંખ મીંચીને પ્રાર્થના કરી. ચમત્કાર થયો. થોડી વારમાં આંખ ખોલીને કહે છે, 'મે. સાહેબ ! આપે મારા પર ગજબ ઉપકાર કર્યો છે. મારું મન સ્વસ્થ-સ્વચ્છ થઈ ગયું છે. હવે મને હિંમત આવી ગઈ છે.'

પાદરી કહે છે, 'તો તમે રોજ એક ચોક્કસ કરેલા નિયત સમયે આ પ્રમાણે પ્રાર્થના કરજો.'



કહેવાની જરૂર નથી કે એથી એ ઉત્તરોત્તર સુખી થતો ગયો અને પાદરીને આવીને આભાર માનવા સાથે પોતાની ઉન્નતિ એણે કહી.

વાત આ છે કે કોઈની ખામી માટે બખાળા કાઢવાને બદલે, એના સુધારા માટે પ્રભુને પ્રાર્થના કરો, તેમજ આપણે પુણ્ય વધારો જેથી સારું જોવા મળે; એ માટે સુકૃતો વધારો એનો પ્રભાવ પડવો હોય તો સામા પર પડશે, ને સુધારો થશે. કદાચ નહિ જ થાય તો આપણને તો લાભ જ છે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૨,અંક-૨૫,તા.૧૬-૩-૧૯૭૪

## (૧૦૪) (લેખાંક-૨)

ગયા લેખમાં એ જોયું કે હાલતાં ને ચાલતાં બીજાનું હલકું જોઈ એનું બખાળા કાઢવાનું અને બળતરા કર્યા કરવાનું કરાય છે, પણ સારું જોવા મળે એ માટે નથી સુકૃત કરાતા, કે નથી પ્રાર્થના કરાતી. હવે બીજી વાત આ, કે બીજાને બદલે પોતાના આત્માનો વિચાર આવે છે ખરો ?

જો પોતાના આત્માનો વિચાર જાગતો હોય તો દેખાય કે બીજા જીવોના તેવા અનિષ્ટ આચરણ પર એકલા બખાળા કાઢ્યા કરવામાં અને એની નિંદા-બૂરાઈ-હલકાઈ ગાયા કરવામાં તો સામામાં સારું કશું ફળ આવતું નથી, પણ ઊલટું પોતાનો જ આત્મા દ્વેષ-કષાયના સંસ્કાર અને અશુભ કર્મથી બંધાય છે, ને દ્વેષવશ કદાચ સામાના મૃત્યુની કે મારી નાખવાની ઇચ્છા સુધી પહોંચાય છે ! માટે કરવું તો એ જોઈએ કે પોતાના દિલમાં એવી સદ્‌ભાવના ઊભી કરવી કે 'સામાને સદ્‌બુદ્ધિ મળો એ પાપથી પાછા હટો;' પ્રભુને એની પ્રાર્થના પણ કરાય, અને સંભવ છે ઉત્કૃષ્ટ કરુણાભરી પ્રાર્થનાથી સામાને અસર કરે એવું શુભ કર્મ ઊભું ય થાય. સામો એવા નિકાચિત મોહનીય કર્મ ભોગવતો હોય તો અસર ન પણ થાય એવું ય બને; એટલે અસર થાય જ એવો નિયમ નહિ. છતાં પણ આપણને તો આપણી શુભેચ્છા-સદ્‌ભાવનાની કરુણાયુક્ત પ્રાર્થનાનું શુભ ફળ મળે જ. આમ પ્રાર્થના નિષ્ફળ જતી જ નથી; સામાને નહિ, તો આપણને એ ફળે છે. જ્યારે બખાળામાં માત્ર દ્વેષપાપ પોષાય છે.

આમ જો પોતાના આત્માનો વિચાર હોય તો મનને એમ પણ થાય કે, 'પોતાના શુભ કર્તવ્યો બરાબર બજાવાઈ રહ્યા છે કે નહિ ? પોતે અહિત આચરણ કે વિચારણા છોડી હિત-પ્રવૃત્તિ અને હિત-વૃત્તિ રાખી રહ્યો છે કે નહિ ?' તપાસવા જેવું છે કે આ વિચાર કેટલો ? ને વિચાર કેટલા પ્રમાણમાં રહે છે ? મંદિરમાં



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

ગયો, ત્યાં એવા સંતાપ સૂઝે છે;- 'આ કારભારીઓ કેવા ? પૂજારી કેવા ? છે કાંઈ સગવડ-સુઘડતા ?' પણ એ વિચાર નથી આવતો કે,

'ગમે તેવી અગવડતામાં પણ અહીં દર્શન-વંદનાદિ અર્થે મુખ્ય વસ્તુ પરમ કિંમતી ભગવાન તો વીતરાગ મળ્યા જ છે; તો એ મહત્ત્વનું ? કે પેલી સગવડ મહત્ત્વની ? માનો સરાગી દેવના મંદિરમાં બધી સગવડ હોય, તો ય લાભ કેટલો ? અથવા માનો કે અહીં કારભારીનો વાંક છે, પણ એથી ય વધુ મારો વાંક નથી ? આવા લોકોત્તર નાથ મળવા છતાં-

(૧) શું હું પોતે દર્શન-વંદન કે પૂજન વિધિસર કરી રહ્યો છું ?

(૨) એમાં હું દિન-પ્રતિદિન ઊંચા ઊંચા શુભભાવ જગાવી રહ્યો છું ?

(૩) શું મારા અશુભ ભાવોને ઘટાડવાનું ચાલે છે ?

(૪) મંદિરમાં આડા-અવળા વિચાર કે બહારના વિચાર શું હું નથી કરતો ને ?

(૫) દર્શન ખાલી હાથે કરવા નથી આવતો ને ?

(૬) પૂજાના દ્રવ્ય મારા પોતાના વાપરું છું ખરો ?

(૭) દર્શન-પૂજાનો સાચો ઉદ્દેશ,-જે ભવવૈરાગ્યની વૃદ્ધિ અને સર્વવિરતિની તમન્ના, તે શું હું એ કરી રહ્યો છું ખરો ?

આવું પોતાના આત્માનું હિત તથા પોતાનો વાંક વિચારવાનું કેટલું ? અને કારભારી, પૂજારી, દર્શન-પૂજા કરનાર વગેરે અંગે બખાળા કાઢવાનું અને બળતરા કરવાનું કેટલું ? જોજો. બીજાના અંગે બખાળા-બળતરામાં રમનારને પોતાના આત્માનો વિચાર જ પ્રાયઃ નહિ રહેતો હોય.

આપણી પોતાની જ તપાસ કરો ને તો દેખાશે એમાં કે બીજાની બુરાઈઓ પર બળતરા કર્યા કરવામાં આપણી જાતનું જ વિચારવાનું ભૂલી જઈએ છીએ કે નહિ ? બીજા માટે બળતરાની કુટેવ છે એથી જ ભલે આપણે કોઈ ધર્મક્રિયા કે વ્રત-તપ-જપ કરતા હોઈએ; પરંતુ એ તેવા પ્રબળ શુભ ભાવભર્યા થતા નથી; અને એથી જ તેવા બળવાન અંતરાયક્ષય અને પુણ્યોપાર્જન નીપજતા નથી કે જેથી શુભ અસર બીજા પર પણ પડે. એવી સ્થિતિમાં આપણે ગમે તેટલા બખાળા કાઢીએ પણ સામા પર એ વચનની અસર નથી પડતી.

મૂળમાં આપણું આદેય નામકર્મનું પુણ્ય બળવાન જોઈએ. તેમજ આપણને સારું જોવા મળવાની આડે નડતા અંતરાય કર્મનો ક્ષય નીપજવો જોઈએ. તો જ આપણે બીજાને કહેલા હિતવચનની એના પર અસર થાય. બાકી આપણાં જ તેવા



પુણ્યના અને અંતરાયક્ષયનાં ઠેકાણાં હોય નહિ, તેમ એ ઊભા કરવા ભરપૂર સ્વાત્મહિતચિંતા ય હોય નહિ. પછી બીજાના અંગે ગમે તેટલા બખાળા કાઢીએ, એ શું સારું પરિણામ લાવી શકે ?

સારાંશ, સામાના અનિચ્છનીય સામે બખાળા ન કાઢતાં પહેલી વાત સામાને અંગે પ્રાર્થના-કરુણા કરવાની હતી.

હવે બીજી વાત આ છે કે, બીજાના અંગે તેવા વિચારો અને ઉદ્ગાર કાઢયા કર્યા કરવાને બદલે આપણાં આત્માના અકર્તવ્ય-ત્યાગ અને કર્તવ્યપાલન પર જ પ્રધાન લક્ષ રાખી, એનો પહેલો પ્રયત્ન રાખ્યા કરવો. એથી અંતરાયક્ષય અને પુણ્યવૃદ્ધિ થઈ બધું સારું બની આવશે.

આજના કાળે આ અત્યન્ત જરૂરી છે; કેમકે આપણી આજુબાજુના વાતાવરણમાં આ બીજાની સામેના બખાળા કાઢવાનો ચેપ ચાલી પડ્યો છે, ને એની પ્લેગી હવાની અસરમાં તણાવાનું થાય છે. કદાચ કયાંય આપણે ન બોલ્યા હોઈએ તો ય સામો એનું બખાળાનું ભાષણ શરું કરે છે. એમાં હાજી-હા ભણવાનું બની આવે છે. પરંતુ એથી આપણું પોતાનું કર્તવ્ય સાવ ભૂલાઈ જાય છે. દા.ત. કોઈએ કહ્યું 'આ તમારા બાપુજી આવા કેવા છે ?' હવે જો પેલાને પોતાના દિલમાં બાપ પ્રત્યે સહેજ કચવાટ હશે તો ઝટ એ બખાળામાં ઝુકાવશે, 'હા, વાત ખરી છે, પણ શું થાય ? એમને એવી ટેવ જ પડી છે...' ચાલ્યું. આમાં કયાંય પોતાના કર્તવ્યનો કોઈ જ વિચાર ખરો ? ના. પરચિંતામાં સ્વચિંતાને અવકાશ જ કયાંથી હોય ? માટે તો પરમ કલ્યાણભૂત આત્મચિંતાને ભૂલાવનારી પરચિંતાને શાસ્ત્ર અધમાધમ કહે છે.

યુગના વહેણ ધસમસતા આત્મહિતના વિનાશ તરફ વહી રહ્યા છે. એમાં જાગતો નર જ સદા સુખી. જરાય યુગના ફટાટોપમાં મુંઝાયા કે આકર્ષાયા વિના આપણે આત્મકલ્યાણની ધીખતી ચિંતા નિરંતર રાખવાની જરૂર છે. આવો ઉચ્ચ માનવભવ શા માટે ? જીવવું શા માટે ? જીવનમાંથી શું તારવવાનું ? અનાદિની આહારાદિ પાપસંજ્ઞાઓ અને કષાયોની પાપસંજ્ઞાઓને કેટલી દબાવતા ચાલીએ છીએ ? પરમહિતૈષી પરમાત્માની નિકટ કેટલા જઈએ છીએ ? પવિત્ર જ્ઞાનાચારાદિ પંચાચારને જીવનમાં કેટલા વિકસાવ્યે જઈએ છીએ...ઇત્યાદિની ચિંતા અત્યંત જરૂરી છે.


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

## (૧૦૫) યુગની સાથે ચાલવાનું ? કે શાસનની સાથે ? રાષ્ટ્રિય વીરનિર્વાણ-ઉજવણી કયા માર્ગે ?

આજે એક નાદ બજી રહ્યો છે કે, ‘યુગની સાથે સાથે ચાલો.’ આ નાદ જનજીવનમાં ધર્મની રક્ષા કરનારો છે ? કે ભૌતિકતા-વિલાસ-સ્વચ્છંદતા વગેરે પોષનારો છે ? એ વિચારવા જેવું છે. ધર્મની રક્ષા શાસનને અનુસરીને થાય ? કે યુગને અનુસરીને ?

કહે છે, ‘શાસ્ત્રમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ક્યાં જોવાના નથી કહ્યા ? એમાં ‘કાળ’ જોવાનો છે એ યુગ જ છે ને ?’ વાત સાચી, પરંતુ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોવાના છે એ શા માટે ? ધર્મની રક્ષા માટે ? કે ધર્મનું ઊઠમણું કરવા માટે ?

આજે દા.ત. સિનેમાનો યુગ છે. તો આ યુગની સાથે ચાલવું એટલે શું શ્રાવકના જીવનમાં એની જગા કરવી ? શું એ માટે જિનભક્તિ-પ્રતિક્રમણ-શાસ્ત્રસ્વાધ્યાય જે શ્રાવકના સાંજના ને રાત્રિના કર્તવ્ય, એના પર કાપ મૂકવો ? યા એમાં સંકોચ કરવો ? શું એમ કરવાથી ધર્મ ટકે ? કે ધર્મનો ધ્વંસ થાય ?

જૈનશાસન, ખેલ-નાટક-તમાશા વગેરેને મહાન અસદ્રાગ વિષય-વિલાસ વગેરેના કારણ હોવાથી, તથા સુસંસ્કારના અને ધર્મના વિધ્વંસક હોઈને, મહા અનર્થદંડ તરીકે બતાવી સદંતર ત્યાજ્ય કહે છે, એને યુગની સાથે ચાલી જીવનમાં સ્થાન આપવાથી ધર્મ અને પવિત્ર સંસ્કાર શી રીતે ટકવાના ?

ધ્યાનમાં રહે,-ધર્મ માત્ર બાહ્ય દેવદર્શનાદિની ક્રિયાથી થતો નથી. કિન્તુ સાથે સાથે જિનાજ્ઞા બહુમાન, પાપનો ભય, પરલોકનો ભય, અને વિષયવિરાગ પણ અતિ જરૂરી છે. જિનાજ્ઞા તો ખેલ-તમાશાનું દર્શન, બિભત્સ અને નરદમ વિકથામય વાંચન-શ્રવણ વગેરે બદીઓનો સર્વકાળ માટે નિષેધ કરે છે. યુગના નામે એ બદીઓની છૂટ મૂકવામાં (૧) જિનાજ્ઞા બહુમાન કયાં રહ્યું ? (૨) પાપનો ભય પરલોકભય કયાં રહ્યો ? આજ એ બદીઓના ઝેરી પરિણામ સ્પષ્ટ અને વ્યાપક રૂપમાં દેખાય છે. ધર્મની રક્ષા શાસનને અનુસરીને જ ચાલવામાં હોય, આવા યુગની સાથે ચાલવામાં નહિ.

૨૫૦૦ મા વીર નિર્વાણ વર્ષની રાષ્ટ્રિય સ્તરે ધારેલી ઉજવણી પણ શાસનને બાજુએ મૂકી યુગની સાથે ચાલવાની રીતરસમ પર ઊભી છે. કેમકે પહેલું તો



આવી સમષ્ટિગત ઊજવણી શ્રમણસંઘના શાસ્ત્રીય ધોરણ પરના માર્ગદર્શનને અનુસરીને જ હોવી જોઈએ. એના બદલે શ્રમણસંઘને અવગણીને અશ્રદ્ધાળુ અને જમાનામાં વહી ગયેલા કેટલાક ગૃહસ્થોના ભેજામાંથી ઊઠેલી યોજના પર ગોઠવવામાં આવી છે. એમાં બહાર પડનાર પાંચ વોલ્યુમમાંના લેખ પર કોઈ શાસ્ત્ર અંકુશ નથી, બલ્કે શાસ્ત્રથી વિરુદ્ધ સ્વચ્છંદ લખાણને એમાં સ્થાન છે. ત્યારે મહાવીર બાલકેન્દ્રની યોજનાને પણ જૈન શાસને બાળકો માટે સ્થાપિત કરેલા ધર્મઆચારો સાથે લેવા દેવા નથી; એવું જ વનસ્થલીને મહાવીરના સિદ્ધાન્તો સાથે કશી નિસ્બત નથી; કિન્તુ મોજ વિલાસ અને સ્વચ્છંદતાનું એમાં પોષણ છે. ત્યારે રાષ્ટ્રિય કાઉન્સીલની યોજના તો વળી ઓર ભયાનક છે. જૈનાચાર્યોનું મહત્ત્વ ઉરાડી એ શાસ્ત્રસશોધનાદિના નામે શાસ્ત્ર અને જૈન સિદ્ધાન્તો સાથે મનઘડંત ચેડાં કરશે.

આજે વાણી સ્વાતંત્ર્યનો યુગ છે. ‘એવા યુગની સાથે ચાલો,’ એનો અર્થ એ કે બોરનું બીટું ક્યાં છે એની ય જેને ગમ ન હોય એ શાસ્ત્રના તત્ત્વ જાણ્યા વિના ગમે તેમ કલમ ઉપાડે, શાસ્ત્ર વિરુદ્ધ ભચડે, એને તેમ કરવા સ્વાતંત્ર્ય આપો. કાયદાપોથી ભણ્યો ન હોય એને પણ કાયદાના નામે ગમે તેમ બોલવાની છૂટ, મેડિકલનું ભણ્યો ન હોય એને પણ એના નામે ગમે તેમ બોલવા-વર્તવાની છૂટ... આવું કયાંય ચાલે છે ? ના, ત્યાં તો કોરટમાં કાયદાનિષ્ણાત વકિલ જ બોલી શકે, ઈસ્પીતાલમાં મેડિકલનો નિષ્ણાત જ કામ કરી શકે. ત્યારે ધર્મ એક બોડી બામણીનું ખેતર, તે એમાં ધર્મમાં અભણ પણ પોતાનો ડોયો હલાવી શકે ! આ નર્યો સ્વચ્છંદવાદ છે. રાષ્ટ્રિય ઉજવણી આ પાયા પર ઊભી છે.

કાયદાનો અનભિજ્ઞ કોરટમાં કેસ લડવા જાય તો લેવાના દેવા કરી આવે; મેડિકલનો અનભિજ્ઞ ઓપરેશન કરવા બેસે તો રોગમુકત જીવનને બદલે મોત લાવી મૂકે; એની જેમ રાષ્ટ્રિય ઉજવણીના કાર્યક્રમ ધર્મનું મોત લાવનારા છે. ધર્મમાં મૂળ પ્રાણ તો જિનાજ્ઞાનુસારિતા-સૂત્રાનુસારિતા અને વિષયવિરાગ છે. એનું સ્વચ્છંદવાદ અને વિલાસી રીતરસમમાં ખૂન થયા પછી ધર્મ કયાં જીવંત રહેવાનો ? આનંદઘનજી યોગી કહે છે-

**‘પાપ નહિ કોઈ ઉત્સૂત્રભાષણ જિસ્યો, ધર્મ નહિ કોઈ જગ સૂત્ર સરિખો.’**

ખૂબી એ છે કે રાષ્ટ્રિય ઉજવણીમાં કયાંય ધૂમ ફાલીફૂલી રહેલા કત્લખાના-મત્સ્યઉદ્યોગ-મરઘાઉછેર વગેરેમાં થતી પિશાચી હિંસા સામે કશો વિરોધ નથી. તેમજ, અભક્ષ્યભક્ષણ-રાત્રિભોજન-પરસ્ત્રીગમન-૭ વ્યસન વગેરેથી ભયંકર પાપ બંધાય, પરલોક બગડે, દુર્ગતિઓમાં ભટકવું પડે, એવી કશી વાત નથી; તેમ દેવદર્શન, પૂજન, સામાયિક-પ્રતિક્રમણ;-પોષધ-સંઘ-ઉપધાન વગેરે કશા ધર્મ-



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

આચારોને એમાં મહત્ત્વ નથી અપાયું; અરે ! ઉલ્લેખ સરખો નથી. તીર્થોને શુદ્ધ ધર્મના પવિત્ર સ્થાન બનાવી રાખવાની એમાં કશી વાત નથી; તેમ શ્રી મહાવીરપ્રભુએ સ્વયં આચરેલા અને જગતના એકમાત્ર કલ્યાણમાર્ગ તરીકે ફરમાવેલા ત્યાગ-વૈરાગ્ય-તપસ્યા, એકેન્દ્રિયાદિ સુધીના જીવોની દયા, બ્રહ્મચર્યની નવ વાડ, વગેરેને એમાં કશું મહત્ત્વ અપાયું નથી. શું આ વીરનિર્વાણની ઉજવણી છે ?

દરેકે દરેક જૈને આનો વિરોધ વ્યક્તિગત અને સમષ્ટિગત રીતે દિલ્હી પહોંચાડવો જોઈએ.

પ્રાંતે યુગની સાથે ચાલવાના નાદમાં તો સિનેમા, ઉદ્‌ભટ વેશભૂષા, નિરોધ નસબંધી, વાણીસ્વાતંત્ર્ય, તીર્થસ્થાનોમાં વિષયવિલાસ, સહશિક્ષણ, સહમીલન, કલબો વગેરે વગેરે ભયંકર પાપો પોષાતા હોવાથી એ નાદ પડતો મૂકી શાસનની સાથે ચાલવાનો નાદ ગજાવવો અતિ જરૂરી છે, અને યુગની બદીઓથી સ્વ-પરને દૂર જ રાખવા જેવા છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૨,અંક-૨૭,તા.૩૦-૩-૧૯૭૪

## (૧૦૬) આપણે ધર્મથી સનાથ, સંસારથી અનાથ

### (લેખાંક-૧)

રાજા શ્રેણિકને અનાથી મુનિએ અનાથતા-સનાથતાનો ભેદ સમજાવી જૈનધર્મ પમાડ્યો. એ ભેદમાં એમ સમજાવ્યું કે 'હું મૂળ કોશાંબીના રાજાનો પુત્ર, એકવાર દાહજવરમાં ફસાયો; પિતાએ મોટા રાજવૈદો પાસે ઉપચાર કરાવ્યા, છતાં દાહની પીડા ઊભી રહી. વહાલસોયા માતા-પિતા-પત્ની રોતા હતા, પણ મારી પીડામાં ભાગ ન પડાવી શક્યા કે ઓછી કરાવી ન શક્યા. મોટું રાજ્ય હતું. ખજાના હતા, લહાવ-લશ્કર હતું, બધું છતાં મારી પીડા એમ જ ઊભી રહી. કોઈએ મને એમાં બચાવ-શરણું-રક્ષણ ન આપ્યું. તેથી અશરણ નિરાધારપણે મારે બધું સહન જ કરવું પડ્યું. ત્યારે મને વિચાર આવ્યો કે 'આ કોઈ મારા નાથ નહિ ? પીડામા રક્ષક બચાવનારા નહિ ? સંસારના પદાર્થોમાં આવી મારી અનાથતા ? તો હવે મારે ધર્મને જ મારો નાથ કરવો. મારે પીડા ટળે એટલે માત્ર ધર્મનું શરણ પકડવું,' બસ, એ ભાવના પછી મને નિદ્રા આવી ગઈ. જાગીને જોઉં તો નખમાં ય રોગ નહિ ! મેં તરત સાધુધર્મ સ્વીકારી લીધો. ધર્મથી હું સનાથ બન્યો. પરંતુ જીવને સંસારથી અનાથતા છે એ યાદ રહે એટલા માટે મેં મારું નામ રાખ્યું અનાથી'



શ્રેણિક રાજાને એમ જાત અનુભવ દેખાડી અનાથી મુનિએ સમજાવ્યું કે, 'તમે મારા નાથ થવાનો દાવો રાખો છો. પરંતુ તમે પોતે અનાથ છો. તમારી પાસે ગમે તેટલું મોટું મગધ દેશનું સામ્રાજ્ય હોય, ખજાના હોય, રાણીઓનું અંતઃપુર અને મોટું લહાવ-લશ્કર હોય, છતાં જો તમે આવી કોઈ રોગની પીડામાં આવી પડો યા તમને ઘડપણ આવે કે મૃત્યુ આવે ત્યારે એ તમારે વેઠવું જ પડે. સંસારના કોઈ જડ યા ચેતન પદાર્થ, શું ખજાના કે શું અંતઃપુર, કોઈપણ પદાર્થ તમને એમાંથી ઉગારી શકે નહિ. આવી અનાથ દશામાં આ ઉચ્ચ જીવન બરબાદ કરવું, એના કરતાં ધર્મનું શરણું પકડી સનાથ બનવું એ જ ડહાપણનું કામ છે.'

રાજાને આ વાત ગળે ઉતરી ગઈ; એણે અનાથી મુનિ પાસેથી ધર્મનું સ્વરૂપ સમજી નક્કી કર્યું કે આ ધર્મ જ સાચો એ જ રક્ષણહાર-તારણહાર. એમ જૈનધર્મની શ્રદ્ધાવાળો બન્યો.

પ્ર.- અહીં સવાલ થાય છે કે 'સંસાર સંસારના પદાર્થો જીવને પીડા, ઘડપણ કે મૃત્યુ વખતે રક્ષણ નથી આપી શકતા, એને અટકાવી એથી બચાવી નથી શકતા. એ વાત બરાબર. પરંતુ એમ તો ધર્મ પણ એને ક્યાં અટકાવી શકે છે ? એથી ક્યાં બચાવી શકે છે ? ધર્મ પાસે હોય છતાં પીડા આવી તો ભોગવવી જ પડે છે, ઘડપણ નભાવવું જ પડે છે; મૃત્યુ પામવું જ પડે છે. તો ધર્મ રક્ષણહાર નાથ શી રીતે ?

ઉ.- આનો જવાબ એ છે કે (૧) એક તો ધર્મ ભવિષ્યના જન્મ-જરા-મૃત્યુ, રોગ-શોક-દુઃખ વગેરેની પરંપરા મિટાડે છે. માટે એ રીતે રક્ષણહાર નાથ છે; (૨) બીજું એ, કે વર્તમાનમાં પણ રોગ, ઘડપણ-મૃત્યુ વગેરેમાં 'આ પીડા આવી' એવી લાગણી-માન્યતા-દીનતા અટકાવે છે. પછી પીડા માનવાનું અટકાવે છે, જીવને એમાં દુઃખ જ લાગતું નથી; અને કશી આકુળતા-વ્યાકુળતા વિના શાંતિ-સમાધિ રાખી એમાંથી એ પસાર થાય છે. આ બધું ધર્મના પ્રતાપે, ધર્મના બળ પર; તેથી ધર્મ એ રક્ષણહાર નાથ છે.

આ પરથી સમજવા મળે છે કે રોગમાં કદાચ એના કર્મ દુબળા પડ્યા અને કોઈ વૈદ-ડાકટરે એ રોગ મટાડી આપ્યો, છતાં એ કાયમી રક્ષક નથી બની શકતો; કેમકે આત્માના ખજાને કેઈ કર્મના બંડલ પડેલા છે, એમાંથી કોઈ કર્મ જાગીને રોગ-પીડા આપત્તિ લાવી શકે છે. છેવટે મૃત્યુ તો આવે જ છે એમાંથી બચાવવા કોઈ જ વૈદ ડૉક્ટર સમર્થ નહિ. અરે ! એટલું જ નહિ, પણ 'આ મૃત્યુ મારે મન કશી આપત્તિ નથી' એવી નિશ્ચિંતતા પણ એ કરાવી શકે નહિ. તેથી એ રક્ષણહાર ન કહેવાય. એવા જ પૈસા-ટકા-પરિવાર વગેરે રક્ષક નહિ. તેથી મન પર એ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

બધાનું શરણું રાખવા જેવું નહિ. શરણું તો ધર્મનું અને જિનવચનનું રાખવાનું માનવાનું કે 'હું ધર્મથી જ સનાથ છું.' સંસારના પદાર્થોથી નહિ. સંસારના પદાર્થો તો મને અનાથ રાખનારા છે.'

**ધર્મનું શરણ અને જિનવચનનું શરણ રાખવું એટલે શું ?**

આ જ કે અંતરમાંથી આ અવાજ ઊઠે કે 'જીવનું ભલું થાય, જીવ સુખી થાય, તો તે ધર્મથી જ, ધર્મના આચરણથી અને ગુણોથી જ. એમ જિનવચને કહેલા માર્ગથી જ ભલું થાય. એણે નિષેધેલાનો ત્યાગ કરવાથી અને આચરવા કહેલાનાં આચરણથી જ જીવ સુખી.' દા.ત. જિનવચને ક્રોધને અટકાવવાનું અને ક્ષમાને આદરવાનું કહ્યું છે, તો 'ક્રોધથી દુઃખી જ થવાય, ક્ષમાથી જ સુખી થવાય.' એમ મનને સચોટ બેઠું હોય. પછી ક્યાંય અજ્ઞાનતાથી ક્રોધ કર્યો અને ફાવટ આવી દેખાઈ તો ય મન કહે, 'આ ફાવટ દેખું છે, એ ભ્રમણા છે, આભ્યન્તર દુઃખ છે, સરવાળે દુઃખ જ છે.'

એમ જિનવચને કહ્યું 'દેહે દુઃખં મહાફલં,' તો દિલને સચોટ બેસી ગયું હોય; પછી દુઃખ આવે ત્યાં જિનવચનને યાદ કરીને એ દેહ દુઃખમાં (૧) પાપકર્મક્ષય, (૨) સત્ત્વ-વિકાસ, (૩) અભિમાન-હ્રાસ અને (૪) વિષય-વિલાસ પર નિગ્રહ વગેરે મહાન ફળો જોઈ મન દુઃખી ન થાય, પણ આનંદિત રહે. માત્ર આવેલા જ દુઃખ આનંદથી સહી લે, એટલું જ નહિ પણ ત્યાગ-તપ-દાન વગેરેના દુઃખ યાને કષ્ટ ઊભાં કરે. જ્યાં સુધી આ ન બની શકે ત્યાં સુધી પણ માને કે 'સુખ જિનવચન સાધવામાં, એણે કહેલા ત્યાગ-તપ-સંયમ વગેરે સાધવામાં; કિન્તુ યથેચ્છ ખાનપાન-પરિગ્રહ વગેરેમાં સુખ નહિ. એમાં તો ભારોભાર દુઃખ.' આ માનવા પર જ ધર્મનું શરણ લીધું કહેવાય, 'ધર્મથી હું સનાથ અને સંસારના મનગમતા પદાર્થથી હું અનાથ,' એમ સચોટ માન્યું ગણાય.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૨,અંક-૨૮,તા.૬-૪-૧૯૭૪

## (૧૦૭) (લેખાંક-૨)

આજે દુઃખદ કાળ છે; અને તે દેશના અને જગતના સંયોગોને લઈને. એટલે આપણે પોતે એ સંયોગો સુધારી કાળને સુખદ બનાવી શકીએ એવું નથી. છતાં આપણા પોતાના માટે ચિત્તને શાંતિ-સમાધિમાં રાખી શકીએ એના ઉપાય છે. ગયા લેખમાં જે જોયું કે 'આપણે ધર્મથી સનાથ છીએ,' એ સનાથતાની ભાવના એ દુઃખ ન કરતાં સ્વસ્થ રહેવાનો એક ઉપાય છે. એને દૃષ્ટાન્તથી જોઈએ.



**મહાસતી સીતાજી** ગર્ભિણી અવસ્થામાં પતિ રામચંદ્રજી દ્વારા એકલા અટુલા વનમાં તરછોડાયા. સીતાજીએ 'આભ તૂટી પડ્યા' જેવું દુઃખ છતાં પોકે પોક રડવા ન માંડ્યું. કિન્તુ ચિત્તને સ્વસ્થ રાખી વનમાં છોડવા આવેલા સેનાપતિ દ્વારા રામને સંદેશો મોકલ્યો કે 'તમે લોકના કહેવાથી મને છોડી તો ભલે. પણ કાલે ઊઠીને લોક કદાચ તમારા ધર્મની નિંદા કરે, તો તમે ધર્મ છોડતા નહિ. કેમકે મને છોડવાથી કાંઈ તમારો મોક્ષ નહિ અટકે, પણ તમારો ધર્મ છોડવાથી બીજો એવો ધર્મ નહિ મળે અને તમારો મોક્ષ અચૂક અટકી જશે.'

આ સંદેશાની પાછળ સીતાજીના દિલમાં સ્વસ્થતા અને જૈન ધર્મ માટે કેટલું બધું માન હશે, કેટલું બધું ધર્મનું મૂલ્યાંકન હશે ! શું એ ડહાપણ એકલા રામ માટે ઉપયોગી દાખવવાનું હતું ? પોતાના માટે નહિ ? ના, ઉત્તમ જીવો જાતને મૂકી એકલા પરને માટે જ ડાહ્યા નથી હોતા; પોતાની જાતને માટે પણ એ શાણા હોય છે. તેથી સીતાજીએ જાત માટે પણ શાણપણ રાખી આવું જ કાંઈક વિચાર્યું હશે,-

મને લોક પ્રતિકૂળ થયો. પતિ પ્રતિકૂળ થયા, તો શું મારો મોક્ષ અટકી ગયો ? ના, મોક્ષ એથી કાંઈ અટકતો નથી. મોક્ષ જૈનધર્મ વિના અટકે છે. પણ મારી પાસે તો આ તારણહાર જૈનધર્મ છે જ. એની જો આરાધના કરું તો મારો મોક્ષ અચૂક થાય. એમાં લોક કે પતિ કોઈ જ આડે આવી શકે નહિ. ઊલટું લોક અને પતિ બહુ અનુકૂળ મળ્યા હોય, 'પણ પાસે જૈનધર્મ ન હોય તો મોક્ષ ન જ મળે, એટલે મને જૈનધર્મ મળ્યાથી હું સનાથ છું. માટે શા માટે દુઃખ કરવું ? અહીં પણ ધર્મથી જ સ્વસ્થતા છે, કેમકે એ શીખવે છે કે, 'જીવ ! આ વનમાં મૂકાવામાં લોક અપરાધી નથી; કે પતિ અપરાધી નથી, પરંતુ તારા કર્મ જ અપરાધી છે; અને કર્મ તો ભોગવાઈને જાય એવા હોઈ આ ભોગવટાથી કર્મનો છૂટકારો થાય છે. ત્યાં દુઃખ શું કામ લગાડવું !' જાતને ધર્મથી સનાથ માનવા પર સીતાજીએ સ્વસ્થતા રાખી, અને પાછળથી જ્યારે દિવ્ય કર્યા બાદ પાછા રાજશાહી સુખ-સન્માન સામે આવ્યા ત્યારે એમાં જાતે અનુભવેલી જીવની અનાથ-અશરણ દશા જોઈ એને ન આવકાર્યા, પણ ધર્મથી સનાથતા માની ત્યાંથી જ ચારિત્રધર્મ લેવા નીકળી પડ્યા.

**સુદર્શન શેઠ** પોષધ-ધ્યાનમાં રહ્યા છે. ને અભયારાણીના પ્રપંચથી એના આવાસમાં મૂકાયા. ત્યાં એના હાવભાવ અને ધમકી સામે અણનમ રહી બ્રહ્મચર્યમાં અડગ રહ્યા છતાં સિપાઈઓથી પકડાયે રાજાએ એમને શૂળીની સજા ફરમાવી. રાજાએ એમનું સાંભળવા તૈયારી રાખી હતી, પરંતુ એમણે રાણી પરની દયાથી પ્રેરાઈને કશું ન કહેતા મૌન રાખ્યું, ને શૂળીની સજા વધાવી લીધી. કઈ વિચારણા



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

પર ? આવી જ કોઈક વિચારણા પર કે,

હું બ્રહ્મચર્યની પરીક્ષામાં પાર ઊતર્યો, હવે અહિંસાની પરીક્ષામાં પાર ઊતરું. મારા બોલનું ખુલાસાનું નિમિત્ત પામી રાજા કદાચ રાણીનો પ્રપંચ જાણી એની હિંસા કરે, તો મારે રાણીની હિંસામાં નિમિત્ત શા માટે થવું ? ખુલાસો કરી દેવાથી મને માન મળે, જીવતદાન મળે, પણ એથી કાંઈ હું સનાથ નથી, એ કાંઈ મારા તારણહાર નથી. અહિંસા બ્રહ્મચર્ય વગેરે જ તારહાર છે. માટે મારે એનું જ શરણું હો. જીવે આ અનંત સંસારમાં એ ધર્મ ખોઈને બહારના માન અને જીવનસુખ તો અનંતીવાર મેળવ્યા છતાં એ કોઈએ રોગ મૃત્યુ વગેરે સામે મારા જીવને ન બચાવ્યો. જીવ એથી અનાથ જ રહ્યો. માટે જીવ જેનાથી સનાથ છે એવા અહિંસા બ્રહ્મચર્ય આદિ ધર્મનું જ મારે શરણ હો.' આમ ધર્મથી સનાથતાની ભાવના પર સુદર્શન શેઠે કમાલ કરી.

**વાલિ** અને રાવણની લડાઈમાં રાવણ હાર્યો છતાં વાલીએ વૈરાગ્ય પામી ચારિત્ર લીધું, એ કઈ ભાવના પર ? આ જ ભાવના પર કે 'જીવ સંસારથી અનાથ છે, અને ધર્મથી સનાથ છે.' વાલીએ જોયું કે 'આ રાવણ ચંદ્રહાસ ખડ્ગના ભરોસે રહ્યો કે આ મારી પાસે છેલ્લું, શ્રેષ્ઠ શસ્ત્ર છે. આનાથી હું જીતીશ. પરંતુ જીતવાને બદલે મારાથી પકડાઈ ગયો. ખડ્ગે રક્ષણ આપ્યું નહિ. તો પછી મારે પણ શું છે ? હું સંસારમાં બેસી રહ્યો છું ને આ જ ભરોસે કે મારી પાસે બળ છે, પરિવાર છે, રાજ્યસમૃદ્ધિ છે, દીર્ઘ આયુષ્ય છે. પરંતુ આ ચારેયમાંથી એકેયનો ભરોસો નથી કે મને ક્યારે રઝળતો મૂકે ? એ એકેયથી હું કાયમી સુરક્ષિત નથી; કેમકે એ કાયમ ટકનારા નહિ. તેથી બળ ખૂટતાં, પરિવાર, રાજ્યસમૃદ્ધિ જતાં અને છેવટે આયુષ્ય પૂરું થતાં હું આ સંસારરૂપી વનવગડામાં એકલો નિરાધાર ! તો એના કરતાં ધર્મ જ ન અપનાવી લઉં ? જેથી મને મોક્ષપદ સુધીનું કાયમી સંરક્ષણ તો મળે.' બસ, આ 'ધર્મથી સનાથતા-સુરક્ષિતતા' ની ભાવના પર એમણે ત્યાં જ સંસાર ત્યાગ કરી ચારિત્ર લીધુ; ચારિત્ર લીધા પછી પણ આ જ ભાવના રાખી કે, 'ખાનપાનથી પોષેલું શરીર રક્ષણહાર નહિ. કિન્તુ આ શરીરથી શક્ય એટલો સાધી લીધેલો તપધર્મ રક્ષણહાર;' અને એમ 'ખાનપાનથી અનાથતા-અરક્ષણ, ને તપસ્યાથી સનાથતા-સંરક્ષણ' એવા હિસાબ પર માસખમણો સુધીના ઘોર તપ સાધ્યે ગયા. એમાં અવધિજ્ઞાન પ્રગટ થયું, ને અંતે એ જ ભવમાં મોક્ષ પામ્યા.

જીવનમાં આ અને આવા બીજા અનેક મહાપુરુષોના દૃષ્ટાન્ત પરથી ધડો લેવા જેવો છે અને જ્યાં ને ત્યાં સંસારિક પદાર્થો પૈસા-પરિવાર-માન-આબરૂ-આરોગ્ય-યુવાની-આયુષ્ય વગેરે પરથી ભરોસો ઉઠાવી લઈ દાન-શીલ-વ્રત-નિયમ-



સંયમ, સત્ય-નીતિ-મૈત્રીભાવ, ત્યાગ-તપસ્યા, દયા-પરોપકાર જિનભક્તિ-સાધુસેવા, વગેરેથી હું સનાથ છું. સુરક્ષિત છું. એવો પક્કો વિશ્વાસ ઊભો કરવાની જરૂર છે. અને એની સાધના આરાધનામાં શકય એટલા લાગ્યા રહેવા જેવું છે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૨,અંક-૨૯,તા.૧૩-૪-૧૯૭૪

## (૧૦૮) સ્થૂલભદ્રજી ચૌદપૂર્વ કેમ જલદી ભણી શક્યા ?

શાસ્ત્ર બતાવે છે કે શ્રમણ સંઘની પ્રાર્થનાથી ભદ્રબાહુસ્વામીજીએ ધ્યાન પડતું મૂકીને આવી યોગ્ય મુનિઓને 'પૂર્વ' શાસ્ત્ર ભણાવવા માંડ્યા. પરંતુ રોજની આગળ આગળના નવા નવા સૂત્રોની સાત વાચના ચાલતી, એમાં બીજા મુનિઓ થાકી ગયા. અને એકમાત્ર સ્થૂલભદ્રજી ટક્યા. આ શાસ્ત્રના પુસ્તક ન મળે. ગુરુ મોઢે સૂત્ર બોલે, અર્થ સમજાવે, ને શિષ્યે ત્યાં જ એને ધારી લઈ મોઢે કરી લેવાના. એ પછી રોજ પુનરાવર્તન ચાલુ રાખી ટકાવી રાખવાના.

ત્યારે રોજ સાત વાચનામાં નવા નવા સૂત્ર કેટલા વધતા જાય ? એને યાદ રાખવાના, અને ઠેઠ પહેલેથી ભણેલા બધા સૂત્રનું પુનરાવર્તન રોજ કેટલું વધતું જાય ? આ પૂર્વ શાસ્ત્રો પણ નાનાસૂનાં નહિ, પહેલું પૂર્વ લખવું હોય તો એક હાથી પ્રમાણ શાહીની ભૂકી જોઈએ; ને બીજું પૂર્વ લખવા ૨ હાથી પ્રમાણ, ત્રીજું લખવા ૪ હાથી પ્રમાણ, અને ચોથું લખવા ૮ હાથી પ્રમાણ....એમ દ્વિગુણ દ્વિગુણ કરતાં જવાનું. કુલ ૧૪ પૂર્વો લખવા માટે ૧૬૩૮૩ હાથી પ્રમાણ શાહીની ભૂકી જોઈએ. આવા ૧૪ પૂર્વ સ્થૂલભદ્રજી જલદીથી ભણી ગયા, તે બધાં જ કંઠસ્થ ! શી રીતે આવા જંગી શાસ્ત્ર એટલા જલદીથી ભણી શકયા !

આની પાછળ અલબત ગુરુકૃપા, પોતાનો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષમોપશમ, ભણવાની ચીવટ ખંત અને મહેનત, ગુરુનો વિનય વગેરે કારણો છે, પરંતુ અહીં એક અસાધારણ મહત્ત્વનું કારણ આપણે વિચારવું છે.

જંગી શાસ્ત્રો જલદી કંઠસ્થ થવાનું મહાન કારણ આ છે, કે એમના મનમાં બીજા-ત્રીજા વિકલ્પોને સ્થાન નહોતું મળતું. માણસના મનમાં જે તે વિચારો ચાલ્યા કરે છે એટલે જ તત્ત્વવિચારણા સળંગ ચાલી શકતી નથી. તેમ સૂત્ર અને એના અર્થનું વચમાં બીજા ત્રીજા વિકલ્પ ભંગ થયા વિનાનું ધારાબદ્ધ આવર્તન પુનરાવર્તન ચાલી શકતું નથી. એવું આવર્તન ન ચાલે તો એ સૂત્ર-અર્થના સંસ્કાર ન જામી શકે, ને એથી જેમ જેમ આગળ આગળ ભણાતું જાય તેમ તેમ પાછળનું તેવા દઢ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

સંસ્કારના અભાવે ભૂલાતું જાય.

એટલા માટે વિદ્યાના અર્થીને આ જરૂરી છે કે (૧) વિદ્યાભ્યાસ કાળમાં બીજા-ત્રીજા વિકલ્પો વિચારોને અટકાવી જ દેવા જોઈએ. સાથે આ પણ જરૂરી છે કે (૨) અધ્યયન-પુનરાવર્તન પછી પણ જે તે વિચારો મગજમાં પેસવા દેવા ન જોઈએ. નહિતર એ મગજમાં પેઠા હોય તે રસથી જ પેઠા હોય, ને એ રસ વિદ્યાના રસને વિદ્યાભ્યાસના વિષયના રસને મોળો પાડી દે છે. તેથી ય એના સંસ્કાર મોળાં પડી જાય છે. જેનો રસ વધારે એના અનુભવથી એના સંસ્કાર દૃઢ જામે; એની સામે ઓછા રસવાળી વસ્તુના અનુભવના સંસ્કાર મોળા જ રહેવાના. રમતના રસિયા છોકરાને ભણતરના એવા સંસ્કાર નથી જામતા, એને ભણેલું બહુ યાદ નથી રહેતું. રમતનો રસ મનને ભણતર માટે દુબળું પાડી દે છે એમ બીજી ત્રીજી વસ્તુનો મનને શાસ્ત્ર-પદાર્થો માટે દુબળું રાખે છે. મનમાં એની એવી ગાઢ ધારણા ન થવા દે, પછી જલદી સળંગ કંઠસ્થ કયાંથી થાય ?

આ હિસાબે અધ્યયન-પુનરાવર્તન સિવાયના કાળમાં પણ બીજી ત્રીજી વસ્તુના રસમય સંપર્ક ન જોઈએ. રસ વિના જ એ આવી પડેલા ભોજનાદિ પતાવવાના જ હોય. એમાંય વચમાં પેલા પદાર્થો મગજમાં આવી જતા હોય. આ પતાવવાનું તે ય ટૂંકા સમયમાં જ; પછી પાછા એ જ સૂત્ર-અર્થ મગજમાં ચાલુ થઈ જાય.

સ્થૂલભદ્રજી સ્વામીએ આ રાખેલું, રસ શાસ્ત્રાધ્યનનો; ભોજનાદિનો ય રસ નહિ, માત્ર પતાવવાની વસ્તુ. મગજમાં બીજા પણ કશા વિચાર-વિકલ્પ જ નહિ, કેમકે કશાયનો રસ જ રાખેલ નહિ. પરંતુ પૂર્વનો દીર્ઘ કાળનો અભ્યાસ એ વસ્તુઓને મગજમાં ન લાવે ? લાવે, પણ એને ન આવવા દેવા સત્ત્વ કેળવવું જોઈએ, મન કાઠું કરવું જોઈએ. એમણે સત્ત્વને વિકસતું રાખેલું તેથી બીજા-ત્રીજા વિચારને ધક્કે ચડાવી દીધેલા.

પ્ર.- સ્થૂલભદ્રસ્વામીને અધ્યયનના વિષય સિવાય બીજા-ત્રીજાના વિચાર જ ન આવે એવું સત્ત્વ કયાંથી આવ્યું ?

ઉ.- એ સત્ત્વ સામે આવતી મંત્રિમુદ્રિકાને અને એથીય વિશેષ પ્રાણપ્યારી રૂપાળી અને અતિ પ્રેમાળ કોશા વેશ્યાને પડતી મૂકવાથી ઊભું થયેલું, ત્યારે કેટલો બધો ઊંચો વૈરાગ્યરંગ ઝળહળી ઊઠેલો હશે ? કોશા જાતની વેશ્યા છતાં સતીની જેમ સ્થૂલભદ્રજીને બાર વરસથી માત્ર દિલનાં પ્રેમવશ એક ધારા સમસ્ત સુખ આપનારી, એનો મોહ શે છૂટે ? પણ તત્ત્વ-સમજ કરી એ રાગ તોડીને વૈરાગ્ય ઝગમગાવવાનું સત્ત્વ ઊભું કર્યું, એ સત્ત્વ વિકસાવી સંસાર સમસ્તનો ત્યાગ કર્યો, કે કેટલું અગાધ સત્ત્વ !



હજીય એટલું સત્ત્વ કેળવ્યું હોય કે આ ભોગસાધનો અને ભોગ ભલે મને સુખાનુભવ કરાવતા હોય પરંતુ સર્વજ્ઞના વચનથી એ ખરેખર દુઃખરૂપ અને ત્યાજ્ય હોવાનું સચોટ ભાસે, આમ સર્વજ્ઞ વચન પર શ્રદ્ધા કરવા જોગું સત્ત્વ ઊભું કર્યું હોય, છતાં એ ભોગસાધનોનો અને રંગરાગ-મોજમજાહનો ત્યાગ કરવાનું સત્ત્વ લાવવું મહા કઠિન છે. સ્થૂલભદ્રજીએ આ સત્ત્વ કેળવ્યા પર ચારિત્ર લીધું છે. એટલે એવા મહા ત્યાગ કર્યા પછી અહીં ફાલતું કે મામુલી બાબતોમાં મનને ન જવા દેવા માટે સત્ત્વ શું કામ ચૂકે ? કેમ ગુમાવે ?

બસ, મહા વૈરાગ્ય પછી ત્યાગના વિકસાવેલા સત્ત્વને ઓર વિકસાવાને બીજી બધી આતુરતા આકર્ષણ આસક્તિઓને દાબી દઈ એના પર ઊઠતા બીજા-ત્રીજા, વિકલ્પો-વિચારોને ઊઠવા અવકાશ જ ન આપ્યો. પછી એ લફરાઓથી મુક્ત થયેલા મનમાં દિવસ-રાત સૂત્ર અને એના અર્થનું જ રટણ ચાલતું રહ્યું. તેથી એ જલદી ચૌદપૂર્વ ભણી ગયા, કુલ કંઠસ્થ કરી લીધું.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૨,અંક-૩૦,તા.૨૦-૪-૧૯૭૪

## (૧૦૯) જીવનમાં 'નમો અરિહંતાણં' ઓતપ્રોત કરવાની ચાવી

શાસ્ત્રમાં એક દેવતાનો પ્રસંગ આવે છે. દેવતા જ્ઞાનીને પૂછે છે, 'ભગવંત ! અહીંથી મરીને હું ક્યાં જન્મીશ ?' જ્ઞાની ભગવંત એને કહે છે,- 'અમુક ફલાણા જંગલમાં તું વાંદરાનો અવતાર પામીશ.'

દેવતા આ સાંભળીને ગભરાઈ ગયો, એના મનને ભારે અફસોસ થવા લાગ્યો કે 'અરે ! પૂર્વ જનમમાં ઉત્તમ ધર્મસાધના કરીને તો હું અહીં સ્વર્ગમાં આવ્યો, પણ હવે અહીંના દિવ્ય વિષયોમાં ધર્મ વિહોણાં ઉધમાતિયા જીવનથી હાય ! શું હું ઉધમાતિયો વાનર થવાનો ? જ્ઞાનીનું કહ્યું ખોટું ન પડે. પરંતુ વાંદરો થઈને તો હું તદ્દન ધર્મહીન બનવાનો, અને પાપિષ્ઠ વિષયાસક્તિમાં કૂદાકૂદ કરવાનો ! તો ત્યાંથી તો કેવી ય અધમ દુર્ગતિઓમાં હું ભટકતો થઈશ ! હાય ! ત્યારે શું ધર્મ નહિ જ મળે ?'

દેવતા ભલે ચિંતામાં પડી ગયો. દેવ અવધિજ્ઞાનથી પૂર્વભવ અને એનો ધર્મ તથા એના ફળરૂપે મળેલ આ દિવ્ય સુખો પ્રત્યક્ષ દેખે છે, એટલે એને તો ધર્મની શ્રદ્ધા થઈ જાય છે, પરંતુ પામર મનુષ્ય ધર્મ અને એના ફળોનો પ્રત્યક્ષ કાર્ય-કારણભાવ દેખી શકતો નથી, એટલે હાથવેંતમાં છતાં ધર્મ કરતો નથી. કોણ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

નસીબદાર ? દેવતા કે મનુષ્ય ? છતાં મનુષ્ય વધારે નસીબવંતો છે; કેમકે ગુરુવચન અને શાસ્ત્રથી ધર્મ અને એના ફળના કાર્યકારણભાવને નિશ્ચિતપણે જાણી શકે છે એટલું જ નહિ, પણ એ જ ઉચ્ચ કોટિના ત્યાગ-તપ-સંયમ-વ્રત-નિયમ આદિ ધર્મને સાધી શકે છે, એ મોટો દેવતા ય નથી આચરી શકતો.

પેલા દેવતાએ ચિંતામાંથી માર્ગ શોધી કાઢ્યો કે પરભવે ધર્મ શી રીતે મળે ? એણે જે જંગલમાં વાંદરરૂપે જનમવાનું હતું ત્યાં જઇ જુદી જુદી શિલાઓ પર 'નમો અરિહંતાણં' એવા કોતરેલા રત્નમય અક્ષરો આલેખી દીધા; જેથી અહીં જુએ નહીં જુએ બધે જ એ દેખવામાં આવે. પછી પોતાના વિમાનમાં પાછો આવી વિમાનમાં પણ અહીં ને તહીં 'નમો અરિહંતાણં' રત્નમય અક્ષરો બરાબર એવા જ આલેખી દીધા; જેથી અહીં જીવે ત્યાં સુધી જયાં ને ત્યાં એ નજરે ચડ્યા કરે. બસ, દેવ-આયુષ્ય પૂર્ણ થયે એ મરીને પેલા જંગલમાં વાંદરો થયો.

વાંદરો થઈને ઝાડે ઝાડે ઠેકડા મારતો મોજથી ફરતો હતો. એવામાં એક વાર આ શિલાઓના સ્થાનમાં આવી ચડ્યો. એક શિલા પર જુએ છે, બીજી પર જુએ છે, ત્રીજી પર..., એમ બધે જ પેલા અક્ષરો નજરે ચડે છે. બહુ ઠેકાણે જોતા એના મનને એમ ભાસ થવા માંડ્યો કે, 'આવું મેં કયાંક દેખ્યું છે હેં ? ક્યાં દેખ્યું ? કયાં દેખ્યું ?...' એમ ઉહાપોહમાં ચડતાં એને પૂર્વજન્મનું સ્મરણ થઈ આવ્યું; ને બધી વાત યાદ આવી ગઈ.

બસ, એક બાજુ એને ખેદ થયો કે, 'અરે ! વિષય-વિલાસોમાં દેવભવ બરબાદ કરી કયાં હું અહીં વાનર-પશુની યોનીમાં પટકાઈ પડ્યો ?' પણ બીજી બાજુ આનંદ થયો કે 'હાશ ! ઠીક થયું આ મારી પૂર્વની યોજનાથી હું સભાન બન્યો કે, 'હું ધર્મ વિના દેવભવેથી ભ્રષ્ટ થઈ આટલે નીચે પટકાઈ પડ્યો છું.' તો હવે ફિકર નહિ, હવે મારે પાપથી સર્યું; ધર્મમાં લાગી જાઉં. અલબત્ત મનુષ્યની જેમ અહીં મારે એવી ધર્મસાધના મુશ્કેલ છે, પરંતુ સર્વ પાપો અને ખાનપાન સુદ્ધાં વોસિરાવી દઈ જીવનભરનું અનશન કરી લઉં અને સાથે નમસ્કારમંત્ર-અરિહંતના ધ્યાનમાં લીન બની જાઉં. એ પણ મહાધર્મ છે, વાનરે આ પ્રમાણે વિચારી અનશન ઝુકાવ્યું. કાળ કરીને એ દેવગતિ પામ્યો.

આમાંથી એક આ સાર લેવાનો છે કે પરભવમાં સ્મરણ માટે જેમ વાનર દેવે પોતાના વિમાનમાં ઠામ ઠામ, 'નમો અરિહંતાણ' આલેખ્યું. જેથી 'એના દર્શનમાં ચાહીને મન પરોવવાથી એના ઘેરા સંસ્કાર પડે તો પરભવે એ સંસ્કાર જાગીને બુઝવે; એ રીતે આપણા જીવનમાં આવાં કોઈ નક્કર દર્શન, નક્કર ક્રિયા,



નક્કર જાપ-સ્તોત્ર વગેરે વારંવાર થાય અને એમાં ચાહીને મન પરોવાય, તો એના ઘેરા સંસ્કાર ઊભા થાય, જે અહીં કટોકટીમાં તથા અંતકાળે અને પરલોકમાં ખૂબ લાભદાયી થાય.'

આ હિસાબે આપણે તપાસવા જેવું છે કે આપણામાં 'નમો અરિહંતાણં' પદ શું એવું ઓતપ્રોત થઈ ગયું છે ખરું કે એ જયાં ને ત્યાં અને જયારે ને ત્યારે મનમાં સ્ફૂરી આવે ? સુદર્શના રાજકુમારી પિતાની સાથે રાજસભામાં બેઠેલી એમા રાજાને છીંક આવી; છીંકનો 'હાટ્છી'; જેવો મોટો ધડાકો થતાં જ સભામાં બેઠેલા નગરશેઠના મોંમાથી પણ 'નમો અરિહંતાણં' નો મોટો અવાજ નીકળી પડ્યો, ને એ સાંભળવા પર રાજકુમારીને મૂર્ચ્છા આવી ગઈ; કેમકે એને જાતિસ્મરણ જ્ઞાન થયું, ને એમાં જોયું કે, "પોતે પૂર્વ ભવમાં સમડી પારધિએ વિંધાયેલી જમીન પર પડી તરફડતી હતી એમાં એક મહાત્મા એના કાનમાં 'નમો અરિહંતાણં...' સંભળાવતા હતા. એથી મરીને પોતે અહીં જન્મી ગયેલી." ત્યારે અહીં બે વાત વિચારવા જેવી છે કે

(૧) સમડીએ ત્યાં ભલે અંત સમયે, પણ ચિત્તમાં આ પદ કેવું ઓતપ્રોત કર્યું હશે કે એ પદ અહીં પહેલ પહેલું એક જ વાર સાંભળવા મળતા મનને લગાડી દીધું કે 'ઓહો ! આવું મેં કયાંય સાંભળ્યું છે.'

(૨) બીજું એ કે નગરશેઠે ચિત્તમાં એ પદ કેવું ઓતપ્રોત કર્યું હશે કે અહીં કોકની છીંકના ધડાકા પર એ સહસા બોલાઈ જાય ? કહો, બેસતાં કે ઊઠતાં, જાગતા કે સૂતાં, મકાનમાંથી નીકળતાં કે પેસતાં ખાતાં કે પીતાં,...બધે જ 'નમો અરિહંતાણં,' બોલવાનો અભ્યાસ પાડેલો. પછી સહેજ ઠોકર ખાતા કે કાંક ધડાકો સાંભળતા સહેજે એ પદ બોલાઈ જતું તે અહીં પણ સહેજે બોલાયું.

અહીં શી રીતે એવી ઓતપ્રોતતા થઈ શકે ? એનો આ ઉપાય છે કે પ્રતિજ્ઞા રાખવી કે 'મારે જાગતો હોઉં એમાં અંદાજે કલાકમાં એક વાર તો 'નમો અરિહંતાણં' યાદ કરવું જ ને ભૂલાઈ જાય એના દંડમાં ૩ નવકાર ગણી આપવા.' પછી આ નિયમ યાદ આવે એ માટે ઘરમાં ૫-૭ ઠેકાણે 'કલાકે નવકાર' એવી ચિઠ્ઠી ચોડી રાખવી, એમ ખીસાની ડાયરીના મથાળે લખી રાખવું જે જોતાં નિયમ યાદ આવે ૨-૪ દિવસ જ આની જરૂર; પછી તો અભ્યાસ પડી સહેજે યાદ આવશે...ભલું હશે તો પદ ૦ા-૦ા કલાકે યાદ આવશે. એવો મહાવરો પડ્યે એ સ્મરણ બેસતા કે ઊઠતાં ખાવાનું શરૂ કરતાં કે પીવાનું શરૂ કરતાં....બધે લગાડવાનું એમ ઓતપ્રોતતા થશે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

## (૧૧૦) તીર્થયાત્રાની તારવણી

રેલગાડી અને મોટરોની સગવડ વધતાં આજે તીર્થયાત્રાની પ્રવૃત્તિ વધી છે. અલબત જેને મૂર્તિમાં શ્રદ્ધા નથી, મૂર્તિ પૂજ્ય નથી, એને તો છતે આટલા બધા મહાન તીર્થે, તીર્થયાત્રાનું ભાગ્ય નથી. ભલે એ પોતાના મનથી સંતોષ વાળે, કે 'આપણે એટલી મિથ્યા પ્રવૃત્તિ અને આરંભ-સમારંભથી બચ્યા,' પરંતુ આ સંતોષ પોકળ છે. યાત્રાએ નથી જતો એટલો ટાઈમ ઘરસંસારમાં કંઈ આરંભ-સમારંભ કર્યા વિના નથી રહેતો. તો એ આરંભ-સમારંભથી કયાં બચ્યો ? અહીં પ્રશ્ન થાય,-

પ્ર.- પરંતુ આરંભ-સમારંભ કરીને ધર્મ કર્યો એમ માનવાના મિથ્યાભાવથી તો બચ્યો ને ?

ઉ.- આ કલ્પના ખોટી છે. ધર્મ આરંભ-સમારંભમાં નહિ, પરંતુ પ્રભુભક્તિમાં માને છે, દુન્યવી પાપારંભો અને વિષયવિલાસોથી એટલો ટાઈમ બચ્યો એને ધર્મ માને છે. ગૃહસ્થની કક્ષા એવી છે કે એને પ્રભુભક્તિ કરવા માટે આરંભ-સમારંભ અનિવાર્ય છે. તેથી એ તો પ્રભુભક્તિ-ધર્મનું સાધન બન્યા, અધર્મ નહિ. દા.ત. ગુરુ બીજા ગામથી આવતા હોય તો સમૂહમાં સામે લેવા જવામાં ગુરુવિનય-બહુમાનનો ધર્મ માન્યો. એમાં સમૂહમાં ચાલવામાં સંભવ છે જીવજંતુ મરે પણ એટલા માત્રથી સામે લેવા જવાની પ્રવૃત્તિને અધર્મ નથી મનાતી, અથવા ચોમાસામાં વરસતા વરસાદમાં થઈને ગુરુને વંદન કરવા જવાય, એમની ધર્મવાણી સાંભળવા જવાય. એમાં આ આરંભ-સમારંભ કરીને વંદન-ધર્મશ્રવણ કરવા જવામાં ધર્મ માનવો એ મિથ્યાભાવ છે' એમ નથી મનાતું. તો પછી આરંભ-સમારંભથી થતી પ્રભુભક્તિ-તીર્થયાત્રાને ધર્મ માનવામાં મિથ્યાભાવ કેમ કહેવાય ? જેવી પેલી ગુરુસ્વાગતની કે વંદન શ્રવણ પ્રવૃત્તિ આરંભ-સમારંભવાળી હોવા છતાં મિથ્યાપ્રવૃત્તિ નથી, એવી આ પ્રભુભક્તિ-તીર્થયાત્રાની પ્રવૃત્તિ પણ મિથ્યા પ્રવૃત્તિ નથી, શુદ્ધ ધર્મપ્રવૃત્તિ છે.

ત્યારે મૂર્તિ પૂજ્ય નહિ માનવામાં કેટલું ગુમાવવું પડે છે ? મૂર્તિને અમાન્ય કરવાનું તો ૩૦૦-૪૦૦ વરસથી ચાલ્યું, જ્યારે તીર્થો હજારો-લાખો વરસોથી પૂજ્ય તરીકે ચાલ્યા આવે છે તે શું એને પૂજનારા-માનનારા બધા જ બુદ્ધિહીન



હતા ? ભાવિકોએ ક્રોડોના ક્રોડો રૂપિયા એ તીર્થ પર ખરચી નાખ્યા તે શું એને પૂજ્ય માન્યા વિના ? સામાન્ય અક્કલથી વિચારાય તો ય મૂર્તિ અને તીર્થની મહાનતા સમજાય એવી છે. પણ વ્યુદ્ગ્રહથી એનો અપલાપ કરવા જતાં એમને બિચારાને છતે તારક તીર્થોએ ખૂબ ગુમાવવાનું થાય છે.

ત્યારે હવે તીર્થને પૂજ્ય માની તીર્થયાત્રાઓ કરવાનું આ કર્તવ્ય વિચારવાનું છે કે તીર્થયાત્રા કરીને એમાંથી તારવણી શી લઈ આવવાની ? અને જો એ ન લઈ અવાય તો એવી કેટલી તીર્થયાત્રાઓથી આ ભવસાગર તરી જવાય ?

'તારે તે તીર્થ,' આ 'તીર્થ' શબ્દનો અર્થ છે, તારવાનું શાને કહેવાય ? જીવનમાંથી રાગ-દ્વેષ-મમતા, કામ-ક્રોધ-લોભ, મોહ-મદ-મત્સર, વગેરે પાપોના તથા હિંસાદિ પાપોના કચરા કઢાવી નાખે એટલે તારવાનું બને. તો 'આ કામ તો સદ્ગુરુના ઉપદેશથી થાય ? કે શત્રુંજયાદિ સ્થાવર તીર્થથી થાય ?' આ એક સવાલ છે.

આનું સમાધાન આ છે કે અલબત સ્થાવર તીર્થ બોલતા નથી. ને બોલ્યા વિના સામાને શી રીતે ધર્મની અને પાપત્યાગની પ્રેરણા જગાવી શકે એમ પ્રશ્ન થાય, છતાં પણ તીર્થની કેટલીક એવી વિશેષતાઓ છે કે આ કાર્ય સારું કરી શકે. વિશેષતાઓ આ રીતે કાર્ય કરે,-

(૧) તીર્થમાં હજારો લાખો યાત્રિકોએ આવી પૂજાભક્તિના ભાવ કર્યા હોય એથી વાતાવરણ બહુ પવિત્ર બન્યું હોય એની સુંદર અસર હોય. એનું સ્મરણ પ્રેરણાદાયી બને.

(૨) ઘર છોડીને દૂર તીર્થમાં જવાથી સાંસારિક ખટપટોથી તન-મન મુકત હોય એટલે પણ ધર્મના ધામભૂત તીર્થમાં ધર્મપ્રેરણા બહુ સુલભ બને.

(૩) તીર્થમાં જિનભક્તિ મુખ્ય હોય છે. તેથી બીજા યાત્રિકો દ્વારા કરાતા જિનગુણગાન સાંભળતાં પણ સંસારની અસારતા, દુષ્કૃતોની નિંદા, મોક્ષની પ્રાર્થના વગેરે કાન પર પડે છે. તેમજ પોતે પણ તીર્થમાં જે જિનગુણગાન કરે તે ખૂબ ભાવોલ્લાસભર્યું થાય છે, ને એમાં સંસારની અસારતા વગેરે હૃદયસ્પર્શી બને છે. એથી પાપત્યાગ અને ધર્મની પ્રેરણા સારી મળે છે.

(૪) શત્રુંજય મહાતીર્થ પર તો અનંતા આત્મા મોક્ષ પામ્યા છે. એમનું સ્મરણ થતાં મન પર એવી ઊંડી અસર પડે છે કે, ''અહો ! આમાં એક સાથે કોટિ કોટિ આત્માઓએ સંસારની માયા મૂકી, કષાયો વોસિરાવ્યા, વિષયવિલાસ તો શું પણ દેહના આધાર-ખાનપાન પણ છોડ્યા યાવત્ છેલ્લે એક મહિના સુધી



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

કાયોત્સર્ગ કરી દેહની મમતા સંભાળ તદ્દન જ મૂકી દીધી. તો એ કેટલું બધુ ધન્ય જીવન ! માનવ જીવનની કેવી સુંદર સાર્થકતા ! એવા એ અમારા પૂર્વજોના જબરદસ્ત આત્મ-પરાક્રમો જોઈને શું એમ એમાનું કઈં ન લઈએ ? મહાતીર્થને પામીને એમણે રાગ-દ્વેષ-મદ-કામ-ક્રોધ-લોભ તથા હિંસાદિ પાપોને સદંતર નષ્ટ કરી નાખ્યા, તો એ જ તીર્થને પામીને અમે આ પાપોને અંશે ય ન ઓછા કરીએ ?'' મન પર આ અસર પડે, એથી પાપત્યાગ અને ધર્મની ભારે પ્રેરણા મળે છે.

સારાંશ, તીર્થની વિશેષતાઓ પાપત્યાગની અને ધર્મની સુંદર પ્રેરણા આપે છે. માટે જ તીર્થયાત્રામાંથી આ તારવણી કાઢવાની કે તીર્થયાત્રા કરીને જીવનમાંથી વિષયવિલાસો, યથેચ્છ ખાનપાન, ધન વગેરે જડ પદાર્થોની મમતા અને વધુ પડતા આરંભ-સમારંભ તથા પાપના ધંધા ઓછા કરતા અવાય. આજે તીર્થોમાં જઈ વિષયવિલાસની વધુ લહેર-મોજ, મીઠાં ખાનપાન, પત્તાબાજી, વગેરે ચાલ્યું છે એ ભારે દુઃખદ છે, અત્યંત અનિચ્છનીય છે; કેમકે અન્ય સ્થાને કરેલા પાપ ધર્મસ્થાને છૂટે; પણ ધર્મસ્થાને કરેલા પાપ કયાં છૂટે ? એ તો વજ્રલેપ થાય.

વળી તીર્થને પામીને અનંતાએ જ્યાં સમસ્ત પાપ છોડયા છે, તો એ તીર્થની યાત્રાની તારવણીમાં આપણે અસત્યભાષણ, અન્યાય-અનીતિ, વિશ્વાસઘાત વગેરે મહાપાપ તો છોડવા જ જોઈએ ને ?

બસ, તીર્થયાત્રાનો આનંદ માનવામાં આ પાપત્યાગનું લક્ષ ખાસ રહેવું ઘટે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૨,અંક-૩૨,તા.૪-૫-૧૯૭૪

## (૧૧૧) પ્રભુના આશરે ઠામોઠામ સુખ

પૂ. ઉપાધ્યાયજી મહારાજે શ્રી પદ્મપ્રભસ્વામીના સ્તવનમાં ગાયું કે,-

**'વાચક જશ કહે એહિ જ આશરે, સુખ લહું ઠામો ઠામજી...સુગુણ સનેહા રે કદી ય ન વીસરે.'**

કવિને તીર્થંકર ભગવાન પર એટલો બધો વિશ્વાસ અને ભગવાનની એટલી બધી હુંફ છે કે એ કહે છે કે, 'ભગવાનના આશ્રયે હું તો ઠામોઠામ સુખ પામું છું. આવા મારા સુગુણ સ્નેહી પ્રભુ મને ક્યારે ય ભૂલાતા નથી.' ત્યારે એ વિશ્વાસ અને હુંફ કેટલી ? આપણે ય દાવો તો રાખીએ કે મને પ્રભુ પર વિશ્વાસ છે, પણ



તપાસવું જોઈએ કે, 'પ્રભુથી સુખ જ સુખ મળે એવી શ્રદ્ધા છે ખરી ?' 'મને તો ઠામ ઠામ સુખ જ દેનાર, પ્રભુજી મળી ગયા છે મારે શી ફિકર છે ?' એવી હુંફ ખરી ? 'આવા સ્નેહી જગતમાં શોધ્યા ન મળે એટલે એમને ભૂલ્યા ભૂલાય એમ નથી.' એમ પ્રભુજી અંગે મનને થાય છે ખરું ?

ઠીક છે મહાપુરુષો લખી ગયા છે એટલે શ્રદ્ધા કરી લઈએ કે 'પ્રભુના આશ્રયે ઠામોઠામ સુખ મળે' પણ મનને કેમ જાણે એમ વસવસો રહ્યા કરતો હોય કે મને તો એક દુઃખ ને બીજું ને ત્રીજું...એમ દુઃખ તો આવ્યા કરે છે અને પ્રભુનો આશરો તો મેં લીધો છે, તો પ્રભુના આશરાથી ઠામોઠામ સુખ જ સુખ ક્યાં રહ્યું ?'

પહેલું તો સમજી રાખવું કે દુનિયાના દુઃખ એ દુઃખ નથી, પરંતુ આપણા મનને દુઃખ લાગે એ દુઃખ છે. માણસ કમાઈ લાવીને ખાતો હોય, પાસે મૂડી નથી એ દુઃખ છે, પરંતુ જો એના મનને એની ચિંતા નથી, કેમકે પત્ની સારી મળી છે, તો આનંદ-મસ્તીમાં રહે છે, કશું દુઃખ લાગતું નથી. નોકરીયાતને શેઠની ગુલામી એ દુઃખ છે, પરંતુ જો ભાગીદારોના ઝઘડા જોઈ કે ટેક્ષોના લફરાં જોઈ એના મનને લાગે કે આના કરતાં મારે નોકરી છે એ બરાબર છે, તો એનું દુઃખ લાગતું નથી. રોગીને રોગનું દુઃખ છતાં જો બીજી બાજુ ધીકતો ધંધો ધીકતી કમાઈ હોય અને મનને સમજતો હોય કે 'રોગ તો તકદીરની વાત છે,' તો એને રોગનું એવું દુઃખ લાગતું નથી.

પરંતુ દુઃખ ન લાગવાના બધાં નિમિત્ત તકલાદી છે. સારી પત્ની જો માંદી પડી, નોકરીમાં જ જો એવું કાંઈક લફરું ઊભું થયું, ધીકતી કમાઈ જો બંધ પડી, તો ઉપરોક્ત સંયોગમાં દુઃખ લાગવા માંડે છે. ત્યારે અહીં પ્રભુનો આશરો આવે છે. તે આ રીતે, કે

પ્રભુને આપણા દિલમાં એવી રીતે સ્થાપિત કરીએ કે મારે જીવનમાં મુખ્ય અનુભવ બે જાતના (૧) બાહ્ય સુખ-દુઃખનો અને (૨) આન્તર શુભ અશુભ ભાવનો. **આ બેમાં મહત્ત્વનો છે આન્તર શુભ-અશુભ ભાવનો અનુભવ.**

કેમકે, બાહ્ય ગમે તેટલા સુખનો અનુભવ હોય છતાં જો અંદરમાં ભાવ અશુભ છે, ચિત્ત મદ-માન-વિષયલંપટતા વગેરેથી કલુષિત છે, તો જીવન ધૂળધાણી છે, પુણ્ય વેચીને અઢળક પાપ કમાવાનું થાય છે. અને એક આવા સદ્ગતિના ભવમાંથી અનેક દુર્ગતિના ભવો સરજવાનું થાય છે. તો પછી એ સુખ શું કામનું ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

ત્યારે જો બાહ્ય દુઃખનો અનુભવ છે, પરંતુ જો અંતરમાં મૈત્રી આદિ ભાવ, વૈરાગ્ય, ત્યાગ-તપના ભાવ, દયા, ક્ષમા-નમ્રતા-નિર્લોભતા વગેરે શુભ ભાવનો અનુભવ ચાલી રહ્યો છે, તો બાહ્ય દુઃખથી પાપ વેચીને અઢળક પુણ્ય ખરીદવાનું થાય. તો પછી બાહ્ય દુઃખ શું રોવાનું ?'

અહીં પ્રભુનો આશરો કામ આપે છે. જો આપણે આપણા દિલમાં એ વિચારીએ કે શાન્તિનાથ ચક્રવર્તી જેવા મારા પ્રભુએ જબરદસ્ત કોટિના સુખ શું કે ચારિત્રજીવનના મહાન કષ્ટ શું, અને મહાવીર પ્રભુ જેવાએ વેઠેલ ભયંકર દેવતાઈ ઉપદ્રવના દુઃખ શું, એ સુખ-દુઃખને એમણે કશી વિસાતમાં ગણ્યા નથી, પરંતુ અતંરના ભાવને મહત્ત્વના લેખી દિલમાં અદ્‌ભુત લોકોત્તર શુભ ભાવોનો પ્રવાહ અખંડ વહેતો રાખ્યો છે, તો હું ધ્યાનમાં રાખી શા સારું બાહ્ય સુખ-દુઃખને મહત્ત્વ આપું ને એમ કરીને ચિત્તના ભાવ બગાડવાની મૂર્ખાઈ કરું ? મારે તો પ્રભુના આલંબને અંતરના ભાવ જ શુભ જાળવી રાખવાનો પ્રયત્ન રહો. સુખના અનુભવ કરતાં શુભ ભાવનો જ અનુભવ રાખું.

આ જો પ્રયત્ન આવી જાય તો તો પ્રભુના આશરે બાહ્ય દુઃખમાં ય શુભ ભાવની મસ્તી આવી જવાથી સુખ જ સુખ છે; ને એવું પ્રભુના આલંબને બનવાથી કહેવાય કે પ્રભુના આશરે ઠામોઠામ સુખ છે.

અલબત આમાં એ શોધી કાઢવું જોઈએ કે કેવા કેવા દુઃખ વખતે પ્રભુએ કેવો કેવો શુભ ભાવ રાખ્યો હશે; ને એ શોધીને આપણા મનમાં એની કેળવણી કરતા રહેવું જોઈએ. દા.ત. ઘોર તપસ્યાના કષ્ટ વખતે કર્મ અને રાગાદિ કચરો સાફ થતો રહી **આત્મસુવર્ણ શુદ્ધ થઈ રહ્યું** હોવાનો મહાસંતોષ હોય. દિવસ ઉપરાંત રાત્રિભર કાયોત્સર્ગધ્યાને ખડા રહેવાના કષ્ટ વખતે **આત્માનું સત્ત્વ વિકસતું** રહેવાનો-આનંદ હોય. એવું જ રાતભર ખુલ્લા બદને ઠંડીનું કે ડાંસમચ્છરનું કષ્ટ સહતાં **સંયમ ખીલવાનો** તોષ રહે. કોઈનું અપમાન-તિરસ્કાર-પ્રહાર આવતા અંતરની **ક્ષમા-સમતાની સમૃદ્ધિ કમાવા કરવાનો** આનંદ હોય.

સારાંશ, પ્રભુના જીવન પ્રસંગોનું આલંબન રાખવાથી શુભ ભાવ જાળવવાની જ તકેદારી રહે, અને તેથી ઠામોઠામ સુખ લાગે. એટલે જ પૂર્વે કહેલા દાખલામાં, મૂડી નથી એમાં પ્રભુનો 'અલ્પ-પરિગ્રહ એ મહાન ગુણસંપત્તિ હોવા' નો ઉપદેશ યાદ કરી આનંદ હોય. અથવા 'સારી પત્ની કરતાં સારા પ્રભુ મળ્યાની ભારે હુંફ હોય. નોકરીમાં બાકીના સમયે વેપારાદિની કોઈ ચિંતા વિચારોના લફરાં નહિ પ્રભુને નિરાંતે ભજી શકાય એનો આનંદ હોય. રોગમાં ય જિનભક્તિ ભગવત્સ્મરણ-શ્રદ્ધા-વ્રતનિયમ-તત્ત્વભાવના વગેરે કે જે પશુ આદિને અને કેટલાય માણસોને



મળ્યા નથી એ અમૂલ્ય ધન મળ્યાનો આનંદ હોય.

એમ પૂર્વોક્ત આત્મસુવર્ણશુદ્ધિ, સત્ત્વવિકાસ, સંયમસાધના, ક્ષમા-સમતાદિ સમૃદ્ધિની કમાઈ વગેરે પ્રભુના દૃષ્ટાન્તથી કમાતા રહેવાનું લક્ષ હોય એટલે ઠામ ઠામ સુખ લાગે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૨,અંક-૩૩,તા.૧૧-૫-૧૯૭૪

## (૧૧૨) પરમાત્માનો અનુગ્રહ કેમ પ્રાપ્ત થાય ?

એક જિજ્ઞાસુ શ્રાવકે અધ્યાત્મમૂર્તિ પૂ. પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યને અનુગ્રહ અંગે સમજ આપવા વિનંતી કરતાં એઓશ્રીએ આ પ્રમાણે મનનીય સમજ આપી,-

"અનુગ્રહ માટે તમે પુછાવ્યું. તો અનુ+ગ્રહ એમ બે શબ્દો છે." 'અનુ' એટલે પશ્ચાત્ અને 'ગ્રહ' એટલે ગ્રહણ. જેમનું નામગ્રહણ અથવા સ્મરણાદિ કરવા બાદ દુઃખ અને પાપ હટે તે અનુગ્રહ (થયો) ગણાય.

'પરમાત્માનો એવો સ્વભાવ જ છે કે તેમનું સ્મરણ કરનારાના પાપનો, દુર્ધ્યાનનો, મિથ્યામતિનો નાશ કરે જ.' તે સ્મરણ નામગ્રહણ વડે, પૂજાદિ સત્કાર-સન્માન વડે, યા આજ્ઞા-પાલનાદિના શુભ અધ્યવસાય વડે, ગમે તે પ્રકારે થાય તો તે પોતાનું કાર્ય કરે જ.

"જે વસ્તુ જેટલી પ્રભાવશાલી, તેટલો તેનો અનુગ્રહ અધિક, શેઠને નમન કરનારને પગાર વધે. રાજાને નમનારને ગામ મળે. ગુરુને નમનારને જ્ઞાન મળે. જેની પાસે જે હોય તે તેનો આદર કરનારને મળે એવો નિયમ છે. તે નિયમના આધારે પરમાત્મસ્મરણ પણ તેનું સૌથી અધિક ફળ આપે છે. (એ પરમાત્માનો તેવો સ્વભાવ છે) પરમાત્માના તેવા સ્વભાવમાં શ્રદ્ધા અને વિશ્વાસ દૃઢ હોવા જોઈએ."

**'भत्तीइ जिणवराणां खिज्जन्ति पुव्वसंचिया कम्मा ।**
**गुणपगरसि-बहुमाणो कम्मवणदावाणलो जेण ॥'**

"આ. નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુસ્વામીનું વચન છે કે જિનેશ્વરોની ભક્તિ વડે પૂર્વ સંચિત કર્મો ક્ષય પામે છે, કેમકે ગુણપ્રકર્ષવાનનું બહુમાન કર્મરૂપી વનને બાળવા માટે દાવાનળ સમાન છે."



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

"તે કારણે પાંચે પરમેષ્ઠી ભગવંતોનું ચાર નિક્ષેપાઓ વડે થતું આરાધન મહાફળદાયી છે. કોઈપણ જીવ પાપ ન કરો, કોઈ પણ જીવ દુઃખી ન થાઓ, સર્વ જીવો કર્મમુક્ત બનો, એ સમ્યગ્દૃષ્ટિ જીવોની નિરંતરની ભાવના છે."

-અનુગ્રહ તત્ત્વની આ માર્મિક સમજ પણ ખૂબ ધ્યાનમાં લેવા જેવી છે. આમાં ટૂંકમાં અનેક પ્રેરક માર્ગ દર્શન પીરસી દીધા છે. એને જીવનમાં જીવીને આત્મસાત્ કરવા જરા વિસ્તારથી વિચારીએ.

'અનુગ્રહ' એટલે નામ ગ્રહણ-સ્મરણની પાછળ નીપજતું ફળ દુઃખનાશ-પાપનાશ. આ કાર્યકારણભાવ જો બરાબર લક્ષમા રહે તો પરમાત્માનું સ્મરણ ખૂબ હોંશથી લેવાય, દિલ એમાં ગદ્ગદ બને, ભાવભીનું બને, મનને એમ થાય કે અહો ! આ દુનિયામાં મને આવા અનુગ્રહકારી ભગવાન મળી ગયા ! મારા ભાગ્યની અવધિ નથી. શી એવી મારી એવી યોગ્યતા કે મોટા દેવોને ય ન મળે, દુનિયાના ક્રોડો માણસોને ન મળે, એ પ્રભુ મને મળી જાય ? આમ પરમાત્મા પ્રત્યે દિલ ખૂબ જ ઝુકે; એ જેમ કોઈ મહા રોગીને કોઈ ચમત્કારિક કિમિયાગર યોગી વૈદ મળી જાય, કોઈ જંગલમાં ભારે ભયમાં મૂકાયેલાને પ્રખર શસ્ત્રધારી રક્ષક મળી જાય, કોઈ મહાનિર્ધનને કોટિ કોટિનું ધન દેનાર દેવ મળી જાય, ને જેમ એ એને સર્વેસર્વા ઝુકે એની માફક ઝુકે. પછી પરમાત્માનું એકતાન અને ઉત્કૃષ્ટ ભાવભર્યું સ્મરણ થાય.

અરિહંત પરમાત્મા પોતાનું સ્મરણ કરનાર ભક્તના દુઃખ અને પાપનો નાશ કરે છે એનું કારણ અરિહંત પ્રભુનો એવો સ્વભાવ જ છે. ચિંતામણિ-કલ્પવૃક્ષ કેમ માગ્યું આપે છે ? કહો, એ ચિંતામણિ અને કલ્પવૃક્ષ છે માટે એમનો સ્વભાવ જ એવો છે કે એને આરાધનારને વાંછિત પૂરે. એમ પ્રભુનો સ્વભાવ જ એવો છે.

પ્રભુ સ્મરણ દુઃખહર્તા-પાપહર્તા છે, એ સ્મરણ એટલે માત્ર યાદગીરી નહિ; પરંતુ એમના ભાવ-ભર્યા દર્શન-પૂજન-સત્કાર-સન્માન અને આજ્ઞાપાલન આજ્ઞાસ્વીકાર આજ્ઞાનુસાર પ્રવૃત્તિના શુભ અધ્યવસાય એ બધું ય એમનું સ્મરણ છે. એનાથી મનોરત્ન નિર્મળ થાય છે. મનમાંથી રાગાદિ તથા હિંસાદિ પાપ અને આર્ત-રૌદ્રધ્યાન તેમજ મિથ્યામતિ મિથ્યાત્વવાસિત કુબુદ્ધિ-દુષ્ટભાવ દૂર થાય છે. આ કથન સૂચવે છે કે આપણે દર્શન-પૂજનાદિ દ્વારા પ્રભુનું સાચું સ્મરણ કરીએ છીએ એનું પ્રતીક આ છે કે આપણા મનમાં આ રાગાદિ પાપો ઓછા થતાં આવવા જોઈએ. પ્રભુ મનમાં કે નજર સામે આવતા જ એ રાગાદિથી તદ્દન મુકત દેખાય, એ જાણે આપણને પાવર આપે છે કે 'છે શું ? નિર્ધાર કરે કે રાગ-દુર્ધ્યાન-મિથ્યામતિને તોડી નાખું.' પછી મનમાં એની ઘુમરાહ ચાલ્યા કરે.



વીતરાગ પરમાત્માના સ્મરણે આવો મોટો લાભ શી રીતે, એ બતાવતાં શેઠ-રાજા-ગુરુના દૃષ્ટાન્તથી કહ્યું કે વસ્તુ જેટલી પ્રભાવશાળી એટલો લાભ એનો આદર કરનાર પામે. આ સૂચવે છે કે આપણે અવસરે આવ્યે જો શેઠ રાજા વગેરેને ખૂબ આદરથી સેવી ફળ પામીએ છીએ તો પછી અચિંત્ય અનંત પ્રભાવવંતા પરમાત્માને તો કેટલા અઢળક આદરથી સેવવા-સ્મરવા જોઈએ ? ને એ રીતે એ જો કર્યે જઈએ છીએ તો પાકો વિશ્વાસ પાકી હુંફ રાખવાની કે આપણે અંદરખાને લાભ પામ્યે જ જઈએ છીએ. 'ભત્તીઈ જિણવરાણં...' શ્લોક ટાંકીને આ જ બતાવ્યું કે અટલ વિશ્વાસ રાખો કે જિનભક્તિથી પૂર્વસંચિત કર્મ નષ્ટ થઈ જ રહ્યા છે. તમારું કામ ભક્તિનું કર્તવ્ય બજાવવાનું, ફળ સામે નહિ જોવાનું, ફળ આપવાનું જ છે. એનું કારણ આ છે, પરમાત્મા ઉત્કૃષ્ટ ગુણોવાળા છે એટલે એમની ભક્તિ સ્મૃતિ કરતાં એ ઉત્કૃષ્ટ ગુણો પર બહુમાન થાય છે, અને સ્વાભાવિક છે કે દોષના આદર કરી કરીને એકત્રિત કરેલા કર્મોને ઉચ્ચ ગુણનો આદર બાળી ભસ્મ કરી નાખે જ.

આ સત્ય ઉપર માત્ર અરિહંત જ શું, પણ અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સાધુ એ પાંચે પરમેષ્ઠીના ઉચ્ચ ગુણોનું બહુમાન આ કર્મદાહનું કામ કરે છે. એ બહુમાન એમની ભક્તિ સ્મૃતિ દ્વારા થાય, તે પણ એમના ચારે નિક્ષેપાની ભક્તિથી, અર્થાત્ એમનું 'નામ' લો એમની મૂર્તિ વગેરે 'સ્થાપના' ના દર્શનાદિ કરો. એમના 'દ્રવ્ય' એટલે શરીરાદિને પૂજો તથા એમના 'ભાવ' અર્થાત્ તે તે પદના ગુણોથી સંપન્ન એમના આત્માને ભજો.

પ્રાંતે, આ પરમેષ્ઠિભક્તિ કરવા માટે દિલ અ-ક્ષુદ્ર ઉદાર-ઉમદા જોઈએ, એ માટે સર્વજીવોના પાપ-દુઃખ-કર્મ દૂર થવાની મૈત્રી ભાવના જરૂરી બતાવી.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૨,અંક-૩૬,તા.૧-૬-૧૯૭૪

## (૧૧૩) જિંદગી જીવવા જેવી લાગે છે ? કેવી જિંદગી ?

આવો પ્રશ્ન આવે કે, 'જિંદગી જીવવા જેવી લાગે છે ત્યારે ભાગ્યે જ કોઈ કહે કે, 'ના નથી લાગતી, જિંદગી ટૂંકાઈ જાય તો સારું.' કેટલાક બુઢ્ઢાઓ આમ કહે છે ખરા, પરંતુ ખરેખર તો એમને જિંદગી પર કંટાળો નથી, કિન્તુ બુઢાપણમાં આંખ કામ નથી કરતી, ખાધેલું પચતું નથી. સારું સારું ખાઈ શકાતું નથી, પોતાના માનેલા તરફથી અનાદર મળે છે, વગેરે વગેરે બાબતો પર કંટાળો છે, એટલે



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

એમને લાગે છે કે આવા અનિષ્ટોને બદલે બધુ મનગમતું હોય તો તો જિંદગી જીવવા જેવી જ લાગે છે.

આ એકલા બુઢ્ઢાઓની જ સ્થિતિ નથી, હરકોઈ માણસને બધું મનગમતું બન્યું રહે એના પર જિંદગી જીવવા જેવી લાગે છે.

ત્યારે વિચાર કરવા જેવો છે કે જિંદગી જીવવા જેવી લાગવી તે ખરેખર આ મનગમતું બની આવે એથી એ બરાબર છે ?

એ બરાબર છે એમ નહિ કહી શકાય. કેમકે એમાં તો પહેલી વાત આ છે કે કોઈની પાસે એવો પુણ્યસમૂહ છે કે બધી વાતે દુન્યવી મનગમતું બની આવે ? પુણ્યાઈની અધુરાશ તો રહેવાની; ને તેથી મનગમતામાં અધુરાશ પણ રહેવાની, એમ એવા કોઈ અંતરાયાદિના પાપના ઉદય પણ રહેવાના કે જે અણગમતું બનાવી મૂકવાના. આ બંનેથી સ્થિતિ એવી બની આવે કે ધારેલું મનગમતું ન બનવામાં અને વિલક્ષણ અણગમતું બની આવવામાં ચિત્તને એવો ઉદ્વેગનો સંભવ છે કે જેમાં મનને એમ થાય કે આવી જિંદગી શા કામની ?

એટલે જ જિંદગી જીવવા જેવી દુન્યવી બધું મનગમતું બની આવવા પર લાગે એ શક્ય ક્યાં રહ્યું ? તેથી જ વિચારવા જેવું છે કે તો પછી જિંદગી જીવવા જેવી શેના પર માનવી ? એના ઉત્તર આ છે કે દિલમાં શુભ ભાવોલ્લાસ બન્યા રહે, ચિત્તમાં સમાધિ-સ્વસ્થતા-પ્રસન્નતા બની રહે, એના પર જિંદગી જીવવા જેવી માનવી જોઈએ. બધું મનગમતું મળવાની આકાંક્ષા રહે એ પણ એટલા માટે છે કે મન મસ્ત રહે પ્રસન્ન રહે. કિન્તુ એ બનવું શકય નથી. તેથી દિલની પ્રસન્નતા કાયમી બની રહેવાની શકયતા નથી. તેથી પ્રસન્નતાનું સાચું સાધન શોધવા જેવું છે. તે આ છે, કે ચિત્તમાં શુભ અધ્યવસાયો, શુભ ભાવોલ્લાસ નિરંતર બન્યા રહે તો એના પર પ્રસન્નતા કાયમી બની રહેવાની.

આ શુભ ભાવોલ્લાસ બન્યા રાખવા માટે જીવનમાં ઉચ્ચ સાધન સર્વથા સંયમ છે, અને સહેલું સાધન વીતરાગ પરમાત્માનું નામસ્મરણ છે. જિનાજ્ઞા પર અતિશય બહુમાન અને એનો સ્વીકાર છે.

પરમાત્માનાં નામસ્મરણોનું એટલું બધું ઊંચું મહત્ત્વ અંકાય કે આ મળવા આગળ દેવતાઈ પણ સુખ મળ્યાની કશી કિંમત નથી. સુખ તો નાશવંત છે. અધિક સુખની તુલનાએ જોવા જતાં મન બગડે એવા છે, અને પુણ્ય ખુટાડનારા છે. ત્યારે વીતરાગ પ્રભુનું નામસ્મરણ અક્ષય ફળદાયી છે, અધિક સાધનાની તુલનામાં મન બગાડતું નથી, અને પુણ્યની વૃદ્ધિ જ કર્યે જાય છે. એટલે આ વિશ્વાસ ધરાય કે મને આ જીવનમાં વીતરાગપ્રભુનું નામ સ્મરવા મળે છે એ મારું બહું ઊંચું



અહોભાગ્ય છે; ને એ દુન્યવી ઊંચી નીચી કોઈપણ સ્થિતિમાં સ્મરી શકું છું. પછી એ નામસ્મરણ ચાલુ હોય એટલે સહેજે મનની પ્રસન્નતા બની રહે, ભાવોલ્લાસ સારા રહે, અને એથી જિંદગી પર કયારેય કંટાળો ન આવે. દુન્યવી મોટી આફતમાં પણ એમ થાય કે મને ભગવાનનું નામસ્મરણ તો મળે છે, ને એ બીજા કયા ભવમાં મળવું સહેલું છે ? એ તો અહીં જીવતો છું ત્યાં સુધી જ શકય છે. માટે આ પ્રભુનામનું સ્મરણ કરવા માટે જેટલું જીવાય એટલું સારું છે. આમ જિંદગી પ્રભુનામનાં સ્મરણથી જીવવા જેવી લાગ્યા કરવાની.

આવું જ બીજું સાધન જિનાજ્ઞાનો અત્યંત બહુમાન સાથે સ્વીકાર છે. આ સ્વીકાર પણ દુન્યવી કે શારીરિક કોઈપણ ઊંચી-નીચીમાં કાયમ ટકી રહે એવો છે. મનને એવો અહોભાવ જોઈએ કે, 'અહો ! મને આ જગતમાં જન્મમરણોચ્છેદનું એકમાત્ર સાધન, સર્વોત્કૃષ્ટ અને અનંતકલ્યાણકર જિનવચન મળ્યાં ! મારું કેવું અહોભાગ્ય ! હું જીવનમાં એ જ સારભૂત અને આદરણીય માનું છું અને એનું શરણ સ્વીકારું છું. આ જિનવચનનો સ્વીકાર પણ લખલૂટ પાપોનો ક્ષય કરનારો છે. ગમે તેવા સુખમાં કે દુઃખમાં એ મારા હૃદયમાં રહી શકે છે, તો એ જ મારે શિરોધાર્ય હો, એ જ મારે મન ઈષ્ટ હો, પરમ ઈષ્ટ હો, બાકી બધું અનર્થરૂપ લાગે.'

આ જિનવચનનો સ્વીકાર મનમાં સદા જાગતો રહે એટલે એના પર અત્યંત બહુમાનને લીધે મન પ્રસન્ન રહ્યા કરે. શુભ ભાવોલ્લાસમાં રમતું રહે; પછી દુન્યવી ગમે તેવા સંયોગ આવો, પણ આમાં કમીના ના પડે. તેથી જિંદગી પર કદી કંટાળો ન આવે; કેમકે આવો જિનવચન સ્વીકાર બીજે કયાં મળવાની આશા ? આમ, જિંદગી આથી જીવવા જેવી લાગે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૨,અંક-૩૭,તા.૮-૯-૧૯૭૪

## (૧૧૪) ૨૫૦૦ વીરનિર્વાણ વર્ષ-રાષ્ટ્રિય ઉજવણી અંગોના અનિષ્ટ

શ્રી શાન્તિપ્રસાદજી જૈન, શ્રી આનંદરાજજી સુરાણા વગેરે (દિલ્હી) ને પત્ર (ઈન્દોરથી પાનાચંદજી ત્રિલોકચંદજીએ ઉપરોક્ત મહાનુભાવોને હિન્દીમાં લખેલ પત્રની મુ. શ્રી ભદ્રેશ્વરવિજયજીએ કરેલ ગુજરાતી અનુવાદની કોપી જનતાની જાણ માટે પ્રગટ કરવા મળી છે. એનો ભાવ આ પ્રમાણે છે.)



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

**અમાન્ય ધ્વજ**- ચૈ. સુ. ૧૩ પર દૈનિક પત્રોમાં સર્વમાન્ય જૈન ધ્વજ તરીકે પ્રકાશિત થયેલ છે, પરંતુ તે જૈન સિદ્ધાન્ત નહિ કિન્તુ રાજનીતિથી પ્રેરિત છે, કેમકે-

(૧) પંચ પરમેષ્ઠી પૈકી સાધુનો કાળો રંગ એમાં કેમ નથી ! ઊલટું એમાં નેવી બ્લુ કલર કેમ ? પાંચ રંગના મધ્યમાં પણ રંગના વચમાં સફેદ, ઉપર પીળો અને નીચે લીલો કેમ ? (૨) આ ધ્વજ સર્વમાન્ય શી રીતે ? શું રાષ્ટ્રિય સમિતિ આખા જૈન સંઘે ચૂંટેલી પ્રતિનિધિ સંસ્થા છે ? એના કોઈપણ સભ્યને જૈન સંઘ વતી ચૂંટવામાં આવ્યા નથી, કે ગીતાર્થ આચાર્યોએ ભેગા મળીને પોતાના કે સંઘના પ્રતિનિધિ તરીકે નીમેલા નથી. શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ પોતે પણ મારા પત્રના ઉત્તરમાં મને જણાવે છે કે, **'ભગવાન મહાવીરની ૨૫૦૦ નિર્વાણ શતાબ્દી રાષ્ટ્રિય સમિતિને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી સાથે કશો સંબંધ નથી.'** આ સૂચવે છે કે એ પોતે પણ રા.સમિતિમાં પેઢીના પ્રતિનિધિ તરીકે કામ કરતા નથી. એમ જૈન સંઘના પ્રતિનિધિ તરીકે કામ કરતાં હોવાનું પણ સૂચિત થતું નથી.

રા. સમિતિને જૈન સંઘે નીમી નહિ હોવાથી જ જૈન સંઘમાંથી પૂ. આચાર્યદેવાદિ તરફથી સમિતિના કાર્યો પ્રત્યે પ્રબળ વિરોધ સચોટ દલીલો સાથે થઈ રહ્યો છે; એવી અવગણના કરવામાં આવે છે, એ સૂચક છે. ખરેખર તો સમિતિએ કરવા ધારેલો મહોત્સવ જૈન સિદ્ધાન્તોથી પ્રતિકૂળ છે, તેમજ શ્રીમંતો સરકાર અને પરદેશીઓ આદિના સામૂહિક સ્વાર્થોનો મહોત્સવ છે.

સમિતિએ જૈન સંઘની પ્રતિનિધિ સંસ્થાઓથી સ્વતંત્ર રીતે જૈ જૈન ચિત્રકલા-મ્યુઝિયમ-નેશનલપાર્ક-શિક્ષણકેન્દ્ર-બાલકેન્દ્ર-રાષ્ટ્રિય કૌન્સીલ-સાહિત્યસર્જન આદિ ઊભું કરવા ધારેલું છે, એ જૈનશાસ્ત્ર સિદ્ધાન્તોથી વિરુદ્ધ છે. સરકારને આ મહોત્સવ આયોજનમાં ૫૦ લાખ રૂા. રોકી રૂા. ૨ કરોડનો લાભ થવાનો સંભવ છે. તેમજ આયોજકોને આ મહોત્સવના નામે આંતરરાષ્ટ્રિય લાગવગની વૃદ્ધિ અને ધંધાકીય લાભોની સિદ્ધિ છે. આ મનઘડંત મહોત્સવ નિમિત્તે આવનાર પરદેશીઓના મનોરંજન અભક્ષ્ય-દારૂ-કેબરા જેવા નૃત્ય આદિથી કરાવા સંભવ છે.

મહાવીર ભગવાનનું જન્મસ્મારક પ્રભુની જન્મભૂમિ ક્ષત્રિયકુંડને બદલે ચેટકરાજની જન્મભૂમિ વૈશાલીમાં નિર્માણ કરવાની યોજના તદ્દન અયોગ્ય છે. રા. સમિતિ તરફથી પ્રકાશિત કરવા ધારેલા સાહિત્યમાં ડો.એસ.બી. દેવે દ્વારા લખાયેલ લેખમાં પૂ.આ.શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજે સંખ્યાબંધ ભૂલો કાઢી છે, ને શેઠ કસ્તૂરભાઈને મોકલી છે. આવા થોકડાબંધ ભૂલોવાળા સાહિત્ય લખનારાઓ જૈન સિદ્ધાન્તોથી કેટલા બધા અજ્ઞાત હશે ? એને જૈન ધર્મના સાહિત્ય તરીકે બહાર જ કેમ પડાય ?



રા. સમિતિના સભ્યોને જૈન ધર્મના સારા જ્ઞાતા તરીકે જો જાહેર કરાય છે તો પછી તેરાપંથી મુનિ નગરરાજજીએ (સમન્વય જૈન જગત અંક પૃ. ૨૮૪) જ્યારે લખ્યું કે 'ભગવાન મહાવીરના સમાન ઈન્દિરા ગાંધી પણ મહાન છે.' ત્યારે ધર્મના કહેવાતા જ્ઞાતા રા.સ. સભ્યોએ વિરોધ કેમ ન કર્યો ?...નુરુલહુસન સાહેબે ભગવાન મહાવીરને જૈન ધર્મના આદ્ય પ્રવર્તક કહ્યા ત્યારે સમિતિ સભ્યોએ એનો વિરોધ કરી 'જૈન ધર્મ અનાદિ છે' એવું કેમ ન જાહેર કર્યું ? જૈન ધર્મનું જ્ઞાતાપણું ક્યાં રહ્યું ?...ભ.મહાવીરની ફિલ્મ નિર્માણ સામે જૈન સંઘનો સખત વિરોધ છતાં સરકાર એને અટકાવતી નથી એ સરકારનો લઘુમતી જૈન સંઘ માટે પ્રેમ કેટલો ? અને મહાવીરની ભક્તિ કેટલી ? જાપાન આદિ વિદેશોના વિરોધથી તો સરકારે ગૌતમ બુદ્ધની ફિલ્મ બંધ રખાવેલી. ભારતના ૧૦ કરોડ મુસ્લીમોના પ્રેમને લીધે રબ્બાત (આરબદેશ)માં ભારત સરકાર વગર આમંત્રણે પહોંચી ગયેલી, પછી ભલે અપમાન પામી....સાંભળવા મુજબ ત્રિલોકનાથ મહાવીર ભગવાનને ગૌતમબુદ્ધ ઈસુખ્રિસ્ત અને ગાંધીજીની મૂર્તિમાં સમાનરૂપે પ્રતિષ્ઠિત કરવાના છે. તો સમિતિ સભ્યો જૈન ધર્મના કયા જ્ઞાનની રૂએ તેને માન્ય કરે છે ? ભગવાનના અનુયાયીઓને સાથે નથી બેસવું અને ભગવાનને બુદ્ધ-ઈસુ-ગાંધીજીની સાથે બેસાડવા છે !! અનુયાયીઓ પરસ્પર ઊંચા-નીચાનો ભેદ રાખીને, ભગવાને બુદ્ધ વગેરે સાથે ભેદ નહિ રાખવાનો ?

સરકાર અને સમિતિ આ ઉજવણી કરીને જગતમાં મહાવીર પ્રભુના ત્યાગ-સંયમ-પ્રાણીદયા-સૂક્ષ્મજીવોની અહિંસા વગેરેના આદેશ ફેલાવશે ? ઈ.સ. ૧૯૬૯માં ગાંધી શતાબ્દી ઊજવી પછી હિંસા-ટેક્ષ-દુરાચાર વગેરે વધ્યા કે ઘટ્યા ? સરકારને જો જૈન સમાજ પ્રત્યે પ્રેમ છે તો જૈન તીર્થોની માલિકી માટે શ્વે.દિ.ના ઝગડા કેમ નીપટાવતી નથી ? કાયદેસર જે જેનું હોય તે તેને કેમ સોંપતી નથી ? છેવટે સુપ્રિમ કોર્ટની ફૂલ બેંચથી આર્બિટ્રેશન (લવાદી) દ્વારા નિવેડો લાવી શકાય. એના બદલે Devide and Rule ની પોલિસી કેમ ચલાવે છે ? ઐક્ય કરાવવાની વૃત્તિ કયાં રહી ? આજના તકસાધુઓ ચાર ફિરકાના ઐક્યની વાત કરે છે, જ્યારે ન્યાયાલયમાં અને બીજી કેટલીય વાતોમાં એ ફિરકા સામસામે ઊભા રહે છે. ત્યારે એકતાની વાત મૂર્ખતાપૂર્ણ અને હાસ્યાપદ લાગે છે.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

## (૧૧૫) આર્ય સંસ્કૃતિના કચ્ચરઘાણની ધોંશને પિછાણો

ભારતવર્ષની ભવ્ય આર્યસંસ્કૃતિનો કચ્ચરઘાણ કાઢવા પાશ્ચાત્યોએ કમ્મર કસી છે; ને પાશ્ચાત્યોના આંધળા અનુકરણમાં ફસાયેલા પૌર્વાત્યો એને સાથ પૂરે છે એ આર્ય દેશની મહાન કમનસીબી છે.

ભારતમાં અંગ્રેજી શિક્ષણના સ્થાપક લોર્ડ મેકોલેએ પોતાના પિતા પરના પત્રમાં લખ્યું કે "હિંદુઓ પર આ શિક્ષણની અસર અદ્ભુત થશે. કોઈપણ હિન્દુ જેને અંગ્રેજી શિક્ષણ મળ્યું હશે તે પોતાના ધર્મમાં ચુસ્ત રહેશે નહિ. કેટલાક ફકત તેને (ધર્મને) એક નીતિ તરીકે અનુસરશે, પરંતુ મોટો ભાગ પોતાને અનીશ્વરવાદી તરીકે માનશે, કેટલાક ઈસાઈ બનશે. જો કેળવણી સંબંધીની આપણી યોજનાને બરાબર અનુસરવામાં આવે, તો ભવિષ્યમાં ૩૦ વર્ષમાં આબરૂદાર વર્ગમાં એક પણ મૂર્તિપૂજક રહેશે નહિ." (ઈ.સ. ૧૮૩૬)

'વેદના પિતા'ના ઉપનામથી ઓળખાતા પ્રોફે. મેક્સમુલર સ્વજન પરના પત્રમાં લખે છે. "વેદ જ હિન્દુઓનો સર્વોત્કૃષ્ટ ગ્રન્થ છે એટલું મને સિદ્ધ કરવા દો. પછી હિન્દુ ધર્મની જડ ઉખેડી નાખવાનું કામ ઘણું સરળ બની જશે."

આ પરથી અંગ્રેજોની મુરાદ સમજી શકાય એવી છે. એ જ લોકોએ ભારતમાં પહેલી યુનિવર્સિટી સ્થાપ્યા પછી પાર્લામેન્ટને લખેલું કે, 'હવે ભારતના લોકો આપણી કેળવણી લેવાની અને પરીક્ષા આપી ડીગ્રીઓ લેવાના રસવાળા બન્યા છે, એટલે ખ્રિસ્તી ધર્મનો પાયો નખાઈ ગયો છે.' આ અંગ્રેજોની મુરાદ સૂચવે છે. 'હિન્દુ' એ ધર્મ નહિ પણ જાતિ છે, અને જૈન-શૈવ-વૈષ્ણવ વગેરે આર્ય ધર્મો છે. પરંતુ આ આર્ય ધર્મોની જડ ઉખેડી નાખવા એ લોકોએ 'હિન્દુ' એ ધર્મ અને જૈન વગેરેને જાતિ તરીકે પ્રચાર્યા છે. એનું પરિણામ એ આવ્યું કે નવી પ્રજામાં 'આપણા એક ભારતમાં જાતિભેદ શા માટે જોઈએ ? એ લાગણી ઊભી થઈ અને પોતાને જૈન વૈષ્ણવ તરીકે ઓળખાવવાની સંકુચિતતા શા માટે, એમ કરીને ભારતીય તરીકેની ઓળખ ચાલુ થઈ. તેથી પોતાના ધર્મનું મમત્વ નષ્ટ થયું.'

લોભ અને લાલચથી દર વર્ષે સાડા ચારલાખ હિન્દુઓને ખ્રિસ્તી બનાવનાર ખ્રિસ્તી ધર્મના એક અગ્રગણ્ય ધર્મગુરુ ઘોષિત કરે છે કે "ભારતનો દરેક પ્રજાજન અમારી પોપ-સંસ્થાનો ઉપાસક બની ચુકયો છે." આની પાછળ કેટલો બધો ગૂઢાર્થ છે ! અમેરિકાની 'ટેમ્પલ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ' સંસ્થા કેવા કેવા ગુહ્ય હેતુઓથી



જોરશોરથી આર્યધર્મવિધ્વંસની પ્રવૃત્તિઓ ચલાવી રહી છે ! 'યુનેસ્કો' દ્વારા ભારતની સંસ્કૃતિમાં કેવી કેવી છુપી સુરંગો ગોઠવાયે જાય છે ?....આ બધું વિચારણીય છે.

ઈ.સ. ૧૭૫૭ ના પ્લાસીના યુદ્ધથી અને ૧૮૫૭ ના બળવાથી ભારતની ખમીરવંતી પ્રજાનો ખાત્મો કરવાનું કામ ચાલું રહ્યું છે. એના એક કામ તરીકે દિવ્યજ્ઞાનધર ભારતીય ઋષિપ્રણીત આયુર્વેદનો નાશ અને અંગ્રેજી મેડિકલ પદ્ધતિની બોલબોલા નજરે દેખાય છે. પાશ્ચાત્ય પદ્ધતિના શિક્ષણથી ભારતીયોને પશ્ચિમના એજન્ટ બનાવાય તેમજ યુનિવર્સિટીઓથી ભારતના લોકોને પોતાની પવિત્ર સંસ્કૃતિ તરફ સૂગવાળા અને વિદેશી સંસ્કૃતિ (વિકૃતિ) ના હિમાયતી બનાવી ગુપ્ત રીતે વટાળ કરાઈ રહ્યો છે. આનો એક દાખલો પ્રો. રજનીશ છે. હમણાં વળી જયપુરના એક ગણેશચન્દ્ર જોષી 'વનમાનવ' કાવ્ય પૃ. ૧૭૪ થી લખે છે કે "ભગવાન રામ વસિષ્ઠના, લક્ષ્મણ વિશ્વામિત્રના, અને ભરત યાજ્ઞવલ્ક્યના સંતાન હતા; કેમકે મહારાજ દશરથ નપુંસક હતા. લક્ષ્મણ સીતાનો સંબંધ હતો. સીતાજીનું અનુચિત હરણ નહિ, પણ સ્વેચ્છા પલાયન હતું." સાંભળ્યું છે કે રાજસ્થાન સમાજશિક્ષા વિભાગે માધ્યમિક વિદ્યાર્થીઓમાં આને સ્વીકૃતિ આપી છે. આનો અર્થ શું છે ? એ જ કે આપણા જ લોકોના હાથે આર્યસંસ્કૃતિનો નાશ થાય.

'કુટુંબ નિયોજન' યોજના અને ગર્ભપાત કાયદેસર પાછળ શું છે ? પોતાના પુણ્યે આર્યમાનવભવમાં આવતાનો નાશ, અને આર્ય સંસ્કૃતિના પ્રાણભૂત સંયમ તથા યોગ્ય ઉંમરે પળાતા બ્રહ્મચર્યને દેશવટો તથા દુરાચારમાં નિર્ભયતા. પૂર્વ જર્મની આદિમાં પ્રજાવધારા માટે લોન સ્કોલરશીપો અપાય છે, ત્યારે અહીં આર્યપ્રજા વધવા પર અંકુશ !

અમેરિકા-ડેન્માર્ક-નોર્વે-સ્વીડન-હોલેન્ડ આદિ દેશોમાં ડી.ડી.ટી.ને હવા બગાડી તંદુરસ્તીને નુકસાનકારક હોવાથી જાકારો દે છે, ત્યારે અહીં એને ફરજિયાત બનાવવાની વાતો થાય છે !! એમ મત્સ્ય ઉદ્યોગ અને અબોલ પ્રાણીઓની રોજની હજારોની સંખ્યામાં કત્લ તથા કૂતરા-વાંદરા-દેડકા વગેરેનો ભયંકર વિનાશ પણ સંસ્કૃતિના મૂળ ઊખેડે છે. જ્યાં લોકમાનસ જ દયા વિહોણું સર્જાય ત્યાં સંસ્કૃતિ શી રીતે ટકે ? લોક કમ્મર તોડીને પૈસા ઊભા કરે પણ એના ૮૦-૮૫ ટકા ટેક્ષમાં જઈ ક્યાં વપરાવાના ? ઘોર હિંસા અને અનાર્ય પાશવી રીતરસમોનાં પોષણમાં જ ને ?

આજના સુધારકો 'સમાજસુધાર' 'સમયને પિછાણો' વગેરેના સુફિયાણા નામ હેઠળ શાની દલાલી કરી રહ્યા છે ? સહશિક્ષણ, જાતીય વિજ્ઞાન, બિભત્સ દર્શક સિનેમાં-ટી.વી.-સાપ્તાહિક આદિ મનોરંજન, નિરોધ-નસબંધી-ગર્ભપાત-ઉદ્ભટ વેશ;



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

ગ્રામોદ્યોગ નાશક મોટા ઉદ્યોગો, બેકારીવર્ધક કેળવણી....વગેરે વગેરે આર્ય સંસ્કૃતિના વિઘાતક તત્ત્વોની જ ને ? રાષ્ટ્રિય સ્તર પર થનારી ઉજવણીનાં કાર્યો જેવા કે વનસ્થલી, બાલકેન્દ્ર, રાષ્ટ્રીય કાઉન્સીલ, સાહિત્ય વગેરે પણ માત્ર જૈન સંસ્કૃતિના જ શું, પણ આર્યસંસ્કૃતિના ય પોષક છે ? કે ઘાતક ? સાંભળવા પ્રમાણે આ સાહિત્યમાં તો પૂ. સાધુ મહારાજો વગેરેની ખાસી નિંદા પણ આલેખાયેલી છે. ભગવાન શ્રી મહાવીર સ્વામીના ૨૫૦૦ નિર્વાણવર્ષની ઉજવણી પ્રભુના જ સ્થાપેલા સંઘ અને મોક્ષમાર્ગસાધક પવિત્ર અનુષ્ઠાનો પર આક્ષેપ કરનારી હોઈ શકે ? હોય તો એને ઉજવણી કહેવાય કે ઉખેવણી ?

- **'ધીમું મીઠું ઝેર' પુસ્તકના આધારે.**

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૨,અંક-૪૦,તા.૨૯-૬-૧૯૭૪

## (૧૧૬) જીવન જીવવાનો ઉદ્દેશ શો ?

### (લેખાંક-૧)

'તમે શા માટે જીવો છો ?' આવો પ્રશ્ન આવે તો શું કહીએ ?

'ખાવા પીવા માટે,'-એમ કહેવું યોગ્ય નથી, કેમકે એમાં તો પછી ચોવીસે કલાક ખા-ખા ને પી-પી કરતા રહેવું જોઈએ.

એમ 'પૈસા માટે જીવીએ છીએ' એમ કહેવું યોગ્ય નથી. કેમકે એમાં તો પાછો સવાલ આવે કે, પૈસા શા માટે ભેગા કરવાના ? જો કહો, 'મોજ મજાહ કરવા માટે,' તો તો એનો અર્થ એ થયો કે, 'જીવવાનું મોજ મજાહ માટે; પૈસા માટે નહિ.' છતાં ય આ પણ જવાબ યોગ્ય નથી, કેમકે જીવવા છતાં ધારી ઘણી ય મોજ મજાહ ઉડાવી શકાતી નથી, કારણ, એવી સાધન-સામગ્રી નથી. તો જીવવાનો એ ઉદ્દેશ રાખ્યાનો શો અર્થ ?

ત્યારે જો એમ કહીએ કે 'ભલે ઘણી નહિ, પણ થોડીય મોજ મજાહ મળે છે ને ? એથી જીવવાનું સફળ છે. એ માટે જ અમે જીવીએ છીએ.' તો આ પણ કહેવું બરાબર નથી; કેમકે એવા ઉદ્દેશના જીવનમાં પશુજીવન, અરે ! કીડા-મંકોડાના જીવન કરતાં માનવ જીવનની કોઈ વિશેષતા નથી, કેમકે પશુ-કીડા-મંકોડા પણ એવી ક્ષુદ્ર મોજ મજાહ માટે જ જીવતા હોય છે.

એટલે 'શા માટે જીવો છો ?' એના જવાબમાં જીવવાનો કોઈ ઊંચો સારો



ઉદ્દેશ બતાવવો જોઈએ, અને તે પણ અમલમાં લાવી શકીએ એવો ઉચ્ચ ઉદ્દેશ જોઈએ.

આના ઉપર એમ કહીએ કે 'અમારા જીવનનો ઉદ્દેશ આત્મહિતકર ધર્મની સાધનાનો,' તો એ પ્રશ્ન આવે કે, તો પછી ચોવીસે કલાક ધર્મ કયાં સાધો છે ? ઉદ્દેશ તો એવો રાખવો જોઈએ કે જેની ચોવીસે કલાક સાધના ચાલી શકે, અને જે આત્માને મહાન લાભકારી હોય.

બસ, આવો ઉદ્દેશ શુભ અધ્યવસાય અને એની વૃદ્ધિ છે. 'શા માટે જીવો છો તો કહેવાય કે,'

**'જીવન છતે શુભ અધ્યવસાય રાખી શકાય ને વળી એને પ્રબળ પ્રબળ બનાવતા રહેવાય એ માટે જીવીએ છીએ.'**

મરી ગયા પછી આ કાર્ય ન થઈ શકે. આ કાર્ય થવાનું અમારા હાથમાં ન રહે. માટે જીવીએ છીએ ત્યાં સુધી આ કરી લઈએ.

આ ઉદ્દેશ એટલો શકય ને સુંદર ઉદ્દેશ છે કે એમાં શુભ અધ્યવસાયને ચોવીસે કલાક સાધવાનો ને જોરદાર બનાવવાનો પ્રયત્ન રહી શકે, તેમજ એનું ફળ જબરદસ્ત સુખદ છે, એમ શાસ્ત્રો બતાવે છે.

અનુભવ પણ એમ કહે છે કે જેણે પોતાના અધ્યવાય યાને મનના ભાવ શુભ જ રાખવાનું નક્કી રાખ્યું, અને પછી તેવા પ્રકારનો પ્રયત્ન કરે છે, એને કદાચ આ જન્મમાં આપત્તિઓ આવે, અગવડ આવે, કષ્ટ-તકલીફ-મુશ્કેલી પડે, છતાં મનને દુઃખ લગાડવાનું હોય નહિ, કેમકે એ સમજે છે, કે મનને દુઃખ લગાડવું એ દીનતાનો અશુભ ભાવ છે અને અશુભ ભાવ તો મારે કરવો નથી, પછી શા માટે દુઃખ લગાડું ? દીનતા-વિહ્વળતા-હાયવોય કરવાની મારે જરૂર શી ? કેમકે,

જગતના જીવનમાં કષ્ટ-આપત્તિ-અગવડ એ તો સહજ છે. સંસાર જ એવો છે કે એમાં દુઃખ-કષ્ટ આપદા હોય જ. પંચસૂત્ર શાસ્ત્રનું વચન છે,- 'આ સંસાર અનાદિ છે, દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધી છે.' સંસારમાં સુખ દેખાય તે પણ એની ચંચળતા પરાધીનતા અને વિપાક-કટુતા જોતા વાસ્તવમાં 'દુઃખરૂપ' છે; વળી 'દુઃખફલક' એટલે કે ભવિષ્યમાં ફળરૂપે દુઃખ આપનારો છે, અને એટલેથી ય પતતું નથી, કિન્તુ 'દુઃખાનુબંધી' અર્થાત્ દુઃખની પરંપરા ચલાવનારો છે, આવા સંસાર સ્વભાવમાં કષ્ટ-આપત્તિ-દુઃખ આવે એમાં નવાઈ શું છે ? તો,

**સંસાર એનો સ્વભાવ બજાવે, એમાં મારે મારો પવિત્ર આત્મ-સ્વભાવ શું કામ ખોઈ નાખવો ? શા માટે બગાડવો ?**



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

મારો આત્મ-સ્વભાવ શુદ્ધ જ્ઞાનનો છે, જગત પ્રત્યે ઉદાસીનભાવનો છે, એ મારે ન છોડવો જોઈએ. આ વિચારથી જગતના બનાવોનો માત્ર દૃષ્ટા-જ્ઞાતા બન્યો રહે, એના પ્રત્યે 'નરો વા કુંજરો વા,' મારે શું લાગે વળગે ?' એમ અલિપ્તતા રાખે, અલગભાવ રાખે, તેથી મન બગડે નહિ, દીનતા-હાયવોય-આકુળવ્યાકુળતાના અશુભ ભાવમાં પડે નહિ; તેથી એના પ્રત્યે ઉપેક્ષાભાવ-ઉદાસીનભાવનો શુભ અધ્યવસાય બન્યો રહે.

બીજી પણ એક વાત છે કે જીવનમાં દુઃખ-કષ્ટ-આપત્તિ એ પોતાના જ પૂર્વના ઉપાર્જેલા અશુભ કર્મના હિસાબે જ આવે છે ત્યાં ખેદ શો કરવો ? વધારે પડતું નાખ્યું, એ અંદરમાં પચ્યું નહિ એના પર પછી અજીર્ણ, તાવ, શરીર તૂટવું, વગેરે બની આવે તો ડાહ્યો માણસ સમજે છે કે, આ મારી જ ભૂલનું પરિણામ છે. માટે હાયવોય ન કરું, શાન્તિ રાખું; આ કષ્ટથી જ અંદરનો બિગાડો પાકીને સાફ થઈ જશે. એમ અહીં પણ દુઃખ-કષ્ટ-આપત્તિ ભોગવાતા, પોતે જ દુષ્કૃત્યથી ઊભા કરેલ પૂર્વના અશુભ કર્મ પાકી પાકીને સાફ થઈ જવાનો સંતોષ માનવાનો. ત્યાં વિહ્વળ થવાની જરૂર શી ?

આમ વિચારીને પણ ચિત્તને શુભ ભાવમાં રાખવાનો પ્રયત્ન કરે, એટલે દુઃખ છતાં દુઃખી નહિ બને.

એમ, જીવને દુઃખી બનાવનાર બીજું તત્ત્વ છે કષાયો. કોઈના પર ક્રોધ આવે છે માટે જીવ દુઃખથી બળ્યા કરે છે. એમ મદ-અભિમાન-અહંકાર ચડે છે તેથી જ 'આ મારું નથી માનતો ? આ મારી સામે મોટો થઈને ફરે છે ? મારા જેવો મોટો હોશિયાર કોણ છે ?....' વગેરે ઉકળાટ અનુભવતાં દુઃખી થાય છે, એમ માયા-પ્રપંચ અને લોભ તૃષ્ણા-મમતામાં પણ જીવને અંતરમાં શાન્તિ નથી. સંતાપ છે, ચિન્તા છે, ઉકળાટ છે, એથી એ દુઃખિત જ છે. ત્યારે શુભ અધ્યવસાયનો ખપી આના મૂળભૂત કષાય જ નહિ કરે; કેમકે એ સમજે છે કે, 'કષાયમાં તો મનના ભાવ, યાને ચિત્તના અધ્યવસાય મલિન બને છે. માટે મારે ભાવ બગાડનારા ક્રોધાદિ કષાયો જ જોઈએ નહિ.' આમ શુભ અધ્યવસાયનું જતન કરી કષાયોને અટકાવશે, તેથી પછી સંતાપ-દુઃખ-હાયવોય નહિ રહે.

બસ, ધ્યાન આ રાખવાનું છે કે, **'હું આ ઉત્તમ ભવમાં જીવું છું એ શુભ અધ્યવસાય માટે;** તેથી મારે ચોવીસે કલાક આ તકેદારી અને પ્રયત્ન રાખવાનો કે બહારમાં ગમે તે હોય, પણ મારે મારા મનના ભાવ ન બગડે.' કાળજીથી સંભાળાતો જીવનનો આ ઉદ્દેશ આત્માની રોનક ફેરવી નાખે છે.





## (૧૧૭) (લેખાંક-૨)

ગયા લેખમાં એ વિચાર્યું કે 'આપણે જીવીએ છીએ એ સતત શુભ ભાવ જાળવવા માટે,'-જો આ ઉદ્દેશ રાખીએ તો પછી એ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે ગમે તેવા સુખ-દુઃખના અગવડ-સગવડના કે જગતમાં બનતા પ્રસંગોમાં આપણે આપણો શુભ ભાવ પવિત્ર નિર્મળ ભાવ સતત જાળવી રાખીએ. એક જ લક્ષ રહે કે, **'મારું પ્રતિક્ષણ જીવવાનું એળે ન જાઓ, કે વિપરીત ફળ નીપજાવનારું ન બનો. પરંતુ શુભ ભાવનો ઉદ્દેશ સાધનારું બન્યું રહો.'**

એ શુભ ભાવ શી રીતે બન્યો રહે ?

સુખ-સગવડમાં જ્વલંત વૈરાગ્યનો ભાવ જાગતો રાખીને, અને દુઃખ-આપત્તિ-અગવડમાં, બેપરવાઈ-શાંતતાનો ભાવ જાગતો રાખીને શુભભાવ બન્યો રહે. સુખ-સગવડમાં મનને એમ થાય કે, 'આ બધા મને કષાયો મદ-આસક્તિ વગેર કરાવી મારી કત્લ કરાવનારા છે, એટલે મ્લેચ્છના એક'દિ ક્રૂર રીતે કપાઈ જવાના બોકડાને પીરસાતા માલમલીદા જેવા છે. એના પર શું મોહવું કે એને શા સારા માનવા ?' એમ એના પર અંતરમાં વૈરાગ્ય-નફરત-અભાવ બન્યો રહે. ત્યારે,

દુઃખ-આપત્તિ-અગવડમાં એમ થાય કે, 'આ તો મારા આત્માની દૃષ્ટિએ કશું દુઃખ રૂપ નથી, કિન્તુ મારા પૂર્વના અશુભ કર્મના કચરાનો નિકાલ કરનારા હોવાથી મારા આત્મસુવર્ણને શુદ્ધ થવા માટે અગ્નિ કે તેજાબ જેવા છે. તો ચાલો નિરાંત રાખું, શાંતિ રાખું, આ દુઃખની બહુ પરવા ન કરું. વળી દુઃખ તો ખરેખર, મારા આત્માને રાગાદિ પીડે છે, એ મહા દુઃખ આગળ આ દુઃખને શું રોઉં ?' એમ બાહ્ય દુઃખ તો આપત્તિ માટે બિન-મહત્ત્વ અને શાંતિ રહે. આ વૈરાગ્ય, બેપરવાઈ, શાંતિ એ શુભ ભાવ છે.

ત્યારે આપણી નજર સામે બનતા જગતના પ્રસંગોમાં શુભ ભાવ એ રીતે જાગતો રખાય કે ત્યાં ક્યાંક આશ્રવ-સંવરનો વિચાર રહે, ક્યાંક દયાનો; ત્યારે ક્યાંક ભવિવ્યતાનો વિચાર રહે; તો ક્યાંક વિચાર સંસારના-વિશ્વના સ્વરૂપનો રહે. હવે આ વિચાર કેવા કેવા પ્રકારનો હોય એ ક્રમશઃ જોઈએ. અથવા દયા વિચારવા જેવું સ્થાન ન હોય ત્યાં એનો ઉપેક્ષાભાવ રહે.

દા.ત. કયાંય સાંભળ્યું યા જોયું કે કોઈકે બે નંબરનો વેપાર કરી ખાસું કમાયો, ત્યાં મનને એમ થાય કે, 'અહો ! કેવો મોટા આશ્રવને કેવા પાપસ્થાનક



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

સેવવાથી આ લક્ષ્મી ઊભી થઈ ! પાછી એ લક્ષ્મી કેવી પાપસ્થાનકની પરંપરા ચલાવશે !'

ત્યારે, એમ જોયું કે કોઈકે આપણા કરતાં સારું દાન કર્યું. સારા વ્રત લીધા, સારી તપસ્યા કરી, ને વળી એને સારું માન મળ્યું, ત્યાં આપણને ઈર્ષ્યાનો અશુભ ભાવ ન જાગે. એ માટે આમ વિચારાય કે, 'અહો ! જીવનમાં સાર સંવર છે, યાને પાપની અટકાયત છે. એ દાનથી થાય, શીલ-વ્રત-નિયમથી થાય, તપથી થાય. એ સંવર જેને મળે એ ભાગ્યશાળી. એ જો આને મળ્યા છે તો એ ભાગ્યશાળી જીવ છે. વાહ ! કેવા સુંદર એના દાનાદિ સંવર ધર્મ !' આમ ગુણાનુરાગ-સુકૃતાનુમોદનનો ભાવ રહેવાથી એ શુભ અધ્યવસાય ચાલ્યો કહેવાય. એમાં એમ પણ વિચારાય કે 'અહો ! પરમોપકારી ભગવાને કેવું સુંદર ધર્મશાસન સ્થાપ્યું કે એના આધારે જગત પર આવા સ્વ-પરનું કલ્યાણ કરનારા સંવરમાર્ગરૂપ સુકૃતો ચાલે છે. શાસન ન હોત તો આ શાનું જોવા મળે ?'-આ પણ વિચાર પ્રભુ અને પ્રભુના શાસન પ્રત્યે કૃતજ્ઞતા અને અનુમોદનાના શુભ અધ્યવસાયને પોષે છે.

એમ, આપણા જોવામાં દુઃખી આવ્યો, પછી ભલે એ કદાચ પોતાની અવળચંડાઈથી દુઃખી થયો હોય, છતાં આપણે તો એના પર દયા જ ઊભરાવવાની કે, 'બિચારો દુઃખી ! એને કેવીક વેદના થતી હશે !' એમ કોઈ રોફ-ગુસ્સો કરતો દેખાયો, પાપ કરતો દેખાયો, તો ત્યાં પણ એના પર દ્વેષ ન કરતાં 'બિચારાને કષાય શાંત થાઓ, પાપ ન કરવાની સદ્‌બુદ્ધિ મળો' એમ એની દયા ચિંતવાય. આપણે દ્વેષ ન કરીએ એમાં આપણું શું બગડી જાય ? ને એનું શું સુધરી જાય ? ઊલટું દયા ચિંતવવામાં આપણે અશુભ ભાવથી ખરડાઈએ નહિ, ને શુભ ભાવનો લાભ પામીએ; તેમજ આપણી સહૃદય ભાવનાથી પ્રાર્થનાથી સંભવ છે એને અસર થાય તો એ સુધારો પામે. કમમાં કમ આપણો સૌમ્યભાવ જોઈ એને આપણા પર દુર્ભાવ ન થતાં સદ્‌ભાવ બન્યો રહે. આમ વિચારી દયાનો શુભ ભાવ બન્યો રાખી શકાય.

ત્યારે એવો કોઈક મહાપાપી હઠિલો ધર્મવિરોધી જીવ નજરે ચડયો, તો એના પર ઉપેક્ષાભાવ રખાય તે એમ વિચારીને કે 'અસાધ્ય દરદીમાં હું કયાં માથું મારું ?'

દુનિયામાં એવા કેટલાક વિચિત્ર બનાવ બને છે જે ધ્યાનમાં આવતા મન ડહોળાય; પણ ત્યાં જો એમ વિચારાય કે 'ભવિતવ્યતા જ એવી લાગે છે કે આમ બનવા પામે. તો ભવિતવ્યતાના નિર્ધારિત ભાવમાં આપણે શા માટે ઊંચાનીચા



થવું ? એથી વળે ય શું ? આપણે આપણા આત્માનું સમાલો;' તો આમ વિચારવાથી શુભ ભાવ બન્યો રહે.

અથવા જગતના વિષય બનાવો તરફ ધ્યાન જતાં એ વિચારાય કે, 'આ સંસાર જ એવો છે કે એમાં આવું સહેજે બને. વળી વિશ્વમાં બનતી ઘટનાઓ કાળ-સ્વભાવ-નિયતિ-કર્મ અને પુરુષાર્થ એ પાંચે કારણોને આભારી હોય છે; તેથી એ કારણો આવી મળતાં એમ જ બને. ત્યાં નવાઈ પામવાની જરૂર નથી, કે રાગ-દ્વેષાદિમાં તણાવા જેવું નથી;' આમ વિચારીને શુભ ભાવ જાળવી શકાય.

સારાંશ, સર્વ પ્રસંગોમાં તે તે પ્રકારના તાત્ત્વિક વલણ અને તાત્ત્વિક વિચારણાથી તથા આધ્યાત્મિક દૃષ્ટિથી દિલમાં શુભ ભાવ, શુભ અધ્યવસાય ચાલુ રાખી શકાય. ખ્યાલ આ જીવતો જાગતો, કે 'મારે જીવવાનું છે શુભ અધ્યવસાયો નિર્મળ ભાવો કમાવા માટે; પછી વિચારસરણી એવી રખાય, એને દિલમાં શક્ય વૈરાગ્ય-દયા-ક્ષમા-સંયમ-પ્રભુભક્તિ-ગુરુ બહુમાન વગેરે સુંદર વિશુદ્ધ ભાવો જ ઝગમગતા રખાય.'

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૨,અંક-૪૨,તા.૧૩-૭-૧૯૭૪

## (૧૧૮) (લેખાંક-૩)

ગત લેખમાં 'જીવવું શા માટે ? તો કે શુભ અધ્યવસાય કમાવા માટે,' એ વિચાર્યું. પરંતુ એટલેથી બસ નથી; કેમકે શુભ ભાવ જો ૫૦-૫૦ યાને સામાન્ય કોટિના રહે, તો સંભવ છે સામેથી પ્રબળ આક્રમણ આવતા એ સામાન્ય કોટિના શુભ ભાવને લુપ્ત થતાં વાર ન લાગે. તો આમ ન બનવા પામે એટલા માટે શુભ અધ્યવસાયનું બળ વધારતા રહેવું પડે. અર્થાત્ એને પ્રબળ બનાવવાનો પુરુષાર્થ જોઈએ. એટલે હવે આ વિચારવું રહ્યું કે, **'શુભ અધ્યવસાય પ્રબળ કેમ બને ?'**

ગુણનું જોર વધારવાથી શુભ અધ્યવસાયનું જોર વધે છે. ગુણો દા.ત. દયા, અહિંસા, ગુણપક્ષપાત, ક્ષમા-તપ-સહિષ્ણુતા, વૈરાગ્ય, તત્ત્વ જિજ્ઞાસા, સત્ય, નીતિ, શીલ, દાન, પ્રભુભક્તિ, ગુરુબહુમાન, તૃપ્તિ વગેરેનું જોર વધારવામાં આવે તો શુભ અધ્યવસાયનું જોર વધે છે. અરે ! એમાંના એકાદ ગુણનું પણ બળ વધારતાં શુભ ભાવ પ્રબળ બને છે. દા.ત.

**મેઘકુમારના** જીવ હાથીએ જંગલમાં સંભવિત દાવાનળથી બચવા જમીનના અમુક ભાગનું માંડલું તદ્દન વનસ્પતિ વિનાનું તૈયાર કર્યું. પછી જ્યારે એક વાર દાવાનળ પ્રગટ્યો. ત્યારે વનવાસી પશુઓ દાહથી બચવા ત્યાં આવી ભરાણા.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

હાથીએ દયા રાખી બધાને ઊભા રહેવા દીધા. તે ત્યાં સુધી કે હાથીના પોતાના શરીર નીચે પગની વચમાં નાના સસલા જેવા પ્રાણી ભરાયા તો ભરાવા દીધા. એમાં વળી પોતાના શરીરે ખણજ ખણવા હાથીએ એક પગ ઉપાડ્યો ને ત્યાં ખાલી પડેલ જગામાં એક સસલું બેસી ગયું, તો દયાને વધુ સતેજ બનાવી પોતાનો પગ નીચે ન મૂકતા અદ્ધર જ રાખ્યો. આમ દયાગુણમાં જોસ લાવ્યો તો દિલના શુભ અધ્યવસાય પણ વધતા ચાલ્યા. એના પ્રતાપે ત્યાં દુઃખદ મૃત્યુ વખતે પણ અસમાધિ ન થઈ, ને પરભવ માટે સંસાર પરિમિત થયો તથા શ્રેણિક પુત્ર મેઘકુમારનો અવતાર મળ્યો. દયાવૃદ્ધિ કરવા પર વિકસેલા શુભ ભાવનાં કેવા સુંદર ફળ !

ત્યારે, ગુણ પક્ષપાતનો ગુણ વધારવા પર કેવું સુંદર ફળ એનો દાખલો મહાનિશીથ સૂત્રનો મળે છે. એક પરદેશી રાજકુમાર બીજા રાજા ને ત્યાં મેમાન તરીકે ગયેલ, ત્યાં રાજધાનીમાં અચાનક દુશ્મન સૈન્ય ઘુસી આવતાં રાજા સીધો નીચે સુંરગમાં પેસી ગયો. પરંતુ આ રાજકુમાર પોતે મહેલની બહાર નીકળ્યો. શત્રુસુભટો 'મારો મારો' કરતાં સામેથી ધસી આવે છે ત્યાં રાજકુમાર 'મારા બ્રહ્મચર્યનો પ્રભાવ હોય તો મને આમના શસ્ત્ર ન લાગો. એમ સંકલ્પ કરીને બહાર આગળ વધતાં જુએ છે તો દુશ્મન સુભટો થંભી ગયા છે ! ન હાલી શકે ન ચાલી શકે ! શસ્ત્ર ઉગામેલા હાથ પર આવેશમાં ઊંચા કરેલા એમ જ સ્થિર થઈ ગયા છે ! હાથ-પગ હલાવવા ભારે પ્રયત્ન છતાં જરાય ચસકી શકતા નથી. કુમારને આ જોતા શીલગુણનો પક્ષપાત વધી ગયો,- 'અહો ! આવો પ્રભાવક શીલગુણ છે ! શી શીલગુણની બલિહારી ! તો અમે બીજા ફાંફાં મારીએ એ નકામું છે. આટલા અદ્‌ભુત શીલગુણ પર કેમ નિર્ભર ન બનીએ ? ધન્ય શીલ ! ધન્ય બ્રહ્મચર્ય !' આ ગુણપક્ષપાત વધવા પર ને શીલની સામે જડ સામગ્રી, જડનું બળ, જડની અનુકૂળતાઓ તુચ્છ અતિ તુચ્છ લાગી વૈરાગ્યગુણ વધી જવા પર ચિત્તમાં એને શુભ અધ્યવસાયધારા એવી વધી ગઈ કે એમાં એને અવધિજ્ઞાન પ્રગટ થઈ ગયું ! એનું સન્માન કરવા દેવતા અને ઈન્દ્ર અહીં નીચે ઊતરે છે. શુભ અધ્યવસાય વધવા પર કેવું મહાફળ ?

એમ, ક્ષમા-સમતા-સહિષ્ણુતા ગુણ વધુ જોરદાર થવા પર શુભ અધ્યવસાય જોરદાર બને. તે એ રીતે કે કાંઈક વેઠવાનું આવ્યું ત્યાં મન એટલું કાઠું કરી લેવાય કે એ બેપરવા બને, જુએ કે 'આમાં સહવાનું છે જ શું ? કષ્ટ શું ? મેં તો નરકના ઘોર ત્રાસ વેઠ્યા છે. એ કયાં ? ને આ કયાં ?' આમ સહિષ્ણુતાનો પાવર વધ્યો. એવી રીતે ક્ષમા એવી વધારાય કે સામા અપરાધી જીવ પર વિશેષ વાત્સલ્ય



ઉભરાય, 'બિચારો જોરદાર કર્મથી પીડાઈ રહ્યો છે. મારા પ્યારા ભાઈ ! તું મહાન થા. મારે તો તું ઉપકારી છે. મારા કર્મક્ષયમાં સહાયક છે.' એમ ક્ષમાનું જોર વધારતાં શુભ અધ્યવસાય ધારા વધે. ખંધક મુનિ વગેરેને પોતાને ઘોર ઉપદ્રવ કરનાર પર ક્ષમા-સમતાનો પાવર વધતાં અધ્યવસાયધારા વધતી ચાલી, તે એમને ઠેઠ કેવળજ્ઞાને પહોંચાડ્યાં !

૧૫૦૩ તાપસને ગૌતમસ્વામીજીએ કહ્યું, 'અષ્ટાપદજી ઉપર તો મૌન અને સ્થિર કૈલાસનાથ છે; પણ ચાલો તમને બોલતા ચાલતા કૈલાશનાથનો ભેટો કરાવું.' એમ કહી વીતરાગ વિચરતા તીર્થંકર પરમાત્માની સહેજ ઓળખ કરાવી, ત્યાં તાપસોને પરમાત્મા-તત્ત્વ-જિજ્ઞાસા ગુણનું જોર એવું વધી ગયું કે એમાં શુભ અધ્યવસાય ધારા પ્રબળ બનતી ગઈ, જેણે ઘન ઘાતી કર્મો તોડી નાખી એમને વીતરાગ સર્વજ્ઞ બનાવ્યા !

વાત આ છે કે અહીં જીવીએ એ પ્રતિક્ષણ જીવવાનું દિલના શુભ ભાવ અધ્યવસાય માટે થાય; એટલું જ નહિ, પણ એ અધ્યવસાયનો પાવર વધતો જાય, અને એના માટે ગુણનું-સુકૃતનું બળ વધારતા રહેવાય. આ ઉદ્દેશ, આ લક્ષ, અને આ પ્રયત્ન સતત ચાલુ રહે પછી જુઓ જીવન જીવવાની મઝા.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૨,અંક-૪૩,તા.૨૦-૭-૧૯૭૪

## (૧૧૯) ભગવાન આપણા દયાપાત્ર કે દયાવર્ષી ?

આપણા જીવનમાં પરમાત્માને સ્થાન છે ? છે તો કેવું સ્થાન છે ? આ એક વિચારવા જેવી વસ્તુ છે, અને આ પ્રશ્ન જાગૃતિ અને પ્રેરણા આપે છે.

આ પ્રશ્ન વિચારવા જેવો એટલા માટે છે કે જીવન સુખ-ચેનમાં અને એનાં સાધન મેળવવામાં પસાર થઈ રહ્યું હોય છે, ત્યારે મન એમાં એવું તલ્લીન બન્યું રહે છે કે કેમ જાણે સુખ મળ્યું એટલે એવરી થીંગ ઓ.કે. ! બધું બરાબર છે. કોઈ ચિંતા નથી ! સુખસાધન મળી જતાં કેમ જાણે એ જ આપણો આધાર છે ! શરણ છે ! ને એ મળ્યા એટલે કાયમી નિરાંત થઈ ગઈ ! આમાં પરમાત્માને ક્યાં સ્થાન રહ્યું ? 'મારે પરમાત્મા જ આધારભૂત છે, એમનું જ મારે શરણ છે, સુખ એમના જ પ્રભાવે છે. સુખસાધન એમના પ્રભાવે જ મળે,' આ વિચાર જ ક્યાં રહે છે ?


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

ત્યારે, સુખભોગ અને સુખસાધન-પ્રયાસની લોથ સિવાય અલ્પ સમય દેવદર્શનાદિમાં કાઢ્યો હોય ત્યાં પણ જે બીજા ત્રીજા વિષયના વિચારો ઊભરાય છે, એ સૂચવે છે કે જીવનના આધાર તરીકે એ વિચારાતા વિષયો છે, પરમાત્મા નહિ, નહિતર જો પરમાત્માને આપણાં જીવનના આધાર માન્યા હોય તો એ પ્રભુ તો અત્યારે ધર્મ-આરાધનામાં સામે છે એટલે મન એમાં સ્થિર લયલીન બની ગયું હોત.

ત્યારે શું જીવનમાં ઢગલો વસ્તુને સ્થાન છે. હીરાના હારથી માંડીને કચરો કાઢવાની સાવરણી સુદ્ધાંને સ્થાન છે, પણ માત્ર પરમાત્માને સ્થાન નથી ? શું આપણું દાળદર ફેડશે તો એ બધા ઘર-દુકાન-ચૂલો-ઓલો, પૈસા-પરિવાર વગેરે ફેડશે ? પણ પરમાત્મા નહિ ફેડી શકે ? માટે જ પરમાત્માને જીવનમાં સ્થાન નહિ ને ? શું સુખમાં લીનતા એ જ જીવન-સાર પણ પરમાત્માનું શરણ-સ્મરણ એ જીવન-સાર નહિ ? કંઈ અક્કલે આ કામ ચાલ્યું છે ?

કદાચ આપણે દાવો રાખીએ કે 'ના, પરમાત્માનું અમારા જીવનમાં સ્થાન છે, કેમકે પરમાત્માને અમે ભજીએ છીએ, પૂજીએ છીએ, યાદ કરીએ છીએ,' તો આ સવાલ ઊભો થાય છે કે એ ભજવા-પૂજવાની પદ્ધતિમાં કોણ દયાપાત્ર દેખાય છે ?

સવાલ જરાક વિલક્ષણ છે. પરંતુ પરમાત્માને ભજવા-પૂજવાની આજની રીતરસમ જાણે એમ દેખાડે છે કે પરમાત્મા આપણી દયાના પાત્ર છે ! એટલે જીવનમાં પરમાત્માને સ્થાન ખરું, પરંતુ આપણી દયાના પાત્ર તરીકે. દા.ત.

જીવ ભગવાનના દર્શન કરવા જાય તે પહેલેથી જ સમજીને જાય છે કે, 'જલદી દર્શન કરીને પાછો આવું છું' એટલે ભગવાનને જાણે સૂચવી રહ્યો છે કે 'બીજા-ત્રીજા માટે મારી પાસે પૂરતો સમય છે, અરે ! તમારા દર્શન કરી આવીને નાસ્તા-પાણી કરીશ તે ય નિરાંતે કરીશ, પરંતુ તમને મારે સમય ઓછો આપવાનો છે !' આમાં ભગવાન આપણી દયાના જ પાત્ર ને ?

પ્રભુપૂજા કરતા હોઈએ તો એમાં પણ શું છે ? પૂજામાં આપણાં પોતાના પૂજન-દ્રવ્યો લઈ જવાના ખરા ? કે મંદિરનાં દ્રવ્યથી પતાવવાનું ? અગર આપણાં દ્રવ્ય લઈ જતા હોઈએ તો તે ભરચક અને માતબર દ્રવ્યો લઈ જઈએ ખરા ? કે અલ્પ અને મુફલીસ દ્રવ્યો ? કેમ જાણે એમાં સૂચવાય છે કે, ''પ્રભુ ! જેમ નોકર પાસેથી કામ લેવું છે એટલે એને સાચવી લઉં ખરો, પણ એ સમજાવીને કે, 'તને કંઈ મારી પત્ની કે પુત્રની હાઇકલાસ-હાઈકલાસ વસ્તુઓથી નહિ સાચવું, નહિ



નવાજું,' એવી રીતે પ્રભુ ! તમારી પાસેથી મારે પુણ્ય જોઈએ છે એટલે તમને પૂજાથી સાચવી લઉં; પરંતુ મારી જાત અને મારા પત્ની-પુત્રાદિની સરભરામાં લેખે લગાડવાની જેમ ઉત્તમ-ઉત્તમ દ્રવ્યો તમારી સરભરામાં વેડફી ન નાખું,'' પૂજાની પદ્ધતિમાં ગર્ભિત દેખાતું આ સૂચન શું ભગવાનને આપણી દયા પર જીવવાનું નથી સૂચવતું ?

આજે દેરાસરોમાં ઝગારા મારતી ઈલેક્ટ્રિક લાઈટો ચોમાસા જેવા કાળમાં તો અનેક જીવજંતુઓની હિંસાનું નિમિત્ત બની રહી છે. તેમ બારે માસ માટે પણ એમાં અંજાઈ જતી આંખો પ્રભુની શાંત વીતરાગતાભરી મુદ્રાને પકડવા અને એમાં ઠરવા સમર્થ નથી રહેતી. કદાચ લાઈટને આપણી બાજુ શેઈડ હોય તો ય પ્રભુના અંગ પર પડતો એ લાઈટનો ઝગારો પ્રભુમૂર્તિ પરના શાંત ઉપશમ રસને દાબી દે છે.

આ જો આપણને ખપે છે, આવી ઈલેક્ટ્રિક લાઈટ વિના જો ચાલતું નથી. તો એ શું સૂચવે છે ? એ જ કે, જાણે ભગવાનને કહીએ છીએ કે, 'પ્રભુ ! ભલે આપ સર્વ જીવોને અભયદાતા અને સર્વ જીવોની અહિંસાના ઉપદેશક, તથા વિશેષ કરીને આપના દરબારમાં ત્રસ જીવોની હિંસાની મનાઈ; છતાં અમારે અહીં ઈલેક્ટ્રિક લાઈટ જોઈશે, ભલે પછી એમાં ત્રસ જીવો મરતા હોય. આપે આપના સિદ્ધાન્તે નહિ પણ અમારી રુચિની સગવડે રહેવાનું. આપ ભક્તજનોને વીતરાગતા અને ઉપશમરસના દર્શન આપવાનો ઉપકાર કરનારા છો, પરંતુ અહીં તો આપની સામે અમારા આયોજન મુજબ લાઈટનો ઝગારો રહેશે. પછી ભલે એમાં ભકતજનોની આંખ અંજાઈ આપની મુદ્રા પર શાંત-પ્રશમરસનાં દર્શન ન કરી શકે.''

આવા તો બીજા ય દાખલા આપી શકાય કે જેમાં આપણે પરમાત્માને આપણી દયાના પાત્ર બનાવ્યા હોય. પરંતુ ખરી રીતે આપણે પ્રભુની દયાના પાત્ર બનવાનું છે, ને તે તો જ બની શકીએ કે મૂળ પાયામાં આપણે હૃદયમાં પરમાત્માનું સાચું શરણ સ્વીકારીએ. આપણું દિલ ચોક્કસ માને કે 'જગતની આળપંપાળ પોકળ છે, દુનિયાની કોઈ ચીજ મને શરણ આપી શકે એમ નથી, મારે આધારભૂત બની શકે એમ નથી; દુઃખ ટળી શકે એમ નથી, ને સુખ આપી શકે એમ નથી. મારે આધાર એકમાત્ર પરમાત્માનો; મારા દુઃખ ટાળનાર એ જ; મને સુખ મળે તો એમના જ પ્રભાવે. પ્રભુ ! મારે તો બધી વાતે તું હી, તું હી, તું હી, તું હી.'



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

## (૧૨૦) જન્મ ઊંચો એવું જીવન ઊંચું ખરું ?

(લેખાંક-૧)

શું આપણને નથી લાગતું કે આપણો આ જન્મ સામે દેખાતા પશુ-પંખીના જન્મ કરતાં ઘણો ઊંચો જન્મ છે ? જનાવરને આપણા જેવા હાથ પગવાળું શરીર નહિ, આપણા જેવી વાચા નહિ, આપણા જેવી બુદ્ધિશક્તિ-વિવેકશક્તિ નહિ, અક્ષરજ્ઞાન પુસ્તકવાંચન ઉપદેશશ્રવણ વગેરે કશાની પહોંચ નહિ, ઘર માંડી એમાં જરૂરી ચીજ-વસ્તુની વ્યવસ્થિત ગોઠવણ તથા ઉપયોગ, કુટુંબકેળવણી વિવિધ જનવ્યવહાર...વગેરે કશું જનાવર પાસે નહિ. એ બધું આપણી પાસે છે. એ જોતાં પશુજનમ કરતા લાખ દરજ્જે આપણો જનમ ઊંચો છે.

તો પછી સવાલ આ છે કે પશુ કરતાં આવા લાખ દરજ્જે ઉચ્ચ જનમને પામ્યા પછી આપણે આ જનમને પશુના જીવન કરતાં લાખ દરજ્જે ઊંચી રીતે જીવીએ છીએ ખરા ? શું સારું સારું ખાવું સારું સારું ભેગું કરવું, સારું સારું ભોગવવું ને સારી આરામી કરવી, એ લાખ દરજ્જે ઊંચુ જીવન છે ? સારું મળે તો ખાવાનું તો પશુ ય કરે છે. આહાર સંજ્ઞાની ગુલામી તો એ ય કરે છે. એમાં પશુ કરતાં શું ઊંચું જીવ્યા ? પરિગ્રહની સંજ્ઞા તો કીડી ય સારી પોષે છે. વિષયસંજ્ઞાને પોષવાનું તો પશુ-પંખી-કીડા દરેકને આવડે છે. હાથી હાથણીમાં અને કાગડો કાગડીમાં મસ્ત બને છે. પતંગિયો દીવાના રૂપમાં ગુલતાન બને છે. સાપ-હરણિયા સંગીતમાં લુબ્ધ થાય છે. માછલું માંસના રસમાં દોડે છે. ઈન્દ્રિયોના વિષયોની પાછળની દોડધામનું જીવન તો ક્ષુદ્ર પ્રાણીઓ ય જીવે છે. તેમ આરામી કરવાનું પશુને ય આવડે છે.

એવું આહાર-વિષય-પરિગ્રહની દોડધામ અને નિદ્રા આરામીનું જીવન એ તો પશુ જીવન જેવું થયું ? કે પશુ કરતા લાખ દરજ્જે ઊંચું જીવન થયું ?

આપણી પાસે વિચારવા ભેજું હોય તો આ વિચાર જોઈએ કે, 'અરે ! હું પશુ કરતા લાખ દરજ્જે ઊંચો અવતાર પામ્યા પછી લાખ દરજ્જે ઊંચું જીવન શું જીવું છું ?' વહેલી પ્રભાતે જાગીને આ વિચાર કરાય, તો ચાનક લાગે. મનને એમ થાય કે, 'મને માત્ર વિશિષ્ટ શરીર-બુદ્ધિશક્તિ અને જીવન-સામગ્રી જ નહિ, કિન્તુ એથી ય વિશેષ તો દેવાધિદેવ, જિનમંદિર, ગુરુ, ધર્મસ્થાન, શાસ્ત્રો, તીર્થો વગેરે



કેટકેટલી ઉચ્ચ વસ્તુઓના યોગવાળો, જનમ મને મળ્યો છે. તો અનાર્યોના જીવન કરતાં કયું લાખ દરજ્જે ઊંચું જીવન હું જીવી રહ્યો છું ? કેળવણી ધંધો-રોજગાર, મજેના ખાનપાન, કુટુંબપાલન, વટવ્યવહાર, વગેરેનું જીવન તો અનાર્યો ય કયાં કમ જીવે છે ? અનાર્યો કરતાં જનમ ઊંચો અને જીવન અનાર્ય જેવું ?'

મનને જો આનો ખટકો લાગે તો એમ થાય કે 'અરે ! હું પરમાત્મા દેવાધિદેવ, ત્યાગી ગુરુ, ને વીતરાગનો ધર્મ પામેલો,-જે દેવ-ગુરુ-ધર્મ આજે દુનિયાના ૩૦૦ કરોડ માનવોમાંથી ૨૯૯ ॥ કરોડ માનવો નથી પામ્યા, જે જૈન આગમો જિનવાણી જૈનતીર્થો અને તીર્થંકર ભગવાનના તથા મહર્ષિ મહાપુરુષોના જીવનનું આલંબન એ નથી પામ્યા, એ જ ૨૯૯ ॥ કરોડ મનુષ્યો પણ નથી પામ્યા, એ હું પામ્યો છું, તો એ ઉચ્ચ પામ્યા પરંતુ કયું ઉચ્ચ જીવન હું જીવી રહ્યો છું ?' મધરાતે કે વહેલી પ્રભાતે ઊઠીને દિલથી કરેલો આ વિચાર પછી ચાનક લગાડે, અને જીવન ઉચ્ચ બનાવવા સજાગ કરે.

ત્યારે જીવન ઉચ્ચ કર્યું ? આજે એક સુધારાવાદ ચાલ્યો છે કે 'ધર્મ ક્રિયાઓ ને ધાર્મિક આચારોને શું બહુ લઈ પડો ? જીવનમાં નૈતિકતા લાવો. જીવન વ્યવહાર શુદ્ધ બનાવો, માનવ-માનવ સાથે સંપ-સહાનુભૂતિ કેળવો, માનવદયા વિચારો. એ જ ખરો ધર્મ છે.' આ સુધારાવાદ એ જમાનાનું ઝેર છે. એ સુધારાવાદીઓને ખબર નથી કે એ બધું તો અનાર્ય દેશમાં જન્મેલા પણ કરે છે; જીવનમાં નૈતિકતા સાચવે છે, વ્યવહારશુદ્ધિ સાચવે છે. માનવ સાથે સંપ-સહાનુભૂતિ રાખે છે, તો શું એટલા માત્રથી એમનું એવું ઉચ્ચજીવન છે કે એમને હવે કશું પામવાનું નથી ! જો ઉચ્ચ જીવન હોય, તો આપણને આર્યદેશ-આર્યકુળમાં જનમ મળ્યાની કશી વિશેષતા નથી ? આપણને વીતરાગ પરમાત્મા ત્યાગી ગુરુઓ અને જૈન ધર્મ મળ્યો, એ આટલું જ કરવા માટે ?

નૈતિકતા-વ્યવહારશુદ્ધિ અને માનવમૈત્રી રાખનારા અનાર્યદેશવાસીના જીવનમાં માંસાહાર-મદિરાપાન કેવા ? વિષયોના વિલાસ કેવા ? પૈસા-પ્રતિષ્ઠા-પરિવારનો લોભ-આસક્તિ કેવી ? આરંભસમારંભ કેવા ધૂમ પ્રમાણમાં ? જીવનમાં સરિયામ ભૌતિકતા કેવી ? આધ્યાત્મિકતાને જગા જ કયાં ?

જીવનની ઉચ્ચતા માત્ર માનેલી નૈતિકતા આદિ પર નથી, કબૂતરા ય એવું નૈતિક જીવન જીવે છે, વ્યવહારશુદ્ધિ રાખે છે, પોતાના જાતભાઈ પ્રત્યે સંપ સહાનુભૂતિ દાખવે છે. એટલે પતી ગયું ? એ સીધા હવે મોક્ષે પહોંચી જવાના ? અલબત નૈતિકતા વ્યવહારશુદ્ધિ-માનવપ્રેમ જરૂરી છે, પરંતુ નૈતિકતા



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

વગેરે સાચવીને પણ જ્યાં સુધી જીવન માત્ર ખાનપાનનું, પરિગ્રહનું, અને આરંભસમારંભ-વિષયવિલાસ તથા આરામીનું છે ત્યાં સુધી એ ભવમાં ભટકાવનારું જ જીવન છે. માટે વિચારવાનું છે કે જનમ ઉચ્ચ મળ્યા પર ઉચ્ચ જીવન કેવું બનાવવું ?

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૨,અંક-૪૫,તા.૩-૮-૧૯૭૪

## (૧૨૧) (લેખાંક-૨)

ગયા લેખમાં એ વિચાર્યું કે પશુ અને અનાર્ય મનુષ્ય કરતાં આપણને લાખ દરજ્જે ઊંચો જનમ મળ્યો છે તો એવું લાખ દરજ્જે ઊંચું જીવન છીએ ખરા ? આહાર-વિષય-પરિગ્રહ-આરંભ-સમારંભમાં જ મર્યાદિત જીવનની ઘરેડ એ કોઈ ઉચ્ચ જીવનની ઘરેડ નથી. એ તો બધું ભૌતિક જીવન છે. એમા આત્માના વિચારને સ્થાન નથી. આધ્યાત્મિકતાની કશી ઝાંખી નથી.

આપણો આત્મા જ્યારે આર્યદેશ-કુળ વગેરે વિશિષ્ટ સામગ્રીથી સંપન્ન ઉચ્ચ માનવજનમમાં આવ્યો છે, ત્યારે કક્ષા (grade) આત્માની વધી છે, કાયાદિ જડ પદાર્થની નહિ. કેમકે પૂર્વની કોઈ કીડા-મંકોડાપણાની કાયા સુધરતી સુધરતી પશુ-પંખીપણાની કાયારૂપ બની, ને એ જ સુધરતી સુધરતી માનવપણાની કાયાસ્વરૂપ બની એવું નથી. તે તે ભવની કાયા તો ત્યાં જ રહી, અને જીવ નવી નવી સારી કાયામાં પૂરાયો. એટલે કક્ષા કાયાની નહિ, પણ આત્માની વધી; આત્મા જ ઊંચી ઊંચી કાયાવાળો ઊંચા ઊંચા જનમવાળો બનતો આવ્યો. તેથી જ જીવન ઉચ્ચ બનાવવાનું છે એ કાયાની અધિક બોલબોલાનું નહિ; પરંતુ આત્માની અધિક ઉચ્ચતાનું બનાવવાનું છે, સારાંશ, ભૌતિકતાને નહિ, પણ આધ્યાત્મિકતાને વિકસાવવાની છે. જેવો જનમ ઊંચો તેવું જીવન ઊંચું આધ્યાત્મિકતા વિકસાવવા ઉપર જ બની શકે.

**'આધ્યાત્મિકતા'** એટલે આત્માને ઉદ્દેશીને થતી શુદ્ધ મન-વચન-કાયાની પ્રવૃત્તિ, અર્થાત્ વિચાર-વાણી-વર્તાવ બીજું કાંઈ ન કરતા હોઈએ તો ય મનમાં વિચારો ચાલે છે. એના પર ધ્યાન રાખીને એ વિચારો આત્માને ઉદ્દેશીને પ્રવર્તે એવું કરવું જોઈએ. એ સિવાય પણ સાંસારિક પ્રવૃત્તિ વખતે ય એમાં આત્માનો ઉદ્દેશ રહે એવો પ્રયત્ન રાખવો જોઈએ.

આધ્યાત્મિકતા યાને આત્માના ઉદ્દેશનો પ્રયત્ન કેવો હોય ? તો કે દરેક પ્રવૃત્તિ યાને કોઈ પણ વિચાર-વાણી-વર્તાવ (૧) આત્માના લાભમાં કેમ ઊતરે એ



લક્ષ ખાસ રહેવું જોઈએ; અને જો દેખાય કે એ આત્માને ખોટમાં-ગેરલાભમાં ઊતરે છે તો ત્યાં (૨) દિલને આનંદ-મંગળ નહિ પણ ખેદ-ચિંતા-વ્યાકુળતા રહે. તેમજ (૩) એનું વળતર કેમ વળે એ માટેની ચિંતા રહે. તેમજ (૪) ભવિષ્યમાં આવા ખોટના ધંધા કેમ ઓછા થતા આવે એની જાગૃતિ ઊભી કરાય.

હવે જુઓ આ આધ્યાત્મિકતાની છાયા જ નથી ત્યાં માત્ર કાયાની અને ઈન્દ્રિયોની ખુશખુશાલી અને મનની માન-સન્માનની દૃષ્ટિ જ રહે છે. એ સારું મળે એના પર ચોંટ રહે છે. એ મળ્યેથી આનંદ-મંગળ મનાય છે. મેળવવા બધા જ પ્રયત્ન કરાય છે. વાણી એના જ પિંજણ કરવાની. વિચારો એના જ ચાલવાના. સારા ખાનપાન, માન-સન્માન મેળવવા, ધંધો-રોજગાર બરાબર ચલાવવો, ઘર ચીજવસ્તુ કપડાલત્તા પરિવાર ઈત્યાદિની જ રાતદિવસ ગડમથલ ચાલુ. આ બધામાં ક્યાંય આત્માની યાદ પણ નહિ; માત્ર જડ કાયાદિના તર્પણનું લક્ષ !

ત્યારે આધ્યાત્મિકતા રાખવી હોય તો એ જોવાય કે 'અરે ! આ કાયાદિના આનંદમંગળમાં તો મારા આત્માની પુણ્યમૂડી ખરચાતી આવે છે. એ એક મોટો ખોટનો ધંધો છે, ને વધારામાં રાગ-દ્વેષ-કષાયો, મિથ્યામતિ-અવિરતિ વગેરેનાં સેવનથી અઢળક પાપ-અશુભ કર્મબંધનો ભારી ગેરલાભ ઊભો થતો જાય છે. તો આમાં શા આનંદ-મંગળ ને ખુશખુશાલી માનવી હતી ? એ માન્યા વિના એ બધા કામ પતાવવાના, અને તે પણ હું દેવદર્શન-જિનભક્તિ સત્સંગ જિનવાણીશ્રવણ, વ્રતનિયમ, સામાયિક પ્રતિક્રમણ, સ્વાધ્યાય, વગેરે ધર્મપ્રવૃત્તિ સારી કરી શકું એ માટે જ પતાવવાના. શક્ય હોય એટલું એ ખાનપાન-ધંધો વગેરેમાં ઓછાશ કરતા ચાલવાનું. જીવનનિર્વાહ જેટલી મૂડી થઈ ગઈ એટલે ધંધો રોજગાર બંધ કરી દેવાનો. ખાનપાનમાં વસ્તુનો સંકોચ કરતા ચાલવાનું. મેવા-મિઠાઈ, ફળ ફરસાણ વગેરેના ઉપભોગમાં ક્રમસર કાપ મૂકતા ચાલવાનું, એના ત્યાગના અભિગ્રહ વધારતા જવાનું. એવા બીજા મોજ શોખ પર કાપ મૂકતા ચાલવાનું. આ બધામાં એક જ ઉદ્દેશ કે મારા આત્માને કર્મબંધનો ઓછા લાગે, અને આ જડ માયાના સંસ્કાર બહુ વધે નહિ.

આવી આધ્યાત્મિકતા જાગતી રહે એ માટે એ વિચારવાનું કે આ ખાનપાન-રંગરાગમાં શું મોહવું હતું ? એ બધી માટીની રમત છે, એ નાશવંત છે. વળી એમાં કદી કાયમી તૃપ્તિ તો થતી જ નથી. થોડીકવાર તૃપ્તિ લાગે, પણ ઊલટું મનનું ભૂખારવાપણું ઊભું જ રહે છે કે વધતું જાય છે, ને વધારામાં રાગદ્વેષાદિ કષાયો જ પોષાય, ને દુર્ગતિનાં પાપ તથા આહારાદિ સંજ્ઞાના સંસ્કાર બંધાય એ મોટી નુકસાની; તો એમાં શું મોહવાનું ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

**આ પશુ કરતાં લાખ દરજ્જે ઊંચો જનમ મળ્યો એ જીવન લાખ દરજ્જે ઊંચું જીવવા માટે મળ્યો છે.**

એવું ઉચ્ચ જીવન તો જ બને કે માટીની રમતનો અનાર્યને હોય એવો રસ જ બંધ કરાય, એ રમત પર કાપ મૂકાય, અને શકય એટલો આત્મશુદ્ધિનો વિચાર રાખી દેવ-ગુરુ-ધર્મની સાધના-ઉપાસનામાં લાગ્યા રહેવાય.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૨,અંક-૪૬,તા.૧૦-૮-૧૯૭૪

## (૧૨૨) રોદણાંનો મહારોગ

આજનો કાળ ભારે વિલક્ષણ આવી લાગ્યો છે. એક બાજુ માણસને હાડમારીઓ ખૂબ વધી ગઈ છે, ત્યારે બીજી બાજુ માણસના મન એટલા બધા અલ્પ સત્ત્વવાળા થઈ ગયા છે કે મોટી શું પણ નાની ય આપત્તિ સહવાને સમર્થ નથી. આનું પરિણામ એક જ દેખાય છે કે જ્યાં જુઓ ત્યાં રોદણાં રોદણાં ને રોદણાં; પછી નાની આપત્તિ હોય કે મોટી. રોદણાંનો એક મહારોગ લાગી ગયો છે.

ખૂબી પાછી એ છે કે આજની હાડમારીઓ દા.ત. મહામોંઘવારી, સરકારી હાલાકી, જીવનજરૂરી ચીજવસ્તુની અછત યા એના મોટા ખરચા, ડૉક્ટરી મોટા ખરચ, ટ્રેન-બસ...વગેરે વગેરેનો પાર નથી અને એ એવી છે કે જનસામાન્યથી કંઈ એ નિવારી શકાય એવી નથી; તો પછી સવાલ આ છે કે એના પર રોદણાં રોવામાં બીજો કોઈ લાભ છે કે નુકસાન ? અને નુકસાન હોય તો શું કરવું ?

**રોદણાંનું પહેલું નુકસાન :-**

રોદણાં રોવાથી લાભ કશો જ નથી. લાભમાં મનને એમ કદાચ લાગે કે હું બીજા આગળ હૃદયની વ્યથા ઠાલવું એટલે મારું મન તો ફોરું થાય ? પરંતુ આ નરી ભ્રમણા છે. એમાં મન ફોરું નહિ, પણ ફરિયાદની વસ્તુ યાદ કરી કરીને લોહી બાળવાનું થાય છે. માનસશાસ્ત્રનો નિયમ છે કે વસ્તુની નેગેટીવ Nagative યાને હલકી બાજુ વિચારો એટલે મન નિરાશ સુસ્ત વ્યથિત બને છે. પછી મન એવું બને એની અસર શરીરના તંત્ર પર એવી જ પડે છે, જેથી એમાં લોહી બળે છે. માટે તો એવા બહુ બળતરા માણસોના વાળ વહેલા ધોળા થઈ જાય છે, શરીર દુબળાં જેવા થાય છે, ઘડપણ વહેલું આવ્યું દેખાય છે.



અમેરિકાનો અબજોપતિ રોકફેલર ૫૦-૫૨ વર્ષની ઉંમરમાં ૭૨ વર્ષની ઉંમરવાળો હોય એવો બની ગયેલો. કારણ ? આ જ, કે જીવનભર રોદણાં રોઈરોઈ લોહી બળતો રહેલો. દા.ત. એક વાર એનો માલ લઈ વહાણ રવાના થયું પછી સેક્રેટરીને પૂછ્યું કે એનો વિમો ઊતરાવ્યો છે ? સેક્રેટરીએ ના કહેતા રોકફેલર ગુસ્સે થઈ ગયો. ને તરત વિમો ઉતારી લાવવા કહ્યું. સેક્રેટરીએ જઈને ગમે તેમ કરી વિમો ઊતરાવી ૧૫૦ ડોલર પ્રીમિયર ભરી દઈ એની રસીદ લાવીને રોકફેલરના ટેબલ પર મૂકી એ જ વખતે પેલું વહાણ ક્ષેમકુશળ સામે કાંઠે પહોંચી ગયાનો કેબલ (તાર) આવ્યો. ત્યાં રોકફેલરને આંચકો લાગ્યો, મનને થયું કે 'અરેરે ! ૧૫૦ ડોલર પડી ગયા ! જરાક રાહ જોઈ હોત તો વિમાની જરૂર ન રહેત.' અબજોપતિને આ માત્ર ૧૫૦ ડોલર પડી ગયાનું રોદણું ! હા, કંજૂસ અને મહા ધનલોભીને એ હોય એમા નવાઈ નથી. આવા તો કઈ રોદણાં જીવનભર એણે રોયેલાં. એમાં લોહી બળી બળીને ખાખ.

**રોદણાંનું બીજું નુકસાન આ,** કે રોદણાંની માનસિક અસર બીજા કાર્ય બગાડે છે, કેમકે એ ઉત્સાહના આખા તંત્ર ઉપર એક કાજળના વંટોળની જેમ ફરી વળે છે, ને ભિન્ન ભિન્ન ઉત્સાહો પર કાળી છાયા જાણે લગાવતી જાય છે ! અનુભવ તપાસી જોતાં જણાશે કે કોઈ એક બાબતમાં રોદણું રોવા માંડ્યા પછી બીજા કામમાં લાગ્યા ત્યાં કાર્યનો પ્રારંભ એવા જોરદાર ઉત્સાહથી નહિ હોય; કેમકે પેલા રોદણાંની ઘેરી અસરે મનને કાંઈક મુડદાલ કરી દીધું હશે. દા.ત. બે છોકરાને કપડું મનમાન્યું પહેરવા ન મળ્યું, પણ એમાં છોકરો રોદણાં વીના નિશાળે જાય છે, તો એ ઉલ્લાસથી ભણશે. જ્યારે બીજો છોકરો એનું રોદણાં રોતો રોતો નિશાળે જઈ ભણવા બેસે છે, તો એ ઉલ્લાસથી ભણશે ? ના, કહે છે ને કે રોતો જાય એ મુઆની ખબર લઈ આવે.

પ્ર.- પણ સંયોગ જ એવા બની આવે ત્યાં રોદણું તો સહેજે થાય ને ?

ઉ.- ના, **સંયોગ માણસને બગાડે એના કરતાં કેટલું ય તો માણસનું પોતાનું અવળું માનસ જ પોતાનું વધુ બગાડે છે.** નહિતર, માનો ને કે એક બાબતમાં પોતાને ગમતું ન થયું, પણ તેથી મન બગાડીને પોતે પોતાની જ બીજી બાબતને શું કામ ધક્કો લગાડે ? સમજી રાખવાનું, કે મન દિલ એક જ છે; એ એક ઠેકાણે બગાડ્યું એટલે એ બીજે એનો ભાવ ભજવાનું માટે તો વેપારમાં કે વહેવારમાં મનને ખુશમિશાલ જૂઠ-અનીતિ-દંભવાળું કરી બગાડનારા માણસ પછી ધર્મસાધનામાં મનને શુદ્ધ જોડી શકતા નથી. એવું અહીં દા.ત. ઘરમાં કાંઈક ભાંગફોડ થઈ ને મન ઉદાસ થયું, પછી જો એવું રોદણાં રોતું નિરાશ નિરુત્સાહ મન લઈને બીજું



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

કામ કરવા ગયા તો એમાં ભલીવાર નહિ આવે. ઉત્સાહ વિનાનો રોતડનાં કામ ભલીવાર વિનાના નીવડે છે.

આ ઉપરથી બોધ લેવાનો છે કે માનો કે કોઈ એક બાબતમાં આપણી પોતાની જ ભૂલથી કશું અજુગતું-અણઘટતું થયું, તો ત્યાં એવા સાવ હતાશ રોતડ નિરુત્સાહ બનવાની જરૂર નથી; પરંતુ શક્ય હોય તો એ સુધારી લઈ ભવિષ્ય માટે સાવધાન થઈ જવાનું જેથી આ ભૂલ અને દુઃખદ પરિણામ ધ્યાનમાં રહી હવે પછી ભૂલ ન થાય.

પ્ર.- તો શું કોઈ પાપ થઈ જાય ત્યાં પણ હતાશા રોતડ નહિ થવાનું ?

ઉ.- ના, એવા રોતડ નહિ થવાનું કે જેથી સુધારાની અને બીજી સારી પ્રવૃત્તિ તરફ મન જ ન જાય. અલબત જાત પર દુગંછા-તિરસ્કાર થવો જોઈએ, ને ભવિષ્યમાં એ પાપના સરજનારા ભયંકર વિપાકનો ડર રહેવો જોઈએ; જેથી (૧) ગુરુ પાસે જઈ એ પાપને યથાસ્થિત કહી એનું પ્રાયશ્ચિત્ત લેવાય, ને એમ એ ભૂલને સુધારી લેવાય. તેમજ (૨) ભવિષ્ય માટે પાપ નહિ જ આચરવાની સાવચેતી ઊભી કરાય. બાકી એકલી હતાશા રોતડગીરીમાં તો આ કશું નહિ થાય.

હવે જો કશું ક અજુગતું-અણઘટતું કોઈ નિમિત્ત-સંયોગ-પરિસ્થિતિ કે તેવા અશુભ કર્મના હિસાબે બની આવ્યું તો ત્યાં પણ હતાશ-રોતડ નહિ બનવાનું; તે એમ વિચારીને કે, 'આ સંયોગ વગેરેએ મારું એક તો બગાડ્યું, પણ હવે હાથે કરીને વધારામાં મારી જાતે જ મારે મારું કિંમતી મન શા માટે હતાશ કરી બગાડવું ? સંયોગના વાંકે આપણા પોતાના મનને દંડવાનું શું કામ ? જેમ બાહ્ય માલ-મિલકત એ સંપત્તિ છે, એમ આપણું મન પણ એક સંપત્તિ છે, મહાન વૈભવ છે. કમમાં કમ એને તો સાચવીએ.'

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૨,અંક-૪૭,તા.૧૭-૮-૧૯૭૪

## (૧૨૩) જીવનમાં કયા મનોરથ ?

રાવણના દાદા સુમાલીને ઈન્દ્ર નામના વિદ્યાધર રાજાએ લંકા નગરીમાંથી હાંકી કાઢેલા, તેથી એ પાતાલ લંકામાં જઈ વસેલ. ત્યાં એક વારનો પ્રસંગ છે કે સુમાલીના પુત્ર રત્નશ્રવાનો પુત્ર રાવણ ભાઈઓ અને પોતાની માતા કૈકસી સાથે બેઠો છે, અને ત્યાં ઉપરથી વિમાન જઇ રહેલ છે, ત્યારે રાવણ વિમાનમાં સમૃદ્ધ રાજાને જોઈ માતાને પૂછે છે, 'મા ! આ વિમાનમાં કોણ જઈ રહ્યું છે ?'



માતા કૈકસી કહે છે, 'વત્સ ! એ મારી બેન કૌશિકાનો પતિ વૈશ્રવણ છે. એને ઈન્દ્ર રાજાએ તારા મોટા દાદાને મારી નાખીને તારા દાદાને લંકા નગરીમાંથી હટાવી લંકાનું રાક્ષસ દ્વીપનું રાજ્ય સંભાળવા સોંપ્યું છે. રાજધાની લંકા તો રાક્ષસેન્દ્ર ભીમેન્દ્રે પાતાલ લંકા, રાક્ષસદ્વીપ અને રાક્ષસી વિદ્યા સહિત આપણા પૂર્વજ મેઘવાહન રાજાને ભેટ આપેલ. ત્યારથી માંડીને અખંડ ધારાએ આપણા વંશમાં એ રાજ્ય ચાલી આવતું હતું. પણ હાલ એ શત્રુથી લૂંટાઈ જતા, તારા દાદા અને પિતા અહીં ગતપ્રાણ જેવા રહેલ છે. રક્ષક વગરના ખેતરમાં સાંઢડા ચરે એ લંકામાં એમ શત્રુઓ સ્વેચ્છાએ મહાલે છે, એ તારા પિતાને મોટું હૃદય શલ્ય છે. હે વત્સ ! આ તારી મંદભાગ્યા માતા બંધુ સહિત તને લંકાના સિંહાસન પર ક્યારે બિરાજતો જોશે ! એમ થતાં એ લંકાના લૂંટારાઓને તારી કેદમાં જોઈ હું ક્યારે પુત્રવતીમાં શિરોમણી થઈશ !'

ત્યારે રાવણ, કુંભકર્ણ અને વિભીષણ ખળભળી ઊઠ્યા, અને પછી વિદ્યાઓ સિદ્ધ કરી વૈશ્રવણને યુદ્ધમાં પરાસ્ત કરીને લંકા સહિત રાક્ષસ દ્વીપનું રાજ્ય કબજે કર્યું.

આ પ્રસંગમાં જેમ માતાને મનોરથ, એમ શ્રાવિકા માતાને કેવા મનોરથ થાય ? માતા શ્રાવિકા એટલે પ્રભુનાં શાસન પર અથાગ રાગવાળી એને દીકરા માટે કેવા કોડ થાય ? શું એવા કે 'કયારે મારો પુત્ર મોટો વેપારી થાય ? પ્રોફેસર થાય ? ડૉક્ટર વકિલ થાય ?....' શું આ કોડ એ દીકરાને એથી સારો ધર્માત્મા બનાવી દેવલોકની ગતિ અપાવવાના કોડ છે ? પુત્રને એવા વેપારી વગેરે બનાવવાના કોડ તો જૈનેતર માતા પણ કરે છે; પરંતુ ત્રિલોકનાથ ભગવાન જિનેશ્વરદેવનું શાસન પામેલી માતા એવા જ કોડ કરનારી હોય ?

કિન્તુ આજના જમાનાના વાયરાએ માણસનાં મગજ ફેરવી નાખ્યા છે. માણસને કેવળ ઐહિક અને તે પણ તુચ્છ વસ્તુના જ એવા લાલચુ બનાવી દીધા છે કે ત્યાં આવા તુચ્છ જ મનોરથ થાય ને કે, 'મારો દીકરો સારું કમાતો થાય, એને સારી સર્વિસ મળે; એ વેપારી થાય, વકિલ થાય, ડૉક્ટર થાય.'

આમાં કયાં કશો ઉચ્ચ મનોરથ જ છે ? ભલે ને ગવર્મેન્ટ સર્વિસ, પણ સર્વિસ એટલે નોકરી, ગુલામી, શા માટે ? બે પૈસા ચાટવા મળે એ માટે ! આવા ઉચ્ચ ભવનો આ સદુપયોગ ? જેટલો ભવ ઊંચો, જેટલી બુદ્ધિશક્તિ પશુ કરતાં ઊંચી, એના પ્રમાણમાં કોઈ ઊંચા કોડ, ઊંચી ઇચ્છાઓ ન જોઈએ ? તો શું જૈન માતાપિતાને આટલા જ કોડ થાય કે અમારો દીકરો સારો ઓફિસર થાય ? ને દીકરાને ય એટલા જ કોડ હોય ? એમ માબાપને દીકરી માટે આટલા જ કોડ કે



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

એને સારા પૈસાવાળો પતિ મળે ? ને દીકરીને કોડ એ કે સારો રૂપાળો ને રંગીલો પતિ મળે ?

કૈકસીને લંકાનું રાજ્ય પોતાનું લાગ્યું તેથી કોડ હતા કે, 'મારો દીકરો ક્યારે લંકાને સર કરી લંકાની જાહોજલાલી ભોગવે ?' અહીં લગભગ કોઈ માતા પિતાને શાસન પોતાનું લાગતું નથી તેથી આવા કોડ જ નથી થતા કે 'મારો દીકરો ક્યારે શાસનને સમર્પિત થઈ શાસનની જાહોજલાલી કરે ! કેમ એ દાનવીર થાય ! મહાન વ્રતધારી થાય ! કેમ મહા સદાચારી થાય ! તપસ્વી થાય, સંઘ-શાસનના સારા કાર્ય કરતો થાય ! એ કેમ સાધુ થાય આચાર્ય થાય, હજારોને તારનારો થાય ! પછી હું કોની મા ગણાઉં ? મોટા દાનવીરની મા, મહાન શ્રાવકની મા, મહાન શાસન સુભટની મા, મહાન સાધુની મા, મોટા આચાર્યની મા, અનેકોના તારણહારની મા કહેવાઉં ! વાહ ! કેવો મારો ધન્ય અવતાર !' છે કોઈ આવા મનોરથ ! ના, રાંકડા માયકાંગલા મનોરથ છે કે 'મારો દીકરો પરણે. સારી વહુ આવે, એની હું સાસું થાઉં, મારી એ સેવા કરે, દીકરો સારું કમાય, મને સારી રીતે રાખે, એને ભટુલિયા થાય એને હું રમાડું, મને એ દાદી દાદી કહે'.... બસ, આવા ને આવા તુચ્છ કોડ ! એ કોડ તો આજે હરિજન સ્ત્રી ય કરે છે, ને અનાર્ય સ્ત્રી પણ કરે છે. ઉત્તમ શ્રાવિકા સ્ત્રી તરીકે જનમ મળવા છતાં ય આવા કંગાળ કોડ ?

ત્યારે આજના દીકરા-દીકરીઓને ય કેવા કેવા મનોરથ થાય છે ? છે કોઈ આવા કોડ કે, 'હું મહાન થાઉં, મોટો દાનવીર થાઉં, તપસ્વી થાઉં, વ્રત ધારી મહાન શ્રાવક બનું, શાસન સુભટ થાઉં, મહાન સાધુ શાસ્ત્રોનો વિદ્વાન થાઉં, મોટો આચાર્ય થઈ હજારોને તારનારો બનું !...' ના, આમાંના કશા કોડ નહિ. કોડ રદ્દુસ મનોરથ માટીના, ને આકાંક્ષાઓ અસારની.

આજે કૂવે ભાંગ પડી છે, જેટલા એનું પાણી પીએ એ બધા પાગલ થાય. એમ જીવન પદ્ધતિ, ખાનપાન, કેળવણી, રેડિયો-છાપાં વગેરે નવા સાધનો,...આ બધું એવું છે કે એમાં જે લપટાયા એ પાગલ; એમને સીધું કશું સૂઝે જ નહિ. કોઈને ય ભગવાન મારા, શાસન મારું, મંદિર-ઉપાશ્રય મારા, પાઠશાળા મારી, ધર્મ મારો, સાધર્મિક મારા,' એવું સૂઝતું જ નથી. 'ઘર મારું, દુકાન મારી, બૈરી મારી, છોકરા મારા, ધન મારું,...' ...એવું એવું જ સૂઝે છે; ત્યાં શાસન પર આફતો હોય, ભગવાનની પૂજારીઓ આશાતના કરતા હોય, જમાનો નવી પ્રજાને જડવાદ ને વિલાસવાદમાં ખેંચી જતો હોય, શાસ્ત્રો-આગમોની સામે ચેડાં થતા હોય, સંઘમાથી જૈન આચાર-અનુષ્ઠાનોનો ઝડપી હ્રાસ થયે જતો હોય, વગેરે



વગેરે મહાઆપત્તિઓનું નિવારણ, શાસન આદિનું મમત્વ કરીને, કોણ કરવાનાં કોડ કરે ?

પરંતુ આપણી જાત માટે આ વિચાર રાખવાનો કે, 'મારો જનમ જેટલો ઊંચો છે, એટલી ઊંચી વસ્તુના મારે મમત્વ રાખવા, અને એટલા ઊંચા કોડ કરી, એ માર્ગે પુરુષાર્થી બનવું.'

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૩,અંક-૨,તા.૧૪-૯-૧૯૭૪

## (૧૨૪) મહામંત્ર નવકાર કેમ ફળતો નથી ?

જેને નમસ્કાર-મહામંત્ર મળ્યો છે એના પુણ્યની અવધિ નથી. જગતના સમૃદ્ધિના ઢેર દેવતાઈ કાયા અને દેવતાઈ વિમાન મળવાનું પુણ્ય ઘણાંની પાસે છે, પરંતુ મહામંત્ર નવકાર મળવાનું પુણ્ય કેટલાની પાસે ? અરે, આજે ભારતમાં ગાયત્રીમંત્ર વગેરે ક્રોડોને મળ્યા છે, પરંતુ નવકારમંત્ર કેટલાને મળ્યો છે ?

સવાલ થાય કે, 'શું ગાયત્રીમંત્ર કરતાં નવકારમંત્ર ચડિયાતો છે ?' ઉત્તર એ છે કે અલબત, નવકારમંત્ર ચડિયાતો છે. એનું કારણ આ છે, કે મંત્ર જે ઈષ્ટ દેવનો હોય એની કક્ષા જેટલી ઊંચી એટલો એનો મંત્ર ઊંચો. નવકાર મહામંત્ર વીતરાગ સર્વજ્ઞ અરિહંત પરમાત્મા તથા નિરંજન નિરાકાર સિદ્ધ-પરમાત્મા અને અહિંસક નિષ્પાપ આચાર્ય-ઉપાધ્યાય-સાધુ ભગવંતો, એ પાંચ પરમેષ્ઠીનો મંત્ર છે. એમનાથી ચડિયાતા શું, એમની હરોળમાં આવે એવા કોઈ ઈષ્ટ દેવ નથી. પંચ પરમેષ્ઠી સર્વશ્રેષ્ઠ ઈષ્ટ દેવ છે, માટે એમનો મંત્ર નમસ્કાર-મંત્ર એ વિશ્વમાં શ્રેષ્ઠ મહામંત્ર છે.

પ્ર. - તો પછી ગાયત્રી મંત્ર ફળતો દેખાય છે એવો નવકાર મંત્ર કેમ ફળતો દેખાતો નથી ?

ઉ. - આ ભ્રમણા છે. દુનિયામાં ગામે ગામ અને ઘરે ઘર કેટલે જોઈ વળ્યા અને પછી માપ કાઢ્યું કે નવકાર મંત્ર નથી ફળતો ? દિલની ધીખતી શ્રદ્ધાથી નવકાર મંત્ર ગણનાર આજે પણ એવાં અચિંત્ય ફળ પામ્યાના અનેક દાખલા છે કે જે બીજા મંત્રથી ન પામ્યા હોય.

પાકિસ્તાની સરજાઈ ત્યારે કલકત્તામાં એક માળા પર સેંકડો ગૂંડાની ખંજરો સાથે ઘોંસ છતાં નવકારમંત્રે ગેબી રીતે મિલિટરી બસ લાવીને રક્ષણ આપ્યું હતું.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

જામનગરના શ્રાવક ગુલાબચંદ કેન્સરની વિકરેલી ગાંઠમાં મરવાની અણી પર હતા ને એમને એમ થયું કે, 'આમ મરું એના કરતાં નવકાર મંત્રમાં મરું તો સદ્ગતિ થાય,' તેથી તીવ્ર શ્રદ્ધાથી નવકાર મંત્રની ધૂનમાં ચડી ગયા, ને એ નવકાર મહામંત્રે એમની કેન્સરની ગાંઠ તોડી નાખી, ને આજે ય એ જીવંત છે.

ઈન્કમટેક્ષ કમિશ્નરે અમદાવાદના એક વેપારી પર રૂા. ૩૩૦૦૦) નું ખોટું એસેસમેન્ટ કરેલું. વેપારીએ લાંચ-રિશ્વતમાં જવાને બદલે કોરટનો આશ્રય લીધો. કોરટો આજે મોટાભાગે આવી બાબતમાં સરકાર પક્ષે જાય છે, પરંતુ આ વેપારી નવકાર મંત્રની અથાગ શ્રદ્ધાવાળા તે જજમેન્ટ વખતે ય નિરાંતે નવકાર મંત્રનું સ્મરણ કરતા હતા અને જજમેન્ટમાં એસેસમેન્ટ રદ થયું.

બિહાર - આસામના એક મિયાભાઈને નવકાર મહામંત્રની ગજબ શ્રદ્ધા સાથે આખો દિવસ લગન લાગેલી; અને કાફર ગણી મારી નાખવા માટે બીજા મિયાએ એના સુવાના ખાટલા નીચે ગુપ્તપણે કરંડિયામાં સાપ મૂકેલો. આ મિયાભાઈ બહારથી આવી ખાટલા પાસે જાય ત્યાં ખાટલા પર સાપ દેખ્યો, તો જરાય ગભરાયા વિના ત્રણ નવકાર ગણ્યા ને સાપ બીજી બાજુથી ઉતરી ચાલ્યો ગયો. પોતે સ્વસ્થતાથી નવકાર ગણતાં ત્યાં જ સૂતો. થોડી વાર પછી પેલો મિયો રોતો રોતો આવી સાપ મૂક્યાની માફી માંગી આજીજી કરે છે, 'મારા દીકરાને સાપ કરડ્યો છે, તો ભાઈસાબ! તમારા મંત્રથી એને બચાવી લો, નહિતર એ મરી જશે.' તરત જ ક્ષમાશીલ આ મિયાભાઈએ જઈ ત્રણ વાર નમસ્કાર મહામંત્ર યાદ કરી પાણી છાંટતાં ઝેર ઊતરી જઈને છોકરો બેઠો થઈ ગયો.

આવો તો આપત્તિ ટળવાના અને સંપત્તિ મળવાના કેટલાય પ્રસંગ આજે ય બને છે અને પૂર્વકાળે પણ બન્યા છે. પણ આ તો માત્ર ઐહિક લાભની વાત થઈ, કિન્તુ પારલૌકિક લાભ જે નવકાર મહામંત્ર કરે છે એની તોલે જગતમાં કોઈ મંત્ર એ લાભ કરતો નથી. યાવત્ મોક્ષ સુધી પહોંચાડવાની તાકાત પરમેષ્ઠિ - નમસ્કાર મંત્રમાં છે, કેમકે મોક્ષ વીતરાગ દશા આવ્યા પછી જ થાય, અને વીતરાગ દશા માટે સામે આદર્શરૂપે વીતરાગ જોઈએ, વીતરાગને નમસ્કાર, વીતરાગનું ધ્યાન, અને વીતરાગતા - સાધકનું આલંબન જોઈએ. એ બધું પરમેષ્ઠિ - નમસ્કાર મહામંત્રમાં જ મળે છે. એના પ્રભાવે જ્યાં સમસ્ત અંતરાયાદિ કર્મ તૂટે ત્યાં થોડા અંતરાયાદિ તૂટી જીવને અનિષ્ટ ટળે અને ઇષ્ટ-હિત સિદ્ધ થાય એમાં નવાઈ શી ?

મુખ્ય વાત આ છે કે નવકાર મહામંત્રની સાધના અથાગ શ્રદ્ધાબળ સાથે થવી જોઈએ. એ શ્રદ્ધાબળ વિના નવકાર ન ફળે એમાં નવાઈ નથી. આ શ્રદ્ધા એટલે 'નવકાર ગણીએ તો પૈસા મળે,' 'નવકાર ગણીએ તો રોગ જાય'...એવી



કામ ચલાઉ શ્રદ્ધા નહિ, કિન્તુ 'નવકાર એ સમસ્ત પાપોનો નાશક અને પ્રથમ કોટિનું મંગળ છે. એની સાધના એ જીવનનો સાર છે. અને જીવને અપૂર્વ સમાધિદાતા છે...' એવી શ્રદ્ધા.

આ શ્રદ્ધાને ઊભી કરવા માટે જીવનમાં જગતના દુઃખિત જીવો પર નીતરતો દયાભાવ જોઈએ અને વિશ્વના સમસ્ત જીવો પ્રત્યે મૈત્રીભાવ - સ્નેહભાવ જોઈએ. એક પણ જીવ આપણા સ્નેહભાવમાંથી બાદ નહિ; તેમજ માથા વાઢ જેવો દુશ્મન પણ દુઃખિત હોય તો એ ય આપણી દયામાંથી બાદ નહિ. પૂર્વોક્ત ગુલાબચંદભાઈએ આ મૈત્રીભાવ સાથે નવકાર સાધના કરેલી, પૂર્વોક્ત મિયાભાઈએ દુશ્મન પર પણ આ દયાભાવ સાથે નવકાર સાધના કરેલી, તેથી અચિંત્ય ફળ પામ્યા. મૈત્રી-દયાના ભાવ એવો વિસ્તરવો જોઈએ કે આપણા હાથે કે આપણા નિમિત્તે વિરાધાતા એકેન્દ્રિય પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિના જીવો પ્રત્યે પણ એ સ્નેહ-દયાભાવ જાગતો રહી દિલ એ જીવોને પહોંચાડતા મરણાન્ત દુઃખ માટે ભારે અફસોસી અનુભવે. પછી માનવ અને પશુ તથા કીડાદિ માટે સ્નેહભાવ-દયાભાવનું તો પૂછવું જ શું ? આના ઉપર નવકાર મંત્ર પ્રત્યે અથાગ શ્રદ્ધા ઊભી થાય અને પછી મહામંત્ર સાધના અદ્ભુત ફળે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૩,અંક-૩,તા.૨૧-૯-૧૯૭૪

## (૧૨૫) 'રુકમી રાજાનું પતન અને ઉત્થાન'

### (૨ જા ભાગના પ્રકાશન પ્રસંગે)

પહેલા ભાગમાં એ આવેલું કે રાજપુત્રી રુકમી લગ્ન પછી વિધવા બનતાં, 'યુવાનીના મદમાં કુળને કલંક લાગે એવું મારાથી કદાચ કાંઈક અકાર્ય થઈ જાય તો ? એના કરતાં મરવું સારું' એમ કહી પિતા પાસે ચિતામાં બળી મરવાની માંગણી કરે છે. પણ પિતાએ એને સમજાવ્યું કિ આ જીવન તો ભરચક સુકૃતો માટેનો એક ઉત્તમ અવસર છે. આવા અમૂલ્ય જીવનનો એમ નાશ કરવા જતાં સુકૃતોની તક ખતમ થાય. માટે આત્મહત્યા ઉચિત નથી. બાકી ત્યાગ, તપશ્ચર્યા, સંયમ તેમજ સત્સંગ સાથે શીલ વિરોધી તત્ત્વોથી દૂર રહેવું. એ રીતે યુવાનીને અંકુશમાં રાખી શકાય છે. રુકમી સમજી ગઈ અને એ રીતે મહાન બ્રહ્મચારિણી બની. પિતા રાજાનું મૃત્યુ થયું. એને પુત્ર ન હોઈ મંત્રીઓએ રુકમીને એના બ્રહ્મચર્યના પ્રભાવના હિસાબે આગ્રહથી રાજા બનાવી.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

હવે રુકમીના રાજદરબારમાં એકવાર એનાં બ્રહ્મચર્યની ખ્યાતિ સાંભળી કોઈ પરદેશી રાજકુમાર એના દર્શનાર્થે આવ્યો. પરંતુ કોઈ વખત નહિ ને આજે આ રૂપવાન રાજકુમારને જોતાં એનાં પર મોહી જઈ રુકમી રાગદૃષ્ટિથી જુવે છે. તરત જ રાજકુમાર એની વિકારી દૃષ્ટિ જોઈ એના પર અભાવવાળો બની ત્યાંથી ચાલી નીકળ્યો. એના મનને થયું કે, 'અહો ! ધિક્કાર છે મારા રૂપાળા શરીરને કે જેણે આ બિચારી પ્રસિદ્ધ બ્રહ્મચર્યવાળી બાઈને ભૂલાવી ! માટે એનો ત્યાગ કરું, પણ એમ તત્કાલ આત્મહત્યા કરીને નહિ કિન્તુ વિધિપૂર્વક સંયમ-તપ-સંલેખના દ્વારા; જેથી મૃત્યુ વખતે સમાધિ રહે; અને જીવનમાં આ શરીરથી શક્ય આત્મહિત સાધવાનો લાભ લેવાય !

આ વિચાર કરી બીજા રાજ્યમાં જઈ ગુરુમહારાજની રાહ જોતો ત્યાંના રાજાને ત્યાં મુકામ કરે છે. રાજા પૂછતાં કે, 'ક્યાંથી આવો છો ? એ કહે છે, 'આમ તો દૂર દેશથી, પણ હમણાં એક એવા રાજાના રાજ્યમાંથી આવું છું કે જેનું નામ લેતા ખાવાનું ટળે. માટે નામ જાણવાનો આગ્રહ ન રાખશો. રાજાએ અખતરો કરવા ભોજન મંગાવ્યું. હાથમાં કોળીયો લીધો, ને પછી આગ્રહ કરે છે કે, એ રાજાનું નામ બોલો. હું જોઉં કે એથી ખાવાનું કેમ ટળે છે. રાજકુમાર જ્યાં રુકમીનું નામ બોલે છે ત્યાં જ એકાએક સિપાઈ દોડતો આવી દુશ્મનનું લશ્કર ઘુસી આવી ઠેઠ રાજમહેલ પાસે આવવાની તૈયારી છે એવા સમાચાર આપે છે. ખાવાનું ઠેકાણે પડ્યું ને રાજા ગભરાઈને ગુપ્ત સુરંગમાં ચાલ્યો ગયો.

રાજકુમારે દૃષ્ટિના વ્યભિચારનો પ્રભાવ જોયો. હવે બ્રહ્મચર્યનો પ્રભાવ જોવા માટે ત્યાંથી બહાર નીકળતા સંકલ્પ કર્યો કે, 'મારા બ્રહ્મચર્યનો પ્રભાવ હોય તો દુશ્મનના શસ્ત્ર મને કશું ન કરો. સંકલ્પ કરી બહાર નીકળે છે ત્યાં જ શત્રુ સુભટો 'મારો મારો' કરતાં શસ્ત્ર ઉગામી સામે ધસે છે. પણ શસ્ત્ર સાથે સ્થંભિત થઈ જાય છે. આવો બ્રહ્મચર્યનો સાક્ષાત્ પ્રભાવ જોતાં કુમારને દિલમાં એવા શુભભાવ ઉછળે છે કે જેથી જ્ઞાનાવરણ કર્મોનો નાશ થતાં એને દિવ્ય અવધિજ્ઞાન પ્રગટ થઈ જાય છે, અને એમાં જે નિહાળે છે એથી એ મૂર્છિત થઈ જાય છે.

હવે આ **પુસ્તકના ૨ જા ભાગમાં** આ કથા આગળ વધે છે. એમાં એકવાર સહેજ પતન પામેલી રુકમી આગળ પર મહાન ચારિત્ર પાલન કરવા છતાં કેવું **વિશેષ પતન** પામે છે, અને એ પતનના દુઃખદ પ્રત્યાઘાત દીર્ઘકાળ અનુભવ્યા પછી એનું કેવું ઉત્થાન થાય છે એનો રોચક અને બોધક અધિકાર-પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે.



આ બીજા ભાગમાં પણ પ્રસંગે પ્રસંગે વિષયને વિશદ કરવા માટે સચોટ દાખલા અને દલીલો મૂકવામાં આવી છે. આત્મહિતકર ભવ્ય વિચારધારા વહે છે.

એમાં ખાસ - ખોટી વિચારધારા બદલવાના-૫ સાધન-દિલ ઉત્તમ બનાવવાના ૨ ઉપાય-અલ્પધનમાં ધન્ય જીવન-વિકારોથી બચાવનાર ૧૨ પ્રકારનું ચિંતન-મૌનના ગજબ લાભ-ક્ષુદ્રતાથી ઉપકારીનો દ્રોહ-આપમતિનો કરુણ અંજામ-આધુનિક વિકાસવાદનું તૂત-ઈતર દર્શનોમાં ધર્મોમાં શી ખામી ! વગેરે પર અનેક દૃષ્ટાન્તો આ ગ્રન્થમાં આપવામાં આવ્યા છે.

ચંદનબાળા, ૧૫૦૦ તાપસ, સમરાદિત્ય, મરુભૂતિ, ધર્મરૂચિ અણગાર, મેઘકુમાર, ધન્નો, મહાબલ, શાલિભદ્ર, અજિતસેન, શાલમહાશાલ, પ્રસન્નચંદ્ર, નાગકેતુ, પ્રભુમહાવીરદેવ, ચિતારાની પુત્રી, ચિત્રકારનો પુત્ર, બ્રાહ્મી સુંદરી, વિધવા પુત્રી, હિટલર, શય્યંભવ, રોહિણીયો ચોર, મરિચિ, નંદિષેણ, અભયકુમાર, ઝાંઝરીયામુનિ, ભરત સેનાપતિ, સુષેણ, શ્રેણિક વગેરે આ દૃષ્ટાન્તો સહિત સચોટ નિરુપણ કરવામાં આવ્યું છે. એવું વાંચન મનન રોજના જીવનમાં ઉપયોગી હોવાથી જીવનને જાગતું અને સુયોગ્ય વાણી અને વર્તન બનાવી દેવા સમર્થ છે !

આજનું જગત અનેકાનેક પ્રકારના જાલીમ અપરાધોથી પીડાય છે. એને જૈન ધર્મના કાર્ય સમજાય તો એ માનસિક પીડાથી મુક્ત બને. રુકમી રાજાની કથા અને એમાંનાં પ્રાસંગિક વિષયોની વિવેચના જૈન ધર્મનાં અનેરા મર્મ સમજાવે છે; તેથી મન પ્રશાંત-પ્રસન્ન-પવિત્ર બને છે, ધૂળમાંથી સોનાની જેમ ખરાબમાંથી કેટલુંય સારું તારવી લેવા સમર્થ બને છે. વિશેષતઃ જીવનમાં સેવાતા કેટલાય દોષોનાં શલ્ય ઊભા રહી ભાવી અનેક દુર્ગતિના પાપિષ્ઠ ભવો ન સર્જે એની ભયાનકતા સમજાવી શલ્યોદ્ધાર કરતા રહેવા અંગે આ કથાગ્રન્થ ભવ્ય સમજુતી પ્રેરણા અને માર્ગદર્શન આપે છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૩,અંક-૪,તા.૨૮-૯-૧૯૭૪

## (૧૨૬) ભગવાન મહાવીરનો નિર્વાણ મહોત્સવ રાષ્ટ્રીય સ્તરે ઉજવનારાઓ સમયના એંધાણ પારખો : ભૂલ્યા ત્યાંથી ફરી ગણો

**લે. સારાભાઈ એન. શાહ**

ભગવાન મહાવીરના ૨૫૦૦ મા નિર્વાણ મહોત્સવ અંગે જૈન સમાજમાં વિવાદ જાગ્યો છે, એમાં બે ભાગલા પડ્યા છે. પરંતુ ભાગલા શાથી પડ્યા છે ?



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

એને માટે કોની કોની રમત જવાબદાર છે ? શું જરૂર હતી સરકાર પાસેથી ધન મેળવવા માટે હાથ લાંબો કરવાની અને ઉત્સવનું સરકારીકરણ કરવાની ? અને આટલા વિવાદ અને ભાગલા પછી પણ અવિચારી સરકારીકરણનો મમત કેમ છૂટતો નથી ?

આ ઉત્સવનું ઉપાસણ કરનારા મતલબી લોકો એ વાત ભૂલી ગયા કે રાજ્ય નિધર્મી (સેક્યુલર) છે. આ રાજ્યના સત્તાધારીઓનું ધ્યાન હંમેશાં મત પર ચોંટેલું હોવાથી બંધારણનાં આદેશને અભરાઈ પર ચડાવી એમણે તમારા શાસન દેવોનું સ્થાન સ્વીકાર્યું છે. બાકી આ મતના દેવોને તો નથી પડી પ્રજાની કે નથી પડી મહાવીરના કોઈ સિદ્ધાંત કે આચારના પ્રચારની. એમને તો જરૂર છે ભગવાન મહાવીરને નામે તમારી મારફત પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાની, એમના પાપોને ઘોર હિંસાને અને ભ્રષ્ટાચારોને ભાષણો કરી ઢાંકવાની. આટલી સાદી વાત પણ ઉત્સવઘેલા પંડિતો અને પ્રચારકો સમજતા નથી. એમનો મમત છોડતા નથી.

જૈન સમાજના સરકારી દરબારી ભક્તોને એ ભાન પણ નથી રહ્યું કે, આ નિધર્મી રાજ્યમાં તેઓ એકલા જ નથી. એમાં હિન્દુ, મુસ્લીમ, બૌદ્ધ, પારસી, ખ્રિસ્તી, શીખ, યહુદી વગેરે અનેક નાના મોટા ધર્મો અને પંથો છે આથી નિધર્મી રાજ્યના નાગરિકો તરીકે આમાં સરકારને શિરતાજ બનાવવાનું કોઈ રીતે ઉચિત નહોતું. પરંતુ અડુકિયા દડુકિયાઓએ એમનાં આર્થિક, સામાજિક અને રાજકીય લાભો ખાતર ઉત્સવને અભડાવવાનું કામ કર્યું છે. છતાં ભૂલ સુધારી લેવાને બદલે પ્રચારના સાધનો દ્વારા સમાજની આંખમાં ધૂળ નાંખવાનું કામ કરી રહ્યા છે.

મને એ સમજાતું નથી કે જનતામાં હડધૂત આ સરકારી વડાઓને નિર્વાણ ઉત્સવનું સરકારીકરણ કરીને એનાં સર્વોપરી સ્થાનો પર સત્તાધારીઓને બેસાડીને ત્યાગનો અને સાધુતાનો મહિમા ઘટાડ્યો છે. સત્તાધારીઓ અને ભ્રષ્ટાચારીઓનો મહિમા વધાર્યો છે. મહાવીરનાં વિચારોનો ધ્વંશ કરનારાઓને મહાવીરને નામે પ્રતિષ્ઠા અપાઈ છે. એમને શાસનદેવો તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જો જૈન સમાજ સ્વતંત્ર રીતે, એની શક્તિ સાધનો મુજબ આ ઉત્સવ દેશ અને દુનિયામાં ઉજવતો હોત તો મારે માટે વિરોધ કરવાનું કારણ ન રહેત.

પરંતુ જે સરકાર જનતાને ત્રાહી ત્રાહી પોકરાવી રહી છે. હુંડીયામણની લાયમાં મૂંગા પ્રાણીઓનો ઘોર સંહાર કરી રહી છે, નવી પેઢીને નીતિભ્રષ્ટ, શીલભ્રષ્ટ અને દારૂ ઢીંચનારી બનાવી રહી છે. દેશનું સત્યાનાશ વાળી રહી છે. એ સરકારના દેવો શું સત્ય, શીલ, અહિંસા અને અપરિગ્રહના પ્રચારકો બનશે ? આવું નાટક ચાલશે ? લોકો એ ચાલવા દેશે ?



"ગુજરાત ગાંધીજીની જન્મભૂમિ અને કર્મભૂમિ છે. ગુજરાતમાં અહિંસાનો પ્રભાવ છે. તો જંગલમાં શિકાર બંધ કરી ઉત્સવના વરસને અહિંસાનું વરસ બનાવવું જોઈએ." અને સરકારી એજન્ટોએ પેંતરો કરી આવું ફોસલામણું ફરમાન ગુજરાતમાં સરકારી સમિતિ રચાય એ માટે કરાવ્યું. એ ફરમાનનો ખૂબ પ્રચાર થયો. એ ફરફરિયાનો ઉપાશ્રયો અને મંદિરોમાં ચોંડવામાં આવ્યા, સરકાર ભક્તો ખૂબ ગેલમાં નાચવા લાગ્યા પરંતુ એમને આંખે આવે એવી જાહેરાત ગુજરાત સરકારે કરી છે.

આ જાહેરાત મુજબ ગયે વરસે ગુજરાતના સાગર કાંઠેથી એક લાખ ત્રીસ હજાર ટન માછલીઓ પકડવામાં આવી હતી. આ અહિંસાના વરસમાં ૧૩ લાખ ટન માછલીઓ પકડવાનો નિર્ધાર કર્યો છે. એ માટે વધુ ૯૦ લાખ મંજુર કર્યાં છે. જેથી વધારાની યાંત્રિક બોટો અને બીજા જરૂરી સાધનો વસાવી શકાય.

અને જેવું ફોસલામણું ફરમાન સરકાર પાસે કરાવ્યું તેવું જ ફોસલામણું ફરમાન આ સમિતિના સભ્યોએ મહારાષ્ટ્ર પાસે પણ કરાવ્યું. પરંતુ હાલત મોઢું સંતાડવા જેવી કરી છે. વાંચો આ સમાચાર.

"ઈરાન અને મધ્ય પૂર્વના માંસના ભાવ કિલોના રૂપિયા ૧૫ થી ૪૫ હોવાથી થોડી કાયદેસર અને મોટા પ્રમાણમાં ગેરકાયદેસર માંસની નિકાસ થઈ રહી છે. રોજ લાકડાબંદરેથી ૩૦ હોડીઓ ભરીને નિકાસ થાય છે. આ માટે મોટા પ્રમાણમાં ગાય, ભેંસ, બળદ, બકરાં વગેરેની કતલ થાય છે. આજે જે રીતે કતલ થઈ રહી છે એ જોતાં તો અમુક સમય પછી મહારાષ્ટ્રમાં આમાના કોઈ પશુઓ જોવા નહિ મળે."

અને હમણાં જ વિધાન સભામાં એક કોંગ્રેસી સભ્યે ફરિયાદ કરી કે, "મધ્ય પૂર્વમાં માંસના ભાવ ઊંચા હોવાથી વસુકી ગયેલા ઢોરોની સાથે દૂઝણા-ઢોરોની કતલ ક્રૂર રીતે થઈ રહી છે. દૂઝણા ઢોરોની કતલ નહિ કરવાનો કાનૂન હોવાથી એમાંથી છટકવા દૂઝણી ભેંસનો એક પગ કાપી એને અપંગ કરવામાં આવે છે. આંખે એસીડનો ફૂવારો છાંટી આંધળી કરવામાં આવે છે. ગર્ભવતી ભેંસને ગર્ભપાત કરવામાં આવે છે. આ માંસની નિકાસ સરકારી કંપની મારફત થાય છે. અત્યારે જે રીતે દૂઝણા ઢોરોની કતલ થઈ રહી છે એ જોતાં મુંબઈના થોડા જ સમયમાં દૂધનો ભાવ રૂપિયા ૬ થશે. "લક્ષમાં રહે કે આ વાત દેવનારના કતલખાનામાં કપાતા ઢોરોની નથી, પણ ગેરકાયદે અતિ ક્રૂરતાથી કતલ કરવામાં આવતા ઢોરોની છે."

આ હકીકત પેશ કરવાનો મારો મુખ્ય આશય એ છે કે, સરકારી દરબારી


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

એજન્ટો અને એમનાં પ્રચારકોનો ભોગ બની મહાવીરના સાધુઓ મટી સરકારી સાધુઓ બનેલા જલદી ચેતે. સરકારી સમિતિનું વિસર્જન કરાવી ઉજવણી સ્વતંત્ર રીતે ઉજવવાનું કરે, એમનું માન અને ઉત્સવની શાન જળવાય. અંદર ચંપલો ઉછળે નહિ અને બહાર એમનો ઘેરાવ થાય નહિ એવી સ્થિતિ નિર્માણ કરે.

આ સરકારની જનતા વિરોધી અને મૂંગા પ્રાણીઓ વિરોધી નીતિઓ સામે જે રોષ આજે દેશમાં પ્રગટ્યો છે એ જોતાં તેમજ મોંઘવારી પ્રતિકાર સંયુક્ત મહિલા સમિતિના પ્રમુખ મૃણાલ ગોરેએ કોઈપણ સમારંભમાં કોઈપણ પ્રધાનને નહિ બોલાવવા જે અપીલ તમામ સામાજિક ધાર્મિક સંસ્થાઓને કરી છે. એને આધારે સરકારી સમિતિનું વિસર્જન કરવાનું સાવ સહેલું અને સરળ બન્યું છે.

૧૫ મી ઓગષ્ટના રોજ ઈન્ડોસોવિયેટ. કલ્ચરલ સોસાયટી તરફથી વાર્ષિક સમારંભ યોજાયો હતો. એમાં મુખ્ય પ્રધાન નાયકને નોંતરવામાં આવ્યા હતા. મહિલા સમિતિએ એ સમારંભમાંથી મુખ્ય પ્રધાનને પડતા મૂકવાની વિનંતી કરી. સાથે જણાવ્યું કે વિનંતી કરવા છતાં ય જો તમે મુખ્ય પ્રધાનને બોલાવશો; તો ત્યાં જે કંઈ થશે તેની જવાબદારી તમારી રહેશે, અને લોક મિજાજને તેમજ સમિતિની વિનંતી ધ્યાનમાં લઈ મુખ્ય પ્રધાનને પડતા મૂક્યા.

૧૮ મી ઓગષ્ટના રોજ બાલાસિનોર નવયુવક સંઘ તરફથી બીરલામાં સિલ્વર જ્યુબીલી સમારંભ યોજાયો હતો. મુખ્ય મહેમાન તરીકે શ્રી નામ જોષીને નિમંત્રણ અપાયેલું. એમને પણ વિનંતી કરવામાં આવી કે તમારો સમારંભ બગડે નહિ એ માટે મુખ્ય મહેમાનને પડતા મૂકો. નહિ તો સમારંભ ચાલવા નહિ દેવાય, પ્રધાનનો પણ ઘેરાવ કરવામાં આવશે, અને એ સંઘે પણ આમંત્રણને રદ કરી પ્રધાન સિવાય સમારંભ ઉજવ્યો. બધે જ પ્રધાનનો હૂરિયો થઈ રહ્યો છે.

હાલત જ્યારે આવી છે અને આ વરસે તેમજ આવતે વરસે આ દેશમાં ગામો અને શહેરોની સડક પર યુવાનો આ સરકારી ગોળીઓનો શિકાર બનવાનો એંધાણ છે, ત્યારે અહિંસાના પયગંબરને નામે ઉત્સવનું સરકારીકરણ કરવાનો તમારો હઠાગ્રહ છોડો. એમ ન સમજતા કે તમે સરકારની સોડમાં છો અને લોકોને ગુમરાહ કરવાના વિપુલ સાધનો તમારી પાસે છે એટલે તમારા દાવમાં તમે સફળ થશો. માટે આ સ્થળેથી નમ્રતા પૂર્વક પણ ગંભીરતાપૂર્વક વિનંતી છે કે જલ્દી આ અંગે ફેર વિચાર કરો. સાચે માર્ગે પાછા ફરો ! ઉજવણી સ્વતંત્ર રીતે કરો ! આ વિવાદનો અંત લાવો !

(જયહિન્દ તા. ૧૧-૯-૧૯૭૪ ના અંકમાંથી)





## (૧૨૭) વિવિધ ક્ષેત્રે પચાવતાં ન આવડે તો કેવાં કેવાં અજીર્ણ ?

જગતમાં ખુમારી કરવી સહેલી છે, પણ પચાવવી મહાકઠિન છે. 'પચાવવું' એટલે અજીર્ણ અને બિગાડો ન થવા દેવો તે. આ એકલું આમાં જ નહિ, બીજે ય પણ છે. ખાવું સહેલું છે, પચાવવું કઠણ છે ! બોલવું સહેલું છે, બોલેલું પચાવવું મુશ્કેલ છે ! સાંભળવું સહેલું છે, સાંભળેલું પચાવવું ભારે છે ! જોવું સહેલું છે, જોયેલું પચાવવું કઠીન છે ! પૈસા કમાવવા સહેલા છે, કમાવેલા પૈસા પચાવવા મુશ્કેલ છે ! માન લેવું સહેલું છે, મળેલું માન પચાવવું કઠણ છે !

ખુમારી કર્યા પછી પચાવતાં ન આવડે તો નવું સારું મળવાનું કાંઈ રહે નહિ, અને ખુમારીના વિકારરૂપે કર્મબંધન અને તેના વિપાકમાં સડી મરવાનું થાય. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે ચિત્તોડના રાણાના બ્રાહ્મણ પુરોહિતપણાની અવસ્થામાં વિદ્વત્તાની ખુમારી રાખી પણ એને પચાવી જાણી; કેમકે અવસર આવ્યો ત્યારે એક ગાથા સમજવા માટે જૈન સાધુ-દીક્ષા લઈ લીધી ! તો જ એ ખુમારીમાંથી અજીર્ણ ન થયું.

એમ સારું સારું બોલ્યા તો ખરા પણ પછી પહોંચતી શક્તિ ખરચીને બોલેલું કરી બતાવાય તો બોલેલું પચ્યું; નહિતર સારું કાંઈ કરવાનું ન હોય તો ધિટ્ઠાઈ-વાચાલતા વગેરે અજીર્ણ થાય.

એવી રીતે કોઈની કાંઈ ગંભીર વાત સાંભળી પણ પછી પેટમાં સમાવી તો સાંભળેલું પચ્યું ગણાય, નહિતર એનું ગેઝેટીંગ કરવામાં ક્ષુદ્રતા, મદ, અસૂયા વગેરે અજીર્ણ થાય.

એમ માન-સન્માન મળ્યું, સ્વીકાર્યું, પણ પછી એની સામે યોગ્ય ભોગ આપવાની વાત ન હોય, ઊલટું એ માન પર જ બીજાનું ચાંઉ કરવાની જ વાત હોય તો તે માન પચ્યું ન ગણાય. એમાંથી સ્વાર્થવૃત્તિનો વધારો, લોભનો વધારો, અભિમાન વગેરે અજીર્ણ નીપજે છે.

એમ સારું દેખ્યું કે ઝટ રાગનું, મોહનું કે કામનું ઉત્થાન થાય છે, એ દેખ્યાનું અજીર્ણ છે, વિકારો છે. કોઈનું જરા ચઢિયાતું દેખ્યું કે ઝટ ઈર્ષ્યા થઈ, એ અજીર્ણ છે, વિકારો વિચારો થાય એ અજીર્ણ છે. ધારો કે કોઈને લાખની કમાણીનો તાર આવ્યો, અને એના પાડોશીને દોઢ લાખ કમાયાનો તાર આવ્યો ત્યાં એને જો



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

એમ થાય છે કે, 'મારા કરતાં પાડોશી વધારો કેમ કમાઈ પડ્યો ? કાં તો એના પચાસ હજાર જાય, કાં મારે બે લાખ થાય !' તો આ આવેલા લાખ રૂપિયાએ સુખનું આરોગ્ય ન આપ્યું, સંતાપ - ઈર્ષ્યારૂપી અજીર્ણ પણ આપ્યું.

એમ કોઈની ભૂલ જોઈ જો પચાવતાં નથી આવડતી તો પોતાની જાતનો ભારે ઘમંડ થાય છે, જાણે પોતાથી કદી ભૂલ થઈ જ ન હોય એમ રોફથી પેલાને કહે, 'આવી ભૂલ ? ભાન નથી ?' ત્યારે પેલાને થાય કે, 'કયા પાપે આવાના પનારે પડ્યા ?...' આવી રીતે પરસ્પર વૈરની ગાંઠો બંધાય છે, ભૂલ પચાવતાં ન આવડે તેનાં આ પરિણામ આવે છે, ઘમંડ-રોફ-રોષ વગેરે અજીર્ણ થાય છે. પચાવવું હોય તો છેવટે બીજું કાંઈ ન આવડે તો સામાની ભૂલને જોઈ ન જોઈ કરાય અથવા વિચારાય કે, 'ભૂલ તો થાય, હું ય ઘણી ભૂલો કરતો હતો, હજી ય કરું છું...આમ તો એ ભૂલ ન કરે; પણ બિચારો શું કરે ? કર્મ બળવાન છે, એને કે મને ભૂલો કરાવનાર કર્મ છે, માટે કર્મને ઉખેડવાની વાત રાખવી જોઈએ.' આમ વિચારતાં સામાની ભૂલ પચાવી શકાય, અને સામા પ્રત્યે મૈત્રી-કરૂણાભાવ તથા આપણા ચિત્તની સૌમ્યતા જાળવી શકાય.

એક જ રીતે આપણી પોતાની ભૂલ પચાવવાની પણ આવડત જોઈએ. ધારો કે આપણે જ અંધારામાં થાંભલે પટકાયા, તો થાંભલાને મુક્કો ન મરાય. ભૂલ કર્મને લીધે થઈ તે કર્મને મુક્કો મારવો જોઈએ. એટલે કે કર્મનો ભુક્કો કરવા માટે ભૂલ દીઠ સજા રાખવી. દા.ત. સજામાં અરિહંત ભગવાનને ૧૨-૨૪ ખમાસમણા દેવા; કાયા એ માટે છે. ખમાસમણા વગેરે ધર્મ કર્યાથી કર્મનાશનું મહાન કાર્ય થોડેથી અને ટૂંકે પતે છે ! ભૂલની પાછળ આવી કોઈ ધાર્મિક, કાયાના કષ્ટની કે ત્યાગતપની યા દાનની સજા રખાય, તો ભૂલ પચાવતાં આવડી એટલે કે આગળ વધતાં આવડ્યું. સાધુનું ખૂન કરવા સુધી પહોંચી જનારા રાજા પણ કર્મ ખપાવી મોક્ષ પામ્યા છે ને ? તે શાથી ? ભૂલની પાછળ સંસારત્યાગની સજા સ્વીકારવાથી.

ત્યારે શું એમ નથી લાગતું કે આપણે સાવ મૂર્ખ છીએ ? જગતને સુધારતાં આવડે છે એવું આત્માની ભૂલો સુધારવા માટે ભૂલોમાંથી બહાર નીકળી આગળ પ્રગતિ સાધવા માટે આવી સજાના બદલાના કે વળતરના કોઈ લેખાં-હિસાબ નથી આવડતા ! કઈ દશા ? સંસારના હિસાબ-લેખામાં પાવરધા, પણ કર્મના હિસાબ-લેખામાં સરાસર મૂઢ !

એમ, ખાધું પચાવવું એટલે દા.ત. જરા વધારે ખાધું કે સારું ખવાયું હોય



તે રાત્રે કાયાને અડધો કલાક કાઉસ્સગ્ગમાં રોકવાની, અથવા કાયાથી એવો બીજો કોઈ ધર્મ સાધવાનું વિચારવાનું. 'રસનો ત્યાગ તો કરી શકતો નથી, સારી રીતે પેટમાં પધરાવ્યું છે, ત્યારે હવે એનો બદલો કેમ ન લઉં ?' એમ મનને થવું જોઈએ. એ માટે સારો માર્ગ તો બીજે દિવસે ઉપવાસ કે આયંબિલ કરવાનો છે. પણ એ જો ન બને તો ૫-૫૦-૧૦૦ ખમાસમણાં કે ૫-૫૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ તો કરાય ને ?' એક જુઠું બોલાઈ ગયું તો દંડ રૂપે શું પ્રભુની એક-બે ને બદલે ૧૦-૧૫ સ્તુતિ ન બોલાય ?

એનો અર્થ એ નહિ કે, 'મન થાય ત્યારે જુઠું બોલવું અને પછી પ્રભુની પાંચ પચાસ સ્તુતિ બોલી નાંખવી !' ના, એ અર્થ નથી. તાત્પર્ય એ છે કે,

**પાપ થયા પછી પણ ધર્મને યાદ ન કરાય તો ધર્મી અને અધર્મીમાં ફેર શો ?**

જગત પાપ કરી ધર્મને યાદ નથી કરતું, પણ ધર્મી જીવો તો રોજ પાપને ધોવાની પ્રવૃત્તિ કરે છે. એનું નથી ચાલતું એટલે પાપ કરે છે; પણ પાપને ધુએ તો છે જ. તવંગરનો તથા ગરીબનો દીકરો બંને ય રમે છે તો ધૂળમાં, પણ ગરીબનાં દીકરા કપડાં અઠવાડિયે ય ધોવાતાં નથી, અને મેલા દાટ રહે છે, જ્યારે તવંગરના દીકરાને સવાર સાંજ રોજ બે વાર કપડાં બદલવા મળે છે. તેમ આત્મારૂપી કપડું વિષય અને કષાયરૂપી ધૂળમાં મેલું થાય છે; તે પાપનો મેલ ધર્મની શ્રીમંતાઈવાળો ભવ્યાત્મા રોજ સવારસાંજ ધુએ. બે વખત પ્રતિક્રમણ (પાપથી પાછા વળવાનું) એ પાપ ધોવાની ક્રિયા છે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૩,અંક-૬,તા.૧૨-૧૦-૧૯૭૪

## (૧૨૮) દેવીઓએ તામલિ તાપસને કેમ પસંદ કર્યો ?

પૂર્વકાળે તામલિ એક યુવાન ગૃહસ્થ, એને એકવાર પોતાના આત્માનો વિચાર કરતાં કુટુંબ-મોહ-માયા, ખાનપાન, વિષયો વગેરે એ પશુરમત લાગી, ને એમાં સુવર્ણરસ જેવો મનુષ્યજન્મ વેડફાઈ જતો લાગ્યો. સુવર્ણરસથી સુવર્ણ બનાવવાને બદલે હાથપગ ધોવાનું કરાય તો એ વેડફી નાખ્યો જ ગણાય ને ? એમ તામલિને લાગ્યું કે,

**'પારસમણિ જેવા મનુષ્યજન્મથી ત્યાગ-તપ-પરમાત્મધ્યાનરૂપી સુવર્ણ**



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

**નીપજાવવાને બદલે પાદ-પ્રક્ષાલન સમાન રંગરાગ-મોજ કરાય, એ જન્મ વેડફી નાખ્યો ગણાય.'**

એમ વિચારી એણે ઘરબાર-કુટુંબ છોડી જંગલમાં જઈ તપ સાધવા માંડ્યો. એમાં એક જ લક્ષ કે તપથી કર્મો તોડી મોક્ષ પામું. જેથી જનમ-મરણ ટળે.

તપમાં બબ્બે ઉપવાસ અને પારણે ભાત માગી લાવી એને ૨૧વાર ધોઈ નાખી પછી કૂચા જેવા એ ભાત વાપરવાના. આયુષ્ય મોટા, એટલે એમાં એણે લગભગ ૬૦ હજાર વરસ વીતાવ્યા. શરીર સાવ હાડપિંજર શું અને કાળું બંઠ કરી નાખ્યું.

એમાં એવું બન્યું કે ભવનપતિ દેવલોકની દેવીઓનો સ્વામી મરી ગયો, એટલે એ દેવીઓ જુએ છે કે 'હવે કયો સારો સ્વામી મળે ? એમાં આ તામલિતાપસ નજરે ચડતાં લાગ્યું કે જો આ નિયાણું કરી આપણો સ્વામી થાય તો એ સુંદર સ્વામી બને.'

અહીં સવાલ એ થાય કે એમણે હાડપિંજર જેવા અને શ્યામ પડી ગયેલા તથા ઊંધું ઘાલીને એકમાત્ર તપમાં લાગી ગયેલા તામલિને કેમ પસંદ કર્યો ? રૂપાળો અને હોશિયારીવાળો તો એ દેખાતો ન હતો, છતાં દેવીઓ એને સ્વામી તરીકે ઈચ્છે છે ? શું કારણ ?

જવાબ આ છે કે દેવીઓ સારો ગુણિયલ રૂડો રૂપાળો અને ઉત્તમ કોટિનો સ્વામી દેવ મળે એવું તો ઈચ્છે જ ને ? તો એવો દેવ બનવાની યોગ્યતા તામલિમાં એમણે દેખી; કેમકે એવા એવા સારા બનાવનારો તો ઉચ્ચ કોટિનો પુણ્યસમૂહ હોય; ને એવો પુણ્યસમૂહ તામલિતાપસની સાધના ઊભો કરી શકે એવી હતી. (૧) તામલિની તપસ્યા આડો આંક વાળે એવી હતી. સાથે (૨) એમાં પારણે રસનો તો ભારે ત્યાગ હતો. (૩) વળી તપની સાથે સુસ્તી નહિ, પણ (૪) પરમાત્માનું ધ્યાન ધરવાનું રાખ્યું હતું. આ વળી (૫) ઊંધું ઘાલીને એટલે કે એક જ ધૂન એક જ લેશ્યાથી; એથી (૬) સાધનામાં બીજી કશી ઘાલમેલ નહિ. (૭) તે પણ જંગલમાં એકલા અટુલા, એટલે (૮) આવી પ્રખર સાધનાથી સાથે દુન્યવી કશા માન-પાનની તમન્ના નહિ, ચેલાચેલી-ભક્તોની ઈચ્છા નહિ, કે સાધનામાંથી કંટાળ્યા કોઈ સાથે વાતોચીતો કરી મન ફોરું કરવાની કામના નહિ. (૯) સાધનામાં કંટાળો જ નહિ ને. સાધનામાં સહેજવાર પણ સંતોષ વાળવાની વાત જ નહિ.

આવી પ્રખર સાધના હોય ત્યારે જ એમાંથી એવાં પ્રકૃષ્ટ પુણ્યો ઊભાં થાય કે જે દેવીઓ લોભાઈ જાય એવી તેજસ્વિતા આપે, ઐશ્વર્ય-સમૃદ્ધિ આપે. તેમજ એવી પ્રખર સાધના જ ઉચ્ચ કોટિના ગુણોને પ્રગટ કરે. દેવીઓએ તામલિમાં આ



બધું જોઈને એને પસંદ કરેલો.

આ ઉપરથી ધડો લેવા જેવો છે કે જ્યારે શાસ્ત્ર તો કહે છે જ, પણ દેવીઓ ય જુએ છે કે એવી એવી પ્રખર સાધનાઓથી જ ઉચ્ચ કોટિની ગુણસંપત્તિ અને ઉચ્ચ કોટિની પુણ્યાઈ ઊભી થાય, તો પછી શું જોઈને આપણે આ ઉચ્ચ માનવજીવનને એવી સાધનાઓમાં ન જોડતાં પ્રમાદ-ખાનપાન-માનાકાંક્ષા-હાય પૈસા-વિષયો અને વાતોચીતો વગેરેમાં વેડફી રહ્યા છીએ ? સરવાળે જીવનના અંતિમ સમયે શું જોવા મળવાનું ? પછી પરલોકમાં ક્યાં ધડો ? ને કેવી પરિસ્થિતિ ? કદાચ અહીં થોડી ધર્મસાધના કરતા ય હોઈએ તો ય એમાં માનાકાંક્ષા કેવી ? પ્રમાદ કેવો ? રસગૃદ્ધિ કેવી ? સાથે રંગરાગમાં શું ઓછું ? વાતોચીતો અને ડાફોળિયાં કેવાં ? વળી સાધનામાં કંટાળો ય કેવો ઝટ આવે ? આવા ને આવા કચરા સાથેની મુડદાલ સાધના આપણા આત્માનો કેટલો ભલીવાર સાધી આપે ?

પ્ર.- તામલિની આવી પ્રખર સાધના જાણવા છતાં કેમ આપણને એવી સાધનાનું જોમ નથી આવતું ?

ઉ.- એનું કારણ આપણને એવી સચોટ શ્રદ્ધા ક્યાં છે કે આવી પ્રખર સાધના દ્વારા એવી ગુણસંપત્તિ અને નિર્મળ ઉચ્ચ પુણ્યાઈ ઊભી થાય; તેમ એવી ગુણસંપત્તિ અને નિર્મળ પુણ્યાઈની ભૂખ પણ ક્યાં છે ? ભૂખ છે વર્તમાનમાં સુખ સાહ્યબી ભોગવી લેવાની. જ્યાં આ તુચ્છ ક્ષુદ્ર વસ્તુઓની ભૂખ હોય ત્યાં ઉમદા વસ્તુની તમન્ના જ શાની જાગે ? ત્યારે, આ પરથી આપણા આત્માની કક્ષાનું માપ નીકળે છે કે એ ઉત્તમ છે કે અધમ ?

તામલિતાપસ તો પેલી દેવીઓએ આવી ગીત-નૃત્યાદિ હાવભાવ તથા કાલાવાલા કરીને ઘણો લોભાવ્યો, મોટા સ્વામી દેવ થવામાં ઊંચા વૈભવ-વિલાસની ઘણી આશાઓ આપી, છતાં તામલિએ મચક ન આપી. દેવતાઈ સુખોની લેશ પણ ઈચ્છા ન કરી; એક જ વિચારથી કે,

**'એવાં દિવ્ય સુખ મળ્યા પછી અંતે શું ? અંતે તો આ સંસારમાં નિરાધારપણે ભટકવાનું અને કર્મોની વિટંબણા જ ભોગવવાની ને ? એના કરતાં આ જ સાધનાથી આ દુઃખદ સંસારમાંથી છુટકારો અને મોક્ષ જ કાં ન સાધુ ? એ દેવતાઈ સુખોમાં ભાનભૂલા બનવાનું લેવું એના કરતાં આ વૈરાગ્યમાં આગળ વધતાં વીતરાગ બનવાની ચેતના કાં ન વિકસાવવી ?'**

તામલિ નિસ્પૃહ રહ્યો, દેવીઓ નિરાશ થઈને ગઈ, અને અંતે તામલિ આયુષ્ય પૂર્ણ કરી ઊંચા વૈમાનિક દેવલોકમાં બીજા દેવલોકનો ઈન્દ્ર ઈશાન-ઈન્દ્ર થયો.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

## ૧૨૯ ભવિષ્ય કેવું ? તરવાનું કે ડૂબવાનું ?

આર્ય દેશમાં આર્ય કુળમાં મનુષ્ય જન્મ મળ્યાથી બે જાતનાં સાધન મળ્યાં છે, (૧) ડૂબવાનાં સાધન, અને (૨) તરવાનાં સાધન.

(૧) દા.ત. પૈસા ટકા, વેપાર-દુકાન-મકાન ઈન્દ્રિયો, મન તેમજ મજેનાં ખાનપાન રૂપ-રસ વગેરે વિષયો તથા સ્નેહી-સગા, સત્તા-ઠકુરાઈ, સન્માન ઈત્યાદિ સાધનો જીવને ભવસાગરમાં ડૂબાડનારાં છે. ઉંચા મનુષ્ય જન્મમાં આવેલા અનંતા આના પર જ સંસારની દુર્ગતિઓમાં ભટકતા થઈ ગયા. નહિતર ભવમાં ભટકવાનું બીજું કયા કારણે હોય ? આ જ સાધનોને રાચીમાચીને સેવવાના અને એમાં હિંસા-જૂઠ-અનીતિ વગેરે ધૂમ પાપે જ ભવભ્રમણા અંકિત થઈ જાય છે.

(૨) ભવસાગરથી તરી જવાનાં સાધનો છે, - દેવાધિદેવ, નિર્ગ્રન્થ ગુરુ, મંદિર, તીર્થ શાસ્ત્ર તેમજ વૈરાગ્ય, ક્ષમા-નમ્રતા, સંતોષ-સંયમ, દાન-શીલ,તપ, અહિંસા-સત્ય વગેરે. આનાં જ આલંબને અનંતા મનુષ્યો ભવસાગર તરી ગયા છે. ભગવાનને પણ આ જ કારણે માનીએ છીએ કે ભગવાને પોતે પણ પૂર્વે આ તરવાનાં સાધન સેવી સેવીને પોતાના આત્માને પરમાત્મા બનાવ્યો છે, તેમજ જગતને આ જ સેવવાનો ઉપદેશ આપ્યો છે. નિર્ગ્રન્થ સાધુને પણ એટલા માટે જ માનીએ છીએ કે એમણે માત્ર આ તરવાનાં સાધનની જ આરાધના કરવાનો ભેખ લઈ એ આરાધવાનું જ રાખ્યું છે.

આમ જીવનમાં સ્પષ્ટ છે કે પૈસા ટકા વગેરે ડૂબવાનાં સાધનો છે, ને દેવાધિદેવ વગેરે એ તરવાનાં સાધનો છે. હવે પ્રશ્ન છે કે આ બંનેમાંથી શું સેવવાનું સૂઝે છે ? જે સેવવાનું સૂઝે છે એ ભવિષ્યના તેવા ડૂબવાનાં કે તરવાના પરિણામને સૂચવે છે.

ભવિષ્યમાં આપણે આ ભવસાગરમાં ડૂબી મરવાના માર્ગે ? કે ભવસાગરથી તરી જવાના માર્ગે ? એનું માપ આના પર નીકળે કે અહીં શું સૂઝે છે, ડૂબવાનાં જ સાધન સેવવાનું ? કે તરવાનાં સાધન સેવવાનું ?’ જો સવારે ઊઠ્યા ત્યારથી જ મન આ ગડમથલમાં છે કે હવે જલ્દી સંડાસ જઈ આવું, દાતણપાણી-નાસ્તો કરી લઉં, છાપું જોઈ લઉં,....સરકારે કડકાઈ કરવા માંડી છે, બજારો તંગ છે, મોંઘવારી વધતી ચાલી છે....’ બસ સુએ ત્યાં સુધીમાં આ જ ગડમથલ ચાલે છે, તો એ બધું ડૂબવાનાં જ સાધનમાં રચ્યાપચ્યા રહેવાનું થયું, ને એ ભવિષ્યમાં



ભવસાગરમાં ડૂબી મરવાની આગાહી કરે છે.

કદાચ સહેજ ૫-૭ નવકાર ગણી લેવાનું ને દેવદર્શન કરી લેવાનું કર્યું તો એ જરૂર તરવાનો માર્ગ છે, કિન્તુ વિચારવાનું તો એ છે કે આખો દિવસ માનસિક ગડમથલ, અરે નવકાર ગણતાં કે દેવદર્શન કરતાં ય મનમાં લફરાં ડૂબવાનાં જ આવે છે, તો ભવિષ્યમાં તરવાના માર્ગે પ્રયાણ ચાલુ રહેશે એ શી રીતે કહેવાય ? ડૂબવાનાં જ સાધનોની ગડમથલ ભાવીમાં ડૂબવાનું જ કરી આપે એ સહજ છે.

વિશ્વ શ્રેષ્ઠ જિનશાસન સાથેનો આ ઉચ્ચ મનુષ્યભવ મળ્યો એની કશી કિંમત મન પર ખરી ? સારી દલાલી ખટાવનારો શેઠ મળી ગયો હોય છે, તો મન પર એની કેટલી બધી કિંમત હોય છે ? એ હોવાથી એ શેઠની કેટલી બધી સરભરા-સન્માન કરાય છે ? રાત દિવસ એના વિચાર કેટલા બધા આવે છે ? ખબર છે કે આ શેઠની સરભરા-સન્માન સારી રીતે કરવા પર સારી દલાલી મળતી રહેવાથી ભવિષ્ય માટે સારી મૂડી ભેગી થઈ જશે. એમ અહીં જિનશાસન મળ્યાની મનને ભારે કિંમત હોય તો એણે બતાવેલા તરવાનાં સાધનોની કેટકેટલી સરભરા-સાધના થાય ? એનાં કેટકેટલાં ગૌરવ-બહુમાન કરાય ? ખબર છે કે આ કરવા પર સારો સુકૃતસંચય-પુણ્યસંચય અને કર્મ નિકાલ થવાથી ભવિષ્યમાં મારે તરી જવાનું સુલભ થશે.

વાત આ છે કે અહીંથી મરીને આગળ ચાલવાનું તો છે જ, તો ભવિષ્યમાં આપણે એવી કોઈ દુર્ગતિઓમાં, -ખાવકલા કીડા-કીડી વગેરેના, ઈર્ષ્યાળુ કૂતરાના, માયાવી કાગડા-શિયાળના, ક્રોધી વાઘ-વરુના, અભિમાની પાડા-આખલાના, તથા લોભી માછલા વગેરેના દુર્ગતિના અવતારોમાં જવું નથી. તો એમાં ડૂબાડનારાં સાધનોની પૂંઠે લાગવાનું અને એની ખાતર ક્રોધાદિ કષાયો સેવવાનું ઓછું કરવું જ જોઈએ; એની સાથે તરવાનાં સાધનોની આરાધના શક્ય એટલી વધારતા રહેવું જોઈએ. એથી પણ ડૂબવાનાં સાધનોમાં ઓછું જવાય.

હરહંમેશ આ ધ્યાનમાં રહ્યા કરે કે, ‘મને જો ડૂબાડનારાં સાધનો સેવવાનું જ સૂઝ્યા કરે છે તો એ ભાવી ડૂબવાની આગાહી છે, માટે જેમ બને તેમ મન પરથી એનો ભાર એની ગડમથલ ઓછી કરીને તરવાનાં જ સાધનો સાધવાનું મને સૂઝ્યા કરો.

એક વસ્તુ આ કરવા જેવી છે કે ઘરમાં એક બોર્ડ લગાડી રખાય, ને એમાં હેડિંગ આ, ‘ડૂબવા - તરવાનાં સાધન;’ એની નીચે બે કોલમ, એમાં એક કોલમમાં પૂર્વે કહેલ ડૂબાડનારાં સાધનોનું લિસ્ટ ને બીજા કોલમમાં તારનારાં સાધનોનું લિસ્ટ



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

આવે. એની નીચે 'આમાંથી મનને જે સૂઝ્યા કરશે, તે પ્રમાણે ભાવી ડૂબવાનું કે તરવાનું નિશ્ચિત થશે,' આ લખાણ આવે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૩,અંક-૮,તા.૯-૧૧-૧૯૭૪

## (૧૩૦) વાસના-વિકારો રોકવા માટેની ભાવનાઓ

### (લેખાંક-૧)

આત્માના ખજાને મલિન વાસનાઓના સ્ટોક પડેલા છે. એ વાસનાઓ એવા-ઈન્દ્રિયોના વિષયોનું નિમિત્ત મળતાં જાગ્રત થઈ કામ-ક્રોધ-લોભ, રાગ-દ્વેષ-મદ વગેરે વિકારો ખડા કરે છે, જે અહીં પણ અશાંતિ-સંતાપ આપે છે, અને પરલોકે તેવા દુઃખદ ભવો તેમજ એમાં આ ગોઝારા વિકારોનાં પુનરાવર્તન આપી જીવને જાલિમ વિડંબે છે.

આ વિટંબણાની અટકાયત તો જ થાય કે વાસનાઓને જાગવા જ ન દઈએ, અલબત આ કરવું કઠિન છે, કેમકે જગતની વચ્ચે રહેતાં એક યા બીજા નિમિત્તો મળતાં એ વાસનાઓ જાગ્રત થઈ જ જાય છે અને પછી એ રાગ દ્વેષ વગેરે વિકારો ઊભા કરે છે, છતાં પણ વાસનાઓને જાગ્રત ન થવા દેવા અને વિકારોને ઊઠતા જ અટકાવવા ચોક્કસ પ્રકારની સુંદર ભાવનાઓ છે. એ ભાવનાઓનો જ્વલંત પુરુષાર્થ કરાય તો એ વાસના-વિકારોનો હ્રાસ કરનાર બને છે. એ કલ્યાણ ઉપાય ભૂત ભાવનાઓ આ, કે નીચે પ્રમાણે વિકારોથી બચવાની જ્વલંત ભાવના ભાવવી.

**(૧) જગતનું બધું ક્યાં જોવા જઈએ છીએ ? :-**

માની લઉં કે સામે એવાં નિમિત્ત ઊભાં થયાં છે, છતાં આ કામ, ક્રોધ વગેરે ચંડાળોથી મારા પવિત્ર મનને અભડાવવાની કોઈ જરૂર નથી. બાહ્ય જગતના ભાવો અને પ્રસંગો તો કંઈ બન્યા કરે છે. એ બધાં જો મારી નજર સામે નથી તો હું ક્યાં એની પાછળ બગડું છું ? તો આ નજર સામે છે એને પણ જાણે હું જોતો જ નથી એમ એને ઉવેખીને ચાલુ.

બહારના પ્રસંગ તો એનાં કારણો આવી મળ્યે બનવાના જ છે, તેથી મારે વિકૃત થવાની (બગડવાની) શી જરૂર ? હું શા માટે બગડું ?

**(૨) નિમિત્તની કિંમત શી ?**



સારા ગણાતા સુખનાં નિમિત્ત મને શું એવું કાયમી સારું પરખાવી દે છે કે એની ખાતર હું મારુ અતિ કિંમતી મન બગાડું ? સારું ગણાતું નિમિત્ત સુખ દેખાડે, યા પ્રતિકૂલ નિમિત્ત કોઈ દુઃખ ઊભું કરે, એની એવી બહુ કિંમત નથી કે એ માટે આ રાગ-દ્વેષાદિ વિકાર સેવવાનું અને તેથી જુની-ખંધી-દુષ્ટ વાસનાને જાગ્રત કરી પુષ્ટ બનાવવાનું અતિ મહાનુકશાન વહોરું ?

**(૩) જગતથી જુદો મારો સ્વતંત્ર રાહ :-**

જેમ જગતને એનો સ્વતંત્ર રાહ છે, તેમ મારે મારા આત્માનો પણ સ્વતંત્ર રાહ છે. જગતની ચીજના રાહ ઉપર મારો આત્માનો વિષય વૈરાગ્ય અને કષાયોપશમનો પવિત્ર મહાતારક રાહ પલટવાની જરૂર નથી.

**(૪) લોકોત્તર માર્ગદર્શન અને મહાપુરૂષનાં આલંબન મળ્યાનો ભાર :-**

જિનેશ્વર ભગવંતનું કેટલું સુંદર ધર્મશાસન મળ્યું છે ! મારા પૂર્વ મહાપુરુષોના કેવાં અદ્ભુત જીવન-ચરિત્ર અને સુકૃત પરાક્રમોનાં ભવ્ય આલંબન મળ્યા છે ! આ લોકોત્તર શાસનમાં માર્ગદર્શન અને પૂર્વના દૃષ્ટાંતનાં આલંબન મળવા છતાં જો હું એના માથે ભાર ન રાખું, ઉપયોગ ન કરું, અને મૂઢ બની નિમિત્તવશ થાઉં, તો મારા જેવો કંગાળ, મૂઢ, રાંકડો બીજો કોણ ? જો હું વિકાર સેવું, કુવાસનાઓને દૃઢ કરું, તો મારા જેવો સ્વાત્મઘાતક અને માનવભવવિડંબક બીજો કોણ ?

**(૫) જાત-કાળજી-વિના સ્વાત્માની દયા કોણ કરશે :-**

બસ, મારે તો પ્રભુનાં શાસનનાં તત્ત્વ-આત્મા, કર્મ આશ્રવ, સંવર વગેરેને મનમાં રટાવવાના, અને માર્ગની જિનાજ્ઞાને જ ખરેખર મહાસારભૂત માનવાની; તથા સર્વશક્તિ ખર્ચીને એનું પાલન જ જીવનમાં મુખ્ય રાખવાનું. એની આગળ તુચ્છ ઈન્દ્રિયસુખો જતા કરવાનાં; અને મામુલી કષ્ટ-દુઃખ વધાવી લેવાનાં, પણ મારા પ્યારા આત્માને કર્મ અને કષાય-સંસ્કારથી નહિ લપેટવાનો.

**(૬) વિકારો એ મહારોગ : (૭) કિંમતી આત્મવીર્ય :-**

આત્મામાં ઊઠતા કામ-ક્રોધાદિ વિકાર ને રાગદ્વેષ-અહંત્વ આદિ વિકાર એ તો મહારોગ છે. રોગને મારે હાથે કરીને ઉઠાડવાની અને પોષવાની શી જરૂર છે ? હું એને ઊભાં કરું તો ઊભાં થાય; - ન કરું તો નહિ. મારા પુરુષાર્થ પર આધાર છે. મારું કિંમતી આત્મવીર્ય ખરચવા પર આધાર છે. મારે એ ન ખરચવું હોય તો કોણ મને ફોર્સ પાડે છે ? કોણ બળાત્કાર કરે છે ? મારું કિંમતી આત્મવીર્ય એ વિકાર ચંડાળને મદદમાં આપવાની જરૂર નથી.

**(૮) મદિરા પાનની કુટેવ : આત્મવીર્ય શાના માટે મળ્યું છે ? :-**



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

વળી વિકારો સેવ્યે જવાથી એ કાંઈ મટતા નથી, ઊલટાં વધે છે. કામ, ક્રોધ, મદ, તૃષ્ણા વગેરે એકેક વિકાર જેમ જેમ સેવાય તેમ તેમ એની કુટેવ પડે છે, અને પછી મદિરા પાનની કુટેવની માફક એ કોટે વળગે છે. પછી સહેજ સહેજ વાતમાં એ જાગી પડે છે, અને મોટા રૂપમાં ઊઠી આવે છે. તો મહાકલ્યાણકર ક્ષમાદિગુણો માટે કામે લગાડવા મળેલું મહાકિંમતી મારું આત્મવીર્ય શા માટે મારે હાથે કરીને આ ક્રોધાદિ કષાયો, કામિક વૃત્તિ, હાસ્ય-મજાક-હર્ષ-ખેદ વગેરેમાં વેડફી નાખું ?

**(૯) દારુણ વિપાકનો વિચાર :-**

ક્રોધાદિ કષાય કરાય, કે ક્ષમાદિ ધર્મ સચવાય, બંનેમાં આત્માએ પુરુષાર્થ તો કરવો જ પડે છે. વીર્યનો ઉપયોગ ક્રોધાદિમાં કરતાં તાત્કાલિક લાભ અગર તુચ્છ અલ્પકાલીન કષ્ટ નિવારણ દેખાય, પરંતુ તેથી શું ? દીર્ઘ ભવિષ્યકાળ માટે શી સલામતી ? કશી જ નહિ. ઊલટું એથી ભવિષ્યકાળ માટે તો ભય, નિરાધારતા, પરાધીનતા, નીચી હલકી ગતિ - સ્થિતિમાં ભ્રષ્ટતા વગેરે દુર્દશા જ ઊભી થાય. તો એવા તાત્કાલિક લાભ કે અલ્પકાલીન કષ્ટનિવારણમાં શું મોહવું હતું કે એની લાલચથી આત્મવીર્યને વેડફી નાખવાનું થાય ? મારા પોતાના જ હાથે ભવ ભારે કરાય ? આવો દુઃખમય બનાવાય ? વર્તમાનમાં પણ એવા આત્મવીર્યના ઉપયોગથી જીવને નિઃસત્ત્વ, તામસી, વિહ્વળ, અસહિષ્ણુ અને પશુવત્ બનાવાય ? કોણ હું ? ભગવાન મહાવીર દેવનો સંતાન, એ દુનિયાના પામર પ્રાકૃત જનની જેમ જ આત્મવીર્ય વેડફી નાખનારો અને મૂર્ખ ઠરનારો બનું ?

**(૧૦) કયા રસ્તે છું, મોક્ષના કે સંસારના :-**

વાસના-વિકારો રોકવા આ પણ વિચારતા રહેવું કે ‘હું સંસારના રસ્તે છું કે મોક્ષના રસ્તે ? આત્મ વીર્યનો ઉપયોગ તો કરવો જ છે. તો કષાયના તથા તાત્કાલિક વિષયસુખ-સન્માનના લાભની કે અલ્પકાલિન કષ્ટનિવારણની પરવા કર્યા વિના દીર્ઘકાલિન લાભ અને દુઃખનિવારણ કરાવે એવા ક્ષમાદિ ગુણો કેળવવામાં જ મારું આત્મવીર્ય ખરચું. મારે મોક્ષના રસ્તે ચાલવાનું થશે. નહિતર સંસારના રસ્તે. રોજ જીવને પૂછું, સંસાર વધારવો છે કે તરવો છે ? જો તરવો છે તો એનાથી જ તરાશે. ભગવાન જેવાએ પણ એક જ કર્યું છે. જ્યારે જ્યારે કામ-ક્રોધાદિના પ્રસંગ ઊભા થાય ત્યારે ત્યારે ઝટ સાવધાન થઈ આત્મવીર્ય એ દુર્ગુણો પોષવામાં ન જાય એ બરાબર ધ્યાન રાખું ને એના પ્રતિપક્ષી ગુણોમાં વીર્યને ફોરવું.’





## (૧૩૧) (લેખાંક-૨)

આત્માને જુગજુની મલિન વાસનાઓ નિમિત્ત પામીને રાગાદિ વિકારો જગાવી ભવમાં ભમાવે છે. એટલે વાસના-વિકારોનાં ઉત્થાન એ સ્વસ્થ સ્વભાવી જીવની વિટંબણા છે. એને અટકાવવા માટે ચોક્કસ પ્રકારની શુભ ભાવનાઓ અદ્ભુત કામ કરે છે. આવી ૧૦ ભાવનાનાં વર્ણન પૂર્વ લેખમાં કરેલ છે. હવે બીજી પણ એવી ભાવના વિચારીએ.

**(૧૧) વાસના ભૂંસવાના ભવમાં એ પુષ્ટ કરાય ? :-**

આ પણ એક મોટી નુકસાની છે કે આત્માનું વીર્ય-રાગાદિ વિકારોને ઝગમગતા રાખવામાં વપરાય, એથી વિકરાળ વાસનાઓ તગડી થાય છે. દૃઢ થતી જાય છે. મૂળમાં વાસનાઓ જાગ્રત થાય છે, એટલે વિકારો ઊઠે છે; અને પછી વિકારો આત્મવીર્ય યાને પુરુષાર્થ દ્વારા ખુશમિશાલ સેવાયે જવાથી એ વાસનાઓ લષ્ટપુષ્ટ થાય એમાં નવાઈ નથી. આ કેટલી મોટી કમનસીબી કે અહીં જે વાસનાઓને ભૂંસવા માટે જ ખરચવા મળેલ આત્મવીર્ય, આ ભવમાં એ વાસનાઓને લષ્ટપુષ્ટ કરવામાં જ આત્મવીર્યનો ઉપયોગ કરાય ! આવા ઉત્તમ ભવમાં જો એ વાસનાઓને ઘસારે પડવાનું ન બને, તો પછી મનુષ્ય સિવાયના કયા બીજા ભવમાં એ કામ થઈ શકશે ? પવિત્ર સમર્થ જિનશાસનનો સહારો મળ્યો છે, ત્યારે જો એ કામ નહિ થાય, તો પછી એ બીજા ભવમાં શાસનના અભાવે શી રીતે કરી શકાવાનું ?

**(૧૨) ભવ અને શાસનની કદરથી વિકારો પર સંતાપ :-**

એ તો આ ભવ અને આ શાસનની ઊંચી કદર કરી પ્રસંગે પ્રસંગે ઊઠવા જતા વિકારોની સામે એના પ્રતિપક્ષી ગુણ અને ધર્મમાં આત્મવીર્ય જોડ્યા કરું, તો જ એ છૂપી વાસનાઓ પર કુઠારાઘાત લાગે. પામરતાવશ જ્યાં કામક્રોધાદિ વિકાર સેવાઈ જાય ત્યાં પણ ખુશખુશાલી નહિ, કિન્તુ હૈયે પારાવાર દુઃખ થાય કે આ ઉત્તમ માનવક્ષણની અને અદ્ભૂત આત્મવીર્યની કેવી રાખ થઈ રહી છે ! જો ખરેખર હૃદય-સંતાપ થાય તો પણ વાસનાને એવી પુષ્ટિ ન મળે.

**જીવન-સંગ્રામ :-**

બસ, આવી આવી રીતે જો વારંવાર એક યા બીજી ભાવના કરતા રહેવાય તો અવસરે અવસરે વિકારો સેવી સેવી વાસનાને પગભર રાખવાનું ન કરાય. આત્મવીર્ય એમાં ખરચવા પર અંકુશ મૂકાય. આપણા વીર્યના આપણે માલિક છીએ. તેથી એનો ધાર્યો સદુપયોગ જ કરીએ. અનાદિનો અભ્યાસ છે એટલે



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

એકદમ એ વીર્યનો દુરુપયોગ ન રોકાય અને વાસના તદ્દન ન દબાય એ બને; પરંતુ સાચો પ્રયત્ન હોય એ એમાં મંદતા જરૂર લાવે. જીવનભર આ જ કામ કરવાનું છે, - વિકારો સામે લડવાનું છે, જીવન સંગ્રામ ખેલવાનો છે.

આત્મવીર્યને બને ત્યાં સુધી રાગાદિવિકાર - પોષણના માર્ગે ન ખરચવા દઈએ. એ માટે કહેલી ભાવના અને ભાવના માટેના આલંબન ભૂલવા જેવા નહિ. આલંબન પણ ભારે સહાયક બને છે. એવું એકાદ સૂત્ર પણ પકડી રાખ્યું હોય છે અને અવારનવાર એને મનમાં લાવીએ છીએ તો એ મનને બળ આપે છે. દા.ત. આજ સૂત્ર કે 'શું મારું કિંમતી આત્મવીર્ય, મહાવીર પ્રભુ જેવાને માથે નાથ કર્યા પછી, ક્રોધ-લોભાદિ-રાગદ્વેષ હાસ્ય-મદ વગેરેમાં વેડફી નાંખુ ?' - આ સૂત્રને મન પર લીધાથી મન સશક્ત બની એ વિકારો સેવવા પર અંકુશ મૂકે છે, વિકારને દબાવી એથી પ્રતિપક્ષી ક્ષમા-નિર્લોભતા-વિરાગ-ઉપશમ-ગાંભીર્ય-નમ્રતા વગેરેને કેળવવાનું કરે છે. અલબત આમાં પરાક્રમ જોઈએ, કેમકે પ્રલોભક નિમિત્તમાં વાસના-વિકાર દબાવવા કઠિન છે.

**સારાં નિમિત્ત સારા સંયોગાદિને જ સેવવા :-**

મહાનિશીથ શાસ્ત્રમાંના એક મહાપુરુષના શીલના પ્રભાવ પર દેવતાએ આકાશમાં જઈ વાણી ઉચ્ચારી કે, **'મોટા મેરુને ચૂર્ણ કરી નાખે એના કરતાં શીલને અખંડ ધારણ કરે એ પરાક્રમ મોટું છે.'** આપણે પ્રલોભક સંયોગના અભાવમાં શીલનું પાલન સહેલું માનતા હોઈએ, પરંતુ અંદરની છૂપી વાસનાઓ જોતાં એ ગુમાન રાખવા જેવું નથી. તેવા પ્રલોભક સંયોગ ઊભા થતાં અંદરની વાસના જોર કરી આત્મવીર્યને એના પોષણમાં તાણી જાય છે. માટે જ મુખ્ય કામ આ કરવાનું છે કે-

સારાં નિમિત્ત સારા સંયોગનો જ સહવાસ રાખી ઉત્તમ ભાવના, અર્હદ્ભક્તિ, ગુરુસેવા, શાસ્ત્ર-વ્યવસાય, અને ત્યાગ-તપસ્યાદિમાં આત્મવીર્ય કામ કરતું રાખવા દ્વારા એ કુટિલ વાસનાઓ સામે વૈરાગ્ય-ક્ષમાદિ ગુણોનું સુસંસ્કરણ જોરદાર બનાવતા જઈએ.

એટલે પછી સહેજે સહેજે એ ગુણોના વધતા જતા બળ ઉપર કુવાસનાઓનું જોર કમી થઈ જવાનું. સવાલ આટલો કે આપણા આત્માનું વીર્ય ખોટે રસ્તે યાને અસત્ અશુભ કાયયોગ-વચનયોગ-મનયોગમાં જતું અટકાવવા ધરખમ જાગૃતિ અને ચીવટ રાખવી અતિ જરૂરી છે. કોઈ જ અનુચિત અસભ્ય વર્તાવ, અસૌમ્ય અનુચિત વાણી, કે ક્રોધાદિ વિકારવાળો વિચાર કરવામાં આત્મવીર્ય જોડવું નહિ. અર્થાત્



કાયિક-વાચિક-માનસિક પુરુષાર્થ એવા અસભ્ય અનુચિત વિકારોના પોષણમાં કરવો જ નહિ; તાત્પર્ય, મહાકિંમતી આત્મવીર્ય વેડફાઈ ન જાય એ માટે રાગ-દ્વેષ કામ-ક્રોધ-લોભ-મદ વગેરેના વિચાર પણ ન કરવા, વચન પણ ન ઉચ્ચારવા, અને કાયિક ચેષ્ટા-પ્રવૃત્તિ, તેમજ ઇન્દ્રિયોની એવી પ્રવૃત્તિ ય ન કરવી.

આ કાર્ય ભગીરથ છે, છતાં પૂર્વોક્ત, ૧૨ ભાવનાઓનાં સૂત્ર ગોખી રાખી એની રટણ, દિલને ભાવિત કરી દે એ રીતે, વારંવાર કરવાથી એના બળ પર કાર્ય સરળ બને છે. અલબત કાર્ય ધીમું ધીમું થવાનું, કેમકે એ રાગાદિ વિકારો અનંત અનંત કાળના અભ્યસ્ત છે, તે કાંઈ એમજ ન દબે; છતાં પણ એમાં ઓછાશ થતી આવે.

આ જરૂરી પણ છે, કેમકે મનના અધ્યવસાયો શુભ વહેતા રાખવા હોય તો એ કાંઈ રાગાદિ વિકારો જોરદાર જાગતા રહીને ન થઈ શકે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૩,અંક-૧૦,તા.૨૩-૧૧-૧૯૭૪

## (૧૩૨) ભગવાનને કરવાની પ્રાર્થના

હે ત્રિભુવન તારક ! આપે મને દર્શન આપ્યાં આપનો મારા પર અનંત ઉપકાર છે. આપ અરિહંત થયા એ પણ અમારા ઉપકારને માટે બન્યું, કેમકે તો જ આજે મને અરિહંતનાં મંગળ દર્શન મળે છે. આપ સાચા પરમેશ્વર તરીકે મને મળ્યા એ મારાં અહોભાગ્ય છે ! નહિતર જગતમાં કેટલાને આપ મળ્યા છો ? એવા અતિદુર્લભ આપ મને મળ્યાથી મારા ભાગ્યની અવધિ નથી. જગત આખાની સંપત્તિ કરતાં આપ મહાન છો. માટીની સંપત્તિ તો દિલમાં છતે પાપ મળે, પરલોકે દુર્ગતિ મળે, ત્યારે પ્રભુ! તમે દિલમાં છતે પુણ્ય મળે, પરલોકે સદ્ગતિ મળે. માટે મારે તો પ્રભુ ! તમે પરમ નિધાન છો. તમે જ મારા દિલમાં વસો, મારાં દિલમાં વિજયવંતા બનો, જેથી મારા અંતરના રાગાદિ શત્રુ દબાઈ જાય.

હે વિશ્વબંધુ ! આપે જગતના ઝીણામાં ઝીણા જીવની દયા કેવી શીખવાડી ! તે પણ આપે પોતાના જીવનમાં પાળી બતાવી. જીવોની દયા ખાતર આપે મહાત્યાગ કરી ચારિત્ર લીધું, અથાગ સંપત્તિઓ દયા માટે છોડી કેમકે એથી જીવોનો કચ્ચરઘાણ નીકળે એવા આરંભસમારંભ થાય છે. ચારિત્ર લઈને પણ આપ મોટા ભાગે કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યા, જેથી હલનચલનમાં જીવોની વિરાધના ન


E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final

થાય. આપને ઘોર ઉપસર્ગ કરનારા આવ્યા, તો એના પર પણ આપે દયા અને ક્ષમા કરી; કેમકે એ બિચારા કર્મપીડિત છે તો પીડિતને શી સજા કરવી ? પીડિત પર ક્રોધ શું કરવો ? તીર્થંકર બની આપે સંયમનો ઉપદેશ કર્યો જેથી એમાં જગતના ઝીણામાં ઝીણા એકેન્દ્રિય જીવની પણ દયા થાય. આપનું શાસન કેવું દયામય ! આ શાસન અને આ દયામાર્ગ મને મળ્યો, એ પણ મારાં અહોભાગ્ય છે ! છતાં પ્રભુ ! મને કેમ એવી દયાની લગન નથી થતી ? દયા નહિ કરું તો મને દયા ક્યાંથી મળશે ? મને એવું બળ આપો કે જીવનમાં આ દયામાર્ગ ખૂબ સુંદર પાળું, ને એ માટે સંયમ સ્વીકારું ! એ ન સ્વીકારાય ત્યાં સુધી પણ જીવોની જયણા પાળું, અને સારાં સારાં ત્યાગ કરું જેથી એટલા પ્રમાણમાં જીવોની દયા પળે.

'હે વીતરાગ ! આપના ચરણે ધનના ઢગલા હતા, બહુ પ્રેમાળ પરિવાર હતો, ગર્ભથી આપને ઇન્દ્રો નમતા અને આપનું સન્માન કરતા; છતાં ક્યાંય આપે - રાગ કર્યો નહિ. કેમકે રાગ એ ભવમાં ભમાવનાર કર્મનું બીજ છે, કર્મ બંધાવી જીવને ભવની કેદમાં જકડી રાખનારો છે. મૂળમાં રાગ ઉપર જ અનેકાનેક દોષો અને પાપો સરજાય છે, તેથી એવા રાગને આપે રવાના કર્યો. ત્યારે હું આપને માથે ધરનારો છતાં ઠામઠામ અને તણખલાં જેવી ચીજ પર રાગ કરી રહ્યો છું. કેવી મારી કંગાળ પામર દશા ! આપને તો ઘરવાસમાં રહ્યેય ક્યાંય રાગ નહિ, ને ચારિત્ર લીધા પછી તો આપે કઠોર કષ્ટ ઉઠાવી રાગના કૂરચા ઉડાવ્યા. સામે દેવાંગનાઓ અપ્સરાઓ અને મોટી ઇન્દ્રાણીઓ આપને નમતી હતી, પરંતુ એના સામે રાગની એક મીટ ન માંડી. વીતરાગ બની સર્વજ્ઞ તીર્થંકર થયા, જગતનું બધું આપને સ્પષ્ટ સામે જેવું દેખાતું છતાં આપ 'નરો વા કુંજરો વા' ની જેમ એના પ્રત્યે અલિપ્ત ઉદાસીન રહ્યા, એની સાથે કશી લેણદેણ રાખી નહિ. આપ આપના આત્મસ્વરૂપમાં સ્થિર બની ગયા. પ્રભુ ! મને પણ એવું બળ આપો કે, હું પણ આપને જ નજર સામે રાખી જગત પ્રત્યે એવો અલિપ્ત રહું.

હે, તરણતારણ દેવાધિદેવ ! દુન્યવી ઇન્દ્રિયોના સુખોની આપે પરવા ન કરી, એને ગોઝારા લેખ્યા, જીવને નરક અને નિગોદ સુધી ઘસડી જનારા દેખ્યા. એ સુખોની લાલસા તોડવા આપે કઠોર તપ કર્યા, ત્યાગ કર્યા પરિસહો સહ્યા, દુશ્મન બની આવેલાના ઘોર ઉપસર્ગ સહન કર્યા પણ ઇન્દ્રિયોનાં સુખની લાલચ ન રાખી. જગતને પણ આ જ શીખવ્યું, કે ઇન્દ્રિયોના સુખમાં લપટાશો નહિ. હું પણ પ્રભુ ! એ સુખોને તુચ્છ ગણી એનો ત્યાગ કરનારો થાઉં.



હે જગતના નાથ ! દેવોની સામ્રાજ્ઞી જેવી દિક્કુમારીઓએ મોટા પરિવાર સાથે આપના જન્મકૃત્ય કરી આપને સન્માન્યા. ૬૪ ઇન્દ્રોએ મેરુ પર જન્માભિષેક કરતાં મોટા સત્કાર-સન્માન કર્યા, આપનામાં અતુલ બળ પણ હતું, છતાં પ્રભુ ! આપે લેશમાત્ર અભિમાન ન કર્યું. મારી પાસે પ્રભુ ! આપની અપેક્ષાએ બળ ક્યાં છે ? દેવોનાં સન્માન ક્યાં છે ? ઋદ્ધિ-સમૃદ્ધિ ક્યાં છે ? છતાં હું અભિમાનમાં તણાઉં છું. મારા પર એવી દયા કરો, જેથી હું તમારા સામે જ જોઈ જોઈ નમ્ર લઘુ અને નિરભિમાની થાઉં.

હે દેવોના દેવ ! હે અનંત જ્ઞાનના ધણી ! હે મોક્ષમાર્ગના દાતા ! હે કામવિજેતા ! હે કર્મનાશક ! આપ ૩૪ અતિશયોને ધરનારા છો, આપની વાણી ૩૫ ગુણોથી શોભતી છે. અષ્ટ પ્રાતિહાર્ય આપની હજુરમાં રહે છે. આપ વિશ્વના સત્ય તત્ત્વને બતાવનારા છો, જીવ-અજીવ આદિ નવતત્ત્વના પ્રકાશક છો, આપનું ધર્મશાસન અને આપનો ચતુર્વિધ સંઘ જગતમાં અજોડ છે. મારે આપનું ને આપના શાસનનું જ હંમેશાં શરણું હો. આ મળ્યાની મને ભવોભવ અનુમોદના રહો.



E:/Divya-Darshan(Agralekh)Final&Butter-Title/divya darshan(part-5)(yr.19-22).pmd/prf.5/Final